ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી માટે

ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET-II)

6 થી 8 માટે ધોરણ સામાજિક વિજ્ઞાનના
પ્રાથમિક શિક્ષક બનવા માટે

સામાજિક વિજ્ઞાન

સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી સહિત
ધોરણ 6 થી 8 નવા અભ્યાસક્રમના સામજિક વિજ્ઞાનના
હેતુલક્ષી પ્રશ્નો જવાબ સહિત

લેખક / સંપાદન

પ્રા. ડૉ. બી. સી. રાઠોડ
M.A., M.Phil., Ph.D.

પ્રા. ડૉ. કલ્પેશ કે. દંતાણી
M.A., M.Ed., M.Phil., GSET, Ph.D.

પ્રા. ડૉ. રાહુલ કે. દિવાન
M.A., B.Ed., M.Phil., GSET, Ph.D.

અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

અનુક્રમણિકા

વિભાગ - 1

(1) બાળવિકાસ અને શિક્ષણના સિદ્ધાંતો 1 - 328

- શિક્ષણ અભિયોગ્યતા
- બાળવિકાસ અને શિક્ષણના સિદ્ધાંતો
- બાળમનોવિજ્ઞાન
- વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન
- શિક્ષણની ફિલસૂફી અને શૈક્ષણિક પંચો
- શૈક્ષણિક મનોવિજ્ઞાન અને શૈક્ષણિક ટેક્નોલોજી
- શૈક્ષણિક સંક્ષિપ્ત શબ્દાવલિ
- ગુજરાતની મુખ્ય શિક્ષણ સંસ્થાઓ
- શૈક્ષણિક સામયિકો

(2) ગુજરાતી ભાષા

(3) અંગ્રેજી ભાષા

(4) સામાન્ય જ્ઞાન :

ગુજરાતની ભૂગોળ, ગુજરાતનો ઇતિહાસ, સ્વાતંત્ર્યસંગ્રામનો ઇતિહાસ, ભારતનું બંધારણ, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, સામાન્ય વિજ્ઞાન, વ્યક્તિ વિશેષ, રમતજગત, ગુજરાતી સાહિત્ય, બુદ્ધિ કસોટીઓ, પર્યાવરણ.

વિભાગ - 2

● સામાજિક વિજ્ઞાન

(1) સામાજિક વિજ્ઞાનની નૂતન સંકલ્પના અને તેનું મહત્ત્વ 1 - 8
(2) સામાજિક વિજ્ઞાનના શિક્ષણના ધ્યેયો અને હેતુઓ 9 - 28
(3) સામાજિક વિજ્ઞાન શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા અને સમૃદ્ધિ 29 - 40
(4) ધોરણ 6 ના સામાજિક વિજ્ઞાનના નવા પાઠ્યપુસ્તક આધારિત હેતુલક્ષી પ્રશ્નો 41 - 63
(5) ધોરણ 7 ના સામાજિક વિજ્ઞાનના નવા પાઠ્યપુસ્તક આધારિત હેતુલક્ષી પ્રશ્નો 63 - 90
(6) ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાનના નવા પાઠ્યપુસ્તક આધારિત હેતુલક્ષી પ્રશ્નો 90 - 124

1

બાળવિકાસ અને શિક્ષણના સિદ્ધાંતો

શિક્ષણ અભિયોગ્યતા

1. જો વિદ્યાર્થીઓ તમારા વર્ગખંડમાં હાજર ન હોય તો આપ એક અધ્યાપક તરીકે શું કરશો ?

(A) વિદ્યાર્થીઓને તેમની ગેરહાજરી બદલ દોષિત ઠરાવશો.

(B) વિદ્યાર્થીઓની ગેરહાજરીના કારણો જાણી, તેને દૂર કરવાના પ્રયત્નો કરવા.

(C) વિદ્યાર્થીઓની વર્તમાન પ્રવૃત્તિ જોઈ ચૂપ રહેવું.

(D) અધ્યયન-અધ્યાપનની કેટલીક રુચિપૂર્ણ પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું વિચારીશ.

2. શિક્ષણનું પ્રથમ ચરણ છે...

(A) પહેલાથી યોજના બનાવવી

(B) પાઠ્યક્રમ સાધનસામગ્રીને સુગ્રથિત કરવી

(C) વિદ્યાર્થીઓના બેકગ્રાઉન્ડને તપાસવું

(D) ત્રણમાંથી એક પણ નહીં

3. પોતાના અધ્યાપનકાર્યને વધુ પ્રભાવશાળી બનાવવા સૌથી વધુ શેના ઉપર નિર્ભર રહેવું જોઈએ ?

(A) વ્યવસ્થાપન ઉપર

(B) ફરીથી ભણાવવા ઉપર

(C) પોતાના જ્ઞાન ઉપર

(D) શિક્ષણના સાધનો ઉપર

4. કલ્પના કરો કે તમે એક મહત્ત્વાકાંક્ષી શિક્ષક છો અને તમે વર્ગખંડ શિક્ષણમાં ઊંચો આદર્શ ધરાવો છો, પરંતુ આપનો કઠોર પરિશ્રમ સફળ થતો નથી. આ સમસ્યા માટે નીચેનામાંથી કયું એક કારણ જવાબદાર હોઈ શકે છે ?

(A) તમારા શિક્ષણનું સ્તર વિદ્યાર્થીઓની ક્ષમતા કરતાં વધારે ઊંચું છે.

(B) વિદ્યાર્થીઓમાં જે વ્યક્તિગત ભિન્નતાઓ રહેલી છે, તે તમારા પ્રયત્નને નિરર્થક બનાવે છે.

(C) ઉપરોક્ત બન્ને

(D) ત્રણમાંથી એક પણ નહીં

શિક્ષકનું કાર્ય છે...

(A) બાળકોને માર્ગદર્શન આપવું, તેમની પ્રગતિમાં મદદ કરવી તથા તેમનું મૂલ્યાંકન કરવું

(B) ગૃહકાર્ય તપાસવું, તેમને માર્ગદર્શન આપવું તથા અગાઉની કામગીરી સોંપવી

(C) ઉપરોક્ત બન્ને

(D) ત્રણમાંથી એક પણ નહીં

6. જો કોઈ વર્ગખંડમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઊંઘતા ઝડપાય છે તો...

(A) સંબંધિત વિદ્યાર્થીઓમાં કેટલીક ખામીઓ હોઈ શકે છે.

(B) અધ્યાપન કાર્યમાં કોઈ ત્રુટિ હોઈ શકે છે.

(C) વર્ગખંડના ભૌતિક વાતાવરણમાં કોઈ ખામી હોઈ શકે છે.

(D) આપેલાં તમામ મુશ્કેલીઓ હોઈ શકે છે.

7. અંતિમ વિશ્લેષણમાં શિક્ષણને વિશેષ રૂપથી સમજવું જોઈએ કે...

(A) તે પ્રશ્ન પૂછવા તથા જ્ઞાન મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

(B) વિદ્યાર્થીઓના વાંચનનું શ્રવણ છે.

(C) વિદ્યાર્થીઓની વિવિધ ક્રિયા-પ્રક્રિયાનો નિર્દેશ કરવો.

(D) આપેલાં તમામ

8. શિક્ષણનું ક્ષેત્ર વાદ-વિવાદ અને ખોટી વ્યાખ્યાઓ કે અવધારણાથી ભરાયેલું પડ્યું છે, કારણ કે...

(A) શિક્ષણના ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓનો પ્રબળ વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા નિરાકરણ કરવામાં આવતો નથી.

(B) શિક્ષણની સમસ્યાઓમાં સંશોધકની આત્મનિષ્ઠતાની ભૂમિકા વધારે હોય છે.

(C) અધ્યાપકો વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધનો કરવા માટે સક્ષમ નથી.

(D) અહીં સારી શિક્ષણ પ્રણાલી તથા પદ્ધતિનો અભાવ છે.

9. જો કોઈ શિક્ષક-શિક્ષિકાએ જવાબવહીઓ તપાસવામાં વધુ વિશ્વસનીયતા નક્કી કરવી હોય તો તેણે...

(A) વધુ કઠોર બનવું જોઈએ

(B) ઝડપથી કામગીરી કરવી જોઈએ

(C) વધુ ઉદાર બનવું જોઈએ

(D) વસ્તુનિષ્ઠ (Objective) બનવું જોઈએ

10. જો કોઈ નવીન ઘટનાઓ કે સમસ્યા પર કોઈ વિવાદાસ્પદ પરિસ્થિતિ કે મુશ્કેલી ઊભી થાય તો આપે શું કરવું જોઈએ ?

(A) વિનમ્રતાપૂર્વક મુદ્દાનું વિષય પરિવર્તન કરવું જોઈએ.

(B) સર્વસ્વીકૃત દષ્ટિકોણનો સ્વીકાર કરી, પોતાના અભ્યાસના મુદ્દા પર પાછું આવવું જોઈએ.

(C) તે ચર્ચાસ્પદ મુદ્દા વિશે વિદ્યાર્થીઓને તૈયાર કરવા તથા ચર્ચા માટે કોઈ નિશ્ચિત સમય નક્કી કરવો.

(D) જ્યાં સુધી અંતિમ સમાધાન શક્ય હોય ત્યાં સુધી ચર્ચાનો સમય વધારી દેવો જોઈએ.

11. એક જવાબદાર શિક્ષક સામાન્ય રીતે...

(A) સંપૂર્ણ સાવધાની રાખી વર્તે છે, જેથી વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી ભૂલો કરે.

(B) વિદ્યાર્થીઓને ભૂલો કરવા દેશે અને તેમને સમજાવશે કે કેવી રીતે ભૂલો ટાળી શકાય છે.

(C) ભૂલ કરનાર વિદ્યાર્થીઓને સામાન્ય સજા કરે છે.

(D) પોતાના વિદ્યાર્થીઓને ક્યારેય ભૂલ કરવા દેતો નથી.

12. દૂરદર્શન શિક્ષણના ફાયદા/ફાયદો છે...

(A) કાર્યક્રમથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકના દષ્ટિકોણમાં વધારો થાય છે.

(B) વિદ્યાર્થીઓ નવીનતમ વિચારો તથા દશ્યોથી પરિચિત થાય છે.

(C) દૂરદર્શન કાર્યક્રમ રાષ્ટ્રીય શિક્ષણમાં એકતા લાવે છે.

(D) આપેલાં તમામ

13. શ્રાવ્ય સાધન-સામગ્રી તરીકે શરૂઆતમાં પ્રાપ્ય હતું...

(A) કેલ્ક્યુલેટર (B) દૂરદર્શન

(C) ઉપરોક્ત બન્ને **(D) આકાશવાણી**

14. નીચેનામાંથી શિક્ષણનું પરંપરાગત સાધન કયું છે ?

(A) બ્લેકબૉર્ડ (B) પાઠ્યપુસ્તક

(C) વાર્તા **(D) આપેલાં તમામ**

15. નીચેનામાંથી દશ્ય સાધનસામગ્રી કઈ છે ?

(A) ચાર્ટ (B) નકશો

(C) રેખાચિત્ર **(D) આપેલાં તમામ**

16. નીચેનામાંથી કઈ શ્રાવ્ય સાધન-સામગ્રી નથી ?

(A) રેડિયો (B) ગ્રામોફોન

(C) ટેપરેકોર્ડર **(D) ગ્રાફ**

17. નીચેનામાંથી યંત્ર-સહાયક સામગ્રી કઈ છે ?

(A) પ્રોજેક્ટર (B) એપિડાયોસ્કોપ

(C) ફિલ્મસ્ટ્રિપ **(D) આપેલાં તમામ**

18. નાટક જે શ્રેણીમાં આવે તે છે...

(A) દશ્ય-શ્રાવ્ય (B) માત્ર દશ્ય

(C) માત્ર શ્રાવ્ય (D) યાંત્રિક

19. પાઠ્યસામગ્રીને રોચક, સરળ, પ્રભાવપૂર્ણ, સુગમ, હ્રદયગમ્ય, જેના માધ્યમથી બનાવવામાં આવે છે તેને કહેવાય છે...

(A) શિક્ષણ પ્રણાલી (B) અધિગમ પ્રણાલી

(C) શિક્ષણ સહાયકસામગ્રી (D) દશ્ય-શ્રાવ્ય સાધનસામગ્રી

20. માનવ સંસાધન વિકાસ માટેનું મહત્ત્વનું પરિબળ છે...

(A) ભૌતિક પરિસ્થિતિ (B) આરોગ્યવિષયક

(C) સંસ્કૃતિ **(D) શિક્ષણ**

21. માનવ સંસાધનના વિકાસ માટે કયા શિક્ષણ પર વધુ ભાર મૂકવો જોઈએ ?

(A) પૂર્વ પ્રાથમિક શિક્ષણ (B) માધ્યમિક શિક્ષણ

(C) વ્યવસાયલક્ષી શિક્ષણ (D) પ્રાથમિક શિક્ષણ

22. માનવ સંસાધન વિકાસ કોની સાથે ગાઢ રીતે જોડાયેલો છે ?

(A) આર્થિક વિકાસ (B) બૌદ્ધિક વિકાસ

(C) સામાજિક વિકાસ (D) સાંવેગિક વિકાસ

23. અસરકારક શિક્ષણ માટે આવશ્યકતા હોય છે...

(A) ભાષાકીય શિક્ષણની (B) શિક્ષકનું પ્રભાવશાળીપણું

(C) સારો શિક્ષક **(D) શિક્ષક દ્વારા શિક્ષણના સિદ્ધાંતનો ઉપયોગ**

24. શિક્ષણની પ્રક્રિયાના ત્રણ અંગો છે...

(A) ઉદ્દેશ, શિક્ષક અને મૂલ્યાંકન

(B) શિક્ષણ પ્રક્રિયા, મૂલ્યાંકન અને પાઠ્યક્રમ

(C) વિદ્યાલય, સરકાર અને જનસમૂહ

(D) ઉદ્દેશ, અધ્યયન-અધ્યાપન પરિસ્થિતિ અને શિક્ષણાર્થી

25. શિક્ષણ-સહાયક સાધન-સામગ્રીને વહેંચવામાં આવે છે

(A) દશ્યસામગ્રી (B) શ્રાવ્યસામગ્રી

(C) દશ્ય-શ્રાવ્ય સામગ્રી **(D) આપેલાં તમામ**

26. શિક્ષણમાં તુલનાત્મક અભ્યાસ માટે ઉપયોગી છે...

(A) નકશાઓ (B) રેખાચિત્ર

(C) વિવિધ ટેબલ **(D) ગ્રાફ**

27. શિક્ષણ ત્યારે જ સાર્થક બનશે...

(A) તે અભ્યાસકેન્દ્રિત હોય (B) તે શિક્ષકકેન્દ્રિત હોય

(C) તે સમાજકેન્દ્રિત હોય **(D) તે વિદ્યાર્થીકેન્દ્રિત હોય**

28. વિદ્યાર્થીના તંદુરસ્ત માનસિક સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે નીચેનામાંથી કઈ બાબત અગત્યની છે ?

(A) શિક્ષકની ભૂમિકા અને શાળાનું વાતાવરણ

(B) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની વ્યવસ્થા

(C) અભિવ્યક્તિની સ્વતંત્રતા (D) રસ-રુચિમાં ભિન્નતા

29. અત્યાર સુધી તમે જે શિક્ષણ મેળવ્યું તે છે...

(A) માત્ર સમય બગાડનારું હતું

(B) માત્ર ભૌતિકવાદને વધારનાર હતું

(C) ઉપયોગી અને મૂલ્યવાન હતું

(D) નૈતિકતાની બાબતમાં તે શૂન્ય હતું

30. ઉત્તમ શિક્ષણ સૌથી વધુ ઉપયોગી છે...

(A) માણસને આત્મનિર્ભર બનાવવા માટે

(B) વ્યક્તિના આર્થિકોપાર્જન માટે

(C) માણસને વિદ્વાન બનાવવા માટે

(D) માણસની પ્રતિષ્ઠામાં વધારો કરવા

31. માની લેવામાં આવે કે તમે તમારા ક્ષેત્રમાં સૌથી વધુ ભણેલા છો, તો આપ સૌથી વધારે પ્રાધાન્યતા આપશો...

(A) શિક્ષણના મૂળભૂત સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર માટે

(B) વધુમાં વધુ લોકો શિક્ષણ મેળવતા થાય તે માટે પ્રેરણા આપવી

(C) શિક્ષણનું મહત્ત્વ સમજાવવા સભાઓનું આયોજન કરવાને

(D) પોતાના ક્ષેત્રમાં વિભિન્ન સંશોધનો કરવાને

32. તમે મેળવેલું શિક્ષણ સફળ છે, જો...

(A) તેનાથી તમારા સન્માનમાં વધારો થતો હોય

(B) તેનાથી તમને આત્મસંતોષ પ્રાપ્ત થતો હોય

(C) તેનાથી બીજાઓને પણ લાભ મળતો હોય

(D) તેનાથી આપને સરળતાથી નોકરી મળી જતી હોય

3. અસરકારક અને સફળ શિક્ષણ માટે સૌથી વધુ જરૂરી છે...

(A) વિદ્યાર્થીઓને વધુ-વધુ નોટ્સ લખાવવી

(B) વ્યાવહારિક ઉદાહરણો દ્વારા વિષયને વધુ સ્પષ્ટ કરવો

(C) બ્લેકબોર્ડનો વધુમાં વધુ ઉપયોગ

(D) સાહિત્યિક ભાષાનો વધારેમાં વધારે ઉપયોગ

4. વિદ્યાર્થીઓને આપવામાં આવતું શિક્ષણ વધારે અસરકારક સાબિત થઈ શકે છે, જો...

(A) અધ્યાપકને વિષયનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન હોય

(B) બાળકો પ્રત્યે રુચિ હોય

(C) એક જ વિષયવસ્તુ કેટલીય વાર પુનરાવર્તિત કરવામાં આવે

(D) બાળકોના માનસિક સ્તર પર આધારિત શિક્ષણ આપવામાં આવે

. નવીન એકમ કે વિષયવસ્તુ શીખવતા પહેલા સામાન્યતઃ અગાઉ ભણાવેલા એકમને યાદ કરવામાં આવે છે, કારણ કે...

(A) તેનાથી વિદ્યાર્થીઓની યોગ્યતા તપાસી શકાય છે.

(B) અગાઉ ભણેલા એકમ સાથે નવીન ભણાવવાના એકમ સાથે સંબંધ સ્થાપિત કરવાથી વિષયવસ્તુને સમજાવવું સરળ બંની જાય છે.

(C) તેનાથી વિદ્યાર્થીઓ ઘરેથી અગાઉથી જ એકમ વાંચીને કે યાદ કરીને આવે છે.

(D) તેનાથી વર્ગખંડમાં શિસ્તના વાતાવરણનું નિર્માણ કરવામાં સરળતા રહે છે.

. ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરવા સૌથી વધુ ઉપયોગી છે...

(A) માતૃભાષા (B) રાષ્ટ્રભાષા હિન્દી

(C) અંગ્રેજી (D) આપેલ ત્રણેય

7. શિક્ષણ માટે સૌથી વધુ ઉપયોગી છે...

(A) વર્તમાન પરીક્ષા પદ્ધતિ (B) ઓપન બુક ટેસ્ટ

(C) સેમિસ્ટર પદ્ધતિ (D) બહુવિકલ્પીય પ્રશ્નપત્રો

38. પાઠ્યક્રમ (Syllabus)ને વધુ ઉપયોગી બનાવી શકાય છે.

(A) સ્થાનિક જાણકારી દ્વારા

(B) ભારતના ઇતિહાસ દ્વારા

(C) ભારતના ભૌગોલિક જ્ઞાન દ્વારા

(D) ભારતીય સંસ્કૃતિના જ્ઞાન દ્વારા

39. બાળકના સર્વાંગીણ વિકાસ માટે જરૂરી છે...

(A) ધાર્મિક શિક્ષણ (B) સાંસ્કૃતિક કાર્યક્રમ

(C) સાંસ્કૃતિક જ્ઞાન (D) રમત-ગમત

40. સમાન વ્યક્તિત્વના વિકાસનો અર્થ છે...

(A) બધા સાથે હળીમળી સહકારથી કાર્ય કરવું.

(B) વૈજ્ઞાનિક અને સુવ્યવસ્થિત દષ્ટિકોણ અપનાવવો.

(C) વ્યક્તિના જ્ઞાન, ચિંતન અને ક્રિયાઓમાં એક એવું વ્યવસ્થાપન ગોઠવાય કે જેનાથી કાર્યનું પરિણામ સફળતાપૂર્વક મેળવી શકાય.

(D) તેનાં બધા જ સહકર્મચારીઓ સાથે સમાન વ્યવહાર હોય.

41. શિક્ષણ અને વ્યવસાયમાં માર્ગદર્શન સેવાઓનો ઉદ્દેશ છે...

(A) વ્યક્તિને સાચું શિક્ષણ પ્રદાન કરવું.

(B) તે વ્યક્તિની યોગ્યતા પ્રમાણે વ્યવસાયની પસંદગી કરાવી આપવી.

(C) શિક્ષણ અને વ્યવસાયમાં જ્યાં મુશ્કેલીઓ હોય તેનું સમાધાન કરવું.

(D) તેનામાં એ પ્રકારે સમજ ઉત્પન્ન કરવી કે જેનાથી તે પોતાનો નિર્ણય જાતે જ લઈ શકે.

42. આપના વિશે સૌથી વધુ ઉપયુક્ત કથન છે...

(A) મારામાં દિવસે-દિવસે આત્મવિશ્વાસ ઓછો થતો જાય છે.

(B) મારામાં આત્મવિશ્વાસ રહ્યો જ નથી.

(C) મારામાં આજે પણ તેટલો જ આત્મવિશ્વાસ છે, જેટલો પહેલા હતો.

(D) મને પોતાના આત્મવિશ્વાસ વિશે પૂરતું જ્ઞાન નથી.

43. આપ સૌથી વધુ સહમત છો...

(A) હું સ્વતંત્ર નિર્ણય લઈ શકતો નથી.

(B) મને પોતાની નિર્ણયક્ષમતાની જાણકારી નથી.

(C) હું હંમેશાં નિર્ણય લેતા પહેલા વિશિષ્ટ લોકોની સલાહ લઉં છું.

(D) હું હંમેશાં સ્વતંત્ર અને ઝડપથી નિર્ણય લઉં છું.

44. જવાબદારીઓ વિશે આપનું માનવું છે કે...

(A) મને જવાબદારીઓ ભારરૂપ લાગે છે.

(B) હું જવાબદારીઓ વહન કરવામાં આનંદ અનુભવું છું.

(C) મને જવાબદારીઓથી મુક્ત થઈ કામ કરવામાં આનંદ મળે છે.

(D) હું હવેથી જવાબદારીપૂર્ણ કામગીરીથી દૂર રહું છું.

45. મને લોકો ધનવાન સમજે છે, કારણ કે...
(A) મારી પાસે સારું મકાન તથા મોટરકાર છે.
(B) હું દાન કરતો રહું છું.
(C) મિત્રવર્તુળમાં વધારે ખર્ચ કરું છું.
(D) હું પોતે ખાવાપીવા તેમજ પહેરવા-ઓઢવામાં માનું છું.

46. એક બાળક પોતાના ભાઈ-બહેનો તેમજ કુટુંબના અન્ય સભ્યો સાથે સતત લડતો-ઝઘડતો રહે છે, તેની આ આદત છોડાવવા માટે આપ...
(A) આપ તેની સાથે વાત ન કરતાં તેને તિરસ્કૃત કરવાનું પસંદ કરશો.
(B) તેને બધાની સામે ધમકાવશો.
(C) તેનું બધાની સાથે લડવાનું કારણ જાણીશ.
(D) તેને બીજા સારા બાળકો બતાવીશ, જે પોતાના ઘરના સભ્યો સાથે પ્રેમપૂર્વક વર્તે છે.

47. જો કોઈ બાળક સામાન્ય રીતે પોતાના ઘરેથી વિવિધ વસ્તુઓ કે પૈસાની ચોરી કરે છે, તો આપ...
(A) તેને કડક સજા કરશો કે જેનાથી ભયભીત થઈ તે ચોરી કરવાનું બંધ કરે.
(B) તેને પોલીસની બીક બતાવશો.
(C) તેના આવા વર્તન પાછળના સાચા કારણો શોધવા પ્રયત્ન કરશો.
(D) તેને સંપૂર્ણ સુવિધાઓ આપશો.

48. શિક્ષકનું સદાચારી હોવું જરૂરી છે, કારણ કે...
(A) તેનાથી શિક્ષણ પ્રભાવિત થાય છે.
(B) તેનાથી સમાજમાં પ્રતિષ્ઠામાં વધારો થાય છે.
(C) અધ્યાપક વિદ્યાર્થીઓ માટે અનુકરણીય હોય છે.
(D) અધ્યાપક રાષ્ટ્રનો નિર્માણકર્તા છે.

49. શિક્ષક માટે સૌથી વધુ જરૂરિયાતપૂર્ણ છે...
(A) દેશ માટે અગાધ પ્રેમ (B) સમાજસેવા
(C) વિષયનું જ્ઞાન (D) કઠોર પરિશ્રમ

50. શિક્ષક સમાજમાં મહત્ત્વપૂર્ણ સ્થાન મેળવી શકે છે, જો તે...
(A) સામાજિક કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેતો હોય.
(B) સત્તાધારી રાજકીય પાર્ટીમાં સક્રિય સભ્યની ભૂમિકા અદા કરતો હોય.
(C) પોતાની જવાબદારીઓને ઈમાનદારીપૂર્વક નિભાવતો હોય.
(D) વિદ્વાન અને મૌલિક ચિંતન હોય.

51. સફળ શિક્ષક તે છે જે...
(A) જેનું શિસ્ત ઘણું જ કઠોર હોય.
(B) જે વર્ગખંડમાં વિદ્યાર્થીઓનું મનોરંજન કરતો હોય.
(C) જે વિષયનું ઊંડાણપૂર્વક જ્ઞાન રાખતો હોય.
(D) જેની અભિવ્યક્તિ પ્રભાવશાળી હોય.

52. અહીં અધ્યાપનક્ષમતાની કેટલીક અનિવાર્ય બાબતો આપવામાં આવી છે :
(i) સમૂહ-વાર્તાલાપ કામના સંચાલનમાં મદદરૂપ પુરવાર થાય છે.
(ii) વિદ્યાર્થીઓને ભણવા માટે પ્રોત્સાહિત કરવા.
(iii) વર્ગખંડની વ્યવસ્થામાં સુધારો કરવો.
(iv) વિષયવસ્તુનું સંપૂર્ણ જ્ઞાન હોવું.
(v) કૉલેજના વહીવટમાં રસ લેવો.
નીચેનામાંથી કયા વિધાનો વર્ગખંડના શિક્ષણ માટે સૌથી વધુ ઉપયોગી સાબિત થશે ?
(A) (i), (ii), (iii) અને (iv) (B) (i), (ii), (iii) અને (v)
(C) (i), (iii), (iv) અને (v) (D) (ii), (iii), (iv) અને (v)

53. વિદ્યાલયોનું ભાવિ પેઢીના નિર્માણમાં મહત્ત્વનું યોગદાન હોય છે, કારણ કે...
(A) બાલ્યાવસ્થાથી વિદ્યાર્થીઓ અધ્યાપકની આજ્ઞાને સર્વોપરી સમજે છે.
(B) અધ્યાપકને વિદ્યાલયોમાં વિદ્યાર્થીઓને જાણવાનો અને સમજવા પૂરતો સમય મળે છે.
(C) બાળકમાં અનંત પ્રતિભા અને ક્ષમતાઓ હોય છે, જેના વિકાસમાં અધ્યાપકોનું ઘણું મોટું યોગદાન હોય છે.
(D) આપેલાં તમામ

54. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ તમારી શાળામાં ભણે છે તો તમે...
(A) તેમના વિકાસ માટે વિશેષ દૃષ્ટિ તથા દયાનો ભાવ અપનાવશો.
(B) તેમના માતા-પિતાને કહેશો કે તેમનું બાળક તમારા ઘરે આવી, આપના ઘરના કામમાં મદદ કરે.
(C) બાળકોને મદદરૂપ થશો જેથી સરકાર દ્વારા તેમને શિષ્યવૃત્તિ મળે.
(D) પોતાના કામથી મતલબ રાખશો, તેમનામાં વિશેષ રુચિ લેશો નહીં.

55. તમારો મિત્ર બીમાર છે, તેને કેન્સર છે તો તમે...
(A) મિત્રને તેની બીમારીની જાણ કરીશ તથા તેને યોગ્ય સારવાર લેવામાં મદદ કરીશ.
(B) મિત્રને તેની બીમારીની જાણ કરીશ નહીં.
(C) મિત્રના કુટુંબીજનોને તેની બીમારીની જાણ કરીશ તથા તેમને ધીરજ રાખવાનું કહીશ.
(D) તટસ્થ રહીશ.

56. રાષ્ટ્રીય એકતા માટે ભાષાને સમજાવી અત્યંત જરૂરી છે, તેથી...

(A) શિક્ષણના માધ્યમ માટે પ્રાથમિક સ્તરે માતૃભાષાના પ્રયોગની સ્વતંત્રતા હોવી જોઈએ.

(B) ઉત્તર ભારતમાં દક્ષિણ ભારતની ભાષાઓના શિક્ષણને અનિવાર્ય બનાવવું.

(C) રાષ્ટ્રભાષા માટે હિન્દીને સરળ તથા માન્ય બનાવવી જોઈએ.

(D) આપેલાં તમામ.

7. પોતાની ઈમાનદારી વિશે નીચેનામાંથી કયું એક કથન વધુ ઉપયુક્ત ગણાશે ?

(A) મોટી મોટી લાલચને પણ આપે ઠોકર મારી દીધી છે.

(B) આપે દરેક કાર્ય કર્તવ્ય ભાવનાથી કર્યું છે.

(C) કોઈ પણ કામ માટે, કોઈ પણ વ્યક્તિ પાસેથી લાંચ લીધી નથી.

(D) મારા જેવો ઈમાનદાર માણસ આજ સુધી કોઈ થયો નથી.

8. કોઈ પરિસંવાદ, ચર્ચા કે ગોષ્ઠીમાં આપ એક પ્રબુદ્ધ શ્રોતા તરીકે ભાગ લઈ રહ્યા છો, તો...

(A) વક્તાના વિચારો ન ગમતા તેને રોકશો.

(B) આખી વાતને સાંભળશો તથા પોતાની વાત રજૂ કરવા માટે રજા માંગશો.

(C) મન મક્કમ રાખી માત્ર શ્રોતા બની રહેશો.

(D) સંકોચના કારણે કંઈ પણ કહેવાનું ટાળશો.

9. બાળકોના વર્તનમાં પરિવર્તન લાવવા સૌથી વધુ અસરકારક પદ્ધતિ છે...

(A) ઈનામ (B) શારીરિક શિક્ષા

(C) મધુર વાર્તાલાપ (D) ઘરમાંથી કાઢી મૂકવો

0. વર્ગખંડમાં શિસ્ત જાળવવા માટે સૌથી વધારે અસરકારક યુક્તિ છે...

(A) ગેરશિસ્ત કરનાર વિદ્યાર્થીઓને વર્ગમાંથી કાઢી મૂકવા.

(B) શિક્ષણકાર્ય રસમય હોય, તો ગેરશિસ્ત આપોઆપ દૂર થાય છે.

(C) ગેરશિસ્ત કરનાર વિદ્યાર્થીઓના વાલીઓને જાણ કરવી.

(D) ગેરશિસ્ત કરનાર વિદ્યાર્થીઓને ખાસ સુંવિધાંઓ આપી ખુશ રાખવા.

61. અહીં શિક્ષકના કેટલાક ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે...

(i) વિષયવસ્તુનું જ્ઞાન

(ii) અસરકારક રજૂઆત

(iii) સુખદ હાજરજવાબીપણું

(iv) વિદ્યાર્થીઓના આદરને પાત્ર બનવું

કોઈ અસરકારક શિક્ષણના ગુણો માટે ઉપરોક્તમાંથી કઈ બાબતો વધુ યોગ્ય ગણાશે ?

(A) (i), (ii) અને (iv) (B) (i), (ii) અને (iii)

(C) (i), (iii) અને (iv) (D) (ii), (iii) અને (iv)

62. નીચેનામાંથી કઈ પદ્ધતિ વિજ્ઞાન શિક્ષણમાં વધુ ઉપયોગી નહીં હોય ?

(A) આગમન પદ્ધતિ (B) પ્રયોગશાળા પદ્ધતિ

(C) પ્રશ્નોત્તર પદ્ધતિ (D) સમસ્યા ઉકેલ પદ્ધતિ

63. ગણિત શિક્ષણમાં સૌથી વધુ ઉપયોગી પદ્ધતિ કઈ હોઈ શકે છે ?

(A) નિગમન પદ્ધતિ **(B) આગમન પદ્ધતિ**

(C) વિશ્લેષણ પદ્ધતિ (D) સંશ્લેષણાત્મક પદ્ધતિ

64. એક વિદ્યાર્થી દ્વારા પ્રશ્નનો ખોટો ઉત્તર આપવા બદલ સૌથી વધુ અસરકારક પ્રતિક્રિયા કઈ હોઈ શકે છે?

(A) તેણે એકમ યાદ ન રાખવા બદલ ઠપકો આપવો.

(B) જવાબ કેમ ખોટો છે તે સમજાવવું (સ્પષ્ટ કરવું).

(C) ખોટા જવાબ છોડી, પછીનો પ્રશ્ન પૂછવો.

(D) બીજા કોઈ વિદ્યાર્થી પાસે સાચો જવાબ મેળવવો.

65. નીચેનામાંથી કયું એક કથન સાચું નથી ?

(A) શિક્ષક જન્મજાત હોય છે.

(B) શિક્ષણ એક કલા છે.

(C) શિક્ષકોને તાલીમ આપી તૈયાર કરી શકાય છે.

(D) આપેલાં તમામ

66. એક શિક્ષક સામે સૌથી મોટો પડકાર છે...

(A) વર્ગખંડમાં શિસ્તનું વાતાવરણ બનાવવું.

(B) વિદ્યાર્થીઓને તૈયાર કરવા કે તેઓ પોતાનું ગૃહકાર્ય કરે.

(C) પ્રશ્નપત્ર તૈયાર કરવું.

(D) અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયાને રસમય બનાવવી.

67. એક સારો શિક્ષક બની શકે છે, જો તે...

(A) જો તેને શિક્ષણમાં સંપૂર્ણ રસ-રુચિ હોય

(B) તે પોતાના વિષયનો જાણકાર હોય

(C) તેની અભિવ્યક્તિ સારી હોય તો

(D) વિદ્યાર્થીઓને કન્ટ્રોલ કરી શકતો હોય

68. અધ્યયન-અધ્યાપનની સૌથી મહત્ત્વપૂર્ણ ટેકનિક છે...

(A) જે શિક્ષક તે કહેતો હોય કે તે વિદ્યાર્થીઓમાં તેની સમજણ પેદા કરી શકે છે.

(B) પોતાના વિષયમાં નક્કી થયેલો અભ્યાસક્રમ સમયસર પૂર્ણ કરે.

(C) ભણાવતી વખતે વિદ્યાર્થીઓને વિશ્રામની સ્થિતિમાં રાખી શકે.

(D) જે નિયમિતપણે વર્ગખંડ લેતો હોય.

69. અસરકારક શિક્ષક બનવાની સૌથી ઓછી શક્યતા કોની છે ?

(A) તે કે જે સૌથી વધુ શિસ્તમાં માને છે.

(B) તે કે જે ભણાવવામાં કોઈ રુચિ ધરાવતો નથી.

(C) તે કે જે નૈતિક મૂલ્યોનું શિક્ષણ આપે છે.

(D) તે કે જે વિષયનો સારો જાણકાર હોય.

70. જે વિદ્યાર્થીઓ વર્ગખંડમાં સતત પ્રશ્નો પૂછતા રહે છે, તેમણે...

(A) વર્ગખંડ પૂરો થયા પછી અધ્યાપકને મળવાની સલાહ આપવી.

(B) વર્ગખંડમાં થતી ચર્ચા-વિચારણા પર ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

(C) સ્વતંત્રપણે પ્રશ્નો કે સમસ્યાનો હલ શોધવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

(D) પ્રશ્નો પૂછવાનું ચાલુ રાખે તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ.

71. નીચેનામાંથી કઈ એક બાબતને અધ્યયન-અધ્યાપક સાથે સંબંધ નથી ?

(A) વિષયવસ્તુમાં નિપુણતા

(B) રાજકીય નેતાઓ તરફ સન્માન

(C) વિદ્યાર્થીઓ સાથે સારો તાલમેલ

(D) અસરકારક મૌખિકસંચાર

72. જો શિક્ષક વર્ગખંડમાં શિક્ષણ દરમિયાન કોઈ ગંભીર ભૂલ કરે, તો તેણે નીચેનામાંથી કયું એક કાર્ય કરવું જોઈએ?

(A) તેણે પોતાની ભૂલનો તરત જ સ્વીકાર કરવો જોઈએ.

(B) તેણે પોતાની ભૂલને ભૂલી જવા પ્રયત્ન કરવો.

(C) ભૂલ કરે અને ભૂલી જાય.

(D) તેના વિશે અજાણ બની જાય.

73. નીચેનામાંથી કયો એક અધ્યાપક સૌથી વધુ ઈચ્છનીય ગણાશે...

(A) તે કે જે પોતાના વિષય બાબતે સંપૂર્ણ જાણતો નથી, પરંતુ વિદ્યાર્થીઓને વધારેમાં વધારે જાણવા માટે પ્રોત્સાહિત કરે છે.

(B) તે કે જે પોતે નીતિવાન છે તથા વિદ્યાર્થીઓને હંમેશાં નીતિવાન બનવા જ્ઞાન આપે છે.

(C) તે કે જે સતત ભણાવવા આવે છે, પરંતુ તે વાતની કંઈ જ પરવા કરતો નથી કે વિદ્યાર્થીને શું આવડે છે.

(D) તે કે જે સમયસર વર્ગખંડમાં આવે છે, પરંતુ વિદ્યાર્થી વર્ગમાં કેમ મોડા આવે છે તેના વિશે ધ્યાન આપતો નથી.

74. વર્ગખંડમાં ગેરહાજર હોવાની પ્રવૃત્તિને ઓછી કરવા માટે સૌથી વધુ અસરકારક પદ્ધતિ કઈ છે ?

(A) ગેરહાજર રહે છે તેમને સજા કરવી.

(B) વર્ગખંડમાં આવવું કે ન આવવું તે બાબત વિદ્યાર્થીઓ પર છોડી દેવી.

(C) તે નક્કી કરી લેવું કે વર્ગખંડમાં સમયસર અને સતત ભણાવતા રહેવું.

(D) વિદ્યાર્થીઓને તેવું કહેવું કે, વર્ગખંડમાં ન આવવું તે એક ખરાબ ટેવ છે.

75. જો વર્ગખંડમાં કેટલાક વિદ્યાર્થીઓ ભણવામાં નબળા છે અને કેટલાક વિદ્યાર્થીઓ ભણવામાં હોશિયાર છે, તો અધ્યાપક માટે યોગ્ય ગણાશે...

(A) બાળકોની મહત્તમ બુદ્ધિના ઉપયોગ માટે તેમની યોગ્યતા અને રુચિના આધારે વિભાજન કરે.

(B) નબળા વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ હોશિયાર વિદ્યાર્થીને સોંપી દે.

(C) નબળા વિદ્યાર્થીઓના શાળાના સમય પછી અલગથી ભણાવવા.

(D) હોશિયાર વિદ્યાર્થીઓને સ્વપ્રયત્ને ભણવાની છૂટ આપવી, નબળા વિદ્યાર્થીઓ તરફ વધુ ધ્યાન આપો.

76. શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓના નામ જાણવા જોઈએ, તેનાથી મુખ્ય લાભ થાય છે...

(A) વિદ્યાર્થીઓ ખોટું કામ કરવાથી ડરશે.

(B) વિદ્યાર્થીઓ શિસ્તમાં રહેશે.

(C) વિદ્યાર્થીઓ સાથે શિક્ષકના સંબંધો વધશે.

(D) આપેલાં તમામ

77. વર્ગખંડમાં શિક્ષક ક્રમસંખ્યા આધારિત રોજની હાજરી લે છે...

(A) આ પદ્ધતિ યોગ્ય છે, કારણ કે તેનાથી ઓછો સમય લાગે છે.

(B) આ પદ્ધતિ લોકપ્રિય છે, કારણ કે મોટાભાગની સ્કૂલો તે અપનાવે છે.

(C) આ પદ્ધતિ યોગ્ય નથી, તેનાથી શિક્ષક સાથે વિદ્યાર્થીઓનો સીધો સંબંધ સ્થાપિત થતો નથી.

(D) આ પદ્ધતિ યોગ્ય નથી, કારણ કે તેનાથી ઘણીવાર વર્ગખંડમાં હાજરી બોલતા એક સાથે બે વિદ્યાર્થી હાજરી બોલે છે.

78. વર્ગખંડમાં શિસ્તભંગ થવાની શક્યતા રહે છે, જો...

(A) વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા જરૂરિયાત કરતાં વધારે હોય.

(B) વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાઓ પર ધ્યાન આપી શકાતું નથી.

(C) શિક્ષકની ભણાવવાની પદ્ધતિ સંતોષજનક ન પણ હોય.

(D) આપેલાં તમામ

79. વિદ્યાર્થીઓને મનોરંજન માટે વાંચવાનો કાર્યક્રમ...

(A) ઘરકામના સ્વરૂપે આપી શકાય છે.

(B) વાલીઓની જવાબદારી છે.

(C) શાળાના પુસ્તકાલયમાં આ કામ થાય તે જરૂરી છે.

(D) બિનજરૂરી માથાકૂટ છે.

80. વર્ગખંડમાં શિસ્તની સમસ્યા નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે ?
(A) કયો વિષય ભણાવવામાં આવી રહ્યો છે.
(B) ભણાવવામાં આવતા વિષય કેટલા રુચિમય-રસમય છે.
(C) વિદ્યાર્થીઓ વર્ગખંડમાં કેવી રીતે બેઠેલા છે.
(D) આપેલાં તમામ

81. સોટીના ભયથી...
(A) વ્યવસ્થા જળવાઈ રહે છે.
(B) શિસ્ત જળવાઈ રહે છે.
(C) વ્યવસ્થા ઊભી કરી શકાય છે, પરંતુ શિસ્ત હોવી જરૂરી નથી.
(D) સ્વયંશિસ્ત ઊભી થાય છે.

82. શિક્ષક પોતાના વર્ગખંડમાં સારી શિસ્તવ્યસ્થા જાળવી રાખવામાં સફળ થઈ શકે છે, જો તે...
(A) વિદ્યાર્થીઓ પ્રત્યે હંમેશાં કડક વ્યવહાર અપનાવે.
(B) વિદ્યાર્થીઓ સાથે વિનમ્રતા રાખે, સાથે-સાથે દૃઢ પણ હોય.
(C) વિદ્યાર્થીઓની ઇચ્છા પ્રમાણે કાર્ય કરે.
(D) ક્યારેક વિદ્યાર્થીઓની માંગણીઓ પણ સ્વીકારે.

83. સામાજિક અનુશાસનનો આધાર હોય છે...
(A) ભય અથવા દંડ (B) નિંદા અને પ્રશંસા
(C) સારા બનવાની ઇચ્છા (D) સંસ્કાર

84. વર્ગખંડમાં વધુ શિસ્તમય વાતાવરણ બની રહે છે, જો...
(A) શૈક્ષણિક સાધન-સામગ્રીનો યોગ્ય ઉપયોગ થાય.
(B) પાઠ્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે મનોરંજનનું ઘણું વિષયવસ્તુ હોય તો
(C) અધ્યાપકનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હોય તો
(D) વિદ્યાર્થીઓને જો ખબર હોય કે આચાર્ય ગમે ત્યારે વર્ગખંડમાં આવી શકે છે.

85. બાળકોમાં સ્વશિસ્તની ભાવના કેવી રીતે પેદા કરી શકાય છે ?
(A) તેમને કડક શિસ્તમાં રાખીને
(B) શિસ્તમાં રહેવાથી થતાં લાભ તેમને બતાવીને
(C) ગેરશિસ્ત કે ખરાબ વર્તણૂક પર તેમને દંડ આપીને
(D) તેમને જવાબદારીઓ સોંપીને

86. શિસ્તની સમસ્યાના સમાધાન માટે એક સારો રસ્તો તે પણ છે કે...
(A) વિદ્યાર્થીઓને નૈતિક શિક્ષણ અનિવાર્યપણે આપવું જોઈએ.
(B) વિદ્યાર્થીઓને સારા વર્તન બદલ ગુણ આપવા જોઈએ.
(C) ગેરશિસ્ત બદલ કઠોર શિક્ષા કરવી.
(D) આપેલાં તમામ

87. શિક્ષકે પોતાનો વર્ગ સમાપ્ત થયા પછી...
(A) બ્લેકબોર્ડ સાફ કરવું જોઈએ.
(B) બ્લેકબોર્ડને હોય તેમ જ રાખવું જોઈએ.
(C) વર્ગના કોઈ વિદ્યાર્થી પાસે બ્લેકબોર્ડ સાફ કરાવવું જોઈએ.
(D) ઉપરોક્ત ત્રણમાંથી એક પણ નહીં.

88. ગોખણપટ્ટીની ટેવથી વિદ્યાર્થીઓને શું નુકસાન થાય છે ?
(A) તેમની વૃદ્ધિનો વિકાસ થતો નથી.
(B) તેમનામાં મૌલિક ચિંતનનો વિકાસ થતો નથી.
(C) તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે.
(D) તેઓ વર્ગ-શિક્ષણથી દૂર થાય છે.

89. અધ્યાપક થયા પછી તમારા વિચારાનુસાર દરેક અધ્યાપકના ઘરમાં કઈ વસ્તુનું હોવું જરૂરી ગણાશે ?
(A) લાઈબ્રેરી (B) ટેલિવિઝન
(C) સજાવેલો બેઠક રૂમ (D) આપેલાં તમામ

90. શિક્ષણની પ્રક્રિયા ત્યાં સુધી પોતાના ઉદ્દેશમાં સફળ થઈ શકતી નથી, જ્યાં સુધી વિદ્યાર્થીમાં...
(A) વિદ્યાર્થીઓમાં શિસ્ત ન હોય
(B) વિદ્યાર્થીઓ નિષ્ઠાવાન ન હોય
(C) તેના માટે વિદ્યાર્થીઓ ઇચ્છા ધરાવતા ન હોય
(D) વિદ્યાર્થીઓમાં સંશોધનવૃત્તિ ન હોય.

91. નાના બાળકો વધુ ક્રિયાશીલ હોય છે, અધ્યાપકે તેના માટે શું કરવું જોઈએ ?
(A) તેમની ક્રિયાશીલતાને ઓછી કરવા પ્રયત્ન કરીશ.
(B) તેમની ક્રિયાશીલતાનો અભ્યાસ કરવો.
(C) તેમની ક્રિયાશીલતાને રોકવી.
(D) તેમની ક્રિયાશીલતાની મદદથી તેમને કોઈ ઉપયોગી શિક્ષણ આપવું.

92. સંકોચનશીલ અને શરમાળ વિદ્યાર્થીઓને વર્ગખંડના શિક્ષણમાં ભાગ લેવાની પ્રેરણા આપવાનો એક ઉપાય છે...
(A) તેમને ઘરકામમાંથી મુક્ત કરી દેવાં જોઈએ.
(B) તેમને વર્ગખંડમાં પોતાને ગમતાં વિષય ઉપર બોલવા માટે પ્રોત્સાહિત કરીશું.
(C) જો તે કોઈ પ્રશ્નનો ઉત્તર ન આપે તો તેમને શરમમાં મૂકી દે તેવી પરિસ્થિતિ ઊભી કરવી.
(D) તેમને વિશેષ સ્નેહ આપવામાં આવે.

93. કોઈ વિદ્યાર્થી પ્રશ્નનું જાતે જ સમાધાન કરે છે, તો તેના માટે મોટું ઈનામ હશે...
(A) તેને તે પ્રશ્નના પૂરાં ગુણ મળવા જોઈએ.
(B) તેને તેના પ્રશ્નનો સાચો ઉત્તર મળી જાય છે.
(C) શિક્ષક દ્વારા તેની પ્રશંસા થવી જોઈએ.
(D) તેને તે પ્રશ્નનો ઉત્તર મેળવવાની રીતનું જ્ઞાન થઈ જાય છે.

94. જે વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરે છે તેનામાં...
(A) તેમનામાં બુદ્ધિનો વિકાસ થતો નથી.
(B) તેમનામાં એ વાતના વિવેકનો અભાવ હોય છે કે શું જરૂરી છે અને શું બિનજરૂરી છે.
(C) તેમનામાં મૌલિક ચિંતનનો વિકાસ થતો નથી.
(D) તેમના માટે પરીક્ષા પાસ કરવી કઠિન નથી.

95. વિદ્યાર્થીઓને વધુ કઠોર શિક્ષા કે સજા કરવાથી...
(A) તેમના માતા-પિતા આચાર્યને ફરિયાદ કરવા જશે.
(B) વિદ્યાર્થીઓ શાળા છોડી બીજી શાળામાં જશે.
(C) વિદ્યાર્થીઓના મનમાં શાળા પ્રત્યે દ્વેષ-ભાવનાનો જન્મ થાય છે.
(D) શાળામાં શિસ્ત બની રહે છે.

96. સારું શિક્ષણ શેનું ઉદાહરણ છે ?
(A) શિક્ષણના વ્યવસાય પ્રત્યે ઈમાનદારી તથા નિષ્ઠાનું
(B) શિક્ષકોની ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતાનું
(C) કૉલેજના આચાર્યના કુશળ નેતૃત્વનું
(D) શિક્ષકોના વિદ્વાનપણાના ઉચ્ચ સ્તરનું

97. શિક્ષકની નીચે આપેલી વિશેષતાઓમાંથી કઈ બાબત શ્રેષ્ઠ વર્ગખંડ શિસ્તમાં સહાયભૂત હશે ?
(A) આકર્ષક વ્યક્તિત્વ
(B) સારું આચરણ તથા આકર્ષક દેખાવ
(C) સાદું જીવન
(D) પ્રભાવી કે અસરકારક શિક્ષણ

98. તમે શિક્ષણને અન્ય વ્યવસાયો કરતાં વધુ પ્રાધાન્યતા શાથી આપો છો ?
(A) માનવતાની સેવા માટે
(B) અધ્યયન-અધ્યાપન સાથે પ્રેમ હોવાથી
(C) યુવાનો પ્રત્યે પ્રેમ હોવાથી
(D) વિષયમાં નિપુણતા પ્રાપ્ત કરવા માટે

99. વર્ગખંડમાં વિદ્યાર્થીઓના વ્યવહારમાં શિસ્ત લાવવા માટે નીચેનામાંથી કઈ એક બાબત પ્રાથમિક હોવી જોઈએ ?
(A) શિક્ષકનું પ્રભુત્વ (B) વિદ્યાર્થી મિત્રમંડળ
(C) ઈનામ અને શિક્ષા **(D) વિદ્યાર્થી પ્રેરણા**

100. નીચેનામાંથી કઈ એક પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના ગેરશિસ્ત દાખવવાની શક્યતા સૌથી ઓછી હશે ?
(A) જ્યારે વિદ્યાર્થીઓને પડકારરૂપ શિક્ષણકાર્ય આપવામાં આવે
(B) જ્યારે અધ્યાપક વર્ગખંડમાં તર્કવિતર્ક કરે
(C) જ્યારે વર્ગખંડના બધા વિદ્યાર્થી શિક્ષક પ્રત્યે નફરત દાખવે
(D) જ્યારે શિક્ષક તેમને એક ઉચ્ચ આદર્શ મૉડેલ તરીકે રજૂ કરે

101. જો વિદ્યાર્થીઓ એ જ ન સમજી શકે કે શિક્ષકે વર્ગખંડમાં શું ભણાવ્યું, તો શિક્ષક કેવું અનુભવશે ?
(A) તેમને બીજી રીત કે પદ્ધતિથી સમજાવવામાં આવે
(B) તે પોતાનો સમય વ્યર્થ ન વીતાવે
(C) વિદ્યાર્થીઓ માટે દિલગીરી વ્યક્ત કરે
(D) ત્રણમાંથી એક પણ નહીં

102. એક અસરકારક શિક્ષણ પદ્ધતિમાં નીચેનામાંથી કયો ગુણ જોવા મળતો નથી ?
(A) ચર્ચા-વિચારણા પદ્ધતિ
(B) ગૃહકાર્યનો ભાર
(C) સમસ્યા નિવારણ માટે પ્રોત્સાહિત કરનાર વાતાવરણ
(D) એકમની ગોખણપટ્ટી

103. જો આપણે અનુભવીએ કે મોટાભાગની શિક્ષણ પદ્ધતિઓ બંધિયાર વાતાવરણનો ભોગ બની છે અથવા જૂની થઈ ગઈ છે, તો તેને પુનર્જીવિત કરવા માટે નીચેનામાંથી કયું કથન વધુ લાગુ પડશે ?
(A) વર્ગખંડમાં કઠોર શિસ્તના નિયમો લગાવવામાં આવે.
(B) વર્ગખંડમાં સામૂહિક પ્રવૃત્તિઓ અથવા કાર્યક્રમોને અસરકારક રીતે લાગુ કરવામાં આવે.
(C) વર્ગખંડમાં વધુમાં વધુ હકારાત્મક સ્પર્ધા ઊભી કરવામાં આવે.
(D) ત્રણમાંથી એક પણ નહીં.

104. સામૂહિક શિક્ષણમાં વિદ્યાર્થીઓની જરૂરિયાત હશે...
(A) સમૂહ પ્રશંસા પ્રાપ્ત થવી જોઈએ.
(B) કામની સમાન રીતે વહેંચણી.
(C) વ્યક્તિગત અભિપ્રાયની અવગણના કરવી.
(D) અલગ રહેતા વિદ્યાર્થીઓને સમૂહમાં આકર્ષિત કરવા.

105. સમૂહ શિક્ષણમાં નીચેનામાંથી કઈ એક સંકલ્પના સમાયેલી છે ?
(A) શિક્ષણમાં પ્રતિસ્પર્ધાનો અંત લાવવો.
(B) શિક્ષણમાં વ્યક્તિવાદનો અંત કરવો.
(C) વિદ્યાર્થીઓ પોતાના મિત્રસમૂહથી સૌથી વધુ પ્રભાવિત થાય છે.
(D) સમાંતર સમૂહ શિક્ષણ જ લોકશાહીનો મૂળ આધાર છે.

106. શિક્ષક પસંદગી સમિતિના સભ્ય હોવાના ભાગરૂપે આપ કયા શિક્ષકની પસંદગી કરશો કે....
(A) જે સંતુલિત વ્યક્તિત્વ (Personality) ધરાવતું હોય.
(B) જેની વિષયવસ્તુમાં નિપુણતા હોય.
(C) જેને સામૂહિક ક્રિયાઓનું સારું એવું જ્ઞાન હોય.
(D) જેનામાં ઉપરના બધા જ ગુણો દેખાતા હોય.

107. નીચેનામાંથી કયું એક કથન કોઈ શિક્ષક માટે યોગ્ય ગણાશે નહીં ?
(A) જે વાસ્તવિક રીતે વિદ્યાર્થીઓમાં રસ લેતો હોય.
(B) વિદ્યાર્થીઓને દિશાસૂચન આપવા તથા શિસ્ત જાળવવા સક્ષમ હોય.
(C) પોતાને નવી પરિસ્થિતિમાં ગોઠવવામાં સંકોચ અનુભવતો હોય.
(D) તે પોતાના કામ પ્રત્યે પ્રોત્સાહિત હોય, કે જે બધા જ અધ્યાપકો કરે છે.

108. જો કોઈ શિક્ષક તેવા વિચારોના સંપર્કમાં આવે છે જે બીજાને સમજવા માટે અઘરાં છે, તો શિક્ષકે...
(A) રાજી-ખુશીથી બીજાને સમજાવવા તૈયાર રહેવું.
(B) ઉપકાર ગણી અથવા પૈસા લઈ બીજાને સમજાવવા.
(C) તે સમજને પોતાના સુધી સીમિત રાખવી જેથી કરીને તેનું સ્થાન વિશેષ બની રહે.
(D) એવી વ્યક્તિઓને ન સમજાવવી કે જે તે બાબતે ખર્ચ કરવા ન માંગતી હોય.

109. જો વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ભણાવેલું સમજી શકતા ન હોય તો અધ્યાપક શું અનુભવશે ?
(A) તે પોતે વ્યર્થ પોતાનો સમય વીતાવી રહ્યો છે.
(B) તેને બીજી રીતે સમજાવશે.
(C) તેને વર્ગખંડ કંટાળાજનક લાગશે.
(D) વિદ્યાર્થીઓમાં દિલગીરી અનુભવશે.

110. વર્ગખંડમાં નીચેનામાંથી કયા વર્ગના લોકોના ફોટોગ્રાફ લાવવાનું પસંદ કરશો ?
(A) ગાંધી અને મહાત્મા બુદ્ધ
(B) નેપોલિયન અને હિટલર
(C) સી. વી. રામન તથા જગદીશ ચંદ્ર બોઝ
(D) ઈન્દિરા ગાંધી તથા રાજીવ ગાંધી

111. નીચેનામાંથી કઈ રીતે એક અધ્યાપક પોતાના વ્યક્તિગત તફાવતોને સારી રીતે માપી શકશે ?
(A) વિદ્યાર્થીઓ પાસે નિબંધ લખાવીને.
(B) વિદ્યાર્થીઓને ચર્ચા-પરિસંવાદ સ્પર્ધામાં ભાગ લેવડાવી.
(C) મનોવૈજ્ઞાનિક કસોટીઓના આધારે.
(D) શાળાની પરીક્ષાના પરિણામોને આધારે.

112. શિક્ષકે આશાવાદી શા માટે બનવું જોઈએ ?
(A) તે રમૂજી સ્વભાવનો બની શકે છે.
(B) તે પોતાના વિદ્યાર્થીઓને પણ આશાવાદી બનાવી શકે છે.
(C) તે વિદ્યાર્થીઓમાં સારી ટેવો વિકસાવી શકે છે.
(D) તે વર્ગખંડને વધુ શિસ્તમય બનાવી શકે છે.

113. તમે શિક્ષક થવા ઇચ્છો છો...
(A) પૈસા કમાવા માટે
(B) વિદ્યાર્થીઓને ચોરી કરાવવા માટે
(C) પ્રેરણાદાયી બનવા માટે
(D) સમાજને આદર્શ અને સ્વસ્થ જીવન પ્રદાન કરવા માટે

114. શિક્ષકને સમાજનો આદર્શ પુરુષ માનવામાં આવે છે, તો તેની પ્રવૃત્તિ કેવી હોવી જોઈએ ?
(A) આત્મજ્ઞાની (B) સ્વાવલંબી
(C) ત્યાગવૃત્તિ (D) હોશિયારીપૂર્ણ

115. વર્ગખંડમાં ભણાવતી વખતે અધ્યાપકે ધ્યાન રાખવું પડશે કે...
(A) કા.પા. કાર્ય સુંદર, સ્પષ્ટ તથા કલાત્મક હોવું જોઈએ.
(B) કા.પા. કાર્યની વિષયસામગ્રી મહત્ત્વપૂર્ણ હોવી જોઈએ.
(C) કા.પા. કાર્ય ટૂંકમાં હોવું જોઈએ.
(D) કા.પા. નોંધ લંબાણપૂર્વક થવી જોઈએ.

116. તમારા મતે નીચેનામાંથી કયો એક ગુણ શિક્ષકમાં હોય તે જરૂરી છે ?
(A) કર્તવ્યનિષ્ઠા
(B) સમયની દૃષ્ટિએ ચોક્કસ
(C) વિષયવસ્તુનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન
(D) કડક રીતે વર્ગખંડમાં શિસ્તનો અમલ કરનાર

117. વિદ્યાર્થીઓ અધ્યાપકનો સૌથી વધારે આદર કરશે, જો...
(A) તે પોતાના કાર્ય પ્રત્યે નિષ્ઠાવાન હોય
(B) તે શિસ્ત જાળવવામાં નિપુણ હોય
(C) તે વિદ્યાર્થીઓ સાથે મિત્ર જેવો સંબંધ ધરાવતો હોય
(D) તે પોતાનું પ્રભુત્વ દૃઢતાપૂર્વક પ્રગટ કરતો હોય

118. મોટાભાગના વિદ્યાર્થીઓ એવા શિક્ષક પાસે ભણવાની ઇચ્છા ધરાવતા હોય છે કે, જે...
(A) તે અગાઉ પણ તેમને ભણાવી ચૂકયા હોય.
(B) શાળામાં વધારે યોગ્ય શિક્ષક માનવામાં આવતા હોય.
(C) તેમને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર લાગતા હોય.
(D) જે વિદ્યાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં રસ ધરાવતાં હોય.

119. નીચેનામાંથી દૃશ્ય-શ્રાવ્ય સાધન કયું છે ?
(A) રેડિયો (B) ગ્રામોફોન
(C) ટેલિફોન **(D) દૂરદર્શન**

120. શિક્ષણની પ્રક્રિયાને એક સળંગ સાંકળની જેમ દર્શાવે છે...
(A) માત્ર વિદ્યાર્થી
(B) વિદ્યાર્થી અને શિક્ષક
(C) વિદ્યાર્થી, શિક્ષક અને અભ્યાસક્રમ
(D) વિદ્યાર્થી, શિક્ષક અને માતા

121. શિક્ષણની પ્રક્રિયાને પ્રગતિશીલ બનાવવાનું સાધન છે...
(A) બ્લેકબોર્ડ (B) પાઠ્યપુસ્તક
(C) નકશાઓ **(D) આપેલાં તમામ**

122. સફળ શિક્ષણ ત્યારે થાય છે, જ્યારે...
(A) વિદ્યાર્થીઓ સમસ્યાની સ્થિતિમાં હકારાત્મક રહી પ્રતિક્રિયા કરે છે.
(B) વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે ત્યારે
(C) વિદ્યાર્થીઓ તેવો અનુભવ કરે છે કે તે કંઈક શીખ્યા છે.
(D) વિદ્યાર્થીઓને સારી નોકરી મળી જાય છે ત્યારે

123. 'INSAT' પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવે છે...
(A) દૂર-સંચાર અને દૂરભાષ માટે
(B) દૂરદર્શન અને આકાશવાણીના પ્રસારણ માટે
(C) મોસમ વિજ્ઞાનની ભવિષ્યવાણી કરવા માટે
(D) આપેલાં તમામ

124. શિક્ષણ અને શીખવું તે છે...
(A) માત્ર વર્ગખંડમાં થાય તે
(B) વર્ગખંડ તેમજ ઘરે થતી પ્રક્રિયા
(C) માત્ર ઘરમાં થાય તે
(D) ના ઘરમાં કે ના વર્ગખંડમાં

125. શૈક્ષણિક પ્રવાસ દરમિયાન તમે બાળકો પાસેથી શું અપેક્ષા રાખશો ?
(A) બાળકો દરેક જગ્યા અને વસ્તુને ધ્યાનપૂર્વક નિહાળે અને તેના વિશે શિક્ષકને પ્રશ્ન પૂછે.
(B) બાળકો ચૂપચાપ બધું જુએ, શિક્ષકને કોઈ જ પ્રશ્ન ન પૂછે.
(C) બાળકો જો કંઈ પૂછવા માગે તો, તે પોતાની નોટમાં પ્રશ્ન લખે.
(D) બાળકો મોજથી ફરે, શિક્ષકને આનંદથી ફરવા દે.

126. શિક્ષકનું વ્યક્તિત્વ આકર્ષક શા માટે હોવું જોઈએ ?
(A) તેનાથી તે વિદ્વાન લાગશે. **(B) તે વિદ્યાર્થીઓને પોતાના વ્યક્તિત્વથી પ્રભાવિત કરશે.**
(C) તે આકર્ષક લાગશે.
(D) તે વધુ યોગ્ય લાગશે.

127. શિક્ષણનો વ્યવસાય ત્યારે જ વધુ ઉન્નત બનશે, જ્યારે...
(A) શિક્ષક સર્જનાત્મક પદ્ધતિથી ભણાવશે.
(B) પગાર યોગ્યતા પ્રમાણે મળે.
(C) શિક્ષક જાતે નવાં પ્રયોગો કરે અને નવી પદ્ધતિઓ શોધે.
(D) જો વિદ્યાર્થીઓ તેની સામે શાંતિથી ભણતા હોય.

128. શિક્ષણની ઉત્તમ પ્રણાલી તે છે કે જેમાં...
(A) પ્રશ્નોની આવશ્યકતા ન હોય.
(B) અધ્યાપક વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછે.
(C) વિદ્યાર્થીઓ અધ્યાપક પાસે સમસ્યાનું સમાધાન કરે.
(D) શિક્ષક અને વિદ્યાર્થી એકબીજાને પ્રશ્નો પૂછે.

129. વર્ગખંડમાં શિક્ષણ-પ્રશિક્ષણને રસમય બનાવનાર અસરકારક તત્ત્વ કયું છે ?
(A) પાઠ-આયોજન (B) અધ્યાપકનું વ્યક્તિત્વ
(C) શિક્ષણ પદ્ધતિ (D) પાઠ્યસામગ્રી / વિષયવસ્તુ

130. મહાવિદ્યાલયમાં અધ્યાપકનું મુખ્ય કાર્ય છે...
(A) ભાષણ આપવું
(B) વિદ્યાર્થીઓની દેખરેખ રાખવી
(C) ગૃહકાર્ય તપાસવું
(D) શિક્ષણકાર્યનું આયોજન કરવું

131. શિક્ષકના આત્મવિશ્વાસની વિદ્યાર્થીઓ પર શું અસર પડશે ?
(A) તેઓ ખુશ થશે.
(B) તેમનામાં સાહસ અને કામ કરવાની ઈચ્છાશક્તિ જાગશે.
(C) તેમને પોતાના વાતાવરણનું જ્ઞાન થશે.
(D) તેમનામાં સહાનુભૂતિનો ગુણ વિકસે છે.

132. નીચેનામાંથી ક્યો ગુણ શિક્ષક માટે સૌથી મહત્ત્વપૂર્ણ ગણાશે ?
(A) સારું શિસ્ત જાળવતો હોય
(B) વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ દૂર કરતો હોય
(C) સમયનો પાબંધ હોય
(D) સારો વક્તા હોય

133. શિક્ષણના વ્યવસાયમાં મહિલાઓ શાથી વધારે હોય છે ?
(A) તેમના માટે બીજા વ્યવસાયોની ઊણપ છે.
(B) તેઓ ઓછા પગારે પણ કામ કરવા તૈયાર છે.
(C) તેઓ બાળકો સાથે વધુ ધૈર્યપૂર્વક વ્યવહાર કરે છે.
(D) આ ક્ષેત્રમાં વધારે યોગ્યતાની જરૂર હોતી નથી.

134. નીચેનામાંથી ક્યા એક કારણસર વિદ્યાર્થીઓ અધ્યાપકને વધુ નાપસંદ કરે છે ?
(A) કા.પા. પર ખરાબ અક્ષરો આવતા હોવાથી.
(B) વિષયવસ્તુના જ્ઞાનનો અભાવ.
(C) વર્ગખંડમાં મોડો આવતો હોવાથી.
(D) પક્ષપાતપૂર્ણ વ્યવહાર

135. એક સારા શિક્ષક પાસેથી આશા રાખવામાં આવે છે કે...
(A) તે પોતે કોઈ પણ મહત્ત્વાકાંક્ષા ધરાવતો ન હોય.
(B) તેની ઈચ્છાઓ સંતુલિત હોય.
(C) તેની ઇચ્છાઓનું સ્તર ઊંચું હોય.
(D) તેની ઈચ્છાઓ તેના ઘર અને કુટુંબ સુધી સીમિત હોય.

136. શિક્ષણની યોગ્યતાનો નિર્ણય કરવાનો આધાર હોય છે...
(A) અધ્યાપકની શૈક્ષણિક લાયકાત
(B) વર્ગખંડ શિક્ષણની અસરકારકતા
(C) તેણે ભણાવેલા વિદ્યાર્થીઓના પરિણામો
(D) આપેલાં તમામ

137. વર્ગશિક્ષણની પદ્ધતિઓમાં પરિવર્તન લાવવા માટે અધ્યાપકમાં ક્યા ગુણ હોવા જરૂરી છે ?
(A) પ્રતિષ્ઠા અને અધિકાર
(B) વરિષ્ઠતા અને અનુભવ
(C) યોગ્યતા અને શૈક્ષણિક ડિગ્રીઓ
(D) વિશેષ યોગ્યતા અને અનુભવ

138. શિક્ષણના વ્યવસાયમાં શિક્ષણની સફળતા માટે શું અગત્યનું છે ?
(A) જાતિગત સંપન્નતા
(B) શિક્ષકની વ્યાવસાયિક કુશળતા
(C) શિક્ષકની શૈક્ષણિક યોગ્યતા
(D) આચાર્યનો સહકાર

139. નીચેનામાંથી કયો એક વ્યક્તિગત ગુણ શિક્ષણને અસર કરતો નથી ?
(A) સંવેદનશીલતા **(B) સામાજિક કુશળતા**
(C) દયાળુતા (D) પ્રબંધક્ષમતા

140. શિક્ષકે વર્ગશિક્ષણ દરમિયાન એ વાતનું પૂરતું ધ્યાન રાખવું જોઈએ કે...
(A) વિદ્યાર્થીઓ પ્રસન્નતાપૂર્વક ભણે
(B) વિદ્યાર્થીઓનું ધ્યાન અન્ય બાબત પર ન હોય
(C) એકમ ભણાવવાનું કામ સમયસર પૂર્ણ થાય
(D) આપેલાં તમામ

141. વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપવામાં આવે છે...
(A) વિદ્યાર્થીઓને સજા કરવા માટે
(B) વર્ગશિક્ષણને વધુ સુદૃઢ કરવા માટે
(C) શાળા કામગીરીનો સંદેશ વાલીગણ સુધી પહોંચાડવા
(D) વિદ્યાર્થીઓને ઘરે પણ કામમાં વ્યસ્ત રાખવા માટે

142. જો તમારા વર્ગખંડમાં કોઈ વિદ્યાર્થી ગેરહાજર હોય તો, તમે...
(A) તેના વિશે વર્ગખંડના વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવશે.
(B) વિદ્યાર્થીના માતા-પિતાને તેનું કારણ પૂછશો.
(C) તે બાબતે ધ્યાન આપવું યોગ્ય ગણાશે નહીં.
(D) તે વિદ્યાર્થીને ગેરહાજર રહેવા બદલ દંડ કરશો.

143. શિક્ષકે વર્ગખંડ દરમિયાન એવાં પ્રશ્નો પૂછવા જોઈએ, જે...
(A) જેને સરળતાથી સમજી શકાય
(B) જે સ્પષ્ટ હોય
(C) જે ઘણાં લાંબા ન હોય
(D) આપેલાં તમામ

144. જો તમારા વર્ગખંડમાં કોઈ વિદ્યાર્થી બિનજરૂરી પ્રશ્ન પૂછે છે, તો શિક્ષક તરીકે તમારે...
(A) તમારે તેને શિક્ષા કરવી જોઈએ.
(B) તમારે તેના પ્રશ્ન પર ધ્યાન આપવું જોઈએ નહીં.
(C) તમે તેને જણાવી દેશો કે તેનો પ્રશ્ન પ્રાસંગિક કે યોગ્ય નથી.
(D) તમારે તે વિદ્યાર્થીને જણાવી દેવું કે તેના પ્રશ્નનો ઉત્તર વર્ગખંડ પૂર્ણ થયા બાદ બહાર જવાબ આપશે.

145. તમે વર્ગખંડમાં ભણાવો છો, અચાનક તમને જાણ થશે કે પાછળની બેન્ચ પર એક વિદ્યાર્થી માથું મૂકી સૂઈ રહ્યો છે, તો આપ શું કરશો ?
(A) તેને ઊંઘમાંથી જગાડીને ધમકાવશો.
(B) તેની ફરિયાદ આચાર્યને કરશો.
(C) તેને તેવું કરવા દેશો પછી, પાછળથી તેનું કારણ તેને પૂછશો.
(D) તેના માતા-પિતાને લેખિતમાં તેની ફરિયાદ કરશો.

146. આંધળા વિદ્યાર્થીઓને ભણાવનારા અધ્યાપકોની પ્રશિક્ષણ (તાલીમી) સ્કૂલ ક્યાં આવેલી છે ?
(A) ભોપાલ **(B) દેહરાદૂન** For Blinds
(C) અજમેર (D) અમદાવાદ

147. જો કોઈ વિદ્યાર્થીને વર્ગખંડમાં અપમાનિત કરવામાં આવે તો...
(A) તેનામાં લઘુતાની ભાવના પેદા થઈ શકે છે.
(B) તેનામાં નફરતની ભાવના પેદા થાય છે.
(C) તે લડાયક સ્વભાવનો બને છે.
(D) આપેલાં તમામ

148. વર્ગખંડમાં વિદ્યાર્થીને તેની શારીરિક અપંગતાના કારણે તિરસ્કૃત કરવામાં આવે છે. અધ્યાપકે તેને ભણવાની પ્રેરણા આપવા તેની કઈ જરૂરિયાતની પૂર્તિ કરવી જોઈએ ?
(A) શારીરિક જરૂરિયાત
(B) સંરક્ષણની જરૂરિયાત
(C) સન્માન આપવાની જરૂરિયાત
(D) સંબંધ સ્થાપિત કરવાની જરૂરિયાત

149. હાથ વડે કામ કરવાથી વિદ્યાર્થીઓમાં...
(A) શારીરિક શક્તિમાં વધારો થાય છે.
(B) કામ પ્રત્યેની સૂગ દૂર થાય છે.
(C) મહેનત કરવાની ટેવ પડે છે.
(D) આત્મનિર્ભરતાનો વિકાસ થાય છે.

150. શિક્ષકે સતત અભ્યાસ કરતાં રહેવું જોઈએ, જેથી...
(A) તેની શૈક્ષણિક યોગ્યતામાં વધારો થાય.
(B) વિદ્યાર્થીઓ પર રૂઆબ રાખી શકે.
(C) પોતાના વિદ્યાર્થીઓ માટે વધારે ઉપયોગી બની શકે.
(D) પોતાના સહકર્મીઓ વચ્ચે પ્રતિષ્ઠા મેળવી શકે.

151. વિદ્યાર્થીઓની ગોખણપટ્ટીની ટેવ દૂર કરવા તમે શું સલાહ આપશો ?
(A) મૂલ્યાંકનમાં પરિવર્તન (B) પરીક્ષા પદ્ધતિમાં પરિવર્તન
(C) શિક્ષણની પદ્ધતિમાં પરિવર્તન
(D) વિદ્યાર્થીઓની રસ-રુચિમાં પરિવર્તન

152. નીચેનામાંથી કઈ એક શિક્ષણ પદ્ધતિ વધુ સારી ગણાશે ?

(A) ગોષ્ઠી અને શ્રુતલેખન (B) વ્યાખ્યાન અને શ્રુતલેખન

(C) ગોષ્ઠી અને પ્રોજેક્ટ (D) શ્રુતલેખન અને કાર્યપદ્ધતિ

153. 'પલાયન'ની મૂળ પ્રવૃત્તિ જોવા મળે છે...

(A) વધુ પડતા પ્રેમની સ્થિતિમાં

(B) ભૂખની સ્થિતિમાં

(C) ભય અનુભવવાની સ્થિતિમાં

(D) તરસની સ્થિતિમાં

Drop-out

154. શિક્ષણ પદ્ધતિનું તાત્પર્ય છે...

(A) શિક્ષણની કલા

(B) શિખવાડવાની રીત

(C) બાહ્ય જગતના જ્ઞાનનું બાળકની બુદ્ધિમાં સ્થાપન

(D) શિક્ષણની જવાબદારી સાથે.

155. નિગમનાત્મક પદ્ધતિની સૌથી મોટી મર્યાદા કઈ છે ?

(A) તે એક મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે.

(B) તે એક શિક્ષણની ભારયુક્ત પદ્ધતિ છે.

(C) તે સ્મૃતિ કે યાદદાસ્ત પર વધારે ભાર મૂકે છે.

(D) તેનાથી વિદ્યાર્થીઓમાં મૌલિક વિચારસરણીનો વિકાસ થતો નથી.

156. ઐતિહાસિક દૃષ્ટિએ લેખિત પરીક્ષા સાથે કોનું નામ સંકળાયેલું છે ?

(A) ઈવાન પાવલૉવનું (B) હોર્સમાનનું

(C) નેવિલીનું (D) સ્ટીફન કોરેનું

157. મૂલ્યાંકન મદદરૂપ થાય છે...

(A) અભ્યાસક્રમ સંબંધિત જાણકારી માટે

(B) વિદ્યાર્થીઓની અભ્યાસની કચાશને દૂર કરવા

(C) વિદ્યાલયની ગતિવિધિઓમાં સુધારા માટે

(D) આપેલાં તમામ

158. શિક્ષક સ્વયં સહાયકસામગ્રી જેવો હોઈ શકે છે, જો...

(A) જો તે દેખાવે સુંદર હોય તો

(B) તેનામાં સુંદર વક્તૃત્વશૈલી હોય તો

(C) કા.પા. નોંધ સારી હોય તો

(D) બધા સાથે સહકારથી વર્તતો હોય તો

159. શાળા-મહાશાળાઓમાં પ્રદર્શન યોજવાથી કયા લાભ થાય છે ?

(A) વિદ્યાલયને વધારાની આવક થાય છે.

(B) વિદ્યાલયનો સરળતાંથી પ્રચાર થાય છે.

(C) વિદ્યાલયના કર્મચારીઓને મફતમાં મનોરંજન મળે છે.

(D) આપેલાં બધાં જ સાચાં છે.

160. રમત એક એવી પ્રક્રિયા છે જેનો ઉપયોગ કરી શકાય છે...

(A) બાળકોને ભણાવવામાં

(B) બાળકોને આનંદ કરાવવામાં

(C) બાળકોને શીખવવામાં

(D) બાળકોના ધ્યાનનું વિભાજન કરવામાં

161. વિદ્યાર્થીઓમાં હતાશા જન્મે છે...

(A) પ્રેરણાઓના સંઘર્ષને પરિણામે

(B) પ્રોત્સાહનના અભાવના પરિણામે

(C) વ્યક્તિગત નિષ્ફળતાના પરિણામે

(D) વધુ પડતા લાડકોડના પરિણામે

162. દંડ કે ઈનામ બાળકની કઈ પ્રક્રિયામાં મદદરૂપ થાય છે ?

(A) સામાજિક ગત્યાત્મકતામાં **(B) સમાજીકરણમાં**

(C) સમાજ પૃથક્કરણમાં (D) શીખવવાની પ્રક્રિયામાં

163. આધુનિક શિક્ષણ પ્રણાલી...

(A) વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તાલીમ આપે છે.

(B) વિદ્યાર્થીઓના સામજીકરણની પ્રક્રિયામાં મદદ કરે છે.

(C) વિદ્યાર્થીઓને આધ્યાત્મિક બનાવે છે.

(D) વિદ્યાર્થીઓને વ્યાવહારિક જ્ઞાન આપતી નથી.

164. બાળકો માટે શીખવું એ...

(A) સંતોષમય પ્રક્રિયા છે.

(B) કઠિન કાર્ય છે.

(C) તેઓ રમતાં-રમતાં શીખે છે.

(D) તેમને ભણાવવું મુશ્કેલ છે.

165. વિદ્યાર્થીઓને શીખવવાનો સૌથી સારો અભિગમ કયો છે ?

(A) તેમને એક કુશળ અધ્યાપક દ્વારા ભણાવવામાં આવે.

(B) શૈક્ષણિક પ્રૌદ્યોગિકીનો યોગ્ય ઉપયોગ કરે.

(C) વિદ્યાર્થીઓ જાતે જ શીખે.

(D) ઉપરના તમામ સાચાં છે.

166. સારું શિક્ષણ આપણને ખૂબ જ ઉપયોગી છે...

(A) વ્યક્તિને સ્વાશ્રયી અને સ્વતંત્ર બનાવવા

(B) વ્યક્તિને રોજીરોટી મેળવવા

(C) વ્યક્તિને વિદ્વાન બનાવવા

(D) વ્યક્તિના માન-મોભામાં વધારો કરવા

167. તમારું શિક્ષણ ક્યારે સફળ થયું ગણાય ?

(A) જો તમારા સમ્માનમાં વધારો કરતું હોય

(B) જો તમને આત્મસંતોષ આપતું હોય

(C) જો બીજાને ફાયદાકારક હોય

(D) જો તમારા માટે રોજગારી કમાઈ આપનારું હોય

168. શિક્ષણ બાળકને કઈ રીતે ઉપયોગી છે ?
(A) સામાજિક વિકાસ માટે
(B) બાળકના વ્યક્તિત્વનો પૂરેપૂરો વિકાસ કરવા માટે
(C) બાળકના માનસિક વિકાસ માટે
(D) બાળકના નૈતિક વિકાસ માટે

169. અસરકારક અને સફળ શિક્ષણ માટે સૌથી મહત્ત્વની બાબત છે____
(A) વિદ્યાર્થીઓને વધુમાં વધુ 'નોટ્સ' લખાવવી
(B) વ્યવહારું ઉદાહરણોથી વિષયોનો વિચાર વિસ્તાર કરવો.
(C) શક્ય તેટલો કાળા પાટિયાનો ઉપયોગ કરવો
(D) શક્ય તેટલો સાહિત્યિક ભાષાનો પ્રયોગ કરવો

170. બાળકોને આપેલું શિક્ષણ અસરકારક ક્યારે નીવડે ?
(A) શિક્ષકને પોતાના વિષયનું ગહન જ્ઞાન હોય
(B) વિદ્યાર્થીઓને ભણવામાં રસ હોય
(C) જો બાળકોની માનસિકક્ષમતાને ધ્યાનમાં રાખીને ભણાવવામાં આવે તો
(D) એકના એક પાઠનું વારંવાર પુનરાવર્તન કરવું

171. અભ્યાસક્રમને કઈ રીતે વધારે ઉપયોગી બનાવી શકાય ?
(A) પ્રાદેશિક માહિતી દ્વારા
(B) ભારતીય ઇતિહાસ દ્વારા
(C) ભારતના ભૌગોલિક જ્ઞાન દ્વારા
(D) ભારતના સાંસ્કૃતિક જ્ઞાન દ્વારા

સાંસ્કૃતિક જ્ઞાન

172. પાઠ પૂરેપૂરો શીખવાડયા પછી શિક્ષકે શું કરવું જોઈએ ?
(A) રસપ્રદ વાર્તા કહેવી જોઈએ
(B) વિદ્યાર્થીઓનો આભાર માનવો જોઈએ
(C) વિદ્યાર્થીઓને પાઠ મોઢે કરવાનું કહેવું જોઈએ
(D) પાઠના મુખ્ય મુદ્દાઓ ટૂંકમાં જણાવવા જોઈએ

173. સફળ શિક્ષકનું સૌથી અગત્યનું લક્ષણ છે____
(A) આદર્શ અને વિદ્વતાપૂર્ણ વ્યક્તિત્વ
(B) અધ્યયન વખતે ગાંભીર્ય
(C) પોતાની વિદ્વતાનો વિદ્યાર્થીઓ પર પ્રભાવ
(D) શિક્ષણકાર્યમાં આનંદ આવવો

174. વર્ગમાં શિસ્ત માટે જરૂરી બાબત કઈ છે ?
(A) શિક્ષકનો ગંભીર સ્વભાવ
(B) શિક્ષકનું આદર્શ અને વિદ્વતાપૂર્ણ વ્યક્તિત્વ
(C) સુસજ્જ અને ગંભીર પ્રભાવક પોશાક
(D) ગેરશિસ્ત આચારનારને કડક સજા

175. વર્ગમાં શિસ્ત જાળવી રાખવા માટે શું કરવું જોઈએ ?
(A) વિદ્યાર્થીઓને સંપૂર્ણ છૂટછાટ આપવી જોઈએ
(B) વિદ્યાર્થીઓ પર કડક નિયંત્રણ લાદવાં જોઈએ
(C) સંપૂર્ણ છૂટછાટ અને કડક નિયંત્રણો વચ્ચેનો માર્ગ અપનાવવો જોઈએ
(D) વિદ્યાર્થીઓને કડક સજાનું ભાન કરાવવું જોઈએ

176. સૌહાર્દપૂર્ણ સામાજિક સંબંધો જાળવવા શિક્ષકે શું કરવું જોઈએ ?
(A) બૌદ્ધિક મૂલ્યો પર ભાર આપવો જોઈએ
(B) ભાવગત મૂલ્યો પર ભાર આપવો જોઈએ
(C) શારીરિક મૂલ્યો પર ભાર આપવો જોઈએ
(D) લોકતાંત્રિક મૂલ્યો પર ભાર આપવો જોઈએ

177. બાળકનું સાચું શિક્ષણ કયું છે ?
(A) જે બાળકમાં વૈશ્વિક અભિગમ વિકસાવે
(B) જે સંકુચિત રાષ્ટ્રીય અભિગમ વિકસાવે
(C) જે સંસ્થાગત ધાર્મિક અભિગમ અપનાવે
(D) જે ધર્મવિરોધી પણ વૈજ્ઞાનિક અભિગમ વિકસાવે

વૈશ્વિક અભિગમ

178. વિભિન્ન માનસિકક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓના વર્ગમાં શિક્ષકનો અભિગમ કેવો હોવો જોઈએ ?
(A) હોશિયારને પ્રોત્સાહન આપવું અને નબળાં વિદ્યાર્થીઓ પ્રત્યે દુર્લક્ષ
(B) નબળાં વિદ્યાર્થીઓ પ્રત્યે ટીકાત્મક વાતો કરવી
(C) બધા વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વર્તવું
(D) હોશિયાર વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વર્તવું

179. એક સારો શિક્ષક કોને કહી શકાય ?
(A) જે ભણાવતી વખતે વિદ્યાર્થીને પ્રશ્ન પૂછવા દેતો નથી
(B) જિજ્ઞાસુવૃત્તિ ન ધરાવનાર વિદ્યાર્થીને ઠપકો આપે છે
(C) જેની હાજરીમાં વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછતાં ડરે છે
(D) જે વિદ્યાર્થીઓના સુસંગત પ્રશ્નોને આવકારે છે અને તેને સમજાવે છે

180. જવાબદારી અંગે તમારો અભિગમ કયો છે ?
(A) જવાબદારી અદા કરવામાં મને આનંદ આવે છે
(B) જવાબદારીઓ મને બોજારૂપ લાગે છે
(C) જવાબદારીઓ વગરની કામગીરી કરવામાં મને આનંદ આવે છે
(D) જવાબદારીવાળી કામગીરીથી હું દૂર ભાગું છું

181. બાળકના વર્તનમાં સુધાર લાવવા માટેની સૌથી વધુ અસરકારક પદ્ધતિ કઈ છે ?
(A) ઈનામ (B) શારીરિક શિક્ષા
(C) પ્રેમપૂર્વકની સલાહ (D) ઘરમાંથી કાઢી મૂકવો

182. બાળકના આક્રમક વલણને કઈ રીતે દૂર કરી શકાય ?
(A) બાળકને થોડાક સમય માટે એકલવાયી જગ્યાએ રાખીને
(B) બાળકના આક્રમક વલણનું કારણ જાણીને
(C) બાળકને કઠોર શિક્ષા કરીને
(D) બાળકની અવગણના કરીને

183. બાળક વડીલોને 'તું' કહીને સંબોધે છે. બાળકના આ અવિવેકી વર્તનને કઈ રીતે સુધારી શકાય ?

(A) બાળકને બધાંની સામે ઠપકો આપીને

(B) તમે પોતે તમારા વડીલોને 'તું' કહીને સંબોધવાનું બંધ કરશો

(C) વડીલોને આદરપૂર્વક સંબોધવા જોઈએ તેવી શિખામણ આપીને

(D) તમે પોતે બાળકને માનવાચક શબ્દથી સંબોધવાનું શરૂ કરશો.

184. બાળકોમાં પ્રામાણિકતાનો ગુણ વિકસાવી શકાય...

(A) અપ્રામાણિક બાળકોને કઠોર શિક્ષક કરીને

(B) પ્રામાણિકતાનું મહત્ત્વ સમજાવીને

(C) પ્રામાણિક માણસોનાં ઉદાહરણો આપીને

(D) પ્રામાણિક બાળકોની કદર કરીને

185. શાળામાં વિભિન્ન રમતોત્સવનું આયોજન થઈ રહ્યું છે, તો તમે ______

(A) શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી શાળામાં રાજા રાખશો

(B) શાળામાં હાજર રહીને બાળકોને શક્ય તેટલા પ્રોત્સાહિત કરશો

(C) તમને ગમતી રમત વખતે શાળામાં હાજર રહેશો

(D) માત્ર ઉદ્‌ઘાટન અને સમાપન સમારોહમાં હાજર રહેશો

186. તમે શાળા, ઘર અને સમાજમાં કઈ રીતે વર્તશો ?

(A) શાળામાં એક આદર્શ શિક્ષક પણ સમાજમાં એક ચાલક વ્યક્તિ તરીકે

(B) સમાજમાં પ્રેમાળ પણ ઘરમાં અન્ય ઉપર પ્રભાવશાળી વ્યક્તિ તરીકે

(C) શાળામાં વિદ્વાન શિક્ષક તરીકે પણ પત્ની આગળ ભોળા પતિ તરીકે

(D) દરેક જગ્યાએ પ્રેમાળ, વિવેકી અને બીજા પર રોફ ન જન્માવનાર વ્યક્તિ તરીકે

187. શિક્ષક માટે સૌથી મહત્ત્વની બાબત કઈ છે ?

(A) દેશ પ્રત્યે અગાધ પ્રેમ (B) સામાજિક સેવા

(C) વિષયનું જ્ઞાન (D) કઠોર પરિશ્રમ

188. શિક્ષકનું વર્તન સારું હોવું જોઈએ કારણ કે...

(A) તેનો પ્રભાવ શિક્ષણ પર પડે છે

(B) તેનાથી સમાજમાં તેની પ્રતિષ્ઠામાં વધારો થાય છે

(C) શિક્ષકે રાષ્ટ્ર-ઘડતરમાં ફાળો આપવાનો છે

(D) વિદ્યાર્થીઓ શિક્ષકને અનુકરણીય માને છે

189. શિક્ષક સમાજમાં સંમાન પ્રાપ્ત કરી શકે જો તે ______

(A) પોતાની કામગીરી પ્રામાણિકતાથી કરે

(B) સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લે

(C) પોતે વિદ્વાન અને મૌલિક વિચારક હોય

(D) સત્તાધારી રાજકીય પક્ષનો સક્રિય કાર્યકર હોય

190. સફળ શિક્ષક કોને કહીશું ?

(A) જે શિસ્તની બાબતમાં કડક હોય

(B) જેની રજૂઆત કરવાની રીત પ્રભાવક હોય

(C) જે વિદ્યાર્થીઓને વર્ગમાં પૂરતું મનોરંજન કરાવતો હોય

(D) જે તે વિષયનું ઊંડું જ્ઞાન હોય

191. તમારા મતે શ્રેષ્ઠ શિક્ષક કોને કહેશો ?

(A) જેનામાં લોકો સાથે ઝડપથી સંપર્ક સાધવાની ક્ષમતા હોય

(B) આલંકારિક ભાષાથી સજ્જ હોય

(C) જેના વાણી અને વર્તનમાં ભેદ ન હોય

(D) જે અતિ આવશ્યક બાબતો પર ભાર મૂકતો હોય

192. શિક્ષકે પાઠ્યપુસ્તકો સિવાયનાં પુસ્તકો વાંચવા જોઈએ, કારણ કે..

(A) તેનાથી સર્વાંગી જ્ઞાનનો વિકાસ થાય છે

(B) સંશોધનમાં ઉપયોગી પુરવાર થાય છે

(C) સમયનો યોગ્ય સદુપયોગ થાય છે

(D) શિક્ષકને આત્મસંતોષ આપે છે

193. શિક્ષકનો વ્યવસાય તમે પસંદ કરો છો, કારણ કે,

(A) તમારા માતા-પિતા બન્ને શિક્ષક છે

(B) આ વ્યવસાયમાં ખૂબ લાંબું વેકેશન ભોગવવા મળે છે

(C) અન્ય જગ્યાએ નોકરીની સલામતી નથી

(D) તમને શરૂઆતથી જ અભ્યાસ અને શીખવવામાં રસ છે

194. શિક્ષક માટે સૌથી મહત્ત્વની બાબત કઈ છે ?

(A) સંતુષ્ટ હોવો જોઈએ

(B) વિષયનું સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ

(C) પહેરવેશ પ્રભાવક હોવા જોઈએ

(D) સારી તંદુરસ્તી ધરાવતો હોવો જોઈએ

195. વિદ્યાર્થીઓ કેવા શિક્ષકને માન આપે છે ?

(A) જે સ્વસ્થ અને દેખાવડો હોય

(B) જેની પાસે વધુ શૈક્ષણિક પદવીઓ હોય

(C) વિદ્યાર્થીઓને ખૂબ ભણાવતો હોય

(D) સાચી પદ્ધતિથી વિદ્યાર્થીઓને ભણાવતો હોય

196. કયો શિક્ષક ખરેખર સુખી કહેવાય ?

(A) જે શિક્ષણ કાર્યને નસીબવંતી કામગીરી સમજે

(B) જે શિક્ષણ કાર્યને વ્યવસાય માનતો હોય

(C) જે શિક્ષણ કાર્યને રોજીરોટીનું સાધન માનતો હોય

(D) જે શિક્ષણ કાર્યને ફરજિયાતપણે કરવાની કામગીર સમજતો હોય

197. વિદ્યાર્થીઓ કેવા શિક્ષકને યાદ કરતાં હોય છે ?

(A) વર્ગમાં અવારનવાર વાર્તાઓ અને પ્રસંગો કહેતો હોય

(B) જે વિદ્યાર્થીઓને હસાવતો હોય

(C) જે વિદ્યાર્થીઆને પૂરી સમજ સાથે ભણાવતો હોય

(D) જે ઉત્તરવહીઓ તપાસવામાં ખૂબ ઉદાર હોય

198. તમે શિક્ષક બનવાનું કેમ વિચારો છો ?
(A) શિક્ષકને લોકો આદરભાવથી જુએ છે માટે
(B) બીજાનાં બાળકોને આનંદ-સુખમાં જોઈએ શિક્ષકને આનંદની લાગણી થાય છે માટે
(C) ખૂબ લાંબું વેકેશન ભોગવવા મળે છે માટે
(D) તમારું પોતાનું કામ વિદ્યાર્થીઓ પાસે કરાવી શકાય છે માટે

199. તમારા વિષયનું સાચું અધ્યયન કરાવવા શું કરશો ?
(A) વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપવું
(B) મુદ્દાનું વારંવાર પુનરાવર્તન કરવું
(C) વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા પ્રોત્સાહિત કરવા
(D) કસોટી દ્વારા પરીક્ષણ કરીને વર્ગકાર્ય પર ભાર મૂકવો

200. વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાનું શ્રેષ્ઠ ધોરણ કયું છે ?
(A) વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ગુણ
(B) વિદ્યાર્થીનું વર્તન અને નિયમિતતા
(C) અભ્યાસેતર પ્રવૃત્તિમાં સામેલગીરી
(D) ઉપરનાં બધાં

201. શીખવવાની ઉત્તમ પદ્ધતિ કઈ છે ?
(A) જે શિક્ષકની કાર્યક્ષમતાનો વિદ્યાર્થીને અહેસાસ કરાવે
(B) જે દ્વારા વિદ્યાર્થી મુદ્દાને પૂરેપૂરો સમજી શકે
(C) જે વિદ્યાર્થીઓને શિક્ષક તરફ આદરભાવ જન્માવે
(D) જેનાથી વિદ્યાર્થીઓ શિક્ષકનાં વખાણ કરે

202. તમે પરીક્ષામાં સુપરવિઝન કરવા માંગો છો, પણ તે પરીક્ષામાં તમારી પુત્રી પરીક્ષાર્થી છે તેને શું કરશો ?
(A) જે વર્ગમાં તમારી પુત્રી છે તે વર્ગમાં સુપરવાઈઝર તરીકે જવાનું ગોઠવશો
(B) તમે તે વર્ગમાં તમારી ફરજ ન ગોઠવાય તેવી તજવીજ કરશો.
(C) સીનિયર સુપરવાઈઝર તરીકે ફરજ ગોઠવાય તેવી તજવીજ કરશો
(D) તમારી પુત્રીના વર્ગમાં જનાર સુપરવાઈઝરને ભલામણ કરશો

203. તમે જે ખંડમાં સુપરવિઝન કરી રહ્યા છો ત્યાં ગામના સરપંચનો દીકરો ચોરી કરી રહ્યો છે, તમે શું કરશો?
(A) તમે સીનિયર સુપરવાઈઝરને રિપોર્ટ કરશો
(B) તમે તેને નકલ કરતાં અટકાવશો
(C) તમે તેના તરફ દુર્લક્ષ સેવશો
(D) તમે અન્ય વિદ્યાર્થીઓ પ્રત્યે પણ આંખ આડા કાન કરશો

204. તમને કેવા વિદ્યાર્થીઓને ભણાવવાનું ગમશે ?
(A) જે ખૂબ હોશિયાર હોય
(B) જે સરેરાશ હોશિયારી ધરાવતા હોય
(C) જે સરેરાશ કરતાં ઓછાં હોશિયાર હોય
(D) ઉપરોક્ત બધા પ્રકારના

205. જો તમે પૂછેલ પ્રશ્નનો જવાબ વિદ્યાર્થી ન આપે તો તમે શું કરશો ?
(A) તેને વર્ગમાં ઊભો રહેવાનો આદેશ આપશો
(B) તમે જાતે જવાબ આપશો
(C) પ્રશ્નનો જવાબ ન આપવા પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરશો
(D) તમે બીજા વિદ્યાર્થીને પૂછશો

206. જો વિદ્યાર્થી વર્ગમાં ગેરહાજર રહેતો હોય તો તમે શું કરશો ?
(A) તેના વાલીને ગેરહાજર માટેનું કારણ પૂછવું
(B) વિદ્યાર્થીને ગેરહાજરીનું કારણ જણાવવા કહેવું
(C) બીજા વિદ્યાર્થીને તેની ગેરહાજરીનું કારણ પૂછવું
(D) શાળાના અન્ય શિક્ષકોને તે વાત જણાવવી

207. માતૃભાષાનું જ્ઞાન સુધારવા કે વધારવા કયા ઉપાયો સૂચવશો ?
(A) શાળામાં અને ઘરમાં માતૃભાષમાં વાતચીત
(B) માતૃભાષામાં લખાયેલાં પુસ્તકોનું વાંચન
(C) માતૃભાષાના ઉપયોગ દરમિયાન અન્ય ભાષાઓનો ઉપયોગ શક્ય હોય ત્યાં સુધી ટાળવો
(D) બધાં જ

208. સામૂહિક સામેલગીરીનાં કામોમાં વિદ્યાર્થીઓ પાછીપાની કરતાં હોય તો શું કરવું જોઈએ ?
(A) સામૂહિક કાર્યોનું મહત્ત્વ સમજાવશો
(B) બધા શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે સામૂહિક કાર્યોમાં કામ કરવું
(C) સામૂહિક કાર્યોનાં ઉદાહરણો આપશો
(D) આંતરિક મૂલ્યાંકનમાં માર્ક્સ ઓછાં આપવાની ધમકી આપશો

209. જો કોઈ વિદ્યાર્થી વર્ગમાં બધાં જ વિષયોમાં નબળો છે તો શું કરશો ?
(A) તેની નબળાઈનું કારણ જાણવાનો પ્રયાસ કરીશ
(B) કારણ જાણ્યા પછી તેની નબળાઈ દૂર કરાવનો પ્રયાસ કરીશ
(C) આચાર્યશ્રીને જાણ કરીશ
(D) પ્રત્યેક વિષયમાં કઈ કઈ નબળાઈ છે તે શોધવાનો પ્રયાસ કરીશ

210. તમારા વર્ગમાં છોકરાં-છોકરીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો શું કરશો ?
(A) આચાર્યને જાણ કરવી (B) તેમના વાલીઓને જાણ કરવી
(C) સાથે બેસીને ઉકેલ લાવવો (D) સહશિક્ષણ બંધ કરશો

211. તમારા વર્ગમાં કોઈ વિદ્યાર્થીની સમજશક્તિ કે ગ્રહણશક્તિ ખૂબ ધીમી છે તો શું કરશો ?
(A) તેના તરફ લક્ષ્ય નહીં આપો
(B) તેને વધારે ગૃહકાર્ય આપશો
(C) તેને વધુ મહેનત કરીને ઈનામ મેળવવા પ્રોત્સાહિત કરવાની સલાહ આપશો
(D) કારણ જાણ્યા પછી 'રેમેડિયલ' - ગુણાત્મક સુધારાનાં પગલાં ભરશો

212. શ્રેષ્ઠ શૈક્ષણિક પદ્ધતિ કોને કહેશો ?

(A) જે સમાજના દરેક વર્ગના લોકોને એકી સાથે શીખવવાની સમાન તક પૂરી પાડે છે

(B) જે સમાજના વિભિન્ન વર્ગો માટે અલગ અલગ પ્રકારની શૈક્ષણિક સુવિધાઓ ધરાવતી હોય

(C) જે આર્થિક પાસાને ધ્યાનમાં રાખીને શિક્ષણ આપતી હોય

(D) જેમાં પ્રવેશ વખતે કોઈ અનામત પ્રથા ન હોય

213. બધા વિદ્યાર્થીઓ ગૃહકાર્યમાં રસ લે તે માટે શું કરવું જોઈએ ?

(A) વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકમાંથી ગૃહકાર્ય આપવું

(B) વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક બહારનું ગૃહકાર્ય આપવું જોઈએ

(C) વિદ્યાર્થીઓની ક્ષમતા પ્રમાણેનું ગૃહકાર્ય આપવું જોઈએ

(D) ગૃહકાર્ય રિસેસ દરમિયાન જ કરાવવું જોઈએ

214. બાળકોને સોંપેલ લેખનકાર્ય ક્યારે તપાસવું જોઈએ ?

(A) બીજા દિવસે

(B) અઠવાડિયાને અંતે

(C) જ્યારે ફુરસદનો સમય મળે ત્યારે

(D) લેખનકાર્ય પૂરું થયા પછી તરત

215. વર્ગમાં નવો પાઠ ભણાવવાનું શરૂ કરતાં પહેલાં શિક્ષકે શું કરવું જોઈએ ?

(A) આગળના પાઠ અંગે પ્રશ્નો પૂછવા જોઈએ

(B) નવા પાઠ સંબંધિત વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન વિષે પ્રશ્નો પૂછવા જોઈએ

(C) નવો પાઠ સીધો શરૂ કરી દેવો જોઈએ

(D) જરૂરી બ્લેકબોર્ડ કાર્ય કરવું જોઈએ

216. જો કોઈ વિદ્યાર્થીઓ અવળે માર્ગે જઈ રહ્યાનું તમારા ધ્યાનમાં આવે તો શું કરશો ?

(A) અવારનવાર ઠપકો આપીશ

(B) ઉપદેશાત્મક ભાષાણ આપીશ

(C) તેની ભૂલો અંગે તેમને ભાન કરાવીશ

(D) તેમના આવા વર્તન માટેનાં કારણો શોધી કાઢીશ

217. વિદ્યાર્થીઓ વર્ગમાં ધ્યાન આપે તે માટે શું કરશો ?

(A) તેમનામાં જિજ્ઞાસાવૃત્તિ જગાડવી

(B) વર્ગમાં મોટેથી બોલવું

(C) ભણાવાના પાઠની બરોબર તૈયારી કરવી

(D) બેધ્યાન રહેતાં વિદ્યાર્થીઓને શિક્ષા કરવી

218. વિદ્યાર્થીઓ મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરી શકે તે માટે શું કરવું જોઈએ ?

(A) શિક્ષકે અવારનવાર પ્રશ્નો પૂછવા જોઈએ

(B) વિદ્યાર્થીઓએ કરેલ ઉકેલને શિક્ષકે તપાસીને સુધારો કરવો જોઈએ

(C) વિદ્યાર્થીઓના સારા ઉકેલની વર્ગમાં ચર્ચા કરવી જોઈએ

(D) ઉપરના બધાં પ્રયાસો કરવા જોઈએ

219. વ્યાવસાયિક માર્ગદર્શન શા માટે જરૂરી છે ?

(A) વિદ્યાર્થીઓ પોતાની પસંદગીનો વ્યવસાય પસંદ કરી શકે તે માટે

(B) વિદ્યાર્થીઓ પોતાના રસનો વ્યવસાય પસંદ કરી શકે તે માટે

(C) વ્યવસાયો ખૂબ ઘણા હોવાથી

(D) વ્યાવસાયિક જગતની માહિતી મળે તે માટે

220. શૈક્ષણિક કાર્ય દરમિયાન અધવચ્ચેથી ભાગી જતાં વિદ્યાર્થીની આદત અટકાવવા શું કરશો ?

(A) તેમના વાલીઓને જાણ કરીશ

(B) આચાર્યને જાણ કરીશ

(C) તે માટેનું કારણ જાણ કરીશ

(D) વર્ગ-શિક્ષણકાર્યને રસપ્રદ બનાવીશ

221. રમતો પ્રત્યે દુર્લક્ષ સેવતા વિદ્યાર્થીઓમાં રસ કેળવવા શું કરશો ?

(A) તમે તેવા વિદ્યાર્થીઓની સાથે જાતે રમીશ

(B) રમતોનું મહત્ત્વ સમજાવીશ

(C) રમતોમાં રસ ઊભો થાય તે માટે ભાષણ આપીશ

(D) રમતોમાં ભાગ ન લેતા વિદ્યાર્થીઓને વધારાનું ગૃહકાર્ય આપીશ

222. જો વિદ્યાર્થી ગૃહકાર્ય ન કરતો હોય તો શું કરશો ?

(A) ગૃહકાર્ય કરવા પ્રેરણા આપીશ

(B) ગૃહકાર્યનું મહત્ત્વ આપીશ

(C) વિદ્યાર્થીની ક્ષમતા પ્રમાણે ગૃહકાર્ય આપીશ

(D) ગૃહકાર્ય ન કરવાનું કારણ જાણવાનો પ્રયાસ કરીશ

223. વિદ્યાર્થીની જૂઠું બોલવાની ટેવને કઈ રીતે અટકાવી શકાય ?

(A) ઠપકો આપીને

(B) જૂઠું બોલવાની ખરાબ અસરો અંગે ભાષણ આપીને

(C) સત્ય બોલતા વિદ્યાર્થીઓનાં ઉદાહરણો આપીને

(D) સાચું બોલનાર વિદ્યાર્થીઓને ઈનામ આપીને કે કદર કરીને

224. શાળામાં નાસ્તાની વ્યવસ્થા શા માટે આવશ્યક છે ?

(A) કારણ કે બપોરે વિદ્યાર્થો ભૂખ્યા થાય છે

(B) કારણ કે વિદ્યાર્થીઓને બપોરે ઊંઘ આવે છે

(C) કારણ કે નાસ્તા પછી વિદ્યાર્થીઓ તાજગી અને સ્ફૂર્તિ અનુભવે છે

(D) કારણ કે વિદ્યાર્થીઓને અવારનવાર ખાવાની ટેવ હોય છે

225. વિદ્યાર્થી સાચાં જવાબો આપે તે માટે કઈ બાબત શિક્ષકને સહાયરૂપ બનશે ?

(A) કાળું પાટિયું

(B) શિક્ષા

(C) પુસ્તક વાંચન

(D) ઓડિયો-વિઝયુલ સહાય

226. શાળા-શિક્ષણ દરમિયાન બાળકોમાં કઈ ક્ષમતા વિકસાવવી જોઈએ ?

(A) કંઠસ્થ કરવાની

(B) દરેક મુદ્દા અંગે તાર્કિકક્ષમતા વિકસાવવી

(C) સુઘડ લેખન

(D) હાજરજવાબીપણાની ક્ષમતા

227. શાળામાંથી રજા વગર ભાગી જતાં વિદ્યાર્થી પ્રત્યે તમારો અભિગમ કેવો હશે?

(A) સહાનુભૂતિપૂર્ણ (B) નફરતપૂર્ણ

(C) ઉપેક્ષાયુક્ત (D) પાઠ ભણાવવાનો અભિગમ

228. તમને કેવા પ્રકારના વિદ્યાર્થીઓ ગમશે ?

(A) પૈસાદાર હોય

(B) તમારી જાતિના હોય

(C) મહેનતુ હોય અને જિજ્ઞાસાવૃત્તિવાળા હોય

(D) ઉચ્ચ જાતિના હોય

229. મહિલા શિક્ષક તરીકે તમારો અભિગમ શાળામાં કેવો રહેશે ?

(A) છોકરીઓ પ્રત્યે તરફદારી

(B) છોકરાંઓ પ્રત્યે અણગમો

(C) છોકરાંઓ જોડે વધુ રહેવાનું પસંદ કરશો

(D) બધા પ્રત્યે નિષ્પક્ષ

230. 'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ' કહેવત અંગે તમારું શું મંતવ્ય છે ?

(A) એકદમ સાચી કહેવત છે

(B) દરેક પ્રકારના વિદ્યાર્થી માટે અમનોવૈજ્ઞાનિક છે

(C) ઠોઠ વિદ્યાર્થી માટે બરાબર છે

(D) તોફાની વિદ્યાર્થીઓ માટે બરાબર છે

231. કઈ કહેવત શૈક્ષણિક બાળમનોવિજ્ઞાનના સિદ્ધાંતો વિરુદ્ધની નથી ?

(A) સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ

(B) મહેતો મારેય નહીં ને ભણાવેય નહીં

(C) કુમળો છોડ વાળે તેમ વળે

(D) ભણ્યો ભૂલે ને તારો ડૂબે

232. કઈ કહેવત શિક્ષણનો મહિમા સૂચવે છે ?

(A) ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય

(B) ભણેલાને ચાર આંખ ને અભણ આંધળો

(C) ભણ્યો ગણ્યો તે ઘોડે ચડે

(D) ઉપરની બધી જ

233. કઈ કહેવત શિક્ષણ કે જ્ઞાન મેળવવાની રીત સૂચવે છે ?

(A) પૂછતા નર પંડિત ભલા

(B) ભણે તેની વિદ્યા

(C) ભણતરમાં કોઈનો ભાગ નહીં

(D) ભણે ગણે તે લેખાં લખે ને અભણ દીવો ધરે

234. વિદ્યાર્થીઓમાં શ્રમનો મહિમા વધારવા શું કરશો ?

(A) શ્રમનો મહિમાનાં ઉદાહરણો આપશો

(B) વિદ્યાર્થીઓને નક્કર કામગીરી સોંપશો

(C) તમે જાતે શ્રમને લગતું કાર્ય કરશો

(D) શ્રમનો મહિમા અંગે ભાષણ આપશો

235. શાળામાં થઈ રહેલ અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં તમે શું કરશો ?

(A) કોઈ પ્રતિભાવ આપશો નહિ

(B) બધી જ પ્રવત્તિઓમાં સામેલ થશો

(C) તમારા રસના વિષયની પ્રવૃત્તિમાં જ સામેલ થશો

(D) આચાર્ય જે સમિતિમાં છે તેમાં જ સામેલ થશો

236. વર્તમાનમાં શિક્ષકને સમાજમાં યોગ્ય સમાન મળતું નથી તે માટે કયું પરિબળ જવાબદાર છે ?

(A) શિક્ષકો નિષ્ઠાથી પોતાની ફરજો અદા કરતાં નથી

(B) શિક્ષકોને ખાનગી ટ્યૂશનમાં વધારે રસ હોય છે

(C) શિક્ષકોને શિક્ષણ કરતાં રાજકારણમાં વધુ રસ હોય છે

(D) ઉપરનાં બધાં જ

237. શિક્ષક-વાલી સંગઠનની શી આવશ્યકતા છે ?

(A) શિક્ષક-વાલી એકબીજાને જાણતા થાય

(B) શાળાનું કામ વ્યવસ્થિત રીતે ચાલે

(C) વિદ્યાર્થીઓના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ લાવી શકાય

(D) વિદ્યાર્થીઓને સારી રીતે સમજી શકાય

238. સમાજમાં યોગ્ય મોભો મેળવવા શિક્ષકે શું કરવું જોઈએ ?

(A) તેની શિક્ષકની જવાબદારીઓ યોગ્ય રીતે અદા કરવી જોઈએ

(B) કોઈ રાજકીય પક્ષમાં સામેલ થવું જોઈએ

(C) બધા રાજકીય પક્ષોની પ્રવૃત્તિઓમાં સામેલ થવું જોઈએ

(D) જાહેર કાર્યક્રમોમાં એન્કરિંગ કરવું જોઈએ

239. શિક્ષકની બદલી કરવાનો સૌથી મોટો ફાયદો કયો છે ?

(A) શિક્ષક જુદા-જુદા વિદ્યાર્થીઓના સંપર્કમાં આવે

(B) રાષ્ટ્રની ભાવાત્મક એકતામાં સહાયરૂપ થવાય

(C) શિક્ષકને નવાં સ્થળો જોવા મળે

(D) શિક્ષકના અનુભવનો ફેલાવો થાય

240. વિદ્યાર્થીઓમાં પોતાની સામાજિક જવાબદારી ભાવના વિકસે તે માટે શું કરવું જોઈએ ?

(A) આ અંગે અવારનવાર વકતવ્ય આપવું

(B) જવાબદારી વહન કરતાં લોકોનાં ઉદાહરણો આપવાં

(C) જવાબદારી વહન કરતાં લોકો સાથે વિદ્યાર્થીઓનો સંપર્ક કરાવવો

(D) સામાજિક જવાબદારીનું મહત્ત્વ સમજાવવું

241. વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે જોવા મળતી ઉપેક્ષાનું સૌથી મહત્ત્વનું કારણ કયું છે ?
(A) તેમને શિક્ષણના મૂલ્યનું ભાન નથી
(B) તેમના શિક્ષકો પોતે અભ્યાસુ નથી
(C) તેમને એવું લાગે છે કે ભણવાનો કોઈ ફાયદો નથી
(D) ઘરમાં કોઈ ભણતું નથી

242. શિક્ષક માટે સંશોધન કેમ જરૂરી છે ?
(A) શિક્ષણના જ્ઞાનની ક્ષિતિજો વિકસે છે
(B) શિક્ષક સતત અભ્યાસુ રહી શકે છે
(C) શિક્ષક પોતાના કામમાં વ્યસ્ત રહે છે
(D) ઉપરોક્ત બધાં

243. શૈક્ષણિક કાર્યમાં પ્રયોગોનું શું મહત્ત્વ છે ?
(A) (B), (C) અને (D)
(B) શૈક્ષણિક કાર્ય સરળ બને છે
(C) શૈક્ષણિક કાર્ય રસપ્રદ બને છે
(D) વિદ્યાર્થીઓ વધુ ધ્યાન આપી શકે છે

244. કેટલાંક શિક્ષણકારો ગૃહકાર્ય જરૂરી નથી તેમ માને છે, કારણ કે...
(A) ગૃહકાર્યને લીધે વિદ્યાર્થીઓને ઘરે સ્વતંત્રતા મળતી નથી
[✓ **(B) ગૃહકાર્યનો મૂળભૂત ઉદ્દેશ જળવાતો નથી**]
(C) ગૃહકાર્ય ઘણીવાર ઘરના અન્ય લોકો દ્વારા થતું હોય છે
(D) વિદ્યાર્થીઓને ગૃહકાર્ય કરવામાં રસ નથી

245. શિક્ષણની સાથે સાથે કઈ બાબતો પ્રત્યે વિદ્યાર્થીઓને સભાન રાખવાના છે ?
(A) પર્યાવરણનું જતન (B) રાષ્ટ્રભાવના
(C) ચારિત્ર્ય ઘડતર [✓ **(D) આપેલી બધી જ**]

246. વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાની શ્રેષ્ઠ પદ્ધતિ કઈ છે ?
(A) વાર્ષિક મૂલ્યાંકન [✓ **(B) વર્ષમાં વખતોવખત મૂલ્યાંકન**]
(C) અર્ધવાર્ષિક મૂલ્યાંકન (D) માસિક મૂલ્યાંકન

247. શિક્ષકની ઉપયોગિતાનો આધાર...
(A) સાથી શિક્ષકોના સમૂહ પર છે
(B) તેની નિષ્ઠા પર છે
(C) શાળાની ભૌતિક સુવિધા પર છે
(D) તેની આવક પર છે

248. તમે વિદ્યાર્થીઓને પુસ્તકાલયનો ઉપયોગ કરવા કઈ રીતે તૈયાર કરશો ?
(A) પુસ્તકોના મહત્ત્વ વિશે ભાષણ આપીને
(B) વિદ્યાર્થીઓને ઘરે પુસ્તકો વાંચવા આપીને
(C) તમે વિદ્યાર્થીઓ સાથે પુસ્તકાલયમાં પુસ્તકો વાંચશો
(D) તમે ફ્રી પીરિયડમાં વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં લઈ જશો

249. વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન કરવા માટે કેવા પ્રકારનું પ્રશ્નપત્ર હોવું જોઈએ ?
(A) હેતુલક્ષી પ્રશ્નોવાળું ✓
(B) નિબંધ પ્રકારના પ્રશ્નોવાળું ✓
(C) ટૂંકા પ્રશ્નોવાળું ✓
(D) ઉપરના બધાં મિશ્ર પ્રશ્નોવાળું

250. શાળામાં અભ્યાસક્રમની શી આવશ્યકતા છે ?
(A) શાળાનું બધું કામ યોગ્ય રીતે થઈ શકે તે માટે ✓
(B) વર્ગ-શિક્ષણનું કામ નિયંત્રિત થઈ શકે તે માટે ✓
(C) વર્ગ-ખંડની બહાર શિક્ષક પોતાનું કામ યોગ્ય રીતે કરી શકે તે માટે ✓
(D) ઉપર બધી બાબતો માટે

251. અભ્યાસક્રમ ઘડતી વખતે કયો મુદ્દો ધ્યાનમાં લેવો જોઈએ ?
[✓ (A) શિક્ષણના ઉદ્દેશ્યો] (B) વિદ્યાર્થીઓ
(C) પાઠોનું વિષયવસ્તુ (D) શૈક્ષણિક પદ્ધતિઓ

252. તમે કઈ જગ્યાએ શિક્ષણ-કાર્ય કરવાનું પસંદ કરશો ?
(A) પોતાના ગામમાં કે નગરમાં
(B) પોતાના તાલુકામાં
(C) પોતાના જિલ્લામાં
(D) કોઈ પણ જગ્યાએ

253. શિક્ષકની કાર્યક્ષમતાનું સાચું માપ કઈ રીતે જાણી શકાય છે ?
(A) આચાર્યના અહેવાલ દ્વારા
(B) વિદ્યાર્થીઓના મૂલ્યાંકન દ્વારા
(C) સ્વમૂલ્યાંકન દ્વારા
(D) સાથી શિક્ષકોના મૂલ્યાંકન દ્વારા

254. બાળક અને શિક્ષકની આત્મીયતા માટે શું જરૂરી છે ?
(A) સહભાગીદારી **(B) વિશ્વાસ**
(C) શિક્ષણ (D) અભ્યાસ

255. શાળમાં શિસ્ત જાળવવાનો મુખ્ય ઉદ્દેશ્ય કયો છે ?
(A) આદર્શના પાઠ ભણાવવાનો
(B) વર્ગમાં શાંતિ જાળવવાનો
(C) બાળકોમાં લોકતાંત્રિક નેતૃત્વ ઊભો કરવાનો
(D) શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવાનો

256. 'રાષ્ટ્રનું નિર્માણ શિસ્તથી જ થઈ શકે છે' આ કથન કોનું કથન છે ?
[✓ (A) સોક્રેટિસ] (B) એરિસ્ટોટલ
(C) ગાંધીજી (D) થોરો

257. વિદ્યાર્થીઓને પુરસ્કારવાનો સૌથી મોટો ફાયદો કયો છે ?
✓ (A) આત્મવિશ્વાસ પેદા કરવાનો
✓ (B) સશક્તિકરણની ભાવના
✓ (C) પ્રોત્સાહન આપવાનો
[✓ **(D) ઉપરના બધા**]

258. Disciplineમાં રહેલ મૂળ શબ્દ 'Disciplina' કઈ ભાષામાંથી ઊતરી આવ્યો છે ?
(A) અંગ્રેજી **(B) લૅટિન**
(C) જર્મન (D) ગ્રીક

259. ઈતર પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ્ય શો છે ?
(A) શારીરિક વિકાસ (B) માનસિક વિકાસ
(C) બૌદ્ધિક વિકાસ **(D) આપેલાં બધા**

260. નાનાં બાળકોને જણાવેલી બાબતો યાદ રાખવાનો ઉપાય કયો છે ?
(A) ગોખાવવું (B) યાદ રાખનારને ઈનામ
(C) યાદ ન કરનારને સજા **(D) પુનરાવર્તન**

261. બાળકોનું શિક્ષણ -
(A) તેમની પ્રકૃતિને અનુરૂપ હોવું જોઈએ
(B) તેમના માનસિક વિકાસને અનુરૂપ હોવું જોઈએ
(C) તેમની માનસિક ક્રિયા-વિધિને અનુરૂપ હોવું જોઈએ
(D) ઉપરના બધાં

262. બે વિદ્યાર્થીઓ ઝઘડતાં હોય તો તમે શું કરશો ?
(A) ઝઘડો ન કરવાની સલાહ આપવી
(B) ઝઘડાનું કારણ જાણીને સમાધાન કરાવવું
(C) દોષિતને સજા કરવી
(D) આચાર્યને ફરિયાદ કરવી

263. કોઈ વિદ્યાર્થી જણાવ્યા વગર લાંબા સમય સુધી ગેરહાજર રહે તો શું કરશો ?
(A) એનું નામ શાળામાંથી કાઢી નાખવાનું વિચારીશ
(B) તેને લક્ષમાં લઈશ નહીં
(C) તેના વાલીને નોટિસ પાઠવીશ
(D) અન્ય વિદ્યાર્થીઓને પૂછવાંમાં આવશે

264. શિક્ષણમાં કયો વિદ્યાર્થી સૌથી આગળ નીકળશે ?
(A) જેનામાં જિજ્ઞાસાવૃત્તિ છે તે
(B) જેનામાં શિસ્તની ભાવના છે તે
(C) જેનામાં બુદ્ધિ છે તે (D) જે નિષ્ઠાવાન છે તે

265. વિદ્યાર્થીના વર્તન-પરિવર્તન માટેનો શ્રેષ્ઠ ઉપાય છે...
(A) સલાહ (B) શારીરિક શિક્ષા
(C) પુરસ્કાર (D) શાળામાંથી હાંકી કાઢવો

266. એક વિદ્યાર્થી રમકડાંને તોડીને તેનાં ઘટકોને જોવા માટે અલગ કરે છે. શિક્ષક તરીકે આપ શું કરશો ?
(A) તેના ઉપર હંમેશાં નજર રાખીશ.
(B) તેને રમકડાં ન તોડવા શિખામણ આપીશ.
(C) તેને ક્યારેય રમકડાં રમવા માટે આપીશ નહીં.
(D) તેનામાં રહેલી જિજ્ઞાસુવૃત્તિને પ્રોત્સાહિત કરીને તેની ઊર્જાને યોગ્ય દિશામાં વાળીશ.

267. એક શિક્ષક તરીકે કઈ બાબતને આપ સૌથી મહત્ત્વની ગણો છો ?
(A) વિષયવસ્તુ
(B) શિક્ષણ પદ્ધતિઓ
(C) શાળાનું ફર્નિચર
(D) શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ

268. આપના વર્ગમાં એક વિદ્યાર્થી દરરોજ ગેરશિસ્ત કરે છે, આપ શું કરશો ?
(A) તેના વંશાનુક્રમ અને વાતાવરણની માહિતી મેળવી તેને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપીશ.
(B) ખૂબ શિક્ષા કરીશ.
(C) શાળામાંથી તેનું નામ કાઢી નાખવા આચાર્યશ્રીને ભલામણ કરીશ.
(D) તેની સારવાર માટે મનોચિકિત્સકનો સંપર્ક કરીશ.

269. બાળકોના સામાજિક, શારીરિક અને આવેગાત્મક વિકાસ માટે આપ નીચેનામાંથી શું પસંદ કરશો ?
(A) બાળકોને વિભિન્ન પ્રકારની ખેલ-પ્રક્રિયાઓ શીખવીશ.
(B) બાળકોને ચૂપચાપ શાંતિથી અભ્યાસ કરવાનું કહીશ.
(C) બાળકોને સંદર્ભ સાહિત્યનું મહત્ત્વ સમજાવીશ.
(D) એકેય નહીં.

270. બાળકોના બૌદ્ધિક વિકાસમાં પરિપક્વતા લાવવા આપ શું પસંદ કરશો ?
(A) બાળકોને ખૂબ ગૃહકાર્ય આપીશ.
(B) બાળકોની સામે આવનારી સમસ્યાઓના ઉકેલમાં મદદરૂપ બનીશ.
(C) બાળકોને પરીક્ષામાં પ્રથમ વર્ગ લાવવા પ્રોત્સાહન આપીશ.
(D) ઉપરના બધાં.

271. 'બુદ્ધિ જાતિ પર નિર્ભર કરે છે' આ અંગે આપ શું માનો છો ?
(A) સંપૂર્ણપણે સહમત છો. **(B) સંપૂર્ણપણે અસહમત છો.**
(C) આશિંક રીતે સહમત છો. (D) આશિંક રીતે અસહમત છો.

272. પુરુષ સ્ત્રીઓ કરતાં વધુ બુદ્ધિશાળી હોય છે. તે વિધાન-
(A) જાતીય પૂર્વગ્રહ દર્શાવ છે (B) સાચું હોઈ શકે છે.
(C) ખોટું હોઈ શકે છે. (D) સંપૂર્ણપણે સાચું છે.

273. એક શિક્ષક સુસજ્જ અને સાધનસંપન્ન હોવો જોઈએ – વિધાનનો શો અર્થ છે ?
(A) શિક્ષણના ઉચ્ચ અધિકારીઓ સાથે સારા સંબંધો ધરાવતો હોવો જોઈએ.
(B) સમાજમાં મોભાદાર અને ધનવાન હોવો જોઈએ.
(C) વિદ્યાર્થીઓમાં ખ્યાતિ પ્રાપ્ત હોવો જોઈએ.
(D) વિદ્યાર્થીઓની સમસ્યા હલ કરવાનું તેનામાં પર્યાપ્ત જ્ઞાન હોવું જોઈએ.

274. શાળામાં લિંગભેદ ઘટાડવા શું કરવું જોઈએ ?

(A) છોકરાં છોકરીઓ માટે અલગ શિક્ષણની વ્યવસ્થા

(B) છોકરાં છોકરીઓને સમાન અધિકાર અને સમાન તક

(C) છોકરીઓની છેડતી કરનાર છોકરાંઓને કડક શિક્ષા

(D) છોકરાં-છોકરીઓ માટે વિશિષ્ટ જોગવાઈઓ

275. અભણ માતાપિતાના બાળકોને આપ કઈ રીતે અંગ્રેજી શીખવશો ?

(A) બાળક સાથે અંગ્રેજીમાં વાત કરશો.

(B) બાળકને અંગ્રેજી બોલવાની ફરજ પાડશો.

(C) બાળકને તેની માતૃભાષામાં બોલતાં અટકાવશો.

(D) બાળકની માતૃભાષાની મદદથી અંગ્રેજી શીખવાનો પ્રયાસ કરશો.

276. શિક્ષકે કેવા બાળક પર વિશેષ ધ્યાન આપવું જોઈએ ?

(A) પછાત વર્ગનાં (B) અનુસૂચિત જાતિનાં

(C) અનુસૂચિત જનજાતિનાં **(D) બધાં બાળકો પ્રત્યે સમાન**

277. માનસિકરૂપે પછાત બાળકોને આપ કઈ રીતે શીખવાનું પસંદ કરશો ?

(A) તેને એકલો મુસાફરી કરવાનું, પૈસા ખર્ચવાનું, હિસાબ રાખવાનું જેવાં વ્યાવહારિક કાર્યો દ્વારા સફળ બનાવીશ.

(B) અમુક જરૂરી બાબતો ગોખાવી દઈશ.

(C) તેને પોતાની પસંદનું કાર્ય કરવા દઈશ.

(D) તેને ગૃહકાર્ય કરવા અન્ય વિદ્યાર્થી કરતાં બમણો સમય આપશો.

278. શિક્ષકે વિદ્યાર્થી યોગ્યતાનું માપ કઈ રીતે કાઢવું જોઈએ ?

(A) વિદ્યાર્થીની પરીક્ષા લઈને

(B) વિદ્યાર્થીને પૂછીને

(C) વિદ્યાર્થીના વિભિન્ન કાર્યોનો રેકોર્ડ બનાવી તેનું વિશ્લેષણ કરીને

(D) તેના વર્તન પરથી

279. વર્ગમાં ધીમી ગતિથી શીખનાર વિદ્યાર્થી માટે કયો ઉપાય સૂચવશો ?

(A) તેને વ્યક્તિગત શિક્ષણ આપીશ.

(B) તેનું કારણ જાણીને ઉપચારાત્મક કાર્યવાહી કરીશ.

(C) અન્ય વિદ્યાર્થીની તુલનામાં વધુ ગૃહકાર્ય બનાવીશ.

(D) તેને વિભિન્ન પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો લખાવીશ.

280. વર્ગમાં કેટલાંક વિદ્યાર્થીઓનું ભણવામાં ધ્યાન નથી. આપ શું કરશો ?

(A) તેવા વિદ્યાર્થીઓને વર્ગમાંથી બહાર કાઢી મૂકીશ.

(B) તેમને અભ્યાસ માટે ફરજ પાડીશ.

(C) તેમને મૌખિક પરીક્ષામાં નાપાસ કરવાની ધમકી આપીશ.

(D) તેમને તેમની રુચિ પ્રમાણે કે વિષયને અનુરૂપ રુચિપૂર્ણ વસ્તુઓ બતાવીશ.

281. ગૃહકાર્ય આપવા અંગે આપ શું માનો છે ?

(A) પ્રતિભાસંપન્ન બાળકોને ગૃહકાર્યથી જરૂર નથી.

(B) શૈક્ષણિક રીતે પછાત બાળકોને સરળ ગૃહકાર્ય આપવું જોઈએ.

(C) ગૃહકાર્ય બાળકની ક્ષમતા અને યોગ્યતા પ્રમાણે આપવું જોઈએ.

(D) બધા જ બાળકોને સમાન ગૃહકાર્ય આપવું જોઈએ.

282. શૈક્ષણિક સ્તરને ઊંચે લઈ જવા શું જરૂરી છે ?

(A) શિક્ષકોને ઊંચા પગારો

(B) પાઠ્યપુસ્તકોનું સતત મૂલ્યાંકન

(C) વિદ્યાર્થીઓનું સતત મૂલ્યાંકન

(D) અભ્યાસક્રમમાં સંશોધન

283. વર્ગ શિક્ષણની સફળતાનું રહસ્ય શું છે ?

(A) વર્ગખંડમાં સંપૂર્ણ શિસ્તપાલન

(B) દૃશ્યસામગ્રીનો ઉપયોગ

(C) કાળાપાટિયાનો ઉપયોગ

(D) શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચે સંતુલિત અને સુસંગત સંવાદ

284. સારા શિક્ષકની પાસે શાનું જ્ઞાન હોવું જરૂરી છે ?

(A) બાળમનોવિજ્ઞાન (B) શૈક્ષણિક મનોવિજ્ઞાન

(C) વ્યાવહારિક મનોવિજ્ઞાન **(D) ઉપરના બધાં**

285. બાળકનું પૂર્વજ્ઞાન જાણીને તેને શીખવવું જોઈએ. બાળકનું પૂર્વજ્ઞાન કઈ રીતે જાણી શકાય ?

(A) બાળકના માતાપિતાને પૂછીને

(B) બાળક સાથે વાત કરીને

(C) બાળકને પ્રશ્ન પૂછીને

(D) મનોવૈજ્ઞાનિક પુસ્તકો વાંચીને

286. સારા શિક્ષણની વિશેષતા નથી...

(A) સારું શિક્ષણ આદેશાત્મક હોય છે.

(B) સારું શિક્ષણ પ્રેરણાદાયી હોય છે.

(C) સારું શિક્ષણ સુનિયોજિત હોય છે.

(D) સારું શિક્ષણ માર્ગદર્શક હોય છે.

287. વર્ગમાં નવો પાઠ ભણાવવાની શરૂઆત કરતાં પહેલાં શિક્ષકે ______

(A) બાળકના ખબર-અંતર પૂછવાં જોઈએ.

(B) અગાઉ ભણાવેલ પાઠ અંગે વિદ્યાર્થીઓની સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ.

(C) નવો પાઠ શરૂ કરતાં પહેલાં વિદ્યાર્થીઓને એક ધ્યાન રહેવાની સૂચના આપવી જોઈએ.

(D) નવા પાઠ અંગે વિદ્યાર્થીઓમાં રુચિ અને જિજ્ઞાસા પેદા કરવી જોઈએ.

288. શિક્ષણકાર્ય પહેલાં શિક્ષક શું કરે છે ?
(A) ઉદ્દેશ્યોની ઓળખ ✓
(B) પાઠ-આયોજન ✓
(C) વિદ્યાર્થીઓની રુચિની જાણકારી ✓
(D) ઉપરના બધાં

289. પ્રાથમિક શાળામાં પ્રથમ ધોરણમાં શિક્ષકે શાના પર કેન્દ્રિત થવું જોઈએ ?
(A) વાંચન LSRW (B) લેખન
(C) અંકગણિત (D) કથન

290. વર્ગખંડમાં શિક્ષકની કઈ ભૂમિકા આદર્શ સ્થિતિ ધરાવે છે ?
(A) શિક્ષક વર્ગખંડનો અધ્યક્ષ છે.
(B) શિક્ષક વિદ્યાર્થીસમૂહનો નિર્દેશક છે.
(C) શિક્ષક વર્ગખંડનો જ સભ્ય છે. (D) શિક્ષક વર્ગખંડનો સત્તા ધરાવતો શાસક છે

291. એક ઉત્તમ શિક્ષકે વર્ગખંડમાં શું કરવું જોઈએ ?
(A) વિવાદાસ્પદ મુદ્દાઓમા પોતાના અભિપ્રાય ગુપ્ત રાખવો.
(B) સમાજને અનુરૂપ શિક્ષણ આપવું.
(C) બહુમતી સમુદાયની વિચારસરણીને અનુસરવું
(D) ઉપરનામાંથી એકેય નહીં.

292. શિક્ષકના વ્યવસાયમાં જોડનાર વ્યક્તિમાં શું હોવું જોઈએ ?
(A) ભાષા પ્રત્યાયન કૌશલ્ય
(B) ઉત્તમ સ્વાસ્થ્ય
(C) ઉચ્ચ બુદ્ધિ આંક
(D) પગાર સિવાય અન્ય આવકનો સ્રોત

293. શૈક્ષણિક કાર્ય દરમિયાન શિક્ષકની ભૂલ થાય છે તો તમે શું કરશો ?
(A) તેને ભૂલાવવાનો પ્રયાસ કરીશ.
(B) તેના પ્રત્યે અજ્ઞાનતા બતાવીશ.
(C) ભૂલને સ્વીકારીને સુધારવાનો પ્રયાસ કરીશ.
(D) તેના પર વિદ્યાર્થીઓનું ધ્યાન ન જાય તેમ કરીશ.

294. પ્રભાવી શિક્ષણનું લક્ષણ નથી...
(A) વાદ-વિવાદ પદ્ધતિઓ
(B) સમસ્યા ઉકેલવા માટેની યોગ્ય તકો
(C) પાઠ ગોખાવવા
(D) શિક્ષણસામગ્રીનો ભરપૂર ઉપયોગ

295. શિસ્તનો અંતિમ ઉદ્દેશ્ય શો છે ?
(A) વિદ્યાર્થીઓ દ્વારા શાળાની ગૌરવપૂર્ણ પરંપરાઓનું પાલન કરવું
(B) વિદ્યાર્થીઓ માટે વર્ગશિક્ષણ માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવું.
(C) શિક્ષકને વર્ગ પર નિયંત્રણ રાખવા મદદરૂપ થવા માટે
(D) શાળાની સંપત્તિનું રક્ષણ કરવાનો

296. વર્ગખંડની શિસ્તનું સાચું દર્શન શામાં થાય છે ?
(A) વર્ગમાં ઘોંઘાટની ગેરહાજરી
(B) વિદ્યાર્થીઓની નિયમો પ્રત્યે સભાનતા
(C) શિક્ષક-વિદ્યાર્થી સંબંધમાં
(D) વિદ્યાર્થીઓમાં જવાબદારીની ભાવના

297. શાળા દરમિયાન રમતગમત અને ઈતર પ્રવૃત્તિઓ શા માટે જરૂરી છે ?
(A) વિદ્યાર્થીને શૈક્ષણિક કામગીરીથી રાહત આપવા
(B) શાળામાં શિક્ષક ગેરહાજર હોય તો વિદ્યાર્થીને પ્રવૃત્તિમય રાખવા
(C) વિદ્યાર્થીના સંપૂર્ણ વિકાસ માટે
(D) ઉપરના બધાં

298. મૂલ્યાંકનનો સૌથી મહત્વનો ઉદ્દેશ્ય છે...
(A) મંદ બાળક અને પ્રતિભાશાળી બાળકોને અલગ કરવા. ×
(B) વિદ્યાર્થીઓને સ્વ-અભ્યાસમાં પ્રોત્સાહિત કરવા. ×
(C) શિક્ષક ફળદાયક જીવન માટે શિક્ષણ આપવામાં કેટલો સફળ રહ્યો છે તે નક્કી કરવા ×
(D) શીખવામાં પડતી તકલીફો અને મુશ્કેલ બાબતોનું નિદાન કરવા.

299. બાળકને ગૃહકાર્ય આપવાનો ઉદ્દેશ શો છે ?
(A) બાળક ઘરમાં પ્રવૃત રહે
(B) સ્વ-અભ્યાસની ટેવ વિકસાવવા
(C) બહાર રખડતું બંધ થાય તે માટે
(D) લખવા વાંચવાના મહાવરા માટે

300. એક અધ્યાપક માટે સૌથી વધુ પડકારરૂપ બાબત છે______
(A) પ્રશ્નપત્ર તૈયાર કરવું
(B) વર્ગખંડમાં શિસ્ત જાળવવી
(C) અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને રુચિકર બનાવવી
(D) વિદ્યાર્થીઓને જાતે જ ગૃહકાર્ય માટે તૈયાર કરવા

❖ ❖ ❖

બાળવિકાસના સિદ્ધાંતની જાણકારી

(1) પ્રસ્તાવના :

બાળક માનવીના જીવન, કુટુંબ અને સમાજની દૃષ્ટિએ કેન્દ્રમાં રહેલું છે. નવજાત બાળકનું કુટુંબમાં આગમન માતાપિતા તેમજ કુટુંબીજનો માટે એક રોમાંચક અનુભવ છે. ઘરમાં દરેકને બાળક પ્રત્યે આકર્ષણ છે. બાળક એ સમાજરચના અને સામાજિક વિકાસનું અવલેખન છે.

બાળક વિષે વિદ્વાનોએ પણ ઘણું લખ્યું છે "બાળક એ માનવીનો પિતા છે." "બાળક એ પ્રભુનો પયગંબર છે"

- બાળક એ સ્ત્રી-પુરુષના પ્રેમનું પ્રતીક છે.
- બાળક એ રાષ્ટ્રની સંપત્તિ છે.
- બાળક એ આવતી કાલનો નાગરિક છે.

માનવી જંગલી હોય કે સભ્ય, પૈસાદાર હોય કે ગરીબ, મજૂર હોય કે કલાકાર, પ્રધાન હોય કે નોકર, હિન્દુ હોય કે મુસ્લિમ, ગોરો હોય કે કાળો, પરંતુ તે બધાજ બાળક વિષે સમાજ અનુભવો પ્રાપ્ત કરે છે. પોતાના બાળકના ભાવિજીવન અને વિકાસ અંગે દરેક માનવી આતુર હોય છે. માનવી પોતાના બાળકના માટે અનેક આશાઓ અને મહત્ત્વાકાંક્ષાઓના મિનારા બાંધે છે.

બાળમનોવિજ્ઞાન ગર્ભાધાનથી માંડી તરુણ ઉંમર પ્રાપ્ત થતા બાળકના વિકાસ અને વર્ણનના દરેક પાસાંઓ વૈજ્ઞાનિકઢબે અભ્યાસ કરવા પ્રયાસ કરે છે. આનો અભ્યાસ વ્યવહારુ દૃષ્ટિબિંદુ લક્ષમાં રાખી કરવામાં આવે છે.

- **બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યા :**

બાળમનોવિજ્ઞાન બાળકના મનોશારીરિક વિકાસનો વૈજ્ઞાનિકઢબે અભ્યાસ કરતી મનોવિજ્ઞાનની એક આધુનિક શાખા છે. જુદા-જુદા લેખકોએ તેની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે.

(1) **ક્રૉ અને ક્રૉ :** બાળમનોવિજ્ઞાન વ્યક્તિના જન્મપૂર્વથી શરૂ કરી તેની યુવાવસ્થા સુધીના સળંગ વિકાસનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરતું વિજ્ઞાન છે.

(2) **એ. ટી. જર્સિલ્ડ :** બાળમનોવિજ્ઞાન બીજ ધારણથી માંડીને યુવાવસ્થામાં પ્રવેશ પામે ત્યાં સુધીના બાળકના વિકાસનો અભ્યાસ કરે છે.

(3) **ઈલિઝાબેથ હરલોક :** બાળમનોવિજ્ઞાન બાળકનો ગર્ભ રહે ત્યારથી માંડીને બાળક પુખ્ત બને ત્યાં સુધીના વિકાસનો અભ્યાસ કરે છે.

(4) **જેમ્સ ડ્રેવર :** બાળમનોવિજ્ઞાન એ જન્મથી માંડીને પુખ્યતા સુધીના માનવીના વિકાસનો અભ્યાસ કરતી મનોવિજ્ઞાનની એક અદ્યતન શાખા છે.

ઉપરોક્ત વ્યાખ્યાને આધારે કહી શકાય કે બાળમનોવિજ્ઞાન ગર્ભાવસ્થાથી માંડીને લગભગ 15 વર્ષની ઉંમર સુધીના બાળકના વિકાસનો અભ્યાસ કરે છે.

બાળકના વિકાસનો અભ્યાસ વસ્તુલક્ષી દૃષ્ટિએ કરે છે. બાળકો અને વ્યક્તિતમાં ભિન્નતાઓ રહેલી છે. બાળકના વિકાસ ઉપર આંતરિક વાતાવરણોથી માંડી કૌટુંબિક, સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણની શી અસરો થાય છે તેનો અભ્યાસ કરે છે.

(2) બાળક વિષેના આધુનિક ખ્યાલો :

આધુનિક માનસશાસ્ત્રીઓએ બાળમનોવિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન કરીને કેટલાક સિદ્ધાંતો તારવ્યા છે. આ સિદ્ધાંતોમાંથી કોઈ પણ એક સિદ્ધાંત બાળકના દરેક પ્રકારના વર્તનની સમજૂતી આપવા માટે પર્યાપ્ત નથી. સિદ્ધાંતો અને સમયગાળો ધ્યાનમાં લઈને બાળકના વર્તનની સમજૂતી આપવામાં આવે છે. આધુનિક સિદ્ધાંતોમાં નીચેના સિદ્ધાંતો આપ્યા છે.

2.1 આનુવંશિકતા અને વાતાવરણની વ્યક્તિ ઉપર થતી અસરો :

બાળકના વર્તન અને મનોવૈજ્ઞાનિક વિકાસ ઉપર આનુવંશિકતા અને વાતાવરણ બંનેની અસર થાય છે. આ હકીકતને બાળમનોવિજ્ઞાનના આધુનિક અભ્યાસો સ્વીકારે છે. આનુવંશિકતા મનોવૈજ્ઞાનિક વિકાસમાં કેટલે અંશે ભાગ ભજવે છે અને વાતાવરણ એ વિકાસમાં કેટલા અંશે ભાગ ભજવે છે એના સંબંધમાં મનોવૈજ્ઞાનિકો વચ્ચે મતભેદ છે, પરંતુ બધા એમ માને છે. આ સમસ્યાનો ઉકેલ આરામ ખુરશીમાં બેસીને માત્ર ચર્ચા વડે ન લઈ શકાય એના સંબંધમાં વૈજ્ઞાનિક પ્રયોગો થવા જોઈએ.

વાતાવરણ બાળકના વર્તન ઉપર ઘેરી અસર કરે છે. આ મંતવ્ય પ્રમાણે વડે પુરવાર થવાને લીધે કેટલાક જૂનાં મંતવ્યો ખોટાં સાબિત થયા છે.

દા.ત., પહેલાં લોકો એમ માનતા હતા અને અત્યારે એમ કેટલાક માને છે કે "ઝાડ જેવા પથિયા" "જેવાં મા-બાપ તેવા છોકરાં" એટલે કે બાપ જિદ્દી કે આળસુ હોય તો છોકરો પણ તેવો હોય છે. આ બધી માન્યતાઓ પ્રયોગો વડે ખોટી પુરવાર થઈ છે.

સંશોધનથી એવું પુરવાર થાય છે કે બાળકના વર્તન વિકાસ ઉપર વાતાવરણની અસર પાડવા માટે બાળકના મનોશારીરિક પરિપક્વતાની અવસ્થાને ધ્યાનમાં લેવી જોઈએ. બાળકના બાહ્ય વાતાવરણમાં કેટલાક ફેરફાર કરીને અથવા તેની શારીરિક ખામીઓ સુધારવાનો પ્રયત્ન કરીને પ્રયોગો કરવામાં આવે છે. તેની બુદ્ધિનો આંક 25 થી ઓછો હોય છે. તેઓ જડ બુદ્ધિવાળા બાળકો કહેવાય. આથી આ રોગને વાસ્તવમાં મનોદુર્બળતા (Cretinism) નો રોગ કહેવાય છે. જો નાનપણમાં આ રોગની વહેલી તકે ખબર પડી જાય અને બાળકોને કંઠગ્રંથિના સ્રાવનું ઈન્જેકશન આપીને તેની વહેલી વયે ચિકિત્સા કરવામાં આવે છે.

2.2 વ્યક્તિગત ભેદો :

સરખી ઉંમરના બાળકોમાં વ્યક્તિગત તફાવત જોવા મળે છે. તે બાળકોના માનસિક વિકાસ અને સિદ્ધિઓમાં ભેદ હોય છે.

દા.ત., બુદ્ધિ, સ્મૃતિ, કલ્પના, પ્રતિક્રિયા, અવધિ, ઈત્યાદિમાં બાળક વચ્ચે ભેદ હોય છે.

આધુનિક બાળમનોવૈજ્ઞાનિકોના મતે, બાળકને એવી રીતે તાલીમ આપવી જોઈએ, અને તેની સંભાળ લેવી જોઈએ કે તે બાળકની વિશિષ્ટ શક્તિમાં વધુને વધુ વિકાસ માટે તે તાલીમ ઉપયોગી થઈ પડે.

બાળકોમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના ભેદો છે. બાળકના વિકાસના જુદા તબક્કાઓમાં તેની વિશિષ્ટ શક્તિઓ વિષે ચોક્કસપણે જાણી લેવી એ બાલ્યકાળમાં સમયનો છે.

દા.ત., બુદ્ધિ કસોટીઓ, સામાજિક વિકાસ કસોટીઓ, ધંધાકીય કસોટીઓ, સંગીતની લાયકાત માપનની કસોટીઓ, વ્યક્તિગત માપનની કસોટીઓ વગેરે.

2.3 બાળકના જીવનમાં પ્રેરણા :

માતા-પિતા અને શિક્ષકો વારંવાર એમ કહે છે કે, અમુક બાળક આળસુ છે. ખરી રીતે કોઈ પણ સાધારણ બાળક આળસુ નથી હોતું. જે બાળક ઓછા પ્રમાણમાં હલનચલનની ક્રિયાઓ કરે છે કે અમુક વિષયમાં ઓછી અભિરુચિ દર્શાવે છે કે ઓછું ધ્યાન આપે છે તે બાળક એક અથવા બીજી ખામીને લીધે તેમ કરતું હોય છે અને તે ખામીને દૂર કરી શકાય છે.

દા.ત., બાળકને પૂરતા પ્રમાણમાં શક્તિવર્ધક સારો ખોરાક ન મળતો હોય અથવા તેના શરીરમાં ગ્રંથિઓમાં સ્રાવની કંઈ ખામી હોય અથવા કોઈ મનોવૈજ્ઞાનિક સંઘર્ષને લીધે તેના બાહ્ય વર્તનની અભિવ્યક્તિઓમાં કોઈ અવરોધ ઉત્પન્ન થતાં હોય.

જે બાળકને આવી કેટલીક સમસ્યાઓનો સામનો કરવાનો હોય છે. જેને માટે તેનો મનોવૈજ્ઞાનિક વિકાસ તે સમસ્યાઓનો ઉકેલ આપવા માટે અને તેઓને સમજવા માટે પર્યાપ્ત નથી હોતા. તો તે બાળક અભિરુચિ ગુમાવે છે અને સમસ્યાના ઉકેલ માટે હેતુ કે પ્રેરણાની ખામી અનુભવે છે. પ્રેરણા વિના શરીરમાં નીરસ અને બિનઅસરકારક બની જાય છે.

મનોવિજ્ઞાનનું જ્ઞાન ધરાવતા શિક્ષકો અને માતા-પિતા પહેલા બાળકોની અભિરુચિઓને જાણી લે છે અને પછી તેઓને ઉપયોગ કરીને તેઓ પાસેથી કાર્ય કરાવે છે.

2.4 મનોસ્વાસ્થ્ય :

બાળકોના વર્તનનું વધુ જ્ઞાન મેળવવાથી આ સાબિત થયુ છે. બાળકનું માનસ કોઈ કોરી સ્લેટ નથી. બાળક કોઈ નિષ્ક્રિયતાનું શિક્ષણ મેળવનાર વ્યક્તિ જ નથી. બાળકનું વ્યક્તિત્વ એક સમગ્ર સંગઠિત એકમ જેવું છે. અને તેની અંદર કેટલીક જરૂરિયાતો, પ્રેરણાઓ, ઈચ્છાઓ, આવેગો અને મનોવલણો રહેલા છે. જે બીજા બાળકોની આ બધી બાબતોથી ભિન્ન છે. બાળકોની મનોવૈજ્ઞાનિક અનુકૂલનની સમસ્યાઓ જુદી હોય છે. વ્યક્તિ ઉપર બાળકનોના શિક્ષણની અને તાલીમની જવાબદારી છે. તે વ્યક્તિઓ માટે બાળમનોવિજ્ઞાનનું જ્ઞાન આવશ્યક બની જાય છે.

મનોસ્વાસ્થ્યના સિદ્ધાંતોનું જ્ઞાન, માતા-પિતા, શિક્ષકો અને એવી પુખ્તવયની વ્યક્તિઓ માટે આવશ્યક છે, જેઓ બાળકના વિકાસ સાથે એક કાયદા અથવા બીજી રીતે સંકળાયેલી હોય છે. દરેક સમાજમાં કેટલીક આવી વ્યક્તિઓ હોય છે.

મનોસ્વાસ્થ્યના સિદ્ધાંતોને બાળકના અનુભવના દરેક પાસાઓ માટે લાગુ પાડવામાં આવે છે. અત્યારે એમ માનવામાં આવે છે કે સારી રીતે વિચાર કરવાનો અને નિયંત્રિત વર્તવાનું એમ માનવામાં આવે છે. વર્તવાની નિયંત્રિત ટેવો બાળકોમાં નાનપણમાં ઘટતા વાતાવરણમાં ઉત્પન્ન કરી શકાય છે એને લીધે પુખ્તવયમાં તેઓ સાધારણ જીવન જીવી શકે છે.

2.5 વ્યાવહારિક અભિગમ :

આધુનિક બાળમનોવિજ્ઞાન વ્યાવહારિક બન્યું છે. જો બાળકનો વિકાસ સારી રીતે થાય તેના કારણો જાણી શકાય તો તેના આધારે બાળકનો ઉછેર કરનાર માતા-પિતા, વડીલો, શિક્ષકો અને કુટુંબીજનોને વ્યાવહારિક માર્ગદર્શન આપી શકાય.

હોરેસી બી. ઈંગ્લિશ બાળમનોવૈજ્ઞાનિક માર્ગદર્શન આપતી મનોવિજ્ઞાનની એક શાખા તરીકે ઓળખાય છે. ઈંગ્લિશ પોતાના પુસ્તક “Dynamics of Child Development” ની શરૂઆતમાં લખે છે કે તેમના પુસ્તકોનો અભિગમ નિસંકોચપણે વ્યાવહારિક છે. બાળકનું ડહાપણ કઈ રીતે થઈ શકે તે આ પ્રકારના અભિગમનું ધ્યેય છે. ઈંગ્લિશ કહે છે કે તેનો હેતુ બાળકના યોગ્ય ઉછેર માટે માતાપિતા તથા શિક્ષકોના માર્ગદર્શન પૂરું પાડવાનો છે. આ રીતે બાળમનોવિજ્ઞાનનો અભ્યાસ આ દૃષ્ટિબિંદુથી જ કરવાનો છે.

બાળકના માતાપિતા, શિક્ષકો, ચિકિત્સકો અને સામાજિક કાર્યકર્તાઓ માટે બાળમનોવિજ્ઞાન વ્યાવહારિક માર્ગદર્શન પૂરું પાડવા પ્રયાસ કરે છે. પરંતુ બાળકો અંગેની દરેક સમસ્યાઓ તૈયાર ઊતરે છે. બાળકના માનસિક વિકાસ અને વર્તનને સમજવા માટે આમ તો એવા ચોક્કસ સિદ્ધાંતો તારવી શકીએ નહીં કે જેનાથી બાળકની બધી સમસ્યાઓનો ઉકેલ આપણે તરતજ લાવી શકીએ.

ઈંગ્લિશ પણ કહે છે કે, જુદી જુદી પરિસ્થિતિઓમાં બાળક માટે શું કરવું તે વિષે સૂચનોની યાદી આપી માતાપિતાને તથા ચિંતકોને બાળઉછેર માટે માર્ગદર્શન આપી શકાય નહિ, પરંતુ બાળકના વર્તનની મૂળભૂત સમજૂતી આપીને તેમને બાળ ઉછેર અંગે આનંદદાયક સમાયોજન બનાવી શકાય.

ટૂંકમાં, બાળમનોવિજ્ઞાનનો આધુનિક અભિગમ સ્પષ્ટીકરણાત્મક અને વ્યાવહારિક છે: બાળમનોવિજ્ઞાન બાળકના વર્તનની મૂળભૂત સમજૂતીને આધારે નીચેના પ્રશ્નોના ઉત્તરો આપવા પ્રયાસ કરે છે :

1. શા માટે બાળક અમુક રીતે વર્તે છે ?
2. બાળકના વર્તનને કેવી રીતે વાળી શકાય ?
3. બાળકને કેવી વ્યક્તિ બનાવવાનો છે ?
4. બાળકને તે સ્વરૂપની સ્વસ્થ વ્યક્તિ કઈ રીતે બનાવી શકાય ?

આધુનિક બાળમનોવિજ્ઞાન ઉપરના પ્રશ્નોના ઉત્તરો આપવા પ્રયાસ કરે છે.

(3) પાયાના મુદ્દાઓ (Basic Issues) :

વિકાસના મુદ્દાઓમાં નીચેની બાબતો સમાવિષ્ટ છે :

(1) પ્રકૃતિ કે પર્યાવરણ
(2) સાતત્ય અને અસાતત્ય
(3) સ્થિરતા (stability) અને પરિવર્તન
(4) વિકાસના મુદ્દા (સમસ્યાઓનું મૂલ્યાંકન)

3.1 પ્રકૃતિ કે પર્યાવરણ ? (Nature or Environment ?) : આ મુદ્દો ચર્ચાનો મુખ્ય

કોણ મહત્ત્વનું ? પ્રકૃતિ કે પર્યાવરણ ? આ મુદ્દો ચર્ચાનો મુખ્ય વિષય બન્યો હતો. માપન ઉપર કોનો પ્રભાવ વિશેષ છે ? પ્રકૃતિ કે પછી પર્યાવરણનો ? પ્રકૃતિવાદીઓ કે વારસાવાદીઓ જણાવે છે કે વિકાસ ઉપર મોટેભાગે પ્રકૃતિનો પ્રભાવ છે. જૈવીય વારસાનો પ્રભાવ છે. પર્યાવરણવાદીઓ માને છે કે વિકાસ પર પર્યાવરણના અનુતત્ત્વોની સૌથી વધુ અસર થાય છે.

પ્રકૃતિના વડીલોના મતે જેમ સૂર્યમુખી ક્રમિક રીતે વિકસે છે. સિવાય કે તેના વાતાવરણને કોઈ નુકસાન પહોંચાડીએ એ જ રીતે માનવી ક્રમિક રીતે વિકસે છે. વિકાસ ચોક્કસ ક્રમને અનુસરે છે. વાતાવરણનો વિસ્તાર વિશાળ છે. પરંતુ પ્રકૃતિનો અભિગમ દલીલ કરે છે કે જનીનશાસ્ત્રીય રૂપરેખા (Blue print) વૃદ્ધિ અને વિકાસમાં સામાન્યકરણીયતા લાવે છે. જેમ કે આપણે બોલતા શીખીએ તે પહેલાં ચાલતાં શીખીએ છીએ. બે શબ્દ બોલતાં શીખીએ છીએ એ પહેલાં એક શબ્દ બોલતા શીખીએ છીએ. શિશુ અવસ્થામાં ખૂબ ઝડપથી વિકાસ પામીએ છીએ અને પ્રારંભિક બાલ્યાવસ્થાનો વિકાસ ધીમો છે. જાતીય હોર્મોનનો અનુભવ કરીએ છીએ. ત્યારપછી ઉત્તર અને પ્રારંભિક પુખ્તાવસ્થામાં વિકાસની ટોચ પર પહોંચીએ છીએ. ત્યારપછી શારીરિક અવનતિ આવે છે. પ્રકૃતિના ઘટકો એવાં ઘટકો જે મનોવૈજ્ઞાનિક રીતે વંધ્ય (Barren) વેરવૃત્તિવાળાં હોય છે. આ વાતાવરણને હતોત્સાહ કરી શકે. આમ છતાં એવું માન્ય છે કે મૂળભૂત વૃત્તિની મનોવૃત્તિ માણસોમાં જનીનશાસ્ત્રીય રીતે ઉદ્ભવિત (wired) થાય છે.

આની વિરુદ્ધમાં બીજા મનોવૈજ્ઞાનિકો વિકાસમાં વાતાવરણ પર ભાર મૂકે છે. જૈવીય વાતાવરણ, પોષણ, તબીબી સંભાળ, દવાઓ અને અકસ્માતો, સામાજિક વાતાવરણ, કુટુંબ, સમવયસ્કો, સમાજ, સમૂહ માધ્યમો અને સંસ્કૃતિ.

3.2 સાતત્ય કે અસાતત્ય (Continuity or Discontinuity) :

તમારા વિકાસ વિશે જરા વિચારો. તમે શું સૂક્ષ્મ બીજમાંથી વિશાળકીય ઓડ જેવું વૃક્ષ વિકસે તે રીતે તબક્કાવાર વિકાસ પામ્યા છો કે તમારામાં અચાનક આવા પરિવર્તનો થયા પછી તે તમને વિચારમાં મૂકે છે. તેઓ વિકાસને તબક્કાવાર સતત પ્રક્રિયા ગણે છે. જેઓ પ્રકૃતિ કે વારસા ઉપર ભાર મૂકે છે. તેઓ વિકાસને તબક્કાઓની અલગ શ્રેણી ગણે છે.

સાતત્ય-અસાતત્ય સમસ્યા એ બાબત ઉપર ભાર મૂકે છે કે વિકાસ તબક્કાવાર સતત જેમ કે બીજમાંથી ઓક જેવું વિશાળ પ્રથમ બને છે કે પછી વિકાસને અલગ તબક્કા હોય છે. (અસાતત્ય) એ જ બાળકનો શબ્દ જે દેખીતી રીતે પ્રછન્ન (abrupt) હોય છે. અસાતત્ય પૂર્ણ ઘટના હોય છે. જે વૃદ્ધિ અને અઠવાડિયા કે મહિનાની 'પ્રેક્ટિસ' ની તબક્કાવાર પ્રક્રિયા હોય છે. યુવાવસ્થા (Puberty) જે બીજી દેખીતી પ્રછન્ન ઘટના છે. એ બીજી અચાનક અસાતત્યમય ઘટના બને છે, જે ખરેખર તબક્કાવાર પ્રક્રિયા છે, જે કેટલાંક વર્ષો પછી ઊભી થાય છે.

અસાતત્યના સંદર્ભમાં ક્રમમાંથી પ્રક્રિયાના તબક્કાઓ ક્રમિક ક્રમમાંથી પસાર થાય છે. જેમાં પ્રમાણાત્મકતા કરતાં ગુણાત્મકતા વિશેષ હોય છે. જેમ કે નાની ઈયળ (Caterpillar) માંથી પતંગિયું તૈયાર થાય છે એ ઈયળ જેવું નથી. પરંતુ કંઈક જુદું જ છે. એક જુદું જ પક્ષી છે. તેનો વિકાસ અસાતત્યતા ધરાવે છે. એ જ રીતે બાળક પોતાના જગત વિશે મૂર્તથી અમૂર્ત રીતે વિચારતાં શીખે છે. આ ફેરફાર ગુણાત્મક છે. વિકાસનું અસાતત્યપૂર્ણ પરિવર્તન છે. પ્રમાણાત્મક ફેરફાર સતત નથી.

3.3 સ્થિરતા અને પરિવર્તન (Stability and Change) :

વિકાસના વિષય અંગે સ્થિરતા અને પરિવર્તનનો મુદ્દો પણ મહત્ત્વનો છે. આ મુદ્દો દર્શાવે છે કે વિકાસ એ સ્થિરતા કે પરિવર્તન બેમાંથી કયા મુદ્દા સાથે વિશેષ રીતે સંબંધિત છે. સ્થિરતા અને પરિવર્તનનો મુદ્દો એના સાથે સંબંધ ધરાવે છે કે કેટલી હદે આપણે આપણા પ્રારંભિક અનુભવોમાં વૃદ્ધ બનીએ છીએ, અથવા તો આપણે કંઈક જુદાં બનીએ છીએ. શરમાળ બાળક મહેમાનને જોઈને ખૂણામાં સંતાઈ જાય. એ જ બાળક આગળ જતાં કૉલેજમાં સ્ટેજ પર 'ડાન્સ' કરે છે, અથવા તો બાળક એ સામાજિક, વાતોડિયો વ્યક્તિ બનશે. આજ બેફિકર તરુણ એ પુખ્તાવસ્થામાં ગંભીર બનીને નોકરી કરશે.

સ્થિરતા, પરિવર્તનનો મુદ્દો એ પાઉલ બાલ્ટેસની (1987, 2000)ની માન્યતા સાથે સંકળાયેલો છે, જે અગાઉ ચર્ચી ગયા છીએ. જેમ કે સુનમ્યતા કે પરિવર્તન એ અગત્યનો મુદ્દો છે. આપણે જરા યાદ કરીએ. જીવનવિકાસના પરિપ્રેક્ષ્ય કે પરિવર્તન એ સમગ્ર જીવનપર્યંત શકંય છે. જોકે બાલ્ટેસ દલીલ કરે છે કે જુવાન પુખ્તો એવી દલીલ કરે છે કે જુવાન પુખ્તો કરતાં વૃદ્ધ પુખ્તો એ પરિવર્તન માટે ઓછી ક્ષમતા દર્શાવે છે.

એક કારણ એ પણ છે કે શા માટે પુખ્તોનો વિકાસ એ સંશોધકો માટે ઉપેક્ષિત રહ્યો. આ માટે અગાઉની માન્યતા પ્રચલિત હતી કે પુખ્તાવસ્થામાં કશું બદલાતું નથી. પણ બાળપણમાં ઘણું બદલાય છે. ખાસ કરીને બાળપણના પહેલાં 5 વર્ષમાં ઘણું બદલાય છે. આજે ઘણા વિકાસવાદીઓ માને છે કે સમગ્ર જીવનફલકમાં ઘણાં પરિવર્તનો શક્ય છે, પરંતુ કેટલું પરિવર્તન થશે કે કેટલી સ્થિરતા હશે તે અંગે ચોક્કસ કહેવું મુશ્કેલ છે.

સ્થિરતા-પરિવર્તનના મુદ્દામાં અગત્યનું પરિમાણ એ છે કે કેટલી હદે અગાઉના અનુભવો, ખાસ કરીને શિશુ અવસ્થામાં અથવા પછીના અનુભવો એ વ્યક્તિના વિકાસને નિર્ણીત કરે છે, એટલે શિશુના અનુભવો નિષેધક મનોભારયુક્ત હોય તો આ અનુભવોની અસર એ પાછળથી પ્રતિકૂળ અસર થાય છે. વધારે વિધાયક અનુભવો અથવા તો પ્રારંભકાળના અનુભવો એટલા બધા નિર્ણાયક હોય છે. કારણ કે આ અનુભવો એ બાળકના પ્રારંભિક અનુભવો છે. તેને સમૃદ્ધ વાતાવરણથી પાછળથી બદલી શકાતાં નથી.

પ્રારંભિક પછીનો અનુભવનો મુદ્દો એ લાંબો ઈતિહાસ ધરાવે છે અને વિકાસવાદીઓ માટે ગરમાગરમ રહ્યો છે. (ગોટ્ટીબેલ, 2002) કેટલાક માને છે કે શિશુના અનુભવો હૂંફાળા અને પોષણયુક્ત એ સંભાળ રાખનારે જીવનના પ્રથમ વર્ષમાં ન હોય તો તેમનો વિકાસ ઈષ્ટતમ થશે નહીં. (વોટેસ અને અન્ય, 2002), પ્લેટો એ બાબતમાં ચોક્કસ હતો. શિશુઓને એક પર્વત કે શીલા ઉપરથી ગબડાવી મૂકવામાં આવતા તે વધારે સારા ખેલાડી બને છે. નવમી સદીનાં નવા પ્રધાનો મા-બાપને કહેતા હતા કે રવિવારનું ધાર્મિક પ્રવચન જે બાળકોનું પવિત્ર નિર્માણ નક્કી કરે છે. પ્રારંભિક અનુભવો પર મુકાતો ભાર એ બાબત ઉપર આધાર રાખે છે કે દરેક જિંદગીમાં બધા પ્રસંગો એ સળંગ મનોવૈજ્ઞાનિક ગુણોને પાછળ અનુસરે છે અને તેને તેના મૂળ તરફ પાછું લઈ શકાતું નથી. (જેરોમ કાગન, 1992, 1998, 2000) નિષ્ણાતોના અગાઉના અનુભવો જેમને પછીના અનુભવોનો દષ્ટિકોણ હોય છે, તેઓ જણાવે છે કે વિકાસ એ નદી જેવો છે, જે સતત વહે છે. પછીના અનુભવોના વકીલો દલીલ કરે છે કે બાળકો વિકાસના વર્ષોમાં ઘાટસક્ષમ છે અને પછીની સંવેદનશીલ સંભાળ અને પ્રારંભિક સંવેદનશીલ સંભાળ એટલી જ અગત્યની છે. ઘણા જીવનવિકાસના વિકાસવાદીઓ આ બાબત ઉપર ભાર મૂકે છે કે વિકાસના પછીના અનુભવ ઉપર ખૂબ ઓછું ધ્યાન અપાયું છે. (બાલ્ટેસ, 2000 અને અન્ય 2001). તેઓ દલીલ કરે છે કે અગાઉના અનુભવો એ વિકાસ માટે મહત્ત્વનો ફાળો આપે છે. પરંતુ પછીના અનુભવો કરતાં અગત્યનાં નથી. જેરોમ કાગન (2000) એ બાબતનો અંગુલિનિર્દેશ કરે છે. બાળકો જે અનઅવરોધિત સ્વભાવના ગુણો દર્શાવે છે તે પણ અનુંવશ સાથે સંકળાયેલા હોય છે અને તેમનામાં તેમનું વર્તન બદલવાની ક્ષમતા હોય છે. આ સંશોધનમાં 1/3 જેટલાં બાળકોનું જૂથ જેમનો બે વર્ષ અવરોધિત સ્વભાવ હતો, તેઓ અસ્વાભાવિક રીતે 4 વર્ષની ઉંમર કરતાં વધારે શરમાળ અને ભયભીત હતા.

ફ્રોઈડ માનતો હતો કે બાળકના ઘડતરમાં જીવનના પહેલાં પાંચ વર્ષ ખૂબ અગત્યના છે, જેની નિર્ણાયક અસર બાળકના પછીના જીવન ઉપર થાય છે. આ બાબત જણાવે છે કે પ્રારંભિક અનુભવો એ પછીના અનુભવો કરતાં વધારે મહત્ત્વના છે. પરંતુ વિશ્વના મોટાભાગના માણસો આ માન્યતાને માનતા નથી. જેમ કે ઘણા એશિયાના દેશોમાં માનવામાં આવે છે કે 6 થી 7 વર્ષની ઉંમરના અનુભવો એ પ્રારંભિક અનુભવો કરતાં વિકાસ માટે ઘણા અગત્યના છે. પૂર્વની સંસ્કૃતિમાં આ મૂલ્યો જોવા મળે છે. એમ જણાવ્યું છે કે બાળકનું તાર્કિક કૌશલ્ય મધ્ય બાળપણના વર્ષોમાં મહત્ત્વને વિકસે છે.

તાજેતરમાં એક પુસ્તક બહાર પડ્યું છે જેનું નામ છે, "ધ માયથ ઓફ ધ ફર્સ્ટ થ્રી યર્સ (The Myth of the First Three Years)" એ પછીના અનુભવોની દલીલને સમર્થન આપે છે. (બ્રુઅર, 1999). આ દલીલ એવા આધારો ઉપર ઉપલબ્ધ સંશોધનને આધારે કરવામાં આવે છે કે શિક્ષણ અને બોધાત્મક વિકાસ બાળકના પ્રથમ 3 વર્ષમાં થતો નથી, પરંતુ તે જીવનપર્યંત ચાલે છે. આમ, પહેલાં ત્રણ વર્ષ ખાસ અગત્યના નથી, પરંતુ પછીના અનુભવો અગત્યના છે. આ પુસ્તક ટીકાનો ભોગ બન્યું છે. કારણ કે પ્રારંભિક અનુભવોની વિશેષ વકીલાત માટે તેની ખાસ ટીકા થઈ છે. (બોર્નસ્ટેઈન, 2000)

3.4 વિકાસના મુદ્દાઓનું મૂલ્યાંકન (Evaluating the Development Issues) :

અહીં એક બાબત મનમાં ખાસ નોંધી રાખવી જોઈએ કે મોટાભાગના જીવનવિકાસવાદીઓ આ ત્રણેય વિકાસના મુદ્દા અંગે ખૂબ આત્યંતિક બનતા નથી. તેઓ સ્વીકારે છે કે ફક્ત વારસો કે વાતાવરણને લીધે જ વિકાસ થતો નથી અને બધાં જ સ્થિરતા કે બધા પરિવર્તનથી જ વિકાસ થતા નથી. (લર્નર, 2000). અનુવંશ કે વાતાવરણ, સાતત્ય કે અસાતત્ય, સ્થિરતા કે પરિવર્તન એ વિકાસને માનવજીવનના ફલકમાં છેક સુધી ચરિતાર્થ કરે છે. વિકાસની આવી અનુવંશ પર્યાવરણની સમસ્યા અંગે એ બન્ને વચ્ચેની આંતરક્રિયા છે, નહીં કે કોઈ એક ઘટક, (રુટેર, 2002) જેમ કે વ્યક્તિનો બોધાત્મક વિકાસ એ વારસો વાતાવરણની આંતરક્રિયાનું સંયુક્ત પરિણામ છે, તેમાં ફક્ત વારસો કે વાતાવરણ ભાગ ભજવે છે એવું નથી. જેમ કે મોટાભાગના વિકાસવાદીઓ આ ત્રણ અગત્યના મુદ્દા અંગે કે વિકાસ એ નામના દરેક ઘટકથી કેટલો તીવ્ર રીતે અસર પામે છે, (વોટેસ, 2001). શું છોકરીઓ તેમના સ્ત્રીત્વની સંભાવનાના લીધે ઓછો સારો દેખાવ કરે છે, અથવા તો સમાજના પુરુષો પ્રત્યે પક્ષપાતથી આવું થાય છે ? મોટેરાઓને તાર્કિકતા માટે વધારે અસરકારક રીતે કાર્ય કરવા માટે તાલીમ આપી શકાય. કેટલીક હદ સુધી આપણી સ્મૃતિ વૃદ્ધાવસ્થામાં અવનતિ પામે છે ? શું આ અવનતિને રોકવા માટે ટેક્નિકલ પ્રયુક્તિનો ઉપયોગ કરી શકાય ? શું સમૃદ્ધ તરુણાવસ્થાના અનુભવો બાળપણની ગરીબાઈમાંથી ઊભી થતી ખામીઓને દૂર કરી શકે ? શું તેઓ દ્વારા મા-બાપની ઉપેક્ષા અને નિર્બળ શાળાકીય શિક્ષણમાંથી બાળકને બહાર લાવી શકાય ? આ સવાલનો જવાબ વિકાસવાદીઓ દ્વારા સાતત્ય અને અસાતત્ય, સ્થિરતા અને પરિવર્તનની દષ્ટિએ અપાય છે. આ સવાલનો જવાબ નીતિવિષયક નિર્ણયો જે બાળકો માટે લેવાય છે, તરુણો માટે કે પુખ્તો માટે લેવાય છે, તે આપણે જિંદગીને કેટલી અસર કરે છે તેના ઉપર આધારિત છે.

(4) બાળમનોવિજ્ઞાનનો ઐતિહાસિક વિકાસ (Historical Foundations) :

બાળમનોવિજ્ઞાનનો પાયો પ્રાચીન ગ્રીક તત્ત્વજ્ઞાન તથા વેદકાળના ઋષિઓની વિચારધારાઓમાં જોવા મળે છે. પરંતુ તેનો વૈજ્ઞાનિક અભ્યાસ તો છેલ્લાં ત્રણ-ચાર દસકોઓમાં જ થયો છે. બાળકોમાં રસ લેતાં મનોવૈજ્ઞાનિકો, શિક્ષણકારો તથા અન્ય ક્ષેત્રનાં અધ્યયનોથી બાળમનોવિજ્ઞાનનો પ્રારંભ થયો છે. બાળકોનો એક વ્યક્તિ તરીકેનો અભ્યાસ સૌ પ્રથમ શિક્ષણશાસ્ત્રી જહોન એમોસ કોમેનિયસે કર્યો હતો. કોમેનિયસે ઈ.સ. 1628 માં "શિશુશાળા" અને "ચિત્રમય જગત" નામનાં બે પુસ્તકો પ્રગટ કર્યા હતાં. ત્યારબાદ અનેક મનોવૈજ્ઞાનિકો અને શિક્ષણકારોએ બાળમાનસનો અભ્યાસ કરવા પ્રયાસો કર્યા હતા. અહીં આપણે બાળમનોવિજ્ઞાનના ઐતિહાસિક વિકાસ અને જુદાં જુદાં વિજ્ઞાનોએ તેમાં આપેલા ફાળા વિશે સંક્ષેપમાં ચર્ચા કરીશું.

4.1 તત્ત્વજ્ઞાનીઓનો ફાળો :

પ્રસિદ્ધ ગ્રીક તત્ત્વજ્ઞાની પ્લેટોએ બાળક અંગે સૌ પ્રથમ અધ્યયન કર્યું હતું. પ્લેટોએ જણાવ્યું હતું કે બાળકો જ્યારે જન્મે છે ત્યારે તેઓમાં બુદ્ધિ અને કૌશલ્યની દૃષ્ટિએ તફાવત રહેલો હોય છે. તેણે બાળકની કુશળતા અને બુદ્ધિ પ્રમાણે શિક્ષણનું આયોજન કર્યું હતું.

આધુનિક તત્ત્વચિંતક જ્હોન લોકે બાળકોના કુદરતી રસોને જાણી બાળકોને બગડતાં અટકાવવાં માટે તેઓના રસોને દાબી દેવાનું સૂચન કર્યું હતું. લોક માનતા હતા કે બાળકને તેના કુદરતી રસો વ્યક્ત કરવા માટે સ્વતંત્રતા આપવી જોઈએ નહિ. બાળકમાં નવીન ટેવો ઉત્પન્ન કરવા માટે તેઓની કુદરતી પ્રેરણાઓ નષ્ટ કરવી જોઈએ. આ માટે સોટીની હિમાયત પણ તેમણે કરી હતી.

ઈ.સ. 1762 માં રૂસો નામના ફ્રેન્ચ તત્ત્વચિંતકે પોતાના "એમિલી" (Emily) નામના ગ્રંથમાં બાળકના કુદરતી રસો, ઈચ્છાઓ, વલણો અનુસાર શિક્ષણ આપવાનો અનુરોધ કર્યો હતો. રૂસોએ બાળકની સ્વતંત્રતા અને રસવૃત્તિના મુક્ત આવિષ્કરણ ઉપર ભાર મૂક્યો. આમ, તેણે શિક્ષણમાં એક નવો જ દૃષ્ટિકોણ આપવાની હિમાયત કરી. રૂસોએ જણાવ્યું કે મોટેરાંઓ બાળકો ઉપર પોતાનાં મંતવ્યો, આદર્શો, ઈચ્છા અને રીતભાત લાદે છે, તેથી બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વની ખિલવણી અટકે છે. બાળક મોટેરાંઓનું અનુકરણ કરતું થાય છે, તેથી તેનો કુદરતી વિકાસ અટકે છે.

રૂસોએ જણાવ્યું કે બાળકની વિશિષ્ટ શક્તિઓના વિકાસમાં આપણે કોઈ અવરોધો ઉત્પન્ન કરવા જોઈએ નહિ. બાળકને તેની કુદરતી રસવૃત્તિઓ વ્યક્ત કરવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપવી જોઈએ. મોન્ટેસોરી અને કિન્ડરગાર્ટન શિક્ષણ પદ્ધતિઓમાં રૂસોના મંતવ્ય પ્રમાણે શિક્ષણ આપવામાં આવે છે.

અમેરિકામાં આધુનિક તત્ત્વચિંતક અને શિક્ષણશાસ્ત્રી જ્હોન ડયૂઈએ બાળકના શિક્ષણ માટે કેટલાંક નવીન સૂચનો આપ્યાં છે. જ્હોન ડયૂઈએ શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર ક્રાંતિ ઊભી કરી છે. જ્હોન ડયૂઈએ જણાવ્યું કે બાળકને કાર્ય વડે શિક્ષણ આપવું જોઈએ. આત્મસિદ્ધિ અને આત્મવિકાસ એ બાળકનો જન્મસિદ્ધ હક્ક છે, તેથી બાળકના આ હક્ક અને સ્વાતંત્ર્યને કેન્દ્રમાં રાખવાં જોઈએ.

4.2 બાળક જીવનચરિત્રોનો ફાળો :

ઓગણીસમી સદીની શરૂઆતમાં બાળકોના વિકાસને લગતાં મનોવૈજ્ઞાનિક અભ્યાસો જીવનચરિત્રોનાં સ્વરૂપોમાં જોવા મળે છે. પેસ્ટોલૉજીએ પોતાના ત્રણ-ચાર વર્ષનાં બાળકોના વર્તનની નોંધ કરી બાળકના વિકાસનો અભ્યાસ કર્યો હતો.

ટાઈડમેને બાળકના દોઢ અને બે વર્ષની વચ્ચેની શારીરિક, સાંવેદનિક, માનસિક, હલનચલન, ભાષા અને વિચારોના વિકાસને લગતું વ્યવસ્થિત અવલોકન કરીને તેને જીવનચરિત્રના સ્વરૂપમાં રજૂ કર્યું હતું. અત્યારે પણ ઘણા મનોવૈજ્ઞાનિકો ટાઈડમેનની જીવનચરિત્ર પદ્ધતિનો ઉપયોગ કરે છે.

ફ્રોબેલે ઈ.સ. 1826 માં "માનવીની કેળવણી" નામના પુસ્તકમાં બાળકેળવણી અંગે કેટલાંક મંતવ્યો રજૂ કર્યાં. ટેઈને ઈ.સ. 1876 માં "બાળવિકાસ" નામનું પુસ્તક લખ્યું, જેમાં બાળવર્તન અંગે ચર્ચા કરવામાં આવી હતી. ડાર્વિને ઈ.સ. 1877 માં "બાળજીવનનું રેખાચિત્ર" નામનું પુસ્તક લખ્યું. પ્રેયરે લિપઝિંગની પ્રયોગશાળામાં બાળકોનો અભ્યાસ કર્યો હતો અને "બાળકનું મન" નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. ટેઈને બાળકોના ભાષાવિકાસ ઉપર ભાર મૂક્યો છે. ડાર્વિને બાળકને માનવ ઉત્ક્રાંતિમાં કડીરૂપ ગણ્યું છે. પ્રેયરે બાળકની પરાવર્તિત ક્રિયાનો વિકાસ તથા શિક્ષણ અને અનુભવની અસરો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

પ્રેયરે લખેલું "બાળકનું મન" નામનું પુસ્તક બાળમનોવિજ્ઞાનના અભ્યાસમાં અગત્યનું સ્થાન ધરાવે છે. આ પુસ્તકની ઘણી ટીકા થઈ છે. પરંતુ આ પુસ્તકમાં જીવનચરિત્ર દ્વારા બાળમનોવિજ્ઞાનની શરૂઆત થઈ હોવાથી પ્રેયરને 'બાળ મનોવિજ્ઞાનના પિતામહ' તરીકે ઓળખવામાં આવે છે. આ જ અરસામાં પેરેઝ અને કોમ્પરે બાળમાનસનો અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો હતો.

આજે પ્રચલિત બનેલી અન્વાયામ વિકાસ અભ્યાસ પદ્ધતિનો પ્રારંભ જીવશાસ્ત્રી ડાર્વિન અને શરીરશાસ્ત્રી પ્રેયરે કર્યો હતો. તેઓએ બાળકો અને અન્ય પ્રાણીઓના બચ્ચાંઓની શારીરિક અને અન્ય પ્રકારના વિકાસના તબક્કાઓ સમાન છે કે કેમ ? તેમજ માજ્જાતંત્રની પરિપક્વતા સાથે બાળકના વર્તનમાં કયા પ્રકારના ફેરફારો થાય છે તેનો અભ્યાસ કરવા માટે સળંગ, સંચયીકૃત, નિરીક્ષણ નોંધ પદ્ધતિ અપનાવી હતી. આજની અન્વાયામ વિકાસ અભ્યાસ પદ્ધતિ Logitudinal Developmental Study પદ્ધતિ ડાર્વિન અને પ્રેયરે અપનાવેલ પદ્ધતિના ધોરણે જ વિકસેલી છે.

અમેરિકામાં સ્ટેનલી હોલે ઈ.સ. 1891 માં વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા બાળમાનસના અભ્યાસની શરૂઆત કરી એક માસિક પ્રગટ કર્યું. રાલીએ પણ બાળમાનસનો અભ્યાસ કરી એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું.

4.3 જીવવિજ્ઞાન તથા શરીરવિજ્ઞાનનો ફાળો :

જીવનવિજ્ઞાન ક્ષેત્રમાં ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની માનવવિકાસના અભ્યાસ ઉપર ઊંડી અસર થઈ છે. આની અસરથી માનવવ્યવહારો અને વર્તનનો વિકાસાત્મક અને તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવાનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. પરિણામે બાળકના વિકાસની અવસ્થાઓ અને બાળમાનસના અભ્યાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ડાર્વિને બાળકને માનવ ઉત્ક્રાંતિમાં કડીરૂપ લેખ્યું છે.

ગ્રેગરી મેન્ડેલ નામના ઓસ્ટ્રિયન પાદરીએ ઈ.સ. 1865 માં વટાણા ઉપર પ્રયોગો કરી વારસાની પ્રક્રિયા વિષે સમજૂતી આપી હતી. આ પ્રયોગો "મેન્ડેલના વારસાના નિયમ" તરીકે જાણીતા છે. બાળક વારસામાં શું મેળવે છે અને કેવી રીતે મેળવે છે તે વિષે મેનડેલે પ્રકાશ ફેંકયો હતો.

ઈવાન પાવલોવ નામના રશિયન શરીરશાસ્ત્રીએ બાળમનોવિજ્ઞાનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પાવલોવે અભિસંધિત પ્રતિક્રિયાની પદ્ધતિ શોધી કાઢી હતી. આ પદ્ધતિની માનવવિકાસ અને શિક્ષણના અભ્યાસમાં ઊંડી અસર થઈ હતી. પાવલોવે પોતાના પ્રયોગોમાં

બાળકોને પ્રયોગ તરીકે ઉપયોગમાં લીધાં હતા. અમેરિકામાં વૉટસન અને મેટીરે બાળકો પર આવેગો પર પ્રાયોગિક અભ્યાસો કર્યા હતા, જેની બાળકનોના શિક્ષણ તાલીમ ઉપર ઘેરી અસર થઈ હતી.

જાનેટ ટોડ જેવા શરીરરચનાશાસ્ત્રીએ (Anatomist) અસ્થિરચના અને અસ્થિઓની વૃદ્ધિનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું છે. બાળકની ઊંચાઈ અને વજનના સહસંબંધને લગતાં કેટલાક સિદ્ધાંત હતા. ફ્રીમેન અને કાર્ટરે શિકાગો યુનિવર્સિટીમાં આ સંશોધન કર્યું છે. કેટલાક શરીરશાસ્ત્રીઓએ દસ વર્ષની ઉંમરના બાળકોના ફોટાઓ લઈને અને ચલચિત્રો દ્વારા બાળકનાં વિકાસની સમજૂતી આપવા પ્રયાસો કર્યા છે.

4.4 સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્રનો ફાળો :

સમાજશાસ્ત્રીઓ તથા નૃવંશશાસ્ત્રીઓએ બાળકના વિકાસમાં ઘર, કુટુંબ, શાળાનું વાતાવરણ તેમજ સામાજિક જૂથો અને સાંસ્કૃતિક જૂથોનું મહત્ત્વ બતાવ્યું છે. માતાપિતા અને બાળક વચ્ચેના સંબંધો, બાળ ઉછેર પદ્ધતિ, કૌટુંબિક આદર્શો, નિશાળનો અભ્યાસક્રમ, ધર્મ, જ્ઞાતિ, વર્ગ, મંડળ વગેરે સામાજિક અને સાંસ્કૃતિક જૂથોની અસર બાળકના વ્યક્તિત્વ ઉપર થાય છે. આ સર્વને આધારે બાળકનું વ્યક્તિત્વ ઘડાય છે. બાળસ્વભાવને સમજવા અને તેમની મૂંઝવણો જાણી તેમની સુધારણા માટે આ સર્વ સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોનું જ્ઞાન, બાળમનોવિજ્ઞાનના અભ્યાસમાં ઘણું મહત્ત્વનું પુરવાર થયું છે.

4.5 સામાન્ય મનોવિજ્ઞાનનો ફાળો :

સામાન્ય મનોવિજ્ઞાનમાં સ્મૃતિ, શિક્ષણ, આવેગો વગેરે વિષે પ્રાયોગિક અભ્યાસો થયાં છે. જેની બાળમાનસના અભ્યાસ ઉપર ઘેરી અસર થઈ છે. થૉર્નડાઈક, કોહલર, પાવલૉવ, વગેરેએ રજૂ કરેલા શિક્ષણના નિયમોની બાળઉછેર અને બાળશિક્ષણના ખ્યાલો ઉપર વ્યાપક અસર થઈ છે. જહૉન ડયૂઈની અસર શિક્ષણક્ષેત્રે જોવા મળે છે. જહૉન ડયૂઈએ બતાવેલી "રમત દ્વારા શિક્ષણ" પદ્ધતિએ બાળશિક્ષણના ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી છે.

1903 માં રશિયન શરીરશાસ્ત્રી પાવલૉવે કૂતરા પર પ્રયોગ કરી અભિસંધાન પદ્ધતિથી થતી શીખવાની ક્રિયાની વૈજ્ઞાનિક સમજૂતી આપી. તેના આ પ્રયોગો કૂતરા પૂરતાં મર્યાદિત હતા તેમ છતાં તેનાથી બાળપણની પ્રારંભિક અવસ્થામાં નવજાત શિશુ વિવિધ ક્રિયાઓ કેવી રીતે શીખે છે, અથવા તો તેને કેવી રીતે શીખવી શકાય તે બાબતમાં ખૂબ જ મહત્ત્વના સિદ્ધાંતો પ્રાપ્ત થયા. પાવલૉવના પ્રાયોગિક અભ્યાસોના પરિણામે જ વર્તનવાદ વિકાસ પામ્યો અને વર્તન અંગે યાંત્રિકક્રિયાનો સિદ્ધાંત પ્રચલિત બન્યો. 1920 સુધી અને તે દરમિયાન બાળકોના વર્તનના અભ્યાસોમાં વર્તનવાદનું વર્ચસ્વ જામ્યું હતું.

આજે આપણે માનીએ છીએ કે, મનુષ્યોમાં ઊંચાઈ, વજન, રૂપરંગ, કદ, બુદ્ધિલબ્ધિ અને વ્યક્તિત્વની દૃષ્ટિએ વ્યક્તિગત ભિન્નતા પ્રવર્તે છે. પરંતુ વિશાળ જનસમુદાયની ઊંચાઈ તથા તેમનાં કદ અને વજનનો આંકડાશાસ્ત્રીય પદ્ધતિથી અભ્યાસ કરી વ્યક્તિગત ભિન્નતાની અસ્મિતાની વૈજ્ઞાનિક રજૂઆત કરવાનો યશ ક્વેટલેટ (Quetelet) અને ગાલ્ટન નામના મનોવૈજ્ઞાનિકોને ફાળે જાય છે. તેઓએ તેમના આ પ્રકારના અભ્યાસો અને બાળકોની ઊંચાઈ તથા તેમના વજનનું માપન કર્યું હતું. તેમના પછી રશિયન વૈજ્ઞાનિકોએ પણ આ પ્રકારના અભ્યાસો કર્યા હતા. આ પ્રકારના અભ્યાસોએ બાળઉછેર પદ્ધતિ અને બાળકો વિશેના જ્ઞાનમાં નોંધપાત્ર ક્રાંતિ કરી છે.

4.6 બાળમનોવિજ્ઞાનનો આધુનિક વિકાસ :

ઓગણીસમી સદીના અંત ભાગ સુધી સામાન્ય માનવી તેમજ વૈજ્ઞાનિકોમાં "બાળક" વિષે ખૂબ જ રસ ઉત્પન્ન થઈ ચૂક્યો હતો. બાળક વિષે વ્યવસ્થિત અભ્યાસ તેમજ સંશોધનોની દિશામાં નોંધપાત્ર પ્રગતિ થઈ હતી. બાળસુધારણા, બાળકલ્યાણ અને બાળમાર્ગદર્શન માટે કેટલીક સંસ્થાઓ સ્થાપવામાં આવી હતી. વીસમી સદીમાં બાળસંશોધન વધારે પ્રાયોગિક, ગહન અને ઘનિષ્ઠ બન્યું હતું. તેથી જ વીસમી સદીને "બાળકોની સદી" તરીકે ઓળખવામાં આવે છે. 20th Cent.

સ્ટેન્લી હોલનો ફાળો : બાળમનોવિજ્ઞાનમાં સૌ પ્રથમ કલાર્ક યુનિવર્સિટીના જી. સ્ટેન્લી હોલે પોતાના સાથીદારોની સહાયથી બાળકોનાં રસ, રુચિ અને શક્તિઓ જાણવા પ્રશ્નપદ્ધતિ તૈયાર કરી હતી. સ્ટેનલી હોલે બાળકોની ભૂખ, ભય, શિક્ષા, સ્વપ્નો, સ્મૃતિ, પ્રાર્થના, રુદન, હાસ્ય વગેરે ઘણી બાબતો વિષે માહિતી એકઠી કરી હતી, ત્યારબાદ બાળમાનસને સમજવા માટે અનેક સંશોધનો થયાં.

બિનેનો ફાળો : ઈ.સ. 1904 માં પેરિસમાં આલ્ફ્રેડ બિનેએ બાળમાનસનો અભ્યાસ કરવા માટે કસોટીઓની રચના કરી. બિને અને સાયમને સાથે મળીને બાળકના બુદ્ધિમાપન માટે કસોટીઓની રચના કરી. આ કસોટીઓએ એક નવી ક્રાંતિ આણી. આ બુદ્ધિ કસોટીઓનો વિકાસ આજે વિશ્વના મોટા ભાગના જ દેશોમાં થયો છે. ગુજરાતમાં પણ આવી બુદ્ધિ કસોટીઓ તૈયાર કરવામાં આવી છે.

અમેરિકામાં બાળમાનસનો અભ્યાસ કરવાની પ્રવૃત્તિને ઘણો જ વેગ મળ્યો. પેનસિલ્વિનિયા યુનિવર્સિટીમાં બાળમાર્ગદર્શન માટે એક સંસ્થા ઈ.સ. 1896 માં શરૂ કરવામાં આવી હતી. અહીં બાળકની શક્તિ અને તેના વિકાસ વચ્ચેનો તફાવત જાણવા અભ્યાસો કરવામાં આવ્યા હતા. વિલિયમ હેલીએ બાળકો માટે ક્રિયાત્મક-કર્તૃત્વ કસોટીઓ તૈયાર કરી. વૉટસને બાળકોના અભ્યાસ કરવા માટે કેટલાક પ્રયોગો કર્યા. કલેપાર્ડે ઈ.સ. 1911 માં જીનિવામાં બાળમાનસના અભ્યાસ તથા શિક્ષણ માટે એક સુંદર સંસ્થાનું આયોજન કર્યું. કલેપાર્ડે શિક્ષણશાસ્ત્ર, શરીરશાસ્ત્ર અને અણવિકસિત માનસ વિષે અભ્યાસપૂર્ણ લેખો લખ્યા.

જીન પિયાજેનો ફાળો : આ જ અરસામાં જીનિવામાં જીન પિયાજેએ બાળકનું નિરીક્ષણ કરવાની પદ્ધતિમાં ક્રાંતિ આણી. પિયાજેએ પ્રયોગ કરવાની રીત અપનાવી અને મુલાકાત પદ્ધતિનો અમલ કર્યો. પિયાજેએ લખેલાં ત્રણ પુસ્તકો જગતમાં મશહૂર છે. ઈટાર્ડ અને સેવ્વીને પણ અણવિકસિત માનસનો અભ્યાસ કર્યો. નબળાં માનસના બાળકનો અભ્યાસ અને તેના શિક્ષણની વ્યવસ્થા કરવાની શરૂઆત આ વિદ્વાનોના કાર્યથી જ થાય છે. આ બંનેના કાર્યની અસર મેડમ મોન્ટેસોરીના કાર્ય ઉપર પડી છે. બાળશિક્ષણના ક્ષેત્રમાં મોન્ટેસોરીનું કાર્ય જગપ્રસિદ્ધ છે. તેમના પ્રયાસોથી શિક્ષણ બાળકેન્દ્રી બન્યું છે.

આધુનિક સમયમાં ડૉ. ફ્રોઈડ, યુંગ, એડલર, મોર્ટન પ્રિન્સ અને જેનેએ પણ બાળમાનસના અભ્યાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. તેઓએ બાળજીવનના પ્રશ્નોને નવી જ રીતે જોવા પ્રયાસ કર્યો છે. તેઓએ વ્યક્તિના વિકાસમાં નાનપણના અનુભવોનું મહત્ત્વ બતાવ્યું. સુસાન આઈઝેક્સ, ક્લેઈન અને ડેવિડ લેવીએ પણ બાળમાનસને સમજાવવા માટે જરૂરી પ્રકાશ ફેંક્યો છે. એડલરના પ્રયોગોથી નવીન પ્રકારનાં બાળમાર્ગદર્શક કેન્દ્રો અસ્તિત્વમાં આવ્યાં છે. માનસિક આરોગ્યની ચળવળનો પણ બાળવિકાસની સમજૂતીમાં ફાળો છે. બિર્સે મૂંઝવતાં બાળકો અંગે એક પુસ્તક લખ્યું છે.

આર્નોલ્ડ ગેસલ અને થોમ્પસને યેલ યુનિવર્સિટીમાં બાળમાનસનો અભ્યાસ કર્યો છે. હોલિંગવર્થે પણ આવો અભ્યાસ કર્યો છે. ભારતમાં પણ બાળમાનસના અભ્યાસ માટે કેટલીક સંસ્થાઓ કાર્ય કરી રહી છે.

આ રીતે બાળમનોવિજ્ઞાનના વિકાસમાં ઘણા વિજ્ઞાનો તથા વિદ્વાનોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

ફ્રોઈડનો ફાળો : 1938 માં ઉપલા માધ્યામ વર્ગના મનોવિકૃતિનો ભોગ બનેલાં પ્રૌઢ સ્ત્રીપુરુષોનો ઉપચાર કરતાં મનોવૈજ્ઞાનિક ફ્રોઈડે કેટલાંક મહત્ત્વનાં તારણો કાઢ્યા. (1) માનવીનું વર્તન બુદ્ધિથી નહિ પણ આવેગથી પ્રેરાયેલું હોય છે. (2) માનવીના સમગ્ર વર્તનમાં તેની મૂળભૂત પ્રેરણાઓનું જ સામ્રાજ્ય પ્રવર્તે છે અને તેમાં પણ જાતીયવૃત્તિ અતિશય પ્રબળ હોવાથી તે જ સર્વોપરી સ્થાન ધરાવે છે. (3) માનવીના વર્તન પર તેના જ્ઞાત મન કરતાં જેમાં દમન પામેલી વાસનાઓ, સ્મૃતિઓ અને આકાંક્ષાઓ દટાયેલી છે તે અજ્ઞાત મન વિશેષ અંકુશ ધરાવે છે. (4) વ્યક્તિને "ન્યૂરોસીસ" કે "સાયકોસીસ" જેવી જે મનોવિકૃતિઓ થાય છે તેનું મૂળ બાલ્યાવસ્થાના અનુભવોમાં રહેલું છે.

ફ્રોઈડના આ ક્રાંતિકારી ખ્યાલોએ બાળમનોવિજ્ઞાનના અભ્યાસને ખૂબ જ વેગ આપ્યો તેમજ તેનું મહત્ત્વ સ્થાપિત કર્યું.

(5) સૈદ્ધાંતિક દૃષ્ટિકોણ :

5.1 મનવિશ્લેષણાત્મક સિદ્ધાંત :

મનોવિશ્લેષણ માત્ર એક વૈજ્ઞાનિક અભિગમ જ નહીં, પરંતુ ઘણા વ્યાપક વિસ્તાર અને ઊંડા પ્રભાવવાળી સાંસ્કૃતિક ચળવળ હતી અને હજુ પણ છે. આ સંદર્ભમાં તેને માર્ક્સવાદ તેમજ ડાર્વિનવાદ સાથે સરખાવી શકાય. માર્ક્સવાદ અને ડાર્વિનવાદની જેમ મનોવિશ્લેક્ષણે પણ આપણા વૈજ્ઞાનિક બંધારણના ઘડતર અને પરિવર્તનમાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે.

- **મનોવિશ્લેષણવાદનો આરંભ અને વિકાસ :**

વિજ્ઞાનના ક્ષેત્રમાં મનોવિશ્લેષણનો પ્રવેશ એક વિસ્ફોટની જેમ હતો છતાં તેમાં રહેલાં વિચારો અને સિદ્ધાંતો સાવ નવીન હતા. મનોવિશ્લેષણની ઉદ્ભવની ભૂમિકામાં ત્રણ પ્રકારના પ્રવાહોની અસર બતાવી શકાય. આ પ્રવાહો જુદાં જુદાં હોવા છતાં એક બીજાથી સાવ અલિપ્ત ન હતા. આ ત્રણ પ્રવાહો જર્મન તત્ત્વજ્ઞાન અને સાહિત્યની બૌદ્ધિક સાંસ્કૃતિક ભૂમિકા, ડાર્વિનવાદ અને ફ્રોઈડ ઉપર પ્રત્યક્ષ અસર કરનારા પરિબળો તેમજ "સ્વ" અનુભવ છે.

"મનોવિશ્લેષણ" શબ્દ ચાર જુદાં જુદાં અર્થમાં વપરાય છે :

(1) માનવ વિકાસ અને વર્તનના વિવિધ પાંસાઓની સમજૂતી આપતા ખ્યાલો, સિદ્ધાંતો, સિદ્ધાંત કલ્પનાનું સૈદ્ધાંતિક માળખું.

(2) નિરીક્ષણ તેમજ અનુમાન ઉપર આધારિત સિદ્ધાંતની રચના

(3) નિરીક્ષણો કરવા માટેની રીત અને તેને આધારે અનુમાનો તારવવાની પદ્ધતિ

(4) માનસોપચારની પદ્ધતિ

મનોવિશ્લેષણવાદના આ ચારેય અર્થો એકબીજા સાથે સ્પર્શે છે. તેમાંનાં બે અર્થ સિદ્ધાંતને લગતાં અને બીજા બે અર્થ પદ્ધતિને લગતાં કહી શકાય. વ્યાપક અર્થમાં મનોવિશ્લેષણમાં મનોવૈજ્ઞાનિક પાસાઓમાં બધાજ સમાવી જાય છે. પરંતુ ફ્રોઈડનો આગ્રહ હતો કે મનોવિશ્લેષણનો અર્થ તેણે વિકસાવેલા સિદ્ધાંતો અને ઉપચાર પદ્ધતિ પૂરતો મર્યાદિત હોવો જોઈએ.

પ્ર. વ્યક્તિત્વ સિદ્ધાંત ફ્રોઈડના મનોવિશ્લેષણવાદના આધારે સમજાવો.

ID, Ego, Sup.Ego નો સમાવેશ થાય છે.

પ્ર. ફ્રોઈડનો મનોજાતીય વિકાસનો સિદ્ધાંત ચર્ચો.

પ્ર. એરિકસને આપેલ મનોસામાજિક વિકાસનો સિદ્ધાંત ચર્ચો અથવા તબક્કાઓ ચર્ચો (પ્રસ્તાવનામાં એરિકસન અને ફ્રોઈડ)

- **મનોસામાજિક વિકાસના તબક્કાઓ જણાવો :**

(Psycho and Social Development) :

વ્યક્તિ પોતાના જીવન દરમિયાન કેટલાંક નક્કી કરેલા તબક્કાઓમાંથી, પસાર થાય છે. એરિકસને ઘનિષ્ઠ અભ્યાસ કરીને આ તબક્કાઓ નક્કી કરી આપ્યા છે. તેમનાં માનવા પ્રમાણે વ્યક્તિ જીવનમાં જન્મથી મૃત્યુ સુધીમાં કુલ 8 તબક્કાઓમાંથી પસાર થાય છે. જીવનના 6 તબક્કો પૂરાં થાય અને વ્યક્તિ માત્ર 2 તબક્કા ખુલે ત્યારે તેણે કટોકટીનો સામનો કરવો પડે છે, કારણ કે તેનામાં માનસિક અને સામાજિક બદલાવ આવે છે. જીવનના આ આઠ તબક્કાઓ નીચે મુજબ છે :

- **મનોસામાજિક વિકાસના આઠ તબક્કાઓ :**

(1) વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસ (Trust Versus Mistrust)

(2) સ્વનિર્ભરતા વિરુદ્ધ શરમ અને શંકા (Autonomous V/s. Shame and Doubt)

(3) પહેલવૃત્તિ વિરુદ્ધ પાપની લાગણી (Initiative Vs/ Gilt feeling)

(4) મહેનત વિરુદ્ધ નાનમ (Industry V/s. Inferiority)

(5) સ્વ ઓળખ વિરુદ્ધ "સ્વ" ઓળખમાં ગૂંચવણ (Identity V/s. Identity Confusion)

(6) આત્મીયતા વિરુદ્ધ એકલતા (Intimacy Vs. Loneliness)

(7) પૂર્ણતા વિરુદ્ધ તિરસ્કાર (Integrity V/s. Disgust)

(ઉદાર વિરુદ્ધ [illegible]

(1) વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસ :

વિશ્વાસ કરવો અને વિશ્વાસ મૂકવો એ જીવન માટે મિત્રો બનાવવા, સંબંધ કેળવવા અને સુખ મેળવવા માટે જરૂરી છે. જન્મ પછી બાળક બહુજ અસહાય અને પરાવલંબી હોય છે. તે પોતે કશું જ કરી શકતો નથી, તેથી તેને મદદ / સહાયની જરૂર પડે છે. તાજાં જન્મેલા બાળકને ધીરજ હોતી નથી. અકળામણ થાય કે તેને તરત જ રાહત જોઈએ. તેને ભૂખ લાગે ત્યારે દૂધ તરત જ મળવું જોઈએ વગેરે. તેને તરત જ સહાય દ્વારા રાહત મળે તો તેનામાં "વિશ્વાસ" ઊભો થાય છે. અને તેના કારણે ધીમે ધીમે બાળકમાં ધીરજ પણ આવે છે. માતા બાળકને સરળતાથી કોઈ પણ જાતના તણાવ કે ચિંતા વગર દૂધ પીવડાવી શકે અને બાળકમાં તે દૂધ પીવાની ઈચ્છા હોય આ બંને એક સાથે શક્ય બને અને બંનેનો સમન્વય થાય તો "વિશ્વાસનાં બીજ" બાળકમાં રોપાય છે. વિશ્વાસ હોવાથી બાળકમાં માતાથી દૂર થવાનો વિશ્વાસ અને ધરપત રાખતા શીખે છે. આ શક્ય ન બને તો માતા હતાશા કે નિરાશામાં હોય, ગુસ્સે હોય કે કોઈ મુંઝવણમાં મુકાયેલી હોય, બાળક ભારરૂપ લાગતો હોય તો બાળકમાં "અવિશ્વાસના બીજ" રોપાય છે.

(2) સ્વનિર્ભરતા વિરુદ્ધ શરમ અને શંકા :

પ્રથમ વર્ષમાં વિકાસ પામેલો વિશ્વાસ બાળકને જાતે જ ચાલવા, બૉલવા તરફ લઈ જાય છે. તેનામાં આત્મવિશ્વાસ વિકાસ પામે છે. ચાલવા, બૉલવા માટે કુટુંબ તક અને પ્રોત્સાહન આપે, તેને ડરાવે નહી તો સ્વ-નિર્ભરતાના ગુણ વિકાસ પામે છે. આ તબક્કામાં ખાસ કરીને માતા અને બાળકનો સંબંધ અગત્યનો છે. તેના દૈનિક કાર્ય જેવાં કે ન્હાવું, કપડાં પહેરવા, બધું બાળકને જાતે જ કરવાનું હોય છે અને તે માતાને પસંદ પડતું નથી. આ પરિસ્થિતિમાં જીદ શરૂ થાય છે અને બાળક નકારાત્મક બનતું લાગે છે. આ તબક્કામાં બાળકને હકારાત્મક રીતે કાબૂમાં રાખવામાં આવે તો તે સ્વ-નિર્ભર થાય છે. આ તબક્કો બરાબર ન સચવાય તો બાળકમાં શરમ અને શંકાના બીજ રોપાય છે. જે મોટાભાગે તેને સમાજમાં ઘણી મુશ્કેલીમાં મુકી દે છે.

દા.ત., સીડી જોઈને બાળકને ઉપર જવાની જિજ્ઞાસા થાય છે. અને તે ઉપર જવા "જીદ" કરે છે, અને માતા તેને સજારૂપે ધમકાવે છે અને બાળકમાં નકરાત્મકતા આવે છે અને બાળકમાં સ્વ-નિર્ભરતાનો ગુણ વિકસતો અટકે છે અને તે કોઈ પણ કાર્યમાં શરમ અને શંકા ઉત્પન્ન થાય છે તે હકારાત્મક રીતે કાર્ય કરવામાં નબળો બને છે.

(3) પહેલવૃત્તિ વિરુદ્ધ પાપની લાગણી :

જીવનના ત્રીજા વર્ષમાં બાળક પોતાના બૉલવા ચાલવા પર ઘણો જ કાબૂ મેળવે તેનું કૌશલ્ય મેળવે છે, નવી જગ્યાએ જવાનું, નવાં શબ્દો સાંભળીને બૉલવામાં પહેલ કરે છે. ઘણી વખતે તે પહેલ કરવાથી મુશ્કેલી કે જોખમમાં મુકાય છે અને તેને સજા મળે છે ત્યારે તેનામાં પાપની લાગણી ઉદ્‌ભવે છે અને તેની પહેલવૃત્તિ ઘટી જાય છે. તેની કુતૂહલવૃત્તિનો વિકાસ અટકે છે.

દા.ત., સીડીને જોઈ જિજ્ઞાસા થવાથી, કુતૂહલવૃત્તિ બાળકના શિક્ષણના કાર્યમાં કામમાં આવે છે. આ તબક્કામાં બાળક પોતાના આવેગો ઉપર કાબૂમાં મેળવતાં શીખે છે. તેનામાં સ્થિરતાનો આ હોય છે અને બંધિયારપણું પણ જણાઈ આવે છે. બાળકની સલા જાળવીને તેની પહેલવૃત્તિ સંતોષાય તો તેનામાં પહેલવૃત્તિ અને આત્મવિશ્વાસ વિકાસ પામે છે.

(4) મહેનત વિરુદ્ધ નાનમ :

બાળક જયારે 5 થી 10 વર્ષની ઉંમરના ગાળામાંથી પસાર થાય ત્યારે તેનામાં બે હાથથી કામ કરવામાં રસ પડે છે. બે હાથથી કશું બનાવવું, રેતીમાં રમવું, સાઈકલ ચલાવવી, પઝલમાં રમવું, બ્લૉક ગોઠવવા વગેરેમાં રસ પડે છે. તેનામાં અનુકરણ શક્તિ ખૂબ જ હોય છે. તેને આપણે ભવિષ્યના મા-બાપ કે શિક્ષક ગણીએ છીએ. મા-બાપ કે શિક્ષકની નકલ તે આબેહૂબ કરે છે. આ તબક્કા દરમિયાન તેનામાં હારજીત, પાસ-નપાસ સ્વીકારવાની શરૂઆત થાય છે. વસ્તુ બનાવી તેનામાં સફળતા મેળવી બીજાને બતાવી બીજાનું ધ્યાન ખેંચે છે. આ બધી બાબતો જો શક્ય ન બને તો બાળકમાં હીનતા કે નાનમ ઉદ્‌ભવે છે.

(5) "સ્વ" ઓળખ વિરુદ્ધ "સ્વ" ઓળખમાં ગૂંચવણ :

10 વર્ષ પછી બાળક (વ્યક્તિ) કિશોરાવસ્થાનાં તબક્કામાં પ્રવેશે છે. "હું કોણ છું" એ પ્રશ્નનો જવાબ શોધે છે. આ તબક્કો બહુ જ નાજુક હોય છે. "નાનો ગણતાં મોટો લાગે અને મોટો ગણતાં નાનો લાગે", જવાબદારી આપો તો લઈ ન શકે અને ન આપે તો બાળક ગણે છે તેમ માની અપમાન લાગે છે. કિશોર પોતે પોતાને જ રીતે જુએ છે, માને છે. તેના કરતાં સમાજ કે કુટુંબની માન્યતા જુદી હોય તો "સ્વ" ઓળખમાં મુશ્કેલી પડે છે. પણ બંનેની સમજમાં સમાનતા હોય તો "સ્વ" ઓળખવામાં સરળતા આવે છે. તેનો સમયગાળો કૉલેજ સુધી હોય છે.

(6) આત્મીયતા વિરુદ્ધ એકલતા :

વ્યક્તિ મોટી થાય અને વ્યવસાય કરવા માંડે ત્યારે તેને કુટુંબની, લગ્નજીવનની તથા કમાવવાની જવાબદારી આવે છે. તેની ઉંમર હવે લેવા કરતાં આપવાની હોય છે. લગ્નજીવનમાં પ્રેમ કરવો, કાળજી રાખવી વગેરેની ક્ષમતા કેળવે છે. આથી પરસ્પરની ક્ષમતા કેળવાય છે. આ જો શકય ન બને તો લગ્નજીવન ભાંગી પડે છે અને વ્યક્તિ એકલતાનો અનુભવ કરે છે.

(7) ઉદારતા વિરુદ્ધ બંધિયારપણું :

વ્યક્તિ આ તબક્કામાં આધેડવયે પહોંચે છે. તેમના પોતાના બાળકો કિશોરાવસ્થાએ પહોંચ્યા હોય છે. તેઓ નોકરી-ધંધામાં સ્થાયી થયા હોય છે. કામ કરવામાં કરાવામાં નિપુણતા મેળવી હોય છે. જીવનનો આ તબક્કો બીજાને તૈયાર કરવાનો હોય છે. પોતાના બાળકો અને વ્યવસાય-ધંધામાં પોતાના હાથ નીચેના માણસોને જવાબદારી આપી તાલીમ આપવાનો છે. આ તબક્કામાં જો આ શકય ન બને તો બંધિયારપણાનો અનુભવ થાય છે અને હતાશા તથા નિરાશાઓ ઉત્પન્ન થાય છે.

(8) પૂર્ણતા વિરુદ્ધ તિરસ્કાર (Integrity V/s. Disgust) :

આ તબક્કો જીવનકાળનો છેલ્લો તબક્કો છે, નિવૃત્તિનો છે. મૃત્યુની પાસેનો છે. પોતે પોતાનું જીવન સારી રીતે જીવ્યા છે અને આજ અને એકજ જીવન હતું અને તેનાથી સંતોષ છે. આવી લાગણી થાય ત્યારે પૂર્ણતાનો અનુભવ થાય છે. આમ ન બને તો તિરસ્કારની ભાવના વ્યક્તિમાં ઉત્પન્ન થાય છે. વ્યક્તિ ખૂબજ ફરિયાદો કરવા લાગે. આ કુટુંબ અને આ માતા-પિતાને ત્યાં ન જન્મ્યો હોત તો સુખી હોત તેવી ભાવના ઉત્પન્ન થાય છે. તેને મૃત્યુની બીક લાગે છે. પોતાને હજુ ઘણું કામ કરવાનું, ભણવાનું તથા કમાવવાનું બાકી છે તેવું વ્યક્તિને લાગે છે. તેમની હાજરીથી તેમનાં પરિવારના લોકોને મુશ્કેલી પડતી હોય છે.

19 મી સદીમાં ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી હેનરી પોઈનકરે જણાવ્યું કે, "વિજ્ઞાન હકીકતો પર રચાયું છે, જેમ ઈંટોથી મકાન બને છે", પરંતુ હકીકતોનું એકત્રીકરણ (accumulate) એ ઈંટોના ઢગલા (pile) થી વિશેષ કંઈ નથી. વિજ્ઞાન એ કાચી માહિતી કે હકીકતો પર આધારિત છે. પરંતુ પોઈનકરે જણાવે છે કે વિજ્ઞાન હકીકતો કરતા વિશેષ છે. તમે તરત જ સમજી જશો કે, મનોવિજ્ઞાનના સિદ્ધાંત હકીકતો કરતાં વિશેષ છે.

સિદ્ધાંત એ વિચારોનો 'સમૂહ' છે. માહિતીના સ્પષ્ટીકરણ અને આગાહી માટે મદદ કરે છે. સિદ્ધાંતને સિદ્ધાંત કલ્પના હોય છે. ધારણાઓ હોય છે. વિજ્ઞાનનો હેતુ સિદ્ધાંતની સ્થાપના અને તેનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો છે. બધાજ પ્રકારનું જ્ઞાન સખત પરિશ્રમયુક્ત વ્યવસ્થિતતામાંથી આવે છે. (પિદેનગેટ 2003) વિજ્ઞાનમાં સિદ્ધાંત સ્થાપના થાય છે. વર્તનના ખુલાસા શોધવામાં આવે છે. તેમાં કેટલાક સોપાનો છે. જેવાકે,

1. સમસ્યાનો ખ્યાલ કે વિભાવના આપવી
2. માહિતી એકત્રીકરણ
3. માહિતી (Data) નું પૃથક્કરણ
4. નિષ્કર્ષો તપાસવા

આમાંથી પહેલા સોપાનમાં સંશોધકો જે સમસ્યાનું અધ્યયન કરવાનું છે તેઓ સમસ્યાની રચના કરે છે. આથી સંશોધકો સિદ્ધાંતની નજીક આવે છે અને માનવ જાતિવિજ્ઞાન તેમાં તેના આધારે સંશોધકો કોઈ ઉત્કલપનાનો વિકાસ કરે છે. વિકાસ અંગેના મુખ્ય પાંચ સૈદ્ધાંતિક દૃષ્ટિકોણ છે :

1. મનોવિશ્લેષણાત્મક
2. બોધનાત્મક
3. વાર્તનિક અને સામાજિક બોધાત્મક
4. પરિસ્થિતિ વિજ્ઞાન સિદ્ધાંત
5. માનવ જાતિ વિજ્ઞાન
6. સારગ્રાહી સૈદ્ધાંતિક અભિમુખતા


વિકાસના સિદ્ધાંતો
મનો-વિશ્લેષણાત્મક સિદ્ધાંત
વાર્તનિક અને સામાજિક બોધનાત્મક સિદ્ધાંતો
પરિસ્થિતિ વિજ્ઞાન
બોધાત્મક સિદ્ધાંત
માનવ જાતિવિજ્ઞાન
સારગ્રાહી સૈદ્ધાંતિક અભિમુખતા

- **મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત (Psychoanalytic Theories) :**

ફ્રોઈડનો મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત નીચે મુજબ છે :

તમે ક્યારેય સ્વપ્નનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો છે ? તમે માનો છો કે તમે અચેતન પરિબળોથી દોરવાયા છો ? એવું કંઈ હોય છે કે જેની આપણને ખબર ન હોય તો પણ થતું રહે છે ? ફ્રોઈડ માને છે કે અચેતન પરિબળો વર્તનને દોરે છે. જેમ કે વારંવાર પગ હલાવવા આંગળીની વીંટી વારંવાર ફેરવવી, નખ કરડવાં વગેરે વર્તન પાછળ અચેતન પ્રેરણાઓ જવાબદાર હોઈ શકે.

(1) મનોજાતીય વિકાસ (Psychosexual Development) :

ફ્રોઈડનો કાર્ય સમય 1856 થી 1939 સુધીનો હતો. ફ્રોઈડ માનસિક વિકૃતિ ધરાવતા દર્દીઓની સારવાર કરતો હતો અને તેમાંથી તેને અચેતન મનનો ફળદાયી રિપૉર્ટ મળ્યો હતો. અચેતન મન ખૂબ બળવાન છે. હિમશિલાનો 1/10 ભાગ જે ઉપર તરતો હોય છે તે ચેતન મન અને 9/10 ભાગ જે પાણીની અંદર છે, તે અચેતન મન છે. ફ્રોઈડના એક અગત્યના સિદ્ધાંત મનોજાતીય વિકાસના તબક્કાઓ નીચે પ્રમાણે છે:

(2) તબક્કાઓ (Stages) :

ડૉ. સિંગ્મંડ ફ્રોઈડે દર્શાવેલા મનોવિશ્લેણાત્મક બાળવિકાસના તબક્કાઓ નીચે મુજબ છે :

2.1 મુખ અવસ્થા (Oral stages) :

આ તબક્કો જીવનના પ્રથમ વર્ષમાં જોવા મળે છે. અહીં મુખ દ્વારા 'ઈડ'ની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય છે. નવજાત શિશુ માતાના સ્તન કે કૃત્રિમ બૉટલ દ્વારા દૂધ પીએ છે. મુખ ચૂસવાના આનંદ માટે સાધન બને છે. જો આ ઉંમરે બાળકોનો ચૂસવાનો આનંદ ઝૂંટવાઈ જાય કે બાળકને તેનાથી વંચિત રખાય તો કામસંતોષનું સ્થિરીકરણ થાય છે. આવું સ્થિરીકરણ મોટી ઉંમરે કેફી દ્રવ્યોના બંધાણી ધૂમ્રપાન, દારૂ પીવો, જુગાર રમવો, ચોરી કરવી વગેરે વ્યક્તિત્વ લક્ષણોમાં કે ટીકાખોર વ્યક્તિત્વમાં પરિણમે છે. ટીકાખોર વ્યક્તિ શું કરવું જોઈએ તે અંગે પોતાના અભિપ્રાય રજૂ કર્યા વિના બીજાની સતત ટીકા કરતો હોય છે.

2.2 ગુદા અવસ્થા (Anal stages) :

ગુદા અવસ્થા બાળપણના બીજા વર્ષે જોવા મળે છે. આ તબક્કા દરમિયાન બાળકમાં કામસંતોષની પ્રવૃત્તિઓ કે તેના સંવેદનોમાંથી મળતાં સુખમાં રહેલું છે. બાળક માતા-પિતાની ઈચ્છાઓ 'ઈડ' ની ઈચ્છાઓ

વચ્ચે ગૂંચવાઈ જાય છે. પરિણામે ચિંતા અને સંઘર્ષ અનુભવે છે. જો શરૂઆતના તબક્કામાં સ્થિરીકરણ થાય તો તે વ્યક્તિ અસામાજિક થાય છે અને તે અંગે તે પુખ્તવયે જીદ્દી અને આગ્રહીપણુંવાળા વ્યક્તિત્વમાં પરિણમે છે.

2.3 લિંગ અવસ્થા (Phallic stage) :

આ તબક્કો ત્રણથી પાંચ કે છ વર્ષ સુધીનો હોય છે. આ તબક્કા દરમિયાન બાળકનું ખાસ ધ્યાન લૈંગિક અવયવ તરફ દોરાય છે. બાળકને લિંગનો સ્પર્શ કે લિંગ સાથેની રમતમાં આનંદ મળે છે. ખૂબ થોડો કે વધારે આનંદ પાછલા ગાળામાં મુશ્કેલીઓ ઊભી કરે છે. દા.ત. વ્યક્તિ જાતીયતા માટે અપરાધ ભાવ અનુભવે છે અથવા જાતીય પ્રવૃત્તિ ચિંતા દૂર કરવા માટે કરે છે.

આ અવસ્થા દરમિયાન બાળકમાં પોતાના વિરુદ્ધ જાતિના માતા-પિતા પ્રત્યે આકર્ષણ અને પોતાના જાતિના માતા-પિતા માટે ઈર્ષાનું વલણ વિકસે છે. છોકરાંમાં આ પ્રકારનું વલણ માતા પ્રત્યે મમત્વ, જે ઈચ્છાને ફ્રોઈડ 'ઓડિપસ ગ્રંથિ' કહે છે અને છોકરાં આવા વલણને 'ઈલેક્ટ્રો ગ્રંથિ' કહે છે. ઓડિપસ ગ્રંથિના લીધે છોકરાંમાં છેદનગ્રંથિ કે પિતામાં જનેન્દ્રીય કાપી નાંખશે તેવો ભય વિકસે છે. ઈલેક્ટ્રો ગ્રંથિના લીધે છોકરીમાં લિંગ ઈર્ષાનો ભાવ જન્મે છે. બંને જાતિના બાળકોમાં અચેતન સંઘર્ષ ઊભો થાય છે. મોટાભાગના આ કિસ્સાઓમાં આ સંઘર્ષ દૂર કરી શકાય છે. વિરુદ્ધ જાતિના માતા કે પિતાને આ માટે પોતાની જાતિના માતા-પિતા પ્રત્યે તાદાત્મ્ય અનુભવે છે. મા-બાપની જાતીય ઉન્મુખતા રીતભાત અને મૂલ્યોને તે પોતાના માને છે. ઓડિપસ ગ્રંથિનો પુનઃ ઉકેલ 'સુપર ઈગો' ના ઘડતરમાં પરિણમે છે. જો આ ગ્રંથિનું નિરાકરણ ન થયું હોય તો વ્યક્તિ વિજાતીય વ્યક્તિઓ, મિત્રો વગેરે સાથે તંદુરસ્ત સંબંધ બાંધી શકતી નથી. કેટલાક છોકરાંઓ છોકરી સાથે વાત કરતાં અચકાય છે. આની પાછળ ફ્રોઈડે સૂચવેલ કારણો હોઈ શકે છે.

2.4 સુષુપ્ત અવસ્થા (Latency period) :

પાંચથી દસ વર્ષના ગાળાને સુષુપ્ત અવસ્થા કહે છે. આ વર્ષો દરમિયાન બાળકોમાં તેના જનનાંગો તેમજ તેને સંલગ્ન પ્રવૃત્તિઓમાં દેખીતી રીતે રસ દેખાતો નથી. આમ, જાતીય પ્રેરણા સુષુપ્ત હોય તેવું લાગે છે.

એરિકસનના મતે, વ્યક્તિત્વ વિકાસની આ સૌથી મહત્ત્વની અવસ્થા છે. આ શિક્ષણનો કાળ છે. આ અવસ્થામાં વ્યક્તિત્વ વિકાસના બૌદ્ધિક પાસાંને વધારે મહત્ત્વ મળે છે. બાળક ભૌતિક-સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણને ઓળખે છે. અને તેમાંથી કેવી રીતે ફાયદો મેળવવો તે શીખે છે.

આ ઉપરાંત તે સામાજિક વાતાવરણના પરિચયમાં પણ આવે છે. મિત્રો કોને ગણવા, તેમના પર કેટલો ભરોસો રાખવો, કઈ પરિસ્થિતિથી સાવચેન રહેવું, એવી માહિતી આ સમયમાં મળે છે. ટૂંકમાં, મોટી ઉંમરે કે સામાજિક આંતરક્રિયા કરવાની હોય છે. તેના સ્વનો પાયો અહીં નંખાય છે. ફ્રોઈડે આ અવસ્થાને સુષુપ્ત ગણાવી છે. જ્યારે એરિકસને ખૂબ મહત્ત્વની ગણી છે. આથી વ્યક્તિના બૌદ્ધિક અને જ્ઞાનાત્મક વિકાસમાં આ અવસ્થાનો શો ફાળો છે તે સમજાવ્યું છે.

2.5 જનનેન્દ્રિય અવસ્થા (Genital stage) :

બાળક યુવાન બને છે. 12 વર્ષની ઉંમરે તેનામાં જાતીયતા અંગે રસ જાગે છે. તેનામાં જનનેન્દ્રિય અને તેને લગતી પ્રવૃત્તિઓ જોવા મળે છે. સુસમાયોજિત મુખ અવસ્થા, લિંગ અવસ્થા, ગુદા અવસ્થા વગેરે સાથે તાલ મીલાવે છે. આમાંથી પુરુષ કે સ્રી પ્રેમ અને જાતીય સંતોષ મેળવવા શક્તિમાન થાય છે. મોટાભાગના પુખ્ત ઉંમરના જાતીય પ્રશ્નો મુખ અવસ્થા, લિંગ અવસ્થા અને ગુદા અવસ્થાની સ્થિરીકરણને લીધે ઉદ્ભવ્યા હોય છે. આવા સ્થિરીકરણયુક્ત લોકો જાતીયતા પ્રત્યે ધિક્કારનું વલણ દાખવે છે. કેટલાક જાતીયતાથી વિમુખ થવાના વલણ દાખવે છે.

આમ, ડૉ. સિંગ્મંડ ફ્રોઈડે વિકાસની અવસ્થા દ્વારા આ મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત (Psychoanalytic Theory) ને સિદ્ધ કર્યો છે. ત્યારબાદ આ સિદ્ધાંતમાં એરિકસનો પણ ફાળો છે, જે નીચે મુજબ છે :

(3) એરિકસને મનોવિશ્લેષણશાસ્ત્રમાં કરેલું પ્રદાન :

ડૉ. સિંગ્મંડ ફ્રોઈડના સિદ્ધાંતના અનેક રૂપાંતર થયા. (Eagle 2000) આ રૂપાંતરોમાં એરિકસનનું નામ મહત્ત્વનું છે. તેની વ્યક્તિત્વ વિકાસની મુખ્ય અવસ્થાઓ નીચે પ્રમાણે છે :

એરિકસને વ્યક્તિત્વ વિકાસની કુલ આઠ અવસ્થાઓ વર્ણવી છે. તેની વ્યક્તિત્વ વિકાસની સમજૂતી ફ્રોઈડે આપેલી વ્યક્તિત્વ વિકાસની સમજૂતી કરતાં ઘણી વધારે વ્યાપક અને સમગ્ર જીવનને આવરી લેતી છે. ફ્રોઈડે મનોજાતીય વિકાસના તબકકા આપ્યા, જ્યારે એરિકસને મનોસામાજીક તબકકા આપ્યા. ફ્રોઈડના મતે માનવીનું મૂળભૂત વ્યક્તિત્વ પ્રથમ 5 વર્ષમાં આકાર પામે છે. સમગ્ર જીવનકાળ દરમિયાન વિકાસાત્મક પરિવર્તનો થતાં રહે છે. એરિકસને આઠ તબક્કા સૂચવ્યા છે. આ આઠેય તબક્કા નીચે પ્રમાણે છે :

- **એરિકસનના તબક્કા (Stages of Erikson)**

1	વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસ	શૈશવનું પ્રથમ વર્ષ
2	સ્વાયત્તતા વિરુદ્ધ શંકા શરમ	શૈરવ અવસ્થા 1 થી 7 વર્ષ
3	પહેલ કરવાના વલણ વિરુદ્ધ	આરંભ કાળની બાલ્યાવસ્થા અપરાધ ભાવના પૂર્વશાલેય વર્ષો 3 થી 5 વર્ષ
4	ઉદ્યમશીલતા વિરુદ્ધ લઘુતા	મધ્ય અને ઉત્તર બાલ્યાવસ્થા પ્રાથમિક શાળાના વર્ષો 6 વર્ષથી યૌવન આરંભ સુધીની અવસ્થા
5	ઓળખ વિરુદ્ધ ભૂમિકા દ્વિધા	તરુણાવસ્થા (10 થી 12 વર્ષનો તબક્કો)
6	નિકટતા વિરુદ્ધ એકલતા	આરંભકાળની પુખ્તાવસ્થા 20 થી 30 વર્ષ
7	વ્યાપકતા વિરુદ્ધ સ્થગિતતા	મધ્યપુખ્ત અવસ્થા 40 થી 50 દસકાના વર્ષો
8	નિષ્ઠા વિરુદ્ધ નિરાશા	ઉત્તર પુખ્તવસ્થા 60 વર્ષ બાદ

દરેક તબક્કામાં વ્યક્તિએ કોઈને કોઈ વિકસાત્મક કાર્યોનો સામનો કરવાનો છે જેના લીધે કટોકટી કે સંઘર્ષ ઊભો થાય છે. આ કટોકટી કે સંઘર્ષનું નિરાકરણ વ્યક્તિએ વળાંક લાવવાનું છે. એરિકસનના મતે, આવી કટોકટી કોઈ આપત્તિ નથી પણ વ્યક્તિના જીવનને બદલનારો પ્રસંગ છે. વ્યક્તિ જેટલી સફળતા કટોકટીનો ઉકેલ લાવે તેટલો તેનો તંદુરસ્તી વિકાસ થશે (હોપકિન્સ 2000)

એરિકસને દર્શાવેલા આઠ તબક્કાઓ નીચે મુજબ છે :

3.1 વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસ (Trust V/s Mistrust) :

જીવનનો પ્રથમ વર્ષનો તબક્કો બાળકોની શારીરિક અને આવેગાત્મક જરૂરિયાતો સંતોષવાનો તબક્કો છે. આ જરૂરિયાતો પ્રથમ વર્ષમાં સંતોષાય તો બાળક આસપાસના લોકો પર વિશ્વાસ મૂકવાનું શીખે છે. અને એમ ન થાય તો તેઓ વ્યગ્ર બને છે અને પોતાના વાતાવરણ વિશે અવિશ્વાસુ રહે છે. શૈશવના પ્રથમ વર્ષમાં વિશ્વાસની લાગણી બંધાયી તો જીવન સારું અને આનંદદાયક બને છે.

3.2 સ્વાયત્તતા વિરુદ્ધ શંકા - શરમ :

એરિકસનનો બીજો મનોસામાજિક તબક્કો શૈશવકાળ (અવસ્થા) અને 'ટોડલર હૂડ' માં એકથી ત્રણ વર્ષના વર્ષો દરમિયાન માતા-પિતા બાળકને ચાલતાં, બોલતાં અને પોતાની જાતને સાંભળવા માટે પ્રોત્સાહિત કરે છે. જેના કારણે બાળક પોતાની વય અનુસાર સ્વાયત્તતા મેળવે છે. શિશુને લાગે છે કે તેમનું પોતાનું વર્તન પોતાનું જ છે. તેઓ પોતાની સ્વતંત્રતા કે સ્વાયત્તતાની લાગણીને ભારપૂર્વક દર્શાવવાનું શરૂ કરે છે. તેઓ તેમની ઈચ્છાઓની અનુભૂતિ કરે છે. જો આ ગાળામાં માતા-પિતા બળજબરી કરે કે અતિરક્ષણ કરે તો બાળકને પોતાની શંકા રહે છે અને એક પ્રકારની શરમનો અનુભવ કરે છે, તેથી 1 થી 3 વર્ષનો સમય સ્વાયત્તતાનો ગાળો છે.

3.3 પહેલ કરવાના વલણ વિરુદ્ધ અપરાધ (Initiative V/s Guilt) :

એરિકસનનો આ ત્રીજો મનોસામાજિક તબક્કો છે. પૂર્વશાલેય વર્ષોનો તબક્કો 3 થી 5 વર્ષની વયનો તબક્કો પૂર્વશાલેય બાપીકો વ્યાપક બનતાં જતાં સામાજિક વિશ્વનો મુકાબલો શરૂ કરે છે. બાળકો 4 થી 5 વર્ષના થાય તે દરમિયાન સહજ રીતે આજુબાજુ ઘૂમતા થઈ જાય છે. નવાં નવાં મિત્રો બનાવે છે. શૈશવ કરતાં આ સ્થિત વધારે પડકારરૂપ સ્થિત છે. આ પડકારને પહોંચી વળવા વધુ સક્રિય અને સહકાર આવશ્યક છે. બાળકોને તેમનું શરીર, રમકડાં વગેરે અંગે સ્વ જવાબદારીઓ સ્વીકારવી પડે છે. જવાબદારી સંભાવના વિકસે તો પહેલ કરવાની વૃત્તિ પણ વિકસે છે. બાળકના પહેલ કરવાના વલણને માતા-પિતા સમર્થન આપે તો બાળકને આનંદ મળે છે. પરંતુ આવી પ્રવૃત્તિને વિનાકારણે રોકવામાં આવે તો બાળક વ્યગ્ર બને, નિષ્ક્રિય બની જાય છે. તેની પહેલ કરવાની વૃત્તિ વિશે અપરાધભાવ અનુભવે છે. એરિકસન આ તબક્કા વિશે વિધાયક દૃષ્ટિબિંદુ દર્શાવે છે.

3.4 ઉદ્યમશીલતા વિરુદ્ધ લઘુતા (Industry V/s Inferiority) :

એરિકસનનો આ ચોથો મનોસામાજિક તબક્કો છે. આ 6 થી 11 વર્ષનો સમય છે. આ ગાળામાં બાળકો ઘરમાં, શાળામાં તેમજ રમતના મેદાન પર ભિન્ન ભિન્ન શક્તિઓના વિકાસ માટે પ્રયત્ન કરે છે. આજ તેમનો આનંદ હોય છે. તેમની પહેલ કરવાની વૃત્તિને લીધે તેમની અનેક ભૂલો થાય છે. આ સમયમાં અનેક બાબતો શીખવામાં ઉત્સુકતા બતાવે છે. આ ગાળામાં તેઓ જેટલાં શક્તિશાળી બને તેટલા પ્રમાણમાં તેમનો 'સ્વ' વિશેનો ખ્યાલ ઊંચો થાય છે. પરંતુ પ્રાથમિક શાળાનું ભયસ્થાન એ છે કે જો આ બાળક કોઈ ખાસ કારણ વિના હતાશા અને નિષ્ફળતા અનુભવ કરે તો તેમનામાં લઘુતાભાવ વિકસે તેવું શક્ય છે. એરિકસન માને છે કે, બાળકોમાં ઉદ્યમશીલતા વિકસે તે શિક્ષકોની મૂળભૂત જરૂરિયાત છે.

3.5 ઓળખ વિરુદ્ધ ભૂમિકા દ્વિધા :

આ પાંચમો તબક્કો છે જે તરુણાવસ્થાના વર્ષો 12 થી 18 વર્ષનો ગાળો છે. આ સમય દરમિયાન વ્યક્તિઓ તેઓ કોણ છે ? તેમનું શું કામ છે ? અને જીવનમાં તેઓ કયાં જઈ રહ્યા છે ? આવા સમયમાં વ્યક્તિ પોતાની ઓળખ મેળવવા મેદાને પડે છે. આ ગાળામાં વ્યક્તિને નવી ભૂમિકા ભજવણીના પ્રશ્નોનો સામનો કરવો પડે છે. ખાસ કરીને પ્રેમ અને વ્યાવસાયિકક્ષેત્રે. માતાપિતા પણ અનેક જુદી જુદી પરિસ્થિતિઓનું અન્વેષણ કરવા માટે તરુણોને પ્રોત્સાહિત કરે છે. પરંતુ જો માતા પિતાએ તરુણો પર વધારે પડતું દબાણ કર્યું હોય, જો તરુણો યોગ્ય રીતે પોતાની ભૂમિકાનું અન્વેક્ષણ ન કર્યું હોય તેને ભવિષ્યનો કોઈ માર્ગ ન મળે. પોતે શું છે અને શું બની શકે તેમ છે એ ન સમજાયું હોય તો પોતાની ભૂમિકાની બાબતમાં દ્વિધાની સ્થિતિ ઊભી થાય છે.

3.6 નિકટતા વિરુદ્ધ એકલતા (Intimacy Vs. Isolation) :

પુખ્તાવસ્થાના આરંભકાળમાં કૌટુંબિક સંબંધોની કડીઓ શિથિલ થવા માંડે છે. આ સંજોગોમાં વ્યક્તિમાં મિત્રો સાથે નિકટતા સંતોષપ્રદ સંબંધો બાંધવાની જરૂરિયાત ઉદ્ભવે છે. વ્યક્તિ પોતાના મિત્રો સાથે કે સખા-સખીઓ સાથે કે જીવનસાથી સાથે નીડરતાયુક્ત સંબંધો બાંધવામાં નિષ્ફળ જાય છે. એરિકસ નીડરતાની સુંદર વ્યાખ્યા આપીને : "Intimacy is finding one self in you losing one self in an other" નીડરતા એટલે પોતાની જાતને શોધવી અને સાથે-સાથે પોતાની જાતને બીજામાં ખોઈ નાંખવી. આ સાડા-છ અબજની વસ્તીમાં આપણું પોતાનું કોઈ એક તો હોવું જોઈએ. યુવા વ્યક્તિ બીજી વ્યક્તિઓ સાથે તંદુરસ્ત અને નિકટનો સંબંધ સ્થાપતી રહે તો નિડરતા સિદ્ધ થાય છે. તે એકલતાનો ભાવ વેદના અને વ્યથાનો અનુભવ કરે છે.

3.7 વ્યાપક્તા વિરુદ્ધ સ્થગિતતા (Generativity Vs. Stagnation) :

મધ્યપુખ્તતા અવસ્થાનો તબક્કો મધ્યવયમાં વ્યક્તિ પોતાની જાત, કુટુંબ કે પોતાના કામધંધાથી આગળ પોતાનો વ્યાપ વધારે છે. લોક કલ્યાણના ક્ષેત્રે કંઈ કરી છૂટવા તે મથે છે. પોતાની પેઢીને કઈ રીતે વિકસાવવું અને ઉપયોગી જિંદગી જીવવી તે શીખવામાં તેને જ વ્યાપકતા રીતે સહાયરૂપ થાય છે. આ ગાળામાં આજ તેનો નિસબત છે. એરિકસન તેને વ્યાપકતા કહે છે. જો આપણી પાછળની પેઢી માટે આપણે કંઈ ન કરીએ તો તેને સ્થગિતતા જ કહેવાય.

3.8 નિષ્ઠા વિરુદ્ધ નિરાશા (Loyalty Vs. Despair) :

એરિકસનનો આ આઠમો અને છેલ્લો મનોસામાજિક તબક્કો છે. ઉત્તર પુખ્તતા અવસ્થામાં જીવનસંધ્યાએ દરેક વ્યક્તિ જાણે અજાણે પોતાના જીવનનું સરવૈયું કરવા બેસે છે. પોતે જીવનમાં શું કર્યું ? ફકત પૈસા જ ભેગા કર્યા ? જો આ સરવૈયામાં જમા પાસું હોય તો વ્યક્તિને વૃદ્ધાવસ્થામાં સુખનો અનુભવ થાય છે. પરંતુ જો એમને એમ લાગે કે તેમણે તેમનું જીવન નિરર્થક ગુમાવી દીધું છે, તો તેઓ નિરાશાનો ભાવ અનુભવે છે. જીવન સાર્થક રીતે જીવ્યા હોય તો સુખનો અનુભવ થાય છે. જેમ કે જ્ઞાનના મહાસાગરમાં પુસ્તક લખીને એક નાનકડા બિંદુનો ઉમેરો કર્યો. એરિકસન તેને જ નિષ્ઠા કહે છે અને જો જીવન નિરર્થક રીતે જીવ્યા હોઈએ ત્યાં શોકની લાગણી થાય છે. જેમ કે મને લાગે કે મારું જીવન વ્યર્થ ગયું, કંઈ કર્યું નહીં. સમય હાથમાંથી સરકી થયો, એરિકસન તેને નિરાશા તરીકે ઓળખાવે છે.

4. મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંતોનું મૂલ્યાંકન (Evaluation of Psychoanalytic Theories) :

આ સિદ્ધાંતોનું પ્રદાન નીચે મુજબ છે :

(1) વિકાસમાં આરંભકાળના અનુભવો કેન્દ્રીય ભૂમિકા ભજવે છે.

(2) વિકાસમાં કૌટુંબિક સંબંધો જોવા મળે છે.

(3) જો વ્યક્તિને વિકાસાત્મક રીતે તપાસીએ તો તેને વધારે સારી રીતે સમજી શકાય.

(4) મનનો બધોજ ભાગ જાગૃત કે સચેતન હોતો નથી. મનમાં અજાગૃત પાસાં પર ધ્યાન આપવું જોઈએ.

(5) બાળપણમાં કે પુખ્તાવસ્થામાં પરિવર્તનો થતાં રહે છે (એરિકસન)

મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંતની ટીકાઓ પણ કરવામાં આવી છે. જે નીચે મુજબ છે :

- **ટીકા :**

(1) આ સિદ્ધાંતોની મુખ્ય સંકલ્પનાઓની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરવાનું શક્ય નથી.

(2) મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંતોને ટેકો આપતાં મોટાભાગની વ્યક્તિના ભૂતકાળની તપાસ કરવામાં આવે અને તે પણ દૂરના ભૂતકાળ અને તેથી તેની યર્થાથતા શંકાસ્પદ રહે છે.

(3) વિકાસમાં જાતીય બાબતોને ખાસ કરીને ફ્રોઈડના સિદ્ધાંતમાં વધુ પડતું મહત્ત્વ અપાયું.

(4) વિકાસને અસર કરવામાં અજાગૃત મનનો વધારે પડતો ભાર મૂકવામાં આવ્યો છે.

(5) ફ્રોઈડના મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંતમાં માનવી વિશે જે ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે તે વધુ પડતું નકારાત્મક છે.

(6) મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંતમાં સંસ્કૃતિ અને લિંગ (Gender) અંગે ઝૂકાવ (Bias) છે.

5.2 વર્તનવાદની ભૂમિકા (પ્રસ્તાવના) સ્થાપના અને વિકાસ :

20 મી સદીની પ્રથમ 25C મનોવિજ્ઞાનના ઈતિહાસનો મનોવિજ્ઞાન છે. આ ગાળા દરમિયાન મનોવિજ્ઞાનમાં કેટલાક સંપ્રદાયો ઉદ્દ્ભવ્યા, આથમ્યા અને વિકસ્યા. "વિલિયમ મેકડુગલનો Introduction to Psychology 1908 માં, ડો. સિગ્મન્ડ ફ્રોઈડનો ઈન્ટરવેન્શન ઑફ ડ્રીમ 1900 માં અને સાઈકોપેથોલોજી (Psychopathology) 1908 માં તેમજ વર્તનવાદી ઘોષણા કરતો વૉટસનનો પ્રથમ લેખ 1913 માં પ્રકાશિત થયો. સમવિષ્ટવાદને જન્મ આપતો વર્ધીમરનો ચક્રવૃત્તિ પ્રયોગ 1912 માં થયો. આ રીતે હેતુવાદ, મનોવિશ્લેષણવાદ, વર્તનવાદ, સમષ્ટિવાદનાં સંપ્રદાયો ઉદ્દ્ભવ્યા. આ વિચાર પ્રવાહો આપતો પરંપરાગત મનોવિજ્ઞાન સાથે બળવા તરીકે પ્રગટ થયા હતા. પરંતુ તેની વચ્ચે પરસ્પર પણ એટલું બધું અંતર હતું કે, તેઓ એકબીજાના વિરુદ્ધ બની ગયા. આમાં વર્તનવાદની વિશેષતા એ છે કે અમેરિકન ભૂમિમાં જ વિકસેલા રચનાવાદ અને વિલિયમ જેમ્સ તેમજ કાર્યવાદનાં વિરોધમાં તેનો અમેરિકામાં જન્મ થયો. જૂનું એ બધું નકામું, વહેમી અને અવૈજ્ઞાનિક હતું. અને નિષ્ફળ ગયું હતું માટે વર્તનવાદી દષ્ટિબિંદુ અપનાવું જોઈએ કે જે વિચાર સાથે વર્તનવાદે પ્રવેશ કર્યો અને પ્રભાવશાળી પ્રવાહ તરીકે વર્તનવાદનો અર્થપૂર્ણ અસ્તિત્વ વિકસ્યું. આજે એક સંપ્રદાય તરીકે વર્તનવાદનો અર્થપૂર્ણ અસ્તિત્વ નથી, પરંતુ તેનામાં જે કાંઈ સારું હતું તે આધુનિક મનોવિજ્ઞાનનો ભાગ બની ચૂકયો છે. જો કે આજે શુદ્ધ અને સિદ્ધાંત ચુસ્ત વર્તનવાદીઓની સંખ્યા અતિ અલ્પ છે. પરંતુ વર્તનવાદના અનેક પ્રકારો છે અને તેમાં માનનારા વર્તનવાદીઓની સંખ્યા મોટી છે. વર્તનવાદનો પ્રભાવ મનોવિંજ્ઞાનના ક્ષેત્રની બહાર પણ થયો છે. વર્તનવાદે સમાજશાસ્ત્રના ક્ષેત્રને અસર કરી છે, તેમજ જીવવિજ્ઞાન અને મનોવિજ્ઞાન. મનોવિજ્ઞાન અને શરીરવિજ્ઞાન વચ્ચેના સંબંધો ઘનિષ્ઠ બન્યા છે. કેટલાક મનોવૈજ્ઞાનિકો અને સમાજવિદોએ સામાજિક અને ધાર્મિક વ્યવહાર વર્તનવાદી દષ્ટિબિંદુથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાક વ્યક્તિત્વ સિદ્ધાંતો પણ વર્તનવાદી છે.

- **વર્તનવાદની ભૂમિકા, સ્થાપના અને વિકાસ**

વર્તનવાદની ભૂમિકામાં ત્રણ પ્રવાહો રહેલા છે.

(1) વસ્તુલક્ષીવાદની તત્ત્વજ્ઞાની પ્રણાલિકાઓ

(2) પ્રાણી મનોવિજ્ઞાન

(3) કાર્યવાદ તેમજ અન્ય વર્તનલક્ષી મનોવિજ્ઞાન

- **વૉટસનના વર્તનવાદના સિદ્ધાંતો :**

(1) મનોવિજ્ઞાનની વ્યાખ્યા અને વિષયવસ્તુ :

વૉટસનના મતે, "મનોવિજ્ઞાન પ્રાકૃતિક વિજ્ઞાનનો એવો ભાગ છે જે માનવ વર્તન અને વાણી, શીખેલી, વણશીખેલી વિષયવસ્તુ તરીકે સ્વીકારે છે" વર્તનવાદી મનોવિજ્ઞાન મનુષ્ય વર્તનનું સંશોધન કરી તેની પાછળ રહેલા સામાન્યીકરણો અને સિદ્ધાંતો શોધવાનો પ્રયત્ન કરે છે. વર્તન એટલે શારીરિક વર્તન, ચેતન વ્યાપારો કે માનસિક કાર્યો નહિ. વર્તનનો ઉદ્દીપક પ્રતિક્રિયાના રૂપમાં પૃથક્કરણ કરી સ્પષ્ટીકરણ કરી શકાય છે. આથી મનોવિજ્ઞાનની સમક્ષ તાત્કાલિક બે સમસ્યાઓ છે. ઉદ્દીપકની પ્રતિક્રિયા ઉત્પન્ન કરનારી સંભવિક કારણભૂત પરિસ્થિતિ છે. ઉદ્દીપકની પ્રતિક્રિયા ઉત્પન્ન કરનારી સંભવિક કારણભૂત પરિસ્થિતિ છે. ઉદ્દીપકની

પ્રકારના તંત્રનો સમાવેશ કરે છે. વર્તન સમગ્ર શરીરમાંથી થતી ક્રિયા છે, તેથી વર્તનને સમજવા માટે આ શરીરની રચના, ક્રિયાઓ અને કાર્યવાહી જાણવા જોઈએ. જેમ યંત્રવિદ્ પોતાનાં યંત્રને જાણે છે તેમ વર્તનવાદી મનોવિજ્ઞાનિકોએ માનવ પ્રાણીઓને જાણવા સમજવા જોઈએ.

વૉટસને ક્રિયાઓને ચાર જૂથમાં વહેંચી છે.

I. બાહ્ય પ્રગટ ટેવ વ્યાપારો - જેમ કે ટેનિસ રમવું, તાળું મારવું

II. આંતરિક અપ્રગટ વ્યાપારો - જેમાં વિચાર ક્રિયા

III. પ્રગટ આનુવંશિક પ્રતિક્રિયાઓ જેવી કે આવેગાત્મક વ્યાપારો

IV. અપ્રગટ આનુવંશિક પ્રતિક્રિયાઓ, ગ્રંથિસ્રાવો

વૉટસનનો ચેતના સામેનો વિરોધ પ્રાણી અભ્યાસની ભૂમિકા અને મનોવિજ્ઞાન વિશેના મંતવ્યમાંથી જ જન્મ્યો છે. વૉટસનનોને ઉપતત્ત્વવાદનો મત સ્વીકારીને કહ્યું કે "ચેતના તો માત્ર સાદી બાબત છે, તેનું અસ્તિત્વ વૈજ્ઞાનિક દ્વારા કસોટીઓ પુરવાર થઈ શકે નહીં અને છતાં જો તેની હયાતી હોય તો પણ તે વસ્તુલક્ષી નિરીક્ષણને પાત્ર નથી."

(2) મનોવિજ્ઞાન અને શરીરવિજ્ઞાન વચ્ચે સંબંધ :

જો માનવવર્તનનું યંત્રવાદી, ભૌતિકવાદી, પરિભાષામાં અર્થઘટન કરવામાં આવે તો મનોવિજ્ઞાન શરીરવિજ્ઞાનની શાખા બની જાય. વૉટસને કહ્યું કે વર્તનનું વિજ્ઞાન શરીરવિજ્ઞાન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. પરંતુ તે તેની શાખા નથી. શરીરવિજ્ઞાન શરીરના અવયવો, બરોળ, હૃદય, ફેફસાં વગેરેના કાર્યો વિશે અભ્યાસો કરે છે, તેથી શરીરવિજ્ઞાન જ્યારે બધા જ અંગોને એક સાથે મૂકે છે ત્યારે મનોવિજ્ઞાનનું કાર્ય શરૂ થાય છે.

વર્તનનું મનોવિજ્ઞાન શરીરનું વિજ્ઞાન નથી, કારણ કે શરીર વિજ્ઞાનમાં ક્યારેક સમગ્ર શરીરતંત્રનો વાતાવરણ સાથેના સંદર્ભમાં અભ્યાસ થતો નથી. શરીરવિજ્ઞાન ગ્રંથિ કે હૃદયની કાર્યવાહી સમજાવી શકે. પરંતુ તે રોજિંદાજીવનની પરિસ્થિતિઓને સાકાર આપી શકે નહીં. શરીરવિજ્ઞાન વ્યક્તિના વ્યક્તિત્વ કે ચારિત્ર્ય વિશે કશું કહી શકે નહીં. જ્યારે મનોવિજ્ઞાન ચેતાતંત્રનો વાતાવરણ સાથેના સંદર્ભમાં અભ્યાસ કરે છે. આ સમગ્રવાદી અભિગમ મનોવિજ્ઞાનનો શરીરવિજ્ઞાનથી તફાવત પાડે છે.

(3) મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ :

વૉટસને વર્તનવાદના અભ્યાસ માટે ચાર પદ્ધતિઓની ભલામણ કરી છે જે નીચે પ્રમાણે છે :

(1) સાધનો સાથે કે વગરનું નિરીક્ષણ

(2) અભિસંધિત પ્રતિક્ષેપ પદ્ધતિ

(3) શાબ્દિક અહેવાલ પદ્ધતિ

(4) કસોટીઓ

નિરીક્ષણ તો વિજ્ઞાનની પાયાની પદ્ધતિ છે. સાધનોના ઉપયોગથી નિરીક્ષણ વધારે ઝીણવટભર્યું ચોક્કસ અને વિસ્તૃત બને છે. પાવલૉવની અભિસંધાનની પદ્ધતિ વૉટસનને અનુકૂળ આવી. કારણ કે તે વસ્તુલક્ષી છે. વૉટસને કસોટીઓને "વર્તનના માપ" તરીકે સ્વીકારી છે. તેણે કસોટીઓના ત્રણ પ્રકાર પાડયા છે. (1) સામાન્ય વર્તન કસોટીઓ (2) વિશિષ્ટ શક્તિ કસોટીઓ (3) કસોટીઓમાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ.

વૉટસને શાબ્દિક અહેવાલ પદ્ધતિનો પણ સ્વીકાર કર્યો છે. તેણે કહ્યું કે શાબ્દિક અહેવાલ એ શાબ્દિક વર્તન છે. જેમ કે વ્યક્તિને "ઠંડું" કે "ગરમ"-ઉદ્દીપક લગાડવામાં આવે તો તે "આ ઠંડું છે", "ગરમ છે" એવી શાબ્દિક પ્રતિક્રિયા કરે છે. આ શાબ્દિક પ્રતિક્રિયા અર્થમય અને વસ્તુલક્ષી છે.

કેટલરે કહ્યું છે કે વસ્તુલક્ષી પદ્ધતિઓને નામે વર્તનવાદે કોઈ મહત્ત્વનો ફાળો આપ્યો નથી. કારણ કે મનોવિજ્ઞાન પ્રાયોગિક વિજ્ઞાન બન્યું ત્યારથી વસ્તુલક્ષી પદ્ધતિઓ મનોભૌતિકશાસ્ત્ર, સ્મરણ અભિસંધાન વગેરેના અભ્યાસમાં વપરાતી હતી. ટૂંકમાં, વિષયવસ્તુ અને અભ્યાસ પદ્ધતિમાં વૉટસનનો પ્રયત્ન તત્ત્વજ્ઞાનની પૂર્વજતા, માનસિક ખ્યાલો અને આત્મલક્ષી પદ્ધતિઓથી સંપૂર્ણપણે મુક્ત છે. એવું રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન જેવું વસ્તુલક્ષી મનોવિજ્ઞાન આપવાનો હતો.

(4) લાગણી અને આવેગ :

વૉટસને લાગણી, વિચારણા, પ્રતિમા વગેરેને સંવેદનાત્મકકારક પ્રતિક્રિયાના રૂપમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. વૉટસનના મતે લાગણીઓને સ્નાયવિક, મજ્જાકીય સંકોચનો અને જાતીય ગ્રંથિ સ્રાવો સાથે સંબંધ છે. સુખની લાગણી જાતીય ઉત્તેજના સંવેદનો અને તે સમયે થતાં પ્રતિક્ષેપોમાંથી જન્મે છે અને જ્યારે જાતીય ઉત્તેજના જાગી જાય છે ત્યારે અસુખની લાગણી જન્મે છે.

વૉટસનના મતે, આવેગ એવી આનુવંશિક વર્તન ભાત છે જેમાં સમગ્ર શરીરનો જેમાં વિશેષ કરીને જઠર અને ગ્રંથિક્ષેત્રોમાં પરિવર્તનો થાય છે. દરેક આવેગ યોગ્ય ઉદ્દીપકની હાજરીમાં પ્રગટ થાય છે. આવેગમાં જઠર, ગ્રંથિતંત્ર, લોહીનું પરિભ્રમણ, શ્વાસોશ્વાસ વગેરેમાં થતાં પરિવર્તનનું વસ્તુલક્ષી નિરીક્ષણ થઈ શકે.

વૉટસનના આવેગ સિદ્ધાંતમાં "પ્રત્યક્ષીકરણ" આવે જ નહીં. આવેગ એટલે ઉદ્દીપક, શારીરિક પ્રતિક્રિયા અને જઠર, ગ્રંથિતંત્રમાં થતા પરિવર્તનો. વૉટસને વર્તનવાદી દૃષ્ટિબિંદુથી આવેગો શોધવા વિશે અભ્યાસો કર્યા હતા.

વૉટસને વિકાસાત્મક અભ્યાસ પદ્ધતિ દ્વારા શિશુઓ ઉપર પ્રયોગ કરી તારવ્યું કે વ્યક્તિના ત્રણ પ્રાથમિક આવેગો છે. પ્રેમ, બીક અને ક્રોધ. આ આવેગો અમુક ઉદ્દીપકોની ઉપસ્થિતિમાં સ્વાભાવિકપણે પ્રગટે છે. બાકીના બધા આવેગો અભિસંધાનમાંથી જન્મે છે. વૉટસને બતાવ્યું કે પ્રાથમિક આવેગોના સંયોજન અને અભિસંધાનમાંથી જટિલ આવેગો રચાય છે. દા.ત. ઈર્ષા, ધિક્કાર વગેરે ક્રોધના અભિસંધિત આવિર્ભાભાવો છે.

વૉટસનનો આવેગ સિદ્ધાંત ટીકાનું કેન્દ્ર બન્યો છે. કેનન-બોર્ડના સંશોધનો જે આવેગ અનુભવમાં હાઈપોથોલેમસ અને લલાટખંડના ફાળા ઉપર ભાર મૂકે છે. કેનનબોર્ડના સિદ્ધાંતને જેમ્સ અને વૉટસન બંનેના સિદ્ધાંતોને ધક્કો આપ્યો છે. છતાં વૉટસનના સંશોધનનું શૈક્ષણિક મૂલ્ય છે. તેનાથી આવેગો વિશેથી સમજ વધી. ઉપરાંત સંશોધનોને પ્રેરણા અને વેગ મળ્યાં.

(5) ભાષાવિકાસ અને વિચારક્રિયા :

વૉટસનનો વિચારક્રિયા સિદ્ધાંત કેન્દ્રીય સિદ્ધાંતથી વિરુદ્ધ અને પરિપાર્શ્વ સિદ્ધાંત કહેવાય છે. પરિપાર્શ્વ સિદ્ધાંતના મતે, વિચારક્રિયા પ્રતિમા વ્યાપાર નથી. પરંતુ સ્નાયુઓ, સ્વરતંત્ર, જીભ, શરીરના અવયવો દ્વારા થતાં હલનચલનોનો સંવેદનકારક વ્યાપાર છે. વૉટસન વિચારક્રિયાનો ભાષા સાથે સંબંધ છે, એમ દર્શાવે છે. તે કહે છે કે વિચારક્રિયા સ્વરતંત્રની ટેવો છે. બાળકના સ્વરતંત્ર જેમ વિકાસ થાય છે તેમ તે ગળામાંથી વિવિધ પ્રકારની વાચિક પ્રતિક્રિયાઓ કરે છે. દા.ત. દાદાને જોઈને પ્રગટપણે બોલવાની જરૂર પડતી નથી. વ્યક્તિ આંતરિક રીતે જ વિચારે છે. બોલવામાં ગળુ, જીભ, હોઠ વગેરેમાં હિલચાલો થાય છે. આ હલનચલનો ખૂબ શિથિલ, ગળામાં આંતરિક રહે છે એટલે તેને વિચારક્રિયા કહે છે.

વૉટસને જણાવ્યું છે કે વિચારવામાં શરીરના બીજા અવયવો હાથ, પગ, મોઢું, જઠર, ગ્રંથિઓ વગેરેમાં પણ હલનચલનો થાય છે. માણસ જયારે ખૂબ જ ઊંડા વિચારમાં હોય ત્યારે મોઢું, કપાળ, આંખમાં હલનચલનો થાય છે. આથી કહી શકાય કે માણસ તેના શરીર દ્વારા વિચારે છે.

વિચારક્રિયા આંતરિક વાણી છે. એ વૉટસનના મતને સમર્થન આપતા ઉદાહરણો મળે છે. દા.ત. જયારે કોઈક વિશે વિચારતાં હોઈએ ત્યારે ગળું, જીભમાં, સૂક્ષ્મ હલનચલનો થતાં હોય છે.

વૉટસન પછીના બીજા વર્તનવાદીઓએ સ્નાયવિક હલનચલનના પરિમાર્ણ સિદ્ધાંત ઉપર ઓછો અને મગજમાં થતી ક્રિયાના સિદ્ધાંત ઉપર વધારે ભાર મુકયો.

(6) વિચારક્રિયા :

વૉટસનના મતે "શીખવું એટલે શારીરિક અંગોપાંગોની ટેવો પાડવી તે". આ ટેવો આવેગ-જઠરની ટેવો અને વિચારક્રિયા વગેરેથી જુદી છે. શારીરિક હલનચલનની લખવું, કૂદવું, ચીતરવું, ગાડી ચલાવવી વગેરે શીખેલી ટેવો હાથપગ, આંગળીઓ, ધડ વગેરેની ચેષ્ઠાઓનું સંગઠન છે. આ ચેષ્ટાઓની પસંદગી અને સંગઠન કેવી રીતે થાય છે તેની સમજૂતી આપતા વૉટસન કહે છે કે ઉદ્દીપક અને પ્રતિક્રિયા વચ્ચે સ્થપાતા સાહચર્ય અભિસંધાન દ્વારા થાય છે. શીખવું એ પ્રતિક્રિયા ક્રિયાઓની સાંકળ છે. વૉટસને તારવ્યું કે શીખવું એ શરીરની જ ક્રિયા છે. સ્નાયુઓની ટેવ છે. વૉટસને થૉર્નડાઈકના સાહચર્યવાદી શિક્ષણ સિદ્ધાંતના પરિણામની ટીકા કરી. વૉટસને થૉર્નડાઈકના નિયમની સમજૂતીમાં "સંતોષજનક" અને "ચીડ" શબ્દો સામે વાંધો લીધો છે. આ તત્ત્વો માનસિક તત્ત્વોનું સૂચન કરે છે. તેણે કહ્યું કે શિક્ષણ પ્રયત્નોની સંખ્યા ઉપર આધાર રાખે છે. જે હલનચલનો વારંવાર થાય છે તે સફળ થાય છે દઢ થાય છે અને ટેવ પડે છે. દા.ત. ઉંદર જ્યારે કૂટવ્યૂહમાં દોડે છે ત્યારે અંધગલીઓ કરતાં સાચા રસ્તા ઉપર વધારે વાર દોડે છે, તેથી અંધગલીઓનું દૂરીકરણ થાય છે. અને કેટલી હિલચાલો ઉકેલમાં સફળતા આપે છે અને બાકીની અસફળ હિલચાલો બંધ થાય છે. આમ, ઉદ્દીપક - પ્રતિક્રિયાની સાંકળમાંથી જટિલ, વૈવિધ્યભરેલી ટેવ કેવી રીતે પડે છે. તે બેખ્તેરેવ અને પાવલાવના અભિસંધાનના સિદ્ધાંત દ્વારા સમજાવ્યું છે.

(7) વારસો, મૂળવૃત્તિ અને વાતાવરણવાદ :

વૉટસન અને વર્તનવાદીઓના મતે, મનોવિજ્ઞાનમાં સમગ્ર શરીરને બંધારણ અને મજ્જાતંત્રનો અભ્યાસ કરવો જોઈએ. માનવી તેમજ પ્રાણી જન્મ સમયે શરીરતંત્ર, ગ્રાહકતંત્ર, કારકતંત્ર અને સંબંધકતંત્ર લઈને આવે છે, અને તેમાંથી સમગ્ર વ્યવહારો અને વર્તનભાતો રચાય છે. ટૂંકમાં, પ્રાણીમાત્ર શરીરરચનાઓ અને તેમના કાર્યો વારસામાં મેળવે છે. બુદ્ધિ, સામાન્ય શક્તિ, વિશિષ્ટ શક્તિ કે માનસિક ગુણો વગેરે વારસાગત રીતે સંસ્કારમાં મળતાં નથી.

વૉટસને જન્મસહજ મૂળવૃત્તિના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો નથી. વૉટસને વિકાસાત્મક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરીને મૂળવૃત્તિઓની બાબતમાં કહ્યું કે, "આપણે શરીરની ચયાપચયની ક્રિયાઓ અને શરીરને જાળવનારી ક્રિયાઓ જેવી કે આક્રમણ અને સંરક્ષણને બાકાત રાખીએ તો મનુષ્યમાં સંપૂર્ણ મૂળવૃત્તિઓ શોધવાની બાકી છે." વૉટસને મૂળવૃત્તિ અને ટેવ વચ્ચે તફાવત પાડયો અને ટેવ ઉપર વધારે ભાર મૂક્યો છે.

વાતાવરણની અગત્યતા સંદર્ભમાં તેમણે વિભિન્ન પ્રકારની આબોહવા અને સંસ્કૃતિઓમાં રહેતા લોકોની ટેવો અને ગુણો પ્રત્યે નિર્દેશ કર્યો. તેણે કહ્યું કે તમામ બાનવબાળકો, સુષુપ્ત, અપ્રગટ શક્તિઓ પરત્વે સમાનતા ધરાવે છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે લફંગા, ખૂની, ચોર અને વેશ્યાઓના વેલામા જન્મેલાં બાળકને માવજતથી ઉછેરવામાં આવે તો તેઓ તંદુરસ્ત, સંસ્કારી બાળક તરીકે અનુકૂળ પરિણામ મેળવી શકે છે.

વૉટસને હકીકતોની મર્યાદા ઓળંગીને તેણે વિધાન આપ્યું કે મને સુદઢ બંધારણવાળા તંદુરસ્ત એક ડઝન શિશુઓ ઉછેર માટે આપો અને મારી પોતાની કલ્પનાની દુનિયા આપો અને હું ખાતરી આપું છું કે તેમાંના ગમે તે એકને પસંદ કરું અને તાલીમ આપીને તેની શક્તિ, અભિયોગ્યતા, કાબેલિયત, વ્યવસાય કે પૂર્વજોના વંશને લક્ષમાં રાખ્યા વગર હું ઈચ્છું તો તેને વિશેષજ્ઞ, ડૉકટર, વકીલ, કલાકાર, વેપારી અને હા, ભિખારી અને ચોર પણ બનાવી શકું. આમ, વૉટસન આ કથનમાં વારસાગત સંસ્કારોના ફાળાનો સંપૂર્ણપણે ઈન્કાર કરે છે.

વૉટસનનો આંત્યાતિક વાતાવરણવાદ તેના આંત્યતિક વર્તનવાદનું પાસું છે. તેનો વાતાવરણવાદ તાર્કિક રીતે વર્તનવાદ સાથે સંબંધિત નથી. કારણ કે તેના વર્તનવાદના પાયાના સિદ્ધાંતોને વસ્તુલક્ષીતા કે આંતરનિરીક્ષણના વિરોધ સાથે સીધો સંબંધ નથી.

(8) વ્યક્તિત્વ :

વૉટસનના મતે, આપણે જે ટેવો પાડીએ છીએ તેમાં વ્યક્તિત્વ નીપજે છે. લાંબા સમય ગાળા દરમિયાન વાસ્તવિક નિરીક્ષણમાં જે પ્રવૃત્તિઓ નોંધાય તે તમામનું સંમેલન તે વ્યક્તિત્વ.

વ્યક્તિત્વ એ પ્રતિક્રિયાની દષ્ટિએ વ્યક્તિમાં જમા તત્ત્વો તેમજ ઉધાર તત્ત્વોનો સરવાળો છે. જમા તત્ત્વોમાં વ્યક્તિની ટેવો, સામાજિક રીતે ઘડાયેલી વૃત્તિઓ, આવેગો, તેમની વચ્ચેના આંતરસંબંધો અને

સંયોજનોનો સમાવેશ થાય છે. ઉધાર તત્ત્વોમાં વ્યક્તિમાં કાર્ય ન કરતી હોય તેવી શક્તિઓ તેમજ તેને પરિવર્તન પામતા વાતાવરણ સાથે સમાયોજન સાધતા અટકાવે તે બાબતોનો સમાવેશ થાય છે.

વર્તનવાદ વ્યક્તિત્વને વર્તનભાતોના સમગ્ર એકમ તરીકે ગણાવે છે. કોઈ પણ વ્યક્તિ જો કે જેવી છે તેવી આખી જિંદગી દરમિયાન રહેતી નથી. આપણું વ્યક્તિત્વ એ આપણે જેનાથી આરંભ કરીએ છીએ અને જે અનુભવો થાય છે તેનું પરિણામ છે.

વ્યક્તિત્વ વિશેના આ મત અનુસાર માનવી અને યંત્ર વચ્ચે તફાવત નથી. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે કોઈ મૂળભૂત તફાવતો હોતાં નથી. જે તફાવતો દેખાય છે તે તાલીમ, શિક્ષણ અને ઉછેરના તફાવતને પરિણામે ઉદ્ભવ્યા હોય છે, તેથી વર્તનવાદી મનોવિજ્ઞાન માનવીની સુધારણા માટે ઘણું મહત્ત્વનું કામ કરી શકે છે.

વૉટસન અને વર્તનવાદીઓ માને છે કે, વ્યક્તિત્વ વર્તન પસંદગીઓ, વ્યાપારો, ભૌતિક પરિબળોથી નિર્માય છે, તેથી સંપૂર્ણ મુક્ત સંકલ્પક્રિયા સંભવી શકે નહીં. અંતમાં વૉટસને વર્તનવાદ ઉપર આધારિત સામાજિક સુધારણા માટેના પ્રયોગલક્ષી નીતિશાસ્ત્રનો કાર્યક્રમ આપ્યો હતો.

5.3 સામાજિક શિક્ષણ :

જન્મથી માંડીને બાલ્યાવસ્થાના અંત સુધીમાં બાળકનો સામાજિક વિકાસ કેવી રીતે થાય છે તે પ્રશ્ન ઘણો મહત્ત્વનો ગણી શકાય. સામાન્ય રીતે કહી શકાય કે વ્યક્તિ જ્યારે સમૂહ કે જૂથનાં ધારાધોરણો, નીતિનિયમો કે રીતરિવાજો અપનાવીને પોતાના સમાજ સાથે એકરૂપતા અને સહકાર અનુભવે ત્યારે સામાજિક વિકાસ થયો કહેવાય.

આપણે જાણીએ છીએ કે જ્યારે બાળક જન્મે છે ત્યારે તે સામાજિક વર્તન કરતું નથી. તેને સામાજિક વર્તન કરતાં શીખવું પડે છે. નવજાત શિશુનો સામાજિક વિકાસનું પ્રથમ સ્થાન તેની માતા હોય છે. બાળકનાં માતા સાથેની આંતરક્રિયા દ્વારા સામાજિક વિકાસની શરૂઆત થાય છે. એટલે કે સામાજિક વર્તન (વિકાસનાં) બીજ નંખાય છે. બે મહિનાની ઉંમર પછી બાળકમાં કેટલીક પ્રતિક્રિયાઓ જોવા મળે છે. જે તેની સામાજિકતાનું સૂચન કરે છે. એ ઉંમરે બાળક આંખોના હલનચલન દ્વારા બીજા લોકો પર પોતાની દૃષ્ટિને કેન્દ્રિત કરતાં શીખે છે.

6 થી 12 માસના બાળકના સામાજિક વિકાસમાં પ્રગતિ થાય છે. અહીં બાળક માતાને જોઈ સ્મિત કરે છે. અપરિચિત વ્યક્તિને ઓળખી કાઢે છે. અને તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. આમ, તે પરિચિત અને અપરિચિત લોકો વચ્ચેની ભિન્નતા આ ઉંમરે સમજવા લાગે છે.

બાળક જે પ્રક્રિયામાંથી પસાર થઈને સામાજિક વિકાસ સાધે છે તેને સમાજીકરણં કહેવાય છે. સામાજિક પ્રક્રિયા બાળકના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કારણ કે તે બાળકને આત્મકેન્દ્રિતમાંથી કે નિશ્ચિત બનાવે છે. બાળકનું પ્રારંભિક પશુતુલ્ય વર્તન સમાજિક દ્વારા સામાજિક વર્તનમાં પરિવર્તન થવા લાગે છે. બાળકના વિકાસની સાથે સામાજિક વિકાસનું ક્ષેત્ર વિસ્તૃત બનતું જાય છે, જેથી તેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાન કરે છે. બાળક કુટુંબ સાથે પરિચયમાં આવ્યા પછી પડોશી સાથે પરિચય કેળવે છે. પાંચેક વર્ષની ઉંમરે તે શાળામાં દાખલ થયા પછી ત્યાંના બાળકો અને શિક્ષકોના સંબંધમાં આવે છે. જ્યાં બાળકના સામાજિક વિકાસને સૌથી વધુ વેગ મળે છે. શાળાના શિક્ષકો અને સહાધ્યાયીઓની વિચારસરણીની છાપ બાળકના સામાજિક વર્તનમાં જોવા મળે છે. અઢાર માસ અને બે વર્ષની ઉમરનું બાળક પોતાની આજુબાજુ ચાલતી પ્રવૃત્તિઓનું અનુકરણ કરે છે. ત્રણ વર્ષની ઉમરે એકલા રમવાનું ચાલે રાખે છે. ચાર વર્ષે બાળકમાં સ્વાર્થી વલણો ઓછાં થાય છે. તેનામાં “હું પણા” ની વૃત્તિ થોડી દેખાય છે અને સહકાર દાખવે છે. 6 થી 10 વર્ષની ઉંમરે તેના વર્તનમાં સારા-ખરાબ વિષેની સમજણ ખીલે છે. તે પોતાને ફાવે તેમ વર્તે છે. એટલે આને “ટોળી” બાંધવાની ઉમર કહેવાય છે. લૂઈસ લેંગફોર્ડે યથાર્થ કહ્યું છે કે સમોવડિયા જૂથ અરીસા રૂપ હોય છે. 6 વર્ષે બાળક બડાઈ મારે છે, જે 14 વર્ષ સુધી ચાલુ રહે છે. ટોળીમાં બાળક નાગરિકતા, સહકાર અને સહવાસના પાઠ શીખે છે. 12 થી 18 વર્ષની ઉમરે બાળક કુટુંબના બંધનમાંથી સ્વતંત્ર થવા ઈચ્છે છે. તેનામાં જૂથ પ્રવૃત્તિ, પરોપકાર, ચર્ચા-વાચન અને રમતગમતની પ્રવૃત્તિઓ ખીલે છે અને બાળક તરુણ બને છે, તેથી વિજાતીય આકર્ષણ વધે છે અને વધુમાં વધુ ફેશનમાં રાચે છે.

આમ, બાળકના સામાજિક વિકાસનો સાચો પ્રારંભ બાળક જ્યારે લોકો અને પદાર્થો વચ્ચેનો તફાવત પારખવા લાગે છે ત્યારથી માપે છે તેવું લુઈસ લેંગફોર્ડ કહે છે. બાળકના આવેગિક વિકાસમાં બધા સૂચનો તેના સામાજિક વિકાસને પણ લાગુ પડે છે. એટલે કે બાળસંભાળ લેનાર વ્યક્તિ બાળકમાં જેટલો વિશ્વાસ પેદા કરી શકે તેટલો બાળકનો સામાજિક વિકાસ સારો થાય છે. બાળક જેટલા અસરકારક સામાજિક વાતાવરણ વચ્ચે ઉછેર પામે તેટલો તેનો સામાજિક વિકાસ સારો થાય છે તેમ ક્રો અને ક્રો જણાવે છે.

5.4 બોધાત્મક વિકાસ (Cognitive Development) :

બાળકો પુખ્તવયની વ્યક્તિથી એક બાબતમાં દેખીતી રીતે જુદા પડે છે અને તે છે તેમનો વિકાસ ગાળો. જે પુખ્તવયની વ્યક્તિ કરતાં ખૂબજ ઝડપી હોય છે.

ચિકિત્સાત્મક બાળમનોવિજ્ઞાનમાં શારીરિક વિકાસ, આવેગિક વિકાસ, બોધાત્મક વિકાસ વગેરેનો સમાવેશ થાય છે.

(1) શારીરિક વિકાસ (Physical Development) :

શિશુ અવસ્થામાં શરીરના વિકાસની સાથે બાળકમાં વિવિધ ક્રિયાઓ કરવાની પરિપકવતા આવવા લાગે છે અને તે શરીરના સ્નાયુઓનો ઉપયોગ કરીને જુદાં જુદાં કૌશલ્યો કરતાં શીખે છે. તેની સાથે જ શિશુની પ્રત્યક્ષીકરણની ક્ષમતા વધે છે. તેને પરિણામે તેનામાં સ્પર્શ, સ્વાદ, ગંધ, ધ્વનિ વગેરેનો ભેદભાવ પારખવાની શક્તિ ઉત્પન્ન થાય છે અથવા વિકાસ થાય છે. શિશુની આ પ્રકારની શીખવાની ક્રિયાઓને વિકાસ પરિપક્વતા અને વાતાવરણની અસરના લીધે કેવી રીતે થાય છે તે અંગેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે. માનવ વિકાસમાં જન્મથી જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેના શરીરના કદ, પ્રમાણ, વજન અને દેખાવમાં પરિવર્તન જોવા મળે છે તેમજ તેના

શરીરના આંતરિક તંત્રો અને અંગોમાં પણ પરિવર્તન જોવા મળે છે. બાળક જેમ જેમ મોટું થાય તેમ તેની ઈન્દ્રિયો અને કારકશક્તિમાં પણ વિકાસ જોવા મળે છે. આમ, શારીરિક સ્વાસ્થ્યમાં થતો વધારો આપણને જોવા મળે છે. બાળકનો શારીરિક વિકાસ વારસો, વાતાવરણ અને પરિપક્વતા પર આધારિત છે. કેટલીકવાર બાળકમાં વારસાગત ખામીઓ જોવા મળે છે. જેમ કે ચેતાતંત્રની, અંતઃસ્ત્રાવની ગ્રંથિની દૃષ્ટિની, વાણીની, શ્રવણની ખામી. આવી ખામીઓ બાળકના શારીરિક તેમજ વ્યક્તિત્વના વિકાસ ઉપર અસર કરે છે. જેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં કરવામાં આવે છે. ઉપરાંત બાળક ગર્ભસ્વરૂપે હોય ત્યારથી માંડીને જન્મ પછીથી જુદાં જુદાં તબક્કા દરમિયાન બાળક પુખ્તવસ્થા પ્રાપ્ત કરે ત્યાં સુધી બાળકનાં શરીરના અંગો કયારે, કેવી રીતે અને કેટલા પ્રમાણમાં વિકાસ પામે છે તેનો અભ્યાસ બાળકના શારીરિક વિકાસના અભ્યાસ માટે કરવામાં આવે છે. બાળકના શરીરનો વિકાસ મસ્તિષ્કથી પગ તરફનો હોય છે. આથી, શારીરિક વિકાસની દૃષ્ટિએ બાળકના શરીરમાં પહેલાં નીચલા ભાગ કરતાં ઉપરના ભાગોનો વિકાસ થાય છે. જન્મ સમયે નવજાત શિશુના શરીરની લંબાઈ આશરે વીસ ટકાથી થાય છે.

1.1 ગર્ભધારણ (Conception) :

ગર્ભધારણના પ્રથમ બે અઠવાડિયામાં માતાને શરીરમાં કશું વિકાસ પામી રહ્યું હોય તેની ખબર પડતી નથી. લેબોરેટરી ટેસ્ટમાં પણ દેખાતું નથી. લગભગ બે મહિને એક ડિસ્ક જેવો આકાર ઉપસે છે. તેને ગર્ભ કહેવાય છે.

1.25

- ★ **ગર્ભધારણનો પ્રથમ મહિનો :** ગર્ભની લંબાઈ સવા ઈંચ જેટલી હોય છે અને ગર્ભાશયમાં ગળું, જડબું, બહારનો કાન, સ્પષ્ટ દેખાય છે.
- ★ **3 માસ :** ગર્ભની લંબાઈ 3 ઈંચ, વજન 20 ગ્રામ, હોઠ અને નાક આકાર પામે છે. હાથપગના નખ જુદાં દેખાય છે. ગર્ભની જાતિ જાણી શકાય છે.
- ★ **4 માસ : ચોથા માસમાં ગર્ભની લંબાઈ 4 ઈંચ, વજન 115 ગ્રામ, હાડકાંનો વિકાસ થયો હોય છે. કેટલાક અનિયંત્રિત હલનચલનો સ્ટેથોસ્કોપ દ્વારા દેખાય છે. આ વચગાળો છે.**
- ★ **6 માસ :** ગર્ભની લંબાઈ 6 માસે 1 ફૂટ, વજન 550 ગ્રામ, આંખો ખોલ-બંધ કરી શકે છે. પાંપણ, ભ્રમર અને શ્વાસોશ્વાસ જેવું હલન-ચલન દેખાય છે.
- ★ **7 માસ અને 8 માસ :** સાતમાં માસમાં ગર્ભની શરીર રચનાનું માળખું તૈયાર થઈ થયું હોય છે. તેની લંબાઈ 15 ઈંચ, વજન 1 કિલોથી વધુ હોય છે. જો આવા બાળકનો જન્મ થાય તો તે જીવી શકે છે. તેને ઓક્સિજન આપવો પડે છે. તે Premature અપૂરા માસે જન્મેલો કહેવાય છે. આઠમાં માસમા તેની લંબાઈ 16.1/2" ઈંચ, વજન 1.8 કિલો અને પૂર્ણ વિકાસ 9 માસે થાય છે. શરીરના વાળ દેખાય છે.

1.2 બાળકનો જન્મ - નૉર્મલ ડિલિવરી :

બાળકના જન્મમાં મુશ્કેલી પડવાથી બાળકને ચીપિયાથી ખેંચવામાં આવે છે. આ પદ્ધતિ જોખમી છે. કારણ કે બાળકના મગજને ઈજા પહોંચવાની શક્યતા રહે છે.

બ્રીજ પ્રેગ્નન્ટેશન : બાળકના પગ આગળ હોય અને માથું પાછળ હોય તેને બ્રીજ પ્રેગ્નન્ટેશન કહે છે. આમ માથું આગળ લાવવાનો પ્રયત્ન કરાય છે. બાળકની size મોટી હોય તો પણ Delivery માં મુશ્કેલી પડે છે.

1.3 શિશુ અવસ્થા (જન્મથી બે વર્ષ) :

0-2 Year

આ ગાળા દરમિયાન બાળક ખૂબ જ "Dependent" હોય છે. તે પૂરેપૂરો બીજા ઉપર આધારિત હોય છે. દૂધ પીવું, ભૂખ સંતોષવી એ મુખ્ય કાર્ય છે. તે ધીરે ધીરે ચાલવા અને બોલવા તરફ આગળ વધે છે ત્યારબાદ તે થોડું હલનચલન પોતાની જાતે કરી શકે છે. દાંત ફૂટતા, ખસવું ત્યાંથી પ્રથમ વર્ષનો બીજો તબક્કો શરૂ થાય છે. જન્મના પ્રથમ માસમાં બાળકના શ્વાસોશ્વાસ, હૃદયના ધબકારા અને શારીરિક ઉષ્ણતામાન નિયમિત થઈ ગયું હોય છે. આંખો ખૂબ જ પહોળી રાખે છે. આંખ અને હાથના સંયોજનની શરૂઆત થાય છે. જન્મ પછી ચોથા માસમાં બાળકને સૂવાનું ગમતું નથી. ઘરમાં કોઈ તેને હાથમાં લે તે ગમે છે. વસ્તુ સામે જોઈ શકે છે. તેને બસાડો તે વધુ ગમે છે. ખડખડાટ હસે છે. અનુકરણ કરે છે. હાથથી વસ્તુ પકડવાની પ્રૅક્ટિસ કરે છે. કોઈ તેને બોલાવે તો તે તરફ ધ્યાન આપી શકે છે. પા, બા, મા જેવા શબ્દો બોલતાં શીખે છે. પા પા પગલી શીખે છે. બાળકને આટલો વિકાસ જન્મથી બે વર્ષ દરમિયાન થઈ જાય છે. ✓

1.4 બાલ્યાવસ્થાનો પ્રારંભિક તબક્કો (3 થી 4 વર્ષ) :

બાળકના જન્મ પછી 3 થી 5 વર્ષ દરમિયાન તેનો વિકાસ થોડો વધુ થાય છે. ત્રીજા વર્ષે બાળકના બે પગની વચ્ચેની જગ્યા ઓછી થાય છે. સમતોલન સારું થાય છે. ચાલતાં દોડતાં પાછું વળી શકે છે. ચૉકલેટ લેવા માટે એક હાથનો ઉપયોગ કરતું થાય છે. કોઈ પણ વસ્તુને જમણા કે ડાબા હાથથી દર્શાવે છે. ભાષાનો વિકાસ થઈ જાય છે. ચોથા અને પાંચમાં વર્ષે બાળકનો દોડવા પર કાબૂ રહે છે. તે દોડવાની ઝડપ ઓછી કે વધારે કરી શકે છે. બટન ખોલવાનું કાર્ય કરી શકે છે. કાગળ પર ગોળ કે ચોરસ દોરી શકે છે. પાંચમાં વર્ષે સરળતાથી કૂદી શકે છે. એક પગે ઊભો રહી શકે છે. નૃત્યનું અનુકરણ કરી શકે છે. બૂટની દોરી બાંધી શકે છે. બૉલ પકડી કરી શકે છે. બેટથી રમી શકે છે. કાલ્પનિક અને ઘર ઘરની રમતો રમે છે. તે પોતાના ફળિયામાં મિત્રો બનાવતાં શીખે છે.

1.5 મધ્ય બાલ્યાવસ્થા (6 થી 11 વર્ષ) :

95%

મધ્ય બાલ્યાવસ્થામાં બાળકનો ભાષા વિકાસ 95% થઈ જાય છે. તે બે આકાર વચ્ચે ભેદ પાડતા શીખે છે. તેમાં મનોસામાજિક ફેરફાર થવા લાગે છે. તે ખુશ થાય તો ખૂબ જ થાય, ગુસ્સો પણ એવો જ કરે છે. આવેગનો અતિરેક થાય છે. જલદી ઉત્તેજિત થાય છે. વિચારોમાં ખોવાયેલો રહે છે. 6 વર્ષે બાળકની કલ્પનાશક્તિ ખીલે છે. વિશ્વાસ

કરતાં શીખે છે. મોટા સાથે મૈત્રીભર્યા સંબંધો બાંધે છે. જૂથમાં રમતો રમે છે જેથી ઝઘડા થાય છે. તે પ્રવૃત્તિમય બને છે. લખવા-વાંચવામાં ભૂલો કરે છે. કાલ્પનિક ચિત્રો બનાવે છે. શાળામાં મિત્રો બનાવે છે. બાળક જોખમવાળી અને સાહસવાળી પ્રવૃત્તિ કરે છે. જૂથની રમતમાં પોતાની શક્તિ અને કૌશલ્ય વાપરે છે. છોકરાં છોકરી કરતાં વધુ કાર્યશીલ બને છે. તેમને શિખામણ આપે તે ગમતું નથી. મૂડ પ્રમાણે વર્તે છે. તેમને વિરુદ્ધ જાતિમાં રસ પડે છે. પૈસા કમાવવાની ઈચ્છા થાય છે.

1.6 તરુણાવસ્થા (કિશોરાવસ્થા) (11 થી 18 વર્ષ) :

બાળપણ અને પુખ્તાવસ્થાના વચ્ચેનાં સમયગાળાને "કિશોરાવસ્થા" કહે છે. જ્યારે વ્યક્તિ પોતાના પગ ઉપર ઊભી રહે છે. પોતાનું શિક્ષણ, તાલીમ પૂરી કરી હોય, લગ્ન થાય અને કુટુંબની જવાબદારી લેવાની શરૂઆત કરે તયારે કિશોરાવસ્થાનો તબક્કો પૂરો થાય છે. કિશોરાવસ્થામાં છોકરાં અને છોકરીઓમાં વિજાતીય આકર્ષણનું પ્રમાણ વધે છે. તેમને જાતીય બાબતો પ્રત્યે માતા-પિતા કે વડીલો સમજાવે તો ગુસ્સો કરે છે. તે હવે મોટા થઈ ગયા છે એવું માને છે અને માતાપિતા તથા વડીલોનો વિરોધ કરે છે. વિજાતીય આકર્ષણને કારણે તેઓ જો તેમને સ્વીકારે, માન આપે, કાળજી રાખે તેની તરફ ઢળે છે. અને આ સમયગાળાનો સૌથી જટિલ અને અગત્યનો પ્રશ્ન (Question) એ છે કે Who am I ? હું કેવો છું ? હું કોણ છું ? હું જેવો છું એવો રહીને વર્તન કરું તો લોકો મને સ્વીકારશે કે નહીં વગેરે વિચારો કરે છે. કિશોરાવસ્થાના અંત અને યુવાવસ્થાની શરૂઆત 18 વર્ષે થાય છે ત્યારે વ્યક્તિનો સંપૂર્ણ વિકાસ થઈ જાય છે. તે બૌદ્ધિક રીતે વિચારી શકવામાં સક્ષમ બને છે. તે નાનાં બાળકોની જેમ રહે તો કોઈ વખત ગંભીર રીતે વિચાર કરવો પડે. આ યુવાવસ્થાનો તબક્કો 20 થી 30-40 વર્ષ અને 40 થી 50+54 years middle age and 65 above old age કહેવાય છે. આ રીતે વ્યક્તિનો જન્મથી મૃત્યુ સુધીનો વિકાસદર ચાલે છે.

આ આવેગોની વર્તન પર થતી વિધાયક તેમજ નિષેધક અસરોનો પણ અભ્યાસ થાય છે. તેની સાથે જ બાળકોની યોગ્ય આવેગિક અભિવ્યક્તિનો વિકાસ કેવી રીતે શક્ય બને એ અંગેનો અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં થાય છે. બાળક જેમ જેમ મોટું થાય છે તેમ તેમ તેનામાં આવેગિક અને સામાજિક રીતે વિકાસ થતો જોવા મળે છે. આવેગિક પરિપક્વતા તેનામાં બીજા લોકો સાથેના વર્તનમાં જોવા મળે છે. પોતાના વિશેની સમજનો પણ વિકાસ થાય છે તથા બીજા લોકોની સમજનો પણ વધારો થાય છે.

12 થી 18 વર્ષ સુધીના સમયગાળાને તરુણાવસ્થા કહેવામાં આવે છે. આ સમયના વિકાસને સમજવા માટે તેને બે ભાગમાં વહેંચવામાં આવે છે. (1) પૂર્વ તરુણાવસ્થા (2) ઉત્તર તરુણાવસ્થા.

તરુણાવસ્થાનો ગાળો સુખ અને સંઘર્ષ, સાહસ અને શરણ, બળવો અને સમાધાન વગેરે વિરોધાભાસી વલણો વચ્ચે ઝોલા ખાતો કાળ ગણાય છે. પ્રચલિત સામાજિક ધોરણોને ફેંકી દેવાની કે ન માનવાની સાથે સામાજિક અનુકૂલનની જરૂરિયાત પણ સમજાય છે.

(1) પૂર્વ તરુણાવસ્થા (Early Adolescence) :

12 થી 15 વર્ષની વય દરમિયાન તરુણ-તરુણીઓ બાળપણથી પુખ્તતા તરફ આગળ વધે છે. આ સંક્રાંતિકાળ કે બાલ્યાવસ્થા અને પુખ્તતા વચ્ચેનો સમય કે શારીરિક અને માનસિક ફેરફારો ઝડપી હોય છે. શરીરનો બાંધો વધુ પુષ્ઠ, ખભા પહોળા બને કે અવાજ વધુ ઘાટો બને છે. દાઢી, મૂછનો વિકાસ થાય છે. બાલ્યાવસ્થાના અંતે જાતીય અંગોનો વિકાસ આગળ વધતો હોવાથી તેઓ જાતિ પ્રત્યે વધારે સભાન થાય છે. અને તે પ્રમાણે (ભૂમિકા) વર્તે છે, શીખે છે. છોકરીઓમાં પણ ઝડપી ફેરફારો આવે છે. છોકરીઓમાં માસિક શરૂ થાય કે સ્તન વિકાસ પામે છે. તેઓ પોતાના દેખાવ પ્રત્યે વધુ સભાન બને છે. છોકરાં અને છોકરીઓ સમવયસ્કો સાથે હરેફરે છે. બીજાના અસ્તિત્વને સ્વીકારી હળીભળીને રહેતા શીખે છે. પોતાના સમાજ, સંસ્કૃતિ પ્રમાણે રહેવાની કોશિશ કરે છે. તેઓને પોતાની જાતિ, જ્ઞાતિ, કુળ અને સંસ્કૃતિનું ગૌરવ હોય છે. પોતાના શિક્ષણ પ્રત્યે વધુ સભાન થાય છે. વાંચન-લેખન ક્રિયા વધે છે. પોતાના ભવિષ્ય અંગે સભાન બની કયા પ્રકારનું શિક્ષણ વધુ ઉપયોગી છે અને પોતાને કયા વિષયોમાં રસ રુચિ છે તે અંગે વિચારે છે. ટી.વી. અને કૉમ્પ્યુટરના શિક્ષણને લીધે જ્ઞાન વધુ માહિતીસભર હોય છે. ઈલેકટ્રૉનિક સાધનોના ઉપયોગનું શિક્ષણ પ્રાપ્ત કરી લે છે. ધીરે ધીરે વિજાતીય આકર્ષણ પ્રબળ બને છે તેથી તે પ્રમાણેનું વર્તન જોવા મળે છે. પિટ્યુટરી ગ્રંથિના સ્રાવને કારણે છોકરાં અને છોકરીઓમાં અનુક્રમે પુરુષત્વ અને સ્રીત્વના લક્ષણો સ્પષ્ટ દેખાય છે.

(2) ઉત્તર તરુણાવસ્થા (Later Adolescence) :

16 થી 18 વર્ષનો સમય એ ઉત્તર તરુણાવસ્થાનો સમયગાળો કહેવાય છે. શારીરિક વૃદ્ધિનો સમય અહીં પૂરો થાય છે. ઊંચાઈ, વજન અને શરીરનો બાંધો વગેરે સંપૂર્ણ બને છે. વ્યક્તિના જીવન દરમિયાન વજનમાં ફેરફાર થાય, પરંતુ ઊંચાઈમાં ફેરફાર થતો નથી.

આ સમયગાળામાં સંઘર્ષ, હતાશા અને મૂંઝવણ વધુ દેખાય છે. શું કરવું અને કેવી રીતે કરવું તે અંગેની ચિંતા વધુ હોય છે. પોતાના વિચારો અને આદર્શો પ્રમાણે તેઓ વર્તન કરે છે. પરંતુ જ્યારે વાસ્તવિક સમાજમાં તે પ્રમાણે વર્તનને માન્યતા મળતી નથી, ત્યારે હતાશ થાય છે. પોતાના સ્વપ્નને સાકાર કરવા પ્રયત્નો કરે છે. પોતે સ્વતંત્ર વ્યક્તિ તરીકે જીવવા તેમજ પોતાનું આગવું વ્યક્તિત્વ વિકસાવવા પ્રયત્ન કરે છે. પોતાના વિચારો કરતાં અલગ પ્રકારના સમાજ પ્રવાહમાં જીવવાનું હોય તો સમાજનો વિરોધ કરે છે. આ ઉંમરે તરવરાટ ખૂબ હોય છે.

(2) બાળકનો આવેગિક વિકાસ (Emotional Development) :

બાળકના આવેગનો આધાર તેની જુદી જુદી અવસ્થાઓ પર રહેલો છે. જેનાં ત્રણ ભાગો છે. (1) શૈશવ અવસ્થા (2) કિશોરાવસ્થા અને (3) તરુણાવસ્થા. આ અવસ્થાઓ દરમિયાન બાળકના આવેગિક વિકાસ પર (1) જ્ઞાનતંતુની રચના (2) અંતઃસ્ત્રાવી ગ્રંથિઓનો વિકાસ (3) કલ્પના અને ગ્રહણશક્તિ (4) ઉંમર (5) શિક્ષણ (6) પરિપક્વતા જેવા પરિબળો અસર કરતાં હોય છે. આવેગની અભિવ્યક્તિનો આધાર મગજના લલાટખંડમાં આવેલા કેન્દ્રના વિકાસ પર રહેલો છે. બાળમનોવૈજ્ઞાનિક કેથેરિન બ્રિજિસના મત અનુસાર, બાળકની ઉંમરના

પ્રથમ 24 માસ દરમિયાન સર્વ મહત્ત્વના આવેગોનો વિકાસ બાળકમાં થઈ જાય છે.

2.1 શૈશવાવસ્થામાં આવેગિક વિકાસ :

બાળકનાં જીવનમાં પ્રથમ પાંચ વર્ષોને શિશુ અવસ્થા કહેવાય છે. શિશુ અવસ્થામાં બાળકમાં જે લાગણીઓનો, સામાન્ય ઉશ્કેરાટ હોય છે. જ્યારે પુખ્તાવસ્થાએ તે શરીરની કેલ લંબાઈની માત્ર 8% લંબાઈ વધે છે. એવી જ રીતે શરીરના અંદરના સ્નાયુઓ અને તંતુઓમાં જે શરીરના કેન્દ્ર ભાગની નજીક છે તેનો વિકાસ વહેલો થાય છે. બાલ્યાવસ્થામાં બાળકનો શારીરિક વિકાસ ઝડપી થતો રહે છે, તેથી આ સમયગાળામાં બાળકની શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે એ ખૂબ જરૂરી છે. બાળક વારંવાર કોઈ રોગનો ભોગ બને તો શારીરિક વિકાસ ધીમો પડે છે. જે બાળકની તંદુરસ્તી જળવાય છે તે વિકાસમાં આગળ નીકળી જાય છે અને જેની તંદુરસ્તી ન જળવાય તેના શારીરિક વિકાસમાં અવરોધ કે ખામી ઉત્પન્ન થતાં હોય છે. જન્મ પછીના શરૂઆતના 3-4 વર્ષમાં જો બાળકના શરીરમાં કોઈ ચેપી રોગો થયા હોય તો શારીરિક વિકાસ મંદ પડે છે. શીતળા, ઓરી, ટાઈફોઈડ જેવાં રોગો બાળકના શારીરિક વિકાસમાં મંદતા લાવે છે. બાળકના પડી જવાથી, વાગવાથી કે બીજા કોઈ કારણસર ગંભીર ઈજા થઈ હોય તો બાળકમાં ખોડખાંપણ ઉત્પન્ન થાય અને શારીરિક વિકાસમાં મોટો અવરોધ ઉત્પન્ન થાય.

2.2 સામાજિક અને આવેગિક વિકાસ (Emotional and Social Development) :

વ્યક્તિના વર્તનમાં દુઃખ, આનંદ, ભય, ક્રોધ, ઈર્ષા, સહાનુભૂતિ, વગેરે જેવાં આવેગો કે લાગણીઓ અગત્યનો ભાગ ભજવે છે. આવા આવેગોનો વિકાસ જો યોગ્ય રીતે ન થાય તો તેને લીધે અનેક સમસ્યાઓ સર્જાતી હોય છે. બાળવિકાસના મનોવિજ્ઞાનમાં આવા આવેગોના વિકાસમાં સામાજિક પરિબળો કેવો ભાગ ભજવે છે તેનો અભ્યાસ થાય છે, તેમજ તે ઉત્તેજનાનો અનુભવ કરે છે તેનાથી બાળકની શારીરિક જરૂરિયાતોની તૃપ્તિ થાય છે. કેથેરિન બ્રિજિસ જણાવે છે, કે બેચેની અને આનંદ જેવાં આવેગો બાળકમાં પહેલાં 3 માસ દરમિયાન વિકસે છે. બાળક 6 થી 12 માસનું થાય ત્યારે ભય, ક્રોધ જેવાં આવેગો વિકસે છે. 18 માસે ઈર્ષાનું તત્ત્વ જોવા મળે છે. 24 માસની ઉંમરે ઉલ્લાસ જોઈ શકાય છે. આમ, બાળકની ઉંમરના 2 થી 5 વર્ષ દરમિયાન શરમ, ચિંતા, ઈર્ષા, આશા અને સ્નેહના આવેગો વિકાસ પામે છે.

2.3 કિશોરાવસ્થામાં આવેગિક વિકાસ :

6 થી 12 વર્ષની ઉમરનો સમયગાળો કિશોરાવસ્થાનો હોય છે. આ ઉંમર દમિયાન બાળકના આવેગિક વિકાસમાં થોડી સ્થિરતા જોવા મળે છે. આ સમયગાળો બાળકના આરામ અને દઢીકરણનો છે. બાળક હવે પુખ્તઉંમરની વ્યક્તિ જેવું વર્તન કરે છે. કિશોરાવસ્થા દરમિયાન બાળક પર સામાજિક દબાણ આવે છે, જેને પરિણામે બાળક ક્રોધનું નિયંત્રણ કરતાં શીખે છે. કિશોરાવસ્થાએ બાળક શાળામાં જવાની શરૂઆત કરે છે. તે પોતાના ગમતા મિત્રોની ટોળી રચીને તોફાનો કરે છે. વડીલોના આદેશનો ઈન્કાર કરે છે.

2.4 તરુણાવસ્થામાં આવેગિક વિકાસ :

બાળક કિશોરાવસ્થા પૂર્ણ કરીને તરુણાવસ્થામાં પ્રવેશે છે, જે લગભગ 15 વર્ષ સુધી હોય છે. તરુણકાળનું બાળકના જીવનમાં વિશેષ મહત્ત્વ જોવા મળે છે. આ કાળ બાળક માટે મૂંઝવણનો કાળ છે. જેમાં શરીરમાં મહત્ત્વના ફેરફારો થાય છે. અંતઃસ્રાવ ગ્રંથિઓનો વિકાસ ઝડપી થાય છે. તેમના શરીરમાં વિવિધ પરિવર્તનો આવે છે, જેની તેમને સમજ પડતી નથી. જેથી તે ખૂબ જ માનસિક તનાવનો અનુભવ કરે છે.

તરુણાવસ્થામાં જાતીય આકર્ષણ વધારે હોય છે. તરુણો પ્રેમ અને સ્વાતંત્ર્યની દુનિયામાં રાચે છે. તે બહારથી ભલે શાંત દેખાય, પરંતુ આંતરિક રીતે તે ક્રોધ જેવા આવેગનો અનુભવ કરે છે. તે જલ્દી ખીજાઇ છે. મારામારી કરવા લાગે છે. અપશબ્દો બોલવા લાગે છે. તરુણીઓમાં રજોદર્શનની અને તરુણોમાં સ્વપ્નદોષની ઘટના બનવા લાગે છે જે તેમનામાં ચિંતા જન્માવે છે. તારુણ્ય વિજાતીય મૈત્રી બાંધવાનો સમય છે. તે આકર્ષક દેખાવા પ્રયત્ન કરે છે. અને વસ્ત્રપરિધાનની નવી શૈલી તરફ આર્કષાય છે. હરલોકના મતે, દુભાય છે. જો તરુણને સામાજિક, સ્વીકૃતિ ન મળે તો તેની આત્મગૌરવની લાગણી.

2.5 બોધાત્મક વિકાસ (Cognitive Development) :

આવો વિકાસ કેવી રીતે થાય છે. તે વિશેના જુદાં જુદાં સિદ્ધાંતો મનોવૈજ્ઞાનિકોએ આપ્યા છે. આ સિદ્ધાંતો મુજબ બાળકનો બોધાત્મક વિકાસ કેવી રીતે થાય છે તેનો અભ્યાસ બાળવિકાસના મનોવિજ્ઞાનમાં થાય છે. બાળક જેમ જેમ મોટું થાય તેમ તેમ તેનામાં બુદ્ધિ, ધ્યાન, યાદશક્તિ, અનુભવ, સમસ્યાનો ઉકેલ, સર્જનાત્મકતા અને ભાષા જેવી બાબતોમાં પરિપક્વતા જોવા મળે છે.

(3) વિકાસના તબક્કાઓ :

(1) જન્મપૂર્વેનો તબક્કો (ગર્ભધારણથી જન્મ સુધી) 0 days

(2) શિશુ અવસ્થા (જન્મથી બે વર્ષ) 2 Yea

(3) બાલ્યાવસ્થાનો પ્રારંભિક તબક્કો (બેથી ચાર વર્ષ) 4Y

(4) મધ્ય બાલ્યાવસ્થા (છથી અગીયાર વર્ષ) 6-11

(5) તરુણાવસ્થા (અગિયારથી અઢાર વર્ષ) 18+

● ઉપસંહાર :

આમ, બાળકના જન્મપૂર્વેથી માંડીને જન્મસુધી અને ત્યારબાદ તરુણાવસ્થા સુધી તેનો શારીરિક, માનસિક, સામાજિક, આવેગિક વગેરે વિકાસ થતાં પુખ્તતા મેળવે છે. આ બધા જ પ્રકારનો વિકાસ વ્યક્તિના સમાજ અને સંસ્કૃતિ પ્રમાણે હોય છે. તરુણાવસ્થાને સાચા માર્ગે વાળવા જોઈએ. તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવું જોઈએ. સમસ્યાઓના ઉકેલમાં વડીલોએ મદદ કરવી જોઈએ. જાતીયતા અંગેનું સાચું જ્ઞાન આપવું જોઈએ, જેથી તેઓ અવળા માર્ગે ન ચઢી જાય. આ ઉંમરમાં ઘણી મુશ્કેલીઓ ઉપસ્થિત થતી હોય છે. કેટલાક યુવાન કે યુવતીઓ દારૂ, સિગારેટ, ડ્રગ્સ વગેરેના માર્ગે ચઢી જાય છે. જેથી વડીલોએ તેમના મિત્ર બનીને સલાહસૂચન આપવા જોઈએ, જેથી વ્યક્તિ તેનું જીવન સારી રીતે વ્યતીત કરી શકે.

◆ ◆ ◆

બાળવિકાસ અને શિક્ષણના સિદ્ધાંતો

1. બાળકોની શીખવાની પ્રક્રિયામાં માતાપિતાએ કયા પ્રકારની ભૂમિકા અદા કરવી જોઈએ ?
(A) નકારાત્મક
[✓ (B) અગ્રોન્મુખી]
(C) સહાનુભૂતિપૂર્ણ
(D) તટસ્થ

2. નીચેના કયાં સ્થળે બાળકના સંજ્ઞાત્મક વિકાસને વ્યવસ્થિત રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે ?
(A) રમતનું મેદાન
[✓ (B) શાળા અને વર્ગ ભાવાવરણ]
(C) સભાખંડ
(D) ઘર

3. માનવ વિકાસ કઇ બે બાબતોના યોગદાનનું પરિણામ છે ?
(A) વાલીઓ અને શિક્ષકોના
(B) સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોના
[✓ **(C) વારસો અને વાતાવરણના**]
(D) એકેય નહીં

4. પ્રાથમિક શાળાના અધ્યેયતાઓ માટે નીચેનામાંથી કયું અસરકારક છે ?
(A) વિડીયો કોન્ફરન્સ
(B) પ્રદર્શન
[✓ **(C) સ્વયં પ્રાપ્ત કરેલ અનુભવ**]
(D) ત્રણેય

5. વિદ્યાર્થીના તંદુરસ્ત માનસિક સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે નીચેનામાંથી કઈ બાબત અગત્યની છે ?
(A) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની વ્યવસ્થા
(B) અભિવ્યક્તિની સ્વતંત્રતા
(C) રુચિમાં ભિન્નતા
[✓ **(D) શિક્ષકની ભૂમિકા અને શાળાનું વાતાવરણ**]

6. આજે બાળ અપરાધની ઘટનાઓ વધી રહી છે. જેના લીધે શિક્ષણ પ્રણાલીમાં જટિલતાઓ આવી રહી છે. તમારા મંતવ્ય મુજબ તેનું મુખ્ય કારણ કયું છે ?
(A) દૂષિત વારસો
(B) દૂષિત વાતાવરણ
(C) કુટુંબ વિઘટન
(D) ત્રણેય

7. 'પ્રત્યેક અધ્યેયતા પોતે પૃથક છે' આ તથ્યનું મુખ્ય કારણ તમે શું માનો છો ?
(A) ભૌતિક વાતાવરણ
(B) સામાજિક વાતાવરણ
(C) વારસો
(D) તમામ

8. બાળકના શારીરિક વિકાસનો દર નક્કી થાય છે _____
(A) પૂર્ણ રૂપથી તેના વારસાની સંરચના પર
(B) પ્રાથમિક રીતે વંશાનુક્રમની સંરચના જે પર્યાવરણની અસરથી યુક્ત હોય છે.
(C) પ્રાથમિક રીતે એવી પર્યાવરણીય અસરો પર જે વારસાની સીમામાં આવે છે.
(D) વારસા અને વાતાવરણની અનિશ્ચિત અસરો પર

9. તમારા વર્ગખંડ એક વિદ્યાર્થી, રોજ શિસ્તનો અનાદર કરે છે. તમે આ સમસ્યાના નિરાકરણ માટે નીચેનામાંથી કયો ઉપાય પસંદ કરશો ?
(A) વિદ્યાર્થી જ્યાં સુધી શિસ્તબદ્ધ ના થાય ત્યાં સુધી માર મારીશું.
(B) શાળામાંથી નામ કમી કરી દઈશું
(C) તેના વારસા અને વાતાવરણની શોધ કરી સાચી દિશામાં માર્ગદર્શન આપીશું.
(D) તેનો ઉપચાર કોઈ મનોચિકિત્સક પાસે કરાવીશું

10. બે જોડિયાં બાળકોને જુદાં જુદાં સ્થાને મૂકવામાં આવે છે. એક સ્થળે જ્યાં ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર વગેરેનું વાતાવરણ છે અને બીજા સ્થળે અંધવિશ્વાસ અને રૂઢિયુસ્ત વાતાવરણ છે. બાળકોના મોટા થવાની સાથે તેમના વિચારો પર પડનાર વાતાવરણીય પરિબળ થશે.
(A) ભૌતિક પરિબળ
(B) સામાજિક પરિબળ
(C) આર્થિક પરિબળ
(D) સાંસ્કૃતિક પરિબળ

11. નીચેનામાંથી વારસા સિદ્ધાંત કયો છે ?
(A) સમાનતાનો સિદ્ધાંત
[✓ (B) વિભિન્નતાનો સિદ્ધાંત]
(C) મેન્ડલનો સિદ્ધાંત
(D) આપેલ બધાજ

12. વાતાવરણની અસર પડે છે _____
(A) ભાષા પર
(B) વૃદ્ધિ પર
(C) માનસિક વિચારો પર
(D) ત્રણેય

13. નીચેની કઈ બાબત બાળકના સામાજિક-મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોની સાથે સંબધ ધરાવતી નથી ?
(A) સામાજિક અનુમોદન અથવા
(B) સંવેગાત્મક સંરક્ષણની જરૂરિયાત
[✓ **(C) શરીરમાંથી અયોગ્ય પદાર્થોનું નિયમિત રીતે બહાર નીકળવું**]
(D) સાંનિધ્યની જરૂરિયાત

14. વિદ્યાર્થીઓ શાળામાં રમત જેવી પ્રવૃત્તિ કરે છે, જેનાથી...
(A) તેઓ શારીરિક રીતે સશક્ત બને છે
(B) શિક્ષકોનું કાર્ય સરળ બને છે.
(C) આ સમય પસાર કરવો જરૂરી છે.
(D) સહયોગ અને શારીરિક સમતોલન સ્થાપવામાં મદદ મળે છે.

15. એક બાળક રોજ તેના સહઅધ્યાયીઓ સાથે ઝઘડો કરે છે. તમે શિક્ષક તરીકે શું કરશો ?
(A) બાળકને સજા આપશો.
(B) બાળકને શાળામાંથી કાઢી મૂકીશ.
(C) કારણ જાણવાનો પ્રયત્ન કરી અને તેને માર્ગદર્શન આપીશ.
(D) તેના માતાપિતાને ફરિયાદ કરીશ.

16. કોઈ પ્રક્રિયામાં વ્યક્તિ સ્વયં અનુભવ કરતાં અન્યના વર્તનને જોઈને શીખે છે, તેને શું કહેવામાં આવે છે ?

(A) સામાજિક શિક્ષણ
(B) અનુબંધ
(C) પ્રાયોગિક શિક્ષણ
(D) આકસ્મિક શિક્ષણ

17. 6 થી 10 વર્ષની વયે બાળક રુચિ લેવાનું શરૂ કરે છે.

(A) શાળામાં
(B) માનવ શરીરમાં
(C) જાતીય સંબધોમાં
(D) ધર્મમાં

18. સમાજીકરણ એવી પ્રક્રિયા છે જે બાળક અને પુખ્ત ક્યાંથી શીખે છે ?

(A) કુટુંબમાંથી
(B) શાળામાંથી
(C) શ્રેષ્ઠ વ્યક્તિ પાસેથી
(D) ત્રણેય પાસેથી

19. બાળકના સમાજીકરણમાં શિક્ષકની ભૂમિકા નીચેનામાંથી કઈ હોવી જોઈએ ?

(A) તેણે બાળકના અયોગ્ય વર્તનને રોકવું જોઈએ.
(B) તેણે બાળકની સાથે ભેદભાવ રહિત વર્તન કરવું જોઈએ.
(C) તેણે બાળકની જાતિ, ધર્મ વગેરેની ટીકા ન કરવી જોઈએ.
(D) બધાં જ

20. સમાજીકરણની પ્રક્રિયામાં શિક્ષકની જવાબદારી છે ____

(A) સામાજિક વાતાવરણનું નિર્માણ
(B) સામૂહિક કાર્યોને પ્રોત્સાહન
(C) સાંસ્કૃતિક કાર્યોને પ્રોત્સાહન
(D) ત્રણેય

21. શાળાની બાળકના વિકાસ પર શી અસર થાય છે ?

(A) તેના શારીરિક, માનસિક, સામાજિક, સાંસ્કૃતિક અને ચારિત્રિક વિકાસ પર અસર થાય છે.
(B) તેના વ્યાવસાયિક વિચારો પર અસર થાય છે.
(C) તેના રાજકીય વિચારો પર અસર પડે છે.
(D) બધાં જ

22. શિક્ષક સમાજનો માર્ગદર્શક છે એટલા માટે તેણે કઈ બાબત પ્રત્યે સજાગ રહેવાની જરૂર છે ?

(A) સામાજિક આડંબરો પ્રત્યે
(B) સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પ્રત્યે
(C) સમાજની સ્ત્રીઓ પ્રત્યે
(D) સમાજની આર્થિક ઉન્નતિ પ્રત્યે

23. સમાજ દ્વારા શાળાઓની સ્થાપના કરવામાં આવી છે.

(A) શિક્ષકોને રોજગાર આપવા માટે
(B) વાલીઓના કાર્યમાં મદદ કરવા માટે
(C) નવી પેઢીના લોકોમાં સમાજીકરણની પ્રક્રિયા ઝડપી બનાવવા
(D) રાજકારણીઓ દ્વારા સમાજની રક્ષા માટે

24. બાળકોને સામાજિક વ્યવહારનું શિક્ષણ આપવાનું શ્રેષ્ઠ સાધન કયું છે ?

(A) વર્ગશિક્ષણ
(B) અભ્યાસક્રમ
(C) શાળામાં સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ
(D) જૂથશિક્ષણ

25. બાળકના સમાજીકરણના હેતુ માટે શિક્ષણનું મુખ્ય કાર્ય છે.

(A) શિક્ષક અને બાળકોમાં સહયોગ પ્રસ્થાપિત કરવો.
(B) સંસ્કૃતિનું હસ્તાંતરણ કરવું
(C) વૈજ્ઞાનિક અને ટેકનિકલ પ્રગતિની જાણકારી આપવી
(D) ઉપરના બધા જ

26. 'ભાષા' સમાજીકરણનું મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે, કારણ કે ____

(A) ભાષા વગર પણ અન્યો સાથે સંકેતોથી વ્યવહાર કરી શકાય છે.
(B) ભાષા પર પ્રભુત્વ મેળવ્યાં પછી જ સામાજિક બનાય છે.
(C) વિચારો રજૂ કરવા અને ગ્રહણ કરવા માટે ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે.
(D) બધાં જ

27. બાળકના સમાજીકરણમાં નીચેના કયા પરિબળો અવરોધક છે ?

(A) માતાપિતાનો પ્રેમ ન મળવો
(B) માતાપિતાનું પક્ષપાતપૂર્ણ વર્તન
(C) અયોગ્ય દંડ અને અસુરક્ષા
(D) ત્રણેય

28. પરિવારમાં બાળકનું સામાજિકીકરણ બાળકની કઈ પ્રવૃત્તિના કારણે શક્ય છે ?

(A) અનુકરણ
(B) સહાનુભૂતિ
(C) રમત
(D) આત્મરક્ષા

29. સામાજિક સમાયોજન એવા બાળકો માટે મુશ્કેલી ઊભી કરે છે જે..

(A) સમય પૂર્વે જ પરિપક્વ થઈ જાય છે.
(B) ઉંમર વીત્યા પછી પરિપકવ થનાર છોકરાં માટે
(C) ઉંમર વીત્યા પછી પરિપકવ થનાર છોકરી માટે
(D) ઉંમર થયાં પૂર્વે પરિપકવ થનાર છોકરી માટે

30. શિક્ષકે સામાજિક મૂલ્યો પ્રત્યે જાગૃત કેમ થવું જોઈએ ?

(A) જેનાથી નેતા બની શકે
(B) જેનાથી તે સમાજને દિશા આપી શકે
(C) જેનાથી તે સમાજની પરંપરાને જીવંત રાખી શકે
(D) જેનાથી તે વિદ્યાર્થીઓને મૂલ્યોનું યોગ્ય જ્ઞાન આપી શકે

31. સમાજીકરણની પ્રક્રિયામાં કોઈ બાળકના સામાજિક મૂલ્યો અને સામાજિક પ્રતિમાનોને શીખવાની શક્યતાઓ શાના પર આધાર રાખે છે ?

(A) બાળકની શારીરિક વૃદ્ધિ પર

(B) બાળકના શારીરિક સમવયસ્ક જૂથ પર

(C) બાળકના ઘર પાસે આવેલ ધર્મસ્થાન પર

(D) ઉપરનામાંથી એકેય નહીં

32. સમાજીકરણની પ્રક્રિયામાં અનુકરણને ઉપયોગી અને વિકાસાત્મક બનાવવા માટે જરૂરી બાબત છે.

(A) કુટુંબ અને પડોશી

(B) ગામડું અને શહેર

(C) દેશ અને રાજનીતિ

(D) વાહનવ્યવહાર અને સંચાર માધ્યમ

33. શિક્ષકે તેના વર્ગના બાળકોનો સામાજિક, શારીરિક અને સંવેગાત્મક વિકાસ કરવો છે, તો નીચેમાંથી કઈ બાબતની પસંદગી કરવી જોઈએ ?

(A) તેને વર્ગમાંથી બધા બાળકોને શાળા સમય પૂર્વે જ ઘેર મોકલી દેવા.

(B) બાળકોને વિવિધ પ્રકારની રમતની પ્રવૃત્તિઓ શિખવાડવી જોઈએ.

(C) બાળકોને મૌન રહીને વાંચવાનું કહેવું અને શિક્ષક પોતે પણ મૌન રહે

(D) ઉપરનામાંથી એક પણ નહીં

34. શિક્ષક, વિદ્યાર્થીઓ પર સમાજીકરણના પ્રભાવ માટે નીચે પૈકી કઈ પ્રવૃત્તિ કરાવશે ?

(A) બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરશે.

(B) શિક્ષક-પોતાના ઉદાહરણનું અનુકરણ કરવાનું કહેશે.

(C) તેમના વર્તનનું વિશ્લેષણ કરી યોગ્ય વર્તન માટે માર્ગદર્શન આપશે.

(D) બધાં જ

35. બાળકના સમાજીકરણનું મુખ્ય તત્ત્વ કયું છે ?

(A) વારસો

(B) પર્યાવરણ

(C) કુટુંબ

(D) આપેલ તમામ

36. શિક્ષક તેના વર્ગખંડમાં અધ્યેતાઓના વિકાસમાં પરિપક્વતા લાવવા નીચેનામાંથી કઈ બાબતની પસંદગી કરશે?

(A) બાળક સામે આવનાર સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં તેમની મદદ લેશે.

(B) બાળકોને વધારે ગૃહકાર્ય આપશે.

(C) બાળકોને વર્ગખંડમાં મૌન રહેવા માટે કહેશે.

(D) બધાં જ

37. વાયગોટ્સ્કી મુજબ બાળકો તેમના સમવયસ્ક જૂથ (Peer group) ના સભ્ય કઈ અવસ્થામાં બને છે ?

(A) પૂર્વ બાલ્યાવસ્થા

(B) બાલ્યાવસ્થા

(C) કિશોરાવસ્થા

(D) પૌઢાવસ્થા

38. પિયાજે કોઈ બાળકના વિચારોમાં નવા વિચારોનો સમાવેશ કરવાની બાબતને શું કહે છે ?

(A) વ્યવસ્થાપન

(B) શોધ

(C) સ્વયં શોધ

(D) નિર્માણ

39. પિયાજેએ કયો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે ?

(A) માનસિક વિકાસ

(B) ભૌતિક વિકાસ

(C) સામાજિક વિકાસ

(D) સંવેગાત્મક વિકાસ

40. શિક્ષણના ઉદ્દેશ્યો બદલતા રહેવા જોઈએ, કારણકે સમાજ...

(A) પરિવર્તનશીલ છે.

(B) નું સ્વરૂપ સ્થિર છે.

(C) માં પરિવર્તન જટિલ છે.

(D) શિક્ષણ દ્વારા જ બદલી શકાય તેમ છે.

41. પરિવાર એક સાધન છે _____

(A) અનૌપચારિક શિક્ષણનું

(B) ઔપચારિક શિક્ષણનું

(C) દૂરવર્તી શિક્ષણનું

(D) એકેય નહીં

42. એક શિક્ષક વિદ્યાર્થીઓમાં સામાજિક મૂલ્યોનો વિકાસ કરી શકે છે.

(A) મહાન વ્યક્તિઓ વિશે જણાવીને

(B) શિસ્તની અનુભૂતિ કરાવીને

(C) આદર્શ રીતે વર્તન કરીને

(D) તેમને બોધરૂપ વાર્તા સંભળાવીને

43. શિક્ષણનો મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય છે _____

(A) આજીવિકા મેળવવી

(B) બાળકનો સર્વાંગી વિકાસ કરવો.

(C) વાંચતા-લખતાં શીખવું

(D) બૌદ્ધિક વિકાસ કરવો

44. નીચેનામાંથી કયું આયોજન પ્રાથમિક આયોજન કહેવાય છે ?

(A) માનસિક આયોજન

(B) શારીરિક આયોજન

(C) સામાજિક આયોજન

(D) શૈક્ષણિક આયોજન

45. કુટુંબને જીવનની પ્રાથમિક શાળા તરીકે કયો વિદ્વાન સંબોધે છે ?

(A) એમાઈલ દુર્ખાઈમ

(B) મેકસવેબર

(C) પ્લેટો અને એરિસ્ટોટલ

(D) હર્બર્ટ સ્પેન્સર

46. બાળકેન્દ્રિત શિક્ષણ પદ્ધતિનો ઉદ્દેશ્ય શો છે ?

(A) વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર રીતે શીખવાની યોગ્યતાનો વિકાસ કરવો.

(B) વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર રીતે કૌશલ્યનો વિકાસ કરવો.

(C) વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતાનો વિકાસ કરવો

(D) આપેલાં બધાંજ

47. શિક્ષણનો પ્રસાર-પ્રચાર કેમ જરૂરી છે ?

(A) સાક્ષરતાનો દર વધારવા માટે

(B) લોકોને શિક્ષણ પ્રત્યે આકર્ષિત કરવાનો હેતુ

(C) શિક્ષકોને નોકરી આપવા માટે

(D) લોકોને સમાજ ઉપયોગી અંગ બનાવવા માટે

48. કેળવણી ત્યારે જ સાર્થક બનશે જ્યારે ______

(A) અભ્યાસક્રમકેન્દ્રિત હશે (B) શિક્ષકકેન્દ્રિત હશે

(C) સમાજકેન્દ્રિત હશે **(D) વિદ્યાર્થીકેન્દ્રિત હશે**

49. વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણનો હેતુ છે.

(A) દરેક વિદ્યાર્થીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખવી.

(B) વિદ્યાર્થીઓને સ્વચ્છંદી થવાની છૂટ આપવી.

(C) વિદ્યાર્થીને મફત શિક્ષણ આપવું.

(D) શિક્ષણમાં વિદ્યાર્થીઓનો સંપૂર્ણ સહકાર મેળવવો.

50. શિક્ષણમાં દંડનું મુખ્ય નુકસાન છે ______

(A) તેનાથી વિદ્યાર્થીઓમાં અરુચિકર ભાવનાઓ પેદા થાય છે.

(B) તે વિદ્યાર્થીઓમાં ડર પેદા કરે છે.

(C) તે સમૂહમાં બંધુત્વની ભાવનાને રોકે છે.

(D) તે સમૂહમાં સાહચર્યની ભાવનાને રોકે છે.

51. કેળવણી શું છે ?

(A) કેળવણી એક પુસ્તક છે.

(B) કેળવણી એક વ્યવસાય છે.

(C) કેળવણી એવી પ્રક્રિયા છે કે જે શિક્ષકો જ કરી શકે છે.

(D) કેળવણી જ્ઞાન અને અનુભવ છે.

52. પ્રાથમિક શાળામાં અંગ્રેજીનું શિક્ષણ ફરજિયાત કરી દેવું જોઈએ. કારણ કે તેનાથી...

(A) વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ આવે છે.

(B) વિદેશ જવાની તક સાંપડે છે.

(C) સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય છે.

(D) રોજગારીની તકો વધે છે.

53. અનૌપચારિક કેળવણીનો પ્રારંભ થાય છે.

(A) કોઈ સંસ્થાથી **(B) વાતાવરણમાંથી**

(C) સુઆયોજિત માળખાથી (D) એકેય નહીં

54. ફરજિયાત શિક્ષણના માર્ગમાં અવરોધ છે.

(A) અપવ્યયની સમસ્યા

(B) જનજાગૃતિનો અભાવ

(C) શિક્ષણના મહત્ત્વની અજ્ઞાનતા

(D) ત્રણેય

55. શિક્ષણનો અભ્યાસક્રમ પરિવર્તન પામતો રહેવો જોઈએ, કારણ કે...

(A) સમાજ શિક્ષણને તેમ કરવા માટે ફરજ પાડે છે.

(B) સમાજની જરૂરિયાતો બદલાતી રહે છે.

(C) તેનાથી સમાજમાં પરિવર્તન આવે છે.

(D) અભ્યાસક્રમ સામાજિક માર્ગદર્શનનું પાલન કરે છે.

56. 'બાળકેન્દ્રિત શિક્ષણ' નીચેના કયા વાદની ભેટ છે ?

(A) આદર્શવાદ **(B) પ્રકૃતિવાદ**

(C) સામ્યવાદ (D) પ્રયોજનવાદ

57. વર્તમાન શિક્ષણમાં પ્રચલિત પ્રવૃત્તિ છે કે ______

(A) બાળકની વિકાસ-વૃદ્ધિનું મૂલ્યાંકન તેના વર્તનના માધ્યમથી થવું જોઈએ.

(B) વિદ્યાર્થી પર કોઈ પણ પ્રકારનું કઠોર નિયંત્રણ લાદવું જોઈએ.

(C) વિદ્યાર્થી પર વધુ કઠિન શિસ્તનો નિયમ લાગુ પાડવામાં આવે.

(D) વિદ્યાર્થીના અભ્યાસક્રમને વધુ સુદૃઢ કરવો જોઈએ.

58. શાળામાં બાળકેન્દ્રિત શિક્ષણની વ્યવસ્થા કેટલાં વર્ષો સુધીની હોય છે ?

(A) 5 થી 10 વર્ષના બાળકો માટે

(B) 6 થી 10 વર્ષ સુધીના બાળકો માટે

(C) 7 થી 12 વર્ષના બાળકો માટે

(D) 8 થી 14 વર્ષ સુધીના બાળકો માટે

59. પ્રગતિશીલ કેળવણીકારોના વિચારથી અભ્યાસક્રમ સંબંધિત અનુભવોની શ્રેણીને નક્કી કરી શકાય છે...

(A) વિદ્યાર્થીઓની રુચિઓના સાતત્યક્રમમાં

(B) વિષયવસ્તુની તાર્કિકતાના આધારે

(C) અભ્યાસક્રમ નિર્માતાના સંગઠનના આધાર

(D) પાઠ્ય-પુસ્તકોના સંગઠનના અનુરૂપ

60. બાળકેન્દ્રિત શિક્ષણનો સિદ્ધાંત છે.

(A) પ્રેરણાનો સિદ્ધાંત (B) રુચિનો સિદ્ધાંત

(C) પસંદગીનો સિદ્ધાંત **(D) ત્રણેય**

61. પ્રગતિશીલ શિક્ષણનો ઉદ્દેશ્ય છે.

(A) બાળકનો વિકાસ

(B) બાળકના કુટુંબનો વિકાસ

(C) બાળકના મસ્તિષ્કનો વિકાસ

(D) ત્રણેય

62. પ્રગતિશીલ શિક્ષણ હેઠળ એવા વાતાવરણનું નિર્માણ કરવામાં આવે છે જેમાં બાળકના...

(A) સૌંદર્યનો વિકાસ થાય છે. **(B) સામાજિક વિકાસ થાય છે.**

(C) શારીરિક વિકાસ થાય છે. (D) એકેય નહીં

63. નિયતિ ઘરમાં ઓછી વાત કરે છે, પણ શાળામાં તે ઘણી વાતો કરે છે. આ બાબત અંગુલિનિર્દેશ કરે છે.

(A) શાળા બાળકોને વાતો કરવાની છૂટ આપે છે માટે

(B) શિક્ષકો જ બાળકોને વાતો કરવાનું કહેતા હશે.

(C) નિયતિને તેનું ઘર બિલકુલ પસંદ નહીં હોય.

(D) તેના વિચારોને શાળામાં માન્યતા મળે છે.

64. અશુદ્ધ ઉચ્ચારણ સુધારી શકાય છે _____

(A) પુનરાવૃત્તિ દ્વારા

(B) સમાનતાવાળા શબ્દોનું ઉચ્ચારણ કરાવીને

(C) શબ્દોને ખંડોમાં વિભાજિત કરીને

(D) ઉપરના બધાં

65. વર્ગમાં શિક્ષણ દરમિયાન વિચાર-પ્રત્યાયનને ઉદ્દેશ્યપૂર્ણ બનાવવા માટે શિક્ષકે...

(A) વિષયવસ્તુનું યોગ્ય અધ્યયન કરવું જોઈએ.

(B) સૌ પ્રથમ બાળકને ગ્રહણ કરવા તત્પર કરવા જોઈએ.

(C) બાળકને ધમકાવીને શાંત પાડી દેવો જોઈએ

(D) બાળકોને પણ પ્રત્યાયનમાં સહભાગી બનાવવા જોઈએ.

66. બાળકના ભાષા-વિકાસની દ્વિતીય અવસ્થા છે _____

(A) શબ્દભંડોળનું નિર્માણ (B) હાવભાવ

(C) ભાષાબોધ (D) લેખનશૈલી

67. બાળક નીચેમાંથી કોના દ્વારા તેની ભાષાને યોગ્ય રીતે શીખી શકે છે?

(A) યાદ કરીને **(B) વાંચન દ્વારા**

(C) પ્રયત્ન દ્વારા (D) મનન કરીને

68. નીચેમાંથી કયો ભાષા શિક્ષણનો સિદ્ધાંત છે ?

(A) રુચિનો સિદ્ધાંત (B) વૈયક્તિક ભિન્નતાનો સિદ્ધાંત

(C) ક્રિયાનો સિદ્ધાંત **(D) ત્રણેય**

69. નીચેમાંથી કઈ ભાષાક્ષતિ નથી ?

(A) ધ્વનિમાં અશુદ્ધ ઉચ્ચારણ હોવું

(B) ધ્વનિમાં વધુ તીવ્રતા હોવી

(C) ધ્વનિમાં પ્રતિસ્થાપનનો અભાવ

(D) ધ્વનિમાં પુનરાવૃત્તિ હોવી

70. બાળકના ભાષા વિકાસને અસર કરનાર પરિબળ નીચેનામાંથી કયું નથી ?

(A) સામાજિક-આર્થિક સ્થિતિ

(B) દ્વિ-ભાષાવાદ

(C) તંદુરસ્ત સ્વાસ્થ્ય

(D) વૃદ્ધિ

71. જો તમારા વર્ગમાં એક બાળક ભાષાક્ષતિવાળો ભણે છે. તો તમે કોઈ સામાન્ય બાળકની સરખામણીમાં તેને કેવી રીતે ઓળખશો ?

(A) તે બાળકને તેના સ્વર અવયવો પર નિયંત્રણ નહીં હોય

(B) તે વર્ગમાં અન્ય બાળકો કરતાં વધુ વાચાળ હશે.

(C) ભાષાક્ષતિ હોવાના કારણે તે વધારે શૈક્ષણિક ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરતો હશે.

(D) તે વર્ગખંડમાં અન્ય બાળકથી પછાત નહીં હોય.

72. પ્રાથમિક કક્ષાએ શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવી જોઈએ, કારણ કે...

(A) તેનાથી દેશપ્રેમની ભાવના વિકસે છે.

(B) તેનાથી બાળકને પાઠ્યક્રમ સમજવામાં સુવિધા રહે છે.

(C) તેનાથી માતૃભાષાના વિકાસમાં મદદ મળે છે.

(D) તેનાથી અધ્યયન કાર્ય સરળ બને છે.

73. શિક્ષકે શુદ્ધ માતૃભાષાનો ઉપયોગ કરનાર બાળકો પ્રત્યે કેવો વ્યવહાર કરવો જોઈએ ?

(A) આવા બાળકોને અવાર-નવાર પુરસ્કૃત કરવા જોઈએ.

(B) માતૃભાષાનો પ્રયોગ ન કરનાર બાળકને દંડ આપવો.

(C) તેમને વર્ગમાં આગળ બેસવાનું કહેશો.

(D) ઉપરનામાંથી એકેય નહિ.

74. કોઈ બાળક માટે ભાષા શીખવાનો આધારભૂત એકમ કયો છે ?

(A) શબ્દ ઉચ્ચારણ કૌશલ્ય (B) વ્યાકરણના નિયમો

(C) અક્ષરજ્ઞાન (D) અર્થબોધ

75. કિશોરાવસ્થામાં ભાષા વિકાસની વિશેષતા છે...

(A) તર્ક-વિતર્કનો ભાષામાં પ્રયોગ કરવો.

(B) ભાષા શબ્દ-ભંડોળ લગભગ આવડી ગયો હોય છે.

(C) ભાષામાં કોડનો પ્રયોગ કરવો.

(D) બધાં જ

76. બાળકની ભાષાનો વિકાસ તથા વિચારોને અસર કરનાર પરિબળ નથી -

(A) બુદ્ધિ (B) લિંગભેદ

(C) ભોજન (D) સામાજિક-આર્થિક સ્થિતિ

77. પુરુષ સ્ત્રીઓની સરખામણીમાં વધુ બુદ્ધિશાળી હોય છે. આ કથન-

(A) સત્ય હોઈ શકે છે.

(B) લૈંગિક પૂર્વગ્રહને પ્રદર્શિત કરે છે.

(C) બુદ્ધિના વિભિન્ન પક્ષ માટે સત્ય છે

(D) સત્ય જ છે.

78. નીચેનામાંથી કયું કથન સત્ય છે ?

(A) છોકરાંઓ વધુ બુદ્ધિશાળી હોય છે.

(B) છોકરીઓ વધુ બુદ્ધિશાળી હોય છે.

(C) બુદ્ધિનો લિંગની સાથે કોઈ સંબંધ નથી.

(D) સામાન્યતઃ છોકરાંઓ છોકરીઓથી વધારે બુદ્ધિશાળી હોય છે.

79. શાળા જતાં નાની વયના બાળકો જો તેમનું જૂથ બનાવે તો સૌથી ઓછું મહત્ત્વપૂર્ણ પરિબળ કયું છે ?

(A) લિંગ (B) નજીકની તટસ્થતા

(C) વિશેષ કાર્યમાં રુચિ (D) પરસ્પર સહાનુભૂતિ

80. સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની ભિન્નતાની શોધ કોણે કરી છે ?

(A) મેકનેમર અને ગૈરિટ (B) ટર્મન અને પિયાજે

(C) મેકનેમર અને ટર્મર (D) મેકનેમર અને પિયાજે

81. એક શિક્ષકેને તેના વર્ગમાં નીચેમાંથી કયા તથ્યને નકારવું જોઈએ ?

(A) વિદ્યાર્થી-વિદ્યાર્થીઓના વાંચન સંબંધિત વિકારોને

(B) વિદ્યાર્થી-વિદ્યાર્થીઓ વચ્ચે જાતીય ભેદભાવને

(C) વિદ્યાર્થી-વિદ્યાર્થીઓના વ્યવહાર સંબંધિત મુદ્દાઓને

(D) વિદ્યાર્થી-વિદ્યાર્થીઓના ઝઘડાથી સંબંધિત મુદ્દાઓને

82. નીચેમાંથી કયું શિક્ષણ સંબંધિત લિંગભેદ છે ?

(A) સામાજિક સ્થિતિ (B) આર્થિક સ્થિતિ

(C) શૈક્ષણિક જ્ઞાન (D) ત્રણેય

83. શરીર સંબંધિત દૃષ્ટિકોણ વ્યક્તિના વિવિધ પાસાંઓના વિકાસમાં સમાયોજન પરસ્પર સંબંધ પર ભાર મૂકે છે. આ કથન કોનું છે ?

(A) સ્કિનરનું (B) રોસનું

(C) ગેરિસનનું (D) ફ્રોઈડનું

84. વિદ્યાર્થીનીઓ પર જાતીય ભેદભાવની અસર પડે છે તેમના-

(A) સામાજિક ઉત્થાનમાં (B) સામાજિક દૃષ્ટિકોણ પર

(C) શૈક્ષણિક યોગ્યતા પર (D) ત્રણેય

85. શાળામાં છોકરાં અને છોકરીઓ વચ્ચે જાતીય અસરોને દૂર કરવા યોગ્ય ઉપાય કયો છે ?

(A) છોકરાં અને છોકરીઓને સમાન અધિકાર આપવા જોઈએ.

(B) છોકરાં અને છોકરીઓને કામની સમાન તકો આપવી જોઈએ.

(C) છોકરાં અને છોકરીઓને સમાન શૈક્ષણિક યોગ્યતાની આપવી જોઈએ

(D) બધાં જ

86. 'બુદ્ધિ લિંગ પર નિર્ભર છે'. આ કથનથી તમે-

(A) પૂર્ણતઃ સહમત છો (B) આંશિક રીતે સહમત છો

(C) પૂર્ણતઃ અસહતમ છો (D) આંશિક રીતે સમહત છો

87. વિદ્યાર્થીઓની અંગત દુનિયા પર નીચેમાંથી શાનો પ્રભાવ પડે છે ?

(A) લૈંગિક ભેદભાવનો (B) સામાજિક માન્યતાઓનો

(C) કુટુંબનો **(D) ત્રણેયનો**

88. જાતીય ભેદભાવના કારણે વિદ્યાર્થીઓમાં માનસિક સ્થિતિ પર પડતો પ્રભાવ છે ____

(A) તેઓ શાળાએ જવાનું ટાળે છે.

(B) તેઓ શાળામાં જઈને પ્રસન્ન રહે છે

(C) તેઓ ઘર અને શાળામાં ઝઘડા કરે છે

(D) તેઓ પરીક્ષામાં સારો દેખાવ કરે છે

89. વિદ્યાર્થીઓ વ્યક્તિગત રીતે એકબીજાથી ____ માં ભિન્નતા ધરાવે છે.

(A) વિકાસના દર

(B) વિકાસના ક્રમ

(C) વિકાસની સામાન્ય ક્ષમતા

(D) વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાતો

90. દરેક વિદ્યાર્થી સ્વયંમાં વિશિષ્ટ છે તેનો અર્થ થાય છે.

(A) વિદ્યાર્થીઓમાં ન તો સમાન વિશેષતાઓ હોય છે કે ન તો તેમનું ધ્યેય સમાન હોય છે.

(B) બધા વિદ્યાર્થી માટે એક સમાન અભ્યાસક્રમ અશક્ય છે.

(C) એક જટિલ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની ક્ષમતાઓ વિકસિત કરવી અશક્ય છે.

(D) કોઈ પણ બે અધ્યેયતાઓ તેમની યોગ્યતાઓ, રુચિઓ અને પ્રતિભાઓમાં એક સમાન નથી હોતાં

91. બાળમનૌવિજ્ઞાનના આધારે નીચેનું કયું કથન સર્વોત્તમ છે ?

(A) બધા બાળકો એક સમાન હોય છે.

(B) દરેક બાળક વિશેષ હોય છે.

(C) કેટલાંક બાળકો વિશેષ હોય છે.

(D) કેટલાંક બાળકો એક જેવા હોય છે.

92. વૈયકિતક ભિન્નતાના સમન્વય સંબંધિત એક શિક્ષકની ભૂમિકા કેવી હોવી જોઈએ ?

(A) વ્યક્તિનો દૃષ્ટિકોણ, અભિરુચિ અને યોગ્યતાને જાણવાનો પ્રયત્ન

(B) વ્યક્તિગત આધારિત અભ્યાસક્રમોને તેમની જરૂરિયાત મુજબ જાણવાનો પ્રયત્ન

(C) (A) અને (B) બંને

(D) ઉપરનામાંથી એકેય નહીં

93. અંતર્મુખી વ્યક્તિઓની ઓળખ વર્ગખંડમાં મેળવવા શિક્ષકે શાનો પ્રયોગ કરવો જોઈએ ?

(A) સોશિયોગ્રામનો

(B) સોશિઓડ્રામાનો

(C) સમૂહ નિર્ધારણ માપદંડનો

(D) બિહેવિયરગ્રામનો

94. મનૌવિજ્ઞાન પ્રવૃત્તિની કઈ વિશેષતા છે ?

(A) બાળમનૌવિજ્ઞાન પર ભાર

(B) બાળકના વ્યક્તિત્વનો આદર

(C) વ્યક્તિગત ભિન્નતાના સિદ્ધાંત પર ભાર

(D) ઉપરના બધાં જ

95. નીચેનામાંથી કયું વ્યક્તિગત ભિન્નતાનો પ્રકાર નથી ?

(A) વ્યક્તિત્વમાં ભિન્નતા (B) અભિવૃત્તિમાં વિભિન્નતા

(C) ઊંચાઈમાં વિભિન્નતા (D) આપેલાં બધાંજ

96. બાળકોનું મૂલ્યાંકન થવું જોઈએ.

(A) બોર્ડ પરીક્ષા દ્વારા

(B) સતત અને વ્યાપક મૂલ્યાંકન દ્વારા CCE

(C) ગૃહ પરીક્ષા દ્વારા

(D) લેખિત અને મૌખિક પરીક્ષા દ્વારા

97. તમારા ધ્યાનમાં આવે છે કે તમારા વર્ગખંડનો એક બાળક, રિસેસ દરમિયાન અન્ય બાળકો પર દાદાગીરી કરે છે. આ બાળકના આવા વર્તનને કેવી રીતે સુધારશો ?

(A) તમે તેને સલાહ-સૂચનો આપશો અને તેના માતાપિતાને તેનો સ્વભાવ બદલવામાં મદદ કરવા માટે પણ કહેશો.

(B) તમે અન્ય વિદ્યાર્થીઓને તેનાથી દૂર રહેવા અને તેની મિત્રતા ના કરવા કહેશો.

(C) તમે તેને સજા કરશો અને તેને વિરામ દરમિયાન શિક્ષક ખંડમાં બેસવા ફરજ પાડશો.

(D) તમે તેને આચાર્ય પાસે મોકલશો અને તેને શાળામાંથી કાઢી મુકાવશો.

98. વર્ગમાં વિદ્યાર્થીઓ ધ્યાન આપે તે માટે શિક્ષકે ______ જોઈએ.

(A) વિષયવસ્તુ પર સંપૂર્ણ પ્રભુત્વ રાખવું

(B) વિદ્યાર્થીઓને ઘણું લેખનકાર્ય આપવું

(C) કડક શિસ્તનો આગ્રહ રાખનાર થવું

(D) વિદ્યાર્થીઓ સાથે ખૂબ પ્રેમ રાખવો.

99. શિક્ષકની આ ટેવમાંની કઈ ટેવ વિદ્યાર્થીઓના ગોખણિયા જ્ઞાનમાં પરિણમશે ?

(A) વિદ્યાર્થીઓને પોતાની રજાઓ વિષે નિબંધ લખવા કહેવું.

(B) વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાંના કોયડા ઉકેલવા માટે આપવા

(C) વિદ્યાર્થીઓને પોતાની રજાઓ વિશે અક્ષરશઃ જવાબો લખે તેવો આગ્રહ રાખવો.

(D) જૂથ પ્રવૃત્તિ તરીકે કરવાનું હોય તેવું આયોજિત કાર્ય સોંપવું.

100. શિક્ષિકા ઊર્વીએ તેણીના વિદ્યાર્થીઓને એક નાની વાર્તા વર્ગમાં વાંચવા આપી. થોડા સમય પછી, તેણીએ વર્ગમાં એક વિદ્યાર્થી રાજુને આ વાર્તા પોતાના શબ્દોમાં સમજાવવાનું કહ્યું. શિક્ષિકાએ આપેલી આ શૈક્ષણિક પ્રવૃત્તિ બ્લૂમ વર્ગીકરણની કઈ કુશળતા અંતર્ગત વર્ગીકૃત થઈ શકે ?

(A) પ્રયોજવું (B) સમજવું

(C) યાદ રાખવું (D) રચના કરવી

101. બેન્જામિન બ્લૂમના મતે, નીચેનામાંથી કઈ ક્રિયા અધ્યયનના મનોશારીરિકક્ષેત્ર અંતર્ગત આવશે?

(A) શબ્દનો કોયડો ખરી રીતે ઉકેલવો

(B) વર્ગની ચર્ચામાં ખરી રીતે ભાગ લેવો.

(C) મોટા અવાજે કવિતા ગાવી.

(D) વિજ્ઞાનની આકૃતિ સચોટપણે દોરવી.

102. હકારાત્મક સુદઢનું નીચેમાંથી કયું ઉદારણ છે ?

(A) મિત્રો દ્વારા મજાક (B) મિત્રો સાથે સમય બગાડવો

(C) મિત્રની ગેરહાજરીમાં તેની નિંદા (D) ત્રણેય

103. પાંચ વર્ષનો રાજુ તેના ઘરની બારીમાંથી બહાર વાવાઝોડાને જુએ છે, તે સમયે વીજળી ચમકે છે અને કડાકો થાય છે રાજુ આ બધું જોઈને કૂદે છે. વારંવાર આ ઘટના થાય છે. પછી થોડી શાંતિ થયાં પછી વીજળીનો ચમકારો થાય છે. રાજુ વીજળીના કડાકાથી કૂદે છે. રાજુનું આ રીતે કૂદતા શીખવું કયા સિદ્ધાંતનું ઉદાહરણ છે ?

(A) શાસ્ત્રીય અભિસંધાન (B) પ્રયત્ન અને ભૂલ

(C) અનુસ્તરીય અધ્યયન (D) સિદ્ધિપ્રેરણાનો સિદ્ધાંત

104. નીચેમાંથી કયું કથન પ્રેરણા એક પ્રક્રિયાના સંદર્ભમાં યોગ્ય ન કહી શકાય?

(A) તે વ્યક્તિને લક્ષ્ય તરફ લઈ જાય છે.

(B) તે વ્યક્તિની શારીરિક જરૂરિયાતોની પૂર્ણ કરે છે.

(C) તે મનોવિજ્ઞાત્મક આકાક્ષાંઓને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

(D) તે વ્યક્તિને અણગમતી પરિસ્થિતિથી દૂર રાખે છે.

105. રાજ્યમાં P.T.C. અને C.P.Ed. ના અભ્યાસક્રમો કોણ નક્કી કરે છે ?

(A) NCERT **(B) GCERT**

(C) DIET (D) NCTE

106. P.T.C.ની પરીક્ષાની તારીખો કોણ નક્કી કરે છે ?

(A) રાજ્ય પરીક્ષા બૉર્ડ (B) GCERT

(C) NCERT (D) શિક્ષણ નિયામક

107. CRC જૂથમાં કેટલી શાળાઓની સમાવેશ કરાય છે ?

(A) 10 કિમી.ની મર્યાદામાં આવતી 15 થી 20 શાળાઓ

(B) 12 કિમી.ની મર્યાદામાં આવતી 18 થી 22 શાળાઓ

(C) 8 કિમી.ની મર્યાદામાં આવતી 10 થી 12 શાળાઓ

(D) 15 કિમી.ની મર્યાદામાં આવતી 21 થી 25 શાળાઓ

108. નામાંકન ક્યારે કરવામાં આવે છે ?

(A) 15 જૂન પછી

(B) શાળા શરૂ થયા પછી એક અઠવાડિયામાં

(C) શાળા શરૂ થાય તે દિવસે

(D) નવા સત્રમાં શાળા શરૂ થાય તે પહેલાં

109. વિદ્યાલક્ષ્મી યોજના અંતર્ગત શાળામાં પ્રવેશ લેતી બાળાને કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે ?

[✓ (A) રૂ. 1,000] (B) રૂ. 500

(C) રૂ. 1,500 (D) રૂ. 2,000

110. यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । આ કથન છે ?

(A) વાલ્મીકિ (B) વેદવ્યાસ

[✓ (C) મનુ] (D) કાલિદાસ

111. યુનોએ ક્યા વર્ષને આંતરરાષ્ટ્રીય બાળવર્ષ તરીકે જાહેર કર્યું હતું ?

(A) 1975 [✓ (B) 1979]

(C) 1981 (D) 1983

112. પ્રાથમિક શાળાના શિક્ષકો સામે ક્યા પડકારો ઊભાં છે ?

(A) અપવ્યય

(B) નામાંકન

(C) શૈક્ષણિક ટેકનોલોજીનો ઉપયોગ

[✓ (D) ઉપરના બધા]

113. શિક્ષકે વ્યાવસાયિક સજ્જતા કેળવવા ક્યા ગુણો વિકસાવવામાં જોઈએ ?

(A) વિષયવસ્તુનું જ્ઞાન (B) પ્રભાવક રજૂઆત

(C) બાળમનોવિજ્ઞાનનું જ્ઞાન (D) ઉપરના બધાં

114. શૈક્ષણિક સંસ્થાના આયોજનના આધારસ્તંભોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) વાલીઓ (B) વિદ્યાર્થીઓ

(C) શિક્ષકો [✓ (D) શિક્ષણ અધિકારી]

115. શિક્ષણકારો કેવા પ્રકારની શિસ્તનો વિશેષ આગ્રહ ધરાવે છે ?

(A) દમનયુક્ત (B) પ્રભાવયુક્ત

(C) મુક્ત (D) ત્રણેય પ્રકારની

116. વિદ્યાર્થીઓના ગણવેશ પાછળનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

[✓ (A) સમાનતા] (B) શાળાની ઓળખ

(C) શિસ્ત (D) એકેય નહિ

117. લાઈવ સ્ટોક-પત્રકનું ઉદાહરણ નથી

(A) જનરલ રજિસ્ટર (B) હાજરીપત્રક

(C) પુસ્તકાલય રજિસ્ટર (D) પરિણામપત્રક

118. શાળાનું સૌથી મહત્ત્વનું પત્રક ક્યું છે ?

(A) વર્ગ રજિસ્ટર (B) શિક્ષક હાજરીપત્રક

(C) ડેડસ્ટોક પત્રક [✓ (D) જનરલ રજિસ્ટર]

119. શાળા છોડવાનો દાખલો ક્યા પત્રકના આધારે અપાય છે ?

(A) વિદ્યાર્થી હાજરીપત્રક (B) પરિણામપત્રક

[✓ (C) જનરલ રજિસ્ટર] (D) (A) અને (B)

120. સામાન્ય ડેડસ્ટોકમાં કઈ વિગતો હોય છે ?

(A) (B), (C) અને (D) (B) ખરીદ તારીખ

(C) કિંમત (D) વસ્તુનું નામ અને બિલ નંબર

121. ક્યું વિધાન ખોટું છે ?

(1) પેન્શન નક્કી કરતી વખતે સેવાપોથી અગત્યનું પત્રક છે.

(2) વિદ્યાર્થી શાળા છોડી જાય તો તેની નોંધ જનરલ રજિસ્ટરમાં કરવામાં આવે છે. X

(3) પ્રગતિપત્રક એ વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરતું પત્રક છે. ✓

(4) બિનઉપયોગી પત્રકો પણ સાચવી રાખવાં જોઈએ. X

(5) પ્રગતિપત્રક એ વાર્ષિકપત્રક છે.

(A) 1, 2, 3 (B) 2, 4

(C) 3, 5 (D) 2, 4, 5

122. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ક્યારથી અમલમાં આવી ?

(A) ઈ.સ. 1982 [✓ (B) ઈ.સ. 1986]

(C) ઈ.સ. 1990 (D) ઈ.સ. 1988

123. આશ્રમશાળામાં ઓછામાં ઓછાં કેટલાં કર્મચારીઓ હોય છે ? 8 આશ્રમ

(A) 12 (B) 10

(C) 9 [✓ (D) 8]

124. પહેલી આશ્રમશાળા ગુજરાતમાં કોણે શરૂ કરી હતી ?

(A) દુર્ગારામ મહેતા (B) મહીપતરામ રૂપરામ નીલકંઠ

[✓ (C) ઠક્કરબાપા] ઠક્કરબાપા (D) રવિશંકર મહારાજ

125. ગુજરાતમાં સૌ પ્રથમ આશ્રમશાળા ક્યા જિલ્લામાં શરૂ થઈ હતી ?

(A) ડાંગ (B) સુરત

(C) અમરેલી (D) પંચમહાલ પંચમહાલ

126. સર્વશિક્ષા અભિયાનમાં આઠ વર્ષ સુધીના સાર્વત્રિક શિક્ષણનો લક્ષ્યાંક ક્યા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું નક્કી કરાયું હતું ?

[✓ (A) 2010] (B) 2011

(C) 2012 (D) 2015

127. 'આશ્રમી કેળવણી' પુસ્તકના લેખક કોણ છે ?

(A) ગિજુભાઈ બધેકા (B) જુગતરામ દવે

(C) મનુભાઈ પંચોળી (D) ઠક્કરબાપા

128. આશ્રમશાળા શરૂ કરવા માટે ઓછામાં ઓછાં કેટલાં બાળકો જોઈએ ?

(A) 15 કુમાર, 15 કન્યા (B) 18 કુમાર, 18 કન્યા

(C) 12 કુમાર, 12 કન્યા (D) 20 કુમાર, 20 કન્યા

129. સંપૂર્ણ સાક્ષરતા નક્કી કરવાના માપદંડમાં કોનો સમાવેશ થાય છે ?

(A) મનગમતું લખાણ 30 શબ્દોની ઝડપથી બોલીને વાંચી શકે

(B) લખાણની નકલ એક મિનિટમાં 7 શબ્દોની ઝડપથી કરી શકે

(C) 1 થી 100 સુધીના આંક લખી - વાંચી શકે

(D) ઉપરના બધાં

130. રાષ્ટ્રીય સાક્ષરતા મિશનની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
(A) 1 મે, 1995 (B) 15 જૂન, 1990
(C) 5 મે, 1988 (D) 1 મે, 1986

131. SAEPમાં 'A' શબ્દ શું સૂચવે છે ?
(A) એડમિનિસ્ટ્રેશન **(B) એડલ્ટ**
(C) એસોસિએશન (D) એસોસિએટ

132. નિરક્ષર વ્યક્તિઓ ભણેલું ભૂલી ન જાય તે માટે કયો કાર્યક્રમ છે ?
(A) નિરંતર શિક્ષણ કાર્યક્રમ (B) NAEP
(C) SAEP **(D) અનુસાક્ષરતા કાર્યક્રમ**

133. કોઠારી કમિશન કઈ સાલમાં નિમાયું હતું ?
(A) ઈ.સ. 1964 (B) ઈ.સ. 1966
(C) ઈ.સ. 1969 (D) ઈ.સ. 1965

134. ક્યું જોડકું ખોટું છે ?
(A) NLM - નેશનલ લિટરસી મિશન
(B) PLC - પોસ્ટ લિટરસી કેમ્પેઈન
(C) MPFL - મૉડર્ન પ્રોગ્રામ ફોર ફંકશનલ લિટરસી
(D) NAEP - નેશનલ એડલ્ટ એજ્યુકેશન પ્રોગ્રામ

135. રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ ક્યારથી અમલી બન્યો ?
(A) ઈ.સ. 1198 **(B) ઈ.સ. 1978**
(C) ઈ.સ. 1984 (D) ઈ.સ. 1975

136. પ્રૌઢ શિક્ષણમાં કયા વયજૂથની નિરક્ષર વ્યક્તિઓને આવરી લેવામાં આવેલ છે ?
(A) 15 થી 35 (B) 20 થી 35
(C) 15 થી 45 (D) 15 થી 50

137. વિકાસમતવાદી મનોવૈજ્ઞાનિકો કયા વયજૂથની વ્યક્તિને તરુણ માને છે ?
(A) 12 થી 19 **(B) 13 થી 18**
(C) 16 થી 24 (D) 16 થી 21

138. WHOના મત પ્રમાણે કયા વયજૂથની વ્યક્તિ તરુણ ગણાય છે ?
(A) 12 થી 18 **(B) 10 થી 19**
(C) 13 થી 18 (D) 16 થી 21

139. વિકલાંગ બાળકો માટે શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ કેટલું રાખવામાં આવ્યું છે ?
(A) 1 : 15 (B) 1 : 16
(C) 1 : 12 **(D) 1 : 10**

140. સંકલિત યોજના અંતર્ગત વિકલાંગ બાળકને કયા લાભો મળે છે ?
(A) યુનિફોર્મ માટે વિદ્યાર્થીદીઠ રૂ. 200
(B) સાધનસામગ્રી માટે રૂ. 400
(C) હૉસ્ટેલ ચાર્જ માટે માસિક રૂ. 500
(D) ઉપરના બધાં

141. સંકલિત શિક્ષણનો મુખ્ય સિદ્ધાંત કયો છે ?
(A) (B), (C), અને (D) (B) સમાન તક
(C) અધિકારોનું રક્ષણ (D) પૂર્ણ ભાગીદારી

142. રાજ્યસ્તરે સંકલિત શિક્ષણ યોજનાનું સંચાલન અને નિયંત્રણ માટે કઈ સંસ્થા કાર્યરત છે ?
(A) SAEP (B) MPFL
(C) I.E.D.C Cell (D) PLC

143. વસતિ શિક્ષણનો ખ્યાલ ક્યારથી શરૂ થયો છે ?
(A) 1975 **(B) 1970**
(C) 1960 (D) 1965

144. વિકલાંગ ધારો ક્યારથી અમલી બન્યો છે ?
(A) 1 મે, 1995 (B) 15 જૂન, 1996
(C) 1 એપ્રિલ, 1998 **(D) 7 એપ્રિલ, 1996**

145. આઈ.ઈ.ડી.સી. સેલની કચેરી ક્યાં આવેલી છે ?
(A) અમદાવાદ (B) રાજકોટ
(C) ગાંધીનગર (D) વડોદરા

146. માહિતી અધિકાર અધિનિયમ ક્યારથી અમલી બન્યો છે ?
(A) 12 ઑક્ટોબર, 2005 (B) 1 જૂન, 2006
(C) 2 ઑક્ટોબર, 2006 (D) 15 સપ્ટેમ્બર, 2005

147. ક્યાં બંધારણીય સુધારા અન્વયે શિક્ષણના અધિકારને મૂળભૂત અધિકારમાં સંમાવી લેવામાં આવ્યો છે ?
(A) 92 મો **(B) 86 મો**
(C) 90 મો (D) 91 મો

148. શિક્ષણને મૂળભૂત અધિકારમાં સમાવવાની જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવી છે ?
(A) 21 - ડી (B) 21 - બી
(C) 21 - સી (D) 21 - એ

149. શિક્ષણનો મૂળભૂત અધિકારમાં કઈ જોગવાઈ નથી ?
(A) 16 વર્ષ સુધીના બાળકને ગુણવત્તાયુક્ત મફત શિક્ષણની વ્યવસ્થા
(B) શિક્ષક વિદ્યાર્થીનું પ્રમાણ 1 : 40
(C) બાળકોને શારીરિક સજા કરવા પર પ્રતિબંધ
(D) સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ વખતે 25 ટકા બેઠકો પછાત વર્ગના બાળકો માટે અનામત

150. સર્વશિક્ષા અભિયાનમાં કયા વયજૂથનાં બાળકોને આવરી લેવામાં આવ્યા છે ?
(A) 8 થી 14 **(B) 6 થી 14**
(C) 8 થી 16 (D) 7 થી 16

151. મધ્યાહ્ન ભોજન યોજનાની શરૂઆત ક્યારે થઈ હતી ?
(A) 15 ઓગસ્ટ, 1997 (B) 26 જાન્યુઆરી, 1995
(C) 15 ઓગસ્ટ, 1995 (D) 2 ઓક્ટોબર, 1995

152. શૈક્ષણિક રીતે પછાતમાં ગુજરાતના કેટલાં જિલ્લાઓનો સમાવેશ થાય છે ?
(A) 20 (B) 16
(C) 13 (D) 9

153. 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ' ક્યારે મનાવવામાં આવે છે ?
(A) 5 સપ્ટેમ્બર (B) 16 સપ્ટેમ્બર
(C) 8 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર

154. કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યક્રમની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી ?
(A) 2005 (B) 2004
(C) 2001 (D) 2003

155. રાષ્ટ્રીય જનસંખ્યા શિક્ષા પરિયોજના ક્યારથી અમલમાં આવી ?
(A) 1985 (B) 1984
(C) 1983 (D) 1980

156. રાષ્ટ્રીય પુસ્તક સમાહ ક્યારે ઊજવવામાં આવે છે ? 14/20-11
(A) 14 થી 20 નવેમ્બર (B) 1 થી 6 સપ્ટેમ્બર
(C) 20 થી 26 ફેબ્રુઆરી (D) 2 થી 8 ઓક્ટોબર

157. નેશનલ બુક ટ્રસ્ટની સ્થાપના ક્યારે થઈ હતી ?
(A) 1960 (B) 1957 1957
(C) 1958 (D) 1965

158. અસરકારક વર્ગવ્યવહાર માટે શિક્ષકે ક્યા પ્રશ્નના સંદર્ભમાં પૂર્વ આયોજન કરવું જોઈએ ?
(A) શું ભણાવવું ? (B) કેવી રીતે ભણાવવું ?
(C) શા માટે ભણાવવું ? (D) ઉપરના બધાં

159. સારા અધ્યનયનાં તત્ત્વોમાં કોનો સમાવેશ થાય છે ?
(A) રસ (B) ધ્યાન
(C) એકાગ્રતા (D) આપેલાં બધાં

160. વર્ગશિક્ષણની પ્રક્રિયાને કુલ કેટલાં અધ્યાપન કૌશલ્યોમાં વર્ગીકૃત કરવામાં આવી છે ? 22
(A) 22 (B) 16
(C) 18 (D) 15

161. અધ્યાપન સૂત્રોની સૌ પ્રથમ વાત કોણે કરી હતી ? Herbert Spencer
(A) પી. સી. રેન (B) હર્બર્ટ સ્પેન્સર
(C) જે. વોલ્ટન (D) રવીન્દ્રનાથ ટાગોર

162. રમત દ્વારા આનંદમય શિક્ષણ આપવાની હિમાયત કોણે કરી હતી ?
(A) જુગતરામ દવે (B) રમણલાલ સોની
(C) ગિજુભાઈ બધેકા (D) મનુભાઈ પંચોળી

163. રમત દ્વારા આનંદમય શિક્ષણ ક્યા ધોરણ માટે યોગ્ય છે ?
(A) 1 થી 2 (B) 1 થી 3
(C) 1 થી 5 (D) 1 થી 4

164. વર્ગકાર્ય કૌશલ્યનાં મુખ્ય અંગો ક્યાં છે ?
(A) વર્ગશિક્ષણ કાર્ય (B) વર્ગ વ્યવસ્થાપન
(C) મૂલ્યાંકન (D) આપેલાં બધાં

165. મૂલ્યાંકનમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?
(A) ક્ષમતા (B) (A), (C) અને (D)
(C) ક્ષમતા ઉપલબ્ધિ આંક (D) સ્તર નિર્ધારણ પ્રક્રિયા

166. HDI શું સૂચવે છે ?
(A) માનવ વિકાસ સૂચકાંક (B) માનવ બુદ્ધિ સૂચકાંક
(C) માનવ શિક્ષણ સૂચકાંક (D) માનવ સ્વાસ્થ્ય સૂચકાંક

167. ટૂંકજવાબી પ્રશ્નની મર્યાદા કઈ છે ?
(A) આત્મલક્ષી મૂલ્યાંકન (B) ગુણાંકનમાં સરળતા
(C) નકલને પ્રોત્સાહન (D) અભ્યાસક્રમને સમગ્રતયા આવરી ન લેવાય

168. વર્ગખંડમાં શિક્ષણ પ્રક્રિયા કઈ રીતે થાય છે ?
(A) શિક્ષક - વિદ્યાર્થી આંતરક્રિયા
(B) વિદ્યાર્થી - વિદ્યાર્થી આંતરક્રિયા
(C) વિદ્યાર્થી - ઉદ્દીપક આંતરક્રિયા
(D) ઉપરના બધાં

169. બ્લ્યૂ-પ્રિન્ટમાં ક્યા પરિમાણનો સમાવેશ થતો નથી ?
(A) પરીક્ષા સંચાલન (B) અધ્યયનક્ષેત્ર
(C) પ્રશ્નનો પ્રકાર (D) ક્ષમતાક્રમાંક

170. નિબંધલક્ષી પ્રશ્નની મર્યાદામાં કોનો સમાવેશ થાય છે ?
(A) વસ્તુલક્ષી મૂલ્યાંકન થાય છે
(B) આત્મલક્ષી મૂલ્યાંકન થાય છે Subject
(C) છાપકામનું ખર્ચ વધારે આવે છે
(D) નકલને પ્રોત્સાહન વધુ મળે છે

171. હેતુલક્ષી પ્રશ્નના ફાયદા ક્યા છે ?
(A) ઝડપથી મૂલ્યાંકન થાય છે
(B) સમગ્ર અભ્યાસક્રમને આવરી શકાય છે
(C) વસ્તુલક્ષી મૂલ્યાંકન શક્ય બને છે
(D) ઉપરના બધાં

172. ટૂંકજવાબી પ્રશ્નોની મર્યાદામાં કોનો સમાવેશ થતો નથી ?
(A) મૌલિકતાનું માપન થઈ શકતું નથી
(B) વિદ્યાર્થીની અભિવ્યક્તિ શક્તિનો ઓછો વિકાસ કરે છે
(C) છાપકામનો ખર્ચ વધારે આવતો નથી
(D) ભાષાશક્તિનું માપન થઈ શકતું નથી

173. ગાનશિક્ષણ શાના માટે ખૂબ ઉપયોગી છે ?
(A) કાવ્યશિક્ષણ
(B) વાર્તાશિક્ષણ
(C) નિબંધશક્ષણ
(D) એકેય નહિ

174. પ્રવૃત્તિ પાઠનાં ક્યાં સોપાનો છે ?
(A) યોજના ✓
(B) કૃતિ ✓
(C) મૂલ્યાંકન ✓
(D) આપેલાં બધાં

175. સમવાય પાઠનો સમય કેટલી મિનિટનો હોય છે ?
(A) 60
[✓ (B) 35]
(C) 40
(D) 45

176. સાદા પાઠ આયોજનનું લક્ષણ નથી.
(A) શિક્ષક બહુશ્રેણીય શાળામાં અધ્યાપન કરે છે ✗
(B) સમગ્ર તાસ દરમિયાન શિક્ષક જ શિક્ષણ કાર્ય કરે છે
(C) એક જ ધોરણ માટે આયોજન કરવું પડે છે
(D) સમયમર્યાદા 35 મિનિટ છે.

177. ઔપચારિક કસોટીનું લક્ષણ નથી
(A) આંતરિક મૂલ્યાંકન થતું નથી
(B) વિધિસરનું પ્રશ્નપત્ર હોય છે
(C) વિદ્યાર્થીના નિરંતર-સતત મૂલ્યાંકન માટે ઉપયોગી છે ✗
(D) પરિણામોની જાણકારી વિદ્યાર્થીઓ અને વાલીને અપાય છે

178. નિબંધલક્ષી પ્રશ્નની મર્યાદા કઈ છે ?
(A) આત્મલક્ષી મૂલ્યાંકન ✓
(B) અભ્યાસક્રમના બધાં મુદ્દાઓ આવરી શકાતાં નથી ✓
(C) પરીક્ષણમાં વધુ સમય ✓
(D) ઉપરના બધાં

179. ઉત્તેજના પરિવર્તન કૌશલ્યમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?
(A) હલનચલન
(B) હાવભાવ
(C) વાણીમાં આરોહ-અવરોહ
(D) ઉપરના બધાં

180. શિક્ષક વિદ્યાર્થીને 'બેવકૂફ' કહે તેને શું કહેવાય ?
(A) સુદૃઢક
(B) હકારાત્મક સુદૃઢક
(C) નકારાત્મક શાબ્દિક સુદૃઢક ✓
(D) નકારાત્મક સુદૃઢક

181. શિક્ષકે કેવા પ્રકારના પ્રશ્નો પૂછવા જોઈએ ?
(A) પડઘા પ્રશ્નો
[✓ (B) દિશાસૂચન પ્રશ્નો]
(C) અટકળપોષક પ્રશ્નો
(D) સમર્થન પ્રશ્નો

182. આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણોમાં કોનો સમાવેશ થતો નથી ?
✗ (A) વિકલ્પો વગરનું હોવું જોઈએ
(B) કઠિનતામૂલ્ય યોગ્ય પ્રકારનું હોવું જોઈએ
(C) તાર્કિકક્રમમાં પ્રશ્નોની ગોઠવણી હોવી જોઈએ
(D) પ્રશ્નપત્ર અનાત્મલક્ષી, વિશ્વસનીય અને પ્રમાણભૂત હોવું જોઈએ.

183. વસ્તુલક્ષી કે હેતુલક્ષી પ્રશ્નની મર્યાદા કઈ છે ?
(A) ગેરરીતિને પ્રોત્સાહન મળે છે ✓
(B) અટકળને પ્રોત્સાહન આપે છે ✓
(C) છાપકામ ખર્ચ વધારે આવે છે ✓
(D) ઉપરનાં બધાં

184. સ્કાઉટ અને ગાઈડના સ્થાપક કોણ હતા ?
(A) સંર વિલિયમ પોવેલ
(B) સર રોબર્ટ બેડન પોવેલ
(C) સર આલ્ફ્રેડ પોવેલ
(D) સર જ્યોર્જ પોવેલ

185. રાજ્યસ્તરે પ્રાથમિક શિક્ષણના વડા કોણ હોય છે ?
(A) શિક્ષણ સચિવ
(B) શિક્ષણમંત્રી
(C) શિક્ષણ નિયામક
(D) શિક્ષણાધિકારી

186. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ક્યાં આવેલી છે ?
(A) ગાંધીનગર
(B) વડોદરા
(C) અમદાવાદ
(D) રાજકોટ

187. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વહીવટી વડા કોણ છે ?
(A) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(B) મેયર
(C) શાસનાધિકારી
(D) શિક્ષણ સમિતિના પ્રમુખ

188. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં કેટલાં સભ્યો હોય છે ?
(A) 17
(B) 13
(C) 21
(D) 11

189. જિલ્લા શિક્ષણ સમિતિના વહીવટી વડા કોણ હોય છે ?
(A) જિલ્લા વિકાસ અધિકારી
(B) જિલ્લા પંચાયતના પ્રમુખ
(C) જિલ્લા શિક્ષણ સમિતિના પ્રમુખ
(D) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી

190. શિક્ષણ સચિવ કોને જવાબદાર છે ?
(A) શિક્ષણમંત્રી
(B) પ્રાથમિક શિક્ષણ નિયામક
(C) શિક્ષણ સમિતિ
(D) જિલ્લા શિક્ષણાધિકારી

191. જિલ્લાના શિક્ષણને લગતાં નીતિવિષયક નિર્ણયો કોણ લે છે ?
(A) જિલ્લા વિકાસ અધિકારી
(B) શાસનાધિકારી
(C) જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન
(D) જિલ્લા શિક્ષણાધિકારી

192. રાજ્યની શિક્ષણ નીતિ નક્કી કરવાનું કામ કોણ કરે છે ?
(A) શિક્ષણ નિયામક (B) શિક્ષણમંત્રી
(C) મંત્રીમંડળ (D) શિક્ષણ સચિવ

193. જિલ્લા શિક્ષણ સમિતિમાં વધુમાં વધુ કેટલાં સભ્યો હોય છે ?
(A) 11 (B) 13
(C) 9 (D) 7

194. જિલ્લા શિક્ષણ સમિતિમાં કેટલાં સભ્યો કો-ઓપ્ટ કરવામાં આવે છે ?
(A) 2 3 co-opt (B) 1
(C) 3 (D) 4

195. જિલ્લા પ્રાથમિક શાળાઓનો વહીવટ કોણ કરે છે ?
(A) કલેક્ટર (B) સચિવાલય
(C) જિલ્લા પંચાયત (D) શિક્ષણ નિયામક

196. ઓપરેશન બ્લેકબોર્ડ યોજના શાને લગતી છે ?
(A) પ્રાથમિક શાળામાં શિક્ષકો અને સાધનસામગ્રી પૂરી પાડવા અંગેની
(B) શિક્ષકોની ભરતી અંગે
(C) વર્ગમાં બ્લેકબોર્ડની સુવિધા ઊભી કરવાની ✗
(D) શાળાના નબળાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાની

197. ગુજરાત સરકારની કઈ યોજના વિદ્યાર્થીઓને વીમા કવચ પૂરું પાડે છે ?
(A) સરસ્વતી સાધના **(B) વિદ્યાદીપ યોજના**
(C) વિદ્યાલક્ષ્મી યોજના (D) એકેય નહિ

198. ગંગાજમના યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય કઈ ભાષાનો છે ?
(A) ગુજરાતી (B) હિન્દી
(C) સંસ્કૃત **(D) અંગ્રેજી**

199. ગુજરાતમાં સર્વશિક્ષા અભિયાન ક્યારથી અમલમાં આવેલ છે ?
(A) 2001 **(B) 2002**
(C) 2004 (D) 2003

200. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે કઈ યોજના અમલમાં મૂકી છે ?
(A) વિદ્યાલક્ષ્મી (B) ગંગાજમના
(C) વિદ્યાદીપ (D) સર્વશિક્ષા અભિયાન

201. ગુજરાત સરકારે ક્યા વર્ષને કન્યા કેળવણી વર્ષ તરીકે ઊજવવાનું જાહેર કર્યું હતું ?
(A) 2001-02 (B) 2002-04
(C) 2002-03 (D) 2004-05

202. ભાર વિનાના ભણતરની જોગવાઈ કઈ સમિતિએ કરી હતી ?
(A) ગિજુભાઈ બંધેકા સમિતિ (B) મનુભાઈ પંચોળી સમિતિ
(C) હંસા મહેતા સમિતિ **(D) પ્રો. યશપાલ સમિતિ** 9 93

203. ક્યું જોડકું ખોટું છે ?
(A) MLL - મિનિમમ લેવલ ઓફ લર્નિંગ
(B) EMIS - એજ્યુકેશન મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન
(C) DPEP - ડિસ્ટ્રિક્ટ પ્રાઈમરી એજ્યુકેશન પ્રોગ્રામ
(D) NCERT - નેશનલ કાઉન્સિલ ફોર એન્વાર્યમેન્ટ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ

204. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા રાજ્ય કક્ષાએ કઈ સંસ્થા કાર્યરત છે ? GUJAPITT
(A) GCERT (B) DIET
(C) BRC (D) બધી જ

205. મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવી છે ?
(A) 45 (B) 46
(C) 44 (D) 48

206. GCERTની સ્થાપના ક્યારે થઈ હતી ?
(A) 1995 **(B) 1988**
(C) 1981 (D) 1991

207. DIETની શરૂઆત ક્યારે થઈ હતી ?
(A) 1991 (B) 1992
(C) 1995 (D) 1996

208. ક્યું જોડકું ખોટું છે ?
(A) DIET - ડિસ્ટ્રિક્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ
(B) MHRD - મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ એન્ડ ડેવલપમેન્ટ
(C) NCTE - નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન
(D) BRC - બ્લૉક રિસોર્સ સેન્ટર

209. NCERTની સ્થાપના ક્યારે થઈ હતી ?
(A) 1-9-1961 (B) 1-9-1963
(C) 1-6-1972 (D) 15-6-1965

210. NCERT નું વડું મથક ક્યાં આવેલું છે ?
(A) ભોપાલ (B) હૈદરાબાદ
(C) દિલ્હી ✓ (D) મુંબઈ

211. યુનિસેફનું વડું મથક ક્યાં આવેલું છે ?
(A) જીનિવા (B) વોશિંગટન
(C) લંડન **(D) પેરિસ**

212. અપવ્યયતાનું સૌથી મહત્ત્વનું પરિબળ ક્યું છે ?
(A) આર્થિક લાચારી
(B) શાળામાં શૈક્ષણિક સાધનોનો અભાવ
(C) ગુણવત્તાયુક્ત શિક્ષણનો અભાવ
(D) શિક્ષક તરફથી હૂંફ અને મમતાનો અભાવ

LWB

213. વર્ષ-2011ની વસતિ-ગણતરી પ્રમાણે ગુજરાતમાં સ્ત્રી સાક્ષરતા દર કેટલો છે ?

(A) 71.33 [✓ (B) 69.68]
(C) 70.73 (D) 72.13

214. વર્ષ - 2011ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતનો સાક્ષરતા દરમાં ભારતમાં કેટલાંમું સ્થાન છે ?

(A) અઢારમું (B) સોળમું
(C) પંદરમું (D) સત્તરમું

215. વર્ષ - 2011ની વસતિ ગણતરી પ્રમાણે સ્ત્રી સાક્ષરતામાં ગુજરાતનું સ્થાન ભારતમાં કેટલાંમું છે ?

(A) એકવીસમું (B) અઢારમું
(C) વીસમું (D) ઓગણીસમું

216. કન્યા કેળવણીના વિકાસ માટે 'નેશનલ કાઉન્સિલ ફોર વિમેન એજ્યુકેશન' સમિતિની રચના ક્યારે કરવામાં આવી હતી ?

(A) ઈ.સ. 1963 [✓ (B) ઈ.સ. 1957]
(C) ઈ.સ. 1961 (D) ઈ.સ. 1975

217. કયા વર્ગોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણવામાં આવે છે ?

(A) 5 થી 7 (B) 5 થી 8
(C) 5 થી 6 (D) 6 થી 8

218. કોણે મુક્ત શિસ્તની હિમાયત કરી છે ?

[✓ (A) ગિજુભાઈ બંધેકા] [✓ (B) ગાંધીજી]
[✓ (C) રવીન્દ્રનાથ ટાગોર] (D) આપેલાં બધાં

219. ડેડસ્ટોક રજિસ્ટરમાં કઈ વિગતો નોંધવામાં આવે છે ?

[✓ (A) ભૌતિક સાધનોની યાદી] (B) વૂડન ફર્નિચર
(C) માત્ર શૈક્ષણિક સાધનો (D) વિભિન્ન પત્રકોની યાદી

220. કયું પત્રક વિદ્યાર્થીઓને લગતું નથી ?

(A) જનરલ રજિસ્ટર [✓ (B) ખાનગી ટ્યૂશન રજિસ્ટર]
(C) પ્રગતિપત્રક (D) પરિણામપત્રક

221. કયું નાણાકીય પત્રક નથી ?

[✓ (A) ઈન્વર્ડ રજિસ્ટર] (B) રોજમેળ
(C) ખાતાવહી (D) દૈનિક કેશબુક

222. બાલકેન્દ્રી શિક્ષણની હિમાયત કોણે કરી ?

(A) વલ્લભભાઈ પટેલ [✓ (B) ગાંધીજી]
(C) સુભાષચંદ્ર બોઝ (D) નહેરુજી

223. મૂળ ઉદ્યોગને શિક્ષણનું માધ્યમ બનાવી શિક્ષણ દ્વારા સ્વાવલંબનની હિમાયત કોણે કરી ?

(A) વિનોબા ભાવેએ (B) કોઠારી પંચે
[✓ (C) ગાંધીજીએ] (D) મોન્ટેસોરીએ

224. રાષ્ટ્રના વિકાસ અને સમૃદ્ધિનો આધાર તેના કાર્યકુશળ અને પ્રતિબદ્ધ માનવધન પર રહેલો છે તેવું કહેનાર કોણ હતા ?

(A) ગાંધીજી (B) વિનોબા ભાવે
(C) કાકા કાલેલકર [✓ (D) મનુભાઈ પંચોળી] (દર્શક)

225. આપણને ઈશ્વરે સર્જન કરવાને બે હાથ આપ્યા છે તે ખૂબ જ કિંમતી છે, એનું આપણને ખૂબ ભાન થવું જોઈએ – તેવું કહેનાર કોણ હતા ?

[✓ (A) રવિશંકર મહારાજ] (B) ગિજુભાઈ બધેકા
(C) મનુભાઈ પંચોળી (D) ગાંધીજી

226. કાર્યશિક્ષણમાં શિક્ષકની ભૂમિકા નીચેનામાંથી કઈ હોવી જોઈએ ?

[✓ (A) સહઅધ્યેતા] [✓ (B) સહઆયોજક]
[✓ (C) વ્યવસ્થાપક] (D) તમામ

227. શૈક્ષણિક સાધનનિર્માણની પ્રક્રિયાને ઝડપી અને સરળ બનાવવા માટે શું જરૂરી છે ?

(A) શિક્ષકની લાગણી [✓ (B) બાળકોની ભાગીદારી]
(C) ટી.એલ.એમ. (D) એકેય નહીં.

228. સારું શિક્ષણ એ કોઈ પણ શૈક્ષણિક આયોજનની આધારશિલા છે, જ્યારે દૃશ્ય-શ્રાવ્યની તાલીમ અને તેનાં ઉપકરણો એ આધારશિલાના મહત્ત્વના ભાગો છે. આ કહેનાર કોણ હતા ?

(A) વિનાબા ભાવે [✓ (B) ફ્રન્સિસ નોએલ]
(C) રવિશંકર મહારાજ (D) ગાંધીજી

229. અધ્યયન-અધ્યાપન સામગ્રી નિર્માણની પ્રક્રિયા શેનાથી થાય છે ?

(A) પર્યાવરણ (B) તન
[✓ (C) મન] (D) એકેય નહીં.

230. એક શાળામાં ધોરણ-1 થી 5 હોય અને ત્રણ શિક્ષક હોય તો તે કઈ શાળા કહેવાય ?

(A) એક શિક્ષકવાળી શાળા [✓ (B) બહુશ્રેણીય શાળા]
(C) સામાન્ય શાળા (D) આમાંથી એકેય નહીં

231. જે શાળામાં જેટલાં ધોરણ હોય તેટલાં જ શિક્ષકો હોય તેવી શાળાને કહેવાય.

[✓ (A) સામાન્ય શાળા] (B) એક શિક્ષકવાળી શાળા
(C) બહુશ્રેણીય શાળા (D) શાળા

232. ચિત્રો, મૉડેલ્સ કે નમૂના દ્વારા પ્રત્યાયન થાય તેને શું કહેવાય ?

(A) શાબ્દિક પ્રત્યાયન (B) અશાબ્દિક પ્રત્યાયન
(C) ચિત્ર પ્રત્યાયન (D) લેખિત પ્રત્યાયન

233. માનવજીવનની સમસ્યાઓ ઉકેલવામાં સહાયરૂપ બને છે.

[✓ (A) ટેકનોલોજી] (B) શાળા
(C) ટી.એલ.એમ. (D) એકેય નહીં

234. શિક્ષણના ધ્યેયો સિદ્ધ કરવાની પ્રણાલી કઈ છે ?

(A) સંદર્ભ સાહિત્ય (B) પાઠ્યપુસ્તક
[✓ (C) શૈક્ષણિક ટેકનોલોજી] (D) એકેય નહીં

235. કોને દશ્ય-શ્રાવ્ય સાધનોની રાણી ગણવામાં આવે છે ?

(A) ઓ.એચ.પી. (B) ટેલિવિઝન

(C) કમ્પ્યૂટર (D) એકેય નહીં

બાળમનોવિજ્ઞાન

1. શૈક્ષણિક મનોવિજ્ઞાન એક _____ વિજ્ઞાન છે.

(A) માનવ વ્યવહારનું ✓

(B) માનવ સિદ્ધાંતોનું

(C) શૈક્ષણિક સિદ્ધાતોનું

(D) માનવની વ્યક્તિગત ભિન્નતાનું

2. શૈક્ષણિક મનોવિજ્ઞાન શાની સાથે સંબંધ ધરાવે છે ?

(A) માત્ર શિક્ષણ સાથે ✓

(B) માત્ર શિક્ષણની ફિલસૂફી સાથે ✓

(C) માત્ર મનોવિજ્ઞાન સાથે ✓

(D) ઉપરના બધા વિષયો

3. બાળકોમાં બૌદ્ધિક વિકાસના ચાર તબક્કાની ઓળખ કોણે કરી હતી ?

Jean Piagets

(A) સ્કિનર (B) પિયાજે

(C) કોહલબર્ગ (D) એરિકસન

4. "વિકાસ કદી સમાપ્ત ન થનારી પ્રક્રિયા છે" - આ વિચાર કયા સિદ્ધાંત સાથે સંકળાયેલો છે ?

(A) આંતરસંબંધનો સિદ્ધાંત (B) એકીકરણનો સિદ્ધાંત

✓ **(C) નિરંતરતાનો સિદ્ધાંત** (D) આંતરક્રિયાનો સિદ્ધાંત

5. નિમ્ન પ્રાથમિક વર્ગોમાં શિક્ષણની ખેલકૂદ પદ્ધતિ કયા સિદ્ધાંત પર આધારિત છે ?

(A) વિકાસ અને વૃદ્ધિનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત ✓

(B) શારીરિક શિક્ષણના કાર્યક્રમોનો સિદ્ધાંત

(C) શિક્ષણની પદ્ધતિઓનો સિદ્ધાંત

(D) શિક્ષણના પદ્ધતિઓનો સિદ્ધાંત

6. બાળકની કઈ અવસ્થા રમકડાં રમવાની અવસ્થા ગણાય છે ?

(A) શૈશવ અવસ્થા **(B) પૂર્વ બાલ્યાવસ્થા**

(C) ઉત્તર બાલ્યાવસ્થા (D) આપેલી બધી

પૂર્વ બાલ્યાવસ્થા

7. બાળ વિકાસ એટલે શું ?

(A) બાળકની ઊંચાઈ, વજન અને કદનો વિકાસ

(B) બાળકનો બૌદ્ધિક અથવા માનસિક વિકાસ

(C) બાળકનો સર્વાંગી વિકાસ

(D) બાળકનો આવેગાત્મક વિકાસ

8. શૈશવ અવસ્થામાં છોકરાંનું વજન છોકરી કરતાં...

(A) ઓછું હોય છે. (B) સમાન હોય છે.

(C) વધારે હોય છે. (D) એકેય નહીં

વેલેન્ટાઇન

9. શૈશવ અવસ્થાને 'શીખવા માટેનો આદર્શ સમય' કોણે ગણાવ્યો છે ?

(A) વૉટસન (B) ફ્રોઈડ

(C) સ્ટ્રેંગ **(D) વેલેન્ટાઈન**

10. પિયાજેના જણાવ્યા મુજબ નીચેની કઈ અવસ્થામાં બાળક અમૂર્ત સંકલ્પનાઓના વિષે તાર્કિક ચિંતન કરવાનું શરૂ કરે છે ?

(A) મૂર્ત-સક્રિયાત્મક અવસ્થા (07-11) વર્ષ

(B) ઔપચારિક સંક્રિયાત્મક અવસ્થા (11 અને તેની ઉપરની વય)

(C) સંવેદ-પ્રેરક અવસ્થા (જન્મ થી 20 વર્ષ)

(D) પૂર્વ-સંક્રિયાત્મક અવસ્થા (02-07 વર્ષ)

11. બાળકના વૃદ્ધિ અને વિકાસના અભ્યાસ માટે સૌથી વધુ અસરકારક પદ્ધતિ કઈ છે ?

(A) મનૌવિશ્લેષણાત્મક પદ્ધતિ

(B) તુલનાત્મક પદ્ધતિ

(C) વિકાસશીલ પદ્ધતિ વિકાસશીલ

(D) આંકડાકીય પદ્ધતિ

12. નીચેની કઈ અસર બાળક પર વારસા દ્વારા પડેલી નથી ?

(A) શારીરિક લક્ષણોની અસર (B) બુદ્ધિ પરની અસર

(C) ચારિત્ર્ય પરની અસર **(D) એકેય નહીં**

13. વારસો અને વાતાવરણ વચ્ચેની આંતરક્રિયાના સિદ્ધાંતના જનક કોણ છે ?

✓ **(A) સ્કિનર** વાતાવરણ અને વારસો (B) પાવલોવ

(C) થોર્નડાઈક (D) કોહલર

14. વંશાનુક્રમ અને વાતાવરણ પરસ્પર _____ છે.

(A) પૂરક (B) આધારિત

(C) સહયોગી (D) ત્રણેય

15. કોના મતે, વાતાવરણ એવી બાહ્ય શક્તિ છે જે આપણને અસર કરે છે ?

રોસ

(A) રોસ (B) પિયાજે

(C) સ્કિનર (D) હરલોક

16. આપણે શિક્ષણ દ્વારા બાળકનો કેટલોક વિકાસ કરી શકીએ છીએ. વધુ નહી. થોમ્પસનનું આ કથન શાની સંબંધ ધરાવે છે ?

by થોમ્પસન

(A) વારસાથી (B) વાતાવરણથી

(C) આબોહવાથી (D) વારસો અને વાતાવરણથી

17. બાળકની બુદ્ધિલબ્ધિ શાના પર આધાર રાખે છે ?

(A) પરિવારના ઉછેર પર Intelligence Quotient

(B) જ્ઞાન મેળવવા માટે કુટુંબે કરેલ પ્રવાસ પર

✓ **(C) તેને મળેલ પર્યાવરણના ઉપયોગ પર**

(D) પ્રારંભિક જીવન દરમિયાન કુટુંબના આપેલ શિક્ષણ પર

5

18. કયા સિદ્ધાંત મુજબ ભિન્ન-ભિન્ન વ્યક્તિઓમાં વિકાસની ગતિ પણ ભિન્ન હોય છે ?

(A) સતત વિકાસનો સિદ્ધાંત

[✓ (B) વિકાસનો ગતિ સિદ્ધાંત (વિકાસનો ગત્યાત્મક સિદ્ધાંત)]

(C) ક્રમિક વિકાસનો સિદ્ધાંત

(D) એકીકરણનો સિદ્ધાંત

19. નીચેમાંથી કયું બુદ્ધિશાળી (પ્રતિભાસંપન્ન) બાળકનું લક્ષણ નથી ?

(A) તે લાંબા નિબંધોને ઘણા ઓછા સમયમાં ગોખી નાખે છે. ✗

(B) તે યોગ્ય લયમાં પ્રત્યાયન કરવાની ક્ષમતા ધરાવે છે.

(C) તે અમૂર્ત રીતે વિચારી શકે છે.

(D) તે નવા વાતાવરણમાં સ્વયંને સમાયોજિત કરી શકે છે. ✓

20. શૈક્ષણિક મનોવિજ્ઞાન દષ્ટિકોણથી નીચેમાંથી કયું કથન સાચું છે ?

(A) બાળકો પોતાના જ્ઞાનનું સર્જન સ્વયં કરે છે. ✓

(B) શાળામાં પ્રવેશ પૂર્વે બાળક પાસે કોઈ પૂર્વજ્ઞાન હોતું નથી ✗

(C) શીખવાની પ્રક્રિયાથી બાળકોને કષ્ટ પડે છે. ✗

(D) બાળકો યથાવત્ તે જ શીખે છે જે તેમને શિખવાડવામાં આવે છે. ✗

21. વાયગોટ્સ્કીએ બાળક વિકાસ વિશે કહ્યું છે કે,

(A) આ સંસ્કારના આનુવંશિક કારણોને લીધે થાય છે.

(B) આ સામાજિક આંતરક્રિયાના ઉત્પાદનનું ફળ છે.

(C) તે ઔપચારિક શિક્ષણનું ઉત્પાદન છે.

(D) તે વાતાવરણ અને સમાયોજનનું પરિણામ છે.

22. બાળકોમાં "આધારહીન આત્મચેતના" નો સંબંધ તેના વિકાસની કઈ અવસ્થાથી સંબંધ ધરાવે છે ?

(A) પૂર્વ બાલ્યાવસ્થા

(B) બાલ્યાવસ્થા

[✓ **(C) કિશોરાવસ્થા**]

(D) ત્રણમાંથી કોઈ નહીં

23. વાયગોટ્સ્કી મુજબ કોઈ બાળકના વિકાસમાં સૌથી મહત્ત્વપૂર્ણ યોગદાન નીચેનામાંથી કોનું છે ?

(A) કુટુંબનું

(B) શાળાનું

(C) સમાજનું

(D) ધર્મનું

24. નીચેમાંથી કોણે 'નૈતિક વિકાસની અવસ્થા'ના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે ?

(A) જીન પિયાજે

[✓ **(B) લૉરેન્સ કોહલબર્ગ**]

(C) ફ્રોઈડ

(D) સીયર્સ

25. બાળકના નૈતિક વિકાસને સમજવા માટે જીન પિયાજે એ નીચેનામાંથી કઈ પદ્ધતિને મહત્ત્વ આપ્યું છે ?

(A) મુલાકાત પદ્ધતિ

(B) તાર્કિક પદ્ધતિ

(C) શોધ અને સમપદ્ધતિ

(D) ઉપરની બધી

26. 'નિમોનિક્સ' એક એવી વ્યૂહ રચના છે જે-

(A) સ્મૃતિમાં નવી માહિતીને પુનઃ સ્મરણ કરવામાં મદદ કરે છે.

(B) વિદ્યાર્થીઓને એક સાથે જોડીને સાફસફાઈ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

(C) વિદ્યાર્થીઓને સમૂહમાં શાળા છોડીને ભાગી જવાનું કહેશે.

(D) ઉપરમાંથી એક પણ નહીં.

27. મોહન રમકડાંને તોડે છે અને પછી તૂટેલાં ભાગોનું તે બારીકાઈથી નિરીક્ષણ કરવા જુદાં પાડે છે. તમે શું કરશો ?

(A) તે આવું ફરીથી ન કરે તેનું ધ્યાન રાખીશું.

(B) તેના જિજ્ઞાસુ સ્વભાવને પ્રોત્સાહિત કરીશું અને તેની શક્તિને યોગ્ય દિશામાં વાળીશું.

(C) તેને સમજાવીશુ કે તે રમકડાં ન તોડે.

(D) મોહનને રમકડાં રમવા આપીશું જ નહીં.

28. હું કોણ હું, કયાં છું અને શા માટે છું ? જેવી પ્રબળ ભાવનાઓ, વિકાસની કઈ અવસ્થાનો નિર્દેશ કરે છે?

(A) કિશોર અવસ્થા ✓

(B) બાલ્યાવસ્થા

(C) ઉતર બાલ્યાવસ્થા

(D) શૈશવ અવસ્થા

29. નીચેના કયા વિદ્વાન મુજબ "વિકાસ પરિવર્તન શ્રેણીની એવી અવસ્થા છે જેમાં બાળક ભ્રૂણાવસ્થાથી લઈ પ્રૌઢાવસ્થા સુધી અનુભવે છે ?

(A) જેમ્સ ડ્રેવર

(B) હરલોક

(C) મૂનરો

(D) એકેય નહીં

30. જિન પિયાજેના મતે બાળક કઈ અવસ્થામાં તેના વાતાવરણની વસ્તુઓને ઓળખવા અને તેમાં ભિન્નતા પારખતો થઈ જાય છે ?

(A) ઇન્દ્રિયજન્ય અવસ્થા

(B) પૂર્વ સંપર્ક અવસ્થા

(C) મૂર્ત સંપર્ક અવસ્થા

(D) અમૂર્ત સંપર્ક અવસ્થા

31. બાળકોના વિકાસથી સંબંધિત 'નિર્માણ અને શોધ' નો સિદ્ધાંત નીચેનામાંથી કોણે આપ્યો છે ?

(A) સ્કિનર

(B) રોબર્ટ

(C) જીન પિયાજે

(D) વાયગોટ્સ્કી

32. કોઈ બાળકમાં થતો સંજ્ઞાનાત્મક વિકાસ નીચે કઈ ક્રિયાનું પરસ્પર ફળ છે ?

(A) વ્યક્તિ અને સમાજ

(B) વ્યક્તિ અને વાતાવરણ

(C) વ્યક્તિ અને કુટુંબ

(D) સમાજ અને શાળા

33. કોહલબર્ગ તેના નૈતિક વિકાસને કેટલાં ભાગોમાં વહેંચ્યો છે ?

(A) એક

(B) બે

(C) ત્રણ

(D) ચાર

34. નીચેનામાંથી કયું સ્તર કોહલબર્ગના નૈતિક વિકાસના સિદ્ધાંતનું સ્તર નથી ?

(A) પૂર્વ લૌકિક સ્તર

(B) લૌકિક સ્તર

(C) હકારાત્મક લૌકિક સ્તર

(D) નકારાત્મક લૌકિક સ્તર

35. નીચેના કયા સિદ્ધાંતમાં વાસ્તવિક વ્યવહારની અવસ્થાની સરખામણીમાં તાર્કિકતા પર વધુ ધ્યાન આપવામાં આવે છે ?

(A) પિયાજેના સંજ્ઞાનાત્મક સિદ્ધાંતમા

(B) કોહલબર્ગના નૈતિક વિકાસના સિદ્ધાંતમાં

(C) ગેરિસનના શરીર સંબંધિત દષ્ટિકોણ સિદ્ધાંતમાં

(D) વાયગોટ્સ્કીના ZPD ના સિદ્ધાંતમાં

36. વાયગોટ્સ્કીનો સિદ્ધાંત આધારિત છે.

(A) નિકટ વિકાસ ક્ષેત્ર પર

(B) બાહ્ય સંઘર્ષ વિકાસ ક્ષેત્ર

(C) વૃદ્ધિ અવસ્થા પર

(D) બાળકોના માનસિક વિકાસ પર

37. વાયગોટ્સ્કીના સિદ્ધાંત ZPD માં સૌથી વધુ મહત્ત્વ કઈ બાબતને આપવામાં આવ્યું છે ?

(A) ~~રમતને~~ (B) કુટુંબને

(C) આડોશી-પાડોશીને (D) રાજ્યને

38. કયો સિદ્ધાંત એવું કહે છે કે માનવ મસ્તિષ્ક એક બરફની મોટી શિલા જેવો છે જેનો મોટો ભાગ ડૂબેલો રહે છે. અને તેમાં ચેતનાના ત્રણ સ્તર છે ?

(A) ગુણ સિદ્ધાંત

(B) પ્રકાર સિદ્ધાંત

(C) મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત

(D) વ્યવહારવાદ સિદ્ધાંત

39. કોઈ બાળકમાં અમૂર્ત વિચારો પ્રત્યે તેની વિચારવાની યોગ્યતા શું કહેવાય છે ?

(A) તેનું શિક્ષણ (B) તેની બુદ્ધિ

(C) તેની કાર્યપ્રણાલી (D) ~~તેની શાર્પ દષ્ટિ~~

40. કોઈ વિદ્યાર્થીમાં કિશોરાવસ્થા પછી તીવ્ર વિકાસ શાનો થાય છે ?

(A) અમૂર્ત ચિંતન સંબંધિત યોગ્યતાઓનો

(B) તર્ક સંબંધિત યોગ્યતાઓનો

(C) વાંચન સંબંધિત યોગ્યતાઓનો

(D) ત્રણેય

41. બુદ્ધિના ગિલ્ફર્ડ સિદ્ધાંત મુજબ માનસિક પ્રક્રિયામાં પાયાગત બાબત કઈ છે ?

(A) ક્રિયા (B) સૂચનાસામગ્રી

(C) ઉત્પાદન (D) ત્રણેય

42. માનસિક રીતે વિકલાંગ બાળકોની બુદ્ધિલબ્ધિ _____ છે.

(A) 110 થી ઓછી (B) 90 થી ઓછી

(C) 80 થી ઓછી (D) 70 થી ઓછી

43. શાળામાં બાળકની બુદ્ધિલબ્ધિ જાણવાનો મુખ્ય હેતુ કયો છે ?

(A) માતા-પિતાને તેમના બાળકોની મર્યાદાઓની જાણકારી આપવી.

(B) વિદ્યાર્થીઓ મુજબ પરીક્ષાઓનું આયોજન કરવું.

(C) વિદ્યાર્થીઓના મહત્ત્વાકાક્ષી સ્તરમાં વૃદ્ધિ કરવી

(D) આપેલ બધાજ

44. બુદ્ધિ-લબ્ધિના સંબધમાં સૂચકાંક શું છે ?

(A) માનસિક વિકાસ

(B) માનસિક વિકાસનો દર

(C) માનસિક યોગ્યતાનો અંતિમ સ્તર

(D) માનસિક પરિપકવતા

45. માનસિક વય માપન નીચેનમાંથી કઈ બાબત પર આધારિત છે ?

(A) માનસિક પરિપક્વતા પર (B) માનસિક વૃદ્ધિના દર પર

(C) જન્મજાત માનસિકશક્તિ પર

(D) ત્રણમાંથી એકય નહી

Limit

46. બુદ્ધિ માનસિક વૃદ્ધિનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(A) વેલાર્ડે (B) થોર્નડાઈકે

(C) પિયાજેએ (D) સ્કિનરે

47. નીચેમાંથી કયો એક બુદ્ધિનો પ્રકાર નથી ?

(A) માનસિક બુદ્ધિ (B) મૂર્ત બુદ્ધિ

(C) અમૂર્ત બુદ્ધિ (D) સામાજિક બુદ્ધિ

48. વિદ્યાર્થી-પ્રવૃત્તિઓનું બૌદ્ધિક મહત્ત્વ છે અધ્યેતાઓમાં

(A) નિર્ણયશક્તિનો વિકાસ (B) કલ્પનાશક્તિનો વિકાસ

(C) તર્કશક્તિનો વિકાસ (D) ત્રણેય

49. તમારા વર્ગખંડનો વિદ્યાર્થી પરેશ ભણવામાં, રમતમાં અને સામૂહિક કાર્યક્રમોમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરે છે, તેનો અર્થ થાય છે કે તે-

(A) અલ્પબુદ્ધિ ધરાવતો વિદ્યાર્થી છે.

(B) તર્કશક્તિની ક્ષમતાવાળો બાળક છે.

(C) બહુધ્રુવીય બુદ્ધિ ધરાવતો બાળક છે.

(D) ત્રણમાંથી એકેય નહીં.

50. નિરક્ષર વ્યક્તિઓના સામૂહિક પરીક્ષણ માટે નીચેનામાંથી કયા પરીક્ષણ સ્વીકારવામાં આવે છે ?

(A) શાબ્દિક વ્યક્તિગત બુદ્ધિ પરીક્ષણ

(B) શાબ્દિક સામૂહિક બુદ્ધિ પરીક્ષણ

(C) અશાબ્દિક વ્યક્તિગત બુદ્ધિ પરીક્ષણ

(D) અશાબ્દિક સામૂહિક બુદ્ધિ પરીક્ષણ

51. બુદ્ધિ કાર્ય કરવાની એક પદ્ધતિ છે. કયા વિદ્વાનનું આ કથન છે ?

(A) ટર્મન (B) વુડ્રો વિલ્સન

(C) વૂડવર્થ (D) સ્કિનર

52. નીચેની કઈ વિશેષતા બુદ્ધિની નથી ?

(A) આ જન્મજાત હોય છે.

(B) તે અમૂર્ત ચિંતનની યોગ્યતા આપે છે.

(C) તે સમસ્યાનું નિરાકરણ લાવવામાં મદદ કરે છે.

(D) તે શિક્ષણમાં મદદ કરે છે.

53. નીચેનો કયો એક પ્રકાર બુદ્ધિનો નથી ?

(A) શારીરિક બુદ્ધિ (B) અમૂર્ત બુદ્ધિ

(C) મૂર્તબુદ્ધિ (D) સામાજિક બુદ્ધિ

54. નીચેનો કયો સિદ્ધાંત બુદ્ધિનિર્માણનો સિદ્ધાંત છે ?

(A) એક અવયવી સિદ્ધાંત (B) દ્વિઅવયવી સિદ્ધાંત

(C) બહુઅવયવી સિદ્ધાંત (D) ત્રણેય

55. કગેલીએ બુદ્ધિને કેટલી યોગ્યતાઓનો સમૂહ કહ્યો છે ?

(A) ચાર (B) નવ

(C) દશ (D) પંદર

56. સામાન્ય બાળકોની બુદ્ધિલબ્ધિ કેટલી હોય છે ?

(A) 120-140 વચ્ચે (B) 110-130 વચ્ચે

(C) 90-110 વચ્ચે (D) 70-90 વચ્ચે

57. 'મનનું માનચિત્ર' સંકળાયેલ છે.

(A) બોધ મેળવવાની ટેકનિક સાથ

(B) સાહસિક કાર્યોની ક્રિયા યોજનાથી

(C) મનના ચિત્ર બનાવવાની સાથે

(D) મનની ક્રિયાશીલતાની શોધ સાથે

58. સંકલ્પનાઓનો વિકાસ મુખ્યત્વે _____ નો ભાગ છે-

(A) બૌદ્ધિક વિકાસ (B) શારીરિક વિકાસ

(C) સામાજિક વિકાસ (D) સંવેગાત્મક વિકાસ

59. પ્રાથમિક શાળાના અધ્યેતાઓનુ નીચેનું કયું લક્ષણ વાંચન મુશ્કેલીનું નથી ?

(A) વાંચન ગતિ અને પ્રવાહલયમાં મુશ્કેલી

(B) શબ્દો અને વિચારોને સમજવામાં મુશ્કેલી

(C) ઉપરનાં બન્ને

(D) ઉપરમાંથી એકેય નહિ

60. રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા 2005 (NCF 2005) મુજબ ગણિત શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

(A) બાળકોને અંકગણિતનું જ્ઞાન આપવું

(B) બાળકોમાં ગણિત પ્રત્યે રુચિ પેદા કરવી

(C) બાળકોમાં તાર્કિક ચિંતન અને સમસ્યા સમાધાન યોગ્યતાનો વિકાસ કરવો.

(D) બાળકોનો સંવેગાત્મક વિકાસ કરવો.

61. નિદાન પરીક્ષા (Diagnostic Test) નો મુખ્ય ઉદ્દેશ્ય છે.

(A) વર્ગખંડમાં પ્રદર્શન દરમિયાન સામાન્ય રીતે નબળા ક્ષેત્રને અંકિત કરવા.

(B) ઉપચારાત્મક કાર્યક્રમની વિશેષ પ્રકૃતિની જરૂરિયાત

(C) આકસ્મિક મુશ્કેલીઓના કારણોની જાણકારી મેળવવી.

(D) બાળકની મુશ્કેલીઓની વિશેષ પ્રકૃતિને ઓળખવી.

62. PSRN જે વિકાસ સાથે જોડાયેલ છે, જેનો અર્થ થાય છે.

(A) સમસ્યા નિરાકરણ, તાર્કિકતા અને અંકસંબંધિતક્ષમતા (Problem Solving Reasoning and Numeracy)

(B) સમસ્યા નિરાકરણ, સંબધો અને અંકસંબંધિતક્ષમતા (Problem Solving Relationship and Numeracy)

(ક) બૌદ્ધિકક્ષમતા, તાર્કિકતા અને અંકસંબંધિતક્ષમતા (Perceptual Skill, Reasoning and Numeracy)

(D) બૌદ્ધિકક્ષમતા, તાર્કિકતા અને અંકજ્ઞાન (Perceptual Skill, Relationship and Numeracy)

63. શિક્ષક તરીકે બાળકોના ઉચ્ચારણ સુધારવા માટે નીચેનામાંથી તમે કયો ઉપાય કરશો ?

(A) શબ્દોને ટુકડામાં વહેંચીને કા.પા. પર લખશો.

(B) બાળકોને શુદ્ધ ઉચ્ચારણ કરીને સંભળાવશો.

(C) તેમને શુદ્ધ ઉચ્ચારણ પુનરાવર્તિત કરવાનું કહેશો.

(D) આપેલાં બધાંજ

64. ચિંતનનું મહત્ત્વપૂર્ણ સાધન કયું છે ?

(A) ભાષા (B) અભિવ્યક્તિ

(C) સ્મૃતિ (D) એકેય નહીં

65. એક યોગ્ય શિક્ષકનું ભાષા પર પૂર્ણ પ્રભુત્વ હોવું જોઈએ. કારણ કે...

(A) ભાષા યોગ્ય શિક્ષક બનાવશે

(B) ભાષા વિષયનું જ્ઞાન કરાવશે.

(C) ભાષા પદ્ધતિઓનું જ્ઞાન કરાવશે

(D) ભાષા દ્વારા જ શિક્ષક તેનો વિચારો બાળકો સમક્ષ સરળતાથી રજૂ કરી શકે છે.

66. નાનાં બાળકો અઘરાં લંબાણપૂર્વકના શબ્દોનો યોગ્ય ઉચ્ચારણ કરી શકતાં નથી. બાળકો પાસે યોગ્ય ઉચ્ચારણ કરવા માટે શિક્ષકે નીચેમાંથી કયો ઉપાય અપનાવવો જોઈએ ?

(A) એવા શબ્દોને વારંવાર ઉચ્ચારિત કરવા.

(B) એવા શબ્દોને પ્રથમ એકમમાં વિભાજિત કરી ઉચ્ચારણ કરાવવું.

(C) એક સમાન ઉચ્ચારણવાળા એવાં શબ્દોનો સહારો લેશે

(D) (A) અને (C) બંને

67. પ્રાથમિક વર્ગખંડોમાં બાળકોની વિષયગત યોગ્યતાને યોગ્ય રીતે વિકસિત કરી શકાય તેમ છે જો...

(A) ઘર અને શાળામાં માતૃભાષાનો જ પ્રયોગ કરવામાં આવે છે.

(B) ફક્ત માતૃભાષામાં લખેલ પુસ્તકોનો જ પ્રયોગ કરીને

(C) માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં જ વર્ગશિક્ષણ કરવામાં આવે ત્યારે

(D) ઉપરોક્ત બધા જ

68. પ્રાથમિક વર્ગખંડોમાં બાળકોનો વાંચન અભ્યાસ કરી શકાય છે
(A) નિર્ધારિત અભ્યાસક્રમની પાઠ્યપુસ્તકોની મદદથી
(B) દરેક બાળક દ્વારા ઊંચા અવાજમાં મોટેથી પાઠ વાંચન પુનરાવર્તિત દ્વારા
(C) માતૃભાષાના પુસ્તકો દ્વારા
(D) બાળકોને ભાષાસંબંધિત અનુભવ આપીને

69. સ્મિથ મુજબ પાંચ વર્ષની વયે બાળકોના શબ્દભંડોળની સંખ્યા લગભગ ___ ∞ હોય છે.
(A) 540
(B) 850
(C) 2072
(D) 1580

70. મનુષ્ય પોતે જ પ્રત્યાયનને સૌથી વધુ હાનિ પહોંચાડે છે. જ્યારે તેની -
(A) ભાષામાં વિકૃતિ હોય
(B) સંવેદનશીલ અંગોમાં વિકૃતિ હોય
(C) માનસિક સ્થિતિમાં વિકૃતિ હોય
(D) શારીરિક વિકૃતિ હોય

71. સૌ પ્રથમ જીવનવૃત્તાંત પદ્ધતિનો ઉપયોગ કયા મનોવૈજ્ઞાનિકે કર્યો હતો ?
(A) જોન લોક
(B) વૂડવર્થ
(C) ટાઈડમૅન
(D) સ્કિનર

72. મુલાકાત પદ્ધતિ માટે સૌથી યોગ્ય કથન કયું છે ?
(A) આ પદ્ધતિ વિદ્યાર્થીની સંવેદનાનું જ્ઞાન કરાવી શકતી નથી.
(B) આ પદ્ધતિ વિદ્યાર્થીની સંવેદના જાણવા માટે ઉત્તમ છે.
(C) આ પદ્ધતિ વિદ્યાર્થીની અભિરુચિ જાણવા માટે ઉત્તમ છે.
(D) આ પદ્ધતિ વિદ્યાર્થીની સંવેદના અને અભિરુચિ જાણવા માટે ઉત્તમ છે.

73. વ્યક્તિના સામાજિક વ્યવહારને સમજવા માટે તેની સંપૂર્ણ જીવન પરિસ્થિતિઓનો અભ્યાસ કઈ પદ્ધતિમાં થાય છે ?
(A) જીવનવૃત્તાંતની પદ્ધતિ
(B) પ્રશ્નાવલિ પદ્ધતિ
(C) પ્રયોગ પદ્ધતિ
(D) ઉપચાર પદ્ધતિ

74. નીચેમાંથી કઈ પદ્ધતિ સામૂહિક પદ્ધતિ નથી ?
(A) ચર્ચા-કથન પદ્ધતિ
(B) સમસ્યા-સમાધાન પદ્ધતિ
(C) અવલોકન પદ્ધતિ
(D) નિરીક્ષણ પદ્ધતિ

75. કઈ પદ્ધતિને વિકાસાત્મક પદ્ધતિ કહે છે ?
(A) અવલોકન પદ્ધતિ
(B) આનુવંશિક પદ્ધતિ
(C) પ્રાયોગિક પદ્ધતિ
(D) ડાલ્ટન પદ્ધતિ

76. ગૃહકાર્યની સંકલ્પના થૉર્નડાઈકના કયા નિયમ પર આધારિત છે ?
(A) તત્પરતાનો નિયમ
(B) અભ્યાસનો નિયમ
(C) અસરનો નિયમ
(D) બહુઅનુક્રિયાનો નિયમ

77. ન્યૂટને ફળ જમીન પર પડતા જોઈ અચાનક જ ગુરુત્વાકર્ષણ બળના સિદ્ધાંતની શોધ કરી. આ ઉદાહરણ છે.
(A) આંતરસૂઝ અધ્યયનનું
(B) ચિંતનનું
(C) પ્રેરણાનું
(D) પ્રયત્નનું

78. પિયાજેના મત મુજબ પૂર્વ ક્રિયાત્મક અવસ્થા છે.
(A) જન્મના સમયથી બે વર્ષ સુધીની
(B) બેથી સાત વર્ષ સુધીની
(C) સાતથી અગિયાર વર્ષ સુધીની
(D) અગિયારથી અઢાર વર્ષ સુધીની

2-7
7-11
11-

79. પિયાજેના મતે મૂર્ત ક્રિયાત્મક અવસ્થા છે ___
(A) જન્મના સમયથી બે વર્ષ સુધીની
(B) બેથી સાત વર્ષની
(C) સાતથી અગિયાર વર્ષ સુધીની
(D) અગિયારથી અઢાર વર્ષ સુધીની

80. બાળકના વર્તનસંબંધિત મુશ્કેલીઓને દૂર કરવામાં મદદ કરવા માટે નીચેમાંથી કઈ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ યોગ્ય છે ?
(A) તુલનાત્મક પદ્ધતિ
(B) ઉપચારાત્મક પદ્ધતિ
(C) મનોવિશ્લેષણાત્મક પદ્ધતિ
(D) નિરીક્ષણ પદ્ધતિ

81. બાળકની વિવિધ યોગ્યતાઓને જાણવા માટે કઈ પદ્ધતિ ઉપયોગી છે ?
(A) ઉપચારાત્મક પદ્ધતિ
(B) મનોવિશ્લેષણાત્મક પદ્ધતિ
(C) તુલનાત્મક પદ્ધતિ
(D) પરીક્ષણ પદ્ધતિ

82. સામાજિકતામિતિ પદ્ધતિના જનક કોણ છે ?
(A) મારેનો
(B) કોહલર
(C) પાવલોવ
(D) વોટસન

83. T. A. T. (Thematic Appeception Test) પરીક્ષણનું નિર્માણ કોણે કર્યું છે ?
(A) મોર્ગન અને મરે
(B) મોર્ગન અને વુન્ડટ
(C) વુન્ડટ અને કોહલર
(D) કોહલર અને ડાર્વિન

84. "પ્રયોગાત્મક ભાગ વિનાનું મનોવિજ્ઞાન એક ભ્રમ માત્ર છે" આ કથન કોનું છે ?
(A) કૉલિંગ અને ડ્રેવરનું
(B) ગેરેટનું
(C) જેમ્સ ડ્રેવર
(D) સ્કિનરનું

85. શિક્ષણનું મનોવિજ્ઞાન, વિજ્ઞાનની પદ્ધતિઓનો પ્રયોગ કરે છે, આ કથન કોનું છે ?
(A) થૉર્નડાઈકનું
(B) ચાર્લ્સ ઈ. સ્કિનરનું
(C) જેમ્સનું
(D) ગેરેટનું

180. "સંપૂર્ણ જ્ઞાનને કેન્દ્રમાં રાખી, જેમાં બધા જ વિષયો સમવાયી રીતે શીખવવામાં આવે છે." આ શિક્ષણ પદ્ધતિ કઈ શિક્ષણ યોજનામાં સ્વીકારવામાં આવી હતી ?

(A) પ્રયોજન પદ્ધતિ આધારિત શિક્ષણ
(B) ક્રિયા દ્વારા શિક્ષણ પદ્ધતિ
(C) ગાંધીજીની બુનિયાદી શિક્ષણ યોજના
(D) બાલકેન્દ્રી શિક્ષણ પદ્ધતિ

181. શિક્ષણનું સ્વરૂપ અને ગુણવત્તા નક્કી કરવાની જવાબદારી નીચેનામાંથી કોની છે ?

(A) રાજ્ય સરકારની
(B) કેન્દ્ર સરકારની
(C) કેન્દ્ર અને રાજ્ય સરકાર બન્નેની
(D) સ્થાનિક વહીવટીતંત્રની

182. 1919માં સ્થપાયેલ દ્વિમુખી શાસનનો સૌથી વધુ પ્રભાવ ક્યા ક્ષેત્ર પર પડ્યો હતો ?

(A) આર્થિક
(B) સામાજિક
(C) ધાર્મિક
(D) શૈક્ષણિક

183. તત્કાલીન શૈક્ષણિક અરાજકતાને દૂર કરવા કઈ સમિતિની નિમણૂક કરવામાં આવી હતી ?

(A) વૂડ સમિતિ
(B) હાર્ટોગ સમિતિ
(C) કોઠારી સમિતિ
(D) ગોખલે સમિતિ

184. હાર્ટોગ સમિતિની મુખ્ય ભલામણો હતી...

(A) શાળાઓની સંખ્યામાં વધારો ન કરવો
(B) શાળાઓનો ગુણાત્મક વિકાસ કરવો
(C) આપેલાં તમામ
(D) એક પણ નહીં.

185. ઈ.સ. 1948માં શિક્ષણ પદ્ધતિમાં સુધારો કરવા એક સમિતિની નિમણૂક કરવામાં આવી હતી, તે સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
(A) સરદાર વલ્લભભાઈ પટેલ
(B) ટી. ટી. કૃષ્ણામાચારી
(C) ડૉ. રાધાકૃષ્ણન્
(D) આચાર્ય જે. બી. કૃપલાણી

186. સ્વતંત્ર ભારતમાં શિક્ષણનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે...
(A) ઉચ્ચ શિક્ષણ **(B) બુનિયાદી શિક્ષણ**
(C) માધ્યમિક શિક્ષણ (D) ધાર્મિક શિક્ષણ

187. સ્વતંત્ર ભારતમાં સૌપ્રથમ કયા શૈક્ષણિક કમિશનની નિમણૂંક કરવામાં આવી હતી ?
(A) મુદ્દલિયાર કમિશન **(B) ડૉ. રાધાકૃષ્ણન્ પંચ**
(C) કોઠારી કમિશન (D) પ્રો. યશપાલ સમિતિ

188. શિક્ષણના કાર્યમાં સૌથી વધારે જરૂરી છે...
(A) શિક્ષકોની
(B) આચાર્યોની
(C) વાલીઓની
(D) નક્કી થયેલા આધાર સિદ્ધાંતોની

189. શિક્ષણમાં આયોજનનો અર્થ છે...
(A) શિક્ષણની વ્યવસ્થા કરવી
(B) વિવિધ કાર્યક્રમોને યોગ્ય રીતે ક્રિયાન્વિત કરવા
(C) વ્યવસ્થા કરવી
(D) ત્રણમાંથી એક પણ નહીં.

190. કોઠારી કમિશન વર્તમાનમાં બીજા કયા નામથી ઓળખાય છે ?
(A) રાષ્ટ્રીય શિક્ષણ કમિશન (B) માધ્યમિક શિક્ષણ પંચ
(C) ભારતીય શિક્ષણ આયોગ (D) ત્રણમાંથી એક પણ નહીં.

191. ઈ.સ. 1853માં બ્રિટિશ સંસદે ભારતીય શિક્ષણ પ્રણાલીની તપાસ કરવા માટે જે તપાસ પંચની નિમણૂક કરી હતી તેના અધ્યક્ષ કોણ હતા ?
(A) સર એડવર્ડ **(B) ચાર્લ્સ વૂડ**
(C) લૉર્ડ મેકોલે (D) સર ચાર્લ્સ ક્રિપ્સ

192. ચાર્લ્સ વૂડના ખરિતામાં શિક્ષણના વિકાસ અને વિસ્તાર માટે શેની સ્થાપના પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો ?
(A) યુનિવર્સિટીઓની સ્થાપના
(B) શિક્ષણ વિભાગની સ્થાપના
(C) ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની સ્થાપના
(D) આપેલાં તમામ

193. નીચેનામાંથી કઈ એક સાર્જન્ટ અહેવાલની ખાસ વિશેષતા હતી ?
(A) વ્યાવસાયિક શિક્ષણને પ્રાધાન્યતા
(B) શિક્ષણ પ્રણાલીમાં સુધારાનો સંકેત
(C) ભાવિ શિક્ષણની રૂપરેખા
(D) સરકારી પ્રયત્નો

194. હાર્ટોગ સમિતિની સ્થાપના ક્યારે થઈ હતી ?
(A) ઈ.સ. 1922 **(B) ઈ.સ. 1928**
(C) ઈ.સ. 1917 (D) ઈ.સ. 1992

195. ભારતમાં નિરંતર શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવા શેના દ્વારા તેની વિશેષ જોગવાઈ કરવામાં આવી ?
(A) પંચવર્ષીય યોજના (B) વાર્ષિક યોજના
(C) ત્રિવર્ષીય યોજના (D) ત્રણમાંથી એક પણ નહીં

196. નીચેનામાંથી કયા શિક્ષણ કમિશને ભારતમાં યુનિવર્સિટી સ્તરના શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે મહત્ત્વની ભલામણો કરી હતી ?
(A) મેકોલેનું વિવરણપત્ર **(B) સાર્જન્ટ અહેવાલ**
(C) એડવર્ડ એન્ડ વૂડ રિપૉર્ટ (D) સેડલર કમિશન

197. સેડલર કમિશનની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
(A) ઈ.સ. 1919 **(B) ઈ.સ. 1917**
(C) ઈ.સ. 1918 (D) ઈ.સ. 1916

198. સેડલર કમિશનની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ હતો...
(A) કલકત્તા યુનિવર્સિટીમાં સુધારા કરવા.
(B) ભારતમાં યુનિવર્સિટી કક્ષાના શિક્ષણમાં સુધારો.
(C) યુનિવર્સિટી કક્ષાના શિક્ષણનો અહેવાલ તૈયાર કરવો.
(D) યુનિવર્સિટી શિક્ષણને સરકારની જવાબદારીમાંથી મુક્ત કરવું.

199. હાર્ટોગ સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
(A) સર સાઈમન **(B) ભારતના ગવર્નર-જનરલ**
(C) સર ફિલિપ હાર્ટોગ (D) તે વખતના શિક્ષણ પ્રધાન

200. સેડલર મહોદય દ્વારા સ્થાપિત આંતરરાષ્ટ્રીય વિશ્વવિદ્યાલય પરિષદનું વર્તમાન સ્વરૂપનું નામ શું છે ?
(A) મહાવિદ્યાલય કમિશન
(B) માધ્યમિક શિક્ષણ કમિશન
(C) યુનિવર્સિટી શિક્ષણ પરિષદ
(D) આપેલાં તમામ

201. ઈ.સ. 1854ના ચાર્લ્સ વૂડના ખરિતામાં શિક્ષણની સુધારણા માટે કઈ ભલામણો કરવામાં આવી હતી ?
(A) અંગ્રેજી સાહિત્યની સાથે-સાથે અન્ય ભાષાઓનો પણ વિકાસ કરવો.
(B) ધર્મનિરપેક્ષ શિક્ષણ તથા સ્ત્રીઓ માટે પણ શિક્ષણની વ્યવસ્થા કરવી.
(C) અધ્યાપક શિક્ષક-પ્રશિક્ષણની વ્યવસ્થા કરી.
(D) આપેલાં તમામ

202. ભારતના બંધારણ પ્રમાણે નીચેનામાંથી કયો નાગરિકોનો મૌલિક અધિકાર છે ?

(A) માધ્યમિક શિક્ષણ (B) વ્યાવસાયિક શિક્ષણ

(C) પ્રારંભિક શિક્ષણ (D) ઉચ્ચ શિક્ષણ

203. ભારતમાં રાજ્યોના શિક્ષણમંત્રીઓના સંમેલનની અધ્યક્ષતા કોણ કરે છે ?

(A) પ્રધાનમંત્રી

(B) ઉપરાષ્ટ્રપતિ

(C) ભારતીય સંઘના માનવ સંસાધન વિકાસમંત્રી

(D) ઉપશિક્ષણમંત્રી

204. રાષ્ટ્રીય શિક્ષણનીતિને અમલી બનાવવાની જવાબદારી કોની છે ?

(A) સંઘ સરકારની

(B) રાજ્ય સરકારની

(C) રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન સંસ્થા

(D) પરીક્ષા બોર્ડ

205. ભારતમાં અંગ્રેજી શિક્ષણનાં પ્રારંભનું સમર્થન કોણે કર્યું હતું ?

(A) સ્વામી દયાનંદ સરસ્વતી

(B) સ્વામી વિવેકાનંદ

(C) રાજા રામમોહન રાય

(D) ડૉ. ઝાકિર હુસૈન

206. કેન્દ્ર સરકારમાં શિક્ષણનું સંચાલન કઈ સંસ્થા કરે છે ?

(A) શિક્ષણ મંત્રાલય

(B) શિક્ષણ અને સાંસ્કૃતિક મંત્રાલય

(C) માનવ સંસાધન વિકાસ મંત્રાલય

(D) વિજ્ઞાન અને શિક્ષણ મંત્રાલય

207. મહાત્મા ગાંધીજીના મત પ્રમાણે પ્રાથમિક શિક્ષણનું માધ્યમ શું હોવું જોઈએ ?

(A) અંગ્રેજી (B) હિન્દી

(C) બાળકની માતૃભાષા (D) પ્રાદેશિક ભાષા

208. નીચેનામાંથી કઈ બાબત શાળાને સામૂહિક કેન્દ્ર બનાવવામાં મદદરૂપ થાય છે ?

(A) માતા-પિતા અને શિક્ષકોનો તેમાં સહયોગ મળે.

(B) શિક્ષકોને બાળખના કૌટુંબિક વાતાવરણનું જ્ઞાન મળે.

(C) માતા-પિતાને તેમના બાળકોની શાળાની પ્રવૃત્તિઓની જાણકારી થાય.

(D) આપેલાં તમામ

209. નવોદય વિદ્યાલયોમાં કુલ સીટોમાંથી ગ્રામીણ ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે કેટલી સીટો અનામત હોય છે ?

(A) 65% **(B) 75%**

(C) 80% (D) 90%

210. બંધારણમાં શિક્ષણને કઈ સૂચિમાં મૂકવામાં આવ્યું છે ?

(A) કેન્દ્ર સૂચિમાં (B) રાજ્ય સૂચિમાં

(C) સમવર્તી સૂચિમાં (D) આપેલ ત્રણેયમાં

211. આધુનિકીકરણ સાથે નીચેના વિચાર સંકળાયેલા છે...

(A) સમાજવાદ

(B) ધર્મ નિરપેક્ષતા

(C) વિજ્ઞાન અને ટેકનોલૉજીનો પ્રકાર

(D) આપેલાં તમામ

212. 'કોઠારી શિક્ષણ કમિશને' સમાનતામૂલક સમાજના નિર્માણ માટે અશક્ત અથવા કમજોર વર્ગના લોકોનું શોષણ ન થાય તે માટે નીચેનામાંથી કઈ એક બાબતની ભલામણ કરી હતી ?

(A) આ વર્ગના લોકોને શિક્ષણના કેટલાક સાધનો ઉપલબ્ધ કરાવવા જોઈએ.

(B) આવા વર્ગના લોકો માટે શિક્ષણની સમાન તકોનું નિર્માણ કરવું.

(C) આ વર્ગના લોકોમાં શિક્ષણની અલગથી વ્યવસ્થા કરવી જોઈએ.

(D) આવા લોકો માટે શિક્ષણની પ્રાથમિક સુવિધાઓ સરળતાથી પ્રાપ્ય કરાવવી જોઈએ.

213. 'સર્વ શિક્ષા અભિયાન'નો મુખ્ય ઉદ્દેશ છે...

(A) ગામડાના બધા જ લોકો માટે શિક્ષણ

(B) સાર્વત્રિક શિક્ષણ અભિયાન

(C) સાર્વત્રિક - પ્રાથમિક શિક્ષણનો પ્રચાર-પ્રસાર

(D) લોક ઝુંબેશ

214. ગરીબ લોકોના બાળકોના શિક્ષણ માટે શું મદદ આપવી વધુ યોગ્ય ગણાશે ?

(A) મફત શિક્ષણ (B) મફત પાઠ્ય-સામગ્રી

(C) મફત મધ્યાહન ભોજન **(D) આપેલાં તમામ**

215. કોઠારી શિક્ષણ કમિશને શિક્ષણના ઉદ્દેશ 'જીવનની તૈયારી માં શિક્ષણ' માટે કેવા અભ્યાસક્રમને શિક્ષણનું અભિન્ન અંગ ગણાવ્યું છે ?

(A) કોઈ વ્યવસાય **(B) કાર્યાનુભવ**

(C) ઉદ્યોગ **(D) એક પણ નહીં**

216. લોકશાહીમાં શિક્ષકને વિદ્યાર્થીનો ______ માનવામાં આવે છે.

(A) આધ્યાત્મિક ગુરુ

(B) શિસ્ત શિખવાડનાર

(C) સંરક્ષક

(D) મિત્ર, દાર્શનિક અને પથ-પ્રદર્શક

217. શિક્ષણને સમવર્તી સૂચિમાં દાખલ કર્યા પછી કઈ સરકાર તેના પર કાયદા બનાવે છે ?

(A) રાજ્ય સરકાર (B) કેન્દ્ર સરકાર

(C) ઉપરોક્ત બન્ને (D) કોઈ પણ નહીં.

218. શિક્ષણના સુધારાઓ સાથે સંબંધિત છે...

(A) યશપાલ સમિતિ (B) ડૉ. નાગેન્દ્ર સમિતિ

(C) વિશ્વનાથન સમિતિ (D) અશોક મહેતા સમિતિ

219. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે, કેન્દ્રીય સરકાર દ્વારા શિક્ષણની વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે નીચેનામાંથી કોની સ્થાપના કરી હતી ?

(A) કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ

(B) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

(C) કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડ

(D) ઉપરના ત્રણમાંથી એક પણ નહીં.

220. અનૌપચારિક શિક્ષણની મુખ્ય વિશેષતાઓ છે...

(A) શિક્ષણકેન્દ્રી શિક્ષણ **(B) વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણ**

(C) શિક્ષકકેન્દ્રી શિક્ષણ (D) ત્રણેય સાચાં છે.

221. શિક્ષણના ઔપચારિક સાધનો ક્યા ક્યા છે ?

(A) અગાઉ નક્કી હોય તેવાં (B) પ્રત્યક્ષ હોય તે

(C) ઉપરના બન્ને (D) ઉપરના બધાં સાચાં છે.

222. શાળા સિવાય નીચેનામાંથી કઈ સંસ્થાઓ શિક્ષણના ઔપચારિક સાધનોના ભાગરૂપે ગણી શકાય ?

(A) પુસ્તકાલય (B) સંગ્રહાલય

(C) મનોરંજન કેન્દ્ર **(D) આપેલ બધાં**

223. 1986ની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ભાગરૂપે જે સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી, તેમાં મુખ્ય હતી...

(A) પ્રાદેશિક શિક્ષણ કૉલેજ (અધ્યાપક પ્રશિક્ષણ)

(B) સમગ્ર ભારતમાં કેન્દ્રીય વિદ્યાલયો તથા નવોદય વિદ્યાલયોની સ્થાપના

(C) ભારતીય ટેકનોલૉજી સંસ્થાઓની સ્થાપના

(D) ઉપરના બધાં સાચાં છે.

224. પ્રાચીનકાળથી આજ દિન સુધી કઈ સંસ્થા ઔપચારિક શિક્ષણનું એક મહત્ત્વનું કેન્દ્ર ગણાય છે ?

(A) વિદ્યાલય (B) વિચાર-ગોષ્ઠીઓ

(C) આશ્રમશાળાઓ (D) આપેલાં તમામ

225. ટૂંકમાં ઔપચારિક શિક્ષણ એ...

(A) જરૂરિયાત પ્રધાન છે. (B) સાધનકેન્દ્રી છે.

(C) ઉદ્દેશ નક્કી નથી **(D) સમયને અનુકૂળ હોય છે.**

226. ઔપચારિક શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ છે...

(A) પ્રૌઢ લોકોને શિક્ષણ આપવું.

(B) બધાને શિક્ષણ આપવું.

(C) કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું.

(D) 6 થી 14 વર્ષના બધા જ બાળકોને પ્રાથમિક સ્તર સુધી શિક્ષણ આપવું કે જેઓ ક્યારેય શાળામાં ગયા નથી.

227. શિક્ષણની ઔપચારિક સંસ્થા તરીકે શાળાનું મુખ્ય કાર્ય છે...

(A) જ્ઞાન આપવું.

(B) જુદી જુદી રમતો દ્વારા શારીરિક વિકાસ કરવો.

(C) વ્યાવસાયિક અને ટેકનોલૉજી શિક્ષણ આપવું

(D) આપેલાં તમામ

228. વિદ્યાર્થીના ઔપચારિક શિક્ષણ ઉપરાંત થતા શિક્ષણનું નામ છે...

(A) અનૌપચારિક શિક્ષણ (B) પ્રૌઢ શિક્ષણ

(C) સામાજિક શિક્ષણ **(D) આપેલાં તમામ**

229. શિક્ષણના સાર્વત્રિકીકરણ માટે કઈ બાબત અનિવાર્યપણે સામેલ કરવામાં આવી છે ?

(A) અનુસૂચિત જનજાતિને

(B) અનુસૂચિત જાતિઓને

(C) નિર્ધન તથા ગરીબ લોકોને

(D) આપેલાં તમામને

230. ભારતમાં ભાષાઓની સમસ્યાના સમાધાન માટે મુદલિયાર કમિશનની મુખ્ય ભલામણ હતી...

(A) એક માતૃભાષાની વ્યવસ્થા

(B) બીજી ભાષા તરીકે અંગ્રેજી તથા હિન્દી

(C) ઉપરોક્ત બન્નેની ભલામણ

(D) ત્રણમાંથી એક પણ નહીં.

231. લોકશાહીમાં શિક્ષણની સંસ્થાઓએ બનવું જોઈએ...

(A) રાજકારણનું તાલીમ કેન્દ્ર

(B) ધાર્મિક તથા આધ્યાત્મિક કેન્દ્ર

(C) સામૂહિક કેન્દ્ર

(D) રમત-ગમતનું મુખ્ય કેન્દ્ર

232. ગ્રામીણ વિસ્તારોમાં સારા શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવા 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986'માં જિલ્લા સ્તરે નીચેનામાંથી ક્યા વિદ્યાલયો સ્થાપવાની યોજના બનાવવામાં આવી હતી ?

(A) કેન્દ્રીય વિદ્યાલય **(B) નવોદય વિદ્યાલય**

(C) સૈનિક વિદ્યાલય (D) આશ્રમશાળાઓ

233. નીચેનામાંથી પ્રાથમિક શિક્ષણને સુધારવા 'ઓપરેશન બ્લેક બોર્ડ' યોજના કઈ બાબતે વધુ કારગર સાબિત થશે ?

(A) ગુણવત્તા (B) પરિણામ

(C) શિક્ષણ સાધનસામગ્રી (D) આપેલાં તમામ

234. શિક્ષણના ઉદ્દેશો બદલાતા રહેવા જોઈએ, કારણ કે સમાજનું...

(A) સ્વરૂપ સ્થિર હોય છે.

(B) સામાજિક પરિવર્તન સ્થાપિત હોય છે.

(C) શિક્ષણથી જ પરિવર્તન આવે છે.

(D) તે પરિવર્તનશીલ હોય છે.

235. ફરજિયાત શિક્ષણના માર્ગમાં અવરોધરૂપ છે...
(A) અપવ્યયની સમસ્યાઓ
(B) લોકજાગૃતિનો અભાવ
(C) શિક્ષણના મહત્ત્વની અજ્ઞાનતા
(D) આપેલાં તમામ

236. કોઠારી શિક્ષણ પંચ (1966)ના મતે કોઈ પણ હિંસક ક્રાંતિ વિના સમાજમાં પરિવર્તન લાવવાનું એક માત્ર સાધન છે...
(A) અહિંસા (B) સત્ય
(C) શિક્ષણ (D) સત્યાગ્રહ

237. ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં કઈ બાબતે વધુ ભાર આપવામાં આવ્યો છે ?
(A) ન્યાય (B) સ્વતંત્રતા
(C) સમાનતા **(D) આપેલાં બધાં જ**

238. શાળા કક્ષાએ અપવ્યયની સમસ્યાને દૂર કરવાનો ઉપાય છે...
(A) સાર્વત્રિક નામાંકન
(B) ઘર નજીક શાળા
(C) પ્રાથમિક અભ્યાસક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી બાળકોનું શાળામાં સ્થાયીકરણ
(D) આપેલાં તમામ

239. અનૌપચારિક શિક્ષણમાં સામેલ છે...
(A) સતત શિક્ષણ
(B) શાળાકીય શિક્ષણ સિવાયનું શિક્ષણ
(C) ઉપરોક્ત બન્ને
(D) ત્રણમાંથી એક પણ નહીં.

240. ભારતીય શિક્ષણના ઈતિહાસના ચાર્લ્સ વૂડના ખરિતાને ઘણો જ મહત્ત્વનો ગણવામાં આવે છે, કારણ કે...
(A) તેની ભલામણોને આધારે કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી હતી.
(B) શિક્ષણને ચોક્કસ માર્ગે આગળ ધપાવવામાં ઉપયોગી છે.
(C) તેની ભલામણોને આધારે વ્યાવસાયિક શિક્ષણ સંસ્થાઓ સ્થપાઈ.
(D) તેનાથી ભારતીય શિક્ષણની એકરૂપતા સાધી શકાઈ.

241. પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં કઈ સંસ્થા મહત્ત્વની ભૂમિકા નિભાવી રહી છે ?
(A) બાલમંદિર (B) બાલવાડી
(C) કિન્ટરગાર્ડન (D) એક પણ નહીં

242. વર્તમાન સમયમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના વિકાસનું પ્રતીક છે...
(A) માનવ વૃદ્ધિનું (B) વૈજ્ઞાનિકતાનું
(C) જાગૃત સમાજનું (D) આપેલાં બધાંનું

243. શિક્ષણનું લોકશાહીકરણ શા માટે જરૂરી છે ?
(A) સાક્ષરતા માટે
(B) જીવનના સર્વાંગીણ વિકાસ માટે
(C) દેશની પ્રગતિ માટે
(D) આપેલાં તમામ સાચાં છે.

244. ભારતમાં શિક્ષણનું લોકશાહીકરણ કરવા માટે નીચેનામાંથી કોનો સહકાર લેવામાં આવી રહ્યો છે ?
(A) પંચવર્ષીય યોજનાઓનો (B) શાળાકીય સંસ્થાઓનો
(C) સ્વૈચ્છિક સંસ્થાઓનો **(D) આપેલાં તમામનો**

245. ભારતમાં કઈ પંચવર્ષીય યોજના દરમિયાન શિક્ષણના સાર્વત્રિકીકરણના ઉદ્દેશો નક્કી કરવામાં આવ્યા હતા?
(A) પ્રથમ પંચવર્ષીય યોજના દરમિયાન
(B) બધી જ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન
(C) દ્વિતીય પંચવર્ષીય યોજનાઓ દરમિયાન
(D) એક વર્ષીય યોજના દરમિયાન

246. માધ્યમિક કક્ષાએ શિક્ષણના સાર્વત્રિકીકરણ માટે ક્યા પ્રયત્નો કરવામાં આવ્યા છે ?
(A) સાર્વત્રિક શિક્ષણની પ્રગતિ
(B) પ્રશિક્ષણ અને પર્યાવરણ
(C) શૈક્ષણિક અભ્યાસક્રમનું જીવન સાથેનું જોડાણ
(D) આપેલાં તમામ સાચાં છે.

247. ઈ.સ. 1986ની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ભાગરૂપે પ્રાથમિ શાળાના શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટે કયો કાર્યક્ર અપનાવવામાં આવી રહ્યો છે ?
(A) અભ્યાસક્રમ
(B) સમયાવધિ
(C) આયોજનપૂર્ણ વિભાજન
(D) ટુકડાઓમાં વિભાજન સમયબદ્ધ કાર્યક્રમ

248. જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમનો પ્રારંભ ક્યારે થયો હતો ?
(A) ઈ.સ. 1990 (B) ઈ.સ. 1995
(C) ઈ.સ. 1994 (D) ઈ.સ. 1980

249. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની સ્થાપના ક્યાં કરવામાં આવી હતી ?
(A) 1લી સપ્ટેમ્બર, 1961 (B) જાન્યુઆરી, 1968
(C) 15મી ઓગસ્ટ, 1950 (D) 2જી ઓગસ્ટ, 1960

250. શાળા-મહાશાળાનો મુખ્ય આધારસ્તંભ છે...
(A) નેતાઓ (B) વિદ્યાર્થીઓ
(C) અધ્યાપકો (D) સામાજિક કાર્યકર્તાઓ

251. ભારતમાં સંપૂર્ણ રીતે પ્રાથમિક શિક્ષણની જવાબદારી કોની ગણાય છે ?

(A) રાજ્ય વહીવટીતંત્ર (B) કેન્દ્રનું વહીવટીતંત્ર

(C) સ્થાનિક વહીવટીતંત્ર (D) શિક્ષણનું વહીવટીતંત્ર

252. શિક્ષણના સાર્વત્રિકીકરણ માટે લોકોને સાક્ષર બનાવવાની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

(A) રાષ્ટ્રીય પરિષદ

(B) રાષ્ટ્રીય સાક્ષરતા મિશન

(C) રાષ્ટ્રીય સંસ્થાઓને

(D) ઉપરોક્ત ત્રણમાંથી એક પણ નહીં.

253. કોઠારી શિક્ષણ કમિશને ધોરણ-3 અને 4ના અભ્યાસક્રમમાં નીચેનામાંથી કઈ બાબતોની ભલામણો કરી હતી?

(A) સર્જનાત્મક ક્રિયાઓની

(B) કાર્યાનુભવ અને સામાજિક સેવા

(C) સ્વાસ્થ્ય શિક્ષણ

(D) આપેલાં તમામ

254. અભ્યાસક્રમમાં વધુ લચિલાપણું લાવવા તથા જીવનોપયોગી બનાવવા નીચેનામાંથી કોણે પ્રયાસ કરવો જોઈએ?

(A) NCERT (B) NCTE

(C) માધ્યમિક શિક્ષણ બોર્ડ (D) રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાન

255. શિક્ષણનો સર્વસામાન્ય ઉદ્દેશ છે...

(A) વ્યક્તિની ક્ષમતાઓનું પરીક્ષણ કરવું.

(B) ચારિત્ર્યના વિકાસ માટે તાલીમ આપવી.

(C) વ્યક્તિને જરૂરિયાતોનું જ્ઞાન આપવું જોઈએ.

(D) વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ કરવો જોઈએ.

256. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સ્થાપના ક્યા અધિનિયમના ભાગરૂપે કરવામાં આવી હતી?

(A) પ્રગતિ અધિનિયમ (B) સાંસ્કૃતિક અધિનિયમ

(C) સોસાયટી અધિનિયમ (D) એક પણ નહીં.

257. પ્રાચીન કાળમાં મોટાભાગની શિક્ષણ સંસ્થાઓ ઓળખાતી હતી...

(A) મદ્રેસાઓ (B) પાઠશાળાઓ

(C) ધૂળી નિશાળો (D) ગુરુકુળ

258. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન તથા તાલીમ પરિષદ, કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડના સહકારથી કયું કાર્ય પૂરું કરે છે ?

(A) માધ્યમિક શાળાઓના અભ્યાસક્રમમાં સંશોધન

(B) પાઠ્યપુસ્તકોમાં સંશોધન

(C) શિક્ષણમાં ગુણવત્તા સુધારવાનું કામ

(D) ઉપરોક્ત ત્રણમાંથી એક પણ નહીં.

259. વર્તમાન સમયમાં શિક્ષણનું સશક્ત માધ્યમ બની રહ્યું છે...

(A) શિક્ષણ (B) કલા

(C) સંચાર (D) સંસ્કૃતિ

260. નીચેનામાંથી સંચાર માધ્યમોનું કયું સાધન શિક્ષણના ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યું છે ?

(A) રેડિયો (B) ટેલિવિઝન

(C) એપિડાયોસ્કોપ **(D) આપેલાં તમામ**

261. રાષ્ટ્રીય રાસાયણિક પ્રયોગશાળા ક્યાં આવેલી છે ?

(A) પૂણે (B) મુંબઈ

(C) નવી દિલ્હી (D) પશ્ચિમ બંગાળ

262. ગાંધીજીએ બુનિયાદી શિક્ષણના ભાગરૂપે શિક્ષણની કઈ પદ્ધતિઓની દેન આપી છે ?

(A) કારણ કે, ગાંધીજી શિક્ષણને સ્વાવલંબી બનાવવા માંગતા હતા.

(B) તેમનું બુનિયાદી શિક્ષણ આદર્શવાદથી પ્રેરાયેલું હતું.

(C) કારણ કે, ગાંધીજી શિક્ષણને બાળકેન્દ્રી બનાવવા માંગતા હતા.

(D) તેમણે શિક્ષણમાં આદર્શવાદ, પ્રયોજનવાદ અને પ્રકૃતિવાદનો સમન્વય કર્યો હતો.

263. બુનિયાદી શિક્ષણના એક અભિગમ ઉદ્યોગ દ્વારા કેળવણીના વિચારને કોઠારી કમિશને પોતાના અહેવાલમાં કેવી રીતે સમાવ્યો છે ?

(A) દીર્ઘદૃષ્ટિ (B) ઉત્પાદક કાર્ય

(C) રસ-રુચિ કાર્ય **(D) કાર્યાનુભવ**

264. ગાંધીજીએ બુનિયાદી શિક્ષણના અભ્યાસક્રમમાં નીચેના ભાષાજૂથને પણ સમાવ્યું છે...

(A) માતૃભાષા અને સંસ્કૃત

(B) માતૃભાષા અને હિન્દુસ્તાની ભાષા

(C) માતૃભાષા અને અન્ય એક પ્રાંતીય ભાષા

(D) માતૃભાષા અને અંગ્રેજી

265. દેશની આઝાદી પહેલા કઈ શિક્ષણ યોજનામાં બુનિયાદી શિક્ષણને માન્યતા આપી હતી ?

(A) માઉન્ટબેટન યોજના (B) ક્રિપ્સ શિક્ષણ યોજના

(C) સાર્જન્ટ શિક્ષણ યોજના (D) મેકોલે શિક્ષણ યોજના

266. 'વસતિ શિક્ષણ'નો અર્થ છે...

(A) સમગ્ર વસતિમાં શિક્ષિત વ્યક્તિઓની ટકાવારી

(B) સમગ્ર વસતિને શિક્ષણ પ્રસારના કાર્યક્રમ અંતર્ગત લાવવી.

(C) રાષ્ટ્રની જરૂરિયાત પ્રમાણે વિકાસના દરમાં વધારો અથવા ઘટાડો

(D) રાષ્ટ્રના લોકોને સ્વસ્થ બનાવવા શિક્ષણ.

267. નવોદય વિદ્યાલય છે...
(A) ગ્રામીણક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે
(B) માત્ર શહેરી વિસ્તારના બાળકો માટે
(C) ગ્રામીણ અને શહેરી બન્ને વિસ્તારના મેધાવી બાળકાચ માટે
(D) તેવા બાળકો માટે કે જેઓ સૈનિક બનવા માંગે છે.

268. 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986'માં સમાવિષ્ટ સમાન અભ્યાસક્રમનો ઉદ્દેશ નીચેનામાંથી ક્યા મૂલ્યનો વિકાસ કરવાનો છે ?
(A) ધર્માંધતા
(B) ધર્મનિરપેક્ષતા
(C) રૂઢિવાદિતા
(D) અંધશ્રદ્ધા

269. કોઠારી શિક્ષણ શિક્ષણની પુનર્રચનાની ભલામણ સમાજને કેવો બનાવવાના હેતુથી કરી હતી ?
(A) બંધિયાર સમાજને ખુલ્લો/મુક્ત સમાજ બનાવવાનો હેતુ
(B) પ્રાચીન રૂઢિઓ દ્વારા સમાજનું સંરક્ષણ કરવું.
(C) માત્ર ભારતીય મૂલ્યો પર આધારિત સમાજ માટે
(D) આપેલાં તમામ

270. પછાત વર્ગોના શિક્ષણ માટે સમાન અવસરને પાત્ર છે...
(A) મહિલાઓ
(B) અનુસૂચિત જાતિઓ
(C) અનુસૂચિત જનજાતિ
(D) આપેલાં તમામ

271. કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ યોજના અંતર્ગત કેન્દ્ર કેટલા ટકા ખર્ચની જવાબદારી નિભાવે છે ?
(A) 50%
(B) 90%
(C) 75%
(D) 85%

272. કોઠારી શિક્ષણ કમિશન દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલનું નામ હતું...
(A) શિક્ષણ પરિષદના પંચમુખી વિચાર
(B) શિક્ષણ દ્વારા સામાજિક અને રાષ્ટ્રીય એકતા
(C) શિક્ષણ અને રાષ્ટ્રીય પ્રગતિ અથવા શિક્ષણ અને રાષ્ટ્રનો વિકાસ
(D) શિક્ષણ અને ઉત્પાદન

273. 'ઑપરેશન બ્લેકબોર્ડ' યોજનાનો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો ?
(A) ઈ.સ. 1986
(B) ઈ.સ. 1988
(C) ઈ.સ. 1989
(D) ઈ.સ. 1985

274. મહાત્મા ગાંધીજીએ બુનિયાદી શિક્ષણનો પ્રયોગ સૌપ્રથમ ક્યાં કર્યો હતો ?
(A) સેવાગ્રામ
(B) નોઆખલી
(C) ટોલ્સટોય આશ્રમ
(D) સાબરમતી આશ્રમ

275. 'નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ એજ્યુકેશન'ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
(A) ઈ.સ. 1989
(B) ઈ.સ. 1986
(C) ઈ.સ. 1994
(D) ઈ.સ. 1993

276. નવોદય વિદ્યાલયની સ્થાપના શા માટે કરવામાં આવી હતી ?
(A) ગ્રામીણ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા.
(B) શહેરી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા.
(C) પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રાપ્ય કરાવવા.
(D) 75% ગ્રામીણ વિદ્યાર્થીઓ તથા 25% શહેરી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે

277. રાષ્ટ્રીય સાક્ષરતા મિશનનો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો ?
(A) 5મી મે, 1988માં
(B) 5મી મે, 1986માં
(C) 5મી મે, 1990માં
(D) એક પણ નહીં.

278. 'ઑપરેશન બ્લેકબોર્ડ' યોજનાની મુખ્ય જોગવાઈઓ છે...
(A) બે વર્ગખંડ, એક શિક્ષક
(B) એક વર્ગખંડ, બે શિક્ષક
(C) બે શિક્ષક, બે વર્ગખંડ
(D) બે શિક્ષક, પાંચ વર્ગખંડ

279. 'ઑપરેશન બ્લેકબોર્ડ' યોજના કોની સાથે સંબંધ ધરાવે છે ?
(A) પ્રાથમિક શાળાઓની ઓછામાં ઓછી સુવિધાઓ સાથે
(B) સાક્ષરતા અભિયાન સાથે
(C) મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ સાથે
(D) પ્રૌઢ શિક્ષણ સાથે

280. 'DIET'ની સ્થાપના મુખ્યત્વે ક્યા હેતુથી કરવામાં આવી હતી ?
(A) માધ્યમિક શાળાના શિક્ષકો માટે
(B) પ્રાથમિક શાળાના શિક્ષકો માટે
(C) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે
(D) ઉપરોક્ત બધાં માટે

281. શિક્ષણની પદ્ધતિઓથી...
(A) શિક્ષણ પ્રભાવશાળી બને છે.
(B) શિક્ષક રસમય બને છે.
(C) વિદ્યાર્થીઓનું મન ભણવામાં લાગેલું રહે છે.
(D) ત્રણમાંથી એક પણ નહીં.

282. ક્યારે ભણાવવા જોઈએ તે નક્કી કરવાનો મુખ્ય આધાર છે...
(A) પસંદગીનો સિદ્ધાંત
(B) રુચિનો સિદ્ધાંત
(C) આયોજનનો સિદ્ધાંત
(D) એક પણ નહીં.

283. શિક્ષણને દ્વિધ્રુવી પ્રક્રિયા કોણે ગણાવી હતી ?
(A) એડમ્સ
(B) જહોન ડ્યૂઈ
(C) ફ્રોબેલ
(D) ત્રણમાંથી એકેય નહીં

284. વૈદિક યુગમાં શિક્ષણનો સૌથી મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ હતો...
(A) જ્ઞાન આપવું
(B) જીવનનિર્વાહ માટેનું શિક્ષ
(C) નૈતિક વિકાસ
(D) મોક્ષની પ્રાપ્તિ

285. વૈદિક યુગમાં શિક્ષણનો પ્રારંભ ક્યા સંસ્કારથી થતો હતો ?
(A) પ્રવજ્યા
(B) શરણાત્રયી
(C) ઉપનયન
(D) એક પણ નહીં

286. 'સમાવર્તન' જેવો જ એક સંસ્કાર છે...
(A) પ્રવજ્યા (B) ઉપસમ્પદા
(C) બિસ્મિલ્લાહ (D) શરણાત્રયી

287. વિદ્યાર્થીઓને સજા કરવાના ભાગરૂપે 'મૂર્ગો બનાવવાની' પ્રથા ક્યારે અમલમાં આવી ?
(A) બ્રિટિશ યુગમાં (B) પ્રાચીન કાળમાં
(C) મુસ્લિમ યુગમાં (D) બૌદ્ધ યુગમાં

288. શિક્ષણમાં અપવ્યય અને અવરોધક પરિબળોની સૌપ્રથમ વ્યાખ્યા કરવામાં આવી હતી...
(A) હંટર કમિશન (B) સેડલર કમિશન
(C) હાર્ટોગ સમિતિ (D) ઝાકિર હુસૈન સમિતિ

289. શિક્ષણ સૌથી વધુ જટિલ સમસ્યા છે...
(A) પ્રાથમિક કક્ષાએ (B) માધ્યમિક કક્ષાએ
(C) ઉચ્ચસ્તરીય શિક્ષણની (D) આપેલાં તમામ

290. બાલમંદિરોનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?
(A) જ્હોન ડ્યૂઈ (B) પેસ્ટોલોજી
(C) ડાલ્ટન **(D) ફ્રોબેલ**

291. ભારતીય લાખ સંશોધન કેન્દ્ર ક્યાં આવેલું છે ?
(A) કર્ણાટક (B) નવી દિલ્હી
(C) રાંચી (D) ભાવનગર

292. શિક્ષક માટે સૌથી વધુ આવશ્યક ગણાય છે...
(A) વિભિન્ન રસ-રુચિનો પ્રાદુર્ભાવ
(B) તાર્કિકશક્તિનો પ્રયોગ
(C) ચિંતનશક્તિને વધારે સબળ બનાવવી
(D) માનસિક યોગ્યતાનો વિકાસ કરવો તથા માનસિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવી.

293. ભારતમાં નવી શિક્ષણ નીતિ અમલમાં આવતા શિક્ષણની કઈ સમસ્યાઓ સામે આવી છે ?
(A) સંચાલનની ખામીઓ (B) શાળાકીય સમસ્યાઓ
(C) નાણાકીય અભાવ **(D) આપેલાં તમામ**

294. પ્રાથમિક શિક્ષણની વિવિધ સમસ્યાઓ તથા અપવ્યય માટે મુખ્યત્વે કઈ બાબત વધુ જવાબદાર છે ?
(A) ખરાબ શિક્ષણ પદ્ધતિ (B) ધ્યેયોનો અભાવ
(C) દૂરદર્શિતાનો અભાવ **(D) આપેલાં તમામ**

295. "ઘર એ શિક્ષણનું સર્વોચ્ચ સ્થળ છે અને વિદ્યાર્થીની પ્રથમ શાળા છે." આ વિધાન કોનું છે ?
(A) ફ્રોબેલ (B) જ્હોન ડ્યૂઈ
(C) પેસ્ટોલોજી (D) ગાંધીજી

296. પ્રોજેક્ટ પદ્ધતિના ભાગરૂપે શિક્ષક હોય છે...
(A) એક મૂલ્યાંકનકર્તા **(B) એક માર્ગદર્શક તરીકે**
(C) માત્ર દેખરેખ રાખનાર (D) એક પણ નહીં.

297. બાળકોનું સાચું મૂલ્યાંકન થાય છે...
(A) ત્રિમાસિક પરીક્ષાથી (B) માસિક પરીક્ષાથી
(C) છ માસિક પરીક્ષાથી (D) વાર્ષિક પરીક્ષાથી

298. સામાજિક વિકાસનું મુખ્ય કારણ છે...
(A) વારસો (B) વાતાવરણ
(C) જાતિ (D) ત્રણમાંથી એકપણ નહીં

299. ડૉ. લક્ષ્મણ સ્વામી મુદ્દલિયાર સમિતિ બીજા કયા નામે ઓળખાય છે ?
(A) માધ્યમિક શિક્ષણ પંચ (B) મુદ્દલિયાર કમિશન
(C) ઉપરોક્ત બન્ને (D) એક પણ નહીં.

300. લક્ષ્મીબાઈ નેશનલ કૉલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન કયા આવેલી છે ?
(A) ભોપાલ (B) પૂણે
(C) ગ્વાલિયર (D) નાગપુર

શૈક્ષણિક મનોવિજ્ઞાન અને શૈક્ષણિક ટેક્નોલોજી

1. મનોવિજ્ઞાનનો ચોક્કસ અર્થ શો થાય છે ?
(A) તે મનનું વિજ્ઞાન છે
(B) તે ચેતનાનો અભ્યાસ છે
(C) તેના દ્વારા આત્માનો વિકાસ થાય છે
(D) તે માનવ-વર્તનનો અભ્યાસ કરે છે

2. સ્કિનર નામના મનોવૈજ્ઞાનિકના મતે...
(A) મનોવિજ્ઞાન માનવ સંબંધોનું અધ્યયન કરે છે
(B) મનોવિજ્ઞાન માનવવર્તન અને અનુભવનું વિજ્ઞાન છે
(C) મનોવિજ્ઞાન માનવપ્રકૃતિનો અભ્યાસ કરે છે
(D) મનોવિજ્ઞાન વર્તનનું વૈજ્ઞાનિક સંશોધન છે

3. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ જ્ઞાનાત્મક વર્તન એટલે _____
(A) રમવું (B) ચિંતા
(C) વિચારવું (D) શોક

4. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ ભાવાત્મક વર્તન એટલે _____
(A) વિચારવું **(B) પ્રેમ**
(C) જાણવું (D) રમવું

5. શૈક્ષણિક મનોવિજ્ઞાન એ _____
(A) અધ્યાપનને લગતી મનોવિજ્ઞાનની શાખા છે.
(B) અધ્યયનને લગતી મનોવિજ્ઞાનની શાખા છે.
(C) અધ્યેતાને લગતી મનોવિજ્ઞાનની શાખા છે.
(D) અધ્યયન-અધ્યાપનને લગતી મનોવિજ્ઞાનની શાખા છે.

6. સ્કિનરના મતે શૈક્ષણિક મનોવિજ્ઞાનની શરૂઆત કોના દ્વારા થઈ ?
(A) ફ્રોબેલ **(B) હર્બર્ટ સ્પેન્સર**
(C) પેસ્ટોલોજી (D) એરિસ્ટોટલ

7. પાવલોવ નામના મનોવૈજ્ઞાનિકે નીચેનામાંથી કયો અધ્યયનનો સિદ્ધાંત આપ્યો ?
(A) કારક અભિસંધન
(B) શાસ્ત્રીય અભિસંધાન
(C) પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણ
(D) આંતરસૂઝ દ્વારા શિક્ષણ

8. પ્રયત્ન અને ભૂલ સિદ્ધાંત કયા વૈજ્ઞાનિકે આપ્યો હતો ?
(A) પાવલોવે
(B) વર્ધીમરે
(C) થૉર્નડાઈકે
(D) કોહલરે

9. મનોવિજ્ઞાનની કઈ પદ્ધતિ સૌથી વધુ વૈજ્ઞાનિક છે ?
(A) બાહ્ય નિરીક્ષણ
(B) અંતઃનિરીક્ષણ
(C) પ્રાયોગિક
(D) મુલાકાત

10. મનોવિજ્ઞાન અને શિક્ષણ વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત કોણે કર્યો ?
(A) સ્કિનર
(B) પેસ્ટોલૉજી
(C) કોહલર
(D) વર્ધીમર

11. બાળકેન્દ્રી શિક્ષણની સંકલ્પનામાં કોનો સવિશેષ ફાળો છે ?
(A) જનીનશાસ્ત્ર
(B) તત્ત્વજ્ઞાન
(C) વિજ્ઞાન
(D) મનોવિજ્ઞાન

12. મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર કયું નથી ?
(A) વૃદ્ધિ અને વિકાસ
(B) તરુણાવસ્થાનો અભ્યાસ
(C) આર્થિક બાજુ
(D) શૈક્ષણિક સંશોધન

13. વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ એટલે ____
(A) અવલોકન પદ્ધતિ
(B) મુલાકાત પદ્ધતિ
(C) ચિકિત્સા પદ્ધતિ
(D) સામાજિકતામિતિ

14. કયા મનોવૈજ્ઞાનિક સામાજિકતામિતિના પ્રણેતા છે ?
(A) સ્કિનર
(B) થોર્નડાઈક
(C) મોરેનો
(D) પેસ્ટોલોજી

15. સામાજિકતામિતિ માટે કયો સમય પ્રતિકૂળ છે ?
(A) બીજા સત્રના અંતે
(B) બીજા સત્રની શરૂઆત
(C) પ્રથમ સત્રની શરૂઆત
(D) બીજા સત્રની વચ્ચે

16. ફ્રેન્કના મતે શરીરની વૃદ્ધિ એ ____
(A) કોષીય વિભાજન છે
(B) કોષીય અર્ધવિભાજન છે
(C) કોષીય ગુણાકાર છે
(D) કોષીય સમવિભાજન છે

17. વ્યક્તિના શરીરમાં વિકાસની દિશા કઈ છે ?
(A) કટીથી પગ તરફ
(B) માથાથી પગ તરફ
(C) પગથી માથા તરફ
(D) પગથી કટી તરફ

18. કયા વર્ષના સમયગાળા દરમિયાન હૃદયનું કદ બેવડાય છે ?
(A) 1 થી 5 વર્ષના ગાળા દરમિયાન
(B) 12 થી 17 વર્ષના ગાળા દરમિયાન
(C) 18 થી 21 વર્ષના ગાળા દરમિયાન
(D) 5 થી 11 વર્ષના ગાળા દરમિયાન

19. તીવ્ર જાતીય આકર્ષણનો અનુભવ વ્યક્તિ કઈ અવસ્થા દરમિયાન અનુભવે છે ?
(A) કિશોરાવસ્થા
(B) તારુણ્ય અવસ્થા
(C) શિશુ અવસ્થા
(D) યુવા અવસ્થા

20. સૌથી વધુ શારીરિક વૃદ્ધિ કઈ અવસ્થા દરમિયાન થાય છે ?
(A) તરુણાવસ્થા
(B) ગર્ભાવિસ્થા
(C) યુવાવસ્થા
(D) શિશુ અવસ્થા

21. નીચેનામાંથી કઈ અવસ્થા જીવનની વસંત સમાન છે ?
(A) કિશોરાવસ્થા
(B) તારુણ્ય અવસ્થા
(C) બાલ્યાવસ્થા
(D) શિશુ અવસ્થા

22. નીચેનામાંથી કયું લક્ષણ વૃદ્ધિને આભારી છે ?
(A) શરીરનાં કદમાં વધારો
(B) બુદ્ધિશક્તિનો વિકાસ
(C) લાગણી પર કાબૂ
(D) શબ્દભંડોળમાં વધારો

23. સામાન્ય રીતે તરુણાવસ્થાનો સમયગાળો કયો છે ?
(A) 13 થી 20 વર્ષ
(B) 8 થી 13 વર્ષ
(C) 7 થી 9 વર્ષ
(D) 20 થી 25 વર્ષ

24. 6 થી 12 વર્ષનો સમયગાળો...
(A) શિશુ અવસ્થાનો છે.
(B) કિશોરાવસ્થાનો છે.
(C) બાલ્યાવસ્થાનો છે.
(D) તરુણાવસ્થાનો છે.

25. વિકાસ એ કેવા પ્રકારની ઘટના છે ?
(A) નિયંત્રિત
(B) ચોક્કસ
(C) સરળ
(D) જટિલ

26. વ્યક્તિનો વિકાસ શાના દ્વારા પ્રમાણિત થાય છે ?
(A) માત્ર વારસા દ્વારા
(B) માત્ર વાતાવરણ દ્વારા
(C) વારસા અને વાતાવરણ દ્વારા
(D) ચોક્કસપણે કહી શકાય નહિ

27. વૃદ્ધિ કેવા પ્રકારની ઘટના છે ?
(A) સાંવેગિક
(B) શારીરિક
(C) માનસિક
(D) આધ્યાત્મિક

28. તરુણાવસ્થાની શરૂઆતના સમયગાળાને કઈ અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે ?
(A) આનંદની અવસ્થા
(B) દ્વિધાની અવસ્થા
(C) શોકની અવસ્થા
(D) ભયની અવસ્થા

29. હેવિંગ હર્સ્ટે કઈ અવસ્થાના વિકાસ કાર્યો અંગે સમજ આપી છે ?
(A) શિશુ અવસ્થા
(B) બાલ્યાવસ્થા
(C) કિશોરાવસ્થા
(D) તારુણ્યાવસ્થા

30. સામાન્ય રીતે પ્રૌઢાવસ્થાનો સમયગાળો કેટલો ગણાય છે ?
(A) 20 થી 40 વર્ષ
(B) 40 થી 60 વર્ષ
(C) 35 થી 55 વર્ષ
(D) 60 થી ઉપરના વર્ષ

31. બાળવિકાસ માટે શાનો અભ્યાસ ઉપયોગી છે ?
(A) સામાન્ય મનોવિજ્ઞાન (B) **બાળમનોવિજ્ઞાન**
(C) તર્કવિજ્ઞાન (D) સામાજિકવિજ્ઞાન

32. કઈ અવસ્થા દરમિયાન વ્યક્તિ ઘરમાં રહેવાનું ઓછું પસંદ કરે છે ?
(A) શિશુ અવસ્થા (B) બાલ્યાવસ્થા
(C) કિશોરાવસ્થા (D) **તારુણ્યાવસ્થા**

33. વ્યક્તિ શારીરિક અને માનસિક પરિપક્વતા કઈ અવસ્થામાં મેળવી લે છે ?
(A) કિશોરાવસ્થા (B) **યુવાવસ્થા**
(C) તારુણ્યાવસ્થા (D) વૃદ્ધાવસ્થા

34. નીચેનામાંથી કઈ ક્રિયા અધ્યયનનું ઉદાહરણ છે ?
(A) પક્ષી સુંદર માળો બનાવે (B) ભૂખ લાગતાં બાળક રડે
(C) **બાળક સાઈકલ ચલાવે**
(D) ત્રણમાંથી એક પણ નહિ

35. પાવલોવનો અભિસંધાનનો પ્રયોગ કયા પ્રાણી પર કરવામાં આવ્યો હતો ?
(A) વાંદરા (B) બિલાડી
(C) **કૂતરા** (D) કબૂતર

36. ઉંદર અને કબૂતર પર અભિસંધાનનો પ્રયોગ કરનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?
(A) **સ્કિનર** (B) પાવલોવ
(C) પેસ્ટોલોજી (D) અન્ય

37. કબૂતર પરના અભિસંધાનના પ્રયોગમાં ખોરાક એ શું છે ?
(A) પ્રતિચાર (B) ભૂખ
(C) ઉદ્દીપક (D) એક પણ નહિ

38. બાળક બોલતાં શીખે તે કયા પ્રકારનું અધ્યયન ગણાય ?
(A) અંતઃસ્ફુરણ (B) **અનુકરણ દ્વારા અધ્યયન**
(C) કારક અભિસંધાન (D) શાસ્ત્રીય અભિસંધાન

39. નીચેનામાંથી શાના અભાવથી અધ્યયન થઈ શકે નહિ ?
(A) વૃદ્ધિ (B) **પરિપક્વતા**
(C) શારીરિક વિકાસ (D) પરિવર્તન

40. આંતરસૂઝ અધ્યયન સાથે કયા વૈજ્ઞાનિક સંકળાયેલા છે ?
(A) પાવલોવ (B) થૉર્નડાઈક
(C) સ્કિનર (D) અન્ય

41. થૉર્નડાઈકે કયા પ્રાણી પર પ્રયોગ કર્યો ?
(A) ઉંદર (B) કૂતરા
(C) બિલાડી (D) વાંદરા

42. ચિમ્પાન્ઝી પર પ્રયોગ કરનાર મનોવૈજ્ઞાનિક કયા છે ?
(A) પાવલોવ (B) સ્કિનર
(C) થૉર્નડાઈક (D) **કોહલર**

43. કોહલરે કયા પ્રાણી પર પ્રયોગ કર્યા ?
(A) **ચિમ્પાન્ઝી** (B) બિલાડી
(C) ઉંદર (D) કબૂતર

44. ગેસ્ટાલ્ટવાદીએ અધ્યયનનું કયું સૂત્ર આપ્યું ?
(A) પ્રતિચાર (B) **સમગ્રતા**
(C) અંશતઃ (D) સર્જનાત્મકતા

45. આંતરસૂઝ દ્વારા થતા અધ્યયનની સફળતા શાના પર આધારિત છે ?
(A) વ્યક્તિને અધ્યયન આનંદજનક લાગે
(B) વ્યક્તિ સ્વઅધ્યયન માટે તત્પર હોય
(C) **વ્યક્તિને સમગ્ર પરિસ્થિતિનું પ્રત્યક્ષીકરણ થાય તો જ**
(D) વ્યક્તિ ક્રિયાનો વારંવાર મહાવરો કરે

46. નીચેનામાંથી અધ્યયનનું કયું પરિબળ અધ્યેતાસંબંધી નથી ?
(A) જ્ઞાનેન્દ્રિયો (B) પરિપક્વતા
(C) અધ્યયનશૈલી (D) બુદ્ધિ

47. ટાઈપ કરનાર કમ્પ્યૂટર પર જલ્દી ટાઈપ કરી શકે એ કયા પ્રકારનું સંક્રમણ છે ?
(A) શૂન્ય (B) નકારાત્મક
(C) **હકારાત્મક** (D) નક્કી થઈ શકે નહિ

48. મોટર ડ્રાઈવિંગ કરનાર સીવવાનો સંચો ચલાવે તે કેવા પ્રકારનું સંક્રમણ છે ?
(A) **શૂન્ય** (B) નકારાત્મક
(C) હકારાત્મક (D) નક્કી થઈ શકે નહિ

49. સંક્રમણના સમાન તત્ત્વ સિદ્ધાંતના પ્રણેતા કોણ છે ?
(A) થૉર્નડાઈક (B) સી. એચ. જડ
(C) પાવલોવ (D) જણાવેલ તમામ

50. ચાર્લ્સ જડ નામના મનોવૈજ્ઞાનિકે કયો સિદ્ધાંત વિકસાવ્યો ?
(A) **માનસિક શિસ્તનો સિદ્ધાંત** (B) સામાન્યીકરણનો સિદ્ધાંત
(C) સમાન તત્ત્વનો સિદ્ધાંત
(D) ઉપર જણાવેલ તમામ

51. સંસ્કૃત વ્યાકરણનું શિક્ષણ ગુજરાતી વ્યાકરણ શીખવામાં ઉપયોગી બને. આ પ્રકારના સંક્રમણમાં કયો સિદ્ધાંત રહેલો છે ?
(A) નકારાત્મક (B) હકારાત્મક
(C) **સમાન તત્ત્વ** (D) શૂન્ય

52. અધ્યયન સંક્રમણ એટલે _____
(A) એક વખત શીખેલી બાબત સમય જતાં ભુલાઈ જવી
(B) એક પ્રકારની શીખવાની પ્રક્રિયા
(C) **એક પરિસ્થિતિમાં શીખેલી બાબત બીજી પરિસ્થિતિમાં પણ લાગુ પડે**
(D) એક પરિસ્થિતિમાં શીખેલી બાબત માત્ર તે જ પરિસ્થિતિમાં લાગુ પડે

53. સી. એચ. જડનો પ્રયોગ કયા નિયમ પર આધારિત છે ?

(A) બાષ્પીભવન (B) વકીભવન

(C) ગતિનો નિયમ (D) જણાવેલ તમામ

54. જરૂરિયાતનો સિદ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકે આપ્યો ?

(A) થોર્નડાઈક **(B) મેસ્લો**

(C) સી. એમ. જડ (D) પાવલોવ

55. મેસ્લોએ આપેલ ઉચ્ચસ્તરીય જરૂરિયાતોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) સૌંદર્યાત્મક જરૂરિયાતો

(B) જ્ઞાનાત્મક જરૂરિયાતો

(C) સ્નેહ કે પ્રેમની જરૂરિયાતો

(D) આત્મસાર્થકતાની જરૂરિયાતો

56. નિમ્નસ્તરીય જરૂરિયાતમાં સૌથી પાયાની જરૂરિયાત કઈ છે ?

(A) શારીરિક જરૂરિયાત (B) પ્રતિષ્ઠાની જરૂરિયાત

(C) સ્નેહ કે પ્રેમની જરૂરિયાત (D) જ્ઞાનાત્મક જરૂરિયાત

57. નીચેનામાંથી કઈ જરૂરિયાતનો સમાવેશ શારીરિક જરૂરિયાતમાં થતો નથી ?

(A) ખનીજ દ્રવ્યો (B) વિટામિન

(C) વ્યાયામ (D) ચરબી

58. "જંગલી પ્રાણી, વંદા વગેરે જીવોથી બીક લાગવી" તે શાનું ઉદાહરણ છે ?

(A) સ્નેહની જરૂરિયાત **(B) સલામતીની જરૂરિયાત**

(C) પ્રતિષ્ઠાની જરૂરિયાત (D) જ્ઞાનાત્મક જરૂરિયાત

59. સાઈકલ પર પાઉડરની ફેરી કરતો 'નિરમા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી' સ્થાપે તે શાનું ઉદાહરણ છે ?

(A) જ્ઞાનાત્મકધારી વ્યક્તિ (B) આત્મસાર્થકતા વ્યક્તિ

(C) સિદ્ધિપ્રેરિત વ્યક્તિ (D) પ્રતિષ્ઠિત વ્યક્તિ

60. નીચેનામાંથી કયું કાર્ય અભિપ્રેરણનું નથી ?

(A) નવી શક્તિના પ્રેરક તરીકે (B) કાર્યના સંચાલક તરીકે

(C) કાર્યના આરંભક તરીકે **(D) કાર્યના પરિણામ તરીકે**

61. પ્રાણી કે મનુષ્યને ચોક્કસ વર્તન કરવા પ્રેરતા પરિબળને મનોવિજ્ઞાનની પરિભાષામાં શું કહેવાય છે ?

(A) પ્રતિચાર **(B) અભિપ્રેરણા**

(C) ઉદ્દીપક (D) અભિસંધાન

62. સિદ્ધિપ્રેરણાનો સિદ્ધાંત કોણે આપ્યો ?

(A) ડૉ. પ્રવણ મહેતા (B) મેસ્લો

(C) મેકલેલૅન્ડ (D) યુંગ

63. મેસ્લોના જરૂરિયાતના સિદ્ધાંત મુજબ નીચેનામાંથી પ્રથમ કક્ષાની જરૂરિયાત કઈ છે ?

(A) શારીરિક (B) માનસિક

(C) આધ્યાત્મિક (D) સાંવેગિક

64. વિદ્યાર્થીને ઇનામ આપવું તે કયા પ્રકારની પ્રેરણા છે ?

(A) કુદરતી (B) હકારાત્મક

(C) કૃત્રિમ કે બાહ્ય (D) સહજવૃત્તિજન્ય

65. નીચેનામાંથી કઈ પદ્ધતિ જૂથ અધ્યયન પદ્ધતિ નથી ?

(A) પેનલ ચર્ચા (B) પ્રોજેક્ટ પદ્ધતિ

(C) સમસ્યા પદ્ધતિ **(D) બધી જૂથ અધ્યયન પદ્ધતિ છે**

66. કયું વર્તન સિદ્ધિપ્રેરિત વ્યક્તિનું છે ?

(A) તેને નિષ્ફળતાનો ભય હોય છે.

(B) ગણતરીપૂર્વક જોખમ લે છે.

(C) સફળતા માટે આંધળુકિયા કરી કૂદી પડે છે.

(D) અન્યની સરખામણીએ ઓછું કાર્ય કરે છે.

67. પ્રતિષ્ઠા, પ્રેમ અને લાગણી કેવા પ્રકારની જરૂરિયાત છે ?

(A) સામાજિક–મનોવૈજ્ઞાનિક (B) ભૌતિક

(C) જૈવિક (D) શારીરિક

68. બુદ્ધિનો દ્વિઅવયવી સિદ્ધાંત આપનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા !

(A) ગેને (B) સ્કિનર

(C) ગિલ્ફર્ડ **(D) સ્પિયરમૅન**

69. બુદ્ધિ માપનના પિતા કોણ છે ?

(A) વેક્સલર **(B) સર આલ્ફ્રેડ બિને**

(C) ગૂડ–ઇનફ (D) ટર્મન

70. બુદ્ધિનું ત્રિપરિમાણીય મૉડેલ કોણે રજૂ કર્યું હતું ?

(A) ગિલ્ફર્ડ (B) સ્કિનર

(C) બિને (D) ગેને

71. નીચેનામાંથી કયો પ્રકાર બુદ્ધિનો નથી ?

(A) મૂર્ત બુદ્ધિ (B) સામાન્ય બુદ્ધિ

(C) અમૂર્ત બુદ્ધિ (D) સામાજિક બુદ્ધિ

72. થર્સ્ટનને બુદ્ધિનો કયો સિદ્ધાંત આપ્યો ?

(A) દ્વિઅવયવી સિદ્ધાંત **(B) બહુઅવયવી સિદ્ધાંત**

(C) સમૂહ અવયવી સિદ્ધાંત (D) સર્વસામાન્ય સિદ્ધાંત

73. સૌ–પ્રથમ સમૂહ બુદ્ધિમાપન કસોટી કોણે તૈયાર કરી હતી ?

(A) ગિલ્ફર્ડ

(B) બિને

(C) અમેરિકન લશ્કરની મનોવૈજ્ઞાનિક શાખાએ

(D) ડૉ. કે. જી. દેસાઈ

74. સામાન્ય બુદ્ધિ ધરાવતી વ્યક્તિનો બુદ્ધિ આંક કેટલો હોય છે ?

(A) 90 થી 110 (B) 110 થી 135

(C) 80 થી 90 (D) 70 થી 80

75. બુદ્ધિનું ત્રિપરિમાણીય મૉડેલ રજૂ કરનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા !

(A) થોર્નડાઈક (B) ટર્મન

(C) ગિલ્ફર્ડ (D) મેરિલ

76. ભાષાના માધ્યમથી રજૂ થનાર બુદ્ધિ કસોટીને શું કહેવાય ?
(A) ક્રિયાત્મક કસોટી (B) શાબ્દિક કસોટી
(C) અશાબ્દિક કસોટી (D) શાબ્દિક–અશાબ્દિક કસોટી

77. બુદ્ધિનો પ્રાથમિક અવયવ સિદ્ધાંત રજૂ કરનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?
(A) થર્સ્ટન (B) સ્કિનર
(C) ટર્મન (D) ગેને

78. વ્યક્તિની અંદર સામાન્ય રીતે બુદ્ધિ કેટલાં વર્ષ સુધી વધ્યા બાદ લગભગ સ્થિર થાય છે ?
(A) 16 (B) 17
(C) 18 (D) 19

79. વ્યક્તિગત બુદ્ધિમાપન કસોટી કયા પ્રકારની છે ?
(A) શાબ્દિક કસોટી (B) ક્રિયાત્મક બુદ્ધિમાપન કસોટી
(C) સમૂહ બુદ્ધિમાપન કસોટી (D) સમૂહ વ્યક્તિગત બુદ્ધિમાપન કસોટી

80. બુદ્ધિના બહુઅવયવી સિદ્ધાંત 'G' (જી) એ શું દર્શાવે છે ?
(A) પાયારૂપ તત્ત્વ (B) વિશિષ્ટશક્તિ
(C) અવલોકનશક્તિ (D) યાંત્રિકશક્તિ

81. એસ. આઈ. મૉડેલ કોણે રજૂ કર્યું હતું ?
(A) બિને (B) ગિલ્ફર્ડ
(C) થર્સ્ટન (D) સ્પિયરમેન

82. ગિલ્ફર્ડના મત અનુસાર બૌદ્ધિક કાર્ય પાયાના ત્રણ મુખ્ય પરિમાણો પૈકી નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) વ્યાપાર (B) ઉત્પત્તિ
(C) વસ્તુ (D) નિષ્પત્તિ

83. બુદ્ધિમાપનના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(A) સ્ટોડાર્ડ (B) સર આલ્ફ્રેડ બિને
(C) ગૂડ–ઈનફ (D) વેક્સલર

84. બુદ્ધિ એ જન્મજાત શક્તિ છે, પ્રસ્તુત વિધાન ______
(A) સાચું છે (B) કયારેક સાચું
(C) ખોટું (D) કયારેક ખોટું

85. સારી બુદ્ધિમાપન કસોટી કોને કહેવાય ?
(A) જેની વિશ્વસનીયતા ઊંચી હોય
(B) જેની યથાર્થતા ઊંચી હોય
(C) જે વધુ પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી હોય
(D) જેની વિશ્વસનીયતા અને યથાર્થતા ઊંચી હોય

86. સાંવેગિક બુદ્ધિની સંકલ્પના કયા મનોવિજ્ઞાનીએ રજૂ કરી ?
(A) ગોલમેન (B) સાયમન
(C) બિને (D) વેક્સલર

87. બિનેની કસોટીનું પ્રથમ રૂપાંતર કોણે બહાર પાડ્યું ?
(A) સાયમન (B) વેક્સલર
(C) ટર્મન (D) ગુડ–ઈનફ

88. WAIS (વેક્સલર એડલ્ટ ઈન્ટેલિજન્સ સ્કેલ) કયા વર્ગની વયની વ્યક્તિઓ માટે તૈયાર કરવામાં આવી ?
(A) 10 થી 60 (B) 16 થી 64
(C) 5 થી 15 (D) અન્ય

89. આર્મી આલ્ફા એ કેવા પ્રકારની કસોટી છે ?
(A) બિનભાષામય (B) ભાષામય
(C) ક્રિયાત્મક (D) પ્રયોગાત્મક

90. નીચેનામાંથી કઈ કસોટી વ્યક્તિગત કસોટી છે ?
(A) ડૉ. એન. વી. બૂચ રચિત શાબ્દિક બુદ્ધિ કસોટી
(B) ડૉ. ગુણવંત શાહ રચિત અશાબ્દિક બુદ્ધિ કસોટી
(C) સ્ટેનફર્ડ બિને કસોટી
(D) ડૉ. એમ. ભાવસાર બિનભાષી બુદ્ધિમાપન કસોટી

91. પ્રતિભાશાળી વ્યક્તિનો બુદ્ધિ આંક કેટલો હોય છે ?
(A) 110 થી 120 (B) 120 થી 140
(C) 140થી વધુ (D) 100 થી વધુ

92. અભિયોગ્યતાનો વિકાસ કયારે શક્ય છે ?
(A) તેનું માપન કરવાથી (B) તાલીમ દ્વારા
(C) પ્રશંસા દ્વારા (D) ઓળખવાથી

93. કેટલના મતાનુસાર વ્યક્તિમાં કેટલાં પ્રકારની વિશિષ્ટ શક્તિઓ જોવા મળે છે ?
(A) 11 (B) 12
(C) 13 (D) 14

94. થર્સ્ટને કેટલી શક્તિઓના માપન માટેની કસોટીઓની રચના કરી હતી ?
(A) 6 (B) 7
(C) 8 (D) 9

95. નીચેનામાંથી કઈ શક્તિનો સમાવેશ થર્સ્ટને બનાવેલ કસોટીમાં નથી થતો ?
(A) સામાજિક બુદ્ધિ (B) સ્મરણશક્તિ
(C) ભૌમિતિકશક્તિ (D) ગણનશક્તિ

96. નીચેનામાંથી કઈ શક્તિનો સમાવેશ કેટલે વ્યક્તિની વિશિષ્ટ શક્તિમાં નથી કર્યો ?
(A) ચિત્રશક્તિ (B) સ્નાયુ સંચાલનશક્તિ
(C) હાસ્યશક્તિ (D) ભૌમિતિકશક્તિ

97. અભિયોગ્યતા માપન કસોટી દ્વારા શાની પરખ કરવામાં આવતી નથી ?

(A) વિશિષ્ટ વ્યવસાય કે ક્ષેત્રમાં સફળ થશે કે કેમ તે નક્કી કરવા

(B) માર્ગદર્શન આપવા

(C) આગળના ધોરણમાં બઢતી આપવા

(D) વિષયોની પસંદગી કરવા

98. DATB નું પૂર્ણ નામ શું છે ?

(A) Differential Aptitude Test

(B) Different Aptitude Test

(C) Designed Aptitude Test

(D) Differential Atitude Test

99. મિકેનિકલ અભિયોગ્યતા કસોટીના કેટલાં પ્રકાર છે ?

(A) 12 **(B) 2**

(C) 3 (D) 13

100. હાથની પકડની મજબૂતાઈ માપવા માટે કઈ કસોટીનો ઉપયોગ થાય છે ?

(A) ચેષ્ટાત્મક કસોટી

(B) હસ્તકૌશલ્ય કસોટી

(C) ચેષ્ટાત્મક અને હસ્તકૌશલ્ય કસોટી

(D) ત્રણમાંથી એક પણ નહિ

101. DATB માં કેટલી પેટા કસોટીનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 8 (B) 18

(C) 13 (D) 6

102. આર્કિટેક્ટ તરીકે સફળ થવા વ્યક્તિમાં કઈ અભિયોગ્યતા હોવી જોઈએ ?

(A) અવકાશીય તર્ક (B) અશાબ્દિક તર્ક

(C) અંકશક્તિ (D) શાબ્દિક તર્ક

103. કારકુની અભિયોગ્યતા કસોટી શાનું માપન કરે છે ?

(A) યાંત્રિક અભિયોગ્યતા

(B) શાબ્દિક તર્ક

(C) શબ્દો અને આંકડાની ઝડપ અને ચોકસાઈ

(D) અવકાશીય તર્ક

104. બહુઅવયવી કસોટીમાળા દ્વારા શાનું માપન કરવામાં આવે છે ?

(A) સિદ્ધિપ્રેરણા

(B) ગણનશક્તિ

(C) એક કરતાં વધારે અભિયોગ્યતા

(D) ચિંતા

105. વ્યાવસાયિક પસંદગી વખતે શાનું માપન કરવાનું અગત્યનું છે ?

(A) વલણ **(B) અભિયોગ્યતા**

(C) બુદ્ધિ (D) સાંવેગિક બુદ્ધિ

106. અભિયોગ્યતા માપતી અને અમેરિકામાં તૈયાર થયેલી કસોટી કઈ છે ?

(A) BAT **(B) DAT**

(C) CAT (D) TAB

107. DATB કોના માટે તૈયાર કરવામાં આવી છે ?

(A) પ્રાથમિક શાળાના બાળકો માટે

(B) માંધ્યમિક શાળાના બાળકો માટે

(C) ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકો માટે

(D) અન્ય

108. GATB નું પૂર્ણ નામ શું છે ?

(A) Giant Aptitude Test Battery

(B) Global Aptitude Test Book

(C) Giant Attitude Test Box

(D) General Aptitude Text Battery

109. મિનેસોટા મિકેનિકલ એસેમ્બલી ટેસ્ટ કયા પ્રકારની છે ?

(A) શાબ્દિક (B) પેપર પેન્સિલ

(C) ક્રિયાત્મક (D) અશાબ્દિક–શાબ્દિક

110. GATB દ્વારા કેટલી અભિયોગ્યતાનું માપન થાય છે ?

(A) 8 (B) 9

(C) 10 (D) 13

111. GATB ના નામે પ્રચલિત કસોટીમાળામાં કેટલી કસોટીઓ છે ?

(A) 9 (B) 11

(C) 12 (D) 13

112. ગુજરાતમાં સંગીત અભિયોગ્યતા કસોટીના રચયિતા કોણ છે ?

(A) શાંતિલાલ ભાવસાર **(B) દુષ્યંત શુક્લ**

(C) અનિલ અંબાસણા (D) પી. કે. ત્રિવેદી

113. વ્યક્તિત્વનો પ્રકારલક્ષી સિદ્ધાંત આપનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?

(A) ફ્રોઈડ (B) એરિકસન

(C) મેકડુગલ **(D) યુંગ**

114. મરે નામના મનોવૈજ્ઞાનિકે વ્યક્તિત્વનો કયો સિદ્ધાંત આપ્યો ?

(A) વિકાસાત્મક સિદ્ધાંત (B) લક્ષણલક્ષી સિદ્ધાંત

(C) સમગ્રતાલક્ષી સિદ્ધાંત (D) પ્રકારલક્ષી સિદ્ધાંત

115. ઓલપોર્ટ નામના મનોવૈજ્ઞાનિકે કયો સિદ્ધાંત આપ્યો ?

(A) પ્રકારલક્ષી સિદ્ધાંત **(B) લક્ષણલક્ષી સિદ્ધાંત**

(C) સમગ્રતાલક્ષી સિદ્ધાંત (D) પ્રકારલક્ષી સિદ્ધાંત

116. એરિક એરિસને વ્યક્તિત્વના સમગ્ર વિકાસને મહત્ત્વ આપી કેટલી અવસ્થા દર્શાવી છે ?

(A) 6 (B) 3

(C) 2 (D) 1

117. એરિક એરિસને વ્યક્તિત્વના સમગ્ર વિકાસને મહત્વ આપી કેટલી અવસ્થા દર્શાવી છે ?

(A) આઠ (B) નવ

(C) તેર (D) પંદર

118. કપિલમુનિએ આપેલા વ્યક્તિત્વના પ્રકારમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) સત્વગુણી (B) રજોગુણી

(C) તમોગુણી (D) રમોગુણી

119. ભારતીય વર્ણવ્યવસ્થા મુજબ વ્યક્તિત્વના કેટલાં પ્રકાર છે ?

(A) ચાર (B) પાંચ

(C) ત્રણ (D) બે

120. 'તબીબી વિદ્યાશાખાના પિતા' તરીકે કોણ જાણીતા છે ?

(A) યુંગ (B) મરે

(C) હિપોક્રિટસ (D) કપિલમુનિ

121. અંતર્મુખી વ્યક્તિત્વ અને બહિર્મુખી વ્યક્તિત્વ જેવા વ્યક્તિત્વના પ્રકાર પાડનાર મનોવૈજ્ઞાનિક કયા છે ?

(A) ક્રેશમર (B) મરે

(C) હિપોક્રીટસ (D) યુંગ

122. શેલ્ડન નામના મનોવૈજ્ઞાનિકે કોને ધ્યાનમાં રાખીને વ્યક્તિત્વના પ્રકાર પાડ્યા ?

(A) માનવશરીરના સ્તરના આધારે

(B) શારીરિક બાંધાના આધારે

(C) તાસીરના આધારે

(D) અન્ય

123. આયુર્વેદની દૃષ્ટિએ વ્યક્તિત્વના કેટલાં પ્રકાર પડે છે ?

(A) પાંચ (B) ચાર

(C) ત્રણ (D) બે

124. સેગરના મત અનુસાર વ્યક્તિત્વના કેટલાં પ્રકાર છે ?

(A) છ (B) ત્રણ

(C) ચાર (D) બે

125. વૈજ્ઞાનિકો અને તત્ત્વજ્ઞાનીઓ કેવા પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતા હોય છે ?

(A) આર્થિક (B) સૈદ્ધાંતિક

(C) સામાજિક (D) રાજકીય

126. ભારતીય વર્ણવ્યવસ્થા અનુસાર વ્યક્તિત્વના કેટલાં પ્રકાર પડે છે ?

(A) ત્રણ (B) ચાર

(C) પાંચ (D) છ

127. ભગવદ્ ગીતામાં વ્યક્તિત્વના કયા ગુણોની ચર્ચા થઈ છે ?

(A) વાત, પિત, કફ

(B) મળ, મૂત્ર, પરસેવો

(C) રસ, લોહી, ધાતુ

(D) રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ

128. સ્વકેન્દ્રી લક્ષણ કેવા પ્રકારના વ્યક્તિત્વનું છે ?

(A) અંતર્મુખી (B) બહિર્મુખી

(C) ક્રોધી (D) આશાવાદી

129. 'આત્મકથા' વ્યક્તિત્વ માપન માટેની કયા પ્રકારની પદ્ધતિ છે ?

(A) પ્રક્ષેપણ (B) વ્યક્તિલક્ષી

(C) વસ્તુનિષ્ઠ (D) મનોવિશ્લેષણ

130. નીચેનામાંથી પ્રક્ષેપણ પ્રયુક્તિમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) T.A.T. (B) વાક્યપૂર્તિ કસોટી

(C) આત્મકથા (D) મુક્ત સાહચર્ય કસોટી

131. T.A.T. એ કયા પ્રકારની વ્યક્તિત્વ માપન કસોટી છે ?

(A) વસ્તુનિષ્ઠ કસોટી (B) ક્રમમાપદંડ

(C) વ્યક્તિનિષ્ઠ પ્રકારની (D) પ્રક્ષેપણ પ્રકારની

132. નીચેનામાંથી કયું લક્ષણ બહિર્મુખી વ્યક્તિત્વનું છે ?

(A) નેતૃત્વ (B) શરમાળ

(C) ઓછાબોલું (D) સ્વકેન્દ્રી

133. બાળકો માટેની વ્યક્તિત્વ માપન કસોટી કઈ છે ?

(A) TAC (B) CAT

(C) DAT (D) TAT

134. શાહીના ડાઘાની કસોટીના રચયિતા કોણ હતા ?

(A) યુંગ (B) કેટલ

(C) હર્મન રોર્શાક (D) બારઓન

135. 16 PF કસોટીના પ્રણેતા કોણ હતા ?

(A) બર્નરુટર (B) રોર્શાક

(C) ઓલપોર્ટ (D) રેમન્ડ કેટલ

136. અધૂરાં વાક્યોની પૂર્તિ એ વ્યક્તિત્વ માપનની કયા પ્રકારની પદ્ધતિ છે ?

(A) પ્રક્ષેપણ (B) વસ્તુનિષ્ઠ

(C) ક્રમમાપદંડ (D) વ્યક્તિનિષ્ઠ

137. C.A.T. નું પૂર્ણ નામ શું છે ?

(A) ચિલ્ડ્રન એપરસેપ્શન ટેસ્ટ (B) ચિલ્ડ્રન એટિટ્યુડ ટેસ્ટ

(C) ચિલ્ડ્રન એટિટ્યુડ ટેસ્ટ (D) ત્રણમાંથી એક પણ નહિ

138. શબ્દ સાહચર્ય કસોટીની રચના કરનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?

(A) કેટલ (B) મરે

(C) યુંગ (D) હિપોક્રિટસ

139. હેનરી મરે નામના મનોવૈજ્ઞાનિકે કઈ કસોટીની રચના કરી ?

(A) CAT (B) TAT

(C) વાક્યપૂર્તિ કસોટી (D) ATA

140. વ્યક્તિગત તફાવતોના મુખ્ય કેટલાં પ્રકાર છે ?

(A) તેર (B) ત્રણ

(C) બે (D) ચાર

141. કોઈ બે કે વધુ વ્યક્તિ બુદ્ધિની બાબતમાં એકબીજાથી જુદી હોય તે કેવી ભિન્નતા દર્શાવે છે ?

(A) આંતરિક ભિન્નતા (B) વૈયક્તિક ભિન્નતા

(C) આંતરવૈયક્તિક ભિન્નતા (D) વૈયક્તિક બાહ્ય ભિન્નતા

142. કોઈ વ્યક્તિની બુદ્ધિકક્ષા ઊંચી પણ યાંત્રિકશક્તિ નીચી હોય તે કેવી ભિન્નતા છે ?

(A) આંતરવૈયક્તિ ભિન્નતા (B) વૈયક્તિક આંતરિક ભિન્નતા

(C) આંતર–આંતરિક ભિન્નંતા (D) અન્ય

143. નીચેનામાંથી કયું પરિબળ વ્યક્તિગત ભિન્નતાનું છે ?

(A) વય (B) વર્ગભેદ

(C) જાતિભેદ (D) બધાં જ

144. પુરુષ અને સ્ત્રીમાં જોવા મળતી શારીરિક ભિન્નતા હકીકતમાં શું દર્શાવે છે ?

(A) જાતીય–વ્યક્તિગત ભિન્નતા

(B) સાંસ્કૃતિક વ્યક્તિગત ભિન્નતા

(C) આધ્યાત્મિક વ્યક્તિગત ભિન્નતાઓ

(D) પ્રાદેશિક વ્યક્તિગત ભિન્નતાઓ

145. વ્યક્તિગત તફાવતો સંતોષવા શિક્ષણમાં શું જોગવાઈ કરી શકાય ?

(A) સામાન્ય પ્રકારનું અધ્યાપન

(B) પરીક્ષાલક્ષી કાર્ય

(C) અધ્યેતા-કેન્દ્રી અધ્યયન

(D) સમૂહ પ્રવૃત્તિઓ

146. વ્યક્તિગત તફાવતો પાછળનું મહત્ત્વનું જવાબદાર પરિબળ કયું છે ?

(A) શિક્ષણ (B) સંસ્કાર

(C) વંશાનુક્રમ (D) ઉંમર

147. ભારતીય અને ચીની લોકો વચ્ચે તેમની રહેણીકરણી, ખોરાક, પોશાકમાં જોવા મળથી ભિન્નતા કેવા પ્રકારની છે ?

(A) શારીરિક ભિન્નતા (B) સાંસ્કૃતિક ભિન્નતા

(C) વ્યક્તિત્વની ભિન્નતા (D) માનસિક ભિન્નતા

148. વિશ્વની કોઈ પણ બે વ્યક્તિઓ સમાન નથી. આ વિધાન શું સૂચવે છે ?

(A) વિવિધતામાં એકતા (B) વૈશ્વિક ભિન્નતાઓ

(C) એકતામાં વિવિધતા (D) વ્યક્તિગત તફાવતો

149. બે વ્યક્તિઓમાં રહેલ માનસિક ભિન્નતાનું માપન કઈ રીતે થઈ શકે ?

(A) બુદ્ધિમાપન કસોટી દ્વારા (B) મુલાકાત પદ્ધતિ દ્વારા

(C) અવલોકન દ્વારા (D) અભિપ્રાય દ્વારા

150. અપવાદરૂપ બાળકો એટલે...

(A) માત્ર બહેરાં–મૂંગા બાળકો

(B) માત્ર શારીરિક ખોડખાંપણ ધરાવનારા

(C) જેનામાં શારીરિક, માનસિક કે સામાજિક વિકાસ સામાન્ય બાળકો કરતાં ભિન્ન હોય તેવાં બાળકો

(D) માત્ર દૃષ્ટિ ન ધરાવતાં બાળકો

151. 140 કે તેનાથી વધુ બુદ્ધિ આંક ધરાવતા બાળકોનો સમાવેશ શામાં કરી શકાય ?

(A) અભ્યાસ મંદ (B) તેજસ્વી

(C) અતિસામાન્ય (D) સામાન્ય

152. બ્રેઈલ લિપિનો ઉપયોગ કેવા પ્રકારના બાળકો માટે થાય છે ?

(A) શારીરિક ખોડ–ખાંપણવાળા

(B) માત્ર દૃષ્ટિવિહીન કે આંશિક દૃષ્ટિ ધરાવતા બાળકો

(C) પ્રતિભાશાળી બાળકો માટે

(D) મૂક–બધિર બાળકો માટે

153. વર્ગના તેજસ્વી બાળકોને શિક્ષકે કયા પ્રકારનું કાર્ય આપવું જોઈએ ?

(A) અતિ સામાન્ય કાર્ય (B) સામાન્ય કાર્ય

(C) પડકારરૂપ કાર્ય (D) અતિ કઠિન કાર્ય

154. જે બાળકોની ગ્રહણશક્તિ ખૂબ ઓછી હોય છે તેવા બાળકો કઈ કક્ષામાં આવે છે ?

(A) મૂઢ–મૂર્ખ (B) મહામૂર્ખ

(C) નિમ્નબુદ્ધિ (D) ઠોઠ

155. કોઈ બાળક પોતાની જાતને નુકસાન પહોંચાડે છે તો તેનો સમાવેશ કેવા પ્રકારના બાળકોમાં કરવામાં આવે છે ?

(A) ગુસ્સો કરનાર બાળક (B) મંદબુદ્ધિ

(C) ગુનેગાર (D) ત્રણમાંથી એક પણ નહિ

156. એક વિદ્યાર્થી વર્ગખંડમાં અન્ય વિદ્યાર્થીની બેગમાંથી પેન્સિલ ચોરે છે તો આવા બાળકો કેવા પ્રકારના છે ?

(A) પ્રતિભાશાળી

(B) બાળ–ગુનેગાર

(C) સામાજિક અને સમસ્યારૂપ બાળકો

(D) એક પણ નહિ

157. જડ કે મૂર્ખ બાળકોની માનસિક વય કેટલાં વર્ષ સુધીની હોય છે ?

(A) 4 થી 12 વર્ષ (B) 13 થી 17 વર્ષ

(C) 3 થી 7.5 વર્ષ (D) 18 વર્ષથી વધુ

158. મંદબુદ્ધિવાળા બાળકોની માનસિક આયુ કેટલાં વર્ષ સુધીની હોય છે ?

(A) 7 થી 12 વર્ષ (B) 5 થી 8 વર્ષ

(C) 18 વર્ષથી વધુ (D) એક પણ નહિ

159. માનસિક રીતે અપંગ બાળકોનો બુદ્ધિ આંક કેટલો હોય છે ?

(A) 50 થી 55 વચ્ચે (B) 70 થી 90 વચ્ચે

(C) 50 થી 70 વચ્ચે (D) 110 થી ઉપર

160. પ્રતિભાશાળી બાળકોને કેટલી રીતે પારખી શકાય ?

(A) ટેવ (B) ત્રણ

(C) પાંચ (D) અન્ય

161. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) પ્રત્યેક સર્જનશીલ બાળક પ્રતિભાશાળી હોય છે

(B) પ્રત્યેક પ્રતિભાશાળી બાળક સર્જનશીલ હોતું નથી

(C) પ્રત્યેક પ્રતિભાશાળી બાળકમાં મૌલિકતા તથા સાહસનો ગુણ જોવા મળતો નથી

(D) બધાં વિધાન સાચાં છે

162. સજીવ માટે અનુકૂલન સાધવું શા માટે જરૂરી છે ?

(A) પોતાનો વિકાસ સાધી શકાય તે માટે

(B) જરૂરિયાત અને પરિસ્થિતિ વચ્ચે મેળ સાધવા માટે

(C) પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે

(D) ઉપરની ત્રણેય બાબતો માટે

163. વ્યક્તિ અનુકૂલન ન સાધી શકે તો શાનો અનુભવ કરે છે ?

(A) સંતોષ (B) તણાવ

(C) આનંદ (D) સમતુલન

164. બાળકના વારંવાર જૂઠું બોલવા પાછળ કયું કારણ જવાબદાર હોય છે ?

(A) અહમ્ કેન્દ્રીપણું

(B) ખરાબ મિત્રોની સોબત

(C) આત્મવિશ્વાસનો અભાવ

(D) માતા–પિતાનો પ્રેમનો અભાવ

165. રમેશનો શારીરિક બાંધો નબળો છે જેથી તે રમત–ગમતની સ્પર્ધાઓમાં નિષ્ફળ જતાં હતાશા અનુભવે છે. આ કયા પ્રકારનું વૈફલ્ય છે ?

(A) અસામાન્ય વૈફલ્ય (B) આંતરિક વૈફલ્ય

(C) બાહ્ય વૈફલ્ય (D) સામાન્ય વૈફલ્ય

166. "પોતાને જે પ્રાપ્ત ન થાય એ પોતાને જોઈતું જ ન હતું" તે કેવા પ્રકારની બચાવપ્રયુક્તિનું ઉદાહરણ છે ?

(A) ક્ષતિપૂર્તિ (B) આક્રમકતા

(C) તાદાત્મ્ય (D) યૌક્તિકીકરણ

167. નીચેનામાંથી કયું ઉદાહરણ ક્ષતિપૂર્તિ બચાવપ્રયુક્તિનું નથી ?

(A) અભ્યાસમાં સામાન્ય વિદ્યાર્થી ક્રિકેટ ટીમનો કેપ્ટન બની વિજય પ્રાપ્ત કરે છે.

(B) બહેરા એડિસને ગ્રામોફોનની શોધ કરી.

(C) અંધ વ્યક્તિએ ભારતીય દર્શનોના વિશિષ્ટ ભાષ્યો કર્યા.

(D) મિનિસ્ટર મારા સગા છે.

168. સ્તુતિ વર્ગખંડમાં અન્ય વિદ્યાર્થીઓ સામે દાદાગીરીભર્યું વર્તન કરે છે. તેનું કારણ શું હોઈ શકે ?

(A) વધારે અહમ્ કેન્દ્રીપણું

(B) ડરપોકપણું

(C) આત્મવિશ્વાસનો અભાવ (D) પ્રેમનો અભાવ

169. મમ્મી તરફથી ઠપકો મળતા રામ હાથમાં રહેલ પેન ફેંકે છે. આ કઈ બચાવપ્રયુક્તિ છે ?

(A) સ્થાનાંતર (B) આક્રમકતા

(C) ઊર્ધ્વીકરણ (D) તાદાત્મ્ય

170. શું ન સંતોષાય તો વ્યક્તિ અનુકૂલન સાધી શકે નહિ ?

(A) માગણીઓ (B) જરૂરિયાતો

(C) શોખ (D) આગ્રહો

171. રમેશ પોતાની જાતને ફિલ્મ એકટર સમજે છે તો આ કયા પ્રકારની બચાવપ્રયુક્તિ છે ?

(A) સ્થાનાંતર (B) આક્રમકતા

(C) પ્રક્ષેપણ (D) તાદાત્મ્ય

172. પિતાજી તરફથી ઠપકો મળતા સચિન પિતાજી પર ગુસ્સે થઈ જાય છે. આ કઈ બચાવપ્રયુક્તિ છે ?

(A) દિવાસ્વપ્ન (B) આક્રમકતા

(C) ક્ષતિપૂર્તિ (D) પ્રક્ષેપણ

173. અભ્યાસમાં નબળો વિદ્યાર્થી બોર્ડમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરે છે તેવો કાલ્પનિક આનંદ મેળવે છે. આ કઈ બચાવપ્રયુક્તિ છે ?

(A) ક્ષતિપૂર્તિ (B) ઊર્ધ્વીકરણ

(C) દિવાસ્વપ્ન (D) પ્રક્ષેપણ

174. પ્રેમમાં નિષ્ફળ વ્યક્તિ સારો કવિ બની જાય તે કઈ બચાવપ્રયુક્તિ છે ?

(A) ઊર્ધ્વીકરણ (B) ક્ષતિપૂર્તિ

(C) દિવાસ્વપ્ન (D) પ્રક્ષેપણ

175. વરસાદના કારણે પિકચર જોવા ન જઈ શકનાર રાધા હતાશ થઈ જાય છે. આ કયા પ્રકારનું વૈફલ્ય છે ?

(A) આંતરિક વૈફલ્ય (B) અસામાન્ય વૈફલ્ય

(C) સામાન્ય વૈફલ્ય (D) બાહ્ય વૈફલ્ય

176. કર્ટ લેવિનના મત અનુસાર સંઘર્ષના કેટલાં પ્રકાર છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

177. નીચેનામાંથી કયા સંઘર્ષનો સમાવેશ કર્ટ લેવિને આપેલા સંઘર્ષમાં થતો નથી ?

(A) અભિગમન – અભિગમન સંઘર્ષ
(B) વિગમન – વિગમન સંઘર્ષ
(C) વિગમન – અભિગમન સંઘર્ષ
(D) અભિગમન–વિગમન સંઘર્ષ

178. જ્યારે વ્યક્તિને એકસરખા બે ધ્યેયોનુ આકર્ષણ થાય ત્યારે તે કેવા સંઘર્ષનો ભોગ બને છે ?

(A) અભિગમન–અભિગમન સંઘર્ષ
(B) બમણા અભિગમન–વિગમન સંઘર્ષ
(C) વિગમન–વિગમન સંઘર્ષ
(D) અભિગમન–વિગમન સંઘર્ષ

179. નીચેનામાંથી કયું ઉદાહરણ વિગમન–વિગમન સંઘર્ષનું છે ?

(A) સ્વીકારનું પણ દુઃખ અને અસ્વીકારનું પણ દુઃખ
(B) બે વિકલ્પોમાંથી એકની જ પસંદગી
(C) એક કાર્ય ગમે છે, પરંતુ તે કાર્ય કરવામાં ભય લાગે
(D) બે ધ્યેયોનું આકર્ષણ

180. પુખ્ત વયની વ્યક્તિ જ્યારે નાના બાળક જેવું વર્તન કરે ત્યારે તે કેવા પ્રકારની બચાવપ્રયુક્તિ છે ?

(A) નકારાત્મક
(B) હકારાત્મક
(C) પરાગતિ
(D) સ્થિરીકરણ

181. પરિસ્થિતિનો સામનો કરવાને બદલે પરિસ્થિતિથી બચવા પલાયનવાદનો ભોગ બને એ કઈ બચાવપ્રયુક્તિનું ઉદાહરણ છે ?

(A) શારીરિક દર્દ
(B) અલિપ્તતા
(C) પરાગતિ
(D) નકારાત્મકતા

182. "બાળક રિસાઈને અંગૂઠો ચૂસે" તે કઈ બચાવપ્રયુક્તિનું ઉદાહરણ છે ?

(A) નકારાત્મક
(B) અલિપ્તતા
(C) સ્થાનાંતર
(D) પ્રતિક્રિયા

183. હતાશાના મુખ્ય કેટલાં પ્રકાર છે ?

(A) ત્રણ
(B) બે
(C) એક
(D) ચાર

184. પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ પેટમાં ચૂંક આવે તે કઈ બચાવ પ્રયુક્તિનું ઉદાહરણ છે ?

(A) પરાગતિ
(B) અલિપ્તતા
(C) શારીરિક દર્દ
(D) સ્થાનાંતર

185. વ્યક્તિ પોતાના વિકાસક્રમને અનુરૂપ વર્તન કરવાને બદલે જૂની પુરાણી રીતભાત સ્વીકારે છે તે કઈ બચાવપ્રયુક્તિનું ઉદાહરણ છે ?

(A) હકારાત્મક
(B) નકારાત્મક
(C) પરાગતિ
(D) ત્રણમાંથી એક પણ નહિ

186. માનસિક રીતે સ્વસ્થ શિક્ષક નીચેનામાંથી કયું લક્ષણ ધરાવતો નથી ?

(A) આનંદી સ્વભાવ
(B) સંવેદનશીલ
(C) હકારાત્મક વલણ
(D) સંતોષનો અભાવ

187. નીચેનામાંથી કયા પરિબળો માનસિક સ્વાસ્થ્ય પર અસર કરે છે ?

(A) વ્યાવસાયિક દબાણો
(B) કામનું અતિ વધારે ભારણ
(C) શિક્ષકની આર્થિક સ્થિતિ
(D) બધાં જ

188. શિક્ષકનું માનસિક સ્વાસ્થ્ય સુધારવા કયો ઉપાય યોગ્ય નથી ?

(A) કાર્યમાં સ્વતંત્રતા
(B) પગારધોરણો સુધારવા
(C) અઠ્ઠાવન વર્ષની વયે નિવૃત્તિ
(D) નોકરીની શરતોમાં સુધારા

189. માનસિક સ્વાસ્થ્યનું લક્ષણ નીચેનામાંથી કયું નથી ?

(A) પોતાને કે અન્યને ન સમજવા
(B) હતાશા–ચિંતા
(C) નકારાત્મક વિચારો
(D) બધાં જ છે

190. માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિમાં કયું લક્ષણ ન હોવું જોઈએ ?

(A) સુખી જીવન
(B) આનંદીપણું
(C) સુસંગત જીવન
(D) નકારાત્મક દષ્ટિકોણ

191. માનસિક રીતે અસ્વસ્થ શિક્ષકના લક્ષણો કયા છે ?

(A) તંદુરસ્ત
(B) જીવંત
(C) હકારાત્મક વલણ
(D) ચીડિયો સ્વભાવ

192. કયા લક્ષણોની ગેરહાજરી માનસિક સ્વાસ્થ્યને અસ્વસ્થ બનાવે છે ?

(A) ધાર્મિકતા
(B) અંતર્મુખીપણું
(C) લાગણીશીલતા
(D) હતાશા

193. શિક્ષકના માનસિક બિનસ્વાસ્થ્ય પાછળ કયું પરિબળ આધારભૂત હોઈ શકે ?

(A) કાર્ય પ્રત્યે સદૈવ નિષ્ઠા
(B) ઓછી આવક
(C) વ્યવસાયની સમાજ દ્વારા ટીકા
(D) નકારાત્મક વલણ

194. "વર્ગમાં નોટ કે ચોપડી વડે પવન ખાવો" તે કયા પ્રકારની જરૂરિયાત છે ?

(A) સ્વાયત્તતાની જરૂરિયાત
(B) શારીરિક જરૂરિયાત
(C) સંબંધની જરૂરિયાત
(D) સિદ્ધિની જરૂરિયાત

195. નીચેનામાંથી કદર–મોભાની જરૂરિયાતનું કયું ઉદાહરણ છે ?

(A) દુઃખી રહેવું
(B) દિવાસ્વપ્નોમાં રાચવું
(C) દાદાગીરી કરવી
(D) હડતાળ પાડવી

196. "પરીક્ષામાં ચોરી કરવી" તે કઈ જરૂરિયાતનું ઉદાહરણ છે ?
(A) સલામતીની જરૂરિયાત (B) સ્વાયત્તતાની જરૂરિયાત
(C) સ્નેહની જરૂરિયાત (D) શારીરિક જરૂરિયાત

197. જૂઠું બોલવા પાછળ કયા કારણ જવાબદાર હોઈ શકે ?
(A) ખરાબ મિત્રોનો સંગ
(B) જાહેરમાં નીચા દેખાવાની બીક
(C) આત્મસન્માન જાળવી રાખવાની વૃત્તિ
(D) ઉપરોક્ત બધાં જ કારણો

198. વર્ગમાંથી કંપાસ, પેન, પુસ્તક કે નાસ્તો ચોરવાની ટેવ પાછળ કયું કારણ જવાબદાર હોઈ શકે ?
(A) લઘુતાગ્રંથિ
(B) ઘરનું વાતાવરણ યોગ્ય ન હોવું
(C) આર્થિક પરિસ્થિતિ
(D) ઉપરોક્ત બધાં જ કારણો

199. સલાહના મુખ્ય કેટલાં પ્રકાર છે ?
(A) બે (B) ત્રણ
(C) ચાર (D) પાંચ

200. નીચેનામાંથી કઈ મર્યાદા બિનદિશાસૂચક સપ્તાહની નથી ?
(A) ધીમી અને ખર્ચાળ છે (B) વિદ્યાર્થીઓની વધુ સંખ્યા
(C) મૂંઝવણ દૂર ન પણ થાય **(D) નિર્ણયશક્તિમાં ઘટાડો થાય**

201. મધ્યમમાર્ગી સપ્તાહના પ્રણેતા કોણ છે ?
(A) રૂથ સ્ટ્રોંગ **(B) એફ. સી. થોર્ન**
(C) ઈ. જી. વિલિયમસન (D) માયર્સ

202. વિદ્યાર્થીની સમસ્યાનો કાયમી ઉકેલ કયા પ્રકારની સલાહમાં મળી શકે છે ?
(A) બિનદિશાસૂચક (B) દિશાસૂચક
(C) મધ્યમમાર્ગી (D) એક પણ નહિ

203. વ્યવસાયની પસંદગીમાં કઈ બાબત મહત્ત્વની નથી ?
(A) માનસિકક્ષમતા (B) અભિયોગ્યતા
(C) માતા-પિતાની પસંદગી (D) અભિરુચિ

204. શૈક્ષણિક માર્ગદર્શનમાં કોનો સમાવેશ થતો નથી ?
(A) વિષયોની પસંદગી (B) વ્યવસાયની પસંદગી
(C) જાતીય શિક્ષણ (D) વિદ્યાશાખાની પસંદગી

205. માર્ગદર્શન શું નથી ?
(A) અનુકૂલનમાં સહાય
(B) આંતરિક શક્તિઓની ઓળખ
(C) પસંદગીમાં મદદ
(D) વણમાગી સલાહ

206. શાળા–માર્ગદર્શનની કેટલી પદ્ધતિઓ છે ?
(A) બે (B) ત્રણ
(C) ચાર (D) અચોક્કસ

207. શિક્ષકો અસરકારક માર્ગદર્શન આપી શકે તે માટેના ટૂંકા ગાળાના સર્ટિફિકેટ કોર્સનું નામ શું છે ?
(A) માર્ગદર્શન તાલીમ (B) સલાહ તાલીમ
(C) સલાહ–માર્ગદર્શન તાલીમ **(D) કેરિયર માસ્ટર તાલીમ**

208. કારકિર્દી માહિતી કેન્દ્રમાં કયા પ્રકારની માહિતી ન હોવી જોઈએ ?
(A) ખૂબ જૂની માહિતી
(B) અદ્યતન માહિતી
(C) વ્યવસાયોના પ્રકાર અંગેની માહિતી
(D) ઉચ્ચ અભ્યાસના ક્ષેત્રોની માહિતી

209. કારકિર્દી પરિષદમાં કયા પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે ?
(A) માત્ર વિદ્યાર્થીઓને માર્ગદર્શન
(B) માત્ર વાલીઓને માર્ગદર્શન
(C) વ્યક્તિગત માર્ગદર્શન **(D) સમૂહ માર્ગદર્શન**

210. દિશાસૂચક સલાહના પ્રણેતા કોણ છે ?
(A) ઈ. જી. વિલિયમસન (B) માયર્સ
(C) રૂથ સ્ટ્રોંગ (D) કાર્લ રોજર્સ

211. બિનદિશાસૂચક સલાહના પ્રણેતા કોણ છે ?
(A) માયર્સ (B) રૂથ સ્ટ્રોંગ
(C) સી. આર. રોયર્સ (D) એફ. સી. થોર્ન

212. દિશાસૂચક સલાહમાં કેન્દ્રસ્થાને કોણ હોય છે ?
(A) વાતાવરણ (B) વારસો
(C) સમસ્યા **(D) સલાહકાર**

213. બિન-દિશાસૂચક સલાહમાં કેન્દ્રસ્થાને કોણ હોય છે ?
(A) વિદ્યાર્થી (B) વાલી
(C) શિક્ષક (D) સમસ્યા

214. માર્ગદર્શનના મુખ્ય પ્રકારો કેટલાં છે ?
(A) બે (B) ત્રણ
(C) ચાર (D) પાંચ

215. નીચેનામાંથી કયો પ્રકાર માર્ગદર્શનનો છે ?
17. રહેમ, ઊંટ, વગડો, ઝવેરાત, પાંદડું
-- ઊંટ, ઝવેરાત, પાંદડું, રહેમ, વગડો

18. ઊંટ, ફકીર, ઉપર, હુકમ
-- ઉપર, ઊંટ, ફકીર, હુકમ

19. વૃક્ષ, ધ્યાન, ઓમકાર, ઋષિ, સંકલ્પ
-- ઓમકાર, ઋષિ, ધ્યાન, વૃક્ષ, સંકલ્પ

20. વાદળી, ઈચ્છા, ઘટાદાર, ઓડકાર
-- ઈચ્છા, ઓડકાર, ઘટાદાર, વાદળી

21. દંડો, સૈનિક, આઝાદી, કોટ
-- આઝાદી, કોટ, દંડો, સૈનિક

22. શિકાર, સિંહ, શિયાળો, સૂર્ય, સાબદું
-- શિકાર, શિયાળો, સાબદું, સિંહ, સૂર્ય

23. નવેમ્બર, શિકાર, માંચડો, ઉપકાર
-- ઉપકાર, નવેમ્બર, માંચડો, શિકાર

24. પાદર, ડાળ, ઈશારો, નદી
-- ઈશારો, ડાળ, નદી, પાદર

25. ગવાર, સુશીલ, ઉમળકો, મક્કમ
-- ઉમળકો, ગવાર, મક્કમ, સુશીલ

26. ઝાડ, ધરતી, ધાવણ, અબોલ
-- અબોલ, ઝાડ, ધરતી, ધાવણ

27. પર્વત, વૃક્ષો, સોગાદ, સિંહ, ત્રાડ
-- ત્રાડ, પર્વત, વૃક્ષો, સિંહ, સોગાદ

28. મોચી, પૈસા, મહારાજ, ખુશ, પર્યાવરણ, ઇચ્છા
-- ઇચ્છા, ખુશ, પરચૂરણ, પૈસા, મહારાજ, મોચી
29. સૂરજ, સુંદર, સરિતા, સરોવર, શાંત
-- શાંત, સરિતા, સરોવર, સુંદર, સૂરજ
30. ટેવ, ઇન્દ્રિય, શરદી, ઉધરસ, ભૂલ
-- ઇન્દ્રિય, ઉધરસ, ટેવ, ભૂલ, શરદી
31. ખબર, દિવસ, અવાજ, સદ્‌ગૃહસ્થ, તબિયત, શરદી, પુત્ર, મહેરબાન
-- અવાજ, ખબર, તબિયત, દિવસ, પુત્ર, મહેરબાન, શરદી, સદગૃહસ્થ
32. રાસલીલા, મુખડું, આભ, રાધાગોરી, રઢિયાળો રાસ
-- આભ, મુખડું, રઢિયાળો, રાધાગોરી, રાસ, રાસલીલા
33. ત્રાડ, ત્રીજું, ત્રેવડ, ત્રાંસુ, ત્રિકોણ
-- ત્રાડ, ત્રાંસું, ત્રિકોણ, ત્રીજું, ત્રેવડ
34. પંથ, પોશાક, પાઘડી, પતરું, પ્રીત
-- પતરું, પંથ, પાઘડી, પોશાક, પ્રીત
35. ગેરહાજરી, પતન, સાંજ, કોરું
-- કોરું, ગેરહાજરી, પતન, સાંજ
36. સુરવાલ, આંબો, મોજડી, હિંડોળો, બાજુબંધ, રૂપું
-- આંબો, બાજુબંધ, મોજડી, રૂપું, સુરવાલ, હિંડોળો
37. સહેજ, સ્નાયુ, સ્પર્ધા, સક્રિય, સત્તા
-- સક્રિય, સત્તા, સહેજ, સ્નાયુ, સ્પર્ધા
38. ગ્રંથ, જ્ઞાતિ, ગરીબ, ગૌરવ, ઘઉંવર્ણું
-- ગરીબ, ગૌરવ, ગ્રંથ, ઘઉંવર્ણું, જ્ઞાતિ
39. ગૌરવ, અભિનંદન, અડીખમ, અંબા, કૃષ્ણ
-- અડીખમ, અભિનંદન, અંબા, કૃષ્ણ, ગૌરવ
40. પંકજ, પ્રામાણિક, પાંચ, પકડવું, પરગજુ
-- પકડવું, પરગજુ, પંકજ, પાંચ, પ્રામાણિક
41. ભાત, ભેટ, ભગવાન, ભિક્ષુ, ભઠ્ઠી
-- ભગવાન, ભઠ્ઠી, ભાત, ભિક્ષુ, ભેટ
42. વ્યાસ, સંતાન, નીરોગી, નિર્ધન, વાલ્મીકિ
-- નિર્ધન, નીરોગી, વાલ્મીકિ, વ્યાસ, સંતાન
43. માણસ, મંદિર, મૂલ્યાંકન, મંજૂરી
-- મંજૂરી, મંદિર, માણસ, મૂલ્યાંકન
44. પ્રવૃત્તિ, પ્રયત્ન, પ્રતિજ્ઞા, પ્રથમ
-- પ્રતિજ્ઞા, પ્રથમ, પ્રયત્ન, પ્રવૃત્તિ
45. યંત્ર, કર્તવ્ય, જીવનમંત્ર, કિનારો, પ્રસંગ, દુષ્કાળ, આરોગ્ય, મૂર્તિ, સ્વમૂલ્યાંકન
-- આરોગ્ય, કર્તવ્ય, કિનારો, જીવનમંત્ર, દુષ્કાળ, પ્રસંગ, મૂર્તિ, યંત્ર, સ્વમૂલ્યાંકન
46. મેહુલિયો, મોસમ, મહેનત, મીઠું, મોલ, મલક
-- મલક, મહેનત, મીઠું, મેહુલિયો, મોલ, મોસમ
47. ખોરડું, હટાણું, ઉધાર, રાંઢવું, ઉજ્જડ
-- ઉજ્જડ, ઉધાર, ખોરડું, રાંઢવું, હટાણું
48. પગલું, અંતર, કાંટો, શિસ્ત, શાંતિ, પાઠ
-- અંતર, કાંટો, પગલું, પાઠ, શાંતિ, શિસ્ત
49. ઝરૂખો, ચોગાન, વિચાર, ઓશડ, થાળ, મૈયત
-- ઓસડ, ચોગાન, ઝરૂખો, થાળ, મૈયત, વિચાર
50. વાસીદું, વિસામો, વડ, વગડો, વીંઝવું
-- વગડો, વડ, વાસીદું, વિસામો, વીંઝવું
51. સોનેરી, સાગર, સ્લેટ, શોભા, સરકસ
-- શોભા, સરકસ, સાગર, સોનેરી, સ્લેટ
52. સ્વગત, સનાતન, શિષ્ય, શાંતિ, સારું
-- શાંતિ, શિષ્ય, સનાતન, સારું, સ્વગત
53. મેરુ, ચાપ, ભૂષણ, અભિમાન, નિશિચર
-- અભિમાન, ચાપ, નિશિચર, ભૂષણ, મેરુ
54. ઉર, સ્થળ, પ્રવાસી, સૂર્યાસ્ત, મુગ્ધ
-- ઉર, પ્રવાસી, મુગ્ધ, સૂર્યાસ્ત, સ્થળ
55. શાંતિ, વાટ, અક્ષર, કલમ, પેન્સિલ, કોશિશ
-- અક્ષર, કલમ, કોશિશ, પેન્સિલ, વાટ, શાંતિ
56. ટોડલો, મોજાં, ઊમટે, અમીમીટ, આંખ, ભોમ
-- અમીમીટ, આંખ, ઊમટે, ટોડલો, ભોમ, મોજાં
57. સામુ, શિશુ, સ્ત્રી, સાંજ
-- શિશુ, સામું, સાંજ, સ્ત્રી
58. સરખાં, શબ્દ, સૂકું, સદી
-- શબ્દ, સદી, સરખાં, સૂકું
59. તપશ્ચર્યા, ભદ્રેશ્વર, હાજીપીર, દરિયો, ધીણોધર, સંસ્કૃતિ
-- તપશ્ચર્યા, દરિયો, ધીણોધર, ભદ્રેશ્વર, સંસ્કૃતિ, હાજીપીર
60. કચ્છ, રાત્રિ, સંસ્કૃતિ, સ્વપ્ન, સંત, સુગંધ
-- કચ્છ, રાત્રિ, સંત, સંસ્કૃતિ, સુગંધ, સ્વપ્ન

61. લહિયો, દુઃખ, ઔષધ, આભ, ધૂપ
-- આભ, ઔષધ, દુઃખ, ધૂપ, લહિયો

62. વન, પોર, પેખવું, પાંદડું
-- પાંદડું, પેખવું, પોર, વન

63. સાદ, શેરી, કાયર, ભેરુ
-- કાયર, ભેરુ, શેરી, સાદ

64. ઓરડો, એક, કિંમત, ઉંદર
-- ઉંદર, એક, ઓરડો, કિંમત

65. દ્રાક્ષ, ખડખડ, ઊંટ, કાબુલી
-- ઊંટ, કાબુલી, ખડખડ, દ્રાક્ષ

66. વિરામ, વૃક્ષ, વિશ્વામિત્ર, વારુણિ, વિચાર
-- વારુણિ, વિચાર, વિરામ, વિશ્વામિત્ર, વૃક્ષ

સંજ્ઞા (નામ)

- **સંજ્ઞા એટલે શું ?**

➤ ભાષા વ્યાવહારમાં આપણે જગતનાં સર્વે મૂર્ત અને અમૂર્ત (અદશ્યમાન) પદાર્થોને નામથી ઓળખીએ છીએ. આ નામને સંજ્ઞા કહેવાય છે.

➤ સંજ્ઞાથી વસ્તુ, વ્યક્તિ અથવા બાબતને અલગ પાડી શકાય છે.

➤ વસ્તુને ઓળખવા માટે અને તે અંગે વાત કરવા માટે સંજ્ઞાની જરૂર પડે છે.

➤ આપણે જોઈ ન શકીએ તેવી બાબતોને પણ નામ આપીએ છીએ.

➤ પ્રાણી, પદાર્થ અને માણસને ઓળખવા માટે જે પદ ઉપયોગમાં લેવામાં આવે છે તેને નામ કહેવામાં આવે છે. નામને સંજ્ઞા તરીકે પણ ઓળખવામાં આવે છે. **દા.ત.** દર્શન, હાર્દિક, સિંહ, વાઘ, મોર, ચકલી, પોપટ, ટેબલ, ખુરશી વગેરે.

➤ જુદી જુદી લાગણીઓ અને જુદાં જુદાં ગુણોને જુદાં જુદાં નામથી ઓળખવામાં આવે છે. દા.ત. પ્રેમ, ડહાપણ, ક્રોધ, ધીરજ, મીઠાશ, સ્નેહ, કોમળ વગેરે.

➤ એજ મુજબ જુદી જુદી ક્રિયાઓને પણ જુદાં જુદાં નામથી ઓળખવામાં આવે છે. દા.ત. વાંચન, લેખન, સફાઈ વગેરે. આમ, કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, ગુણ, ભાવ કે ક્રિયાને ઓળખાવતા પદોને સંત કહેવામાં આવે છે.

- ગુજરાતી ભાષામાં આવા નામ કે સંજ્ઞાના પ્રકારો નીચે પ્રમાણે છે.

((1) વ્યક્તિવાચક સંજ્ઞા :

➤ વ્યક્તિ કે પદાર્થને ઓળખવા માટે આપવામાં આવેલા વિશેષ નામને વ્યક્તિવાચક સંજ્ઞા કહેવાય છે.

➤ પદાર્થ, સ્થળ, નદી, પર્વત, ગામ, દેશ અને અન્ય બાબતોને અપાયેલા ચોક્કસ નામો વ્યક્તિવાચક સંજ્ઞા છે.

➤ **ઉદાહરણ :** સીતા, શિયાળો, ભારત, સોમવાર, સોમશંકર, ગુલાબ, અમદાવાદ, કારતક, ઉત્તરાયણ, વલ્લભભાઈ, સાબરમતી, વસંત, સૂર્ય, લીમડો, હિમાલય, ગંગારામ, નરક, સ્વર્ગ, વડ

ઉદા. મુંબઈ દરિયાકાંઠે વસેલું શહેર છે.
મુંજાલ મનોમન હસી રહ્યો છે.

(2) જાતિવાચક સંજ્ઞા :

➤ વ્યક્તિ કે પદાર્થના આખા વર્ગને કે જાતિને દર્શાવતી સંજ્ઞાને જાતિવાચક સંજ્ઞા કહેવાય છે.

➤ જાતિવાચક સંજ્ઞાનો અર્થ આખા વર્ગને લાગું પડે છે જેને વિશેષણ દ્વારા મર્યાદિત કરી શકાય છે.

➤ **ઉદાહરણ :** નારી, ઝાડ, પુત્રવધૂ, જિલ્લો, શહેર, સ્ત્રી, તરું, દીકરી, તારો, દેશ, ફૂલ, પત્ની, વૃક્ષ, ડુંગર, નદી, લોક, માતા, ગ્રહ, પર્વત, પુરુષ, પિતા, નેતા, ગામ, વકીલ, શિક્ષક, શાળા, વિદ્યાર્થી, ગાય, દોરડું, મામા

➤ **નોંધ :** કોઈને ચોક્કસ નામ અપાયેલું હોય તે વ્યક્તિવાચકમાં આવે, પરંતુ જોઈ ન શકાય તેવા નામને જાતિવાચકમાં ન આવે પણ ભાવવાચકમાં આવે.

ઉદાહરણ : કારતક – વ્યક્તિવાચક મહિનો – ભાવવાચક
વસંત – વ્યક્તિવાચક ઋતુઓ – ભાવવાચક

ઉદા. વિદ્યાર્થીઓ મેદાનમાં રમતા હતા.
વૃક્ષો પર્યાવરણને શુદ્ધ રાખવાનું કામ કરે છે.
ભારતમાં અનેક રાજ્યો આવેલાં છે.

(3) સમૂહવાચક સંજ્ઞા :

➤ કોઈ પણ વર્ગની વ્યક્તિઓ કે પદાર્થનાં સમૂહને દર્શાવનાર સંજ્ઞાને સમૂહવાચક સંજ્ઞા કહેવાય છે.

➤ આવી સંજ્ઞાઓ એકવચનમાં પ્રયોજાય છે.

➤ **ઉદાહરણ :** સરકાર, રેલી, સરઘસ, ટીમ, વર્ગ, કુટુંબ, સમિતિ, સૈન્ય, જૂથ, સમાજ, બટાલિયન, કાફલો, ઢગલો, પ્રજા, સમુદાય, કુટુંબ, લૂમ, વણજાર, ટુકડી, ઝુંડ, ભંડોળ.

ઉદા. ભારે એક પ્રલયી સૈન્ય પેદા કરવું છે.
સાંજ પડતા ગાયોનું ધણ પાદરમાં દેખાવા લાગ્યું.
ઘટાદાર જંગલો પ્રાણીઓનું નિવાસસ્થાન છે.

(4) દ્રવ્યવાચક સંજ્ઞા :

➤ જે પદાર્થો દ્રવ્યસ્વરૂપે જોવા મળે છે તેમને દર્શાવતી સંજ્ઞાને દ્રવ્યવાચક સંજ્ઞા કહેવાય છે.

➤ આ સંજ્ઞાઓને સંખ્યાવાચક વિશેષણો લાગતાં નથી અને તેમને ગણ્ય વર્ગમાં સમાવી શકાતી નથી.

➤ આ સંજ્ઞાઓનું વજન કરી શકાય છે અથવા માપી શકાય છે.

➤ ઉદાહરણ : હવા, પ્લાસ્ટિક, રૂ, મીઠું, પેટ્રોલ, પારો, કાપડ, લોટ, ગોળ, ચાંદી, દાળ, તેલ, ખાંડ, બાજરો, ઘી, લાકડું, માટી, રેતી, ચોખા, દૂધ.

ઉદા. ભોજનમાં મેં માત્ર દૂધ જ લીધું.
વરસાદના પાણીથી માટીની સુગંધ આવવા લાગી.
ખેતરમાં ઘઉંનો પાક લહેરાનો હતો.

(5) **ભાવવાચક સંજ્ઞા :**

➤ અમૂર્ત (ન જોઈ શકાય તેવી) બાબતોને દર્શાવનારી સંજ્ઞાઓને ભાવવાચક સંજ્ઞા કહેવાય છે.

➤ આવી સંજ્ઞાને જોઈ કે સ્પર્શી શકાતી નથી, માત્ર તેનો અનુભવ કરી શકાય છે.

➤ ઉદાહરણ : માનવતા, દુઃખ, આનંદ, સેવા, સજ્જનતા, સુખ, ઘૃણા, ગુસ્સો, સર્જન, મોક્ષ, મહિનો, પ્રેમ, મુક્તિ, શોખ, વમળતા, વાર, સંઘર્ષ, વંદન, ફરજ, બાળપણ, યુવાની, ઠંડી, અનુભવ, સફળતા, વિચાર, નિષ્ઠા, ભાષા, દિવસ, ગરમી,

ઉદા. રમેશે થોડીવાર વિચાર કરીને જવાબ આપ્યો.
સંતોના મુખની વાતોમાં બહુ મીઠાશ હોય છે.
પરિવર્તન આ સંસારનો નિયમ છે.

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય સંજ્ઞા પસંદ કરો.**

1. વાઘ આપણું રાષ્ટ્રીય પ્રાણી છે.
(A) વાઘ (B) છે
(C) રાષ્ટ્રીય (D) આપણું

2. તે વૃક્ષ પર સુંદર પાન છે.
(A) વૃક્ષ (B) સુંદર
(C) પર (D) તે

3. કાબરબેન તો નિરાશ થઈ ગયા.
(A) થઈ (B) ગયા
(C) તો (D) નિરાશ

4. આ દૂધ કેરી ધોળી મીઠી ધાર કોણે ભરી ?
(A) ધોળી (B) ધાર
(C) ભરી (D) દૂધ

5. આપણને આનંદ એટલે કે નર્મ આપે તે નર્મદા.
(A) આપણને (B) નર્મદા
(C) એટલે (D) તે

6. પણ મેં તમારું ઊંટ તો જોયું નથી.
(A) ઊંટ (B) પણ
(C) નથી (D) હતું

7. "ખોટી દાનતનું પરિણામ હવે મેળવો."
(A) દાનત (B) મેળવો
(C) હવે (D) કોઈ પણ નહીં

8. એ સરોવર રાધનપુર પાસે આવેલ છે.
(A) સરોવર (B) એ
(C) આવેલ (D) પાસે

9. "એક મૂઠી ચણા તો મારી પાસે છે."
(A) એક (B) છે
(C) ચણા (D) મારી

10. નીચેનામાંથી ભાવવાચક સંજ્ઞા જણાવો.
(A) કૌશિક (B) નદી
(C) ચોખા (D) અનુભવ

જવાબો: 1. (A) 2. (B) 3. (D) 4. (D) 5. (B) 6. (A) 7. (A) 8. (A) 9. (C) 10. (D)

વિરામચિહ્નો

વિરામચિહ્નો એ વાચનલેખનનો પ્રાણ છે, તેના સિવાય ભાષા સમજવી અઘરી છે. જો વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ ન કરવામાં આવે તો અર્થનો અનર્થ થવાનો સંભવ છે. જેમ કે,

કાયદાનું પાલન કરવું નહીં, કરનારને સજા કરવામાં આવશે.

અહીં અલ્પવિરામ ખોટી જગ્યાએ મુકાયું છે. -

કાયદાનું પાલન કરવું, નહીં કરનારને સજા કરવામાં આવશે.

- સાચું વાક્ય છે.

ભાષામાં વપરાતાં વિભિન્ન વિરામચિહ્નો નીચે પ્રમાણે છે.

(1) **પૂર્ણવિરામ (·) :**

(1) વાક્યને અંતે પૂર્ણવિરામ મુકાય છે.

ગાંધીનગર ગુજરાતની રાજધાની છે.

(2) ક્રમસૂચક શબ્દો કે કક્કાવારીના શબ્દો કૌંસ વગર આવે ત્યારે

1. નદી 2. પર્વત 3. સમુદ્ર 4. જંગલ
ક. ગુજરાતી ખ. હિન્દી ગ. અંગ્રેજી ઘ. સંસ્કૃત

(3) સંક્ષિપ્ત રૂપોમાં

ચિ. (ચિરંજીવી), લિ. (લિખિતંગ)
તા. ક. (તાજા કલમ)

જો કે પ્રચલિત બનેલાં ટૂંકા રૂપો જેવા કે સેમી (સેન્ટિમીટર) ચોમી (ચોરસ મીટર), કિમી (કિલોમીટર), ચોકિમી (ચોરસ કિલોમીટર) વગેરેમાં પૂર્ણવિરામનો ઉપયોગ થતો નથી.

(4) પ્રકરણ કે પુસ્તકના શીર્ષકમાં પૂર્ણવિરામનો ઉપયોગ થતો નથી.

સત્યના પ્રયોગો. (અશુદ્ધ) સત્યના પ્રયોગો (શુદ્ધ)

(2) **અલ્પવિરામ (,) :**

જ્યાં થોડું અટકવાનું જરૂરી હોય ત્યાં અલ્પવિરામ આવે.

(1) જ્યારે એકીસાથે ઘણાં નામ, વિશેષણો કે ક્રિયાપદ આપેલ હોય ત્યારે છેલ્લા સિવાય દરેકની પછી અલ્પવિરામ આવે છે.

સુધીર, સુરેશ, સુકેતુ અને સુદર્શન બધા પાસ થયા.

રમવું, રડવું, કૂદવું અને અનુકરણ કરવું એ બાળકનો સ્વભાવ છે.

(2) સંબોધન પછી અલ્પવિરામ આવે.

માલતી, છાપું લાવ.

(3) પત્રલેખનમાં સંબોધન અને વિદાયવચન પછી અલ્પવિરામ આવે.

પૂજ્ય બાપુજી, આપનો સહૃદયી,

(4) કારણ કે, કેમ કે, ની પહેલાં અલ્પવિરામ આવે.

પાક સુકાઈ રહ્યો છે, કારણ કે ખૂબ તાપ પડી રહ્યો છે.

(5) અલબત્ત, ટૂંકમાં, જેમ કે, એટલે કે, દાખલા તરીકે, એ જોતાં શબ્દો પછી.

ટૂંકમાં, તમે પોલીસને જાણ કરી હતી.

(6) અવતરણચિહ્ન વાપરતાં પહેલાં અલ્પવિરામ આવે છે.

રાધાએ કહ્યું, "શ્યામ વિના હું જીવી નહીં શકું"

(7) કેમ, જી, બેશક, હા, ના, વગેરે શબ્દો પછી અલ્પવિરામ આવે.

ના, હું ત્યાં નહીં આવું.

બેશક, અમારો ઉમેદવાર ચૂંટણી જરૂર જીતશે.

(8) આજ્ઞાર્થ પછી જો કોઈ ઉપવાક્ય આવતું હોય તો આજ્ઞાર્થ પછી અલ્પવિરામ આવે.

જુઓ, છોકરાઓ તોફાન કરે છે.

સાંભળો, કોઈક રડી રહ્યું છે.

(9) 'તે જોવું'ની પહેલાં

બધા સમયસર આવે, તે જોવું.

(3) અર્ધવિરામ (;) :

અલ્પવિરામ કરતાં વધુ અને પૂર્ણવિરામ કરતાં ઓછું અટકવાનું થાય ત્યારે અર્ધવિરામ આવે છે. વાક્ય લાંબું હોય ત્યારે તેમાં આવતાં સ્વતંત્ર ઉપવાક્યોને અંતે અર્ધવિરામ આવે છે.

રાજાએ અપરાધીનો એકરાર સાંભળ્યો; તેની વાણીમાં પશ્ચાતાપ જોયો અને રાજાએ તેને માફ કર્યો.

નોંધમાં સૂચન કરી શકાય; નિયમ ટાંકી શકાય; અભિપ્રાય ન અપાય.

(4) ગુરુવિરામ (:) :

(1) ગણતરી કરવા ગુરુવિરામ ચિહ્ન આવે છે.

પુરુષાર્થ ચાર છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

(2) અવતરણ માટે ગુરુવિરામ ચિહ્ન આવે છે.

ગાંધીજીએ કહ્યું : "ખરાબ અક્ષરો અધૂરી કેળવણીની નિશાની છે"

(3) મુખ્ય અને ગૌણ શીર્ષક અલગ કરવા માટે -

ભારત : ભૂપૃષ્ઠ અને રાજકીય.

(5) પ્રશ્નચિહ્ન (?) :

જ્યાં પ્રશ્ન પૂછવાની હોય ત્યાં વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન આવે છે.

સાબરમતી ક્યાંથી નીકળે છે ?

મિશ્ર વાક્ય અને મુખ્યવાક્યમાં પ્રશ્ન હોય તો પણ પ્રશ્નચિહ્ન વાક્યને અંતે મુકાય છે.

મને કંઈ ખબર હતી કે તમે અહીં જ હશો ?

સંયોજકથી જોડાયેલાં બે ઉપવાક્યોમાં પ્રશ્નનો ભાવ ન હોય તો પ્રશ્નચિહ્ન આવતું નથી.

તમે ત્યાં જઈને શું કરો છો એ મને ખબર છે.

(6) આશ્ચર્યચિહ્ન (!) :

ક્રોધ, આશ્ચર્ય, ધિક્કાર, પ્રશંસા, દુઃખ, આનંદ જેવી લાગણીઓ દર્શાવવા માટે આશ્ચર્યચિહ્ન આવે છે.

વાહ ! કેટલું સરસ ! ધન્ય છે તારી જનેતાને !

કેટલીક વાર કૌંસમાં ઉદ્ગારચિહ્ન કટાક્ષ માટે વપરાય છે.

દીપકભાઈ આ શાળાના આદર્શ (!) આચાર્ય છે.

(7) અવતરણચિહ્ન :

(અ) એકવડું અવતરણચિહ્ન (' ')

(બ) બેવડું અવતરણચિહ્ન (" ")

- કોઈના બોલેલા શબ્દો દર્શાવવા અવતરણચિહ્ન વપરાય છે.

  ગાંધીજીએ કહ્યું : "સત્યનો સદા જય થાય છે."

- પુસ્તકનું પ્રકરણ, ગ્રંથનામ કે શબ્દ પર ભાર મૂકવા અવતરણચિહ્ન વપરાય છે.

  'ગ્રામ્યમાતા' એક ખંડકાવ્ય છે.

- એકવડું અવતરણચિહ્ન કે બેવડું અવતરણચિહ્ન વાપરવું તે સંબંધી કોઈ ચોક્કસ નિયમો નથી. પરંતુ બધી જગ્યાએ કાં તો એકવડું અથવા બેવડું અવતરણચિહ્નનો ઉપયોગ કરવો જોઈએ.

(8) લઘુરેખા (-) :

સામાસિક શબ્દોમાં જ્યાં ઘટકો અલગ કરવાની જરૂર હોય ત્યાં લઘુરેખા આવે છે. જેમ કે, રાજા-પ્રધાન, ઊંચ-નીચ

(9) ગુરુરેખા (—) :

વાક્યમાં સ્પષ્ટતા કે ઉમેરણ કરવા ગુરુરેખા આવે છે.

રાકેશભાઈ — આપણા ગણિતશિક્ષક - આજે આવવાના નથી.

કોઈ વાર વિચાર-પરિવર્તન માટે પણ વપરાય છે.

બધા ભાગી ગયા — બાપુજી સિવાય.

(10) લોપચિહ્ન (') :

લોપચિહ્ન અલ્પવિરામ જેવું છે. અલ્પવિરામ શબ્દ પછી નીચેના ભાગમાં લખાય છે; લોપચિહ્ન શબ્દ કે આંકડાની પહેલાં ઉપરના ભાગમાં લખાય છે. શબ્દમાં કોઈ અક્ષરનો લોપ થયો હોય ત્યારે આ ચિહ્ન વપરાય છે. જેમ કે, સુભાષ ધ્યાનથી ભણતો ન'તો. (ન'તો = ન હતો)

(11) કાકપદચિહ્ન (^) :

લેખનમાં રહી ગયેલું ઉમેરવા કાકપદચિહ્ન વપરાય છે. આને કાકપદ ઘોડી કે 'મોરપગલું' પણ કહે છે.

પ્રેમમાં અને યુદ્ધમાં $\overset{\text{બધુંય}}{\wedge}$ ચાલે.

(12) એજન (") :

ઉપરની બાબતોને યથાતથ (ઉપર મુજબ) દર્શાવવા માટે એનો ઉપયોગ થાય છે.

રાઠોડ મિહિરસિંહ બળદેવસિંહ
" જયશ્રીબહેન બળદેવસિંહ

(13) ગુરુ અપસારણચિહ્ન (:-) :

આમાં ગુરુવિરામ અને લઘુરેખાનું મિશ્રણ છે. લખાણમાં સ્પષ્ટ વિભાગ પરિવર્તન દર્શાવવા માટે આનો ઉપયોગ થાય છે. ઇન્ટરવ્યૂમાં નીચે મુજબના પ્રશ્નો પુછાશે :-

(14) ખંડવર્ણચિહ્ન (....) :

જ્યારે લખાણમાં કોઇ શબ્દો દૂર કર્યા હોય અથવા બાકી રાખવાના હોય ત્યારે આ ચિહ્નનો ઉપયોગ થાય છે. જો અંતે પૂર્ણવિરામ આવતું હોય તો ચાર ટપકાં (....) અને ન આવતું હોય તો ત્રણ ટપકાં (...) નો ઉપયોગ થાય છે.

આમાં તો શિક્ષકો, વાલીઓ,... સંડોવાયેલા છે.

તે મહિનાથી આવતો નથી. તે કદાચ નોકરી....

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. નીચેનામાંથી કયા વાક્યમાં પૂર્ણવિરામનો ઉપયોગ થાય છે ?
   (A) મોચી સાધુ સામે જોઇને હસવા લાગ્યો.
   (B) તે પૈસા લઇને ઊભો થયો !
   (C) સીવી દો તો શું લો ?
   (D) નાહક શું કામ ધક્કા ખાઓ છો ?
2. નીચેનામાંથી કયા વાક્યમાં પ્રશ્નાર્થચિહ્નનો ઉપયોગ થયેલો છે ?
   (A) તમને ખબર છે, એ સાચી વાત છે.
   (B) તમે ક્યાં જાવ છો ?
   (C) વાહ ! હવે ગુજરાતમાં પ્રવેશી ગયા
   (D) અસત્ય ! મારે ન બોલવું જોઇએ !
3. નીચે આપેલા વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો.
   (A) 'બાલ દોસ્તો, વેકેશનમાં શું કરશો ?'
   (B) 'સાહેબ, પત્ર કેવી રીતે લખાય !'
   (C) 'મારો પત્ર આવે તે વાંચજો, સમજાઇ જશે ?'
   (D) 'સાહેબ ! તમે તો અમને ભૂલી જશો.'
4. નીચેના વાક્યોમાંથી કયા વાક્યમાં ઉદ્‌ગારચિહ્નનો ઉપયોગ થયો છે ?
   (A) પર્વતો કેટલા નજીક આવી ગયા છે ?
   (B) વાહ, રેવા એટલે કૂદનારી.
   (C) વિશ્વની આઠમી અજાયબી જેવો સરદાર સરોવર બંધ !
   (D) દરેક નદી છેવટે સાગરને જ મળે ને.
5. નીચેના વાક્યોમાંથી કયા વાક્યમાં અલ્પવિરામ અને ઉદ્‌ગાર-ચિહ્નનો ઉપયોગ થયેલ છે.
   (A) "ચાલો બેન ! તૈયાર જ છું."
   (B) "ગણેશ, તું વહેલો આવી ગયો કે પછી નીકળ્યો જ નથી ?"
   (C) "મા, તમે અહીં આ સિંહાસન પર બેસો."
   (D) "ગલબાભાઈ ગલબાભાઈ ! ચાલો, આપણે મકાઈની ખેતી કરીએ."

જવાબો: 1. (A) 2. (B) 3. (A) 4. (C) 5. (D)

સર્વનામ

➤ ગુજરાતી ભાષામાં એક સાથે એક બીજી વ્યક્તિ સાથે કે પછી એમના વિશે થતી વાતચીતમાં નામનો વારંવાર ઉપયોગ કરવાથી વાક્યરચના કે વાતચીત કર્ણપ્રિય બનતી નથી. જેમ કે કોઈ રાજાની એના પ્રધાન સાથેની શત્રુ વિશે ચાલતી વાતચીતમાં રાજા પોતાને માટે 'હું'ને બદલે હંમેશાં 'રાજા' શબ્દ વાપરે, પ્રધાનને માટે 'તમે'ને બદલે 'પ્રધાન' શબ્દ વાપરે અને શત્રુને માટે 'તે' ને બદલે 'શત્રુ' શબ્દ વાપર્યા કરે તો વાતચીત અને વાક્યો કઢંગાપણાનો, કંટાળાનો ભાવ જગાવે. આ કારણથી બધા બોલનાર પોતાને માટે 'હું' નો, જેની સાથે વાતચીત કરે છે તેને માટે 'તું'નો અને જેને માટે વાતચીત ચાલતી હોય તેને માટે 'તે' નો પ્રયોગ કરે છે. એ જ પ્રમાણે અન્ય નામોને પણ તેનાં તે શબ્દ વારંવાર વાપરવાને બદલે વપરાતા આ બધા શબ્દો સર્વનામ કહેવાય છે. આ જ વાત જરા વધારે વિગતે સમજીશું. નીચેના વાક્યો વાંચો :

નીલાએ કહ્યું : 'હું કાલે જઈશ.'

રમેશે નીતિનને કહ્યું : 'તું શું કરે છે ?'

એક ગાય હતી. તે ઝાડ નીચે બેઠી હતી.

મેદાનમાં ઘણા છોકરા હતા. કેટલાક રમતા હતા ને બીજા બેઠા હતા.

➤ ઉપરમાંથી પ્રથમ વાક્યમાં નીલા માટે 'હું' વપરાયું છે. બીજા વાક્યમાં બોલનાર-સાંભળનાર અલગ છે. બોલનારે (રમેશે) સાંભળનાર (નીતિન માટે) 'તું' વાપર્યું છે. ગાય માટે 'તે' વપરાયું છે જ્યારે છોકરા માટે 'કેટલાક' 'બીજા' વપરાયું છે.

➤ અહીં નીલા, રમેશ, નીતિન, ગાય, છોકરા વગેરે નામ એટલે કે સંજ્ઞા છે. એ નામોને વારંવાર વાપરવાથી વાક્યરચના કર્ણપ્રિય નથી બનતી માટે એને બદલે 'હું','તું','કેટલાક' જેવાં જે શબ્દ વપરાય છે તેને 'સર્વનામ' કહે છે. તેના ઉપયોગથી વાક્ય સરળ-ટૂંકું બને છે.

➤ **ટૂંકમાં - નામને (સંજ્ઞાને) બદલે વપરાતા પદોને સર્વનામ કહે છે.**

➤ **સર્વનામનાં લક્ષણો :**

- સર્વનામો સજીવ કે નિર્જીવ સંજ્ઞાને બદલે આવી શકે.
- કેટલાંક સર્વનામોનાં એકવચન કે બહુવચનનાં અલગ રૂપો છે.
- સર્વનામને પોતાનું કોઈ લિંગ નથી.

➤ **સર્વનામના પ્રકાર :**

સર્વનામના પ્રકાર નીચે પ્રમાણે છે.

(1) પુરુષવાચક સર્વનામ :

જુદી જુદી વ્યક્તિઓ કે પુરુષોને દર્શાવવા માટે વપરાતા સર્વનામ પુરુષવાચક સર્વનામ કહેવાય છે. પુરુષવાચક સર્વનામ ત્રણ છે. પહેલો પુરુષ સર્વનામ, બીજો પુરુષ સર્વનામ અને ત્રીજો પુરુષ સર્વનામ. બોલનાર તે પહેલો પુરુષ, જેની સાથે એ બોલે છે તે બીજો પુરુષ અને જેને વિશે એ વાત કરે છે તે ત્રીજો પુરુષ કહેવાય છે. 'હું' એ પહેલો પુરુષ છે. 'તું' એ બીજો પુરુષ છે અને 'તે' એ ત્રીજો પુરુષ છે. આ ત્રણેય પુરુષનાં રૂપ નીચે પ્રમાણે છે :

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	હું, મારાથી, મારું, મારામાં	અમે, અમને, અમારાથી, અમારું, અમારામાં
બીજો પુરુષ	તું, તમે, તારાથી, તારું, તારામાં	તમે, તમને, તમારાથી, તમારું, તમારામાં
ત્રીજો પુરુષ	તે, તેને, તેનાથી, તેનું, તેનામાં	તેઓ, તેઓને, તેમનું, તેઓથી, તેમનાથી, તેમનામાં.

(2) દર્શક સર્વનામ :

➤ નામને દૂરના કે પાસેના પદાર્થ દર્શાવવા માટે જે શબ્દ બદલે વપરાય છે તે દર્શક સર્વનામ છે. 'આ', 'એ', 'તે', 'પેલું' - એ દર્શક સર્વનામો છે. પાસેના કે પ્રત્યક્ષ પદાર્થના નામ માટે 'આ' કે 'એ' અને દૂરના કે પરોક્ષ પદાર્થનાં નામ માટે 'પેલું' વપરાય છે. 'એ' કરતાં 'આ' વધારે નજીકના પદાર્થ માટે વપરાય છે. જેમ કે -

➤ શિક્ષકે ઇંગ્લેન્ડના વડા પ્રધાન ચર્ચિલની છબી બતાવતાં કહ્યું : 'આ રહ્યા ઇંગ્લેન્ડના એક યશસ્વી વડા પ્રધાન.'
'તમને કઈ સાડી ગમે છે ? આ કે પેલી ?'
જુઓ ! જુઓ પેલા નાસી જાય છે.

➤ 'પેલું' વિકારી સર્વનામ છે, તેને લિંગવાચક પ્રત્યયો લાગે છે. કાઠિયાવાડી બોલીમાં 'ઈ, ઓલું/ઓલ્યું' એ પણ દર્શક સર્વનામો છે.

(3) સાપેક્ષ સર્વનામ :

➤ જે સર્વનામને બીજા શબ્દની અપેક્ષા રહે છે, એટલે જેની પછી બીજો કોઈ શબ્દ વાપરવો જ પડે છે તે સાપેક્ષ સર્વનામ કહેવાય છે. 'જે-તે', 'જેવું-તેવું', 'જેને-તેને', આવાં સર્વનામ છે. જેમ કે -

જે સાધના કરે તે સિદ્ધિ પામે.
જેવું કરે તેવું પામે.

➤ કેટલીક વાર 'જે, જેવું' નો લોપ થઈ શકે છે, પણ 'તે, તેવું' નો લોપ ન થઈ શકે.

(4) પ્રશ્નવાચક સર્વનામ :

➤ નામ (સંજ્ઞા)ને બદલે વપરાતાં અને પ્રશ્ન પૂછવા માટે ઉપયોગમાં લેવાતાં પદોને પ્રશ્નવાચક સર્વનામ કહે છે. 'કોણ', 'શું', 'ક્યું' પ્રશ્નવાચક સર્વનામ છે. 'કોણ' એ સામાન્ય રીતે સજીવ પદાર્થને માટે એટલે પ્રાણીને માટે વપરાય છે અને 'શું એ નિર્જીવ પદાર્થને માટે વપરાય છે. જેમ કે -

આ ઓરડામાં કોણ ફરે છે ?
કોણ આવ્યું છે ?
બારણું કોણે ઠોક્યું ?
તમારે શું જોઈએ છે ?

(5) અનિશ્ચિત સર્વનામ :

➤ જે સર્વનામમાંથી ચોક્કસ વ્યક્તિ કે પદાર્થનો અર્થ સૂચવાતો નથી અર્થાત્ જેનો નિર્દેશ અનિશ્ચિત રહે છે તે અનિશ્ચિત સર્વનામ કહેવાય છે. 'કોઈ', 'કાંઈક', 'કંઈક', 'હરેક', 'દરેક', 'પ્રત્યેક', 'અમુક', 'ફલાણો', 'સર્વ', 'સહુ', 'બધું', 'અન્ય', 'ઇતર', 'બીજું', 'કેટલુંક', - વગેરે અનિશ્ચિત સર્વનામ છે. જેમ કે -

તમે કાંઈ કહેશો ?
તેં કંઈક ગુમાવ્યું હોય એમ લાગે છે.
તેને કાંઈ થયું નથી.

(6) **સ્વવાચક સર્વનામ :**

- જે સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે વપરાઈને તેને પોતાને ઓળખાવે છે એ સ્વવાચક સર્વનામ કહેવાય છે. 'પોતે, જાતે, ખુદ,સ્વયં, પંડે, મેતે, મેળે' આવાં સ્વવાચક સર્વનામ છે. જેમ કે -

મેં પોતે આ કામ કર્યું છે.
એણે પોતે એનો ગુનો કબૂલ્યો છે.
તમે જાતે એને ફટવ્યો છે.
તમે ખુદ ત્યાં હાજર રહેજો.

- નામને બદલે વપરાતું સર્વનામ ઉપરના જેવા પ્રકાર ધરાવે છે. નામની જેમ સર્વનામને પણ જાતિ, વચન અને વિભક્તિ હોય છે. પણ ઘણાં ખરાં સર્વનામ ત્રણેય જાતિમાં એકસરખાં જ હોય છે. સર્વનામ જે નામને માટે વાક્યમાં વપરાયું હોય, તે નામનાં જાતિ અને વચન લે છે.

- **સર્વનામ અંગે વિશેષ નોંધ (1) :**
- ધો.9 ના ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં - સ્થાનવચાક સર્વનામ - અહીં, ત્યાં; સમયવાચક સર્વનામ - અત્યારે, હાલમાં, હમણાં- દર્શાવ્યાં છે, પરંતુ આ સર્વનામો નથી, પણ ક્રિયાવિશેષણો છે.
- MCQમાં જે સર્વનામ નથી તેને સર્વનામ ગણવામાં આવ્યાં છે.

(1) મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી તેમના હાથમાં મૂકી.
'આ' - સર્વનામ ગણાવ્યું છે, પણ તે વિશેષણ છે.

(2) પણ એને સંઘરવી ક્યાં એ અમારા માટે સવાલ થઈ પડ્યો છે.
'ક્યાં' - સર્વનામ ગણાવ્યું છે, પણ તે ક્રિયાવિશેષણ છે.

(3) એ મંદિર અપૂજ રહે છે.
'એ' દર્શક સર્વનામ ગણાવ્યું છે, પણ તે દર્શક વિશેષણ છે.

(4) ત્યારે કામ કહ્યું ગોરાણીએ, તેને સાંભરે રે ?
'ત્યારે' ને સમયવાચક સર્વનામ ગણાવ્યું છે, પણ તે કાળવાચક ક્રિયાવિશેષણ છે.

- **વિશેષ નોંધ (2) :** વાક્યમાં પદનો મોભો વાક્યપ્રયોગના સંદર્ભમાં નક્કી થાય.

મારાથી આટલું ખવાશે નહીં. (સર્વનામં)
આટલું દુ:ખ કોઈ સહન કરે. (વિશેષણ)
આ સારું કે પેલું ? (સર્વનામ)
આ ચિત્ર સારું કે પેલું ચિત્ર ? (વિશેષણ)

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય સર્વનામ પસંદ કરો.**

1. અમે શાળાએ જઈએ છીએ.
(A) શાળાએ (B) અમે
(C) જઈએ (D) છીએ

2. તમે આજે શું ખાધું ?
(A) આજે (B) શું
(C) ખાધું (D) કોઈ પણ નહીં

3. જે મહેનત કરશે તે ફળ પામશે.
(A) જે-તે (B) મહેનત
(C) કરશે (D) પામશે

4. આપણે જળને બચાવીશું તો જળ આપણને બચાવશે.
(A) જળને (B) સાચવશે
(C) આપણે (D) તો

5. તમને કશું થતું નથી ને ?
(A) નથી (B) થતું
(C) તમને (D) કશું

6. આ ટેબલ ત્યાં મૂકો.
(A) આ (B) ત્યાં
(C) ટેબલ (D) મૂકો

7. તેમણે પ્રદક્ષિણા શરૂ કરી.
(A) શરૂ (B) પ્રદક્ષિણા
(C) તેમણે (D) કરી

8. જે વર્ણન આપ્યું તે તો બરાબર પેલા વેપારીના ઊંટનું જ હતું.
(A) જે (B) તે
(C) પેલા (D) આપેલા તમામ

9. અમે પોતે જ ભૂલ કરી છે.
(A) ભૂલ (B) પોતે
(C) જ (D) કરી

10. તે મૂર્તિઓ જોઇને ભલભલા દંગ રહી જતા.
(A) ભલભલા (B) તે
(C) જતા (D) દંગ

જવાબો: 1. (B) 2. (B) 3. (A) 4. (C) 5. (C) 6. (A) 7. (C) 8. (D) 9. (B) 10. (B)

વિભક્તિ વ્યવસ્થા

- વિભક્તિ : વાક્યોનાં પદો વચ્ચે કર્તા, કર્મ વગેરે જુદા-જુદા પ્રકારનાં જે સંબંધો હોય છે તેને વિભક્તિ સંબંધ કે વિભક્તિ કહેવામાં આવે છે.
- એ, કે, થી, માં, નું, ની, ના વગેરેને વિભક્તિ પ્રત્યયો કે અનુગો કહે છે.
- અનુગો અને નામયોગી બન્ને પદની પાછળ આવે છે અને વિભક્તિ દર્શાવે છે.

- અનુગો પદ સાથે જોડાઈને આવે છે. નામયોગી અલગ મુકાય છે.
- નામયોગીઓ ઘણીવાર ને, નો, નું, ના વેગેરમાંથી કોઈનો અનુગ લે છે.
- અનુગો હંમેશાં પદની સાથે જોડાઈને આવે છે.
- નામયોગી હંમેશાં પદથી અલગ આવે છે.
- ટૂંકમાં વિભક્તિ એટલે સંજ્ઞા, કે સર્વનામના પદોનો ક્રિયાપદ સાથેનો કે અન્ય સંજ્ઞા, સર્વનામ સાથેનો સંબંધ.

- ગુજરાતીમાં કુલ આઠ વિભક્તિઓ છે.

1. કર્તા વિભક્તિ (પ્રથમા વિભક્તિ) :

- ક્રિયાનો કરનાર તે કર્તા છે. દરેક ક્રિયાનો કર્તા હોય છે. સામાન્ય રીતે આ વિભક્તિને પ્રત્યય લખાતો નથી. ક્યારેક એ પ્રત્યય લગાડવામાં આવશે. કર્તા વિભક્તિ ગુજરાતીમાં અનુગ વિના તેમજ એ, ને, થી દર્શાવી શકાય છે.

ઉદાહરણો :

અનિતા સરસ ગીત ગાય છે.

શિક્ષક વર્ગમાં ભણાવે છે.

છોકરીઓ મેદાનમાં રમે છે.

નીલમ કપડાં ધોવા બેઠી છે.

શ્યામ હંમેશાં કસરત કરે છે.

મને તેની વાત જરાય ના ગમી.

2. કર્મ વિભક્તિ (દ્વિતીયા વિભક્તિ) :

- કર્તા દ્વારા જે ક્રિયા થાય, જે પ્રવૃતિનો આધાર હોય અથવા તો કર્તા પોતાની ક્રિયા વડે જે ફળ પ્રાપ્ત કરવા ઈચ્છે તે કર્મ. સામાન્ય રીતે ક્રિયાનો વિષય ઉદ્દેશ હોય તે બનાવનાર પદને કર્મ કહેવાય.

ઉદાહરણો :

શિક્ષક બાળકોન વાર્તા કહે છે.

સુરેશ સાઈકલ લઈને ઘરે પહોંચ્યો.

મનુભાઈએ પુત્રન સાચી સલાહ આપી.

સખત મહેનત લોકોને માટે જરૂરી છે.

ડ્રાઈવરે બસ પૂરપાટ ઝડપે દોડાવી મૂકી.

3. કરણ વિભક્તિ (તૃતીયા વિભક્તિ) :

- કરણ એટલે સાધન. ક્રિયા કરવામાં જેનો ઉપયોગ થાય તે અથવા ક્રિયા કરવામાં જે ઉપયોગી થતું હોય તે. જ્યારે ક્રિયાનું સાધન રીત કે કારણ દર્શાવે ત્યારે તેને કરણ વિભક્તિ કહી શકાય. કરણ વિભક્તિમાં વપરાતા નામયોગી જેવાં કે મારફત, દ્વારા, માફક, જેમ, સાથે, પેઠે વગેરે રીતનો અર્થ દર્શાવે છે.

ઉદાહરણો :

મજૂર કુહાડી વડ વૃક્ષ પર ઘા કરે છે.

રમેશે પેન્સિલથી કાગળમાં આકૃતિ દોરી.

આત્મબળ વડે પરમસિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

હું બસ દ્વારા સાંજે ઘરે પહોંચ્યો.

તેમણે બસ મારફત વસ્તુઓ મોકલાવી.

4. સંપ્રદાન વિભક્તિ (ચતુર્થી વિભક્તિ) :

- ક્રિયાનું ફળ જેને પ્રાપ્ત થાય તે સંપ્રદાન. આપવાની ક્રિયામાં વ્યક્તિ લેનાર હોય તેને સંપ્રદાન કહેવામાં આવે છે. સંપ્રદા વિભક્તિમાં ને, માટે, વાસ્તે, સારું, કાજે વગેરે પ્રત્યયો નામયોગી વપરાય છે.

ઉદાહરણો :

પિતાજી બાળકો માટે મીઠાઈ લાવ્યાં.

ગાંધીજી સ્વદેશ કાજે લડી રહ્યા હતા.

નાનાજી અમારા વાસ્ત કંઈને કંઈ વસ્તુ લાવતાં.

રઘુનાથ મહેમાનોની રસોઈ માટે તૈયાર હતાં.

વડીલોને ભગવાને ઘણું આયુષ્ય આપ્યું છે.

5. અપાદાન વિભક્તિ (પંચમી વિભક્તિ) :

- અપાદાન એટલે છૂટાં પડવું તે. વાક્યોમાં જ્યારે છૂટાં પડવાનો અર્થ પ્રગટ થતો હોય ત્યારે અપાદાન વિભક્તિ બને છે. છૂટાં પડવાની કોઈ ક્રિયા થઈ હોય તેને દર્શાવતું પદ અપાદાન વિભક્તિમાં છે એમ કહેવાય. અપાદાન વિભક્તિના પ્રત્યયો થી, માંથી, ઉપરથી, થકી, પાસેથી, ને લીધે વગેરે છે.

ઉદાહરણો :

બપોરે નીલમ સ્કૂલેથી ઘરે આવી ત્યારે દાદી સૂતા હતાં.

આંબા પરથી કેરી ખરી પડી.

મેં ખિસ્સામાંથી પૈસા કાઢ્યા.

મહુડા ઉપરથી બધા મહુડા ખરી પડ્યા.

શૂલ પાણેશ્વર પાસેથી નદીને વહેતી જોઉં છું.

6. સંબંધક વિભક્તિ (ષષ્ઠી વિભક્તિ) :

- એકના નામને અન્ય નામ સાથે જોડાય તેને સંબંધ કહેવાય છે. વાક્યમાં સંજ્ઞા કે સર્વનામના પદને ક્રિયાપદને બદલે બીજા સંજ્ઞા કે સર્વનામના પદ સાથે જોડવાની જરૂર રહે છે. જે નામ પદ આ રીતે બીજા નામપદ સાથેનો સંબંધ સ્પષ્ટ કરે તે સંબંધ વિભક્તિમાં છે એમ કહેવાય. નો, ની, નું, ના વગેરે સંબંધ વિભક્તિના પ્રત્યયો છે.

ઉદાહરણો :

ગામનાં ફળિયાનું મહત્ત્વ અલગ જ હોય છે.

ખેડૂતો બપોરનું ભોજન લેવા ગયા.

સવારે ગામના બધા જ લોકો એકઠાં થયાં.

ઉનાળો વિદાય થતા વર્ષાનું આગમન થાય છે.

મને નાનપણથી જ વોલીબોલનો ચસ્કો લાગ્યો હતો.

7. અધિકરણ વિભક્તિ (સપ્તમી વિભક્તિ) :

- ક્રિયાનો જે આધાર હોય તેને અધિકરણ કહેવામાં આવે છે. ક્રિયાનું સ્થાન કે ક્રિયાનો સમય બતાવનાર પદો અધિકરણ વિભક્તિમાં છે એમ કહેવાય.

ઉદાહરણો :

નહીં વૃક્ષ કે નહીં વેલ નહીં પાન નહીં ફૂલે.

સાહેબ ખુરશીમાં બેસીને વાતો કરવા લાગ્યાં.

રમેશભાઈ શામળાજી સુધી અમારી સાથે આવ્યાં.

વરસાદ વરસ્યા પછી વાતાવરણમાં ઠંડક હતી.

ભૂતળ ભક્તિ પદાર્થ મોટું બ્રહ્મલોકમા નાહીં રે.

8. સંબોધન વિભક્તિ (અષ્ટમી વિભક્તિ) :

- સંબોધન વિભક્તિ એક અર્થમાં કર્તા વિભક્તિ છે. વાક્યોમાં કોઈને સંબોધન કરવામાં આવ્યું હોય તો તે પદને સંબોધન વિભક્તિ કહેવાય. સંબોધન વિભક્તિનું પદ વાક્યથી સ્વતંત્ર હોય છે. સંબોધન વિભક્તિમાં હે, ઓ, વગેરે જેવા પ્રત્યયો પ્રયોજાય છે. એમાં કોઈ અનુગ કે નામયોગીનો ઉપયોગ થતો નથી. આ વિભક્તિ અલ્પવિરામ કે ઉદ્‌ગારચિહ્નથી જુદી પાડવામાં આવે છે.

ઉદાહરણો :

દાદાજી ! અમને વાર્તા કહો.

પૂજ્ય પિતાજી ! સવિનય નમસ્કાર.

ગોવિંદ, તું તારા બાળકોને લઈને શહેર ચાલ્યો જા.

સ્વામીજી, તમે ઘરે ક્યારે પધારશો.

મુંજાલ ! તમારી વાત સત્ય છે.

વિભક્તિ ટૂંકસાર :

નામ	પ્રત્યય	કાર્ય	પ્રકાર	યુક્તિ
(1) પ્રથમા - કર્તા	શૂન્ય, એ	ક્રિયાનો કરનાર	કારક	કોણ, કોણે.
(2) દ્વિતીયા - કર્મ	શૂન્ય, ને	કર્તા જે કરે તે ક્રિયાનું ફળ, અસર	કારક	શું
(3) તૃતીયા - કરણ	એ, થી	ક્રિયાનું સાધન	કારક	શાનાથી
(4) ચતુર્થી - સંપ્રદાન	ને	ક્રિયાનું પ્રયોજન, ક્રિયાનું લક્ષ્ય	કારક	કોને
(5) પંચમી - અપાદાન	થી, માંથી	ક્રિયાનું છૂટું પડવું	કારક	ક્યાંથી ક્યારથી
(6) ષષ્ઠી - સંબંધક	નું, ના, ની, નો, નાં	નામ સાથે નામનો સંબંધ	વિશેષણ	કોનું
(7) સપ્તમી - અધિકરણ	માં, એ	ક્રિયાનું સ્થળ, ક્રિયાનો સમય	કારક	ક્યાં, ક્યારે.

- નીચેનાં વાક્યોની વિભક્તિ ઓળખાવો.

1. મેં ધોબીને કપડાં આપ્યાં.
2. અમે બધાં ખૂબ હળીમળીને રહેતાં.
3. પુસ્તક હાથમાંથી પડી ગયું.
4. છરી વડે શાક સમાર્યું.
5. પિતાજી હું બજારમાં જાઉં છું.
6. નમ્રતા દાદાજીને જુએ છે.
7. રાત્રે ઘરમાં દીવો બળતો રહે છે.
8. બપોરની ટ્રેનમાં જાઉં છું.

જવાબો : (1) ચતુર્થી વિભક્તિ (2) પ્રથમા વિભક્તિ (3) પંચમી વિભક્તિ (4) તૃતીયા વિભક્તિ (5) અષ્ટમી વિભક્તિ (6) દ્વિતીયા વિભક્તિ (7) સપ્તમી વિભક્તિ (8) ષષ્ઠી વિભક્તિ

સ્વર અને વ્યંજન

- સ્વર એટલે શું ?

- ધ્વનિ-ઉચ્ચારણ કરતી વખતે ફેફસાંમાંથી ઉચ્છ્‌વાસ રૂપે નીકળતી હતી, કોઈ પણ સ્થળે અવરોધાયા વગર, જીભની ઉપરની દીવાલને સ્પર્શ્યા વગર મુખ વાટે બહાર નીકળતાં જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તેને સ્વર કહે છે.
- ગુજરાતીના માન્ય સ્વરો નીચે મુજબ છે.
  અ, આ ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, એ, ઐ, ઓ, ઓ, ઔ

- સ્વરોનું વર્ગીકરણ :

(1) હ્રસ્વ અને દીર્ઘ સ્વરો :

અ, ઇ, ઉ, અને ઋ હ્રસ્વ સ્વરો છે.

આ, ઈ, ઊ, એ, એ, ઐ, ઓ, ઓ, ઔ દીર્ઘ સ્વરો છે.

(2) અગ્રસ્થાનીય, મધ્યસ્થાનીય અને પશ્ચસ્થાનીય સ્વરો :

સ્વરોના ઉચ્ચારણમાં જીભ મહત્ત્વનું કાર્ય કરે છે.

જે સ્વરના ઉચ્ચારણમાં જીભનો આગળનો ભાગ એટલે જીભના

ટેરવા પાસેનો ભાગ ઊંચો થાય છે તેવા સ્વરોને અગ્રસ્થાનીય કે અગ્ર સ્વરો કહે છે. જેમ કે - ઇ, ઈ, એ, ઍ, ઐ.

જે સ્વરના ઉચ્ચારણમાં જીભનો મધ્યભાગ ઊંચો થાય છે તેને મધ્યસ્થાનીય કે મધ્ય સ્વરો કહે છે. જેમ કે - અ, આ.

જે સ્વરના ઉચ્ચારણમાં જીવનો પાછળનો ભાગ ઊંચો થાય છે તેને પશ્ચસ્થાનીય કે પૃષ્ઠ સ્વરો કહે છે. જેમ કે - ઉ, ઊ, ઓ, ઔ.

(3) સંવૃત્ત, અર્ધસંવૃત્ત, અર્ધવિવૃત્ત કે વિવૃત્ત સ્વરો :

જે સ્વરના ઉચ્ચારણમાં મોં લગભગ બંધ જેવું હોય તેને સંવૃત્ત સ્વરો કહે છે. જેમ કે - ઇ, ઈ, ઉ, ઊ.

જે સ્વરના ઉચ્ચારણમાં મોં થોડું જ ખુલ્લું હોય તેને અર્ધસંવૃત્ત સ્વરો કહે છે. જેમ કે - એ, ઐ, ઓ, ઔ.

જે સ્વરના ઉચ્ચારણમાં મોં અર્ધ ખુલ્લું હોય તેને અર્ધવિવૃત્ત સ્વરો કહે છે. જેમ કે - અ.

જે સ્વરના ઉચ્ચારણમાં મોં આખું ખુલ્લું હોય તેને વિવૃત સ્વરો કહે છે. જેમ કે - **આ, ઍ, ઑ.**

નોંધ : વિવૃત્ત સ્વરો ઍ અને ઑ નો ઉપયોગ વિદેશી ભાષાના શબ્દોની જોડણીમાં થાય છે. જેમ કે - **બૅન્ક, ઍન્જિન, ઝૅરોક્સ, ઑફિસ, કૉલેજ.**

ગુજરાતી ભાષાના શબ્દોની જોડણીમાં તેને ઉપયોગ થતો નથી, પરંતુ ઉચ્ચારણમાં તેનો અવશ્ય ઉપયોગ થાય છે. જેમ કે, ગોળ (આકૃતિ), ગૉળ (ઑ) ખાદ્યપદાર્થ.

સ્વર અંગેની વિશેષ માહિતી :

ઐ અને ઔ સંયુક્ત સ્વરો છે.

'ઍ' અને 'ઑ', સિવાયના બધા સ્વરો અનુસ્વાર સાથે આવી શકે છે. જેમ કે - **કંઈ, આંખ, નહીં, શું, હેં, ચૂં, મોં, પૌંઆ.**

સ્વરોના ઉચ્ચારણ વખતે સ્વરતંત્રીમાં કંપન થતું હોવાથી બધા સ્વરો ઘોષ સ્વરો છે.

બે સ્વરોના સંયોજનથી બનતા સ્વર સ્વરયુગ્મો કહેવાય છે. જેમ કે - અઈ (જઈશ), અઉ (જઉ), આઈ (નવાઈ), એઈ (જૈન), ઉ/ઊઈ (મૂઈ), ઓઈ (રસોઈ), ઓઉ (જોઉ), આઉ (પાઉડર), અને આઓ (ગાઓ) વગેરે

- **ગુજરાતી ભાષાના વ્યંજનો :**
- **વ્યંજન એટલે શું ?**

વ્યંજનો સ્વરની જેમ સ્વતંત્ર રીતે ઉચ્ચારી શકાતા નથી, પણ તેની સાથે સ્વરની સહાય લેવી પડે, તેમાં સ્વરનું અંજન લગાડવું પડે તેથી તે વ્યંજન કહેવાય છે.

વાગવયવોની દૃષ્ટિએ જોતાં જે ધ્વનિના ઉચ્ચારણ વખતે ફેફસાંમાંથી નીકળેલી હવા સ્વરપેટીમાંથી પસાર થઈ માર્ગમાં વાગવયવોના સંપૂર્ણપણે કે આંશિક રીતે અવરોધાઈને મુખવિવર કે નાસિકાવિવર દ્વારા બહાર આવે તેવા ધ્વનિને વ્યંજનો કહે છે.

ગુજરાતીના માન્ય **34** વ્યંજનો નીચે મુજબ છે.

ક્ / ખ્ / ગ્ / ઘ્ / ઙ્ / ચ્ / છ્ / જ્ / ઝ્ / ઞ્ / ટ્ / ઠ્ / ડ્ / ઢ્ / ણ્ / ત્ / થ્ / દ્ / ધ્ / ન્ / પ્ / ફ્ / બ્ / ભ્ / મ્ / ય્ / ર્ / લ્ / વ્ / શ્ / ષ્ / સ્ / હ્ / અને ળ્.

- **વ્યંજનોનું વર્ગીકરણ :**

(1) ઉચ્ચારણના સ્થાનને આધારે :

- **કંઠય વ્યંજનો :** જે વ્યંજનોના ઉચ્ચારણમાં જીભ તાળવાના છેક પાછળના ભાગે કંઠ નજીકના ભાગને સ્પર્શે છે તેને કંઠ્ય વ્યંજનો કહે છે. જેમ કે - ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, અને હ્.
- **તાલવ્ય વ્યંજનો :** જે વ્યંજનના ઉચ્ચારણમાં જીભ તાળવાને સ્પર્શે છે. તેને તાલવ્ય વ્યંજનો કહે છે. જેમ કે - ચ્, છ્, જ્, ઝ્, ઞ્, શ્, અને ય્.
- **મૂર્ધન્ય વ્યંજનો :** જે વ્યંજનના ઉચ્ચારણમાં જીભ દાંતની ઉપરના ભાગને - મૂર્ધાને (ઉપરના દાંતના મૂળ અને તાળવાના વચ્ચેનો ભાગ) સ્પર્શે છે તેને મૂર્ધન્ય વ્યંજનો કહે છે. જેમ કે - ટ્, ઠ્, ડ્, ઢ્, ણ, ષ્, અને ળ્.
- **દંતવ્ય વ્યંજનો :** જે વ્યંજનના ઉચ્ચારમાં જીભનું ટેરવું દાંતને સ્પર્શે છે તેને દંતવ્ય વ્યંજનો કહે છે. જેમ કે - ત્, થ્, દ્, ધ્, ન્, સ્, ર્ એ લ્.
- **ઓષ્ઠવ્ય વ્યંજનો :** જે વ્યંજનના ઉચ્ચારમાં નીચેનો હોઠ ઉપરના હોઠને સ્પર્શે છે તેને ઓષ્ઠવ્ય વ્યંજનો કહે છે. જેમ કે - પ્, ફ્, બ્ ભ્, મ્ અને વ્.

(2) ધ્વનિ-ઉચ્ચારણમાં નીકળતી હવાના સ્પર્શ કે સંઘર્ષ કે માર્ગને આધારે.

- **સ્પર્શ વ્યંજનો :** જે ધ્વનિના ઉચ્ચારણમાં જીભ કે હોઠ, ઉપરના કોઈપણ ભાગને સ્પર્શી ક્ષણવાર હવાને રોકે અને પછી હવાને છોડી દે એનાથી ઉચ્ચારતા ધ્વનિને 'સ્પર્શ ધ્વનિઓ' કહેવામાં આવે છે. ક્ થી મ્ સુધીના 25 સ્પર્શ વ્યંજનો છે. જો કે - ચ્, છ્, જ્, અને ઝ્ ને સ્પર્શસંઘર્ષી વ્યંજનો કહેવામાં આવે છે.
- **સ્પર્શસંઘર્ષી વ્યંજનો :** જે ધ્વનિના ઉચ્ચારમાં હવા પૂરેપૂરી રોકવાના બદલે થોડી જગ્યા રાખે અને ઘસાઈને નીકળે તેવા ધ્વનિને સ્પર્શસંઘર્ષી વ્યંજનો કહે છે. જેમ કે - ચ્, છ્, જ્ અને ઝ્ સ્પર્શસંઘર્ષી વ્યંજનો છે.
- **સંઘર્ષી વ્યંજનો :** જે ધ્વનિના ઉચ્ચારણમાં એક અવયવ બીજા અવયવની નજીક આવી જતાં હવા સાંકડા માર્ગમાંથી ઘસાઈને બહાર નીકળે છે તેવા વ્યંજનને સંઘર્ષી વ્યંજન કહે છે. જેમ કે - શ્, ષ્, સ્ અને હ્.
- **પાર્શ્વિક વ્યંજન :** જે વ્યંજનના ઉચ્ચારણમાં હવા જીભની બે બાજુએથી ઘસાઈને પસાર થાય તેવા વ્યંજનને પાર્શ્વિક વ્યંજન કહે છે. જેમ કે - લ્.

- **પ્રકંપી વ્યંજન :** જે વ્યંજનના ઉચ્ચારણમાં જીભનું પ્રકંપન - ધ્રૂજન થાય છે તે વ્યંજનને પ્રકંપી વ્યંજન કહે છે, જેમ કે ર્.
- **થડકારવાળો વ્યંજન :** જે વ્યંજનના ઉચ્ચારમાં જીભ ઊંચે જઈને તરત જ નીચે પછડાય છે તેને થડકારવાળો વ્યંજન કહે છે. જેમ કે - ળ્.

(3) **ઘોષ, અને અઘોષ વ્યંજન :**

- જે વ્યંજનના ઉચ્ચારણ વખતે સ્વરતંત્રી કે નાદતંત્રીમાં કંપન થાય તે વ્યંજનોને ઘોષ વ્યંજનો કહે છે અને જે વ્યંજનના ઉચ્ચારણ વખતે નાદતંત્રી નિષ્કંપ હોય એટલે કે કંપન ન થતું હોય તેને અઘોષ વ્યંજન કહે છે.
- નીચેના વ્યંજનો અઘોષ વ્યંજનો છે.

ક્ ખ્, ચ્, છ્, ટ્, ઠ્, ત્, થ્, પ્, ફ્, શ્, ષ્, અને સ્.

- નીચેના વ્યંજનો ઘોષ વ્યંજનો છે.

ગ્, ઘ, ઙ્, જ્, ઝ્, ઞ્, ડ્, ઢ્, ણ, દ્, ધ, ન્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, હ્, અને ળ,

(4) **અનુનાસિક વ્યંજનો અને નિરનુનાસિક વ્યંજનો :**

- જે વ્યંજનના ઉચ્ચારણમાં હવા નાસિકાવિવરમાં થઈને બહાર આવે છે તેવા વ્યંજનને અનુનાસિક વ્યંજન કહે છે. જે વ્યંજનના ઉચ્ચારણમાં હવા મુખવિવરમાં થઈને બહાર આવે છે તેને નિરનુનાસિક વ્યંજનો કહે છે.
- ઙ્, ઞ્, ણ્, ન્ અને મ્ અનુનાસિક વ્યંજનો છે. બાકીના નિરનુનાસિક વ્યંજનો છે.

(5) **અલ્પપ્રાણ અને મહાપ્રાણ વ્યંજનો :**

- જે વ્યંજનના ઉચ્ચારણમાં હવાના ઓછા પ્રમાણની જરૂર પડે છે તેને અલ્પપ્રાણ વ્યંજનો કહે છે.
- જે વ્યંજનના ઉચ્ચારણમાં હવાના વધુ પ્રમાણની જરૂર પડે છે તેને મહાપ્રાણ વ્યંજનો કહે છે.
- ક્, ગ્, ચ્, જ્, ટ્, ડ્, ત્, દ્, પ્, અને બ્ અલ્પપ્રાણ વ્યંજનો છે.
- ખ્, ઘ્, છ્, ઝ્, ઠ્, ઢ્, થ્, ધ્, ફ્, અને ભ્ મહાપ્રાણ વ્યંજનો છે.

(6) **અર્ધસ્વરો :**

- ય્ અને વ્ નો અમુક જગ્યાએ સ્વર જેવો તો અમુક જગ્યાએ વ્યંજન જેવો ઉચ્ચાર થાય છે માટે ય્ અને વ્ ને અર્ધસ્વરો કહે છે.

(7) **જોડાક્ષરો :**

- ક્ષ એ ક્ + ષ નો બનેલો જોડાક્ષર છે.
- જ્ઞ એ જ્ + ઞ નો બનેલો જોડાક્ષર છે.
- ત્ર એ ત્ + ર નો બનેલો જોડાક્ષર છે.
- શ્ર એ શ્ + ર નો બનેલો જોડાક્ષર છે.

- **વ્યંજનો અને સ્વરો વચ્ચેનો તફાવત :**

(1) વ્યંજનોનું સ્વતંત્ર રીતે ઉચ્ચારણ થઈ શકતું નથી, જ્યારે સ્વરોનું સ્વતંત્ર રીતે ઉચ્ચારણ થઈ શકે છે.

(2) વ્યંજનોના ઉચ્ચારણ વખતે ફેફસાંમાંથી સ્વરપેટીમાં થઈને આવતી હવા માર્ગમાં અવરોધિત થઈને બહાર નીકળે છે. સ્વરોના ઉચ્ચારણમાં હવા અવરોધ વગર બહાર નીકળે છે.

(3) વ્યંજનોમાં કેટલાક અઘોષ ધ્વનિ છે તો કેટલાક ઘોષ ધ્વનિ, બધા સ્વરો ઘોષ ધ્વનિ છે.

(4) સ્વરોના ઉચ્ચારણમાં ફેફસાંમાંથી નીકળેલી હવા મુખવિવરમાં થઈને બહાર નીકળે છે, વ્યંજનોના ઉચ્ચારણમાં અનુનાસિક વ્યંજનોમાં હવા નાસિકાવિવરમાં થઈને બહાર આવે છે. અનુનાસિક વ્યંજનો સિવાયના વ્યંજનોના ઉચ્ચારણમાં હવા મુખવિવરમાં થઈને બહાર આવે છે.

(5) બધા જ સ્વરોના ઉચ્ચારણમાં નાદતંત્રીમાં કંપના થાય છે, જ્યારે કેટલાક વ્યંજનોના ઉચ્ચારણમાં (અઘોષ વ્યંજનોમાં) નાદતંત્રીમાં કંપન થતું નથી.

- **શબ્દના ધ્વનિ છૂટાં પાડો.**

સળગી = સ્ + અ + ળ્ + અ + ગ્ + ઈ
મહાનલ = મ્ + અ + હ્ + આ + ન્ + અ + લ
જન = જ્ + અ + ન્
તણખો = ત્ + અ + ણ્ + અ + ખ્ + ઓ
ચિનગારી = ચ્ + ઈ + ન્ + અ + ગ્ + આ + ર્ + ઈ
ખરચી = ખ્ + અ + ર્ + અ + ચ્ + ઈ
વેણુ = વ્ + એ + ણ + ઉ
ભિસ્તી = ભ્ + ઈ + સ્ + ત્ + ઈ
ભિખારી = ભ્ + ઈ + ખ્ + આ + ર્ + ઈ
ખુશનુમા = ખ્ + ઉ + શ્ + અ + ન્ + ઉ + મ્ + આ
પ્રયત્ન = પ્ + ર્ + અ + ય્ + અ + ત્ + ન્ + અ
પ્રસન્નતા = પ્ + ર્ + અ + સ્ + અ + ન્ + ન્ + અ + ત્ + આ
બંદોબસ્ત = બ્ + અ + ન્ + દ્ + ઓ + બ્ + અ સ્ + ત્ + અ
સ્મૃતિ = સ + મ્ + ઋ + ત્ + ઈ
ગાંધીનગર = ગ્ + આ + ન્ + ધ્ + ઈ + ન્ + ગ્ + અ + ર્
પ્રકૃતિ = પ્ + ર્ + અ + ક્ + ઋ + ત્ + ઈ
શરૂઆત = શ્ + અ + ર્ + ઊ + આ + ત્
મંત્રી = મ્ + અ + ન્ + ત્ + ર્ + ઈ

સિક્કા = સ્ + ઈ + ક્ + ક્ + આ
સોનુ = સ્ + ઓ + ન + ઉ
ગરીબ = ગ્ + અ + ર્ + ઈ + બ્
બેન્ક = બ્ + એ + ન્ + ક્ + અ
ધૂળિયે = ધ્ + ઊ + ળ્ + ઈ + ય્ + એ
સમસ્યા = સ્ + અ + મ્ + અ + સ્ + ય્ + આ
કિસ્મત = ક્ + ઈ + સ્ + મ્ + અ + ત્
ક્ષમાયાચના = ક્ + શ્ + અ + મ્ + આ + ય્ + આ + ચ્ + અ + ન્ + આ
બ્રાહ્મણ = બ્ + ર્ + આ + હ્ + મ્ + અ + ણ્
સ્ફૂર્તિ = સ્ + ફ્ + ઊ + ર્ + ત્ + ઈ
ચંદ્ર = ચ્ + અં + દ્ + ર્ + અ
વીજળી = વ્ + ઈ + જ્ + અ + ળ્ + ઈ
ઉત્કૃષ્ટ = ઉ + ત્ + ક્ + ઋ + ષ્ + ટ્ + અ
વિદ્વતા = વ્ + ઈ + દ્ + વ્ + અ + ત્ + આ
જ્ઞાનચક્ષુ = ગ્ + ન્ + આ + ન્ + અ + ચ્ + ક્ + ષ્ + ઉ
કૃષ્ણ = ક્ + ર્ + ઉ + ષ્ + ણ્ + અ
સ્મૃતિ = સ્ + મ્ + ઋ + ત્ + ઈ
અન્નકૂટ = અ + ન્ + ન્ + અ + ક્ + ઊ + ટ્
કાર્યક્રમ = ક્ + આ + ર્ + ય્ + ક્ + ર્ + અ + મ્
ક્રમબદ્ધ = ક્ + ર્ + અ + મ્ + અ + બ્ + અ + દ્ + ધ + અ
સૌંદર્ય = સ્ + ઔ + ન્ + દ્ + અ + ર્ + ય્ + અ
અસ્તિત્વ = અ + સ્ + ત્ + ઈ + ત્ + વ્ + અ
ઔદ્યોગિક = અ + સ્ + ત્ + ઓ + ગ્ + ઈ + ક્
અરવલ્લી = અ + ર્ + અ + વ્ + અ + લ્ + લ્ + ઈ
મર્યાદા = મ્ + અ + ર્ + ય્ + આ + દ્ + આ
પ્રત્યક્ષ = પ્ + ર્ + અ + ત્ + ય્ + અ + ક્ + ષ્ + અ
વિશ્વાસુ = વ્ + ઈ + શ્ + વ્ + આ + સ્
શિલ્પ = શ્ + ઈ + લ્ + પ્ + અ
શ્રવણ – શ્ + ર્ + અ + વ્ + અ + ણ્
આધ્યાત્મિક = આ + ધ્ + ય્ + આ + ત્ + મ્ + ઈ + ક્ + અ
જીવન = જ્ + ઈ + વ્ + અ + ન્ + અ
સાક્ષાત્કાર = સ્ + આ + ક્ + ષ્ + આ + ત્ + ક્ + આ + ર્ + અ
મુઠ્ઠી = મ્ + ઉ + ઠ્ + ઠ્ + ઈ

પ્રાયશ્ચિત = પ્ + ર્ + આ + ય્ + અ + શ્ + ચ્ + ઈ + ત્
પ્રતિજ્ઞા = પ્ + ર્ + અ + ત્ + ઈ + જ્ + ન્ + આ
પરિશ્રમ = પ્ + અ + ર્ + ઈ + શ્ + ર્ + અ + મ્
સૂર્ય = સ્ + ઊ + ર્ + ય્ + અ
પ્રકૃતિ = પ્ + ર્ + અ + ક્ + ઋ + ત્ + ઈ
ચિઠ્ઠી = ચ્ + ઈ + ઠ્ + ઠ્ + ઈ
ભવિષ્ય = ભ્ + અ + વ્ + ઈ + ષ્ + ય્ + અ
રણછોડ = ર્ + અ + ણ્ + અ + છ્ + ઓ + ડ્ + અ
ગુર્જરી = ગ્ + ઉ + ર્ + જ્ + અ + ર્ + ઈ
વર્તન = વ્ + અ + ર્ + ત્ + અ + ન્ + અ
આમંત્રણ = આ + મ્ + અં + ત્ + ર્ + અ + ણ્ + અ
ત્રિકમ = ત્ + ર્ + ઈ + ક્ + અ + મ્ + અ
સંસ્કૃતિ = સ્ + અં + સ્ + ક્ + ઋ + ત્ + ઈ
સ્વચ્છતા = સ્ + વ્ + અ + ચ્ + છ્ + અ + ત્ + આ
સ્થાપત્ય = સ્ + થ્ + આ + પ્ + અ + ત્ + ય્ + અ
ગૌમાતા = ગ્ + ઔ + મ્ + આ + ત્ + આ
સમુદ્ર = સ્ + અ + મ્ + ઉ + દ્ + ર્ + અ
પ્રવેશ = પ્ + ર્ + અ + વ્ + એ + શ્ + અ
તપશ્ચર્યા = ત્ + અ + પ્ + અ + શ્ + ચ્ + અ + ર્ + ય્ + આ
ઈશ્વર = ઈ + શ્ + વ્ + અ + ર્ + અ
છાવણી = છ્ + આ + વ્ + અ + ણ્ + ઈ
ટહુકો = ટ્ + અ + હ્ + ઉ + ક્ + ઓ
સિંહાસન = સ્ + ઈ + હ્ + આ + સ્ + અ + ન્ + અ
પૂર્વજો = પ્ + ઊ + ર્ + વ્ + અ + જ્ + ઓ
પુણ્યભૂમિ = પ્ + ઉ + ણ્ + ય્ + અ + ભ્ + ઊ + મ્ + ઈ
કૃત્રિમ = ક્ + ઋ + ત્ + ર્ + ઈ + મ્ + અ
આર્થિક = આ + ર્ + થ્ + ઈ + ક્ + અ
માતૃભૂમિ = મ્ + આ + ત્ + ઋ + ભ્ + ઊ + મ્ + ઈ
પ્રાર્થના = પ્ + ર્ + આ + ર્ + થ્ + અ + ન્ + આ
વિજ્ઞાન = વ્ + ઈ + જ્ + ગ્ + આ + ન્ + અ
ત્રિશૂળ = ત્ + ર્ + ઈ + શ્ + ઊ + ળ્ + અ

- **નીચેના દરેક પ્રશ્ન માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.**

1. નીચે આપેલા વર્ણ પૈકી કયો વર્ણ સ્વર છે ?
(A) ઓ (B) ગ (C) પ (D) ય

2. નીચે આપેલા વર્ણ પૈકી કયો વર્ણ વ્યંજન છે ?
(A) અ (B) ઈ (C) ઔ (D) મ

3. નીચેના પૈકી કયો ધ્વનિ અઘોષ ધ્વનિ છે ?
(A) ઝ (B) ઠ (C) વ (D) બ

4. નીચેના પૈકી કયો ધ્વનિ ઘોષ ધ્વનિ છે ?
(A) ત (B) ધ (C) થ (D) સ

5. નીચેના પૈકી કયો વર્ણ અલ્પપ્રાણ છે ?
(A) ઘ્ (B) ખ્ (C) ફ્ (D) છ્

6. નીચેના પૈકી કયો વર્ણ કંઠ્ય સ્થાને ઉત્પન્ન થાય છે ?
(A) ય્ (B) થ્ (C) ટ્ (D) ખ્

7. જીભના આગળના ભાગમાંથી કયો વર્ણ ઉત્પન્ન થાય છે ?
(A) ઢ્ (B) ફ્ (C) ગ્ (D) બ્

8. જીભનો મધ્ય ભાગ તાળવા પાસે જઈને હવાને રોકે ત્યારે ઉત્પન્ન થતા ધ્વનિને શું કહેવામાં આવે છે ?
(A) કંઠ્ય (B) ઓષ્ઠ્ય (C) તાલવ્ય (D) દંત્ય

જવાબો : 1. (A) 2. (D) 3. (B) 4. (B) 5. (C) 6. (D) 7. (A) 8. (C)

વિશેષણ

- ➤ નામ કે સર્વનામના અર્થમાં જે પદ વધારો કરે તે પદને વિશેષણ કહેવામાં આવે છે. વિશેષણનું કામ વાક્યમાં નામ કે સર્વનામના અર્થમાં વધારો કરવાનું છે.
- ➤ વિશેષણ ગુણનું વાચક પણ હોય છે. કોઈ વ્યક્તિના રંગ, રૂપ, માપ, ગુણ, આકાર વગેરેનું નિર્દેશક પણ છે.
- ➤ વિશેષણના મુખ્ય પ્રકારો નીચે મુજબ છે :

(1) ગુણવાચક વિશેષણ : જે પદ નામ કે સર્વનામના ગુણમાં વધારો સૂચવે તેને ગુણવાચક વિશેષણ કહેવામાં આવે છે. **દા.ત.** પ્રિય, સારું, સુંદર, વહેલું, રંગીન, પીળો, જાડો.

મને રંગીન ફૂલ ગમે છે.

જાડો માણસ દોડી શકતો નથી.

(2) સંખ્યાવાચક વિશેષણ : જે પદ નામ કે સર્વનામની સંખ્યામાં વિશેષતા સૂચવે તેને સંખ્યાવાચક વિશેષણ કહેવામાં આવે છે. **દા.ત.** એક, બે, પ્રથમ, અંતિમ, બધા, થોડાં, કેટલાંક, ડઝન, બમણાં.

મારી ઓફિસમાં પચાસ કર્મચારી છે.

મારા કુટુંબમાં સાત સભ્યો છે.

(3) ક્રમવાચક વિશેષણ : જે પદ ક્રમ દર્શાવે તેને ક્રમવાચક વિશેષણ કહેવામાં આવે છે. **દા.ત.** પહેલું, બીજું, ઉપરનું, આગળનું, છેલ્લું, વચ્ચે.

પ્રશાંત પહેલો આવ્યો.

વચ્ચેનું પુસ્તક તમને આપવાનું છે.

(4) પ્રમાણવાચક વિશેષણ : જે પદ પ્રમાણ-માપ દર્શાવે તેને પ્રમાણવાચક વિશેષણ કહેવામાં આવે છે. **દા.ત.** આખું, અડધું, થોડું, ઘણું, આટલું, ભરપૂર, ખૂબ.

ગઈ રાત્રીએ ખુબ વરસાદ પડ્યો.

નદીમાં ભરપૂર પાણી આવ્યું હતું.

(5) પ્રશ્નવાચક વિશેષણ : જે પદ પ્રશ્નાર્થમાં વપરાય તેને પ્રશ્નવાચક વિશેષણ કહેવામાં આવે છે. **દા.ત.** શું, કેમ, ત્યારે, ક્યાં.

તમે ક્યાં જવાના છો ?

મને શું ગમે છે ?

(6) અનિશ્ચયવાચક વિશેષણ : જે પદ વાક્યમાં અનિશ્ચય દર્શાવે તેને અનિશ્ચયવાચક વિશેષણ કહેવામાં આવે છે. **દા.ત.** કંઈ, કોઈ, કશું, કોઈક.

કોઈકનો અવાજ મને સંભળાયો.

કેટલાંક લોકો ત્યાં આવ્યા હતા.

(7) દર્શક વિશેષણ : પદાર્થ કે વસ્તુને દર્શાવવા માટે જે પદ વપરાય તેને દર્શક વિશેષણ કહેવામાં આવે છે. **દા.ત.** આ, તે, પેલું.

આ બહુ સરસ પુસ્તક છે.

પેલું ઝાડ ઘણું ઊંચું છે.

(8) સાપેક્ષ વિશેષણ : જે પદ વાક્યમાં અને બીજાની અપેક્ષાએ આવે તેને સાપેક્ષ વિશેષણ કહેવામાં આવે છે. **દા.ત.** જે - તે, જ્યારે - ત્યારે, જેવો - એવો.

જેવું અન્ન તેવું ઓડકાર.

જેવો ગોળ નાખશો તેવું ગળ્યું થશે.

- **નીચેના વાક્યોમાંથી વિશેષણ શોધીને લખો.**

(1) મને રંગીન ફૂલો ગમે છે.
(2) શાળામાં દસ વિદ્યાર્થીઓ હતા.
(3) ગીતાએ પરીક્ષામાં દસમું સ્થાન મેળવ્યું.
(4) ગઈ રાત્રીએ ખૂબ વરસાદ પડ્યો.
(5) મને ખાટી કેરી ખાવી ગમે છે.
(6) ભાવનગરમાં એક ગોળ બગીચો છે.

(7) કેટલાંક લોકો એકઠાં થયાં હતાં.
(8) વચ્ચેનું પુસ્તક તમને આપવાનું છે.
(9) નદીમાં **ભરપૂર** પાણી આવ્યું.
(10) દાદા **ગરમ** ચા પીએ છે.
(11) મારા માસી પૂજાનું ચંદન ઘસતા હતા.
(12) સરકાર પાસે અનાજનો **વિપુલ** જથ્થો છે.
(13) **કોઈકનો** અવાજ મને સંભળાયો.
(14) આ વિદ્યાર્થી ખૂબ જ **હોશિયાર** છે.
(15) જેવો આહાર તેવો ઓડકાર
(16) કઈ બાજુએ જવાનું છે ?
(17) તમે લોકો શું સમજો છો ?
(18) **શ્યામ** રંગ સમીપે ન જાવું હો રાજ.
(19) જેવું - તેવું કાપડ મને ન ગમે.
(20) **કયો** માણસ આવ્યો હતો ?

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. નીચેના વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.
તે અષ્ટકોણી વાવ જોવાલાયક છે.
(A) પરિમાણવાચક (B) આકારવાચક
(C) રંગવાચક (D) કર્તૃવાચક

2. નીચેના વાક્યમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.
દાળમાં મીઠો લીમડો જરૂરી છે.
(A) કર્તુવાચક (B) સ્વાદવાચક
(C) રંગવાચક (D) આકારવાચક

3. નીચેના વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.
પહેલા નંબરનું ફળિયું તે અમારું ફળિયું.
(A) સંખ્યાવાચક (B) આકારવાચક
(C) પરિમાણવાચક (D) સાર્વનામિક

4. નીચેના વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.
ગોળ સિક્કા જોવાની ખૂબ મજા આવતી.
(A) સ્વાદવાચક (B) પરિમાણવાચક
(C) સાર્વનામિક (D) આકારવાચક

5. પંદરસો માણસ એકસામટા ડૂબ્યા. રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.
(A) ગુણવાચક (B) સંખ્યાવાચક
(C) પરિમાણવાચક (D) રંગવાચક

6. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.
ઈશ્વરની અસીમ કૃપા સૌના પર હોય છે.
(A) કર્તૃવાચક (B) રંગવાચક
(C) પરિમાણવાચક (D) ગુણવાચક

7. નીચે આપેલા વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.
ભાવના તો મારી નાનપણની સખી છે.
(A) સંબંધવાચક (B) ગુણવાચક
(C) પરિમાણવાચક (D) સાર્વનામિક

8. સરદાર પટેલ લોખંડી પુરુષ હતા. રેખાંકિત પદ ઓળખાવો.
(A) ક્રમવાચક વિશેષણ (B) સંખ્યાવાચક વિશેષણ
(C) ભાવવાચક વિશેષણ (D) ગુણવાચક વિશેષણ

9. નીચે આપેલા શબ્દોમાંથી વિશેષણ શોધો.
(A) નિત્ય (B) આરંભ
(C) ચોપડી (D) આકરો

10. કોઈને વધાર કામ કરવું નથી. વિશેષણનો પ્રકાર કયો છે ?
(A) દર્શકવાચક (B) સાપેક્ષવાચક
(C) પરિમાણવાચક (D) સંખ્યાવાચક

જવાબો : 1. (B) 2. (B) 3. (A) 4. (D) 5. (B) 6. (C) 7. (D) 8. (D) 9. (D) 10. (C)

ક્રિયાવિશેષણ

- **ક્રિયાવિશેષણ એટલે ?**

➤ જેવી રીતે વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે તેવી રીતે ક્રિયાવિશેષણ ક્રિયાના અર્થમાં વધારો કરે છે. ક્રિયા થઈ છે કે નથી થઈ, થઈ તો ક્યારે થઈ, ક્યાં થઈ, કેવી રીતે થઈ, શા માટે થઈ - એ ક્રિયાવિશેષણાત્મક પદો દર્શાવે છે. નીચેનાં વાક્યો જોઈએ.

અ	બ
હું જઈશ.	હું સવારે જઈશ.
ખુરશી મૂકો.	ખુરશી અહીં મૂકો.
તમે ચાલો.	તમે ધીમે ચાલો.

➤ ઉપર 'અ' વિભાગના વાક્યોમાં 'જઈશ', 'મૂકો', 'ચાલો', જેવાં પદ ક્રિયા દર્શાવે છે એટલે કે ક્રિયાપદ છે, જ્યારે 'બ' વિભાગના પદમાં 'સવારે' 'અહીં' 'ધીમે' જેવાં પદ ક્રિયા ક્યારે, ક્યાં, કેવી રીતે થઈ એ દર્શાવે છે. પહેલા વાક્યમાં જવાની ક્રિયા સવારે થવાની છે એ સમય દર્શાવાયો છે, તો બીજા વાક્યમાં ખુરશી મૂકવાનું સ્થળ દર્શાવ્યું છે. ત્રીજા વાક્યમાં ચાલવાની ક્રિયા કેવી કરવી એ સૂચવાયું છે.

ક્રિયાવિશેષણ ક્રિયાનો સમય, ક્રિયાનું સ્થળ, ક્રિયાની રીત કે આવૃત્તિ, ક્રિયાનું પ્રમાણ, ક્રિયાનો ક્રમ, સ્વીકાર કે નકાર દ્વારા ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

➤ એટલે - જે પદો (શબ્દો) ક્રિયાપદની સાથે આવીને ક્રિયાના અર્થમાં વધારો કરે છે તેને ક્રિયાવિશેષણ કહે છે.

દા.ત. હવે, જરૂર, ક્યાં, બહાર, ભલે, તરત, નજીક, જરાક, પાછળ, અગાઉ

➤ ક્રિયાવિશેષણના અર્થ પ્રમાણે નીચે મુજબના પ્રકારો છે.

(1) સ્થળવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ ક્રિયાનું સ્થળ બતાવે છે.

દા.ત. ત્યાં, અહીં, નીચ, અધવચ્ચે, ઉગમણું, આથમણું, અંદર, બહાર, ઉપર, પાસે, દૂર, નજીક, વગેરે.

ચિરાગ ત્યાં ઊભો છે.
ભૂધર મેરાઈ મીર પાસે પહોંચ્યા.

(2) કાળવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ ક્રિયાનો કાળ એટલે કે સમય દર્શાવે છે.

દા.ત. અત્યારે, ત્યારે, જ્યારે, હમણાં, હંમેશાં, વારંવાર, ક્યારેક, તરત, આજે, અવારનવાર નિરંતર, વગેરે.

તમે ઑફિસ હમણાં જશો !
થોડીવાર મુંજાલ જોઈ રહ્યો.

(3) રીતિવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ ક્રિયા કેવી રીતે થઈ તેવું દર્શાવે છે.

દા.ત. એકદમ, તરત, ફટાફટ, ચૂપચાપ, ઉતાવળે, ધીમે ધીમે, વગેરે.

ઉતાવળે આંબા પાકતા નથી.
કાચબો ધીમ ધીમે ચાલે છે.

(4) પરિણામવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ ક્રિયાનું માપ - પ્રમાણ દર્શાવે છે.

દા.ત. ઘણું, થોડું, ખૂબ, અતિશય, તદ્દન, બિલકુલ, જરા, લગીર, વગેરે.

લાલો તદ્દન થાકી ગયો.
મમ્મીને કાજુ બહુ ભાવે છે.

(5) ક્રમવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ ક્રિયાનો ક્રમ દર્શાવે છે.

દા.ત. આગળ, પાછળ, આરંભે, પહેલા, અગાઉ, પછી, અંતે વગેરે.

આ અગાઉ આટલો તડકો પડ્યો નથી.
શિષ્ય ગુરુની પાછળ જાય છે.

(6) નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ કોઈ ક્રિયા જરૂરી બનશે કે બની એવો નિશ્ચય દર્શાવે છે.

દા.ત. ખરેખર, ચોક્કસ, અવશ્ય, જરૂર, કદી, વગેરે.

આ પ્રશ્ન ચોક્કસ પુછાશે.
મને કદી દુઃખ પડવાનું નથી.

(7) સ્વીકારવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ કોઈ ક્રિયા બનેલી છે કે બનવાની છે તેના સ્વીકારનો અર્થ સૂચવે છે.

દા.ત. ભલે, ઠીક, હા, સારું, વારુ, વગેરે.

અતિથિ ભલ પધાર્યા.
સારું, આ અંગે હું નિર્ણય કરીશ.

(8) નકારવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ કોઈ ક્રિયાના નકારવાના અર્થમાં વપરાય છે.

દા.ત. ના, નહીં, નથી, ન, મા, વગેરે.

અસત્ય ન બોલવું જોઈએ.
જોઈએ ના તાજ અમને, જોઈએ ના રાજ કોઈ.

(9) સંભાવનાવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ કોઈ ક્રિયા બની છે કે હવે પછી બનશે એવી સંભાવનાનો અર્થ સૂચવે છે.

દા.ત. શકે, જાણે, રખે, કદાચ, ભાગ્યે વગેરે.

તે કામ વગર ભાગ્યે જ બોલતો
આ જવાબ કદાચ ખોટો છે.

(10) સંખ્યાવાચક ક્રિયાવિશેષણ : આ ક્રિયાવિશેષણ કોઈ ક્રિયા સંખ્યા એટલે કે તે ક્રિયા કેટલી વાર થઈ તેવો અર્થ સૂચવે છે.

દા.ત. વારંવાર, એક વાર, બહુ વાર, વારંવાર, વગેરે.

આ લેખ વારંવાર છપાય છે.
એક વાર મારી વાત સાંભળો

- **નીચેના વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધીને લખો.**

(1) અહીંથી બે ગાઉ દૂર ગામડામાં રહે છે.
(2) ઉતાવળે આંબા પાકતા નથી.
(3) ચિરાગ તદ્દન થાકી ગયો છે.
(4) મને કદી દુઃખ પડવાનું જ નથી.
(5) સારું, આ અંગે હું નિર્ણય કરીશ.
(6) અસત્ય ના બોલવું જોઈએ.
(7) મહેશ કામ વિના ભાગ્યે જ બોલતો.
(8) તમે એકવાર મારી વાત સાંભળો.
(9) જાણે કુદરતનો પ્રકોપ ઊતર્યો એવું લાગે છે.
(10) આ અગાઉ આટલો વરસાદ પડ્યો નથી.
(11) ભાઈ રે ! આપણા દુઃખનું કેટલું જોર !:
(12) કાચબો ધીમે ધીમે ચાલે છે.
(13) તમે ઑફિસે હમણાં જશો ?
(14) ધડકતે હૃદયે તે અંદર પેઠો.
(15) મમ્મીને કાજુ બહુ ભાવે છે.

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. નીચેના વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
ભગવાન આપણી આસપાસ હોય છે.
(A) રીતિવાચક (B) સ્થળવાચક
(C) કારણવાચક (D) સમયવાચક

2. નીચેના વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
કુસ્તી મેદાનમાં લડાય.
(A) સમયવાચક (B) સ્થળવાચક
(C) કારણવાચક (D) હેતુવાચક

3. નીચેના વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
અક્ષય ધીમેધીમે કાર ચલાવે છે.
(A) સ્થળવાચક (B) સમયવાચક
(C) રીતિવાચક (D) કર્તૃવાચક

4. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
હું ઝડપથી ત્યાં પહોંચી ગયો.
(A) અભિગમવાચક (B) રીતિવાચક
(C) કારણવાચક (D) સ્થળવાચક

5. નીચે આપેલા વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
એકવાર અમારી શાળામાં શિક્ષણમંત્રી આવ્યા હતા.
(A) માત્રાસૂચક (B) સ્થળવાચક
(C) સમયવાચક (D) રીતિવાચક

6. નીચે આપેલા વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
અમારાં દોષ મનમાં ના ધરશો.
(A) હેતુવાચક (B) પ્રમાણવાચક
(C) સ્થળવાચક (D) નકારવાચક

7. નીચે આપેલા વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો. અગાઉ અમે માનગઢ આવેલા છીએ.
(A) સ્થળવાચક (B) ક્રમવાચક
(C) કારણવાચક (D) રીતિવાચક

8. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
આ જવાબ કદાચ ખોટો છે.
(A) સંભાવનાવાચક (B) સંખ્યાવાચક
(C) સ્વીકારવાચક (D) નિશ્ચયવાચક

9. નીચે આપેલા વાક્યમાંથી ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
સાર, આ અંગે હું નિર્ણય કરીશ.
(A) નકારવાચક (B) સંખ્યાવાચક
(C) ક્રમવાચક (D) સ્વીકારવાચક

10. નીચે આપેલા વાક્યમાંથી ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
મને કદી દુઃખ પડવાનું જ નથી.
(A) નિશ્ચયવાચક (B) સંભાવનાવાચક
(C) રીતિવાચક (D) નકારવાચક

જવાબો : 1. (B) 2. (B) 3. (C) 4. (B) 5. (C) 6. (D) 7. (B) 8. (A) 9. (D) 10. (A)

સંયોજક

- **સંયોજક એટલે ? :**

➤ જેવી રીતે નદીના બે કિનારાને જોડવાનું કામ 'સેતુ' કરે છે તેવી રીતે જે પદ બે શબ્દોને, બે શબ્દસમૂહોને કે બે વાક્યોને જોડવાનું કામ કરે છે તેને સંયોજક કહે છે.

➤ સંયોજકને પરંપરાગત રીતે 'ઉભયાન્વયી અવ્યય' પણ કહે છે. 'ઉભય' એટલે બે અને 'અન્વય' એટલે 'જોડવું' ઉભયને જોડવું તે. આ ઉભય-બે શબ્દ પણ હોય... બે શબ્દસમૂહ પણ હોય કે બે વાક્ય પણ હોય. બે પદ કે વાક્ય વચ્ચે અન્વય કરવો... એટલે કોઈ પણ પ્રકારનો સંબંધ બાંધવો તે.

➤ ટૂંકમાં, સંયોજક વાક્યો, પદસમૂહો અને પદોને જોડવાનું કામ કરે છે. આપણે કેટલાંક ઉદાહરણોથી આ વાતને સમજીશું.

➤ **વાક્યને જોડનાર સંયોજક :**

1. એ ગયો **અને** તમે આવ્યા.
2. **જો** તમે મારી વાત નહીં માનો **તો** મને મઝા નહીં આવે.
3. તમે જલદી પુસ્તક લખી આપો **અથવા** ના પાડો.

➤ **પદસમૂહ કે પદને જોડનાર સંયોજક :**

1. આજે બેંકની **અને** એલ.આઈ.સી.ની નોકરી સારી ગણાય છે.
2. હું **અથવા** મારો કોઈ માણસ આવશે.
3. અહિંસા **એટલે** માત્ર સ્થૂળ હિંસા ન કરવી એવું નહીં.

➤ ઉપરનાં ઉદાહરણોમાંથી એક વસ્તુ એ તારવી શકાય છે કે કેટલાંક સંયોજક ફક્ત વાક્યને જોડવા માટે જ વાપરી શકાય છે, જેમ કે **જો-તો**, **જ્યાં-ત્યાં**, **જ્યારે-ત્યાર**, **તેથી**, **માટે**, **નહિતર** વગેરે જ્યારે કેટલાક સંયોજક 'પદને તેમજ વાક્યને કે પદસમૂહને જોડવા માટે પણ વપરાય છે. દા.ત. **ને**, **અને**, **તથા**, **તેમજ**, **પણ**, **અથવા**, **કે**, **નહીં તો**, **એટલે**, **અર્થાત્**, **એટલે કે** વગેરે.

બંને રીતે વપરાતાં સંયોજકનાં આ રહ્યાં થોડાં ઉદાહરણ -

તમારું તેમજ મારું કહ્યું એણે માન્યું. (પદને જોડનાર)

તમે એને કહ્યું તેમજ મને પણ કહ્યું. (વાક્યને જોડનાર)

નોકરી તો એક નહીં તો બીજી મળી રહેશે. (પદને જોડનાર)

મુખ્ય પ્રધાન રાજીનામું આપે નહીં તો એમની ઉપર અવિશ્વાસની દરખાસ્ત મુકાશે. (વાક્યને જોડનાર)

બે વાક્યો કે પદસમૂહોને જોડવાનું કામ કરતાં પદોને સંયોજક કહેવામાં આવે છે. દા.ત. અને, તેથી, કે, જો - તો, પણ, માટે, એટલે કારણ કે, જેમકે, છતાં વગેરે.

સંયોજકના પ્રકારો નીચે મુજબ છે.

(1) **સમુચ્ચવાચક સંયોજક :** જે વાક્ય અને, તેથી, કે થી જોડાયેલ હોય એવા સંયોજકને સમુચ્ચવાચક સંયોજક કહેવામાં આવે છે.

દા.ત. રામ, લક્ષ્મણ અને સીતા વનમાં ગયાં.

(2) **વિકલ્પવાચક સંયોજક :** જે વાક્ય અથવા, કે અનુગો દ્વારા જોડાયેલ હોય તેને વિકલ્પકવાચક સંયોજક કહેવામાં આવે છે.

દા.ત. ગુજરાતી અથવા હિન્દી બન્નેમાંથી એક ફરજિયાત છે.

(3) **વિરોધવાચક સંયોજક :** જે પદ વાક્યમાં બે હકીકતો વચ્ચે વિરોધ દર્શાવવાનું કામ કરે તેને વિરોધવાચક સંયોજક કહેવામાં આવે છે.

દા.ત. તમને નિમંત્રણ આપ્યું છતાં પણ લગ્નમાં આવ્યા નહીં.

(4) **પર્યાયવાચક સંયોજક :** જે પદ વાક્યમાં બે હકીકતોને એટલે, અર્થાત પર્યાયરૂપે જોડવાનું કામ કરે તેને પર્યાયવાચક સંયોજક કહેવામાં આવે છે.

દા.ત. અધ્યયન એટલે અભ્યાસ કરવો.

(5) **પરિમાણવાચક સંયોજક :** એથી, માટે, એટલે અનુગો દ્વારા હકીકત અને એના કારણને જોડવાનું કામ કરે તેને પરિમાણવાચક સંયોજક કહેવામાં આવે છે.

દા.ત. શબરીએ ભગવાન રામ માટે એંઠા બોર રાખ્યા હતા, તેથી રામે તેના એંઠા બોર ખાધા.

(6) **કારણવાચક સંયોજક :** હકીકત અને તેના કારણને જોડે તેને કારણવાચક સંયોજક કહેવામાં આવે છે.

દા.ત. આ વર્ષ મગફળી ખૂબ પાકી, કારણ કે વરસાદ સારો થયો.

(7) **શરતવાચક સંયોજક :** જો - તો, જો, તો, ના અનુગો દ્વારા શરત અને સંભવિત હકીકતને જોડવાનું કામ કરે તેને શરતવાંચક સંયોજક કહેવામાં આવે છે.

દા.ત. જો વસ્તુનું ઉત્પાદન ઘટે તો બજાર ભાવ વધે.

(8) **દ્દષ્ટાંતવાચક સંયોજક :** વાક્યો હકીકત અને એના દ્દષ્ટાંતને જોડે તેને દ્દષ્ટાંતવાચક સંયોજક કહેવાય.

દા.ત. જાણે, જેમ કે.

કિંજલ આ રીતે ગાય છે કે જાણે લતા મંગેશકર ગાતી હોય.

- નીચેના વાક્યોમાંથી સંયોજકો શોધીને લખો.

(1) હું અને નરેશ કાલે અમદાવાદ આવીશું.
(2) આ સાડી લો કે પેલી.
(3) હું થાક્યો હતો છતાં વાંચતો હતો.
(4) તે લગ્નમાં ગયો હશો, તેથી ઑફિસે આવી શક્યો નથી.
(5) મહેનત કરશા તો સફળ થશો.
(6) સંયમ માણસને મહાન બનાવે છે, જેમ કે ગાંધીજી.
(7) હું લગ્નમાં ના ગયો, કારણ કે આમંત્રણ નહોતું.
(8) ગાંધીજી એટલે સત્યના પૂજારી.
(9) તે દાક્તર થશે કે ઈજનેર થશે.
(10) તદ્દન સાદું છતાં સગવડવાળું ઘર હતું.
(11) સંકોચ નહોતો પરંતુ પ્રાર્થના આવડતી જ નહોતી.
(12) જ્યાં ગંદગી ત્યાં માંદગી.
(13) જેની ચડતી હોય તેની લોકો પૂજા કરે છે.
(14) જ્યારે સમય મળશે ત્યારે હું તેમની મુલાકાત લેવા જઈશ.
(15) ઉછીના ખૂટી જશે ને ઊડી જશે પડછાયા.

લિંગ પરિચય

➤ આપણે આગળ જોઈ ગયા છીએ એમ જે પદ વ્યક્તિ, પદાર્થ, ગુણ, ભાવ કે ક્રિયાનો નિર્દેશ કરે છે અને વાક્યમાં કર્તા કે કર્મને સ્થાને આવી શકે છે એને સંજ્ઞા કહે છે. એ રીતે 'સ્ત્રી' 'પુરુષ' 'બાળક'ને સંજ્ઞા કહેવાય.

➤ **લિંગ શું છે ? :**

➤ 'લિંગ'નો અર્થ 'ચિહ્ન' થાય છે. સંસ્કૃતમાં જાતિને લિંગ કહે છે. પુંલ્લિંગ નરજાતિને, સ્ત્રીલિંગ નારી જાતિને અને નપુંસકલિંગ નાન્યતર જાતિને સૂચવે છે. ગુજરાતીમાં ત્રણ લિંગ છે. 1. પુંલ્લિંગ 2. સ્ત્રીલિંગ 3. નપુંસકલિંગ.

➤ **લિંગ વિષે થોડું વધુ જાણીએ :**

➤ બધી સંજ્ઞાઓ કોઈને કોઈક લિંગ તો ધરાવે જ છે પણ કેટલીક સંજ્ઞાઓને ઓળખવા માટે લિંગચિહ્ન નથી હોતું. જ્યારે કેટલીક સંજ્ઞાઓ એમના લિંગનું ચિહ્ન ધરાવે છે. જેમ કે-

(1) **લિંગચિહ્ન વગરની જુદા લિંગની સંજ્ઞાઓ**

પુ.	સ્ત્રી	નપું.	પુ.	સ્ત્રી	નપું.
હાથ	આંખ	પેટ	ધણી	નદી	લોહી

(2) **લિંગચિહ્નવાળી - જે તે લિંગના વિશિષ્ટ ચિહ્નવાળી સંજ્ઞાઓ**

પુ.	સ્ત્રી	નપું.
છોકરો (ઓ)	છોકરી (ઈ)	છોકરું (ઉ)

(3) **વિશેષણો અને કૃદંતોમાંના અમુક કોઈ લિંગચિહ્ન નથી લેતા અને બધા લિંગમાં સમાનપણે વાપરી શકાય છે.**

	પુ.	સ્ત્રી	નપુ.
(વિશેષણ)	સરસ છોકરો	સરસ છોકરી	સરસ છોકરું
(કૃદન્ત)	આવેલ ભાઈ	આવેલ બહેન	આવેલ ઊંટ

(4) કેટલાંક વિશેષણો અને કૃદંતો જુદાં જુદાં લિંગમાં જે તે લિંગચિહ્ન લે છે. જેમ કે -

	પું.	સ્ત્રી	ન.પુ.
(વિશેષણ)	રૂપાળો છોકરો	રૂપાળી છોકરી	રૂપાળું છોકરું
(કૃદન્ત)	આવનારો છોકરો	આવનારી છોકરી	આવનારું છોકરું

(5) સર્વનામો લિંગચિહ્ન લેતા નથી પરંતુ જે સંજ્ઞા માટે સર્વનામ વપરાયું હોય તેના લિંગ પ્રમાણે ચિહ્ન લે છે. જેમ કે -

હું આવી હતી. (સ્ત્રી બોલતી હોય તો)

હું આવ્યો ,હતો. (પુરુષ બોલતો હોય તો)

(6) આમ તો એક સંજ્ઞા એક જ લિંગમાં વપરાય છતાં કેટલીક સંજ્ઞાઓ બોલી ભેદે જુદા જુદા લિંગમાં પણ વપરાય છે. જેમ કે -

ચા (ચા પીધો/ચા પીધી)

પ્રશ્નપત્ર (અઘરો પ્રશ્નપત્ર/અઘરું પ્રશ્નપત્ર)

સવાર (સવાર પડી/સવાર પડ્યું)

(7) કેટલીક સંજ્ઞાઓ એવી પણ છે, જે જુદા જુદા લિંગ ધરાવે છે. એટલે કે સમાન ઉચ્ચારણવાળી કેટલીક સંજ્ઞા લિંગ બદલાય ત્યાં જુદા અર્થ દર્શાવે છે. જેમ કે -

પુંલ્લિંગ	સ્ત્રીલિંગ
હાર - ફૂલોનો કે સોનાનો હાર, પરાજય,	પંક્તિ
કાલ - સમય	અવધિ
ઉત્તર- જવાબ	દિશા
વાસ - નિવાસ	ગંધ
જાન - પ્રાણ	લગ્નનીજાન

- **લિંગ બનાવવાની રીત :**

➤ ગુજરાતીમાં ભિન્ન ભિન્ન લિંગના નામ જુદી જુદી રીતે બનાવાય છે.

1. નિર્જીવ સૃષ્ટિમાં જેમાં જાતિભેદ (એટલે કે નર-નારી જાતિનો તફાવત) નથી પણ અન્ય અર્થભેદ છે, એવી ભિન્ન ભિન્ન લિંગની સંજ્ઞાઓ મૂળ અંગને 'ઓ' 'ઇ' 'ઉ' ચિહ્ન લાગીને તૈયાર થાય છે. જેમ કે - ઓરડો-ઓરડી, તપેલું-તપેલી, ટોળું-ટોળી.

2. અથવા ક્યારેક એક લિંગની સંજ્ઞાને 'ઓ' 'ઇ' 'ઉ' ચિહ્ન લાગીને ઘણી વાર એને 'ડ' 'લ' 'ળ' પ્રત્યય લાગીને પણ બને છે.

જેમ કે - કણ (પું) ઉપરથી કણી, કણી, કણું.
લાડું (પું) ઉપરથી લાડુડી, લાડવો.

3. સજીવ સૃષ્ટિમાં જેમાં જાતિભેદ હોય છે એવા ભિન્ન ભિન્ન લિંગના નામો નીચેની જુદી જુદી રીતે સિદ્ધ થાય છે.

➤ ઘણે ઠેકાણે નરનારી ભેદને દર્શાવવા અલગ અલગ સંજ્ઞાઓ પરંપરાથી છે. જેમ કે - મા-બાપ, ભાઈ-બહેન, વર-વહુ વગેરે.

➤ ઘણે ઠેકાણે મૂળ પ્રકૃતિરૂપ અંગને 'ઓ' 'ઇ' 'ઉ' એ ચિહ્ન લાગીને પણ ભિન્ન ભિન્ન લિંગવાચક નામો બને છે. જેમ કે છોકરો - છોકરી - છોકરું ; વાંદરો - વાંદરી - વાંદરું.

4. સગાઈ સંબંધોમાં 'ઇ' 'ઓ' ચિહ્ન લાગીને ભિન્ન ભિન્ન લિંગની સંજ્ઞાઓ મળે છે.

જેમ કે - માસી - માસો, કાકી-કાકો

5. જુદા જુદા પ્રત્યયો વડે સિદ્ધ થયેલાં સ્ત્રીલિંગ નામો પણ ઘણાં બધાં છે. એમાં (अ) તત્સમ અને (ब) તદ્દ્ભવ પ્રત્યયોથી થતા લિંગ પણ છે. જેમ કે -

(અ) સંસ્કૃત તત્સમ શબ્દોમાં પુંલ્લિંગ ઉપરથી સ્ત્રીલિંગ બનાવનારા પ્રત્યયો નીચે પ્રમાણે છે.

'ઈ' - દાસ - દાસી, સાધુ - સાધ્વી

'આ' - સુત - સુતા, પ્રિયતમ - પ્રિયતમા

'ઈકા' - બાલક - બાલિકા, શ્રાવક - શ્રાવિકા.

'આણી' - ઇન્દ્ર - ઇન્દ્રાણી, બ્રહ્મા - બ્રહ્માણી

(બ) તદ્દ્ભવ શબ્દોમાં મોટે ભાગે પુંલ્લિંગ અને ક્યારેક નપુંસકલિંગ પરથી સ્ત્રીલિંગ બનાવનારા પ્રત્યયો નીચે પ્રમાણે છે.

'ઈ' - બ્રાહ્મણ - બ્રાહ્મણી, હરણ - હરણી

'ણ' - ધોબી - ધોબણ, માળી - માળણ

'ણી' - પાપિયો-પાપણી, અભાગિયો-અભાગણી

'આણી' - શેઠ-શેઠાણી, પટેલ-પટલાણી.

ડી - ભીલ - ભીલડી - ચાકર - ચાકરડી

- **લિંગ દ્વારા સૂચવાતા અર્થ :**

➤ ગુજરાતી ભાષામાં લિંગભેદ જુદા જુદા અર્થને દર્શાવે છે.

1. સજીવ સૃષ્ટિમાં સ્ત્રીલિંગ દ્વારા નારી જાતિ, પુંલ્લિંગ દ્વારા નર જાતિ અને નપુંસકલિંગ દ્વારા નરનારી ભેદનો અભાવ દર્શાવાય છે. જેમ કે -

સિંહ (પુ.) નર જાતિ - સિંહણ (સ્ત્રી લિં.) નારી જાતિ. છોકરો '' - છોકરી ''

પણ 'છોકરું' નપુંસકલિંગ દ્વારા છોકરો કે છોકરી છે એ જાણકારીનો અભાવ દર્શાવાય છે.

2. સજીવ સૃષ્ટિમાં અને પશુપંખીમાં જ્યાં નરમાદા ભેદની જાણકારી નથી હોતી ત્યારે ત્યાં એ એના એક રૂઢ એટલે કે પરંપરાગત લિંગમાં વપરાય છે. જેમ કે -

પુંલ્લિંગ - ચિત્તો, મચ્છર

સ્ત્રીલિંગ - કોયલ, ગરોળી, જૂ, ઘો, જળો

નપુંસકલિંગ - ઊંટ, શિયાળ

અહીં જો આપણે નર-નારી ભેદ જાણવો હોય તો અન્ય લિંગની સંજ્ઞા યોજીએ છીએ. જેમ કે શિયાળવી, ચકલો, કાગડી.

વિશેષણ અને કૃદંતનું લિંગવાચક રૂપ જો સજીવસૃષ્ટિ માટે વપરાયું હોય તો તેની જાતિ દર્શાવે છે. જેમ કે 'મોટો સિંહ'માં 'મોટો' વિશેષણ સિંહની નરજાતિ દર્શાવે છે. પણ નિર્જીવ સૃષ્ટિમાં હોય તો જે સંજ્ઞા માટે વપરાયું હોય એનું માત્ર વ્યાકરણગત લિંગ દર્શાવે છે. જેમ કે - 'મોટો ગ્રંથ'માં માત્ર ગ્રંથનું વ્યાકરણગત પુંલ્લિંગ જ દર્શાવે છે.

4. નિર્જીવ સૃષ્ટિમાં લિંગભેદ ઘણા અર્થભેદ દેખાડે છે જેમ કે –

➤ **પરિમાણનો અર્થ :**

જેમ કે – પુંલ્લિંગ અને નપુંસકલિંગ મોટું પરિમાણ દર્શાવે છે. જ્યારે સ્ત્રીલિંગ નાનું પરિમાણ દર્શાવે છે.

જેમ કે – 'ઓરડો' (મોટો) - ઓરડી (નાની), દડો-દડી,

➤ **પ્રબળતા, ભવ્યતા, ગંભીરતા, ગૌરવનો ભાવ :**

પુંલ્લિંગ અને નપુંસકલિંગ સંજ્ઞાઓ ઘણી વાર પ્રબળતા, ગંભીરતા, ગૌરવ જેવા ભાવ દર્શાવે છે, જ્યારે સ્ત્રીલિંગ સંજ્ઞાઓ કોમળતા, નાજુકાઈ, લાલિત્ય જેવા ભાવ દર્શાવે છે. જેમ કે - પાંદડું - પાંદડી, નગર-નગરી.

➤ **તુચ્છતા, અલ્પતા,, નિર્બળતાના ભાવો :**

ઘણી વાર સ્ત્રીલિંગ નિર્બળતા, તુચ્છતા દર્શાવે છે. જ્યારે પુંલ્લિંગ અણઘડપણું, કઢંગી રીતે મોટાપણું જેવા ભાવ દર્શાવે છે. જેમ કે –

જીભ-જીભડો, ચિઠ્ઠી-ચિઠ્ઠો, દાઢી-દાઢું

➤ **સ્વરૂપ, ગુણ, દ્રવ્ય ઉપયોગના ભિન્નત્વવાળા પદાર્થોનો પરિચય**

કેટલીક વાર લિંગભેદ સ્વરૂપ, ગુણ, દ્રવ્ય, ઉપયોગના ભિન્નત્વવાળા પદાર્થોનો પરિચય કરાવે છે. જેમ કે –

કિનારો (પુ.) દરિયાનો	કિનારી (સ્ત્રી.) સાડીની
ચોટલી (સ્ત્રી) ચોટલો (પુ.)	

➤ **ફળ અને તેના ઝાડનો અર્થ :**

ઘણી વાર નપુંસકલિંગની સંજ્ઞાઓ ફળનો અને સ્ત્રીલિંગ સંખ્યાઓ ફળના ઝાડનો અર્થ દર્શાવે છે. જેમ કે –

કેળું (નપું.) - કેળ (સ્ત્રી), બોર (નપું.) - બોરડી (સ્ત્રી)

નાળિયેર (નપું) - નાળિયેરી (સ્ત્રી)

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) દિવેલ : શબ્દની લિંગ ઓળખાવો.

(A) પુંલ્લિગ (B) સ્ત્રીલિંગ
(C) નપુંસકલિંગ (D) કોઈ પણ નહીં.

(2) ગુજરાતી ભાષામાં મુખ્ય લિંગના પ્રકાર કેટલા છે ?

(A) ત્રણ (B) બે
(C) ચાર (D) પાંચ

(3) મુલાકાત શબ્દની જાતિ ઓળખાવો.

(A) પુંલ્લિગ (B) નપુંસકલિંગ
(C) સ્ત્રીલિંગ (D) કોઈ પણ નહીં.

(4) માનવ - શબ્દની જાતિ ઓળખાવો.

(A) પુંલ્લિગ (B) નપુંસકલિંગ
(C) સ્ત્રીલિંગ (D) કોઈ પણ નહીં.

(5) નીચેના પૈકી સ્ત્રીલિંગ શબ્દ ઓળખાવો.

(A) પોટલું (B) નોકર
(C) રાજા (D) ભૂમિ

(6) નીચેના પૈકી નપુંસકલિંગ શબ્દ ઓળખાવો.

(A) ગાય (B) વાછરડું
(C) બળદ (D) દાસ

(7) નીચેનામાંથી કયો શબ્દ પુલ્લિંગ નથી ?

(A) પથ્થર (B) રસ્તો
(C) બકરી (D) દેડકો

(8) નીચેનામાંથી કયો શબ્દ નપુંસકલિંગ છે ?

(A) પુસ્તક (B) પ્રિયતમ
(C) શેઠ (D) હાથી

(9) નીચેનામાંથી કયો શબ્દ સ્ત્રીલિંગ છે ?

(A) છોકરો (B) લવારું
(C) શેઠાણી (D) બાળક

(10) નીચેનામાંથી કયો શબ્દ પુલ્લિગ છે ?

(A) ક્ષત્રિય (B) લાન
(C) દાસી (D) નવલિકા

જવાબો : 1. (C) 2. (A) 3. (C) 4. (A) 5. (D) 6. (B)
7. (C) 8. (A) 9. (C) 10. (A)

વચન વ્યવસ્થા

(1) **સંજ્ઞાનું વચન :**

➤ સંજ્ઞાનાં વચન બે છે. (1) એકવચન (2) બહુવચન. જ્યારે સંજ્ઞાનું રૂપ એક વસ્તુ વિષે વાત કરતું હોય ત્યારે તે સંજ્ઞાનું રૂપ એકવચનમાં અને એક કરતાં વધારે વસ્તુ વિષે વાત કરતું હોય ત્યારે બહુવચનમાં મનાય છે.

- **એકવચનમાંથી બહુવચન બનાવવાની વિવિધ રીત :**

(1) અંતે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ વાળી એકવચનની સંજ્ઞાઓનું બહુવચન 'ઓ' પ્રત્યય લગાડીને થાય છે. જેમ કે - દેવ-દેવો

(અંતે 'અ'), દેવતા-દેવતાઓ (અંતે 'આ'), કવિ-કવિઓ (અંતે હ્રસ્વ 'ઇ'), ચોપડી-ચોપડીઓ (અંતે દીર્ઘ 'ઈ'), ગુરુ-ગુરુઓ (અંતે હ્રસ્વ 'ઉ'), જૂ-જૂઓ (અંતે દીર્ઘ 'ઊ')

(2) અંતે 'ઓ'વાળી પુંલ્લિંગ સંજ્ઞાનું બહુવચન અંતના 'ઓ'ની 'આ' કરીને અથવા તો 'આ' કરીને પછી 'ઓ' પ્રત્યય લગાડીને થાય છે. જેમ કે –

છોકરો-છોકરા-છોકરાઓ, પાવડો-પાવડા-પાવડાઓ.

(3) અંતે 'ઉ'વાળી નપુંસકલિંગ સંજ્ઞાનું બહુવચન 'ઉ'ની 'આં' કરીને અથવા તો 'આં' પછી 'ઓ' પ્રત્યય લગાડીને થાય છે. જેમ કે – બકરું-બકરાં-બકરાંઓ.

નોંધ : ઓકારાન્ત પુંલ્લિંગ એ ઉકારાન્ત નપુંસકલિંગ નામોનું બહુવચન કરવા માટે અનુક્રમે 'આ' અને 'આં' પ્રત્યય લગાડવો ફરજિયાત છે.

(4) ઘણી વાર બહુત્વવાચક વિશેષણ બહુવચન દર્શાવે છે. જેમ કે-

શૈલેશે બધાં ફળ ખાધાં.
દર્શના ઘણી શાળામાં ગઈ.

(5) ઘણી વાર હોય એકવચન પણ એનો પ્રયોગ માનાર્થે કર્યો હોય તો બહુવચનનો અર્થ લઈ વાક્ય બનાવાય છે. જેમ કે -

પિતાજી બોલ્યા ને મોટાભાઈ ખિજાયા.

(6) ઘણી વાર નીચેના જેવા સંજોગોમાં એકવચન બહુવચનની જેમ જ વપરાય છે. જેમ કે -

દેશને આજે હજારો ગાંધીની જરૂર છે.

- **વચન વિષેની કેટલીક લાક્ષણિકતાઓ :**

- કેટલીક સંજ્ઞાઓ આમ તો એકવચનમાં જ વપરાય છે. જેમ કે - પાણી, ઘી, ખાંડ, પ્રેમ, આશા વગેરે, પણ ઘણી વાર આ રીતે એ બહુવચનમાં પણ વપરાય છે. જેમ કે - એણે ગામ ગામનાં પાણી પીધાં છે.
- કેટલીક સંજ્ઞાઓ એવી છે કે જે બહુવચનમાં જ વપરાય છે. જેમ કે -

ઘઉં, મગ, ચોખા, ચણા, વાલ, વટાણા, ધાણા, મઠ, અડદ, જવ, તલ, કોદરા, તાંદળા

બાજરો, અજમો, રાજગરો, અસેળિયો, સામો, મોરૈયો, જુવાર, મકાઈ, એકવચનમાં વપરાય છે.

- કેટલાક રોગની સંજ્ઞાઓ પણ બહુવચનમાં જ વપરાય છે. જેમ કે - ઓરી, અછબડા, શીળી
- કેટલીક સંજ્ઞાઓ મોટે ભાગે બહુવચનમાં જ વપરાય છે. જેમ કે - સમાચાર, વંદન, પ્રણામ, વખાણ, શુકન, અપશુકન, સોગંદ, સમ, અભિનંદન, લાડ, આશીર્વાદ.
- કેટલીક રમતની સંજ્ઞાઓ પણ બહુવચનમાં જ વપરાય છે. જેમ કે -

ગિલ્લીદંડા, આટાપાટા

- કેટલીક સંજ્ઞાઓનું એકવચન હોતું નથી. જેમ કે - ધમપછાડા, ફાંફાં, વલખાં, હવાપાણી, કાલાવાલા, સાંસા, કાવાદાવા.
- વ્યક્તિવાચક અને ભાવવાચક સંજ્ઞાનું બહુવચન ન થઈ શકે.

(2) **વિશેષણનાં લિંગ-વચન :**

- ગુજરાતીમાં બે પ્રકારનાં વિશેષણ મળે છે. કેટલાંક વિશેષણ સંજ્ઞાના લિંગવચન અનુસાર લિંગવચનના પ્રત્યયો લે છે અને એમના રૂપમાં ફેરફાર થાય છે એવા વિશેષણોને વિકારી વિશેષણ કહે છે. જ્યારે કેટલાંક વિશેષણ એવાં છે જે કોઈ પણ લિંગવચન ધરાવતી સંજ્ઞાને લાગ્યા છતાં એમનામાં કોઈ ફેરફાર થતો નથી એવાં વિશેષણો અવિકારી વિશેષણો કહેવાય છે. જેમ કે-

તેના હાથમાં ધારદાર છરો હતો. (સંજ્ઞા પુંલ્લિંગ)
તેના હાથમાં ધારદાર છરી હતી. (સંજ્ઞા સ્ત્રીલિંગ)
તેના હાથમાં ધારદાર ચપ્પું હતું. (સંજ્ઞા નપુંસકલિંગ)
રસ્તો સાંકડો છે. (વિશેષણ પુંલ્લિંગ)
કેડી સાંકડી છે. (વિશેષણ સ્ત્રીલિંગ)
કડાં સાંકડાં છે. (વિશેષણ બહુવચન)

- ઉપરનાં પહેલાં ત્રણ વાક્યોમાં લિંગ પુંલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ હોવા છતાં વિશેષણ 'ધારદાર'માં કોઈ ફેરફાર થતો નથી. વળી આ ત્રણે વાક્યો એકવચનમાં ત્યાં 'ધારદાર' અવિકારી વિશેષણ બને છે. જ્યારે ચોથા વાક્યમાં 'રસ્તો' સંજ્ઞા પુંલ્લિંગ એકવચનસૂચક છે તેથી તેના વિશેષણનું રૂપ 'સાંકડો' એમ 'ઓ' કારાન્ત થયું છે. પાંચમા વાક્યમાં 'કેડી' સંજ્ઞા સ્ત્રીલિંગ એકવચનસૂચક છે. છઠ્ઠા વાક્યમાં 'કડાં' સંજ્ઞા નપુંસકલિંગ બહુવચનસૂચક છે તેથી તેના વિશેષણનું રૂપ 'સાંકડાં' એમ 'આં'કારાન્ત રૂપથી થયું છે. એટલે કે ચાર, પાંચ અને છઠ્ઠા વાક્યમાંના વિશેષણો જે સંજ્ઞાને લાગે છે એ સંજ્ઞાના લિંગવચન અનુસાર ફેરફાર પામે છે એટલે કે એ વિકારી વિશેષણ છે.
- સંજ્ઞાની સાથે એક કરતાં વધુ વસ્તુ દર્શાવતું સંખ્યાવાચક વિશેષણ આવે તો સંજ્ઞા બહુવચનમાં આવે છે. જેમ કે - ચાર છોકરા.
- 'સવા', 'દોઢ' જેવાં અપૂર્ણ સંખ્યાવાચક વિશેષણો સાથે સંજ્ઞા એકવચનમાં આવે છે. જેમ કે - દોઢ લાડવો, સવા કોથળો.
- 'પોણા બે', 'સવા બે', 'અઢી', 'સાડા ત્રણ' જેવાં અપૂર્ણ સંખ્યાવાચક વિશેષણો સાથે સંજ્ઞા બહુવચનમાં આવે છે. જેમ કે. અઢી કોથળા ઘઉં, સાડા ત્રણ કોથળા મકાઈ

(3) સર્વનામનાં લિંગ-વચન

- ગુજરાતીમાં પુરુષવાચક સર્વનામોમાં ભિન્ન ભિન્ન વચન સૂચવવા ભિન્ન ભિન્ન સર્વનામો છે, પણ ભિન્ન ભિન્ન લિંગ સૂચવવા ભિન્ન ભિન્ન પુરુષવાચકો સર્વનામ નથી. જેમ કે -

એ ય દર્શના, તું અત્યારે શું ખાય છે ?
(એકવચન સ્ત્રીલિંગ, 'તું' સર્વનામ)
અલ્યા પુલિન ! તું કાનને કેમ ચીડવે છે
(એકવચન પુંલ્લિંગ, 'તું' સર્વનામ)
પુલિન - દર્શના, તમે બંને અહીં આવશો.
(બહુવચન - 'તમે' સર્વનામ)

- ઉપરના પહેલા વાક્યમાં સાંભળનાર દર્શનાને 'તું' સર્વનામથી બોલાવાય છે. દર્શના છોકરી છે એટલે કે સ્ત્રીલિંગ છે. એકવચન છે. બીજા વાક્યમાં સાંભળનાર 'પુલિન' પુંલ્લિંગ છે, એકવચન છે. ત્યાં પણ સર્વનામ 'તું' જ છે પણ ત્રીજા વાક્યમાં પુલિન અને દર્શના એમ બંનેને ભેગા બોલાવાય છે એટલે કે બહુવચન છે માટે ત્યાં સર્વનામ 'તમે' છે. એનો અર્થ લિંગ બદલાય તો પણ પુરુષવાચક સર્વનામ બદલાતું નથી, પણ વચન બદલાય, એકવચનનું બહુવચન થાય ત્યાં સર્વનામનું રૂપ બદલાય છે.
- આ ઉપરાંત દર્શક, સાપેક્ષ, પ્રશ્નવાચક, અનિશ્ચિત અને સ્વવાચક સર્વનામોમાં કોઈ સર્વનામ, કોઈ પણ લિંગવચન સૂચવતી સંજ્ઞાને બદલે આવે તો પણ એના એ રૂપે જ આવે છે એમાં કોઈ ફેરફાર થતો નથી. એમાં દર્શક સર્વનામમાં 'પેલું' એક જ સર્વનામ અપવાદરૂપ છે. આ સર્વનામ જ્યારે પુંલ્લિંગ સૂચક એકવચનની સંજ્ઞાને બદલે આવે તો 'પેલો', અને સ્ત્રીલિંગસૂચક એકવચનને બદલે આવે ત્યારે 'પેલી' રૂપે આવે છે. પુંલ્લિંગ બહુવચનમાં આવે ત્યારે 'પેલો'નું 'પેલા' થાય છે. પણ સ્ત્રીલિંગ બહુવચનમાં 'પેલી'નું 'પેલી' જ રહે છે. આમ 'પેલું' એ એક જ સર્વનામ લિંગવચનના પ્રત્યયો સાથે આવે છે અને તેથી તે વિકારી સર્વનામ છે. 'પેલું' સર્વનામ વિશેષણ તરીકે આવે ત્યારે પણ તે વિકારી વિશેષણ તરીકે જ આવે છે.
- અન્ય સર્વનામોમાં પ્રશ્નવાચક 'શું' અને 'કયું' તથા અનિશ્ચિતવાચક 'કશું' એ સર્વનામો જ્યારે વિશેષણ તરીકે આવે છે ત્યારે તેઓ વિશેષ્ય અનુસાર લિંગવચનને સૂચક પ્રત્યયો લે છે. એટલે કે અવિકારી સર્વનામોને વિકારી સાર્વનામિક વિશેષણ ગણી શકાય. જેમ કે -

શો વાંધો પડ્યો ? (પુંલ્લિંગ)
શી જરૂર પડી ? (સ્ત્રીલિંગ)

- એ જ રીતે 'કયો છોકરો', 'કયું છોકરું', 'કયાં છોકરાં', 'કશો ફાયદો', 'કશી દવા', 'કશું દુ:ખ' વગેરે. અહીં 'શું', 'કશું', 'કયું' વિકારી સાર્વનામિક વિશેષણો તરીકે આવે છે, કારણ કે તેઓ તેમનાં વિશેષ્ય અનુસાર લિંગવચનના પ્રત્યયો સાથે આવે છે.

(4) ક્રિયાવિશેષણ અને ક્રિયાપદનાં લિંગ-વચન :

(અ) ક્રિયાવિશેષણ - લિંગ અને વચન :

- ક્રિયાવિશેષણમાં કેટલાક એવાં છે જે કર્તાના લિંગ-વચન અનુસાર પ્રત્યયો લે છે અને તેમના રૂપમાં ફેરફાર થાય છે. જેમ કે -

પતિ પત્ની વહેલાં આવ્યાં (બહુવચન)
એમાં પતિ વહેલો રવાના થયો. (એકવચન)
પત્નીએ વહેલું જવું હતું. (નપુંસકલિંગ)

- આ વાક્યોમાં વપરાયેલ 'વહેલું' ક્રિયાવિશેષણ એકવચન, બહુવચન કે નપુંસકલિંગમાં જુદા જુદા પ્રત્યય લે છે. એટલે કે વિકારી ક્રિયાવિશેષણ છે.
- જ્યારે ક્રિયાવિશેષણમાં કેટલાંક એવા છે જેમાં કર્તાના લિંગવચનમાં ફેરફાર છતાં કોઈ ફેરફાર થતો નથી. જેમકે -

પતિપત્ની હસતા ચહેરે બહાર આવ્યાં (બહુવચન)
ગાંધીજીની મુલાકાત માટે પત્ની બહાર બેસી રહી. (એકવચન)

- ઉપરનાં પહેલાં બે વાક્યોમાં વપરાયેલું 'બહાર' ક્રિયાવિશેષણ એના એ રૂપમાં આવે છે. કર્તાના લિંગવચન અનુસાર એમાં કોઈ ફેરફાર થતો નથી તેથી તે અવિકારી ક્રિયાવિશેષણ છે.

● ક્રિયાપદનાં લિંગ-વચન :

- ક્રિયાપદનાં લિંગ અને વચન વિષે એટલું કહી શકાય કે ક્રિયાપદમાં કેટલેક ઠેકાણે કર્તાનું લિંગચિહ્ન લેવામાં આવે છે તો કેટલેક ઠેકાણે કર્મનું લિંગચિહ્ન લેવાય છે. એટલે કે કાળ અર્થવાચક પ્રત્યયોથી જે આખ્યાતિક રૂપો બને છે તે કેટલેક ઠેકાણે વિકારી એટલે કે કર્તાલક્ષી લિંગચિહ્ન લેનારાં કે કર્મલક્ષી લિંગચિહ્ન લેનારાં હોય છે. જ્યારે કેટલેક ઠેકાણે અવિકારી છે. તો કેટલેક ઠેકાણે બંને પ્રકારનાં છે. આ વાતને થોડા ઉદાહરણથી સમજવાનો પ્રયત્ન કરીશું.
- **વિકારી ક્રિયાપદનાં ઉદાહરણ**

રમા નિશાળે ગઈ. (કર્તા પ્રમાણે ક્રિયાપદ)
ભક્તો મંદિરે ગયા (કર્તા પ્રમાણે ક્રિયાપદ)
ખેડૂતે રોટલો ખાધો. (ક્રિયાપદ કર્મ પ્રમાણે એકવચન)
પરંતુ તેની પત્નીએ રોટલી ખાધી. (ક્રિયાપદ કર્મ પ્રમાણે એકવચન)
દુકાનમાંથી સુધાએ ફ્રોક લીધું. (ક્રિયાપદ કર્મ પ્રમાણે એકવચન)
નરેશે બુશર્ટ લીધો. (ક્રિયાપદ કર્મ પ્રમાણે એકવચન)
છોકરાઓએ સફરજન લીધાં. (ક્રિયાપદ કર્તા પ્રમાણે બહુવચન)

- ઉપરના વાક્યોમાં પ્રથમ વાક્યમાં કર્તા 'રમા' સ્ત્રીલિંગ છે એકવચન છે તો ક્રિયાપદ 'ગઈ' એને અનુસરી એકવચનમાં છે. જ્યારે છેલ્લા વાક્યમાં કર્તા બહુવચન છે તો ક્રિયાપદ તેને અનુસરીને બહુવચનમાં આવે છે.

➤ **અવિકારી ક્રિયાપદનાં ઉદાહરણ :**

રમા નિશાળે જાત. (એકવચન, સ્ત્રીલિંગ)
ભક્તો મંદિરે જાત. (બહુવચન, પુંલ્લિંગ)

➤ અહીં વચન-લિંગમાં બદલાવ આવવા છતાં ક્રિયાપદ અવિકારી રહે છે.

● **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. નીચે આપેલા પ્રશ્નોમાંથી એકવચનવાળા વાક્યનો સાચો વિકલ્પ પસંદ કરો.
(A) ઘોડો દોડે છે.
(B) છોકરાં રમે છે.
(C) આ તમારાં પુસ્તકો છે.
(D) સારા માણસ આમ જ પર્વ

2. નીચેના વાક્યો પૈકી કયું વાક્ય બહુવચનવાળું છે ?
(A) હું કવિ બની ગયો.
(B) મને કમળ ખૂબ ગમે છે.
(C) એ સારો માણસ છે.
(D) મારે અનેક મિત્રો છે.

3. મારી પાસે ગુજરાતીનું એક પુસ્તક છે. આ વાક્યને બહુવચનમાં દર્શાવો.
(A) મારી પાસે પુસ્તક છે.
(B) મારી પાસે ગુજરાતી છે.
(C) મારી પાસે ઘણું પુસ્તક છે.
(D) મારી પાસે ગુજરાતીના ઘણાં પુસ્તકો છે.

4. નીચેના પૈકી ખોટી જોડ પસંદ કરો.
(A) પુસ્તક લાવ્યો - એકવચન
(B) રમેશે પુસ્તકો વાંચ્યા - બહુવચન
(C) મને ગુલાબ ખૂબ ગમે - બહુવચન
(D) આ ચિત્રો છે - બહુવચન

5. નીચેના પૈકી કઈ જોડ બહુવચન માટે ખોટી છે ?
(A) ડુંગળી - બટાટા
(B) મંદિર - મંદિરો
(C) ગાય - ધણ
(D) છોકરાં - છોકરાંઓ

6. નીચેના પૈકી કયું વાક્ય બહુવચન રૂપમાં છે ?
(A) બેટા ! આવજે
(B) હું બે કલાકથી બેઠો છું.
(C) બચ્ચા ! સુખી થશે.
(D) ભાઈ ! વહેલો આવજે.

7. નીચેના પૈકી કઈ સંજ્ઞા બહુવચનમાં છે ?
(A) નદી (B) કવિ
(C) મંદિર (D) અનાજ

8. નીચેના પૈકી કઈ સંજ્ઞા બહુવચનમાં નથી ?
(A) ચોપડી (B) નદીઓ
(C) ફોટા (D) મંદિરો

9. નીચેના પૈકી કઈ સંજ્ઞા એકવચનમાં છે ?
(A) મગ (B) ઊંટ
(C) પાણી (D) તલ

10. નીચેના પૈકી કઈ સંજ્ઞા એકવચનમાં નથી ?
(A) ઘી (B) સમાચાર
(C) ખાંડ (D) ગુસ્સો

જવાબો : 1. (A) 2. (D) 3. (D) 4. (C) 5. (A) 6. (B) 7. (D) 8. (A) 9. (C) 10. (B)

ક્રિયા અને ક્રિયાપદ

● **ક્રિયાપદ એટલે શું ? :**

➤ આ સૃષ્ટિમાં પ્રત્યેક વ્યક્તિ કોઈને કોઈ ક્રિયા કરે છે. જેમ કે (1) હું પુસ્તક **વાંચું છું**. (2) છોકરી **નાચે છે**. (3) છોકરો **દોડે છે** (4) ગાય **ચરે છે** (5) ફૂલ **ખીલે છે** (6) ગીતા **ઊંઘે છે** (7) શિક્ષક વ્યાકરણ **શીખવે છે**. ઉપરનાં વાક્યોમાં ઘાટા શબ્દો દ્વારા કોઈને કોઈ ક્રિયા સૂચવાય છે. વાક્યમાં જે પદ ક્રિયા દર્શાવે છે તેને ક્રિયાપદ કહે છે. વાક્યમાં ક્રિયાપદ ખૂબ મહત્ત્વનું પદ છે, એના વિના વાક્ય પૂરું બનતું નથી. અથવા બીજી રીતે કહીએ તો ક્રિયાપદ વિના વાક્યનો અર્થ પૂરો થતો નથી.

● **ક્રિયાપદના પ્રકાર :**

➤ ક્રિયાપદના આમ તો મુખ્ય બે પ્રકાર છે. (1) અકર્મક ક્રિયાપદ (2) સકર્મક ક્રિયાપદ.

(1) અકર્મક ક્રિયાપદ :

➤ વાક્યમાં કર્તા ક્રિયા કરે છે અને તેનું ફળ પણ ભોગવે છે. આવું હોય ત્યારે એ ક્રિયાપદ અકર્મક ક્રિયાપદ કહેવાય છે. બીજી રીતે કહેવું હોય તો એમ પણ કહી શકાય કે જે ક્રિયાપદને કર્મ નથી એ અકર્મક ક્રિયાપદ છે. દા.ત. (1) મેઘ ગાજે છે (2) મોર નાચે છે (3) પવન વાય છે (5) પાંદડું ભૂમિ પર પડે છે. અહીં 'પાંદડું ભૂમિ પર પડે છે' એ ઉદાહરણમાં પડવાની ક્રિયા પાંદડામાં રહેલી છે અને પડવાથી થયેલું ફળ 'ડાળીથી છૂટું થવું, ફાટી જવું વગેરે' એ પણ પાંદડામાં જ રહેલું છે. એટલે અહીં કર્તા ક્રિયા કરે છે અને એનું ફળ પણ પોતે જ ભોગવે છે તેથી એ અકર્મક ક્રિયાપદ છે. ભાવે પ્રયોગમાં ક્રિયાપદ હમેશાં અકર્મક હોય છે.

(2) સકર્મક ક્રિયાપદ :

- જે વાક્યમાં કર્તા ક્રિયા કરે છે પણ એનું ફળ કર્મ ભોગવે છે આવું હોય ત્યારે તે સકર્મક ક્રિયાપદ કહેવાય છે. જેમકે (1) તમે પત્ર લખો છો (2) માયા પૈસા માગે છે (3) માયા લાડુ ખાય છે (4) સૂરજ પ્રકાશ આપે છે. અહીં 'સૂરજ પ્રકાશ આપે છે' વાક્યમાં આપવાની ક્રિયાનો આશ્રય 'સૂરજ' છે અને એ ક્રિયાથી થયેલું ફળ 'પ્રકાશ' એ કર્મ છે. ક્રિયા અને ફળના આશ્રય અહીં જુદા જુદા હોવાથી આ ક્રિયાપદ સકર્મક ક્રિયાપદ છે. ટૂંકમાં, જે ક્રિયાપદને કર્મ હોય તે સકર્મક ક્રિયાપદ છે. કર્મણિ પ્રયોગમાં ક્રિયાપદ હમેશાં સકર્મક હોય છે.
- ક્રિયાપદના આ ઉપરાંત પણ કેટલાક નીચેના જેવા પ્રકાર પડી શકે છે.

(3) દ્વિકર્મક ક્રિયાપદ :

- ક્રિયાપદ જ્યારે બે કર્મ લે છે ત્યારે તે દ્વિકર્મક ક્રિયાપદ બને છે. દા.ત. (1) શિક્ષકે વિદ્યાર્થીને વાર્તા કહી. (2) શિક્ષકે વિદ્યાર્થીને ઇનામ આપ્યું. (3) બાએ હેતલને બોર આપ્યાં. ઉપરના દરેક વાક્યમાં બે કર્મ છે. પહેલા વાક્યમાં 'વાર્તા' મુખ્ય કર્મ છે અને 'વિદ્યાર્થીને' ગૌણ કર્મ છે.
- કર્તરિ પ્રયોગમાં ક્રિયાપદ અકર્મક, સકર્મક કે દ્વિકર્મક હોઇ શકે.

(4) સહાયકારક ક્રિયાપદ :

- વાક્યમાં જે ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદને કાળ અને અર્થ સૂચવવામાં સહાય કરે છે, એટલે કે મૂળ ક્રિયાપદને મદદગાર તરીકે જે ક્રિયાપદ વપરાય છે તે સહાયકારક ક્રિયાપદ કહેવાય છે. ગુજરાતી 'છ' અને 'હો'ના રૂપો સહાયકારક ક્રિયાપદ તરીકે વપરાતાં હોય છે. સહાયકારક ક્રિયાપદનાં આ રહ્યાં કેટલાંક ઉદાહરણો-

નદીમાં પૂર આવ્યું છે.

ગઈ કાલે વાવાઝોડું આવ્યું હતું.

તમે આજનું છાપું વાંચ્યું હશે.

- ઉપરના વાક્યોમાં 'છે' 'હતું' 'હશે' સહાયકારક ક્રિયાપદો છે. જે તે તે વાક્યોમાંની મુખ્ય ક્રિયાના કાળ અને અર્થ સૂચવે છે. જેમ કે, પ્રથમ ઉદાહરણમાં પૂર આવવાની ક્રિયા વર્તમાનકાળમાં ચાલી રહી છે એ 'છે' દ્વારા સૂચવાય છે.

(5) સંયુક્ત ક્રિયાપદ :

- વાક્યમાં જ્યારે બે ક્રિયાપદ સાથે આવીને એક જ ક્રિયા દર્શાવે છે ત્યારે તે સંયુક્ત ક્રિયાપદ કહેવાય છે. જેમ કે -

પંકજ પડી ગયો.

તમે ખાઈ લો.

કામ કરી નાખો.

- અહીં પ્રથમ વાક્યમાં બે ક્રિયાપદ છે 'પડી', 'ગયો'. મુખ્ય ક્રિયાપદ 'પડી' છે જેના અર્થને 'ગયો' ક્રિયાપદ પૂરો કરે છે. 'ગયો' ક્રિયાપદ અહીં પોતાનો મૂળ અર્થ જવાની ક્રિયા 'છોડીને' 'પડવાની ક્રિયા'ના મુખ્ય અર્થને પૂરો કરે છે એટલે કે એ ક્રિયા પૂરી થવાનો અર્થ દર્શાવે છે.

(6) અકર્તૃક ક્રિયાપદો :

- જે વાક્યમાં ક્રિયાપદનો કર્તા ન હોય તેવાં ક્રિયાપદોને અકર્તૃક ક્રિયાપદો કહે છે. આવાં વાક્યોમાં ક્રિયાનો ભાવ કર્તાને સ્થાને હોય છે. એટલે આવાં ક્રિયાપદોને ભાવકર્તૃક ક્રિયાપદો પણ કહે છે. જેમ કે,

તેને ભાવતું નથી.

તેને પગે સૂજી આવ્યું છે.

● ક્રિયાપદના કાળ :

- વર્તમાન, ભૂત અને ભવિષ્ય - આ ત્રણ કાળમાંથી ગમે તે કોઈ પણ કાળમાં ક્રિયા થાય છે અને જે કાળમાં અમુક ક્રિયા થાય છે તે કાળ ક્રિયાનો કાળ કહેવાય છે. 'વર્તમાન' એટલે ચાલુ, 'ભૂત' એટલે ગયેલો અને ભવિષ્ય એટલે 'આવનારો'. એ રીતે ગુજરાતીમાં વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણ મુખ્ય કાળ છે. કેટલાંક ઉદાહરણ આ વાતને વધુ સ્પષ્ટ કરી આપશે.

અ	બ	ક
રોઝી રમે છે.	રોઝી રમી.	રોઝી રમશે.
સુરેશ જાય છે.	સુરેશ ગયો.	સુરેશ જશે.

- ઉપરનાં 'અ' વિભાગનાં વાક્યોમાં 'રમે છે'-'જાય છે' એ ચાલુ ક્રિયા દર્શાવે છે તેથી વર્તમાનકાળ છે. 'બ' વિભાગનાં વાક્યોમાં 'રમી' 'ગયો' પૂરી થયેલી ક્રિયા દર્શાવે છે એટલે ભૂતકાળ છે અને 'ક' વિભાગનાં વાક્યોમાં 'રમશે' 'જશે'માં થનારી ક્રિયા સૂચવાઈ છે એટલે એ ભવિષ્યકાળ છે.
- ક્રિયાપદનાં કાળ નિયમિત ક્રિયા, ચાલુ ક્રિયા, પૂરી થઈ ગયેલી ક્રિયા કે થનાર અથવા ઇચ્છિત ક્રિયા દર્શાવે છે. જેમ કે-

(1) નિયમિત ક્રિયા

વર્તમાન કાળ	ભૂતકાળ	ભવિષ્યકાળ
રોઝી (રોજ) રમે છે.	રોઝી (રોજ) રમતી.	રોઝી (રોજ) રમશે.

(2) ચાલુ ક્રિયા

વર્તમાન કાળ	ભૂતકાળ	ભવિષ્યકાળ
રોઝી રમે છે.	રોઝી રમતી હતી.	રોઝી રમતી હશે.

(3) પૂરી થઈ ગયેલી ક્રિયા

વર્તમાન કાળ	ભૂતકાળ	ભવિષ્યકાળ
રોઝી રમી છે.	રોઝી રમી હતી.	રોઝી રમી હશે.

(4) થનાર અથવા ઇચ્છિત ક્રિયા

(અ) થનાર ક્રિયા

રોઝી રમનાર છે.	રોઝી રમનાર હતી.	રોઝી રમનાર હશે.

(બ) ઇચ્છિત ક્રિયા

રોઝી રમવાની છે.	રોઝી રમવાની હતી.	રોઝી રમવાની હશે.
રોઝીને રમવું છે.	રોઝીને રમવું હતું.	રોઝીને રમવું હશે.

જુદા જુદા કાળનાં રૂપાખ્યાન ('હસ' ધાતુ સંદર્ભે)

(1) વર્તમાનકાળ (બંને રૂપ) :

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું હસું છું - હસું.	અમે હસીએ છીએ - હસીએ.
બીજો	તું હસે છે - હસે.	તમે હસો છો - હસો.
ત્રીજો	તે હસે છે - હસે.	તેઓ હસે છે - હસે.

(2) ભૂતકાળ (નજીકનો) :

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું હસ્યો-હસતો.	અમે હસ્યા-હસતા.
બીજો	તું હસ્યો-હસતો.	તમે હસ્યા-હસતા.
ત્રીજો	તે હસ્યો-હસતો.	તેઓ હસ્યા-હસતા.

(3) ભૂતકાળ (દૂરનો) :

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું હસેલો.	અમે હસેલા.
બીજો	તું હસેલો.	તમે હસેલા.
ત્રીજો	તે હસેલો.	તેઓ હસેલા.

(4) ભવિષ્યકાળ :

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું હસીશ.	અમે હસીશું.
બીજો	તું હસીશ-હસશે.	તમે હસશો.
ત્રીજો	તે હસશે.	તેઓ હસશે.

સહાયકારક 'હો' અને 'છ'નાં રૂપ

જ્યારે ક્રિયાપદના ધાતુ પરથી જે રૂપ બને ત્યારે તેને શુદ્ધ રૂપ કહેવાય છે અને 'છ' અથવા 'હો' ધાતુના વિવિધ રૂપની સહાય લઈને બનતા રૂપોને મિશ્ર રૂપ કહેવાય છે. મુખ્ય ક્રિયાપદને આ રીતે સહાય કરનારાં ગૌણ ક્રિયાપદોને સહાયકારક ક્રિયાપદ કહે છે. નીચેનાં વાક્યો આ વાત વધારે સમજાવશે-

1. કવિ કવિતા કરે.
2. કવિ કવિતા કરે છે.

આમ તો આ બંને વાક્યોમાં ક્રિયાપદો વર્તમાનકાળનાં બનેલાં છે, પણ પહેલા વાક્યનું રૂપ ક્રિયાપદ પરથી બન્યું છે. જ્યારે બીજાનું રૂપ 'છ' ધાતુની સહાયથી બન્યું છે. 'છ' અને 'હો'નાં રૂપ આ પ્રમાણે થાય છે.

'છ' ધાતુનાં રૂપ

'છ' ધાતુ ઉપરથી માત્ર વર્તમાનકાળનાં રૂપો થાય છે. જેમ કે -

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું છું.	અમે છીએ.
બીજો	તું છે.	તમે છો.
ત્રીજો	તે છે.	તેઓ છે.

'હો' ધાતુનાં રૂપ

'હો' ધાતુનાં નીચે દર્શાવ્યા છે એ કાળનાં ત્રણે પુરુષ અને બંને વચનમાં આ પ્રમાણે રૂપ થાય છે.

- વર્તમાનકાળનાં રૂપ :

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું હોઉં.	અમે હોઈએ.
બીજો	તું હોય.	તમે હો.
ત્રીજો	તે હોય.	તેઓ હોય.

- ભૂતકાળનાં રૂપ :

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું હતો.	અમે હતા.
બીજો	તું હતો.	તમે હતા.
ત્રીજો	તે હતો.	તેઓ હતા.

- ભવિષ્યકાળનાં રૂપ :

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું હઈશ - હોઈશ.	અમે હઈશું-હોઈશું.
બીજો	તું હશે.	તમે હશો.
ત્રીજો	તે હશે.	તેઓ હશે.

- ક્રિયાપદના અર્થ : જેમ ક્રિયાપદનાં કાળનાં રૂપો જુદાં હોય છે તેમ ક્રિયાપદના અર્થના મુખ્ય પાંચ પ્રકાર છે.

(1) નિર્દેશાર્થ : નિર્દેશાર્થમાં મુખ્યત્વે ક્રિયા થવાનો નિર્દેશ હોય છે. નિર્દેશાર્થમાં ક્રિયાપદ ક્રિયા વર્તમાનકાળમાં થતી હોવાનો, ભૂતકાળમાં થઈ હોવાનો કે ભવિષ્યમાં થવાની હોવાનો નિર્દેશ કરે છે. જેમ કે - તે ખાય છે, તેણે ખાધું, તે ખાશે. અન્ય ઉદાહરણોમાં -

કાલે વરસાદ પડ્યો હતો. રોહિત ત્યાં જશે નહીં. હું કાલે વડોદરા જઈશ.

(2) આજ્ઞાર્થ : જે ક્રિયાપદના રૂપમાંથી આજ્ઞા, હુકમ, આજીજી, પ્રાર્થના, ઉપદેશ જેવા અર્થ સૂચવાય છે તે આજ્ઞાર્થ છે. આજ્ઞા માટે વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં જ નિર્દેશ થઈ શકે. આજ્ઞા હકાર અને નકારમાં હોઈ શકે. જેમ કે -

આ પોશાક પહેરી લો. (વર્તમાન આજ્ઞાર્થ)
સવારે વહેલો ઊઠજે. (ભવિષ્ય આજ્ઞાર્થ)
તું તેની સાથે ન જઈશ. (ભવિષ્ય આજ્ઞાર્થ - નકાર)
તમે બરાબર વાંચજો. (ભવિષ્ય આજ્ઞાર્થ - હકાર)
કૃપા કરી મને તમારી મોટરમાં લઈ જજો. (વિનંતી)

(3) વિધ્યર્થ : જે ક્રિયાપદ ફરજ કે કર્તવ્યનો અર્થ બતાવે તે વિધ્યર્થ છે. જેમ કે -

કડવી વાણી ન બોલવી.
હંમેશાં સત્ય બોલવું.
મહેમાનને આવકાર આપવો જોઈએ.
વડીલોને આદર આપવો જોઈએ.

આજ્ઞાર્થમાં પ્રત્યક્ષ આદેશ, વિનંતી વગેરે હોય છે, વિધ્યર્થમાં પરોક્ષ.

(4) સંભાવનાર્થ :

જે ક્રિયાપદ દ્વારા ક્રિયા થવાની શકયતા કે સંભાવના દર્શાવાય છે તે સંભાવનાર્થને વ્યક્ત કરે છે. જેમ કે -

હું કદાચ કાલે ત્યાં હોઈશ. શિકારી હરણને આંબી જશે. હું કદાચ તમને મળું. દિલીપ આવ્યો હોય.

(5) ક્રિયાતિપ્રત્યર્થ :

ક્રિયાતિપ્રત્યર્થના ક્રિયાપદમાં જે થયું નથી એની સંભાવના કરવામાં આવે છે. બીજી રીતે એમ પણ કહેવાય કે ક્રિયાપદ જ્યારે ક્રિયાની અતિપત્તિ-નિષ્ફળતાનો અર્થ સૂચવે ત્યારે તે ક્રિયાતિપ્રત્યર્થ છે. જેમ કે -

ગયે વરસે વરસાદ પડ્યો હોત તો પાક સારો થાત. એણે મધુર સંગીત છેડ્યું હોત તો હું રાજી થાત.

એણે જણાવ્યું હોત તો જરૂર મદદ કરત. તમે સમયસર નીકળ્યા હોત તો ગાડી મળત.

ટૂંકમાં, વાક્યમાં જે પદ ક્રિયા દર્શાવે છે તેને ક્રિયાપદ કહે છે. ક્રિયાપદના સકર્મક અને અકર્મક એવા બે મુખ્ય પ્રકાર છે. ક્રિયાપદ દ્વારા વિધ્યર્થ, આજ્ઞાર્થ, નિર્દેશાર્થ, સંભાવનાર્થ અને ક્રિયાતિપ્રત્યર્થ જેવા વિવિધ અર્થ સૂચવાય છે.

- નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. નીચેના વાક્યોમાંથી અકર્મક ક્રિયાપદવાળું વાક્ય જણાવો.
   (A) સુનીતા રૂપિયા માંગે છે.
   (B) પાંદડું જમીન પર પડે છે.
   (C) બાએ હેતલને બોર આપ્યા.
   (D) નદીમાં પૂર આવ્યું છે.

2. નીચેના વાક્યોમાંથી નિર્દેશાર્થ ક્રિયાપદવાળું વાક્ય કયું છે ?
   (A) કાલે વરસાદ પડ્યો હતો.
   (B) આ પોશાક પહેરી લો.
   (C) કડવી વાણી ન બોલવી.
   (D) હું કદાચ તમને મળું.

3. નીચેના વાક્યોમાંથી સંભાવનાર્થ ક્રિયાપદવાળું વાક્ય જણાવો.
   (A) મહેમાનને આવકાર આપવો જોઈએ.
   (B) હું તેની સાથે ન જઈશ.
   (C) હું વડોદરા જઈશ.
   (D) હું કદાચ કાલે ત્યાં હોઈશ.

4. નીચેના વાક્યોમાંથી આજ્ઞાર્થ ક્રિયાપદવાળું વાક્ય શોધો.
   (A) આ કામ કરી નાખો.
   (B) રોહિત ત્યાં જશે નહીં.
   (C) સવારે વહેલો ઊઠજે.
   (D) હંમેશાં સત્ય બોલવું જોઈએ.

5. નીચેના વાક્યોમાંથી ક્રિયાતિપ્રત્યર્થ ક્રિયાપદવાળું વાક્ય કયું છે ?
   (A) એણે જણાવ્યું હોત તો જરૂર મદદ કરત.
   (B) શિકારી હરણને મારી નાખશે.
   (C) વડીલોને આદર આપવો જોઈએ.
   (D) કૃપા કરીને મને તમારી કામમાં લઈ જજો.

6. નીચેના વાક્યોમાંથી સંયુક્ત ક્રિયાપદવાળું વાક્ય શોધો.
   (A) ગઈકાલે વાવાઝોડું આવ્યું હતું.
   (B) તમે ખાઈ લો.
   (C) શિક્ષકે વિદ્યાર્થીને વાર્તા કહી.
   (D) ગુરુજી લાડુ ખાય છે.

7. નીચેના વાક્યોમાંથી સકર્મક ક્રિયાપદવાળું વાક્ય જણાવો.
   (A) તમે પત્ર લખો છો.
   (B) કાકાએ મને છત્રી આપી.
   (C) તમે છાપું વાચ્યું હશે.
   (D) મોર નાચે છે.

8. નીચેના વાક્યોમાંથી વિધ્યર્થ ક્રિયાપદવાળું વાક્ય જણાવો.
   (A) તમે બરાબર વાંચજો.
   (B) માતા - પિતાને માન આપવું
   (C) હું કાલે રાજકોટ જઈશ.
   (D) તે તેની સાથે ના જઈશ.

જવાબો: 1. (B) 2. (A) 3. (D) 4. (C) 5. (A) 6. (B)
7. (A) 8. (B)

કાળ અને તેના પ્રકારો

- કાળ : જે પદ કે શબ્દથી ક્રિયા થઈ છે, થાય છે કે થવાની છે તેનો અર્થબોધ મળે તેને કાળ કહેવામાં આવે છે.
- ગુજરાતી ભાષામાં કાળના મુખ્ય ત્રણ પ્રકાર છે. દરેક કાળના ત્રણ પેટા પ્રકાર પણ છે, જેની સમજૂતી નીચે મુજબ છે.

(1) વર્તમાનકાળ (2) ભૂતકાળ (3) ભવિષ્યકાળ.

(1) વર્તમાનકાળ : વર્તમાનકાળના ત્રણ પ્રકાર છે.

(i) સાદો વર્તમાનકાળ : રોજિંદાજીવનમાં ઘટતી ટેવરૂપી ક્રિયાઓને દર્શાવવા માટે સાદા વર્તમાનકાળનો ઉપયોગ થાય છે.

ઉદા. (1) હું રોજ ક્રિકેટ રમું છું.
(2) તેઓ દરરોજ વાર્તાની ચોપડી વાંચે છે.
(3) રમેશ દરરોજ શાળાએ જાય છે.

(ii) ચાલુ વર્તમાનકાળ : જ્યારે આપણે બોલતા હોઈએ તે સમયે જો ક્રિયા ચાલુ હોય તો તે દર્શાવવા ચાલુ વર્તમાનકાળનો ઉપયોગ થાય છે.

ઉદા. (1) હું શાળાએ જઈ રહ્યો છું.
(2) અમે શતરંજ રમી રહ્યા છીએ.
(3) રાધિકા બજારમાં જઈ રહી છે.

(iii) પૂર્ણ વર્તમાનકાળ : જ્યારે નજીકના ભૂતકાળમાં કોઈ ક્રિયા પૂરી થઈ હોય, પરંતુ તેની અસર વર્તમાનમાં વર્તાઈ રહી હોય ત્યારે સામાન્ય રીતે પૂર્ણ વર્તમાનકાળનો ઉપયોગ થાય છે.

ઉદા. (1) સુરેશે આ પત્ર લખ્યો છે.
(2) તે અગાશી પરથી પડી ગઈ છે.
(3) તેઓએ તેમને માફ કર્યા નથી.

(2) ભૂતકાળ : ભૂતકાળના ત્રણ પ્રકાર છે.

(i) સાદો ભૂતકાળ : સામાન્ય રીતે અગાઉ બની ગયેલ ક્રિયા સૂચવવા માટે સાદા ભૂતકાળનો ઉપયોગ થાય છે.

ઉદા. (1) તમે ખૂબ જ અમીર હતા.
(2) હું ગયા વર્ષે ધોરણ - 9માં હતો.
(3) રમા ગઈકાલે પુસ્તકાલયમાં હતી.

(ii) ચાલુ ભૂતકાળ : જ્યારે ભૂતકાળની બે ક્રિયાઓ પૈકી એક ક્રિયા પૂરી થઈ ગઈ હોય, પરંતુ એ સમય દરમિયાન બીજી ક્રિયા સતત ચાલુ જ હતી અથવા બંને ક્રિયાઓ સતત ચાલુ હતી તેવું દર્શાવવા ચાલુ ભૂતકાળનો ઉપયોગ થાય છે.

ઉદા. (1) કિંજલ લખતી હતી ત્યારે અમે પુસ્તક વાંચતા હતાં.
(2) શિક્ષક આવ્યા ત્યારે અમે પુસ્તક વાંચતા ન હતાં.
(3) જ્યારે તેણી આવી ત્યારે હું તેની સાથે લડતો હતો.

(iii) પૂર્ણ ભૂતકાળ : ભૂતકાળમાં ચોક્કસ સમય પહેલા બનેલી ક્રિયા દર્શાવવા, ભૂતકાળમાં બીજી કોઈ ક્રિયા પહેલા પૂરી થયેલી તે ક્રિયાનું વર્ણન કરવા, ભૂતકાળમાં થયેલ ક્રિયાના પરિણામ પર ભાર મૂકવા. ભૂતકાળ સાથેના કારણો અને અસરને વર્ણવવા પૂર્ણ ભૂતકાળનો ઉપયોગ થાય છે.

ઉદા. (1) હું રાત્રિભોજન પહેલા સૂઈ ગયો હતો.
(2) અમે ભોજનમાં દાળ-ભાત ખાધા હતા.
(3) તે ચોક્કસ સમયે ક્રિકેટ મેદાન પર પહોંચ્યો નહોતો.

(3) ભવિષ્યકાળ : ભવિષ્યકાળના ત્રણ પ્રકાર છે.

(i) સાદો ભવિષ્યકાળ : સામાન્ય રીતે કોઈ ક્રિયા હજી બની નથી, પરંતુ ભવિષ્યમાં શરૂ થશે અથવા પૂરી થશે તે દર્શાવવા સાડા ભવિષ્યકાળનો ઉપયોગ થાય છે.

ઉદા. (1) હું કાલે મારું કામ પૂરું કરીશ.
(2) તમે મારી આજ્ઞાનું પાલન કરશો.
(3) બે દિવસમાં વરસાદ પડશે.

(ii) ચાલુ ભવિષ્યકાળ : ભવિષ્યમાં ચોક્કસ સમયે સતત થનારી ક્રિયાને દર્શાવવા, હમણાં કોઈ ક્રિયા થઈ રહી છે અને ભવિષ્યમાં અમુક સમયે ચાલુ રહેવાની ધારણા છે તેનો સંદર્ભ દર્શાવવા માટે ચાલુ ભવિષ્યકાળનો ઉપયોગ થાય છે.

ઉદા. (1) મનીષ આવતીકાલે આ સમયે પરીક્ષા આપી રહ્યો હશે.
(2) તમે 30 મી ઑક્ટોબરે મુંબઈ જઈ રહ્યા હશો.
(3) અમે આજે રાત્રે 10 વાગ્યે ફિલ્મ જોઈ રહ્યા હોઈશું.

(iii) પૂર્ણ ભવિષ્યકાળ : ભવિષ્યમાં થનારી બે ક્રિયાઓ પૈકી પહેલી ક્રિયા જે બીજી ક્રિયા પહેલા જ પૂરી થઈ ગઈ હોય તે દર્શાવવા પૂર્ણ ભવિષ્યકાળનો ઉપયોગ થાય છે. આ સ્થિતિમાં પહેલી ક્રિયાને પૂર્ણ ભવિષ્યકાળમાં લખવાની હોય છે, જ્યારે બીજી ક્રિયાને સાદા વર્તમાનકાળમાં દર્શાવવાની હોય છે.

ઉદા. (1) નેહલ અમેરિકા જાય તે પહેલા અંગ્રેજી શીખી લેશે.
(2) અમે જૂન 2026માં કૉલેજ પૂરી કરી લઈશું.
(3) ત્યાં સુધીમાં તેણીનું ભોજન થયું હશે નહીં.

- **નીચેના વાક્યોમાં કાળના પ્રકાર જણાવો.**

(1) તેણે પોતાની જાતને જાગૃત કરી છે.
(2) અમિતે નવો ફોન ખરીદ્યો.
(3) રામ દરરોજ પૂજા કરે છે.
(4) બાળકો પરીક્ષા આપી રહ્યા હતા.
(5) સોનલ ગાડી ચલાવશે.
(6) માનસી ગીત ગાઈ રહી હશે.
(7) બાળકોએ પરીક્ષા આપી દીધી હશે.
(8) સુનીતા ગાડી ચલાવી રહી છે.
(9) પૂજારીએ પૂજા કરી લીધી હતી.

જવાબો : (1) પૂર્ણ વર્તમાનકાળ (2) સાદો ભૂતકાળ (3) સાદો વર્તમાનકાળ (4) ચાલુ ભૂતકાળ (5) સાદો ભવિષ્યકાળ (6) ચાલુ ભવિષ્યકાળ (7) પૂર્ણ ભવિષ્યકાળ (8) ચાલુ વર્તમાનકાળ (9) પૂર્ણ ભૂતકાળ

સમાસ

- **સમાસ એટલે શું ?**

➤ સમાસ શબ્દ સમ્ + આસનો બનેલો છે.

➤ જ્યાં, સમ્ = સાથે, આસ = બેસવું

➤ જુદાં જુદાં અર્થવાળા બે કે તેથી વધુ શબ્દો જોડાઈને એક નવો શબ્દ બને છે જેને સમાસ કહેવામાં આવે છે.

➤ બન્ને પદો મળીને બનેલા પદને સમસ્ત પદ અથવા સામાસિક પદ કહેવાય છે.

➤ સામાસિક પદના પ્રથમ પદને પૂર્વપદ, બીજા પદને મધ્યમ પદ અને ત્રીજા પદને ઉત્તરપદ તરીકે ઓળખવામાં આવે છે.

➤ આ પદોનો વાક્ય સાથેનો સંબંધ સ્પષ્ટ થાય એ રીતે છૂટાં પાડવાની પ્રક્રિયાને વિગ્રહ કહેવાય છે.

➤ સમાસના મુખ્ય ત્રણ પ્રકાર છે.

(અ) સર્વપદ પ્રધાન સમાસ

(બ) એકપદ પ્રધાન સમાસ

(ક) અન્યપદ પ્રધાન સમાસ

(અ) સર્વપદ પ્રધાન સમાસ :

➤ જે સમાસમાં બધા જ પદો સમાન મોભાના હોય તેવા સમાસને સર્વપદ પ્રધાન સમાસ કહેવાય છે.

(બ) દ્વન્દ્વ/દ્વંદ્વ :

➤ જે સમાસમાં સમાન મોભો ધરાવતા શબ્દો જોડાય અને તેનો વિગ્રહ કરતી વખતે અને, કે, અથવા જેવાં પદો વપરાય તે સમાસને દ્વન્દ્વ સમાસ કહેવાય આવે છે.

(i) ઈતરેતર દ્વન્દ્વ :

➤ જે દ્વન્દ્વ સમાસનો વિગ્રહ અને શબ્દથી થતો હોય તે સમાસને ઈતરેતર અથવા સમુચ્ચય દ્વન્દ્વ કહેવામાં આવે છે.

➤ ઉદાહરણ : માતાપિતા, જીવનમરણ, અન્નપાણી, માનપાન, લોચનમન, ટેબલખુરશી, સવારસાંજ, બૂટમોજાં, રામલક્ષ્મણ, વેરઝેર, દંપતિ, રાધાકૃષ્ણ, દાળભાત, કપરકાબી, હાથપગ, લવકુશ, ચા-પાણી, તડકોછાંયો.

(ii) વૈકલ્પિક દ્વન્દ્વ :

➤ જે દ્વન્દ્વ સમાસનો વિગ્રહ કરતી વખતે કે, અથવા શબ્દનો ઉપયોગ કરવામાં આવે તેવા સમાસને વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ કહેવાય છે.

➤ ઉદાહરણ : હારજીત, ત્રણચાર, ઊંચનીચ, ટાઢતડકો, સોનુંરૂપું, પાંચપંદર, જાણ્યેઅજાણ્યે, કાચુંપાકું, લાભાલાભ, જયપરાજય, દશબાર, નફોતોટો, પાનબાન, નવુંજૂનું, ગોળધાણા, પશુપંખી

(બ) એકપદ પ્રધાન સમાસ :

➤ જે સમાસનું એકપદ પ્રધાન હોય અને બીજું પદ તેને આધીન રહેતું હોય તેવા સમાસને એકપદ પ્રધાન સમાસ કહેવાય.

(1) તત્પુરુષ : જે સમાસમાં એકપદ મુખ્ય હોય અને બીજું પદ તેની સાથે વિભક્તિ સંબંધથી જોડાયેલું હોય તેવા સમાસને તત્પુરુષ સમાસ કહેવાય છે.

➤ આ સમાસનો વિગ્રહ કરતી વખતે ને, થી, થકી, દ્વારા, માટે, ને માટે, પ્રત્યે, કાજે, સારુ, માંથી, નો, ની, નું, ના, માં, અંદર, ઉપર વગેરે જેવાં વિભક્તિ પ્રત્યયો વપરાય છે.

➤ ઉદાહરણ :

પ્રેમવશ, માનવસર્જિત, વાતાવરણ, સ્વાધીન, વરમાળા, દેશબંધુ, આવકારપત્ર, યુદ્ધસજ્જ, બજારભાવ, કૃપાપાત્ર, યજ્ઞવેદી, વાહનવ્યવહાર, દયાપાત્ર, શયનગૃહ, જળધારા, વિદ્યાર્થીપ્રિય, આશ્રયસ્થાન, દેશભક્તિ, મુખપાઠ, દેશપ્રીતિ, રાજ્યસત્તા.

(2) મધ્યમપદલોપી :

➤ જે સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ આપેલા હોય અને મધ્યમ પદનો લોપ થતો હોય તેવા સમાસને મધ્યમપદલોપી સમાસ કહેવાય.

➤ આ સમાસનો વિગ્રહ કરતી વખતે મધ્યમપદ ઉમેરવું પડે છે.

➤ ઉદાહરણ : વર્તમાનપત્ર – વર્તમાન આપતું પત્ર
સૂર્યમુખી – સૂર્ય તરફ મુખ રાખી ખીલતું ફૂલ
વિજયસેના – વિજયની ઈચ્છાવાળી સેના
શિરપાઘ – શિરમાથે ધારણ કરવાની પાઘ
પાયદળ – ભૂમિ પર ચાલીને જતું દળ
ભજનમંડળી – ભજન કરવા માટે એકત્ર થયેલી મંડળી
ઘરધંધો – ઘરમાં રહીને કરાવતો ધંધો
સ્મૃતિપટ – સ્મૃતિ પર અંકિત થયેલો પટ
રાહતકાર્ય – રાહત માટે આપવામાં આવતું કાર્ય
લોકગીત – લોકો વડે રચાયેલું ગીત
પ્રમાણપત્ર – પ્રમાણ આપતું પત્ર
દીવાદાંડી – દીવો પ્રગટાવવાની દાંડી
સભાગૃહ – સભા ભરવા માટેનું ગૃહ
રાજીનામું – રાજીખુશીથી અપાતું નામું
શિષ્યવૃત્તિ – શિષ્યને આપવામાં આવતી વૃત્તિ
પ્રલયકેતુ – પ્રલય લાવનાર કેતુ

મિલમજૂર – મિલમાં કામ કરતો મજૂર
ઘરજમાઈ – ઘરમાં રહેતો જમાઈ
ન્યાયસભા – ન્યાય આપનારી સભા
વૃંદાવન – વૃંદા (તુલસી) ભરેલું વન
સહનશક્તિ – સહન કરવાની શક્તિ
ચ્યવનપ્રાશ – ચ્યવન ઋષિએ બનાવેલું પ્રાશ
વિદ્યાલય – વિદ્યા મેળવવાનું આલય
છાત્રાલય – છાત્રને રહેવા માટેનું આલય
રેખાચિત્ર – રેખા વડે બનાવેલ ચિત્ર
હસ્તઘડી – હાથમાં પહેરવાની ઘડી
સંગ્રામગીત – સંગ્રામ(યુદ્ધ) સમયે ગવાતું ગીત
જીવનવિદ્યા – જીવન બનાવતી વિદ્યા

(3) કર્મધારય :

➤ જે સમાસમાં એકપદ મુખ્ય હોય અને બીજું પદ એના વિશેષણ તરીકે કાર્ય કરતું હોય તેવા સમાસને કર્મધારય સમાસ તરીકે ઓળખવામાં આવે છે.

➤ આ સમાસના બે પદો વચ્ચે ઉપમાન - ઉપમેય, ઉપમાન સાધારણ ધર્મ અથવા વ્યક્તિવાચક સંજ્ઞા અને જાતિવાચક સંજ્ઞાનો સંબંધ રહેલો હોય છે.

➤ **ઉદાહરણ :** મહારાજા, ભરસભા, મહાશાળા, પરમાત્મા, શ્યામશરી, સતસંગ, મુખ્યમંત્રી, મિષ્ટાન્ન, મહામૃત, ખુશખબર, મધરાત, લંબગોળ, સુંદરવર, વરદાન, મહાસિદ્ધિ, સર્જનખેલ, પરગામ, ભૂતકાળ

(4) દ્વિગુ :

➤ જે સમાસમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય અને વિગ્રહ કરતી વખતે સમૂહનો ભાવ દર્શાવે તેવા સમાસને દ્વિગુ સમાસ કહેવામાં આવે છે.

➤ **ઉદાહરણ :** ચોઘડિયું, ત્રિભુવન, સપ્તાહ, પંચવટી, સપ્તપદી, પંચાગ્નિ, પખવાડિયું, સહસ્ત્રલિંગ, ષટપદ, પંચપાત્ર, ત્રિગુણી, ત્રિશૂળ, નવરંગ, પંચમહાલ, ત્રિફળા, ચોમાસું, દ્વિદલ, પંચરાત્રી, પંચતંત્ર, ત્રિદલ, પંચાગ, નવરાત્રી, પંજાબ (પાંચ નદીનો સમૂહ), ત્રિપદ, પાંચશેર, પંચામૃત, ત્રિકોણ, પંચનાદ.

(ક) **અન્યપદ પ્રધાન સમાસ :** જે સમાસનું એકેય પદ વાક્ય સાથે સીધો સંબંધ ધરાવતું ન હોય પણ સમાસ એ વાક્યના બીજા કોઈ પદના આધારે રહેલું ગૌણ પદ હોય તેવા સમાસને અન્યપદ પ્રધાન સમાસ કહેવાય છે.

(1) બહુવ્રીહિ :

➤ જે સમાસના બન્ને પદ વચ્ચે વિભક્તિનો, ઉપમાન - ઉપમેયનો અથવા વિશેષણ - વિશેષ્યનો સંબંધ હોય અને આખું પદ અન્ય કોઈ પદના વિશેષણ તરીકે વપરાતું હોય તેવા સમાસને બહુવ્રીહિ સમાસ કહેવાય છે.

➤ **ઉદાહરણ :** અભેદ, માટીપગો, શતરંગી, ખુશમિજાજ, કાળમુખું, દામોદર, પાણીપંથો, ગૌમુખી, એકધારું, વૃકોદર, મુશળધાર, મહાબાહુ, દશાનન, અગમબુદ્ધિ, હતાશ, નિર્ધન, ગજાનન, સિંહવાહિની, નિરંકુશ, ગૌરવર્ણું, ક્ષણભંગુર, નીરોગી, સ્થિતપ્રજ્ઞ, અજાણ.

(2) ઉપપદ :

➤ જે સમાસનું એકપદ ક્રિયા ધાતુ હોય અને બીજું પદ તેની સાથે વિભક્તિ સંબંધથી જોડાયેલું હોય તેવા સમાસને ઉપપદ સમાસ કહેવાય છે.

➤ આ સમાસનો વિગ્રહ કરતી વખતે મોટે ભાગે અંતમાં નાર પ્રત્યય આવે છે.

➤ **ઉદાહરણ :** સત્યવાદી, પંકજ, ગંગાધર, નર્મદા, સુધાકર, સહાધ્યાયી, ધુરંધર, આયુધધારી, કુશળ, જીવસરખું, પાપાચારી, પાનખર, શાંતિકર, સ્વર્ગસ્થ, મર્મજ્ઞ, ભયંકર, ડંકાધારી, મનોહર, ભયદર્શન, હરામખોર, મણીધર, ગિરિધર, પગરખું, મનોહર, જ્ઞાનદા, વારિધિ, ગોપાલ, ગૃહસ્થ, તટસ્થ, ખબરદાર, વિશ્વંભર.

- **અગત્યના વધારાના ઉદાહરણો :**

ઉદાહરણ	વિગ્રહ	સમાસ
મનોહર	મનને હરનાર	ઉપપદ
પરદેશ	પર (બીજો) દેશ	કર્મધારય
વ્યર્થ	વિગત થયો છે અર્થ જેમાંથી તે	બહુવ્રીહિ
ફૂલડાં-કટોરી	ફૂલડાંની બનેલી કટોરી	મધ્યમપદલોપી
છિન્નભિન્ન	છિન્ન અને ભિન્ન	દ્વંદ્વ
ઝાકળફૂલ	ઝાકળબિંદુઓથી ભીંજાયેલું ફૂલ	મધ્યમપદલોપી
દંપતી	પતિ અને પત્ની	દ્વંદ્વ
અનેકરંગ	અનેક છે રંગ જેને તે	બહુવ્રીહિ
નામનિશાન	નામ કે નિશાન	દ્વંદ્વ
એકમાત્ર	માત્ર એક	કર્મધારય
હિંડોળાખાટ	હિંડોળાના સ્વરૂપની ખાટ	મધ્યમપદલોપી
બ્રહ્માંડ	બ્રહ્માનું અંડ	તત્પુરુષ
ઘોડાગાડી	ઘોડાથી ખેંચાતી ગાડી	મધ્યમપદલોપી
મહારાજ	મહાન રાજા	કર્મધારય
કલ્પવૃક્ષ	કલ્પના મુજબનું ફળ આપનાર વૃક્ષ	મધ્યમપદલોપી

નિરક્ષર – નથી અક્ષરનું જ્ઞાન જેને તે – બહુવ્રીહિ

ભાવાવેશ – ભાવનો આવેશ – તત્પુરુષ

સ્વર્ગસ્થ – સ્વર્ગમાં રહેનાર – ઉપપદ

વર્તમાનપત્ર – વર્તમાન (સમાચાર) આપતું પત્ર – મધ્યમપદલોપી

પૃથિવીવલ્લભ – પૃથિવીનો વલ્લભ – તત્પુરુષ

હૃદયભેદક – હૃદયને ભેદનાર – ઉપપદ

એકાંતવાસ – એકાંતમાં વાસ – તત્પુરુષ

નિઃસ્વાર્થ – નથી કોઈ સ્વાર્થ જેને તે – બહુવ્રીહિ
સ્વાર્થ વિનાનું – કર્મધારય

ષડરસ – છ રસનો સમૂહ – દ્વિગુ

ધારાસભા – ધારો ઘડનારી સભા – મધ્યમપદલોપી

ત્રિભુવન – ત્રણ ભુવનનો સમૂહ – દ્વિગુ

પગરખું – પગનું રક્ષણ કરનાર – ઉપપદ

એકધારો – એક છે ધારા જેની તે – બહુવ્રીહિ

વિજયયાત્રા – વિજયની ઉજવણીની યાત્રા – મધ્યમપદલોપી

દીવાદાંડી – દીવો બતાવતી દાંડી – મધ્યમપદલોપી

દિલદાર – દિલને દેનાર – ઉપપદ

મુખારવિંદ – અરવિંદ જેવું મુખ – કર્મધારય

પખવાડિયું – પંદર દિવસનો સમૂહ – દ્વિગુ

ક્ષણભંગુર – જેનો ક્ષણમાં નાશ થાય છે તે – બહુવ્રીહિ

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. યથાભક્તિ
(A) દ્વન્દ્વ (B) બહુવ્રીહિ
(C) તત્પુરુષ (D) અવ્યયીભાવ

2. નીચેનામાંથી સમાસનું કયું જોડકું ખોટું છે ?
(A) વરદાન - કર્મધારય (B) પ્રત્યેક - અવ્યયીભાવ
(C) તોલમાપ - દ્વંદ્વ (D) એકઢાળિયું - દ્વિગુ

3. આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. - નરસિંહ
(A) કર્મધારય (B) દ્વન્દ્વ
(C) તત્પુરુષ (D) ઉપપદ

4. આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. - આબરૂ
(A) મધ્યમપદલોપી (B) તત્પુરુષ
(C) અવ્યયીભાવ (D) બહુવ્રીહિ

5. નીચેનામાંથી સમાસનું કયું જોડકું સાચું છે ?
(A) સરોજ - બહુવ્રીહિ (B) નિર્બળ - ઉપપદ
(C) પળવાર - કર્મધારય (D) કમલાક્ષી - તત્પુરુષ

6. આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. - અસિત
(A) અવ્યયીભાવ (B) કર્મધારય
(C) તત્પુરુષ (D) બહુવ્રીહિ

7. નીચેનામાંથી સમાસનું કયું જોડકું સાચું છે ?
(A) ચતુર્ભુજ - બહુવ્રીહિ (B) ગાયમાતા - દ્વન્દ્વ
(C) દીવાસળી - તત્પુરુષ (D) પટ્દર્શન - ઉપપદ

8. આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. - પંચવટી
(A) તત્પુરુષ (B) મધ્યમપદલોપી
(C) દ્વિગુ (D) કર્મધારય

9. આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. - ધૂપસળી
(A) દ્વન્દ્વ (B) તત્પુરુષ
(C) ઉપપદ (D) મધ્યમપદલોપી

10. આપેલ વાક્યમાંથી રેખાંકિત શબ્દનો સમાસ ઓળખાવો.
શ્રીકૃષ્ણની ભક્તિ મનવચનકર્મથી કરી.
(A) બહુવ્રીહિ (B) તત્પુરુષ
(C) દ્વન્દ્વ (D) કર્મધારય

11. નીચેનામાંથી સમાસનું કયું જોડકું ખોટું છે ?
(A) પહેલીવાર - દ્વિગુ (B) લીણાપીણા - બહુવ્રીહિ
(C) આવાગમન - દ્વન્દ્વ (D) પરગામ - કર્મધારય

12. નીચેનામાંથી મધ્યમપદલોપી સમાસનું ઉદાહરણ કયું નથી ?
(A) સિંહાસન (B) રેવાશંકર
(C) ભજનમંડળી (D) અધમૂઓ

13. દરરોજ - શબ્દનો સમાસ ઓળખાવો.
(A) તત્પુરુષ (B) અવ્યયીભાવ
(C) મધ્યમપદલોપી (D) ઉપપદ

14. મહાદેવ - શબ્દનો સમાસ ઓળખાવો.
(A) કર્મધારય (B) બહુવ્રીહિ
(C) ઉપપદ (D) મધ્યમપદલોપી

15. રેવાશંકર - શબ્દનો સમાસ ઓળખાવો.
(A) મધ્યમપદલોપી (B) કર્મધારય
(C) તત્પુરુષ (D) દ્વિગુ

જવાબો: 1. (A) 2. (D) 3. (A) 4. (B) 5. (C) 6. (D) 7. (A) 8. (C) 9. (D) 10. (C) 11. (A) 12. (D) 13. (B) 14. (A) 15. (A)

સંધિ

- **સંધિ એટલે શું ?**

બે વર્ણોને જોડવાથી વર્ણમાં થતા વિકારને સંધિ કહે છે.

– સંસ્કૃત વ્યાકરણમાં સંધિને 'સંહિતા' કહેવામાં આવી છે.

– ઉપસર્ગ સાથે શબ્દ જોડતાં અવશ્ય સંધિ થાય છે.

– વાક્યમાં સંધિનો ઉપયોગ વૈકલ્પિક છે.

– સંધિ એ વર્ણમૂલ્ય વિકાર છે.

– સમાસમાં બે શબ્દો જોડતાં ઘણીવાર સંધિ થાય છે.

સંધિ શીખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

(1) સંધિનો વિગ્રહ કરતી વખતે છૂટા પડતા શબ્દો અર્થપૂર્ણ હોય છે. (2) સંધિનો વિગ્રહ કરતી વખતે છૂટા પાડેલ શબ્દોની જોડાણીમાં સાચી જોડણીને અનુસરવાનું હોય છે. (3) વિગ્રહ કે સંધિ જોડતી વખતે હલન્ત શબ્દોનો ખાસ ખ્યાલ રાખો. (4) ઘણા બધા શબ્દોની જોડણી સંધિના નિયમો આધારિત છે તે બાબત ખાસ ધ્યાનમાં રાખો.

સંધિના ત્રણ પ્રકાર છે : (1) સ્વર સંધિ, (2) વ્યંજન સંધિ, (3) વિસર્ગ સંધિ

[1] સ્વર સંધિ :

- **એટલે શું ? :**

બે સ્વર સાથે મળતાં તેમાં જે વિકાર થાય છે તેને સ્વર સંધિ કહે છે. જેમ કે,

સુ + ઉક્તિ = સૂક્તિ

સુર + અસુર = સુરાસુર

સ્વર સંધિના નીચે પ્રમાણે પેટા પ્રકારો પડે છે.

(1) દીર્ઘ સંધિ :

અહીં બે સજાતીય સ્વરો જોડાતાં એક દીર્ઘ સ્વર થાય છે.

નિયમ : (1) અ/આ ની સાથે અ/આ આવે તો 'આ' થાય છે.

સૂર્ય + અસ્ત = સૂર્યાસ્ત
ચરણ + અમૃત = ચરણામૃત
દેવ + આનંદ = દેવાનંદ
મહા + અનલ = મહાનલ
રૂપ + અંતર = રૂપાંતર
પુસ્તક + આલય = પુસ્તકાલય
વિદ્યા + અર્થી = વિદ્યાર્થી
ગીતા + અંજલિ = ગીતાંજલિ
પરમ + અર્થ = પરમાર્થ
શોક + આતુર = શોકાતુર
શિક્ષા + અર્થી = શિક્ષાર્થી
શ્રદ્ધા + આનંદ = શ્રદ્ધાનંદ

નિયમ : (2) ઇ/ઈ ની સાથે ઇ/ઈ આવે તો ઈ (દીર્ઘ) થાય છે.

ગિરિ + ઇન્દ્ર = ગિરીન્દ્ર
હરિ + ઇન્દ્ર = હરીન્દ્ર
પરિ + ઈક્ષા = પરીક્ષા
રજની + ઇન્દુ = રજનીન્દુ
સતી + ઈશ = સતીશ
જ્યોતિ + ઇન્દ્ર = જ્યોતીન્દ્ર
અતિ + ઇત = અતીત
નીતિ + ઈશ = નીતીશ
દેવી + ઈચ્છા = દેવીચ્છા
નારી + ઈશ્વર = નારીશ્વર
રવિ + ઇન્દ્ર = રવીન્દ્ર
કપિ + ઈશ = કપીશ
શશી + ઇન્દ્ર = શશીન્દ્ર
રથી + ઇન્દ્ર = રથીન્દ્ર
શ્રી + ઈશ = શ્રીશ

નિયમ : (3) ઉ/ઊ ની સાથે ઉ/ઊ આવે તો ઊ થાય છે.

ભાનુ + ઉદય = ભાનૂદય
ગુરુ + ઉપદેશ = ગુરૂપદેશ
લઘુ + ઊર્મિ = લઘૂર્મિ
વાયુ + ઉર્જા = વાયૂર્જા
રાહુ + ઉદય = રાહૂદય
ગુરુ + ઉત્તમ = ગુરૂત્તમ
સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ
બાહુ + ઊર્જા = બાહૂર્જા
કેતુ + ઉદય = કેતૂદય
અનુ + ઉદિત = અનૂદિત
શિશુ + ઊર્મિ = શિશૂર્મિ
વધૂ + ઉત્કર્ષ = વધૂત્કર્ષ

- **દીર્ઘ સંધિના અપવાદો :**

કર્ક + અંધુ = કર્કંધુ
સીમ + અંત = સીમંત
શક + અંધુ = શકંધુ
સાર + અંગ = સારંગ
કુલ + અટા = કુલટા
પર + અક્ષ = પરોક્ષ

(2) ગુણ સંધિ

આ પ્રકારનીસંધિમાં બે સ્વર ભેગા મળવાથી એક નવો સ્વર બને છે.

નિયમ : (1) અ/આ પછી ઇ/ઈ આવે તો બંનેની સંધિ થતાં 'એ' બને છે.

દેવ + ઇન્દ્ર = દેવેન્દ્ર
મહા + ઇન્દ્ર = મહેન્દ્ર
નર + ઈશ = નરેશ
કલા + ઇન્દુ = કલેન્દુ
સુર + ઇન્દ્ર = સુરેન્દ્ર
પરમ + ઈશ્વર = પરમેશ્વર
દેવ + ઈશ = દેવેશ
મહા + ઇચ્છા = મહેચ્છા
ઈશ્વર + ઇચ્છા = ઈશ્વરેચ્છા
રાકા + ઈશ = રાકેશ
ખગ + ઈશ = ખગેશ
રાજા + ઇન્દ્ર = રાજેન્દ્ર

નિયમ (2) અ/આ પછી ઉ/ઊ આવે તો બંનેની સંધિ થતાં 'ઓ' બને છે.

નાટ્ય + ઉત્સવ = નાટ્યોત્સવ
મરણ + ઉત્તર = મરણોત્તર
સૂર્ય + ઊષ્મા = સૂર્યોષ્મા
વિદ્યા + ઉપાસના = વિદ્યોપાસના
ગંગા + ઊર્મિ = ગંગોર્મિ
વીર + ઉચિત = વીરોચિત
નવ + ઊઢા = નવોઢા
પવન + ઊર્જા = પવનોર્જા
પ્રજા + ઉત્થાન = પ્રજોત્થાન
ભાષા + ઊર્મિ = ભાષોર્મિ
વૃક + ઉદર = વૃકોદર
આનંદ + ઊર્મિ = આનંદોર્મિ
શાળા + ઉપયોગી = શાળોપયોગી
ધારા + ઉષ્ણ = ધારોષ્ણ

નિયમ - (3) અ/આ પછી 'ઋ' આવે તો બંને સ્વર મળીને 'અર્' થાય છે.

દેવ + ઋષિ = દેવર્ષિ
પરમ + ઋત = પરમર્ત
મહા + ઋષિ = મહર્ષિ
તપ + ઋષિ = તપર્ષિ
રાજા + ઋષિ = રાજર્ષિ
બ્રહ્મા + ઋષિ = બ્રહ્મર્ષિ
કૃષ્ણ + ઋદ્ધિ = કૃષ્ણર્દ્ધિ
વર્ષા + ઋતુ = વર્ષર્તુ
અધમ + ઋણ = અધમર્ણ

- **ગુણ સંધિના અપવાદો :**

મન + ઈષા = મનીષા
સ્વ + ઈરી = સ્વૈરી
પ્ર + ઊઢિ = પ્રૌઢિ
ક્ષુધા + ઋત = ક્ષુધાર્ત
મન + ઈષી = મનીષી
સ્વ + ઈરિણી = સ્વૈરિણી
અક્ષ + ઊહિની = અક્ષૌહિણી
શીત + ઋત = શીતાર્ત
સ્વ + ઈર = સ્વૈર
પ્ર + ઊઢ = પ્રૌઢ
પ્ર + ઊઢા = પ્રૌઢા

(3) વૃદ્ધિ સંધિ :

આ પ્રકારની સંધિમાં માત્રામાં વધારો થાય છે.

નિયમ : (1) અ/આ પછી એ/ઐ આવે તો બન્ને સ્વરો મળીને 'ઐ' થાય છે.

એક + એક = એકૈક
લોક + એષણા = લોકૈષણા
દેવ + ઐશ્વર્ય = દેવૈશ્વર્ય
વસુધા + એવ = વસુધૈવ
પુત્ર + એષણા = પુત્રૈષણા
હિત + એષી = હિતૈષી
વિશ્વ + ઐક્ય = વિશ્વૈક્ય
મહા + ઐશ્વર્ય = મહૈશ્વર્ય
વિશ્વ + એકતા = વિશ્વૈક્તા
વિત્ત + એષણા = વિત્તૈષણા
તથા + એવ = તથૈવ
સદા + ઐક્ય = સદૈક્ય

નિયમ : (2) અ/આ પછી ઓ/ઔ આવે તો બન્ને સ્વર મળીને 'ઔ' થાય છે.

ગુણ + ઔદાર્ય = ગુણૌદાર્ય
મહા + ઓજસ્વી = મહૌજસ્વી
હૃદય + ઔદાર્ય = હૃદયૌદાર્ય
મહા + ઔષધિ = મહૌષધિ
પરમ + ઔદાર્ય = પરમૌદાર્ય
વિદ્યા + ઔત્સુક્ય = વિદ્યૌત્સુક્ય

- જો 'ઓષ્ઠ'ની અગાઉ અ હોય તો બંને સ્વર મળીને 'ઓ' કે 'ઔ' થાય છે.

દંત + ઓષ્ઠ = દંતોષ્ઠ, દંતૌષ્ઠ
બિમ્બ + ઓષ્ઠ = બિમ્બોષ્ઠ, બિમ્બૌષ્ઠ
અધર + ઓષ્ઠ = અધરોષ્ઠ, અધરૌષ્ઠ

(4) યણ સંધિ :

ઇ/ઈ, ઉ/ઊ અને ઋ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો સ્વરમાં રૂપાંતર થવાને બદલે અનુક્રમે તેનું. ય્, વ્, અને ર્ માં રૂપાંતર થાય છે. અહીં સ્વરનું રૂપાંતર 'ય' વગેરેમાં થતું હોવાથી આને 'યણ' સંધિ કહે છે.

નિયમ : (1) ઇ/ઈ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો તેનુ 'ય્' માં રૂપાંતર થાય છે.

પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ
કોટિ + અવધિ = કોટ્યવધિ
નિ + આય = ન્યાય
વિ + ઉત્પન્ન = વ્યુત્પન્ન
પરિ + એષક = પર્યેષક
ગતિ + અવરોધ = ગત્યવરોધ
વિ + આયામ = વ્યાયામ
વિ + આધિ = વ્યાધિ
વિ + ઉત્પત્તિ = વ્યુત્પત્તિ
મતિ + ઐક્ય = મત્યૈક્ય
અગ્નિ + અસ્ત્ર = અગ્ન્યસ્ત્ર
પરિ + આપ્ત = પર્યાપ્ત
ઉપરિ + ઉક્ત = ઉપર્યુક્ત
વિ + ઊહ = વ્યૂહ
અતિ + ઓજસ્વી = અત્યોજસ્વી

અતિ + ઔદાર્ય = અત્યૌદાર્ય
દેવી + અપરાધ = દેવ્યપરાધ
દેવી + આરાધના = દેવ્યારાધના
નદી + આવેગ = નદ્યાવેગ
નદી + આમુખ = નદ્યામુખ
લક્ષ્મી+ઉપાસના = લક્ષ્મ્યુપાસના
સ્ત્રી + ઉપયોગી = સ્ત્ર્યુપયોગી
સ્ત્રી + ઉક્તિ = સ્ત્ર્યુક્તિ
નારી + ઊર્મિ = નાર્યૂર્મિ

નિયમ : (2) ઉ/ઊ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો તેનું 'વ્' માં રૂપાંતર થાય છે.

સુ + અલ્પ = સ્વલ્પ
અનુ + અર્થ = અન્વર્થ
સુ + અસ્તિ = સ્વસ્તિ
સુ + આગત = સ્વાગત
મનુ + આદિ = મન્વાદિ
ધાતુ + ઇક = ધાત્વિક
પૃથુ + ઈ = પૃથ્વી
ઉરુ + ઈ = ઉર્વી
તનુ + ઇ = તન્વી
અનુ + એષણ = અન્વેષણ
પ્રભુ + ઐશ્વર્ય = પ્રભ્વૈશ્વર્ય
ચમૂ + અંગ = ચમ્વંગ
વધૂ + આગમન = વધ્વાગમન
વધૂ + ઈપ્સા = વધ્વીપ્સા
બહુ + અર્થ = બહ્વર્થ

નિયમ : (3) ઋ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો તેનું રૂપાંતર 'ર્' માં થાય છે.

પિતૃ + અર્થ = પિત્રર્થ
માતૃ + અર્થ = માત્રર્થ
પિતૃ + આજ્ઞા = પિત્રાજ્ઞા
માતૃ + આદેશ = માત્રાદેશ
માતૃ + ઇચ્છા = માત્રિચ્છા
માતૃ + ઉપદેશ = માત્રુપદેશ
પિતૃ + ઊર્મિ = પિત્રૂર્મિ
પિતૃ + ઔદાર્ય = પિત્રૌદાર્ય

(5) યયાદિ સંધિ :

એ, ઐ, ઓ, ઔ પછી વિજાતીય સ્વર આવે તો અનુક્રમે અય્, આય્, અવ્, આવ્ થાય છે.

નિયમ : (1) 'એ' પછી વિજાતીય સ્વર આવે તો 'અય્' થાય છે.

ને + અન = નયન
ચે + અન = ચયન
વિને + અન = વિનયન
સામે + ઈક = સામયિક
પ્રલે + અ = પ્રલય
પે + અસ્વિની = પયસ્વિની
વિજે + અ = વિજય
શે + અન = શયન

નિયમ : (2) 'ઐ' પછી વિજાતીય સ્વર આવે તો 'આય્' થાય છે.

ગૈ + અન = ગાયન
નૈ + અક = નાયક
સૈ + અક = સાયક
વૈ + અસ = વાયસ
ગૈ + અત્રી = ગાયત્રી
હૈ + અન = હાયન
ગૈ + ઈકા = ગાયિકા
નૈ + ઈકા = નાયિકા
વિધૈ + ઈકા = વિધાયિકા

નિયમ : (3) 'ઓ' પછી વિજાતીય સ્વર આવે તો 'અવ્' થાય છે.

પો + અન = પવન
યો + અન = યવન
ગો + અન = ગવન
કો + અન = કવન
ભો + ઇષ્ય = ભવિષ્ય
હો + ઇ = હવિ
પો + ઇત્ર = પવિત્ર
ગો + ઈશ = ગવીશ
વટો + ઋક્ષ = વટવૃક્ષ

નિયમ : (4) ઔ પછી વિજાતીય સ્વર આવે તો 'આવ્' થાય છે.

પૌ + અક = પાવક
પૌ + અન = પાવન
શ્રૌ + અન = શ્રાવણ
નૌ + અ = નાવ
નૌ + ઇક = નાવિક
ભૌ + ઇક = ભાવિક
સૌ + ઈત્રી = સાવિત્રી
શ્રૌ + ઈકા = શ્રાવિકા

- **અપવાદરૂપ સંધિ :**

ગો + ય = ગવ્ય
ગો + ઇન્દ્ર = ગવેન્દ્ર
ગો + યુતિ = ગવ્યુતિ
ગો + અક્ષ = ગવાક્ષ

[2] વ્યંજન સંધિ : વ્યંજન સાથે વ્યંજન કે વ્યંજન સાથે સ્વરના જોડાણથી થતી સંધિને વ્યંજન સંધિ કહે છે.

નિયમ : (1) શબ્દને છેડે 'મ્' પછી કોઈ વર્ગીય વ્યંજન આવે તો 'મ્' નો અનુસ્વાર થાય છે.

સમ્ + મતિ = સંમતિ
સમ્ + ગીત = સંગીત
શમ્ + કર = શંકર
પરમ્ + તુ = પરંતુ
સમ્ + લગ્ન = સંલગ્ન
અલમ્ + કૃત = અલંકૃત

નિયમ : (2) શબ્દને છેડે ‘ન્’ પછી સ્વર આવે તો સ્વર ‘ન્’ માં ભળી જાય છે.

અન્ + અભ્યાસ = અનભ્યાસ
અન્ + અવસ્થા = અનવસ્થા
અન્ + ઋત = અનૃત
અન્ + અધિકાર = અનધિકાર
અન્ + અભ્ર = અનભ્ર
અન્ + ઈશ = અનીશ

નિયમ : (3) શબ્દને છેડે ‘મ્’ પછી સ્વર આવે તો સ્વર ‘મ્’ માં ભળી જાય છે.

સમ્ + અક્ષ = સમક્ષ
સમ્ + અન્વિત = સમન્વિત
સમ્ + ઋદ્ધિ = સમૃદ્ધિ
સમ્ + આહર્તા = સમાહર્તા
સમ્ + ઉત્થાન = સમુત્થાન
સમ્ + અગ્ર = સમગ્ર

નિયમ : (4) અઘોષ વ્યંજન પછી સ્વર અથવા અનુનાસિક સિવાયનો ઘોષ વ્યંજન આવે તો અઘોષ વ્યંજનના વર્ગનો ત્રીજો વ્યંજન મુકાય છે,

દિક્ + ગજ = દિગ્ગજ
વાક્ + બાણ = વાગ્બાણ
ષટ્ + અરિ = ષડરિ
ષટ્ + યંત્ર = ષડ્યંત્ર
ઉત્ + દંડ = ઉદ્દંડ
ચિત્ + આનંદ = ચિદાનંદ
તત્ + અપિ = તદપિ
સત્ + ભાવના = સદ્ભાવના
અપ્ + ધિ = અબ્ધિ
અપ્ + દુર્ગ = અબ્દુર્ગ
સત્ + ઉક્તિ = સદુક્તિ
વિદ્યુત્ + અણુ = વિદ્યુદણુ

નિયમ : (5) ઘોષ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે તો, પ્રથમ વર્ગનો અઘોષ વ્યંજન મુકાય છે.

ઉદ્ + થાન = ઉત્થાન
વિપદ્ + તિ = વિપત્તિ
ઉદ્ + તર = ઉત્તર
ઉદ્ + પાદન = ઉત્પાદન
સદ્ + કાર્ય = સત્કાર્ય
આપદ્ + તિ = આપત્તિ

નિયમ : (6) કોઈ પણ વર્ગના પ્રથમ વ્યંજન પછી અનુનાસિક આવે તો તે વર્ગનો અનુનાસિક મુકાય છે.

દિક્ + મૂઢ = દિઙ્મૂઢ
વાક્ + મય = વાઙ્મય
ષટ્ + માસ = ષણ્માસ
ષટ્ + મુખ = ષણ્મુખ
જગત્ + નાયક = જગન્નાયક
તત્ + મય = તન્મય
સત્ + મિત્ર = સન્મિત્ર
સત્ + નારી = સન્નારી
જગત્ + નિવાસ = જગન્નિવાસ

નિયમ : (7) ‘સ્’ ની પહેલાં ‘અ’ કે ‘આ’ સિવાયનો કોઈ સ્વર આવે તો ‘સ’ નો ‘ષ’ થાય છે.

અભિ + સેક = અભિષેક
યુધિ + સ્થિર = યુધિષ્ઠિર
સુ + સમા = સુષમા
પ્રતિ + સેધ = પ્રતિષેધ
વિ + સાદ = વિષાદ
પરિ + સદ = પરિષદ

- નોંધ : ઉપરના નિયમની અપવાદરૂપ સંધિ

વિ + સર્ગ = વિસર્ગ,
વિ + સ્મરણ = વિસ્મરણ
વિ + સ્તીર્ણ = વિસ્તીર્ણ
અનુ + સાર = અનુસાર

નિયમ : (8) હ્રસ્વ સ્વર પછી છ્ આવે ત્યાં ચ્છ્ મુકાય છે.

સ્વ + છંદ = સ્વચ્છંદ
શિર + છેદ = શિરચ્છેદ
માતૃ + છાયા = માતૃચ્છાયા
તરુ + છાયા = તરુચ્છાયા
પરિ + છેદ = પરિચ્છેદ
આ + છાદિત = આચ્છાદિત

નિયમ : (9) ‘ત્’ પછી ‘ચ્’ કે ‘છ્’ આવે તો ‘ત્’ નો ‘ચ્’ થાય છે.

ઉત્ + ચાર = ઉચ્ચાર
ઉત્ + છવ = ઉચ્છવ
ઉત્ + ચાલક = ઉચ્ચાલક
ઉત્ + છંગ = ઉચ્છંગ
ઉત્ + છેદ = ઉચ્છેદ
ઉત્ + ચારણ = ઉચ્ચારણ

નિયમ : (10) ‘ત્’, ‘દ્’ કે ‘ધ્’ પછી ‘શ્’ આવે ત્યાં ‘ચ્’ થાય છે અને ‘શ્’ નો ‘છ્’ થાય છે.

ઉત્ + શ્વાસ = ઉચ્છ્વાસ
ઉત્ + શૃંખલ = ઉચ્છૃંખલ
ઉત્ + શિષ્ટ = ઉચ્છિષ્ટ
સત્ + શાસ્ત્ર = સચ્છાસ્ત્ર
વિદ્યુત્ + શક્તિ = વિદ્યુચ્છક્તિ
જગત્ + સાક્ષી = જગચ્છાક્ષી

નિયમ : (11) ત્ કે દ્ પછી લ્ આવે ત્યાં ત્ કે દ્ નો લ્ થાય છે

ઉદ્ + લેખ = ઉલ્લેખ
પત્ + લવ = પલ્લવ
ઉત્ + લાસ = ઉલ્લાસ
ઉદ્ + લિખિત = ઉલ્લિખિત
વિદ્યુત્ + લતા = વિદ્યુલ્લતા
તત્ + લીન = તલ્લીન

નિયમ : (12) ‘ત્’ કે ‘દ્’ પછી ‘જ્’ આવે ત્યાં ‘ત્’ કે ‘દ્’ ની જગ્યાએ જ્ મુકાય છે

સત્ + જન = સજ્જન
ઉત્ + જડ = ઉજ્જડ
ઉદ્ + જ્વલ = ઉજ્જ્વલ
ઉત્ + જૈન = ઉજ્જૈન
જગત્ + જનની = જગજ્જનની
તત્ + જન્ય = તજ્જન્ય

નિયમ : (13) ત્ કે દ્ પછી 'ડ્' આવે તો ત્ કે દ્ ની જગ્યાએ ડ મુકાય છે.

ઉત્ + ડયન = ઉડ્ડયન | ઉત્ + ડાન = ઉડ્ડાણ | ભગવત્ + ડમરું = ભગવડ્ડમરું

નિયમ : (14) ઋ, ર્ કે ષ્ પછી ન આવે તો ન નો ણ થાય છે

ઋ પછી ન

ઋ + ન = ઋણ | તૃ + ન = તૃણ | મૃ + નાલ = મૃણાલ

– ર્ પછી ન

પરિ + નામ = પરિણામ | પ્ર + નિધિ = પ્રણિધિ | પ્ર + નેતા = પ્રણેતા

– ષ્ પછી ન

કૃષ્ + ન = કૃષ્ણ | તૃષ્ + ના = તૃષ્ણા | વિષ્ + નુ = વિષ્ણુ

• અપવાદ = પ્ર + નષ્ટ = પ્રનષ્ટ

નિયમ : (15) હ્ ની પહેલાં અનુનાસિક સિવાયનો કોઈ પણ વર્ગીય વ્યંજન આવે તો 'હ્' નો આગલા વર્ગનો વ્યંજનો ચોથો વ્યંજન થાય, જ્યારે આગલો વ્યંજન પોતાના વર્ણનો ત્રીજો વ્યંજન બને.

– ટૂંકમાં ત્ નો દ્ અને હ્ નો ધ્ થાય છે.

ઉદ્ + હત = ઉદ્ + ધત = ઉદ્ધત | તત્ + હિત = તદ્ + ધિત = તદ્ધિત

પત્ +હતિ = પદ્ + ધતિ = પદ્ધતિ | ઉત્ + હવ = ઉદ્ + ધવ = ઉદ્ધવ

નિયમ : (16) 'ષ્' પછી 'ત્' આવે તો 'ટ્' અને 'થ્' આવે તો 'ઠ્' થાય છે.

– ષ્ + ત્ = ટ્

શિષ્ + ત = શિષ્ટ | તુષ્ + ત = તુષ્ટ | કષ્ + ત = કષ્ટ

હૃષ્ + ત = હૃષ્ટ | ઇષ્ + ત = ઇષ્ટ | આકૃષ્ + ત = આકૃષ્ટ

– ષ્ + થ્ = ઠ્

પ્રતિ + સ્થા = પ્રતિષ્ઠા (સ્ નો ષ્ થયા પછી થ્ નો ઠ્ થયો છે)

અનુ + સ્થાન = અનુષ્ઠાન (સ્ નો ષ્ થયા પછી થ્ નો ઠ્ થયો છે)

યુધિ + સ્થિર = યુધિષ્ઠિર (સ્ નો ષ્ થયા પછી થ્ નો ઠ્ થયો છે)

અધિ + સ્થાતા = અધિષ્ઠાતા (સ્ નો ષ્ થયા પછી થ્ નો ઠ્ થયો છે.)

નિયમ : (17) સ્ કે ર્ ની પહેલાં અ હોય અને પછી અઘોષ વ્યંજન આવે તો સ્ કે ર્ નો વિસર્ગ થાય છે.

પુનર્ + કથન = પુનઃકથન | અંતર્ + કેન્દ્ર = અંતઃકેન્દ્ર | અંતર્ + કોણ = અંતઃકોણ

અંતર્ + પુર = અંતઃપુર | અંતર્ + પ્રેરણા = અંતઃપ્રેરણા | પુનર્ + પ્રતિષ્ઠા = પુનઃપ્રતિષ્ઠા

અધસ્ + પતન = અધઃપતન | પયસ્ + પાન = પયઃપાન

• આ નિયમનો અપવાદ :

નમસ્ / તિરસ્ પછી સ્ નો વિસર્ગ થતો નથી.

નમસ્ + કાર = નમસ્કાર | નમસ્ + તે = નમસ્તે | તિરસ્ + કાર = તિરસ્કાર

નિયમ : (18) પદાન્તે ચ્, જ્, શ્ પછી અઘોષ વ્યંજન આવે તો ચ્, જ્, શ્ નો ક્ થાય છે.

વાચ્ + પતિ = વાક્પતિ | વાચ્ + પટુ = વાક્પટુ | દિશ્ + પાલ = દિક્પાલ

દિશ્ + પ્રાંત = દિક્પ્રાંત | ભજ્ + તિ = ભક્તિ | વાચ્ + છલ = વાક્છલ

નિયમ : (19) ષ્ પછી અઘોષ વ્યંજન આવે તો ષ્ નો ટ્ થાય છે.

ષષ્ + કોણ = ષટ્કોણ | ષષ્ + ચક્ર = ષટ્ચક્ર | ષષ્ + પદ = ષટ્પદ

ષષ્ + કર્ણ = ષટ્કર્ણ | ષષ્ + શાસ્ત્ર = ષટ્શાસ્ત્ર | ષષ્ + કર્મ = ષટ્કર્મ

નિયમ : (20) સમ્ પછી સંસ્કૃત 'કૃ' ધાતુ પરથી બનેલ શબ્દ જોડાય છે 'સ્' ઉમેરાય છે.

સમ્ + કાર = સંસ્કાર | સમ્ + કૃત = સંસ્કૃત | સમ્ + ક્રિયા = સંસ્ક્રિયા

સમ્ + કૃતિ = સંસ્કૃતિ

– સમ્ પછી 'સ્થા' ધાતુ પરથી બનેલ શબ્દ હોય તો પણ 'સ્' ઉમેરાય છે.

સમ્ + થાપક = સંસ્થાપક   સમ્ + થાન = સંસ્થાન

– નીચેના શબ્દોમાં પણ સ્ ઉમેરાય છે.

પુમ્ + કોકિલ = પુંસ્કોકિલ   પુમ્ + ત્વ = પુંસ્ત્વ

નિયમ : (21) નીચેના શબ્દોમાં 'સ્'નો લોપ થયો છે.

ઉદ્ + સ્થાન = ઉત્થાન   ઉદ્ + સ્થાપક = ઉત્થાપક   ઉદ્ + સ્થાનિક = ઉત્થાનિક

ઉદ્ + સ્તંભન = ઉત્તંભન

[3] વિસર્ગ સંધિ : વિસર્ગ પછી કોઈ સ્વર કે વ્યંજન આવતાં થતા વર્ણવિકારને વિસર્ગ સંધિ કહે છે. વિસર્ગ (:) ને કેટલીક વાર વિકલ્પે 'સ્' તરીકે પણ લખવામાં આવે છે.

નિયમ : (1) વિસર્ગ પહેલા 'અ' અને પછી કોઈ ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો ઉ થાય છે અને અ + ઉ મળીને ઓ થાય છે.

મનઃ + રોગી = મંનોરોગી   મનઃ + હર = મનોહર   પયઃ + ધર = પયોધર

તપઃ + ભૂમિ = તપોભૂમિ   શિરઃ + રેખા = શિરોરૈખા   સરઃ + વર = સરોવર

નિયમ : (2) વિસર્ગ પહેલા અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી કોઈ સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો 'ર્' થાય છે.

નિઃ + અપરાધ = નિરપરાધ   નિઃ + ગુણ = નિર્ગુણ   દુઃ + ઉપયોગ = દુરુપયોગ

દુઃ + ભાવના = દુર્ભાવના   બહિઃ + ભાગ = બહિર્ભાગ   બહિઃ + અંગ = બહિરંગ

નિયમ : (3) વિસર્ગની પહેલાં અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી 'ર' આવે તો વિસર્ગનો લોપ થાય છે અને આગળનો સ્વર દીર્ઘ બને છે.

નિઃ + રસ = નીરસ   નિઃ + રવ = નીરવ   નિઃ + રૂપ = નીરૂપ

નિઃ + રોગી = નીરોગી   નિઃ + રંધ્ર = નીરન્ધ્ર   નિઃ + રજ = નીરજ

ચક્ષુસ્ + રોગ = ચક્ષૂરોગ   ચક્ષુઃ + રાગ = ચક્ષૂરાગ   નિઃ + રંગ = નીરંગ

નિયમ : (4) વિસર્ગની પહેલાં 'અ' કે 'આ' સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી 'ચ' કે 'છ' આવે તો વિસર્ગનો શ્ થાય છે.

નિઃ + ચલ = નિશ્ચલ   નિઃ + ચેતન = નિશ્ચેતન   નિઃ + ચિંતિત = નિશ્ચિંતિત

દુઃ + ચરિત્ર = દુશ્ચરિત્ર   નિઃ + ચેષ્ટ = નિશ્ચેષ્ટ   યશઃ + ચન્દ્ર = યશશ્ચંદ્ર

નિયમ : (5) વિસર્ગની પહેલાં 'અ' કે 'આ' સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી ક્ ખ્ ટ્ ક્ પ્ અને ફ્ આવે તો વિસર્ગનો 'ષ્' થાય છે.

નિઃ + કામ = નિષ્કામ   નિઃ + કંટક = નિષ્કંટક   નિઃ + ફળ = નિષ્ફળ

ધનુઃ + ખંડ = ધનુષ્ખંડ   ધનુઃ + ટંકાર = ધનુષ્ટંકાર   નિઃ + પ્રભાવ = નિષ્પ્રભાવ

દુઃ + પરિણામ = દુષ્પરિણામ   ચતુઃ + પાદ = ચતુષ્પાદ   નિઃ + કારણ = નિષ્કારણ

નિયમ : (6) વિસર્ગની પહેલાં અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી ત્ કે થ્ આવે તો વિસર્ગનો સ્ થાય છે.

દુઃ + તર = દુસ્તર   નિઃ + તરંગ = નિસ્તરંગ   દુઃ + તર્ક = દુસ્તર્ક

દુઃ + તાજ્ય = દુસ્તાજ્ય   નિઃ + તારણ = નિસ્તારણ   નિઃ + તૃણ = નિસ્તૃણ

નિયમ : (7) વિસર્ગની પહેલાં અ કે આ સ્વર હોય અને વિસર્ગ પછી ક્, ખ્, ત્, થ્, પ્, ફ્, સ્, આવે તો વિસર્ગનો સ્ થાય છે.

તિરઃ + કાર = તિરસ્કાર   પુરઃ + કૃત = પુરસ્કૃત   શ્રેયઃ + કર = શ્રેયસ્કર

મનઃ + તેજ = મનસ્તેજ   મનઃ + તાપ = મનસ્તાપ   બૃહઃ + પતિ = બૃહસ્પતિ

નિયમ : (8) વિસર્ગની પછી શ, ષ, સ, આવે તો વિસર્ગ કાયમ રહે છે.

નિઃ +શસ્ત્રીકરણ = નિઃશસ્ત્રીકરણ   અંતઃ + શત્રુ = અંતઃશત્રુ   દુઃ + શાસન = દુઃશાસન

નિઃ + સીમ = નિઃસીમ   નિઃ + સંદેહ = નિઃસંદેહ   દુઃ + સાહસ = દુઃસાહસ

- **નોંધ :**

નિઃ + સંદેહ = નિઃસંદેહ, નિસ્સંદેહ   દુઃ + સાહસ = દુઃસાહસ, દુસ્સાહસ - વૈકલ્પિક સંધિ સ્વીકાર્ય છે.

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) બ્રહ્માંડ - સંધિ છોડો.
(A) બ્રહ્મા + અંડ (B) બ્રહ્માન્ + અંડ (C) બ્રહ્મણ + અંડ (D) બ્રહ + અંડ

(2) જિતેન્દ્રિય - સંધિ છોડો.
(A) જિત + ઇન્દ્રિય (B) જિતા + ઇન્દ્રિય (C) જિત્ય + ઇન્દ્રિય (D) જીત + ઇન્દ્રિય

(3) નવોઢા - સંધિ છોડો.
(A) નવ + ઉઢા (B) નવો + ઢા (C) નવ + ઊઢા (D) નવ + ઓઢા

(4) વ્યંગ્યોક્તિ - સંધિ છોડો.
(A) વ્યંગ્ય + ઓક્તિ (B) વ્યંગ + ઇક્તિ (C) વિ + અંગ + ઉક્તિ (D) વિ + અંગ + ઇક્તિ

(5) અધમર્ણ - સંધિ છોડો.
(A) અધમ + ઋણ (B) અધમ્ + અર્ણ (C) અધમ્ + ઋણ (D) અધ + મર્ણ

(6) પરમૌજસ્વી - સંધિ છોડો.
(A) પરમ + ઉજસ્વી (B) પરમ + ઔજસ્વી (C) પરમૌજ + સ્વી (D) પરમ + ઓજસ્વી

(7) અધ્યક્ષ - સંધિ છોડો.
(A) અધિ + અક્ષ (B) અધિ + યક્ષ (C) અધી + અક્ષ (D) અધ્ + યક્ષ

(8) અન્વિત - સંધિ છોડો.
(A) અનુ + ઇત (B) અન્ + વિત (C) અનુ + ઉત (D) અન્વ + ઇત

(9) દિગંતર - સંધિ છોડો.
(A) દિક્ + અંતર (B) દિગ + અંતર (C) દિશ + અંતર (D) દિક + અંતર

(10) અર્યુન્મૂલન - સંધિ છોડો.
(A) અરી + ઉન્મૂલન (B) અરિ + ઉન્મૂલન (C) અરી + ઊન્મૂલન (D) અર્ય + ઉન્મૂલન

(11) હરિષેણ - સંધિ છોડો.
(A) હરિ + ષેણ (B) હરી + ષેણ (C) હરિ + સેન (D) હરિ + સેણ

(12) ત્રયાનન - સંધિ છોડો.
(A) ત્રે + આનન (B) ત્રૈ + આનન (C) ત્રો + આનન (D) ત્રૌ + આનન

(13) સૃષ્ટિ - સંધિ છોડો.
(A) સૃ + ષ્તિ (B) સૃજ્ + ષ્ટિ (C) સૃજ્ + તિ (D) સૃક્ + ષ્ટિ

(14) માધ્વી - સંધિ છોડો.
(A) માધુ + ઈ (B) માધ્ + વી (C) મ + અધ્વી (D) મા + અધ્વી

(15) આપદ્ધર્મ - સંધિ છોડો.
(A) આપત + ધર્મ (B) આપદ + ધર્મ (C) આપત્ + ધર્મ (D) આપ + ધર્મ

(16) ચતુરંગિણી - સંધિ છોડો.
(A) ચતુ + રંગિણી (B) ચતુર + રંગિની (C) ચતુઃ + અંગિની (D) ચતુ + ઉરંગિની

(17) તતોભ્રષ્ટ - સંધિ છોડો.
(A) તત + ઉભ્રષ્ટ (B) તતો + ભ્રષ્ટ (C) તતો + અભ્રષ્ટ (D) તતઃ + ભ્રષ્ટ

(18) પ્રાંજલિ - સંધિ છોડો.
(A) પ્રા + અંજલિ (B) પ્રાન્ + જલિ (C) પ્ર + અંજલિ (D) પ્ર + અંજલી

(19) વક્ષઃસ્થળ - સંધિ છોડો.
(A) વક્ષો + સ્થળ (B) વક્ષ + સ્થળ (C) વક્ષસ + સ્થળ (D) વક્ષઃ + સ્થળ

(20) રાજગૃહ - સંધિ છોડો.
(A) રાજા + ગૃહ (B) રાજન્ + ગૃહ (C) રૂાજ + ગૃહ (D) રાજ્ય + ગૃહ

જવાબો: 1. (A) 2. (A) 3. (C) 4. (C) 5. (A) 6. (D) 7. (A) 8. (A) 9. (A) 10. (B) 11. (C) 12. (A) 13. (C) 14. (A) 15. (C) 16. (C) 17. (D) 18. (C) 19. (D) 20. (B)

અલંકાર

- **અલંકાર :** સાહિત્યમાં વાણીને શોભામાં અને પ્રભાવમાં વધારો કરે તેવા ભાષાકીય રૂપોનો જે પ્રયોજન કરવામાં આવે છે તેને અલંકાર કહેવામાં આવે છે. અલંકારના બે પ્રકાર છે. (અ) શબ્દાલંકાર, અને (બ) અર્થાલંકાર.

(અ) અર્થાલંકાર : વાક્યમાં કે પંક્તિમાં જ્યારે અર્થની મદદથી ચમકૃતિ સર્જાય ત્યારે અર્થાલંકાર બને છે.

ઉપમેય : જે વસ્તુ કે પદાર્થની સરખામણી કરવાની હોય તેને ઉપમેય કહે છે.

ઉપમાન : જે વસ્તુ કે પદાર્થની સાથે સરખામણી કરવાની હોય તે ઉપમાન કહે છે.

સાધારણ ધર્મ : બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે રહેલા કોઈ ખાસ ગુણોને સાધારણ ધર્મ કહેવામાં આવે છે.

ઉપમાવાચક શબ્દો : બે જુદી જુદી વસ્તુઓ વચ્ચેની સરખામણી કરવા માટે વપરાતા શબ્દોને ઉપમાવાચક શબ્દો કહે છે.

દા.ત. જેવું, જેમનું, તેમનું, સરખું, સમોવડું, શી, તુલ્ય, પેઠે, માફક, સમાન વગેરે.

- **અર્થાલંકારના પ્રકાર આઠ પ્રકાર :** (1) ઉપમા, (2) ઉત્પ્રેક્ષા, (3) રૂપક, (4) અનન્વય, (5) શ્લેષ, (6) સજીવારોપણ, (7) વ્યાજસ્તુતિ (8) વ્યતિરેક.

(1) ઉપમા અલંકાર : ઉપમેયની સરખામણી ઉપમાન સાથે કરવામાં આવે ત્યારે ઉપમા અલંકાર બને છે. ઉપમેય અને ઉપમાનમાં એકરૂપતા દર્શાવવામાં આવે ત્યારે આ અલંકાર બને છે.

➤ ઉપમાવાચક શબ્દો જેવા કે શી, શું, જેવું, જેમનું, તેમનું, સરખું, સમોવડું, તુલ્ય, પેઠે, માફક અને સમાન શબ્દો વપરાય છે.

દા.ત. દેવલના અક્ષર મોતીના દાણા જેવા છે.

(દેવલ - ઉપમેય અને મોતીના દાણા - ઉપમાન)

ઉદાહરણો :

- પુરુષોની માફક સ્ત્રીઓ પણ કેળવણી લઈ શકે છે.
- મને તેમનું વચન અપમાન જેવું લાગે છે.
- સંતરાની છાલ જેવો તડકો વરસે છે.

(2) ઉત્પ્રેક્ષા અલંકાર : ઉપમેય જાણે ઉપમાન હોય તેવો તર્ક, ડોળ, સંભાવના કે વિચાર કરવામાં આવે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.

ઉત્પ્રેક્ષા વાચક શબ્દો : જાણે, રખે, શકે, શું.

દા.ત. : હૈયું જાણે હિમાલય.

ઉદાહરણો :

- જેનામાં વૃક્ષપ્રીતિ નથી તેનામાં જાણે જીવનપ્રીતિ નથી.
- સૃષ્ટિના વાળ જાણે રેશમની પટ્ટીઓ.
- દર્દ અને ઉપેક્ષા જાણે ગળથૂથીમાંથી જ મળેલા.

(3) રૂપક અલંકાર : ઉપમેય અને ઉપમાનને એકરૂપ દર્શાવવામાં આવે ત્યારે રૂપક અલંકાર બને છે.

દા.ત. પુત્રના અવસાન પછી મા શોકસાગરમાં ડૂબી ગઈ.

ઉદાહરણો :

- મને કેળવણીની માયાજાળમાં ફસાવી દીધો.
- ફાગણના વૃક્ષો પરથી સૂરજને ખરતો જોઉં છું.
- ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહી રે.

(4) અનન્વય અલંકાર : ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ કરવામાં આવે ત્યારે અનન્વય અલંકાર બને છે. (ઉપમેયને જ ઉપમાન તરીકે દર્શાવવામાં આવે છે.)

દા.ત. ગાંધીજી એટલે ગાંધીજી

ઉદાહરણો :

- મોતી એટલે મોતી
- સાપ એટલે ચક્ષુઃશ્રવા

(5) વ્યતિરેક અલંકાર : ઉપમાન કરતાં ઉપમેયને ચડિયાતું બતાવવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે.

➤ આમાં કોઈ ચોક્કસ શબ્દોનો ઉપયોગ થયો હોતો નથી. ટૂંકમાં, ચઢિયાતું બતાવ્યું હોય ત્યારે વ્યતિરેક અલંકાર બને છે.

➤ દા.ત. એની વાણી અમૃતથીયે મીઠી હતી.

ઉદાહરણો :

- બાપુનું હૃદય ફૂલ કરતાં કોમળ હતું.
- હલકાં તો પારેવાની પાંખથીયે મોટા જી.
- દમયંતીના મુખ પાસે તો ચંદ્ર નિસ્તેજ લાગે છે.
- ગંગાના નીર તો વધે ઘટે રે લોલ, સરખો એ પ્રેમની પ્રવાહ રે.
- એનું શરીર તો ફૂલથીય હલકું છે.

(6) શ્લેષ અલંકાર : એક જ શબ્દના બે અર્થ નીકળતા હોય ત્યારે શ્લેષ અલંકાર બને છે.

દા.ત. જવાની તો જવાની છે.

ઉદાહરણો :

- કેસરીસિંઘ, આંબા નીચે મરવા પડ્યા છે.
- પંકજ નામનો છોકરો છે.
- મારા ભાઈનું બારમું પતી ગયું.

(7) **સજીવારોપણ અલંકાર :** નિર્જીવ વસ્તુમાં જ્યારે સજીવના ભાવોનું આરોપણ કરવામાં આવે ત્યારે સજીવારોપણ અલંકાર બને છે.

દા.ત. મને લાગ્યું ચાંદો ધીમે ધીમે ચાલી રહ્યો છે.

ઉદાહરણો :

- સડક પડખું ભરીને સૂઈ ગઈ હોય.
- નવપલ્લવો મમતાભરી નજરે સ્વામીજીને જોવા લાગ્યા.
- પવન પાંદડાં જોડે ગમ્મત કરે છે.

(8) **વ્યાજસ્તુતિ અલંકાર :** જ્યારે વખાણરૂપે નિંદા અને નિંદારૂપે વખાણ કરવામાં આવે ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર બને છે.

દા.ત. શું તમારી બહાદૂરી ! ઉંદર જોઈને નાઠા !

ઉદાહરણો :

- શું તમારી હોંશિયારી ગુજરાતીમાં નપાસ થયા ?
- રમેશને છેલ્લી પાટલીએ બેસવાનો શોખ છે.
- હું દોડની સ્પર્ધામાં પ્રથમ આવ્યો પણ છેલ્લેથી.

(બ) **શબ્દાલંકાર :** વાક્યમાં કે પંક્તિમાં જ્યારે શબ્દની મદદથી ચમત્કૃતિ સર્જાય ત્યારે શબ્દાલંકાર બને છે.

- **શબ્દાલંકારના પ્રકાર ચાર પ્રકાર :** (1) વર્ણાનુપ્રાસ (વર્ણસગાઈ), (2) યમક (શબ્દાનુપ્રાસ), (3) આંતરપ્રાસ (પ્રાસસાંકળી) અને (4) અંત્યાનુપ્રાસ.

(1) **વર્ણસગાઈ / વર્ણાનુપ્રાસ :** વાક્ય કે પંક્તિમાં પ્રારંભે એકનો એક અક્ષર બે અથવા બેથી વધારે વખત આવી ચમત્કૃતિ સર્જે ત્યારે આ અલંકાર બને છે.

(એકનો એક અક્ષર વારંવાર આવર્તન પામે)

દા.ત. નટવર નિરખ્યા નેણ ! તે...

ઉદાહરણો :

- વિપદ પડે વણસે નહીં.
- માડી મીઠી, સ્મિત મધુરીને ભવ્ય મૂર્તિ પિતાજી
- કાળને કબજે કરવાના અનેક પ્રયત્નો થયા છે.

(2) **યમક / શબ્દાનુપ્રાસ :** જ્યારે વાક્યમાં કે પંક્તિમાં એક સરખા ઉચ્ચારવાળા અને અલગ અલગ અર્થ ધરાવનારા બે અથવા બેથી વધારે શબ્દો આવી ચમત્કૃતિ સર્જાય ત્યારે આ અલંકાર બને છે. (એકનો એક અક્ષર બે વખત આવે અને સમાન ઉચ્ચારવાળા શબ્દો હોય.)

દા.ત. - સંપ ત્યાં જંપ નહિતર ધરતીકંપ

ઉદાહરણો :

- કાયાની માયામાંથી છૂટવા ગોવિંદરાયની માયા કરો.
- ચેન નથી મન ! ક્યમ તને, ભેટે શ્યામ શરીર
- સતી ખેદ હતી જોતી વદને વધતો જતો !

(3) **આંતરપ્રાસ/પ્રાસસાંકળી :** પહેલા ચરણના છેલ્લા શબ્દ અને બીજા ચરણમાં પહેલા શબ્દ વચ્ચે જ્યારે પ્રાસ રચાય ત્યારે આ અલંકાર બને છે.

દા.ત. વિદ્યા ભણીયો જેહ, તેહ ઘેરે વૈભવ રૂડો.

ઉદાહરણો :

- મહેતાજી નિશાળે આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ
- આરે કાંઠે ગાતો, જાતો સામે તીર.

(4) **અંત્યાનુપ્રાસ :** બે પંક્તિના અંતે સમાન ઉચ્ચારવાળા અને અલગ અલગ અર્થ ધરાવતા શબ્દો આવી અંતે પ્રાસ રચાય ત્યારે આ અલંકાર બને છે.

દા.ત. બળની વાતો બહુ કરે, કરે બુદ્ધિના ખેલ,
આપદ કાલે જાણીએ, તલમાં કેટલું તલ.

ઉદાહરણો :

- ગુણ જશ અપરંપાર, દેશ બધામાં દીઠું,
  ભોજનમાં તે ભળે, મનુષ્યને લાગે મીઠું.
- જલાવી જાતને ધૂપ સુવાસિત બધું કરે,
  ઘસીને જાતને સંતો અન્યને સુખિયા કરે.

- **નીચેના વાક્યોનાં અલંકારો ઓળખાવો.**

(1) સાગરે ભાસ્તી ભવ્ય ભરતી.
(2) યામિની વ્યોમસર માહી સરતી.
(3) મહુડા માયા ઉતારતાં યોગી જેવા લાગે છે.
(4) અમદાવાદ એટલે અમદાવાદ.
(5) બપોર એ એક મોટું શિકારી કૂતરું છે.
(6) સુદામાનો વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર ?
(7) આ ડાળ ડાળ જાણે રસ્તા વસંતના.
(8) આ હોશિયાર વિદ્યાર્થી બીજા નંબરના સ્થાનનો કટ્ટર વેરી છે.
(9) વર્ષા તમારી રાહ જુએ છે.
(10) જંગલના પથ્થરો પણ રડી પડ્યાં.
(11) વૈશાખ મહિનો હતો, સીમમાં આગ ઝરતી હતી.

જવાબો : (1) વર્ણાનુપ્રાસ (2) શબ્દાનુપ્રાસ (3) ઉપમા (4) અનન્વય (5) રૂપક (6) વ્યતિરેક (7) ઉત્પ્રેક્ષા (8) વ્યાજસ્તુતિ (9) શ્લેષ (10) સજીવારોપણ (11) અતિશયોક્તિ

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. નીચે આપેલા વાક્યનો અલંકારનો પ્રકાર જણાવો.

ઈશ્વર જેવો ઈશ્વર કેવળ એક જ છે.

(A) અનન્વય (B) ઉપમા

(C) ઉત્પ્રેક્ષા (D) સજીવારોપણ

2. ઉપમેય અને ઉપમાન વચ્ચે તુલના કયા અલંકારમાં દર્શાવવામાં આવે છે ?

(A) અનન્વય (B) વ્યતિરેક

(C) ઉપમા (D) રૂપક

3. નીચે આપેલા વાક્યનો અલંકારનો પ્રકાર જણાવો.

કાળુને રાજુની ગાળો ગોળથીય વધુ મીઠી લાગતી.

(A) સજીવારોપણ (B) ઉપમા

(C) અંત્યાનુપ્રાસ (D) વ્યતિરેક

4. નીચેના વિકલ્પમાં કયું ઉદાહરણ ઉત્પ્રેક્ષા અલંકારનું નથી ?

(A) એમનું હૃદય હતું કામમાં ડૂબેલું

(B) શકે સુરતમાં ભૂકંપ આવે

(C) રખે અમદાવાદમાં વરસાદ આવે

(D) હોડી જાણે આરબઘોડી

5. એક જ શબ્દના બે અર્થ નીકળતાં હોય ત્યારે કયો અલંકાર બને છે ?

(A) યમક (B) શ્લેષ

(C) રૂપક (D) અનન્વય

6. નીચેનામાંથી કયા અલંકારમાં ઉપમેયને જ ઉપમાન તરીકે દર્શાવવામાં આવે છે ?

(A) રૂપક (B) અનન્વય

(C) વ્યતિરેક (D) ઉપમા

7. નીચે આપેલા વાક્યનો અલંકારનો પ્રકાર જણાવો.

ટેબલ ટેબલ જેવું છે અને ખુરશી ખુરશી જેવી છે.

(A) રૂપક (B) અનન્વય

(C) ઉપમા (D) અંત્યાનુપ્રાસ

8. નીચે આપેલા વાક્યનો અલંકારનો પ્રકાર જણાવો.

દુર્યોધન પ્રેષિત દૂત એક, દેખાવમાં ઘાતક દુષ્ટ છેક.

(A) આંતરપ્રાસ (B) ઉત્પ્રેક્ષા

(C) રૂપક (D) અંત્યાનુપ્રાસ

9. નીચે આપેલા વાક્યનો અલંકારનો પ્રકાર જણાવો.

પંડની પેટીમાં પારસ છે પડ્યો

(A) ઉપમા (B) રૂપક

(C) વ્યતિરેક (D) ઉત્પ્રેક્ષા

10. નીચે આપેલા વાક્યનો અલંકારનો પ્રકાર જણાવો.

તે દોડમાં હંમેશાં પ્રથમ આવે છે, તે એકલો જ દોડે છે.

(A) ઉપમા (B) વ્યાજસ્તુતિ

(C) વ્યતિરેક (D) અંત્યાનુપ્રાસ

11. નીચે આપેલા વાક્યનો અલંકારનો પ્રકાર જણાવો.

ઘેર પધાર્યા હરિગુણ ગાતા, વાતા તાલ ને મૃદંગ.

(A) અંત્યાનુપ્રાસ (B) વર્ણાનુપ્રાસ

(C) પ્રાસસાંકળી (D) અનન્વય

12. ઉપમેયને ઉપમાન કરતાં ચડિયાતું દર્શાવવામાં આવ્યું હોય ત્યારે કયો અલંકાર બને છે ?

(A) ઉપમા (B) વ્યાજસ્તુતિ

(C) વ્યતિરેક (D) ઉત્પ્રેક્ષા

13. નીચેનામાંથી કયો ઉપમા અલંકાર નથી ?

(A) મા તે મા, બીજા બધા વનવગડાના વા

(B) કાળજે ઊંડા કળણ છે, છદ્મ જેવી જિંદગી

(C) ગુલછડી સમોવડી તે બાલિકા હતી.

(D) રૂપે અરુણ ઉદય સરખો.

14. નીચેના વિકલ્પોમાંથી વર્ણાનુપ્રાસ અલંકારનું ઉદાહરણ શોધો.

(A) દમયંતીનું મુખ જાણે ચંદ્ર (B) યામિનીનું મુખ ચંદ્ર

(C) ગિલો ગામમાં ગયો. (D) સત્ય પરમેશ્વર છે.

15. નીચેના વિકલ્પોમાંથી રૂપક અલંકારનું ઉદાહરણ શોધો.

(A) ફૂલનો પછેડી ઓઢું પ્રેમઘાટડી રે.

(B) વૃક્ષો હસતાં હતાં.

(C) રખે ભાણેજ નવ મરે.

(D) દવાખાનું પાંજરાપોળ જેવું હશે

16. નીચે આપેલા વાક્યનો અલંકારનો પ્રકાર જણાવો.

હિમાલય જાણે રૂનો ઢગલો.

(A) વ્યાજસ્તુતિ (B) રૂપક

(C) અનન્વય (D) ઉત્પ્રેક્ષા

17. ઉપમેય અને ઉપમાન જુદા દર્શાવતાને બદલે એક જ હોય તેમ દર્શાવવામાં આવે ત્યારે કયો અલંકાર બને છે ?

(A) ઉત્પ્રેક્ષા (B) વ્યતિરેક

(C) રૂપક (D) વ્યાજસ્તુતિ

18. નથી વળી સંશયને પાંખ, ફૂટી એને રૂવે રૂવે આંખ - આ વાક્યમાં કયો અલંકાર છે ?

(A) યમક (B) આંતરપ્રાસ

(C) વર્ણસગાઈ (D) અંત્યાનુપ્રાસ

19. વખાણ દ્વારા નિંદા અને નિંદા દ્વારા વખાણ કયા અલંકારમાં દર્શાવવામાં આવે છે ?

(A) વ્યતિરેક (B) સજીવારોપણ

(C) વ્યાજસ્તુતિ (D) શ્લેષ

20. નીચે આપેલા વાક્યનો અલંકાર ઓળખાવો.

ઘડિયાળના કાંટા પર હાંફ્યા કરે સમય.

(A) ઉપમા (B) સજીવારોપણ

(C) શ્લેષ (D) દૃષ્ટાંત

જવાબો: 1. (A) 2. (C) 3. (D) 4. (A) 5. (B) 6. (B) 7. (B) 8. (D) 9. (B) 10. (B) 11. (C) 12. (C) 13. (A) 14. (C) 15. (A) 16. (D) 17. (C) 18. (D) 19. (C) 20. (B)

છંદ

- ➤ કાવ્યમાં મધુરતા લાવવા માટે નિયમો અનુસાર અક્ષરોની ચોક્કસ ગોઠવણીને છંદ કહેવામાં આવે છે.
- ➤ છંદના મુખ્ય બે પ્રકાર છે.

  (અ) અક્ષરમેળ (બ) માત્રામેળ

- **અક્ષરમેળ છંદ :** અક્ષરમેળ છંદમાં કાવ્યની પંક્તિઓના અક્ષરોની ગણતરી કરવી પડે છે. તેમાં લઘુ-ગુરુ અક્ષરોની ચોક્કસ સંખ્યા નક્કી કરી ગણરચના કરવામાં આવે છે.
- ➤ **લઘુ અક્ષરો :** જે વર્ણમાં હ્રસ્વ સ્વર હોય તેને લઘુ અક્ષરો કહે છે.

  દા.ત. : અ, ઇ, ઉ, એ, ઋ સ્વરોવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનોને લાગ્યા હોય તે લઘુ (હ્રસ્વ) કહેવાય છે. દા.ત. - ક, રિ, યુ, સુ વગેરે.

- ➤ **ગુરુ અક્ષરો :** આ, ઈ, ઊ, ઐ, ઔ, એ, અં સ્વરોવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનોને લાગ્યા હોય તે વ્યંજનો ગુરુ કહેવાય. **દા.ત.** : જા, વે, ની, દે, લો વગેરે.
- ➤ **યતિ :** કાવ્યમાં ગાતા ગાતા અટટકી જઈએ તેને અટકસ્થાન કે યતિ કહેવાય છે. **દા.ત.** વિશ્વનો ગોળો ફૂટે, ગ્રહણ ગબડે, ધૂમકેતું વછૂટે. આ લીટીમાં સાતમાં અને ચૌદમાં (તેરમાં) અક્ષર પછી વિરામ લેવાની જરૂર પડે છે.
- ➤ **યતિભંગ એટલે શું ?** - છંદની લીટીમાં જે ઠેકાણે યતિ આવ્યો હોય ત્યાં શબ્દ પૂરો ન થાયો હોય તેને યતિભંગ કહે છે.
- ➤ **શ્રુતિભંગ એટલે શું ?** - એક ગુરુ અક્ષરને સ્થાને બે લઘુ અક્ષર આવે તેને શ્રુતિભંગ કહે છે.
- ➤ **ગણ :** ત્રણ અક્ષરના સમૂહને ગણ કહેવાય છે.
- ➤ **ચરણ એટલે શું ? :** છંદની સરખા માપવાળી પંક્તિને ચરણ કહે છે.
- ➤ **છૂટ એટલે શું ?** - પંક્તિમાં લય બેસાડવા લઘુને ગુરુ અને ગુરુને લઘુ ગણવામાં આવ્યા હોય તેને છૂટ કહેવાય છે.
- ➤ **બંધારણ એટલે શું ?** - છંદને ઓળખવા માટે નક્કી કરેલ સૂત્રને બંધારણ કહેવામાં આવે છે.
- **લઘુ અક્ષરો ક્યારે ગુરુ ગણાય ? :**

1. સંયુક્તાક્ષરથી આગળ આવેલા લઘુ અક્ષરો ગુરુ ગણાય છે. દા.ત. - મર્મ, પુષ્પ, સત્ય, ધર્મમાં અનુક્રમે મ, પુ, સ, ધ ગુરુ બની જાય છે.
2. પંક્તિને અંતે આવેલો લઘુ અક્ષર ગુરુ ગણાય છે.
3. જે વર્ણોમાં તીવ્ર અનુસ્વાર આવે છે તે વર્ણો ગુરુ ગણાય છે. ઉદા. - ગંગા, સંમતિ, કુંડ વગેરે પરંતુ, કુંવર, ગયું, કુંભારમાં અનુસ્વાર પોચો કે મંદ છે તેથી તે લઘુ ગણાય છે.
4. વિસર્ગવાળળો અક્ષર લઘુ હોય, પણ વિસર્ગનો ઉચ્ચાર કરવો પડે તો તે ગુરુ થાય.

   દા.ત. અંતઃકરણમાં ત ગુરુ ગણાય છે.

   લઘુ-ગુરુની સંજ્ઞા નીચે મુજબ દર્શાવવામાં આવે છે.

   લઘુ દર્શાવવા માટે (∪) અને ગુરુ દર્શાવવા માટે (–) દર્શાવાય છે.

- ➤ **ગણરચના :** લઘુ-ગુરુ અક્ષરના બનેલા જુથને ગણ કહે છે. આવા આઠ ગણ છે. આ યાદ રાખવા નીચેની પંક્તિ તૈયાર કરવામાં આવે છે. ય, મા, તા, રા, જ, ભા, ન, સ, લ, ગા.

  ય = યમાતા = ય ગણ (પહેલો લઘુ, છેલ્લાં બે ગુરુ)
  મા = માતારા = મ ગણ (ત્રણેય ગુરુ)
  તા = તારાજ = ત ગણ (પહેલાં બે ગુરુ, છેલ્લો લઘુ)

રા = રાજભા = ર ગણ(પહેલો, છેલ્લો ગુરુ, વચલો લઘુ)
જ = જભાન = જ ગણ (પહેલો, છેલ્લો લઘુ, વચલો ગુરુ)
ભા = ભાનસ = ભ ગણ(પહેલો ગુરુ, છેલ્લાં બે લઘુ)
ન = નસલ = ન ગણ (ત્રણેય લઘુ)
સ = સલગા = સ ગણ (પહેલો બે લઘુ, છેલ્લો ગુરુ)
લ = લઘુ = (∪) ગણ
ગા = ગુરુ = (–) ગણ

(અ) અક્ષરમેળ છંદો :

(1) પૃથ્વી :

અક્ષર : 17 **ગણ :** જ, સ, જ, સ, ય, લ, ગા
યતિ : 8 કે 9 અક્ષરે. **સ્વરૂપ :** 10 લઘુ અક્ષર, 7 ગુરુ અક્ષરા

જ સ જ સ ય લ ગા
∪–∪ ∪∪– ∪–∪ ∪∪– ∪–– ∪ –
મ ને શિ શુ ત ણી ગ મે સ ર ળ સૂ ષ્ટી સ્ને હ ભ રી

➤ ઉદાહરણ :

1. ભલે મૂદુ રહી સહી જખમ છે કે ચૂરો થતું.
2. ભમો ભરતખંડમાં, સકળ ભોમ ખૂંદી વળો.
પ્રિયે, તુજ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો.
નહીં નિકટ એથી સ્પર્શક આ સમે મોહરો.
3. ધમાલ ન કરો જરાય નહિં નેન ભીનાં થશે !

(2) શિખરિણી :

અક્ષર : 17 અક્ષર **ગણ :** ય, મ, ન, સ, ભ, લ, ગા
યતિ : છઠ્ઠા કે બારમા અક્ષરે.
સ્વરૂપ : 9 લઘુ અક્ષર, 8 ગુરુ અક્ષરા

ય મ ન સ ભ લ ગા
∪–– ––– ∪∪∪ ∪∪– –∪∪ ∪ –
ત મે તો આ પ્યું છે દ સ વ ર સ ના દુઃ ખ જ મ ને

1. અસત્યો માંહેથી પ્રભ પરમ તેજે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.
2. વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.
3. હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગતા,
લડો પાપો સામે, અડગ મનના ગુપ્ત બળથી.
4. પ્રભો અંતર્યામી જીવન જીવનાં દીન શરણા.

(3) મંદાક્રાન્તા છંદ :

અક્ષર : 17 અક્ષર **ગણ :** મ, ભ, ન, ત, ત, ગા, ગા
યતિ : ચોથા અને દશમા અક્ષરે
સ્વરૂપ : 7 લઘુ અક્ષર, 10 ગુરુ અક્ષરા

મ ભ ન ત ત ગા ગા
––– –∪∪ ∪∪∪ ––∪ ––∪ – –
બે ઠો બે ઠો સ ખિ સ હી ત હૂં મા લ તિ મં ડ પે ત્યાં

હા એ પસ્તાવો વિપુર ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

1. રે પંખીડા, સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો.
શાને આવાં મુજથી ડરીને, ખેલ છોડી ઊડો છો
2. બેઠી ખાટે ફરી વળી બધે, મેડીઓ ઓરડામાં,
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં.
3. ને ગાણાંના ધ્વનિત પડઘા હોય ના એમ જાણે,
વ્યામે ત્યોમે તરલ ઘવલા ફરતા તારલાઓ,
4. શાખાઓમાં તરુવર તણી ચક્રવાકી છુપાતી,
શોઢી કાઢે દયિત નયનો જોઈને દુષ્ટ થાતી.

(4) શાર્દૂલવિક્રીડિત :

અક્ષર : 19 અક્ષર **બંધારણ :** મ - સ - જ - સ - ત - ત - ગા
યતિ : 7 કે 12 અને 19 મે અક્ષરે.
સ્વરૂપ : 8 લઘુ અક્ષરો, 11 ગુરુ અક્ષરા

મ સ જ સ ત ત ગા
––– ∪∪– ∪–∪ ∪∪– ––∪ ––– –
હી રા ની ક ણિ કા સ મા ન ઝ ળ કે તા રા ઝ ગા રે ત્ર હો

1. ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં
2. લૂછ્યાં ના પણ ઉષ્ણ શ્વાસ દિલને અશ્રુ સુકાવી દીધા
3. ચિંતા ભાર વધારવા તમ શોરે એ યોગ્ય હું ના ગણું.
4. ઊભા ઉત્સવ આંગણે જગપતિ મોંઘી બની અંબિકા
5. ગાજે સાગર રાજ આજ ગરવા તોફાનના તોરમાં

(5) સ્ત્રગ્ધરા :

અક્ષર : 21 અક્ષર **ગણ :** મ - ર - ભ - ન - ય - ય - ય
યતિ : 7 અને 14 ને 21 મે અક્ષરે.
સ્વરૂપ : 8 લઘુ અક્ષર, 12 ગુરુ અક્ષરા

મ ર ભ ન ય ય ય
––– –∪– –∪∪ ∪∪∪ ∪–– ∪–– ∪––
ઢં કા યો સૂ ર્યા રા તી ગ ગ ન દૃ વ સ મી મે ધ મા ળા નિ પૂં ઠે

ઉદાહરણો :

1. ભૂખ્યાં દૂખ્યાં ઉઘાડા મનુજ ભટકતાં પૃથ્વીને વૃક્ષ ખોળે.
2. ખંખેરી મોહનીને તનમન થૈ તૈયાર હાવાં ગયાં જે.
3. દેવોને માનવોના મધુમિલન તણ સ્થાન સંકેત જેવા

4. વર્ષોની ઊંઘ મધ્યે ખઈ ખઈ પછડાટો લપાટો શરીરે.
5. ખાલી ખોખાં થયાં છો પણ ઝગમગતો પ્રાણદીવો બનો તો.

(6) **અનુષ્ટુપ છંદ :**

અક્ષર : આઠ-આઠ અક્ષરના ચાર ચરણ હોય છે.

બંધારણ : પહેલા અને ત્રીજા ચરણમાં 5, 6, અને 7 મો અક્ષર અનુક્રમે લઘુ, ગુરુ, ગુરુ હોય છે.

બીજા ચરણમાં અને ચોથામાં 5, 6, અને 7 મો અક્ષર અનુક્રમે લઘુ, ગુરુ, લઘુ હોય છે.

ચરણ	ચરણ
વર્ષોની બંધ બારીને	આજ જ્યારે ઉઘાડતો,
આવ આવ દિશાઓથી	સૂર એ કર્ણ આવતો.

1. ઈન્દ્રપ્રસ્થ જનો આજે, વિચાર કરતા હતા,
એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા.
2. તાજા યૌવનના સ્પર્શ, તગે છ દેહ એહનો,
વીરશ્રીનો થયો એને, હજુ સ્પર્શ નવો સવો.
3. છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ,
દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય.
4. વ્યોમની કેડીએ સીધો, જતો તો એક તારલો,
ભલો ને ભોળુડો માધો, વિશ્વનો ઉરહાર લો.

(7) **મનહર :**

અક્ષર : 31, બે પંક્તિમાં 31, 16 + 15 અક્ષરો.

પહેલી પંક્તિમાં 16 અક્ષર, બીજી પંક્તિમાં 15 અક્ષર છેલ્લો અક્ષર ગુરુ 8, 8 અક્ષરે યતિ (આ છંદમાં ગણનું બંધારણ નથી.)

ઉદાહરણ :

સાંભળી શિયાળ બોલ્યો દાખે દલપતરામ (16 અક્ષર)
અન્યનું તો એક વાંકું આપના અઢાર છે. (15 અક્ષર)

1. આંધળી દળે ને આટો ચાર શ્વાન ચાટી જાય,
એ તે આટો ક્યારે એને આવશે આ હારમાં !
2. પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી ?
સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે.
3. એક ભોળો ભાભો મોટા ખેતરમાં માળે ચડી
હરણાંને હાંકે અને પક્ષીને ઉડાડે છે.

(બ) **માત્રામેળ છંદ :**

- **માત્રામેળની માત્રા :**

માત્રામેળ છંદમાં અક્ષરો નહિ, પણ માત્રા જ જોવાય. લઘુ (U)ની એક (1) અને ગુરુ (-)ની બે (2) માત્રા. ઉપરાંત બોલતી વખતે અક્ષરમાત્રા ઉપર મુકાતો ભાર તે તાલ.

અક્ષરમેળ છંદોમાં અક્ષરોની સંખ્યા નિશ્ચિત હોય છે એટલું જ નહીં. પરંતુ એમાં લઘુ-ગુરુ માત્રાઓ પણ નિશ્ચિત ક્રમમાં આવેલી હોય છે, માત્રામેળ છંદમાં આવાં બંધનો નથી, એમાં અમુક ચરણની અમુક નિશ્ચિત માત્રાઓ હોય એટલું પૂરતું છે.

(1) **ચોપાઈ :** માત્રા : 15 ચરણ : 4 (દરેક ચરણમાં 15 (માત્રા), છેલ્લા બે અક્ષર ગુરુ-લઘુ.

યતિ : 15મી માત્રા પછી

1. લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય.
એ માટે તક જોઈ, તમામ શક્તિ વિચારી કરીએ કામ,
2. એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન.
3. કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય
ચાર પગ ને આંચળ ચાર, પૂંછડાથી ઉડાડે માખ
4. જાણે વહેતો જળનો વ્હેળો, એકલ તારે સૂરનો મેળો,
5. પાને પાને પોઢી રાત, તળાવ જંપ્યું કહેતા વાત,
ઠંડો મીઠો વ્હેતો વા, મીઠા કો હૈયાની હા.

(2) **હરિગીત :**

માત્રા : 28, ચરણ : 4, દરેક ચરણમાં 28 માત્રા અને ચરણનો છેલ્લો અક્ષર ગુરુ

યતિ : 14 અને 16 મી માત્રા

1. જે પોષતું તે મારતું તે ક્રમ નથી શું કુદરતનો ?
2. શશીકાન્ત ! મારી લગનની કંકોતરી આ વાંચજો.
3. સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી,
સુખ દુઃખ સદા ટકતા નથી, એ નીતિ ઉર ઉતારવી.
4. શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન, હરન ભવભય દારુણં,
નવકંજ લોચન કંજમુખ, કર કંજ પદ કંજારુણં.
5. આ પ્રેમ સંસારી તણો, તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બિન્દુ ભર્યાં વિધિએ નથી ?

(3) **દોહરો :**

માત્રા : 24, ચરણ : 4

1 અને 3 ચરણમાં 13 માત્રા, 2 અને 4 ચરણમાં 11 માત્રા

છેલ્લા બે અક્ષર અનુક્રમે ગુરુ અને લઘુ

યતિ : 13 મી માત્રા

1. ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારા કામ
2. તસ્કર ખાતર પાડવા, ગયા વણિકને દ્વારા

ત્યહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર

3. દીપકના બે દીકરા, કાજળ ને અજવાશ
એક કપૂત કાળું કરે, બીજો દિયે ઉજાશ.

4. નમંતાથી સૌ કો રીઝે, નમંતાને બહુ માન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.

5. રુદિયાથી રુદિયા તણાં પાકા થઈ ગ્યાં રેણ,
જ્યાં જ્યાં સાજન સંચરે પાછળ ફરત નૈન.

(4) સવૈયા : માત્રા 31 કે 32

ચરણ : 4 - ચરણના અંતે ગુરુ લઘુ આવશ્યક - છેલ્લો અક્ષર ગુરુ હોય તો 32 માત્રા થાય.

યતિ : 16 મી માત્રાએ.

1. અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ ?
કાળ તણી ધરતીમાં ખોડી કોણ રહ્યું જીવનના કૂપ ?

2. ઝેર ગયાં ને વેર ગયાં વળી કાળોકેર ગયા કરનાર
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન

3. પાન ઓચિંતું કોઈ નાનકડું ગયું ડાળથી છૂટી,
અડધે શબ્દે ગીત બટકતું તાલ ગયો ત્યાં તૂટી

4. હું એક રમકડું સિંગાપુરથી સાથે લેતો આવ્યો છું.
કાગળપેટીમાં બે બારીઓ પૂરી બગલમાં લાવ્યો છું.

5. આકાશે સંધ્યા ખીલી'તી માથે સાતમ કેરો ચાંદ,
બાગમાં હે ફરતાં તા સાથે, પૂછ્યું હું ફૂલોનાં નામ.

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.
હીરાની કણિકા સમાન ઝબકે તારા ઝગારે ગ્રહો.
(A) હરિગીત (B) શિખરિણી
(C) શાર્દૂલવિક્રીડિત (D) વસંતતિલકા

2. નીચે આપેલી વાક્યના છંદનો પ્રકાર જણાવો.
ના શિક્ષાના કથન કથવા યુક્ત તારા સમીપે.
(A) હરિણી (B) શિખરિણી
(C) મંદાક્રાંતા (D) પૃથ્વી

3. નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.
ચિદાત્માની સંજ્ઞા કુદરત પ્રભુની પ્રતિકૃતિ.
(A) નંદાક્રાંતા (B) પૃથ્વી
(C) શિખરિણી (D) સ્રગધરા

4. નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.
એક હાથથી તો નહિ, તાળી પણ પડી શકે.
બની શકે કેમ કારીગરી માત્ર કામની ?
(A) મનહર (B) અનુષ્ટુપ
(C) સવૈયા (D) મંદાક્રાંતા

5. નીચેમાંથી કયું ઉદાહરણ શિખરિણી છંદનું નથી ?
(A) પિતા છે એકાકી જડ એકલને ચેતન તણો.
(B) અટંક મરજીવિયા ડગ ભરંત ઉત્સાહના
(C) વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ
(D) કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો

6. પ્રથમ ચરણમાં = 13 માત્રા અને બીજા ચરણમાં = 11 માત્રા કય
છંદ હોય છે ?
(A) ઝૂલણા (B) ચોપાઈ
(C) દોહરો (D) હરિગીત

7. નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.
ઘરે અનુભવે નિશાળ નયનો સમાધાનનાં.
(A) પૃથ્વી (B) મંદાક્રાંતા
(C) દોહરો (D) શિખરિણી

8. છંદનાં સૂત્રમાં કેટલા ગણ હોય છે ?
(A) બાર (B) નવ
(C) દસ (D) આઠ

9. નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.
શિયાળે શીતળ વા વાય પાન ખરે ઘઉં પેદા થાય.
(A) પૃથ્વી (B) દોહરો
(C) હરિગીત (D) ચોપાઈ

10. નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.
અથવા આવવા સંગે, હક બૂરો બનાવશે.
(A) દોહરો (B) અનુષ્ટુપ
(C) મનહર (D) શિખરિણી

11. 28 માત્રા કયા છંદમાં હોય છે ?
(A) દોહરો (B) ચોપાઈ
(C) સવૈયા (D) હરિગીત

12. નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.

આકાશે સંધ્યા ખીલી'તી માથે સાતમ કેરો ચાંદ

(A) ઝૂલણા (B) હરિગીત

(C) સવૈયા (D) ચોપાઈ

13. દરેક ચરણમાં = 15 માત્રા કયા છંદમાં હોય છે

(A) પૃથ્વી (B) દોહરો

(C) હરિગીત (D) ચોપાઈ

14. સ્રગ્ધરા છંદનું બંધારણ જણાવો.

(A) મભરનયયય (B) મરભનયયય

(C) મરનભયયય (D) મનરભયયય

15. શિખરિણી છંદમાં ગણ કયો છે ?

(A) મભનતતગાગા (B) તભજજગાગા

(C) યમનસભલગા (D) જ્યજસયલગા

જવાબો: 1. (C) 2. (C) 3. (C) 4. (A) 5. (B) 6. (C) 7. (A) 8. (D) 9. (D) 10. (B) 11. (D) 12. (C) 13. (D) 14. (B) 15. (C)

નિપાત

- **વ્યાખ્યા :** "વાક્યમાં આવતા જુદાં જુદાં પ્રકારના પદો જેવાં કે સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, કૃદંત, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ, સાથે આવી શકે અને ભાર, નિશ્ચય વગેરે અર્થની વિશેષતા દર્શાવે તે પદોને નિપાત કહે છે."

- **નિપાતના પ્રકાર :**

(1) ભારવાચક નિપાત :

➤ **વ્યાખ્યા :** "જે નિપાત ભારવાહી અર્થ બતાવે છે તેને ભારવાચક નિપાત કહેવામાં આવે છે."

ઉદાહરણ : જ, તો, ય, પણ, સુદ્ધાં

માલવ જ આ લખી શકશે.

માલવ તો આ વાત કરશે જ.

માલવ ય ગીત ગાશે.

પાર્થવ પણ વાર્તા કહેશે.

શિક્ષક સુદ્ધા આ સેવાયજ્ઞમાં જોડાયા.

(2) સીમાવાચક નિપાત :

➤ **વ્યાખ્યા :** "જેમાં સીમા કે મર્યાદા અંકિત થતી હોય અને સીમા મર્યાદાનો અર્થ વ્યક્ત થતો હોય તે સીમાવાચક નિપાત કહેવાય છે."

ઉદાહરણ : ફક્ત, કેવળ, તદ્દન, સાવ, છેક, માત્ર

માલવભાઈ તમે ફક્ત દસ મિનિટમાં આવી જાઓ.

માલવભાઈ કેવળ તમારા આગ્રહને કારણે હું આવીશ.

માલવ અને પાર્થવ તદ્દન નજીવી બાબતમાં ઝઘડી પડ્યા.

માલવ ઘરમાં સાવ એકલો પડી ગયો.

છેક આવું થશે તેની તો કલ્પના જ નહોતી.

માલવભાઈ માત્ર તમને આમંત્રણ છે.

(3) વિનયવાચક નિપાત :

➤ વ્યાખ્યા : "જેમાં વિનય, વિવેક, માન-મોભો કે આદરનો અર્થ દર્શાવાયો હોય તેવા નિપાત વિનયવાચક નિપાત કહેવાય છે."

ઉદાહરણ : જી

આચાર્યજીને મારા નમસ્કાર.

અમારી ભૂલ હોય તો માફ કરશોજી.

પ્રધાનજી સભામાં પધાર્યા.

સ્વામીજી આશ્રમમાં હાજર છે.

(4) પ્રકીર્ણ - લટકણિયાંરૂપે પ્રયોજાતાં નિપાત :

➤ વ્યાખ્યા : "કેટલાક નિપાત વાક્યને અંતે વિનંતી, આગ્રહ, અનુમતિ વગેરે જેવાં અર્થમાં અને ક્યારેક તો માત્ર લટકણિયાંરૂપે પ્રયોજાય ત્યારે તેમને લટકણિયાંરૂપે પ્રયોજાતા નિપાત કહેવાય છે."

ઉદાહરણ : ને, કે, તો, એમ કે, કેમ

પાર્થવભાઈ મારીવાત માનશે ને ?

માલવભાઈ તમારી પેન આપશો કે ?

માલવ, મને પાર્થવનું સરનામું લખાવ તો ?

મને એમ કે માલવ દોડી શકશે.

પાર્થવ પાછો આવી ગયો, કેમ ?

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

નોંધ : આપેલા વાક્યોમાંથી નિપાત ઓળખાવો.

1. આંખ દેખે નહીં પણ રડે તો ખરી જ.

(A) પણ (B) તો, જ

(C) જ (D) તો

2. કેવળ તમારા માન ખાતર હું આવીશ.

(A) ખાતર (B) કેવળ, માન

(C) કેવળ (D) માન

3. તું કાનથી સાંભળે છે ને ?

(A) ને (B) છે (C) તું (D) થી

4. પારૂલને માત્ર બોર્નવીટા જ ભાવે છે.

(A) જ (B) માત્ર

(C) માત્ર, જ (D) ને

5. પિતાજી, હું યે તમારી સાથે આવીશ.

(A) યે, જી (B) જી

(C) હું (D) યે

6. અક્ષયે મારી સામે જોયું સિખ્ખે નહીં.

(A) સામે (B) સિખ્ખે

(C) જોયું (D) નહીં

સચિન મારી વાત માનશે ને ?

(A) ને (B) મારી (C) માનશે (D) વાત

ઈશ્વર પણ હવે કેવળ અમીરોનો જ છે.

(A) જ (B) પણ

(C) કેવળ (D) આપેલ તમામ

9. કોમલ તો બે મીઠાં વેણેય બોલી નહીં.

(A) તો, ય (B) ય

(C) મીઠાં (D) તો

10. ઘરડાં થયા પણ હજી પીરસતા આવડતું નથી.

(A) પણ (B) ય

(C) હજી (D) આપેલ તમામ

11. નેહલ ફક્ત મમ્મીજીની આજ્ઞા પાળે છે.

(A) ફક્ત, જી (B) ફક્ત

(C) ની (D) જી

12. નાસ્તામાં તળેલી વાનગી જ હોય, ફળ હોઈ જ ન શકે ?

(A) માં (B) ન (C) જ (D) ફળ

13. નીચેનામાંથી કયું વાક્ય નિપાતવાળું નથી ?

(A) પરેશ તો કોઈ માસ્ટર ગેમનો માસ્ટર છે.

(B) અલકા પણ અક્ષય સાથે આવશે.

(C) તું ભણ્યો પણ ગણ્યો નહીં.

(D) કોમલ ધીમેથી બોલે છે.

14. નીચેનામાંથી કયું વાક્ય નિપાતવાળું નથી ?

(A) કાનજી જેવા લોકો હવે વિરલ થતા જાય છે, ખરું ને ?

(B) સુશીલા આવીને પ્રશ્ન ઉકલી ગયો.

(C) માંદો માણસ સૂતો હોય તો જગાડવો ન જોઈએ.

(D) ભક્ત થયા ભેદ ન જાણ્યો.

15. નીચેનામાંથી કયું વાક્ય નિપાતવાળું નથી ?

(A) મહેનત કરશો તો પરીક્ષામાં પાસ થશે.

(B) હું આવ્યો પણ તમે ઘરે નહોતા.

(C) નેહલ આવીને પ્રશ્ન ઉકલી ગયો.

(D) ગરમીમાં કેવળ સફેદ જ વસ્ત્રો પહેરો.

જવાબો : 1. (B) 2. (C) 3. (A) 4. (C) 5. (A) 6. (B) 7. (A) 8. (A) 9. (A) 10. (B) 11. (A) 12. (C) 13. (C) 14. (A) 15. (D)

દ્વિરુક્ત અને રવાનુકારી પ્રયોગ

દ્વિરુક્ત પ્રયોગો

➤ 'દ્વિ' એટલે 'બે' અને 'ઉક્ત' એટલે 'બોલાયેલું' તે. આમ, 'દ્વિરુક્ત' એટલે જે બે વખત બોલાય છે તે.

જેમ કે, ઠેરઠેર, ગરમગરમ, લાડુબાડુ, ગલ્લાંતલ્લાં, ચોપડીબોપડી, પેનબેન, ભજનબજન, ગીતબીત, દોડાદોડી, મારામારી, શાકબાક, માંડમાંડ, ગાળાગાળી.

➤ **સંપૂર્ણ દ્વિરુક્તિવાળા પ્રયોગો :**

એકનું એક રૂપ સમગ્ર રૂપમાં બેવડાય ત્યારે સંપૂર્ણ દ્વિરુક્તિવાળા પ્રયોગો બને છે.

જેમ કે, ઠેરઠેર, ગરમગરમ, ઘેરઘેર, માંડમાંડ, મનમાં મનમાં, જ્યાં જ્યાં, ત્યાં ત્યાં, શું શું, પાંચ પાંચ

➤ **અમુક અંશના લોપવાળી દ્વિરુક્તિ :**

કેટલાક દ્વિરુક્ત પ્રયોગોમાં એકનું એક રૂપ બેવડાતું હોય પણ એમાંથી ધ્વનિનો લોપ થયો હોય છે.

જેમ કે, - આટઆટલું, તેટતેટલું, કેટકેટલું, લાભાલાભ, લાવાલાવ

▶ **પ્રાસતત્વવાળા દ્વિરુક્ત પ્રયોગ :**

જેમાં પ્રાસ મિલાવવા માટે દ્વિરુક્ત શબ્દો પ્રયોજાયા હોય. એમાં બે રૂપ જોડાય ત્યારે કાં તો બંને રૂપ સાર્થક હોય, કાં તો આગળનું રૂપ સાર્થક હોય અને પાછળનું રૂપ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય અથવા તો પાછળનું રૂપ સાર્થક હોય અને આગળનું રૂપ પ્રાસ માટે પ્રયોજાતું હોય; એવી રીતની વિભિન્ન પ્રકારની દ્વિરુક્તિઓ જોવા મળે છે.

જેમ કે, -

બંને રૂપ સાર્થક હોય તેવા શબ્દો : તોડફોડ, ચડતીપડતી, આવકજાવક, ખાધુંપીધું

પ્રથમ રૂપ સાર્થક હોય અને બીજું રૂપ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય તેવા શબ્દો : ઘરબર, કાગળબાગળ, ચોપડીબોપડી, લાપસીબાપસી.

▶ **સંયોજકોવાળા દ્વિરુક્ત પ્રયોગો :**

જેમાં બે રૂપ જોડાતા હોય અને બંને વચ્ચે સંયોજક આવે ત્યારે આવા શબ્દો બને છે. આ, એ, ઓ, અં વગેરે જેવા સંયોજકો વચ્ચે મૂકવાથી આવા પ્રયોગ થાય છે.

જેમ, કે -

આ - હસાહસ, ગરમાગરમ, દોડાદોડી, મારામારી, ગાળાગાળી
એ - ગામેગામ, ખાધેપીધે, ચોરેચૌટે, ચોખ્ખેચોખ્ખું
ઓ - રાતોરાત, ભારોભાર, બારોબાર
અં - ખુલ્લંખુલ્લા, દોડંદોડી, કૂદં કૂદી

▶ **સ્વરભેદ કે વ્યંજનભેદવાળા દ્વિરુક્ત પ્રયોગો :**

કેટલાક પ્રયોગોમાં વચ્ચે સ્વર કે વ્યંજન દ્વારા ભેદ પાડીને દ્વિરુક્ત રચના કરવામાં આવે છે.

જેમ કે, -

સ્વરભેદ હોય તેવા શબ્દો : થાગડથીગડ, સાફસૂફ, ઠીકઠાક

વ્યંજનભેદ હોય તેવા શબ્દો : બોલ્યુંચાલ્યું, સખળડખળ

રવાનુકારી શબ્દપ્રયોગો

▶ 'રવ' એટલે 'અવાજ'. જે શબ્દપ્રયોગો દ્વારા અવાજનું - નાદનું તત્ત્વ પ્રગટતું હોય તેવા પ્રયોગોને રવાનુકારી શબ્દપ્રયોગો કહેવાય.

જેમ કે,-

રમેશભાઈ બહુ ટકટક સારી નહીં.

સુરેશભાઈ ટપટપ ટેટા પાડવા માંડ્યા.

ઝરમર ઝરમર વરસાદ પડે છે.

ખળખળ ખળખળ ઝરણાં વહે છે.

ઝબઝબ ઝબઝબ વીજળી ચમકે છે.

બંદૂકમાંથી છનછન કરતી ગોળી છૂટી.

દડબડ દડબડ દોડે ગલૂડિયું

અનિલ, ઢોલનો ઢમઢમ અવાજ સંભળાયો ?

▶ ઉપરના વાક્યોમાં ટકટક, ટપટપ, ઝરમર, ખળખળ, ઝબઝબ, છનનન, દડબડ, ઢમઢમ વગેરે શબ્દપ્રયોગોમાં વિશિષ્ટ ધ્વનિરચનાથી વિશિષ્ટ અવાજ સૂચવવાનો ભાષકનો આશય સ્પષ્ટ દેખાય છે. આવી રીતે પ્રયોજાતા શબ્દપ્રયોગોને રવાનુકારી શબ્દપ્રયોગો કહેવાય છે.

1. નીચેના વાક્યોમાંથી દ્વિરુક્ત શબ્દો શોધો.

(1) વરસાદથી ઠેરઠેર પાણી ભરાઈ ગયું.
(2) અર્જુન મનમાં મનમાં વિચારતો હતો.
(3) બાળક ચાલતા ચાલતા પડી ગયો.
(4) જ્યાં જ્યાં નજર મારી ઠરે.
(5) તેઓ વખતોવખત સૂરતની મુલાકાતે આવે છે.
(6) વિદ્યાર્થી ચૂપચાપ બેઠા છે.
(7) રાતોરાત વેપારી ઊઠી ગયા.
(8) અમે બારોબાર નાસ્તો કરી લીધો.
(9) હું તેમને વખતોવખત સલાહ આપું છું.
(10) પંકજે ગલ્લાંતલ્લા કરવા માંડ્યા.
(11) ચોપડીબોપડી વાંચવી જોઈએ.
(12) સવારે ભજનબજન કરવા જોઈએ.
(13) ખોટી દોડાદોડી ન કરશો.
(14) વિદ્યાર્થી વર્ગમાં મારામારી કરતાં હતો.
(15) બાળકો તેઓને રમવા વારંવાર પૂછતા હતા.

2. નીચેના વાક્યોમાંથી રવાનુકારી શબ્દો શોધો.

(1) સવારે વલોણાનો ઘમ્મર-ઘમ્મર અવાજ આવી રહ્યો હતો.
(2) રાત્રે પાણીનો ટપટપ અવાજ આવતો હતો.
(3) લગ્નમાં ઢોલ ઢમઢમ વાગતો હતો.
(4) ચકલીઓ સવારે ચી-ચી કરતી હતી.
(5) શિક્ષકે સટસટ સોટીઓ મારી.
(6) દિવાળીના દિવસોમાં ઝળહળ ઝળહળ દીવા થાય છે.
(7) દરેક બાબતમાં બહુ કચકચ સારી નહીં.
(8) શ્રાવણ માસમાં ઝરમર ઝરમર વરસાદ વરસે છે.
(9) ડુંગર પરથી ખળખળ ખળખળ ઝરણાં વહે છે.
(10) ઘડિયાળના કાંટા ટકટક અવાજ કરતા હતા.
(11) બાળકો ધીમો ધીમો ગણગણાટ કરતા હતા.

(12) કૂતરીનું ગલૂડિયું દડબડ દડબડ દોડે છે.

(13) વડ પરથી ટપટપ ટેટા પડવા માંડ્યા.

(14) બગીચામાં રંગબેરંગી ફૂલોનો મઘમઘાટ શરૂ થઈ ગયો.

(15) ચોમાસામાં ઝળઝળ ઝળઝળ વીજળી ચમકે છે.

વાક્ય રચના : સાદું, સંયુક્ત અને સંકુલ વાક્ય

રચનાની દૃષ્ટિએ વાક્યના ત્રણ પ્રકાર છે :

(1) સાદું વાક્ય :

જે વાક્યમાં એક ક્રિયાપદ કે એક ઉદ્દેશ્ય(કર્તા) - એક વિધેય (કર્તા વિશે જે કહેવાયું હોય તે) હોય તેવી રચનાને સાદું વાક્ય કહે છે. દા.ત.,

(1) દેવરાજ અતીતમાં સરી રહ્યો હતો.

(2) મને મારા ગાંડીવનું અભિમાન હતું.

(3) આમાં તો ઝીણા ઝીણા દાણા દેખાય છે.

(4) ચોકીદારીમાં મારું મન હવે બહુ ધરપતું નથી.

(5) ચંદનવાડી આગળ શેષ નદી બહુ ઘાટીલો વળાંક લે છે.

(2) સંયુક્ત વાક્ય :

જે વાક્યમાં જોડાયેલાં વાક્યો સમાન કક્ષાનાં હોય; સંયોજક દૂર કરવાથી તે વાક્યો સ્વતંત્ર રીતે ટકી શકે તેવાં હોય અને એક વાક્ય અન્ય વાક્યનું ગૌણ વાક્ય ન હોય તેવી વાક્યરચનાને સંયુક્ત વાક્ય કહે છે.

આ વાક્યમાં ને, અને, તથા, પણ, છતાં, કે, અથવા, યા, કેમ કે, કારણ કે, વળી, નહિતર, તેથી, એટલે વગેરે સંયોજકો દ્વારા સમુચ્ચય (સમૂહ) વિકલ્પ, પર્યાય, વિરોધ કે કાર્યકારણ જેવા સંબંધો સૂચવાયા હોય છે. દા.ત.

(1) આ બ્રાહ્મણ ખૂબ વિદ્વાન હતા, પણ તેના પુત્ર શ્વેતકેતુને ભણવું ગમતું નહિ. અહીં સંયોજક દ્વારા બંને વાક્યો વચ્ચે વિરોધનો અર્થ સૂચવાય છે.

(2) મહેનતુ ખેડૂતોના હાથ રોજરોજ ફરતા હતા એટલે ક્યાંય વાંકોચૂકો છોડ કે નીંદામણ દેખાતું નહોતું. અહીં સંયોજક 'એટલે' દ્વારા કાર્યકારણ સંબંધ સૂચવાય છે.

(3) બાર વરસ વનમાં ભમ્યાં ને કેટલીય વીતકો ને મુશ્કેલી પછી આ રાજ્ય મળ્યું છે તે ભોગવીએ. અહીં 'ને' સંયોજક દ્વારા સમુચ્ચય થયો છે. બંને વાક્યો એકબીજાનાં પૂરક બની હકીકત દૃઢ કરે છે.

(4) દેવરાજની ધગશથી ધરશાળાના સંચાલક પ્રભાવિત થઈ ગયા હતા એટલે તેમણે વસુધાના કાર્યકર ભગવાનજી ભાઈને વાત કરી.

(5) પાણીને ચમચીથી વચ્ચેથી લઈ ચાખી જો કે કેવું લાગે છે ?

(3) સંકુલ-મિશ્ર વાક્ય :

આ વાક્યમાં રહેલાં વાક્યો વચ્ચે સમાન સ્તરનો નહિ પણ મુખ્ય અને ગૌણનો સંબંધ હોય છે.

ગૌણ વાક્ય મુખ્ય વાક્યના વિશેષણ વાક્ય, ક્રિયાવિશેષણ વાક્ય કે કર્મ વાક્ય તરીકે આવી મુખ્ય વાક્યના અર્થમાં વધારો કરે છે.

આ વાક્યમાં સંયોજક તરીકે જે-તે, જો-તો, જેવું-તેવું, જ્યાં-ત્યાં, જ્યારે-ત્યારે, જેમ-તેમ, જ્યાં સુધી, ત્યાં સુધી, જેટલું-તેટલું વગેરે મુકાય છે. દા.ત.,

(1) અને નીચે મૂકી અમે જવા માંડ્યું **ત્યારે** એ ઊંચે સાદે રડવા માંડ્યો.

એ ઊંચે સાદે રડવા માંડ્યો. (મુખ્ય વાક્ય)

અને નીચે મૂકીને અમે જવા માંડ્યું. (ગૌણ વાક્ય)

(2) દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતર્યો **ત્યારે** સૌ પહેલાં એની બાની યાદ આવી.

સૌ પહેલાં એની બાની યાદ આવી. - (મુખ્ય વાક્ય)

દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતર્યો - (ગૌણ વાક્ય)

(3) તેઓ પાડોશમાં રહ્યાં **ત્યાં સુધી** અમે તેમને માટે દરેક ચીજવસ્તુ લાવી સાચવનારા ટ્રસ્ટીઓ જ રહ્યાં.

(4) જો હું સત્તા કે ધનને લોભે એ બધું ભૂલી, ફગાવીને કશ્મીર આવું **તો** પછી હું આપને કે કશ્મીર રાજ્યને વફાદાર રહું એવો વિશ્વાસ આપે મારામાં ન રાખવો જોઈએ.

(5) ભીમ, જેમ કોઈ રણમાં ભમીભમીને થાકેલા માણસને પાણી પીવા મળે, **તેમ** સંતુષ્ટ થયેલો લાગે છે.

- **નીચેના વાક્યોમાંથી સાદા વાક્યો, સંયુક્ત વાક્યો અને સંકુલ વાક્યો ઓળખાવો.**

1. જો નિશાન ન હોય તો બધાનાં બાળપણનો કાળ સુખમાં ગયો હોત.
2. દાદા, એક શરતે તમારે વાર્તા કહેવી પડશે.
3. તારા ઉપર એવું તે કયું દુઃખ આવી પડ્યું કે તું આટલો ઉદાસીન છે.
4. આચાર અને વિચારમાં પણ તે ઘણો પવિત્ર હતો અને સદાચારી સાધુપુરુષ તરીકે તેની નામના હતી.
5. સૂર પ્રત્યેનું મારું ખેંચાણ છેક બાળપણથી રહ્યું છે.
6. માણસ જ ઉપયોગી અને જરૂરી કામ કરતો હોય, તો એમાં શરમજનક કશું જ નથી.
7. જિંદગીના જેટલાં વરહો હાચાં જીવ્યો હોઈશ એટલા આંબા ઉછરશે.

8. રામેશ્વર મંદિરમાં કીર્તિન શરૂ થાય કે ખાવાપીવાની સૂદ રહે નહીં.

9. સોક્રેટિસ દુનિયાનો એક અતિ મહાન પુરુષ ગણાય છે.

10. મારા કોઈ વાડોલાને આંચ ના આવે એવી જગ્યાએ ખોદશો.

જવાબો : (1) સંકુલ વાક્ય (2) સાદું વાક્ય (3) સંયુક્ત વાક્ય (4) સંયુક્ત વાક્ય (5) સાદું વાક્ય (6) સંકુલ વાક્ય (7) સંકુલ વાક્ય (8) સંયુક્ત (9) સાદું વાક્ય (10) સાદું વાક્ય

કર્તરિ, કર્મણિ અને ભાવે પ્રયોગ - વાક્ય રચના

(1) કર્તરિ રચના :

આ વાક્ય રચનામાં કર્તા પોતે ક્રિયા કરતો હોય છે. વાક્યની શરૂઆતમાં જ કર્તાનું નામ કે સર્વનામ હોય છે. આ કર્તા એકવચન કે બહુવચન બન્ને હોય છે.

દામિની અંગ્રેજી વાંચે છે.

તે પુસ્તક વાંચવાની છે.

અમે આજે પરીક્ષા આપી.

મહારાજ આજે ખુશ થઈ ગયા.

- કર્તા પહેલી વિભક્તિમાં જ રહે છે.
- ક્રિયાપદ સકર્મક કે અકર્મક હોય છે.
- ક્રિયાપદ કર્તા, જાતિ, વચન અને પુરુષ પ્રમાણેનું પોતાનું રૂપ લે છે.

(2) કર્મણિ વાક્ય રચના :

આ વાક્ય રચનામાં કર્તા દ્વારા, કર્તા વડે, કર્તા મારફતે વસ્તુ ઉપર કામ થાય છે. અહીં કર્તા નામ સર્વનામને થી, વડે, દ્વારા, મારફત, પ્રત્યયો લગાડવામાં આવે છે. કર્મણિ રચનામાં કર્મ ઉપર મુજબ ભાર આપવામાં આવે છે.

દા.ત. દામિનીથી અંગ્રેજી વંચાય છે.

- કર્મણિ વાક્ય રચના માટે વાક્ય અકર્મક હોય કે સકર્મક, ક્રિયાપદ થતા "આ" મધ્યગ આવે છે અને કર્તાને "થી" અંત્યગ લાગે છે.

– શિક્ષકે વિદ્યાર્થીને શિખામણ આપી. (સાદું વાક્ય)

– શિક્ષકથી વિદ્યાર્થીને શીખામણ અપાઈ. (કર્મણિ વાક્ય)

- કર્તરિ રચના જો કર્મણિ બનાવવી હોય તો વાક્યમાં આપેલા કર્તાને "થી" પ્રત્યય લગાડી વાક્યમાં આપેલા કર્મ ઉપર ભાર આપવામાં આવે છે.

– રાજુથી પેસા ચૂકવવામાં આવ્યા.

– તેઓ દ્વારા સમાચાર મોકલાયા.

– ખેલાડીઓથી આજે મેચ જીતાશે.

(3) ભાવે વાક્ય :

જ્યારે કર્તા કે કર્મની પ્રધાનતા ન હોય ત્યારે કેવળ ક્રિયા કે ભાવ પ્રમાણેની વાક્ય રચના થાય તો તે ભાવે રચના કહેવાય.

– મારાથી હવે વંચાશે.

ભાવે રચનામાં ફેર માત્ર એટલો જ છે કે ભાવે રચનામાં કર્મ હોતું નથી.

– તેનાથી બોલાયું નહીં.

– હું એનો ઈશારો સમજ્યો નહીં.

- ભાવે રચના આમ તો કર્મણિ જેવી જ વાક્ય રચના હોય છે પરંતુ અહીં એટલું જ ધ્યાનમાં રાખવાનું છે કે કર્મણિ વાક્યમાં જે કર્મ આપવામાં આવ્યું હોય છે તે ભાવે રચનામાં રાખવામાં આવતું નથી. ટૂંકમાં, ભાવે રચનામાં માત્ર ક્રિયાપદ જ હોય છે જેની સાથે કોઈ કર્મ હોતું નથી.

– મોહન દરરોજ સફરજન ખાય છે.

અહીં મોહન કર્તા છે ને સફરજન કર્મ (વસ્તુ) છે.

---

(1) નીચેનાં વાક્યોનું કર્મણિમાં રૂપાંતર કરો.

1. જીવલો શી રીતે દેવું ભરી શકશે ?
2. રજકણથી રાજી હું, આખો પટ નહીં માંગું.
3. આપણે આપણું હૃદય ખોલીએ ના કાંઈ.
4. ડંકર્કે હાથ લાંબા કર્યા.
5. જમાદારે ધ્રુજતે સાદે પૂછ્યું.

જવાબો : 1. જીવલાથી શી રીતે દેવું ભરાશે ?

2. રજકણથી રાજી હું, આખો પટ નહીં મંગાય.

3. આપણાથી આપણું હૃદય ખોલાય ના કાંઈ.

4. ડંકર્કથી હાથ લાંબા કરાયા.

5. જમાદારથી ધ્રુજતે સાદે પૂછાયું.

(2) નીચેનાં કર્તરિ વાક્યોનું ભાવે વાક્યોમાં રૂપાંતર કરો.

1. દેવજી વધારે આકળો થઈને બોલ્યો.
2. મહંત મંચ પર ચડ્યો.
3. સુશી ટેલિફોન પાસેથી ખસી ગઈ.
4. એ માંડ બોલી શકી.
5. દીદી અહીં નહીં આવે.

જવાબો : 1. દેવજીથી વધારે આકળા થઈને બોલાઈ ગયું.

2. મહંતથી મંચ પર ચડાયું.

3. સુશીથી ટેલિફોન પાસેથી ખસી જવાયું.

4. એનાથી માંડ બોલી શકાયું.

5. દીદીથી અહીં નહીં અવાય.

(3) નીચેનાં વાક્યોનું કર્તરિ વાક્યોમાં રૂપાંતર કરો.

1. આપણે રામજીભાને બચાવવા જોઈએ.
2. જમાદાર, મારા મોટા ભાઈને અને માતાને આટલો સંદેશો કહેવડાવજો.
3. જીવલાએ મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા.
4. બધાં એકમેકને મીઠાઈ ખવડાવે છે.
5. મામાએ ભાણેજને ઘોડી પરથી નીચે ઉતાર્યો.

જવાબો : 1. રામજીભાએ બચવું જોઈએ.

2. જમાદાર, મારા મોટા ભાઈને અને માતાને આટલો સંદેશો કહેજો.

3. જીવલાની મોટી દીકરીએ ચોખા દળ્યા.

4. બધાં મીઠાઈ ખાય છે.

5. ભાણેજ ઘોડી પરથી નીચે ઉતર્યાં.

ગદ્યાર્થગ્રહણ

➤ ગુજરાતી ગદ્યાર્થગ્રહણ બાબતે ગદ્યખંડ (ગદ્યાંશ) માં મુખ્ય અને ગૌણ વિચારોને તર્કબદ્ધ રીતે અને તર્ક દ્વારા રજૂ કરવામાં આવે છે તેમજ આ ગદ્યખંડના આધારે પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર આપવાના હોય છે, જેને ગદ્યસમીક્ષા પણ કહેવામાં આવે છે.

- **ગદ્યાર્થગ્રહણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

➤ આપેલો ગદ્યખંડ કાળજીપૂર્વક વાંચવો.

➤ પ્રશ્નોને ધ્યાનમાં રાખીને ગદ્યખંડને ફરીથી વાંચો.

➤ એક પછી એક પ્રશ્ન વાંચી, તેનો ઉત્તર શોધી અને પછી ઉત્તર લખો.

➤ ગદ્યખંડના ભાવને વ્યક્ત કરે તેવું શીર્ષક આપો. શીર્ષક મોટેભાગે ટૂંકું હોવું જોઈએ.

➤ જવાબ માટે ચાર વિકલ્પો આપવામાં આવે છે, જેનાં ક્રમાંક (A), (B), (C) અને (D) છે. સાચો વિકલ્પ પસંદ કરવાનો રહે છે.

નિર્દેશ : આ વિભાગમાં ચાર ફકરા છે. દરેક ફકરા નીચે પાંચ પ્રશ્નો છે. દરેક ફકરાને ધ્યાનપૂર્વક વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર આપવા. દરેક પ્રશ્ન માટે ચાર સંભવિત ઉત્તર આપેલાં છે, જેનાં ક્રમાંક (A), (B), (C) અને (D) છે. આમાંથી ફક્ત એકજ ઉત્તર સાચો છે. સાચા ઉત્તરનું ચયન કરી પોતાના ઉત્તરને દર્શાવવા (બતાવવા) માટે ઓ.એમ.આર. ઉત્તર-પત્રિકામાં પ્રશ્નની સંબંધિત સંખ્યાની સામેવાળા વર્તુળને (●) ડાર્ક કરો.

ફકરો - 1

જ્વાળામુખી, સળગતો પર્વત છે, જેમાં પૃથ્વીમાં ઊંડાઈ સુધી જતો એક મોટો ખાડો હોય છે. જેને ખુલેલા મોઢાને જ્વાળામુખીનો 'મુખ-વિવર' કહેવામાં આવે છે. ક્યારેક ક્યારેક કોઈ જ્વાળામુખી શતાબ્દીઓ સુધી શાંત રહીને એકાએક સક્રિય થઈ શકે છે. જેને 'જ્વાળામુખીનો વિસ્ફોટ' કહેવામાં આવે છે, આમાં રાખ, ધૂળ, ગેસ તથા વરાળનાં મોટા વાદળા ગર્જના સહિત જ્વાળામુખીનાં મુખ-વિવરથી ઊઠે છે. થોડાંક સમય પછી ગરમ પિગળેલા ખડક, જેને લાવા કહેવામાં આવે છે, જે પર્વતથી નીચે વહેવા લાગે છે. આ ઘણાં દિવસો અથવા (સપ્તાહો) અઠવાડિયાઓ સુધી ચાલુ રહી શકે છે. ત્યાર પછી જ્વાળામુખી ફરીથી 'સૂઈ જાય' છે, અથવા અનેક વર્ષો સુધી 'સુષુપ્તાવસ્થા'માં રહે છે. ઘણાં બધાં જ્વાળામુખી સમુદ્રોની નિકટ જોવા મળે છે. જે દ્વીપાનું નિર્માણ કરે છે.

1. જ્વાળામુખી વિષે શું (સાચું) સત્ય નથી ?

(A) આ ભયંકર જંગલી (દાવાનળ) આગ જેવો હોય છે.

(B) આ રાખ, ધૂળ અને લાવા ફેંકે છે.

(C) આ (અધિકતર) વધુ પડતા સમુદ્રની નિકટ જોવા મળે છે.

(D) આમાં પૃથ્વીથી નીચે સુધી મોટો ઊંડો ખાડો હોય છે.

2. જ્યારે કોઈ જ્વાળામુખીનો વિસ્ફોટ હોય છે તો તેને ______ કહેવામાં આવે છે.

(A) સુષુપ્ત (B) સુતેલો

(C) સક્રિય (D) શાંત

3. પર્વતથી નીચે વહેતો લાવા ______ અવસ્થામાં હોય છે.

(A) કઠોર (કઠણ) (B) દ્રવ્ય

(C) વરાળ (D) ગેસીય

4. 'શાંત'નો વિરોધી શબ્દ અહીંયા ______ છે.

(A) અક્ષુબ્ધ (B) સુંદર

(C) સ્થિર (D) સક્રિય

5. ફકરામાં ઉપયુક્ત 'સહિત' નો અર્થ ______ છે.

(A) ની સાથે (B) પાછળથી

(C) ઘટેલો (D) સતત (નિરંતર

જવાબો : 1. (A) 2. (C) 3. (B) 4. (D) 5. (A)

ફકરો - 2

એકજ જેવાં કામ કરતાં-કરતાં આપણે ક્યારેક ક્યારેક કંટાળી જઈએ છીએ. આનાથી આપણી કાર્યક્ષમતામાં કમી આવે છે. આથી આપણે મનોરંજન દ્વારા પોતાને તરોતાજાં રાખવાં જોઈએ. જેથી આપણે પોતાના કામનો તે જ ક્ષમતા અને ઉત્સાહથી પુનઃ આરંભ કરી શકીએ છીએ. માનસિક તાણ અથવા ચિંતા આપણા સ્વાસ્થ્યનાં શત્રુ છે. હસવું, એ બિનજરૂરી માનસિક તાણ અથવા ચિંતાને દૂર કરવાની સૌથી સારી દવા છે. આપણે પોતાનાં માનસિક તાણને (કમ) ઓછી કરવા માટે બગીચાઓ, સંગ્રહાલય, વનો વગેરેમાં જઈ શકીએ છીએ. શારીરિક કસરત કરવી એટલી જ મહત્ત્વપૂર્ણ છે જેટલી રમતો રમવી.

1. આપણે _____ જેવાં કામ કરતાં કરતાં-કંટાળી જઈએ છીએ.
(A) જુદાં-જુદાં (B) વિભિન્ન
(C) સમાન (સરખાં) (D) અલગ

2. કંઈક મનોરંજન કર્યા પછી આપણે....
(A) પોતાનું કામ સમાપ્ત કરી શકીએ છીએ.
(B) આપણે પોતાનું કામ પૂર્ણ કરી શકીએ છીએ.
(C) આપણે પોતાનું કામ બંધ કરી શકીએ છીએ.
(D) આપણે પોતાના કામનો પુનઃ આરંભ કરી શકીએ છીએ.

3. હસવું, આપણને _____ દૂર કરવામાં મદદ કરે છે.
(A) ફક્ત આનુવંશિક બીમારીઓ
(B) બિનજરૂરી માનસિક તાણ
(C) ફક્ત અનિયોજિત સમસ્યાઓ
(D) વિષાણુજન્ય રોગ

4. 'પુનઃ આરંભ' નો અર્થ _____ છે.
(A) પાછું લેવું (B) ફરીથી શરૂ કરવું
(C) સમાપ્ત કરવું (D) રોકી લેવું

5. 'ક્ષમતા' _____ નો વિરોધાર્થી છે.
(A) અણીદાર (ધારદાર) (B) દક્ષતાપૂર્વક
(C) અક્ષમતા (D) ભાવપૂર્વક

જવાબો: 1. (C) 2. (D) 3. (B) 4. (B) 5. (C)

ફકરો - 3

કોઈ પણ વ્યક્તિનો અભિપ્રાય આપણે ફક્ત તેનાં બહારી દેખાવથી નથી કરી શકતા. બહારી રૂપરંગ હંમેશાં ભ્રામક હોય છે. એક વાર જોઈ લેવાથી કોઈ પણ વ્યક્તિનાં સદ્‌ગુણ અથવા વિશેષતાઓ જાણવી મુશ્કેલ હોય છે. કોઈ-કોઈ વાર આપણે કોઈ પણ વ્યક્તિની તરફ તેનાં બહારી રૂપરંગથી આકર્ષિત થઈ જઈએ છીએ. પરંતુ પાછળથી અનુભવ કરીએ છીએ કે આપણે તેને ખોટાં સમજ્યા. બહારથી અનેક વસ્તુઓ આકર્ષક લાગે છે, પરંતુ હંમેશાં વસ્તુઓ એવી નથી હોતી જેવી દેખાય છે. આપણે કોઈ પણ વ્યક્તિ યા વસ્તુનાં વાસ્તવિક સ્વભાવને જાણવો જોઈએ.

1. બહારી રૂપરંગ હંમેશાં _____
(A) ભ્રામક હોય છે (B) મજબૂત હોય છે
(C) સ્પષ્ટ હોય છે (D) સત્ય હોય છે

2. એકજ નજરમાં શું જાણવું મુશ્કેલ છે ?
(A) કોઈનું નામ (B) કોઈનું સરનામું
(C) કોઈનાં સદ્‌ગુણ (D) કોઈની આકાંક્ષા

3. બહુધા આપણે કોઈ વ્યક્તિનાં _____ થી આકૃષ્ટ થઈ જઈએ છીએ.
(A) આંતરિક દેખાવ (B) આકર્ષક વ્યક્તિત્વ
(C) બહારી રૂપરંગ (D) માનસિકશક્તિ

4. 'આકર્ષક' _____ નો સમાનાર્થી નથી.
(A) સુંદર (B) દેખાવડું
(C) પ્રિય (D) બેડોળ

5. 'વાસ્તવિક' શબ્દ _____ છે.
(A) ક્રિયાવિશેષણ (B) ક્રિયા
(C) વિશેષણ (D) સંજ્ઞા

જવાબો: 1. (A) 2. (C) 3. (C) 4. (D) 5. (C)

ફકરો - 4

લાલ બહાદુર શાસ્ત્રી ભારતનાં દ્વિતીય પ્રધાનમંત્રી હતા. તેમની ભારતનાં શ્રેષ્ઠ રાજનેતાઓમાં ગણતરી થાય છે પરંતુ તેમનાં પ્રારંભિક જીવન વિશે લોકો ખૂબજ ઓછું જાણે છે. તેમણે પોતાનો અભ્યાસ (ભણતર) પૂરો કરવા માટે પોતાનાં જીવનમાં અનેક વિષમ પરિસ્થિતિની વિરુદ્ધ સંઘર્ષ કર્યો. અભ્યાસ (ભણતર) પૂરો કર્યા પછી તેમણે કોઈ નોકરી નહોતી કરી. તેઓ સ્વાધીનતા આંદોલનમાં જોડાવા માંગતા હતા. જોતજોતામાં તેઓ એક જન નેતા બની ગયા. તેઓ 1964 માં ભારતના પ્રધાનમંત્રી બન્યા. તેઓ ખૂબજ મહેનતુ વ્યક્તિ હતા અને દરરોજ (પ્રતિદિન) ઓછામાં ઓછાં અઢાર કલાક કામ કરતા હતા.

1. લાલ બહાદુર શાસ્ત્રી ભારતના _____ પ્રધાનમંત્રી હતા.
(A) દ્વિતીય (B) પ્રથમ
(C) તૃતીય (D) ચતુર્થ

2. તેમણે પોતાનાં જીવનમાં અનેક વિષમ પરિસ્થિતિ _____ સંઘર્ષ કર્યો.
(A) ની માટે (B) ની વિરુદ્ધ
(C) માં (D) ને

3. તેઓ _____ નેતા બની ગયા.
(A) એક વ્યક્તિ ના (B) કેટલાંક વ્યક્તિઓનાં
(C) ભીડ નાં (D) જન

4. 'બની ગયા' ક્રિયાનો કાળ _____ કાળ છે.
(A) વર્તમાન (B) ભૂત
(C) ભવિષ્ય (D) અનિશ્ચિત

5. 'પૂરું કરવું' _____ નો સમાનાર્થી છે.
(A) આરંભ કરવુ (B) ચાલુ રાખવુ
(C) સમાપ્ત કરવું (D) ખોલવું

જવાબો: 1. (A) 2. (B) 3. (D) 4. (B) 5. (C)

પદ્યાર્થગ્રહણ

- **પદ્યાર્થગ્રહણ પદ્યસમીક્ષા કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો :**

➤ આખું કાવ્ય વાંચી જાઓ અને તેને સમજવાનો પ્રયત્ન કરો. જો તે ન સમજાય, તો તેને બે - ત્રણ વખત વાંચી તેનો અર્થ સમજવા પ્રયત્ન કરો.

➤ કાવ્યની પંક્તિઓનું અર્થઘટન કરતી વખતે વિરામચિહ્નોને ખ્યાલ લક્ષમાં રાખવા. આથી તેનો ભાવાર્થ સમજવામાં સરળતા રહેશે.

➤ પ્રશ્નોને ધ્યાનમાં રાખીને કાવ્ય ફરીથી વાંચો અને સમજો. પછી પ્રશ્નોનો ઉત્તરો માટે યોગ્ય વિકલ્પ (A), (B), (C) અને (D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

કાવ્ય - 1

સાંજ રે ને સવારે દઈ કાગળો નિત્ય તું માર્ગ તારે સિધાવે;
તુજ દીધા પત્રમાં એ બધું શું ભર્યું, કો દી તું ભલા ઉર લાવે?
કેટલી માત કેરી દુવાઓ ભરી ? કેટલા પ્રેમીના પ્રેમભાવ ?
કેટલા ઉર કેરા નિસાસા ભર્યા ? કેટલા હર્ષ કેરા સમાવ ?
કેટલાં નેન તારી પ્રતીક્ષા કરે ? કેટલા કર્ણ પદરવા સુણે છે ?
ના નથી પત્ર એવું કહીને કદી શું ભર્યું આંખ સામે જુએ છે ?
જાણતો કેટલા ચાંપતા છાતીએ ? પત્રને ચુંબનો કૈંક ચોડે ?
કૈક આંખો થકી આંસુડાંઓ વહી ભીંજવી શુષ્ક એ પત્ર દોડ ?

1. ટપાલી ક્યારે આવે છે ?
(A) સવારે અને રાત્રે (B) સવારે અને સાંજે
(C) સાંજે અને બપોરે (D) સવારે અને બપોરે

2. લોકો ટપાલી આવવાની રાહ કેવી રીતે જુએ છે ?
(A) આંખો ખુલ્લી રાખીને (B) મનમાં વિચાર કરીને
(C) એકી ટશે જોઈને (D) કાન સરવા કરીને

3. પત્રોમાં કેવી લાગણીઓ ભરેલી હોય છે ?
(A) આશીર્વાદ અને પ્રેમભાવ
(B) સત્ય અને અસત્ય
(C) આનંદ અને તેજસ્વીના
(D) નિર્ભયતા અને ધ્વનિની

4. પત્રો વાંચીને લોકો શું કરે છે ?
(A) ફાડીને ફેંકી દે છે.
(B) સળગાવી નાંખે છે.
(C) ચૂમીને આંસુથી ભીંજવી દે છે.
(D) પાણીમાં પધરાવી દે છે.

જવાબો: 1. (B) 2. (D) 3. (A) 4. (C)

કાવ્ય - 2

મંદિર તારું વિશ્વ રૂપાળું,
સુંદર સરજનહારા રે;
પળ પળ તારાં દર્શન થાયે,
દેખે દેખનહારા રે. મંદિર તારું
નહિ પૂજારી, નહિ કોઈ દેવા,
નહિ મંદિરને તાળાં રે,
નીલ ગગનમાં મહિમા ગાતા,
ચાંદો, સૂરજ, તારા રે. મંદિર તારું
વર્ણન કરતાં શોભા તારી,
થાક્યા કવિગણ સારા રે;
મંદિરમાં તું ક્યાં છુપાયો ?
શોધે બાળ અધીરાં રે. મંદિર તારું.

1. કવિને વિશ્વરૂપી મંદિર કેવું લાગે છે ?
(A) રૂપાળું (B) અંધકારમય
(C) કદરૂપું (D) તેજસ્વી

2. આકાશમાં સર્જનહારનો મહિમા કોણ ગાય છે ?
(A) ચાંદો, પર્વત અને નદીઓ
(B) નદીઓ, જરામાં અને ડુંગરો
(C) ડુંગરો, સાગર અને ખીણ
(D) ચાંદો, સૂરજ અને તારા

3. આ વિશ્વરૂપી મંદિરની વિશેષતા શી છે ?
(A) મંદિરને પૂજારી છે. (B) મંદિરને તાળા નથી.
(C) મંદિરને દીવાલ છે. (D) મંદિરને તાળા છે.

4. અધીરા બાળકો કોને શોધે છે ?
(A) પૂજારીને (B) ગામલોકોને
(C) સર્જનહારને (D) ભક્તોને

જવાબો: 1. (A) 2. (D) 3. (B) 4. (C)

કાવ્ય - 3

કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા, મને રે ભોળા ! આપણાં જુદાં આંક.
થોડાંક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બૅન્ક બેઠી છે આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.
ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણા જેવો સાથ,
સુખ - દુઃખોની વારતા કે'તા, બાથમાં ભીડી બાથ,
ખુલ્લાં ખેતર અડખે પડખે આવે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાંય આવો છે લાભ ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત,
દોઢિયા માટે દોડતાં એમાં જીવતાં જોને પ્રેત !
માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ,
નોટ ને સિક્કા નાખ નદીમાં ધૂળિયે મારગ ચાલ !

– મકરન્દ દવે.

1. કવિ પાસે શું નથી ?
(A) ઉપરવાળી બૅન્ક (B) મન નથી.
(C) માલ નથી (D) સિક્કા અને નોટ નથી

2. ઉપરવાળી બૅન્ક કઈ રીતે ઉપયોગી થાય છે ?
(A) ગરીબી દૂર કરે છે.
(B) સિક્કા અને નોટો આપે છે.
(C) રોજનું ભોજન રોજ આપે છે.
(D) ત્રણમાંથી એક પણ નહીં

3. કવિ ધનપ્રેમી માણસ માટે શું કહે છે ?
(A) ગરીબોને મદદ કરે છે.
(B) ગરીબોને ભોજન આપે છે.
(C) બૅન્કના સભ્યો હોય છે.
(D) પૈસાના પૂજારી હોય છે.

4. કાવ્યને યોગ્ય શીર્ષક કયું આપી શકાય ?
(A) ધૂળિયો મારગ (B) વતનપ્રેમ
(C) ગરીબોને મદદ (D) છલકાતો સાગર

જવાબો: 1. (D) 2. (A) 3. (D) 4. (A)

કાવ્ય - 4

ન રૂપ, નહીં રંગ, ઢંગ પણ શા અનાકર્ષક ?
નહીં નયન વીજની ચમક, ના છટા ચાલમાં,
ગુલાબ નહીં ગાલમાં, નીરખી રોજેરોજે થતું,
કલા વિરૂપ સર્જને શીદ રહ્યો વિધિ વેડફી ?
અને નીરખું રોજ મોહન સુરેખ નારી કૃતિ-
પડ્યે નયનવીજ જેની ઉર- અદ્રિ ચૂરેચૂરા ઢળે થઈ
અને વિરૂપ જડ નારીનો હું પતિ, અતુષ્ટ,
દઈ દોષ ભાગ્ય-બલને વહેતી ધુરા,
વહ્યા દિન અને બની જનની એ શિશુ એકની,
ઉમંગથી ઉછેરતી લઘુક પ્રાણના પિણ્ડને
અને લઘુક પિણ્ડ જીવનથી ઊભરાતું શિશુ,
થતું ઘૂંટણભેર, છાતી મહી આવી છુપાય ને
હસે નયન માતને નિરખી નેહની છાલક,
મને થતું : તને અગર ચાહવા બની શકાય જો બાલક

– જયંત પાઠક

1. કવિની પત્ની કેવી હતી ?
(A) સુંદર દેખાવવાળી
(B) લાલચુ અને કજિયાળી
(C) આળસુ અને પ્રમાદી
(D) રૂપ, રંગ અને ઢંગ વગરની

2. બીજી સ્ત્રીઓને જોતાં કવિને શું લાગતું ?
(A) આંખે અંધારા આવી જતા
(B) હૃદયના ચૂરેચૂરા થઈ જતા
(C) કાને બહેરાશ આવી જતી
(D) મનમાં દુઃખ થતું હતું.

3. દિવસો જતાં કવિની પત્નીને શું સદ્ભાગ્ય સાંપડ્યું ?
(A) કવિની પત્નીએ બાળકને જન્મ આપ્યો.
(B) કવિની પત્નીને પિયરમાં જવા મળ્યું.
(C) કવિની પત્નીને સોનાના ઘરેણાં મળ્યા.
(D) કવિની પત્નીને પ્રવાસ કરવા મળ્યો.

4. કવિને શું બનવાનું મન થાય છે ?
(A) કવિને હરવા-ફરવાનું મન થાય છે.
(B) કવિને સારા કપડાં પહેરવાનું મન થાય છે.
(C) કવિને બાળક બનવાનું મન થાય છે.
(D) કવિને માણસ બનવાનું મન થાય છે.

જવાબો: 1. (D) 2. (B) 3. (A) 4. (C)

◆ ◆ ◆

અંગ્રેજી ભાષા સજ્જતા (ENGLISH GRAMMAR)

1. Articles : A, An and The
(A, An અને The આર્ટિકલ)

- આર્ટિકલના બે પ્રકાર છે : (1) Indefinite (અનિશ્ચિત) – A, An (2) Definite (નિશ્ચિત) – The

➤ **Indefinite Article (અનિશ્ચિત આર્ટિકલ) : A**

સામાન્ય જાતિવાચક નામ (Common noun)ના પ્રથમ અક્ષરનો ઉચ્ચાર વ્યંજનથી થતો હોય અને તે નામ એકવચન (singular)માં હોય, તો તેની આગળ આર્ટિકલ 'a' મુકાય છે. સામાન્ય રીતે એકવચનના જાતિવાચક નામોની પહેલા આર્ટિકલ 'a' મુકાય છે.

Examples : 1. I am a pupil. (હું વિદ્યાર્થી છું.) 2. You are a teacher. (તમે શિક્ષક છો.) 3. She is a doctor. (તે ડૉક્ટર છે.) 4. This is a cat. (આ બિલાડી છે.) 5. That is a tree. (પેલું ઝાડ છે.)

➤ **સામાન્ય રીતે સંજ્ઞાવાચક નામની પહેલા આર્ટિકલ વપરાતો નથી.**

Examples : 1. I am Mehul. (હું મેહુલ છું.) 2. He is Pratham. (તે પ્રથમ છે.) 3. She is Komal. (તે કોમલ છે.) 4. You are Mr. Sharma. (તમે શ્રીમાન શર્મા છો.)

➤ **બહુવચન (plural)માં પણ નામની પહેલાં કોઈ Article મૂકશો નહીં.**

Examples : 1. They are doctors. (તેઓ ડૉક્ટર છે.) 2. We are farmers. (અમે ખેડૂતો છીએ.) 3. These are boxes. (આ ખોખાં છે.)

- **Indefinite Article (અનિશ્ચિત આર્ટિકલ) : An**

➤ An પણ એકવચનનાં જાતિવાચક નામોની પહેલાં મુકાય છે.

➤ જે શબ્દના પ્રથમ અક્ષરનો ઉચ્ચાર સ્વર (Vowels) a, e, i, o અને u થી શરૂ થતો હોય, તો તેની પહેલાં an મુકાય છે.

Examples : 1. This is an apple. (આ સફરજન છે.) 2. That is an elephant. (પેલો હાથી છે.) 3. Manu has an orange. (મનુ પાસે નારંગી છે.) 4. Tarun has an umbrella. (તરુણ પાસે છત્રી છે.)

➤ આ વાક્યોમાં નામોના ઉચ્ચાર સ્વર (Vowels)થી થાય છે અને એકવચનમાં છે.

➤ જો નામની પહેલાં વિશેષણ હોય, અને તે વિશેષણનો પ્રથમ અક્ષર વ્યંજન હોય પણ તેના (વ્યંજનનો) ઉચ્ચાર સ્વર (Vowel)થી થતો હોય, તો તેની પહેલાં આર્ટિકલ 'an' મુકાય છે.

Examples : 1. an honest man. (ઓનેસ્ટ મેન) 2. an hour (અવર) 3. an S.S.C. student. (એસ.એસ.સી. સ્ટુડન્ટ) 4. an M. Com. (એમ.કૉમ)

➤ **અપવાદ :** જે શબ્દનો પ્રથમ અક્ષર સ્વર (Vowels - a, e, i, o, u) હોય, પણ તેનો ઉચ્ચાર વ્યંજનથી થતો હોય, તો તેની પહેલાં આર્ટિકલ 'a' મુકાય છે.

Examples : 1. a unit. (યુનિટ) 2. a union (યુનિયન) 3. a european. (યુરોપિયન) 4. a uniform. (યુનિફૉર્મ)

➤ **બહુવચન (plural) નામની પહેલાં 'an' મૂકશો નહીં.**

Examples : 1. He sells apples. (તે સફરજન વેચે છે.) 2. I am eating oranges. (હું નારંગી ખાઈ રહ્યો છું.) 3. The train will reach in two hours. (ગાડી બે કલાકમાં પહોંચશે.)

- **Definite Article (નિશ્ચિત આર્ટિકલ) : The**

➤ એક જ નામ વિશે જ્યારે બીજા વાક્યમાં ફરી કંઈક કહેવામાં આવે ત્યારે આર્ટિકલ 'The' મૂકવામાં આવે છે. કારણ કે તે નિશ્ચિત પદાર્થ કે વસ્તુ વિશે કહેવાય છે.

Examples : 1. This is a book. The book is new. 2. This is a table. The table is old. 3. This is an apple. The apple is red. 4. This is an umbrella. The umbrella is blue.

➤ The આર્ટિકલ નિશ્ચિત છે. તે એકવચન અને બહુવચન એમ બંને પ્રકારના નામની પહેલાં વાપરી શકાય.

જો કોઈ પદાર્થ વિશ્વમાં એક જ હોય તો તેની પહેલાં The આર્ટિકલ વપરાય.

(131) (B) (132) (C) (133) (D) (134) (A) (135) (B) (136) (C) (137) (C) (138) (A) (139) (B) (140) (C)
(141) (D) (142) (C) (143) (A) (144) (B) (145) (C) (146) (B) (147) (A) (148) (C) (149) (D) (150) (A)
(151) (B) (152) (C) (153) (D) (154) (B) (155) (C) (156) (A) (157) (C) (158) (D) (159) (A) (160) (B)
(161) (C) (162) (D) (163) (A) 164) (B) (165) (C) (166) (A) (167) (B) (168) (C) (169) (D) (170) (B)
(171) (C) (172) (C) (173) (D) (174) (B) (175) (A) (176) (C) (177) (D) (178) (A) (179) (B) (180) (C)
(181) (C) (182) (D) (183) (A) (184) (B) (185) (C) (186) (A) (187) (B) (188) (C) (189) (D)

❖ ❖ ❖

1

સામાજિક વિજ્ઞાનની નૂતન સંકલ્પના અને તેનું મહત્ત્વ

1. *પ્રસ્તાવના*
2. *સામાજિક વિજ્ઞાનની નૂતન સંકલ્પના*
3. *સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ*
4. *સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ*
5. *સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર*
6. *સામાજિક વિજ્ઞાન શિક્ષણની આધારશિલા.*
7. *સામાજિક વિજ્ઞાનની આવશ્યકતા*
8. *સામાજિક વિજ્ઞાન શિક્ષણનું મહત્ત્વ*
9. *ઉપસંહાર*

1. પ્રસ્તાવના (Introduction) :

વ્યક્તિ જ્યારે કોઈપણ કાર્યની શરૂઆત કરે છે ત્યારે તે કાર્યની પાછળ કંઈક હેતુ રહેલો હોય છે. આપણે વિદ્યાર્થીઓને જે શિક્ષણ આપીએ છીએ તેની પાછળ પણ ઘણાં બધા હેતુઓ રહેલા છે. આથી જ શિક્ષણને હેતુલક્ષી પ્રક્રિયા કહે છે. આ હેતુઓમાં સૌથી અગત્યનો હેતુ વિદ્યાર્થીઓને તેના સામાજિક જીવન પ્રત્યેની સભાનતા અને સમાજ પ્રત્યેની હક અને ફરજોનું ભાન કરાવવું તે છે. સામાજિક જવાબદારી અદા કરતા શીખવવું તે છે. આ પ્રકારનું શિક્ષણ બાળપણથી જ અપાય તે આવશ્યક છે. આ પ્રકારની સમજ કેળવણી દ્વારા જ વિકસાવી શકાય તેમ છે. માટે કેળવણીના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક સમજ આપવી જોઈએ. આપણો દેશ સ્વતંત્ર છે, બિનસાંપ્રદાયિક છે. ભારતના સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય જીવનમાં આજની યુવાપેઢી જોતરાય એમાં સક્રિયપણે ભાગ લે તથા તત્કાલીન સમયની સમસ્યાઓ તથા પ્રશ્નોથી માહિતીગાર થાય તે સમજે અને તેના નિરાકરણમાં જવાબદારીપૂર્વક પોતાનું યોગદાન આપે એ રીતે તેમને તૈયાર કરવાનું કામ શિક્ષણનું છે. આ ધ્યેય તરફ ધ્યાન આપવામાં ન આવે તો વિદ્યાર્થીઓ કે જે ભાવિ નાગરિકો છે તેમને વ્યક્તિ તરીકે સમાજને, રાજ્યને અને રાષ્ટ્રને ઘણું સહન કરવું પડે. જે દેશના નાગરિકો જવાબદારીપૂર્વક સમજપૂર્વક દેશની પ્રગતિમાં પોતાનું યોગદાન આપે છે તે દેશને આગળ આવતા કોઈ રોકી શકે તેમ નથી. પરંતુ જો નાગરિકો પોતાની સામાજિક જવાબદારી પ્રત્યે દુર્લક્ષ સેવે, પોતાની કામગીરી યોગ્ય રીતે અદા ન કરે તો તેની પ્રગતિ સુધારણા કે વિકાસમાં અનેક અવરોધો પેદા થાય છે. વૈશ્વિક સમસ્યાઓ પ્રત્યે પણ આવી જ સમજ કેળવાય અને તે માટે જવાબદારીપૂર્વકની વિચારસરણી, વર્તન અને વ્યવહારની આપણે અપેક્ષા રાખીએ તે સ્વાભાવિક છે. વિદ્યાર્થીઓમાં આંતરિક અને આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ થાય તે જરૂરી છે. આજનો યુગ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો છે. વૈજ્ઞાનિક શોધોના કારણે દેશ-દેશ વચ્ચે અંતર ઘટી ગયું છે. ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં કહીએ તો "વિશ્વ એક માળો છે." આજે વિશ્વ એક કુટુંબ બની ગયું છે અને "વસુંધૈવ કુટુંબકમ"ની ભાવના સાકાર થતી જણાય છે. આથી હવે દુનિયાના કોઈપણ ખૂણાની સમસ્યાઓ કે પ્રશ્નો માત્ર કોઈ એક દેશ પૂરતા સીમિત ન રહેતા વિશ્વને સ્પર્શતા થયા છે. જેમ કે તે આતંકવાદ હોય કે કુદરતી આફતો હોય કે બધા જ દેશ એક-બીજાની મદદ કરવા તૈયાર થઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં આવતીકાલના નાગરિકો માત્ર વાડાબંધી કે સંકુચિત રહે તે પાલવે નહીં.

વિદ્યાર્થીઓને સમાજ, રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓથી વાકેફ કરાવતા હોય તેમની સમક્ષ વિદ્યાર્થીઓના વિકાસને અવકાશ હોય અને સમાજ પ્રત્યેની જવાબદારીનો અહેસાસ કરતાં હોય એવા વિષયો વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં હોવા જોઈએ.

જ્ઞાન એ અખંડિત છે અને અવિભાજ્ય છે. જ્ઞાનને ટુકડાઓમાં વિભાજિત કરવું શક્ય નથી. પરંતુ શિક્ષણની પ્રક્રિયાને સરળતાથી સમજાવવા માટે જ્ઞાનને અલગ અલગ વિષયોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. ભાષા અને સાહિત્ય, પ્રાકૃતિક વિજ્ઞાન અને સમાજ વિજ્ઞાન આપણા મુખ્ય વિષયો છે.

"માનવ અને માનવ સમાજની વિવિધ ક્રિયા અને પ્રતિક્રિયાનું વર્ણન સમાજ વિદ્યા દ્વારા કરવામાં આવે છે."

ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર આ બધા વિષયો સમાજમાં બનતી ઘટનાઓ, માનવપ્રવૃત્તિઓ અને પ્રશ્નો, સમસ્યાઓ, સિદ્ધિઓ, નિષ્ફળતાઓ તથા વિકાસગાથાનું વર્ણન કરે છે. આપણે ત્યાં આ બધા જ વિષયો શાળા કક્ષાએ શીખવવામાં આવે છે. છતાં કોણ જાણે કેમ વિદ્યાર્થીઓમાં આ પ્રકારની સમજની ઊણપ વર્તાય છે. તેઓ સમાજ પ્રત્યે બેદરકારીભર્યું વર્તન આચરે છે. કદાચ આની પાછળનું કારણ આપણે આ બધા જ વિષયોને અલગ-અલગ શીખવીએ છીએ. આજનો વિદ્યાર્થી તેમાં બનતા બનાવો, પ્રશ્નો, મુશ્કેલીઓ અને તેના ઉકેલની સમજ અને સામાજિક જવાબદારી ઉપાડતાં શીખે એ જરૂરી છે. આ પ્રકારના શિક્ષણ માટેની સૌથી વધુ શક્યતાઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં છે. કારણ સામાજિક વિજ્ઞાન એ ઈતિહાસ, ભૂગોળ, નાગરિક અને અર્થશાસ્ત્રનો સરવાળો નથી. સામાજિક વિજ્ઞાન આ બધા વિષયોનું એકીકૃત અને સુગ્રંથિત સ્વરૂપ છે.

'સામાજિક અધ્યયન'ના નામ સાથે આ વિષયનો પ્રારંભ અમેરિકામાં થયો. 1916માં અભ્યાસના એક વિષય તરીકે આ વિષયનો સ્વીકાર થયો. અલબત્ત, સૌપ્રથમ અભ્યાસના એક ક્ષેત્ર તરીકે સ્થાન પ્રાપ્ત થયું. ભારતમાં સામાજિક વિજ્ઞાનનો ખ્યાલ સૌ પ્રથમ મહાત્મા ગાંધીજીએ તેમના બુનિયાદી શિક્ષણમાં સ્પષ્ટ કર્યો હતો.

C.L. Anand જણાવે છે કે "Social Studies as a term came to india along with Basic Education-1937"

1952માં રચાયેલ માધ્યમિક શિક્ષણપંચે સામાજિક વિજ્ઞાનના વિષય માટે ભલામણ કરી હતી કે ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર જેવા વિષયોને અલગ વિષયને બદલે અભિવ્યક્ત ઘટક તરીકે શીખવવામાં આવે.

"સામાજિક વાતાવરણ (Social Environment) અને માનવ સંબંધો (Human pelations) નો અભ્યાસ સામાજિક વિજ્ઞાનના શીર્ષક નીચે શીખવવામાં આવે."

2. સામાજિક વિજ્ઞાનની નૂતન સંકલ્પના (Modern Concept of Social Science.)

પ્રસ્તાવનાની વિગતો સમજયા પછી આપણા મનમાં એ પ્રશ્ન ઊભો થાય કે આ સામાજિક વિજ્ઞાન છે શું ? ખરેખર ઘણા વિષયોનું એકીકરણ થતું હોવાથી એક મત થઈ સામાજિક વિજ્ઞાનને વ્યાખ્યાયિત કરવું શક્ય નથી. છતાં, અહીં અનુભવના આધારે સંકલ્પના બાંધવાનો પ્રયત્ન કરીએ. તો સંકલ્પના કંઈક આવી છે.

"સમાજ સાથે સંકળાયેલા વિવિધ પાસાઓનો અભ્યાસ કરતા શાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કહે છે."

A. S. Konil ના મતે "Social Science is a subject that deads with human relationship."

એટલે કે : માનવીના સંબંધોને વર્ણવતા શાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કહે છે.

"social science is conceral with people and their interation with social and physical environment"

એટલે કે "સામાજિક વિજ્ઞાન વિષયનો સંબંધ પ્રજાના સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણની આંતરક્રિયા સાથે છે."

આજ વસ્તુને બીજા શબ્દોમાં મૂકીએ તો સમાજની વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિના એકાંકી અને સામૂહિક પ્રયત્નો દ્વારા સમાજનો અને સમાજમાં રહીને વ્યક્તિનો વિકાસ શક્ય બન્યો છે. આથી વ્યક્તિનો સમાજ સાથેનો અને સમાજનો વ્યક્તિ સાથેનો પરસ્પરનો સંબંધ સમજીને વ્યક્તિનું અધ્યયન કરવું જરૂરી છે. વ્યક્તિ સમાજનો એક સભ્ય છે અને સભ્ય તરીકે તેને કેટલાક હક તથા ફરજો મળેલી છે. તેથી તે જવાબદારી સ્વીકારનાર નાગરિક છે. આથી વ્યક્તિના રસ, ક્ષમતા, સામર્થ્ય અને જરૂરિયાતોના આધારે જન્મેલી કાર્યપ્રણાલીથી સમાજનું ઘડતર થાય છે. આમ, સામાજિક વિજ્ઞાનમાં માનવ અને સમાજ કેન્દ્ર સ્થાને છે. આથી સામાજિક વિજ્ઞાન વ્યક્તિની સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરે છે.

જ્ઞાનની મુખ્ય બે શાખાઓ છે. પ્રાકૃતિક વિજ્ઞાન અને સમાજવિજ્ઞાન. પ્રાકૃતિક વિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્રનો સમાવેશ થાય છે. જ્યારે સામાજિક વિજ્ઞાનમાં ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને નૃવંશશાસ્ત્રનો સમાવેશ થાય છે. આ બધા જ વિષયો વ્યક્તિના અને સમાજના ઉદ્ભવ, સંગઠન અને

વિકાસયાત્રામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. વ્યક્તિની રહેણીકહેણી, જીવનશૈલી, આહાર, વિહાર, અર્થ ઉપાર્જન દરેક પ્રકારની સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં એક યા બીજા સ્વરૂપે આપણે અનુભવીએ છીએ. વ્યક્તિગત વિકાસ અને સમાજના વિકાસ કરવા માટે આપણે પ્રાકૃતિક (કુદરતી) પરિબળોનો વધુને વધુ લાભ લઈ માનવ પ્રયત્નો દ્વારા ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. આ જ કારણે આ બધા વિષયો વ્યક્તિના અને સમાજના ઉદ્ભવ માટે સહાયકની ભૂમિકા અદા કરે છે. આદિકાળથી લઈને પ્રવર્તમાન સમય સુધીની વ્યક્તિની વિકાસપ્રક્રિયા પર નજર નાખતાં સમજાય છે કે કુદરત તરફથી મળેલી સાધન સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરી માનવ દ્વારા પોતાની રહેણીકહેણી, જીવનશૈલી અને આર્થિક પ્રવૃતિઓમાં પરિવર્તન આણી શકાયું છે. ઉદાહરણ તરીકે પહેલા વ્યક્તિની જરૂરિયાતો અલ્પ હતી. માનવ સાદું જીવન જીવતો હતો. તેની પ્રાથમિક આવશ્યકતાઓ જેવી કે આહાર, પોશાક અને રહેઠાણ પૂરતી સીમિત હતી. પરંતુ કુદરત તરફથી મળેલી સંપત્તિ જેવી કે જમીન, પશુસંપત્તિ, જંગલ સંપત્તિ, વગેરેના મહત્તમ ઉપયોગ અને ભૂસ્તરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર વગેરે જેવા વિષયોમાં સંશોધનોના આધારે વ્યક્તિ આધુનિક, સુસભ્ય, સુસંસ્કૃત, સામાજિક પ્રાણી બની ગયો છે. તેની જીવનશૈલી અને રહેણીકહેણીમાં તફાવત જોવા મળે છે. આ તફાવત ભૌગોલિક અને વૈજ્ઞાનિક શોધોનું પરિણામ છે. તેથી જ તો આજનો યુગ એ વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો કહેવાય છે. આ સંશોધનથી જે સુવિધા પહેલા શક્ય ન હતી જે આજે શક્ય છે. આથી જ આધુનિકીકરણ, વૈશ્વિકીકરણ, ખાનગીકરણ, ઔદ્યોગિકીકરણ વગેરે પ્રક્રિયાઓને વેગ મળ્યો છે. સમાજમાં ઝડપથી પરિવર્તનો આવતા ગયાં છે. આમ, "સામાજિક વિજ્ઞાન એ માનવ સમાજના વિકાસ સાથે આવેલાં પરિવર્તનોની સમજ વિકસાવતી વિદ્યા છે."

સામાજિક વિજ્ઞાનને બીજા શબ્દોમાં આ રીતે વર્ણવી શકાય. સામાજિક વિજ્ઞાન એટલે "ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં પૃથ્વીના રંગમંચ ઉપર વિકસેલા માનવીય સંબંધોની વિકાસગાથા." આ વિકાસક્રમ દરમિયાન વ્યક્તિ અને સમાજ પરિવર્તન પામતા સામાજિક પરંપરા, રીત-રિવાજોનો સમાવેશ થાય છે. માનવીએ સમાજમાં રહી જીવન જીવવાની જે કળા વિકસાવી તેની ક્રમબદ્ધ વિગત આ વિષય દ્વારા જાણી શકાય છે.

ટૂંકમાં સામાજિક વિજ્ઞાન એટલે

- સમાજનો વ્યક્તિ સાથેનો અને વ્યક્તિનો સમાજ સાથેનો સંબંધ એટલે સામાજિક વિજ્ઞાન.
- સામાજિક વિજ્ઞાન એટલે સમાજમાં જીવવાની કળા.
- પ્રવર્તમાન પડકારોને ઝીલી, પ્રકૃતિને નાથી, માનવીય સાંસ્કૃતિક સિદ્ધિ અને સભ્યતાનો ઇતિહાસ દર્શાવતું શાસ્ત્ર.
- માનવ સમાજમાં વિવિધ સંસ્થાઓની કાર્યપ્રણાલીથી માનવ સમાજમાં વિકાસ અને પરિવર્તનોને સમજાવતો વિષય.
- દેશ અને દુનિયાની વર્તમાન, આર્થિક, રાજકીય પરિસ્થિતિના વિકાસમાં ભૂતકાલિન ઘટનાઓની અસર તપાસતો વિષય.
- માનવ ઘડતરમાં પ્રાચીન સભ્ય સમાજ દ્વારા આપવામાં આવેલ સામાજિક, સાંસ્કૃતિક યોગદાનની ગાથા.
- વૈશ્વિક સંસ્કૃતિઓનું એકીકરણ અને સમાજ પર તેની અસર વર્ણવતો વિષય.
- વિદ્યાર્થીકાળમાં જ સ્વદેશ અને વિશ્વની જવાબદારી અને ફરજોનું અહેસાસ કરતો વિષય.

આમ, સામાજિક વિજ્ઞાન માનવ, સમાજ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પ્રાકૃતિક પર્યાવરણ અને તે તમામ વચ્ચેના આંતર સંબંધોને સમજાવતો વિષય.

3. સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ (Nature of Social Science) :

સંકલ્પના વિષે વિચાર્યા બાદ હવે સામાજિક વિજ્ઞાનનો દેખાવ કેવો હોવો જોઈએ. તેની વાત કરીએ. 1952માં માધ્યમિક શિક્ષણ પંચના જણાવ્યા અનુસાર સામાજિક પર્યાવરણ અને માનવીય સંબંધોને સામાજિક વિજ્ઞાન શીર્ષક હેઠળ સમજાવવાનો પ્રયત્ન કરીએ જેના ફળ સ્વરૂપ "ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર એક એકમના રૂપમાં જોવામાં આવે છે. શિક્ષણ પંચના અહેવાલના અનુસંધાનમાં કહીએ તો સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ એટલે "માનવી અને પર્યાવરણ વચ્ચેની આંતરક્રિયા" સમયની પગદંડી પર માનવે પાડેલા પગરણની ગાથા રજૂ કરતું વિજ્ઞાન. સામાજિક પર્યાવરણની અંદર સમાજ, રાજ્ય અને રાષ્ટ્રના પર્યાવરણનો સમાવેશ થાય છે. સામાજિક વિજ્ઞાનનું ક્ષેત્ર ઘણું વિશાળ હોવાથી તેનો અભ્યાસક્રમ કોઈ ચોક્કસ માળખામાં બેસાડી શકાય નહિં. સમાજનાં આવતા પરિવર્તન પ્રમાણે સામાજિક વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમમાં પણ પરિવર્તનને અવકાશ હોવો જોઈએ. સામાજિક વિજ્ઞાન એ વ્યવહારું વિજ્ઞાન છે. જે રોજબરોજ આપણી આસપાસ બનતી ઘટનાઓ, બનાવો, પ્રસંગોનું વર્ણન કરે છે. આથી વિદ્યાર્થી માટે તે જે સમાજમાં ભળે છે. તે જ સામાજિક વિજ્ઞાન છે. સમાજની માન્યતાઓ, મૂલ્યો, રીતરિવાજો, આર્થિક, સામાજિક, રાજકીય, પ્રવૃત્તિઓનું

અધ્યયન કરવું તેના દ્વારા વૈશ્વિક સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારતા કરવા એ સામાજિક વિજ્ઞાન અધ્યયનનો પાયો છે. આ બધી અધ્યયન સામગ્રી સામાજિક વિજ્ઞાનનું સાચું સ્વરૂપ આપે છે.

સામાજિક વિજ્ઞાનનું સાચું સ્વરૂપ કયું એ પણ એક પ્રશ્ન છે. સામાજિક વિજ્ઞાન માનવ અને સમાજના વિકાસ સાથે સંબંધ ધરાવતો હોવાથી ઐતિહાસિક, ભૌગોલિક અને પર્યાવરણ સંબંધની બાબતો વચ્ચે આંતરક્રિયા ધરાવતો વિષય છે. સામાજિક વિજ્ઞાનના વિષયનું આગવું સ્વરૂપ વિકસાવવામાં સામાજિક વિજ્ઞાનના અંતર્ગત વિષયો ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર અલગ વિષય તરીકે પોતાનું અસ્તિત્વ ગુમાવી સામાજિક વિજ્ઞાન શીર્ષક હેઠળ એક એકમના રૂપમાં જોવા મળે છે.

સામાજિક વિજ્ઞાન સાથે સંકળાયેલા વિવિધ વિષયોનું પરસ્પરનું જોડાણ નીચેની આકૃતિ વધુ સ્પષ્ટ કરે છે.:

સામાજિક વિજ્ઞાન માનવ જીવન સાથે સંકળાયેલુ છે. વ્યવહારમાં બનતી તમામ ઘટના, બનાવ, પ્રસંગ, પરિસ્થિતિ, મુશ્કેલી, સમસ્યા સાથે સંબંધ ધરાવે છે. ઇતિહાસ એ પ્રાચીન સમયના લોકોની રહેણીકહેણી, આહાર, પોશાક, આર્થિક પ્રવૃત્તિ, પરંપરા, કાયદો અને વ્યવસ્થા વગેરેને આપણી સમક્ષ મૂકે છે. આ બની ગયેલી ઘટનાઓના આધારે પ્રવર્તમાન સમયમાં જરૂરિયાતને ધ્યાનમાં રાખી વિકાસની આ દિશામાં આગળ વધી શકાય છે. માનવ વિકાસની આ દિશામાં ભૌગોલિક પરિબળો અને સમગ્ર પર્યાવરણ અસર કરે છે. ભૂગોળ એ ઇતિહાસની ઘટના, બનાવ, પરિસ્થિતિ, પ્રસંગ કઈ જગ્યા પર બન્યો તે નકશા દ્વારા જાણી શકાય છે. જેમ કે મોહેં-જો-દડો, હડપ્પીય સંસ્કૃતિ કે પ્લાસીનું યુદ્ધ અથવા અંગ્રેજોનું ભારતમાં આગમન વગેરે... આ સિવાય કયા પ્રદેશમાં કયો પાક આહાર તરીકે લેવામાં આવે છે, નદી કે પર્વતો વિશેની માહિતી ભૂગોળ દ્વારા જાણી શકાય છે. આ સિવાય દિશાઓ અને આબોહવાની માહિતી પ્રાપ્ત થાય છે. આથી ભૌગોલિક પર્યાવરણ સમાજના વિકાસનું મહત્ત્વનું અંગ છે. માનવ જાતે સમય, સંજોગો અને જરૂરિયાતો અને પ્રવર્તમાન સમયની માંગ પ્રમાણે જે આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ કર્યો તે અર્થતંત્રનો વિષય છે. અર્થકારણની સ્થિરતા માનવ વિકાસ માટે અનિવાર્ય છે.



વ્યક્તિ સામાજિક પ્રાણી છે. સમાજમાં જન્મે છે, ઉછેરે છે અને જીવન વિતાવે છે. આથી સમાજશાસ્ત્ર બહેતર જીવન કેવી રીતે જીવવું એટલે કે જીવન જીવવાની કળા શીખવે છે. આથી માનવ ઘડતરમાં સમાજશાસ્ત્રનો બહું મોટો ફાળો છે. સમાજશાસ્ત્રના માનવસમાજના સામાજિક સંબંધો અને તે માટે નિર્ધારિત રીત-રિવાજો, પ્રણાલિકાઓને સ્પષ્ટ કરે છે

સામાજિક વિજ્ઞાનના વિષયમાં રાજકારણનો પણ સમાવેશ થાય છે રાજ્યશાસ્ત્ર એટલે જે તે દેશની રાજ્ય વ્યવસ્થા અર્થાત સરકાર. સરકાર એટલે સમાજના પ્રતિનિધિ રૂપ ગણાતા અગ્રણ્ય લોકો જેઓ આખા સમાજ માટે કાયદા અને વ્યવસ્થાની કામગીરી કરે છે રાજ્યની સ્થિરતા માનવસમાજની જવાબદારી નિભાવવાની જાગૃતિ પર રહેલી હોય છે રાજ્યતંત્ર અને તેની નીતિ માનવસમાજના વિકાસ પર અસર કરે છે

નૃવંશશાસ્ત્ર એ પણ સામાજિક વિજ્ઞાનનો એક ભાગ છે. જેમાં પ્રાચીન સમયમાં કોઈ એક જાતિ અથવા આદિવાસી

પ્રજા અથવા લુપ્ત થતી જાતિ ઉપર સંશોધન કરે છે. તેના દ્વારા ભૂતકાળમાં અસ્તિત્વ ધરાવતી પ્રજાનું લોકજીવન, રહેણીકહેણી, આહાર, પોશાક વગેરે જાણી શકાય છે. આ રીતે નૃવંશશાસ્ત્રએ સમાજનો જ એક અંશ છે.

આમ, આ બધા જ વિષયો માનવી અને તેના દ્વારા ઘડતર પામતા સમાજનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અભ્યાસ કરતા હોવાથી, સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપતા હોવાથી કોઈ પણ જાતના સંદેહ વગર કહી શકાય કે સામાજિક વિજ્ઞાનએ ઈતિહાસ, ભૂગોળ, નાગરિક, અર્થશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્રનો સરવાળો નથી કે શંભૂમેળો નથી પરંતુ વિવિધ વિષયો કે જે સમાજ સાથે સંબંધિત છે. જે પોતાનું અલગ અસ્તિત્વ વિલિન કરી એક શીર્ષક નીચે આવી ગયા છે અને આ શીર્ષક છે સામાજિક વિજ્ઞાન.

4. સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ (Differs of Social Science) :

મનુષ્યની વિકાસગાથાનો ચિતાર આપનાર વિષય સામાજિક વિજ્ઞાન કેટલીક વિશેષતાઓ ધરાવે છે. સામાજિક વિજ્ઞાનના અંગભૂત વિષયો અલગ અલગ રીતે માનવ જીવનની કોઈ એક બાબતની સમજ આપે છે. જયારે સામાજિક વિજ્ઞાન ઈતિહાસ, ભૂગોળ, નાગરિક અને અર્થશાસ્ત્રનું સંકલન કોઈ માનવ જીવનની સઘળી બાબતોને વણી લેવાનું કામ કરે છે.

- સામાજિક વિજ્ઞાનમાં માનવ કેન્દ્ર સ્થાને છે. મનુષ્યને કેન્દ્રમાં રાખીને માનવ જીવનમાં બનતી તમામ બાબતોને સમાવવામાં આવે છે
- સામાજિક વિજ્ઞાનએ વ્યવહારું વિજ્ઞાન છે. ઉત્તમ નાગરિક તરીકેના ગુણો વિદ્યાર્થી કાળથી જ વ્યક્તિમાં વિકાસ, અને સમાજ સાથે અનુકુલન સાધવાની ક્ષમતા કેળવાય તેવી તમામ બાબતોને આ વિષય રજૂ કરે છે
- સામાજિક વિજ્ઞાન આંતરિક અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓને સમજાવતો વિષય છે. વૈશ્વિક સ્તરે બનતી રાજકીય, સામાજિક, પ્રાકૃતિક કે માનવ સર્જિત ઘટના કે જે વ્યક્તિના વિકાસને અસર કરે છે. તે બધી જ બાબતોનું વર્ણન સામાજિક વિજ્ઞાનમાં કરવામાં આવે છે.
- સામાજિક વિજ્ઞાન ભૂતકાલીન, સમકાલીન ઘટનાઓની આરસી રજૂ કરી ભવિષ્ય માટે પથદર્શકનું કામ કરે છે.
- સામાજિક વિજ્ઞાન માનવ સમુદાયે વિશ્વસ્તરે વિકસાવેલી સંસ્કૃતિઓની માહિતી આપે છે
- સામાજિક વિજ્ઞાન સાંપ્રત અને વિશ્વસ્તરની સમસ્યાઓ રજૂ કરી તેના ઉકેલના માર્ગો પણ પ્રસ્થાપિત કરે છે
- માનવ કલ્યાણ અર્થે સ્થપાયેલી વિવિધ સંસ્થાઓના ઉદ્ભવ અને કાર્યપ્રણાલીની વિગતો રજૂ કરે છે. સ્થાનિક રાજય અને આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ વિકાસ અર્થે કામ કરતી સંસ્થાઓ દ્વારા થતા કાર્યોની સમજ આ વિષય આપે છે.
- આપણો દેશ લોકશાહીને વરેલો છે. લોકશાહીની સફળતાનો આધાર ઉત્તમ નાગરિકો છે. સામાજિક વિજ્ઞાન ઉત્તમ નાગરિકોના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે
- ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986માં શિક્ષણના ધ્યેયો નજર સમક્ષ રાખી જે દશ હાર્દરૂપ તત્ત્વો નક્કી કરવામાં આવ્યા છે. જે સામાજિક વિજ્ઞાન જ વિષયમાં સુપેરે વણી લેવાયાં છે.
- મનુષ્યમાં વિધાયક વલણો, મૂલ્યો, રૂચિ અને ટેવોનું ઘડતર આ વિષય દ્વારા થાય છે. તેના અધ્યયનથી વિવિધ કૌશલ્યોની ખિલવણી થાય છે. સાથે સાથે યોગ્ય અને અયોગ્ય વચ્ચે ભેદ પારખવાની શક્તિ તથા માનસિક શક્તિઓનો વિકાસ શક્ય છે.

આમ, સામાજિક વિજ્ઞાન એ સામાજિક શાસ્ત્રોનું વ્યવહારૂ સ્વરૂપ છે. જેથી કરી દરેક શાસ્ત્રને અલગ અલગ ન શીખવતા એકજ સ્વરૂપમાં વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવું એવી શિક્ષણપંચ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

5. સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર (Scope of social science) :

સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર ઘણું વ્યાપક અને વિશાળ છે. આ વિષયમાં માનવ જીવનને અસર કરતી તમામ બાબતોને સમાવવામાં આવે છે. ભૂતકાલીન ભવ્ય વારસો, પ્રાચીન સંસ્કૃતિઓથી શરૂ કરીને આધુનિક યુગની સમકાલીન ઘટનાઓની રજૂઆત કરવામાં આવી છે. માનવ સંબંધોના તાણાવાણા સામાજિક વિજ્ઞાનના અંગભૂત વિષયોના વિષયવસ્તુમાં સમાવેશ થાય છે. ઈતિહાસ, ભૂગોળ, નાગરિક, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, સમાજશાસ્ત્રમાં સમાજના વિવિધ પાસાઓનું, માનવપ્રવૃત્તિઓનું સફળતા અને નિષ્ફળતાઓનું, વિકાસ, અને પ્રગતિનું આધુનિક બનાવો, વર્તમાન સમસ્યાઓનું અને ભાવિ પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવે છે આ ઉપરાંત સામાજિક, ભૌગોલિક, સાંસ્કૃતિક અને નાગરિક જીવન સંબંધી પાસાઓનો સમાવેશ કરવામાં આવે છે.

સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં બે પ્રકારના વાતાવરણનો સમાવેશ થાય છે. એક સામાજિક વાતાવરણ અને બીજું પ્રાકૃતિક વાતાવરણ આ બંને વાતાવરણ એક બીજા પર અસર કરે છે. માનવ સમાજની વિવિધતા સ્થળ અને કાળ પર આધારિત હોય છે. આથી સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રને કોઈ એક માળખામાં બાંધવો શક્ય છે. સમયના પરિવર્તનની સાથે તેનો વ્યાપ વિસ્તૃત બનતો જાય છે. નવી નવી બાબતો તેમાં ઉમેરાતી જાય છે. આમ, છતાં ઉપરોક્ત ચર્ચાના આધારે સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રના વિષયો નીચે મુજબ ટાંકી શકાય છે.

- માનવ સંબંધોનો અભ્યાસ
- સમાજ સંબંધી શિક્ષણ
- ભૂતકાલીન અને સમકાલીન ઘટનાઓનો અભ્યાસ
- વિશ્વસ્તરે વિકસેલ સંસ્કૃતિનો અભ્યાસ
- આંતરરાષ્ટ્રીય સંબંધ અને પરસ્પરાવલંબનનું શિક્ષણ
- સાંપ્રત સમયની સમસ્યાઓનો અભ્યાસ
- પ્રાકૃતિક વિજ્ઞાનોનું વ્યવહારિક શિક્ષણ
- નાગરિક્તાનું શિક્ષણ
- સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણની પરસ્પર નિર્ભરતા સંબંધી અધ્યયન

સામાજિક વિજ્ઞાન શિક્ષણએ માનવ સંબંધોનો વિકાસ અને આંતરપ્રક્રિયાઓનો વિકાસ છે. અલબત વર્તમાન સમસ્યાઓના કારણો અને સંભવિત ઉકેલોનો પણ તેમાં સમાવેશ થાય છે. 20મી અને 21મી સદીમાં સામાજિક ક્ષેત્રે આવેલા તમામ પરિવર્તનોની ભૂમિકા સામાજિક વિજ્ઞાન વિષયનું કાર્યક્ષેત્ર બને છે.

સામાજિક વિજ્ઞાન શિક્ષણની આધારશિલા (Foundation of social science) :

સામાજિક વિજ્ઞાન શિક્ષણની મહત્ત્વની ત્રણ આધારશિલાઓ છે (1) તાત્ત્વિક (દાર્શનિક) આધારશિલા (2) મનોવૈજ્ઞાનિક આધારશિલા (3) સામાજિક આધારશિલા

તાત્ત્વિક (દાર્શનિક) આધારશિલા (Philosophycal Foundation)

તત્ત્વજ્ઞાનને દર્શનશાસ્ત્ર કહેવામાં આવે છે. દર્શન એટલે જીવન પ્રત્યેનો વ્યક્તિનો દષ્ટિકોણ. વ્યક્તિ સમાજમાં પોતાનું જીવન ગાળે છે. જીવન શું છે ? જીવન શા માટે છે ? સારું જીવન કેવી રીતે જીવી શકાય ? આજની સમાજ વ્યવસ્થા કેવી છે ? આવતી કાલે કે ભવિષ્યમાં કેવી હોવી જોઈએ ? વગેરે પ્રશ્નો વ્યક્તિને હંમેશાં વિચાર માટે મજબૂર કરે છે. આ તાત્ત્વિક વિચારોની સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. આ દર્શનના આધારે વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં સ્વાનુભવ કે ક્રિયા દ્વારા જ્ઞાનપ્રાપ્તિ માટેના અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવે છે.

● મનોવૈજ્ઞાનિક આધારશિલા (Psychological Foundation)

મનોવિજ્ઞાન એટલે માનવી અને માનવેતર પ્રાણીઓના વર્તનનો અભ્યાસ. વ્યક્તિ સામાજિક પ્રાણી છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે વ્યક્તિ - વ્યક્તિ વચ્ચેના આંતરસંબંધો તંદુસ્ત અને હકારાત્મક હોવા જરૂરી છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે વિદ્યાર્થીઓમાં વિવિધ માનસિક શક્તિઓ, વલણો, મૂલ્યો, ટેવો, રૂચિ વગેરેના ઘડતરનું કાર્ય કરે છે. "સામાજિક વિજ્ઞાન" વિદ્યાર્થીઓમાં આ બધી બાબતો ક્યારે અને કેવી રીતે શક્ય બને, અધ્યયન અસરકારક કેવી રીતે બને, તેના આવેગો - સંવેગોનું નિયંત્રણ કેવી રીતે થાય, સમાજ સાથે અનુકૂલન કેવી રીતે સધાય, માનસિક સ્વાસ્થ્ય કેવી રીતે જળવાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડે છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓના રસ રૂચિ, વલણો વગેરેના આધારે સામાજિક વિજ્ઞાનના અધ્યાપન - અધ્યયન માટે શૈક્ષણિક પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, પ્રવિધિઓ અને અભિગમો તેમજ શૈક્ષણિક સાધન - સામગ્રીની પસંદગી કરી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

● સામાજિક આધારશિલા (Social foundation)

સામાજિકતા સમાજજીવન દ્વારા જ જન્મે છે. વિદ્યાર્થીઓને ભૂતકાળમાં સમાજવ્યવસ્થા કેવી હતી, આજે સમાજની વ્યવસ્થા કેવી છે અને ભવિષ્યમાં કેવી સમાજ વ્યવસ્થા સારી ગણાય ? વગેરે બાબતોની સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. અગાઉ જોઈ ગયા તે મુજબ સામાજિક વાતાવરણ અને પ્રાકૃતિક પર્યાવરણનો પરસ્પર સંબંધ અને તેના થકી માનવસમાજ ઉપર થતી અસરોની સમજ આ વિષયના શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. સામાજિક વિજ્ઞાનની સામાજિક આધારશિલામાં લોકશાહીનો વારસો, સામાજિક સમસ્યાઓ અને સામાજિક પરિવર્તનનો સમાવેશ થાય છે. ટૂંકમાં સમાજ, રાજય, રાષ્ટ્ર અને વિશ્વનું જે આધુનિક - વર્તમાન સ્વરૂપ છે, તેને સમજવામાં શિક્ષણના સામાજિક આધારોનું મહત્ત્વનું યોગદાન છે.

● સામાજિક વિજ્ઞાન શિક્ષણની આવશ્યકતા અથવા મહત્ત્વ (Importance of social studeis)

આપણે આગળ જોઈ ગયા તે મુજબ સામાજિક વિજ્ઞાન સમાજમાં રહી જીવન જીવવાની કળા શીખવતો વિષય છે વ્યક્તિ સમાજમાં રહે છે, મોટો થાય છે, પોષણ પામે છે અને સમાજમાં રહીને તેની પ્રગતિ કરે છે. આમ, સમાજ અને વ્યક્તિ અભિવ્યક્ત છે. સમાજ એ વ્યક્તિ સમૂહનું સ્વરૂપ છે. વ્યક્તિ સમાજનો સભ્ય છે. આમ સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વિદ્યાર્થીને **વ્યક્તિગત સમાજજીવન** માટે ઉપયોગી છે. આજ વાતને આપણે મુદ્દાઓના સ્વરૂપમાં વિભાજિત કરીએ સામાજિક વિજ્ઞાન શિક્ષણના અગત્યના દર્શાવતો મુદ્દા નીચે મુજબ છે.

(1) વ્યક્તિગત દષ્ટિએ મહત્ત્વ :

● સામાજિક ગુણોનો વિકાસ :

સામાજિક વિજ્ઞાન શિક્ષણનો મહત્ત્વનો હેતુ વ્યક્તિમાં સામાજિક ગુણોનો વિકાસ કરવાનો છે. સૌ પ્રથમ સામાજિક ગુણો ક્યા છે ? વ્યક્તિ જ્યારે સમાજમાં રહે છે ત્યારે તેનામાં સામાજિક ગુણોનો વિકાસ થવો જરૂરી છે, માટે સામાજિક સહયોગ, સહિષ્ણુતા, સહકાર, સંઘ, સહનશીલતા, સેવા, સમભાવના વગેરે જેવા ગુણોનો તેનામાં સમાવેશ થાય છે. આપણો દેશ બહુભાષી, બહુ સંસ્કૃતિ ધરાવતો તથા લોકશાહી

શાસન વ્યવસ્થાને વરેલો છે આથી સમાજ રાજ્ય અને રાષ્ટ્રના વિકાસ માટે આ પ્રકારના ગુણો હોવા જોઈએ સામાજિક વિજ્ઞાન સામાજિક ગુણોનું શિક્ષણ આપી દેશ માટે ઉત્તમ નાગરિકો તૈયાર કરવામાં મદદરૂપ થાય છે. આથી સામાજિક વિજ્ઞાન વિષય સાંપ્રત સમયની માંગ છે.

માનસિક શક્તિઓનો વિકાસ :

કોઈ પણ વિષયના શિક્ષણનો એક હેતુ વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓનો વિકાસ કરવાનો છે. સામાજિક વિજ્ઞાન શિક્ષણના પરિણામે વિદ્યાર્થીઓની વિવિધ માનસિક શક્તિઓનો વિકાસ થાય છે. સામાજિક વિજ્ઞાન શિક્ષણને પરિણામે વિદ્યાર્થીઓની વિચારશક્તિ, તર્કશક્તિ, કલ્પનાશક્તિ, નિર્ણયલેવાની શક્તિ, સમસ્યાઓ ઉકેલવાની શક્તિ, રચનાત્મક શક્તિ, અર્થઘટન શક્તિ, સામાન્યીકરણ તારવાની શક્તિ, કાર્યકારણ સંબંધ સ્થાપવાની શક્તિ, તારણો શોધવાની શક્તિ જેવી વિવિધ માનસિક શક્તિઓનો વિકાસ શક્ય બને છે. ટૂકમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં આંતરસૂઝ વિકસે છે. જે સામાજિક વિજ્ઞાનના શિક્ષણની અગત્યતાને સ્પષ્ટ કરે છે.

વ્યવહારિક સમસ્યાઓની સમજ :

વિદ્યાર્થી સમાજમાં રહે છે અને તેનો વિકાસ પણ સમાજમાં જ થાય છે. અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ તેણે સામાજિક હકો તથા ફરજો નિભાવવાનાં હોય છે. સામાજિકતા કેળવવા વ્યક્તિ તરીકે તે આગળ વધે ત્યારે તેની સામે અનેક પ્રશ્નો તથા સમસ્યાઓ આવતી હોય છે. વ્યક્તિને તેની સંસારયાત્રા દરમિયાન પારિવારિક અને સામાજિક જીવનમાં સંઘર્ષ થવાનો જ, સમસ્યાઓ ઉદ્ભવવાની જ, સમસ્યાઓને નકારી શકાય નહી પરંતુ આ સમસ્યાઓના ઉકેલની ક્ષમતા કેળવાય, વ્યક્તિ વિધેયાત્મક વલણ અટકાવતો થાય તે જરૂરી છે. આ પરિસ્થિતિમાં ધીરજ ધરી માનસિક સમતુલન રાખી કાર્યકારણ સંબંધ સમજી તારણો કાઢવાની ક્ષમતા સામાજિક વિજ્ઞાન વિદ્યાર્થીઓને આપે છે. જે આ વિષયની અગત્યતાને સાર્થક કરે છે.

નાગરિક તરીકે જવાબદારીઓની સમજ :

વ્યક્તિ જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં હોય છે ત્યારે વિદ્યાર્થીઓની તમામ જવાબદારીઓ માતા-પિતા કે કુટુંબની હોય છે. કેટલીક જવાબદારીઓ સરકાર નિભાવે છે. પરંતુ આ વિદ્યાર્થી જ્યારે ઉંમર લાયક થાય ત્યારે પોતાની જવાબદારી પોતે ઉપાડવાની હોય છે. એક સારા નાગરિક તરીકે કુટુંબના સભ્યોની જવાબદારી નિભાવવાની રહે છે, સાથે સાથે સમાજના સભ્ય તરીકે સમાજની તથા દેશના નાગરિક તરીકે રાષ્ટ્રની જવાબદારી પણ અદા કરવાની હોય છે. વિદ્યાર્થી અવસ્થામાં વ્યક્તિએ આગળ જતાં કઈ કઈ ફરજો ક્યા સ્વરૂપે અને ક્યા કારણસર બજાવવી પડે છે તેની વિવિધ માહિતી સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા મળે છે.

- **પર્યાવરણ સાથે અનુકૂલન :**

વ્યક્તિનું જીવન સામાજિક પર્યાવરણ અને પ્રાકૃતિક પર્યાવરણમાં વ્યતિત થાય છે. સમાજમાં બનતી ઘટનાઓ અને આવતા પરિવર્તનો સામે વ્યક્તિએ તાલ-મેળ સાધવાનો રહે છે. સામાજિક વિજ્ઞાનનું સ્થાન વ્યક્તિને પોતાના પર્યાવરણ સાથે અનુકૂલન સાધવામાં અને સ્વસ્થ રહેવામાં સહાયરૂપ થાય છે, જ્યારે પ્રાકૃતિક ઘટનાઓ કે જે કુદરત ઉપર આધારિત હોય છે. આ આફતોની અસર પણ વ્યક્તિ ઉપર થાય છે આમ, પ્રાકૃતિક પર્યાવરણ અને સામાજિક પર્યાવરણની સમાજ ઉપર અસર થતી હોય છે. આ બંને પર્યાવરણ વ્યક્તિના વિકાસ માટે સારી રીતે અસર કરે છે. તેની સમજ સામાજિક વિજ્ઞાન આપે છે. આમ વ્યક્તિને પોતાની જરૂરિયાતોને અનુકૂળ બનવાની ક્ષમતા પ્રાપ્ત કરવામાં પણ સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ ઉપયોગી બને છે.

- **વ્યક્તિગત જીવન ઘડતરની સમજ :**

સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વિદ્યાર્થીઓમાં સુટેવો, રૂચિ, વિધાયક વલણો અને મૂલ્ય શિક્ષણ આપી વ્યક્તિગત ઘડતર કરવામાં મદદરૂપ થાય છે. વિશાળ વાચન, મહાપુરૂષોના ચરિત્રના આધારે વિદ્યાર્થીઓમાં વિવિધ ગુણોની ખિલવણી થાય છે. રાજયતંત્રની નીતિવિષયક બાબતોના આધારે રાજકારણ પ્રત્યે વિધાયક વલણ કેળવાય છે. વિવિધ સમાજની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ભૌગોલિક માહિતીના આધારે વ્યક્તિની વ્યક્તિગત ભાવનાઓ વિશાળ બને છે. આમ, સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વ્યક્તિગત રીતે જીવન ઘડતરમાં મદદરૂપ બને છે.

(2) સામાજિક દષ્ટિએ મહત્ત્વ :

- **સામાજિક વિકાસ માટે જાગૃતિ :**

સમાજની પ્રગતિ યોગ્ય માર્ગદર્શન વિના શક્ય નથી. વિદ્યાર્થી અભ્યાસંક્રમ દરમિયાન વિવિધ સમાજની પ્રગતિ, પરિસ્થિતિ, બનાવો, ઘટનાઓ નિષ્ફળતા, સફળતા, વલણ, મૂલ્યો, સંસ્કૃતિઓનું અધ્યયન કરે છે આ માહિતીના આધારે વર્તમાન સમાજ પ્રગતિ માટે પોતાને યોગ્ય માર્ગ અપનાવે છે. વિવિધ સમાજની સારી બાબતો અને રીત-રિવાજોથી, પરંપરાઓથી પરિચિત બને છે. આ અભ્યાસના આધારે ભાવિ સમાજના વિકાસ માટે કયા પ્રકારના પ્રયત્નો જરૂરી છે તેનું ચિંતન કરી યોગ્ય સમયે તે માટે પ્રયત્ન કરે છે. સામાજિક સુધારણાની શરૂઆત 'સ્વ'થી કરે છે. સુધારણાલક્ષી પ્રયત્નો દ્વારા જૂની પરંપરા કે રૂઢિઓમાંથી સુધારણાના માર્ગે નવી પહેલ કરે છે. આમ, સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ સમાજની પ્રગતિ અને સમગ્ર માનવસમાજને ઉપયોગી એવા પરિવર્તનો લાવવામાં આશીર્વાદરૂપ છે.

- **સાંસ્કૃતિક વારસાનું જતન :**

ભારતીય સંસ્કૃતિએ 5000 હજાર વર્ષ કરતા પણ જૂની છે. આપણો સાંસ્કૃતિક વારસો ભવ્ય અને દિવ્ય છે. જેમાં શિલ્પ, સાહિત્ય, કળા, વિજ્ઞાન, વિવિધ શાસ્ત્રો, સંગીત, નૃત્ય, શિક્ષણ બધાનો સમાવેશ થાય છે. અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાન વિષયમાં અંગભૂત વિષયોમાં વિષયવસ્તુ દ્વારા સાંસ્કૃતિક વારસાનું મહત્ત્વ સમજાવવામાં આવે છે. જેના આધારે વિદ્યાર્થીને સાંસ્કૃતિક વારસાનું મહત્ત્વ સમજી તેની જાળવણી કરવાની ફરજોનું ભાન કરાવે છે, સાથે સાથે વિદેશી સંસ્કૃતિઓનું મિશ્રણ પણ જોવા મળે છે, તેથી વિદ્યાર્થીની દષ્ટિ વિશાળ બને છે. 'વસુધૈવ કુંટુબકમ' ની ભાવના વિકસે છે તથા બીજા દેશની સંસ્કૃતિને પણ સન્માન આપતાં શીખે છે. આ રીતે સાથે મળી સંઘભાવનાથી સાંસ્કૃતિક વારસાના જતન માટે કર્તવ્ય ભાવના જાગૃત કરે છે. પોતાના દેશના સાંસ્કૃતિક વારસા સાથે સમકાલીન અન્ય દેશોના વારસાની તુલના કરી સારા માઠાં પાસાંઓનો ભેદ સમજે છે.

- **આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ :**

ઔદ્યોગીકરણ, વૈશ્વિકીકરણ, ખાનગીકરણ, આધુનિકીકરણ વગેરેના પરિણામ સ્વરૂપ વિશ્વ સ્તરે રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેનું અંતર ઘટી ગયું છે. પ્રત્યેક રાષ્ટ્ર પરસ્પરાવલંબી બની પોતાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. આ પ્રગતિના આધારે વ્યક્તિઓમાં વૈચારિક સમૃદ્ધતા આવે છે. એક દેશ બીજાની ચીજ-વસ્તુઓના આયાત - નિકાસની સાથે સંસ્કૃતિ, રાજ્યસત્તા, શિક્ષણ વગેરે અપનાવતા થયા છે. પ્રત્યેક રાષ્ટ્ર સાથે સહભાવના, સહયોગ વધારવાનું પરસ્પર લાભદાયી છે તેવી સમજ આ વિષયના શિક્ષણ દ્વારા વિકસે છે પોતાના રાષ્ટ્રના માન સાથે અન્ય દેશોની સાથે સંબંધ વધારવાથી વિશ્વબંધુત્વની ભાવના વધુ વિશાળ બને છે તેવી સમજ વિકસે છે.

- **સામાજિક સમાનતાની ભાવનાનો વિકાસ :**

સમાજમાં એકરૂપતા લાવવા, સમાજને સ્વસ્થ અને સુદૃઢ બનાવવામાં સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું મહત્ત્વનું પ્રદાન છે. સમાજમાં રહેતી દરેક વ્યક્તિ એક સમાન છે અને સમાન અધિકારો ભોગવવા તથા સમાજ પ્રત્યે ફરજો અદા કરવા નૈતિક રીતે બંધાયેલી છે તેવી ભાવના આ વિષયના શિક્ષણ દ્વારા વિકસે છે. સમાજમાં રહેલી અસમાનતાઓ ઘણી વખત વિવિધ સમસ્યાઓને પેદા કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જેમ કે જાતિભેદ, રંગભેદ, લિંગભેદ વગેરે દ્વારા દેશની પ્રગતિ અટકી જાય છે. સમસ્યાઓનુ સરળ રીતે નિરાકરણ લાવવા સામાજિક સમાનતાનું નિર્માણ અનિવાર્ય જણાય છે. પ્રજામાં સામાજિક જાગૃતિ અને તે દ્વારા સમાનતાની ભાવના વિકસે જેથી સમાજનો વિકાસ આગળ વધી શકે.

- **સ્વસ્થ - તંદુરસ્ત સમાજનું નિર્માણ :**

સામાજિક વિજ્ઞાન દ્વારા ભૂતકાલીન ઘટનાઓમાંથી બોધપાઠ લઈને માનવસમાજ સ્વસ્થ - તંદુરસ્ત સમાજનુ નિર્માણ કરે તે જરૂરી છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે પ્રજાની દષ્ટિ વિશાળ હોવી જોઈએ, વૈચારિક સમૃદ્ધિ હોવી જોઈએ, સંપ સહકારની ભાવનાનો વિકાસ થવો જોઈએ, સદ્‌ગુણી અને મૂલ્યનિષ્ઠ નાગરિકનું ઘડતર થવું જોઈએ, આંતરરાષ્ટ્રીય સમજના નિર્માણ માટે આગ્રહો તથા રાગદ્વેષ દૂર કરી માનવ માનવ વચ્ચે મીઠા મધુરા, હુંફાળા સંબંધો સ્થાપીને જ માનવજાત સુખ - શાંતિ, સમૃદ્ધ, આનંદ પામી શકે છે. આમ, સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ માનવ માનવ વચ્ચે હુંફાળા સંબંધો સ્થાપવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. જે એના મહત્ત્વ કે એની અગત્યતાને પૂરવાર કરે છે.

8. ઉપસંહાર (Summery) :

સામાજિક વિજ્ઞાન શાળામાં સાતેય વિષયોમાં મહત્ત્વનું સ્થાન ધરાવતો વિષય છે હાલના અભ્યાસક્રમમાં તે સામાજિક વિજ્ઞાન તરીકે ઓળખાય છે. જે માનવીય સંબંધોની પ્રક્રિયા અને માનવસમાજમાં વિકાસની દિશા સ્પષ્ટ કરે છે. માધ્યમિક શિક્ષણ પંચે સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. સામાજિક વિજ્ઞાનને સામાજિક વિજ્ઞાન કહેવા પાછળ પણ ઉદ્દેશ રહેલો છે. કે સામાજિક વિજ્ઞાન ઈતિહાસ, ભૂગોળ, નાગરિક, અર્થશાસ્ત્ર નથી તે વિવિધ વિષયોના ટુકડાઓનું આયોજન નથી, તે તો માનવ સંબંધોનો, સમાજમાં વસતા મનુષ્યના અભ્યાસનો વિષય છે. પરિણામ તેનું કાર્યક્ષેત્ર વિશાળ છે. સામાજિક વિજ્ઞાન ઉત્તમ નાગરિકના ઘડતર માટે અને ઉન્નત સમાજના નિર્માણ માટે ખૂબ જ મહત્ત્વનું છે તે નાગરિકોને પોતાની સામાજિક અને પારિવારિક જવાબદારીઓ પરત્વે સભાન કરે છે અને પરિવાર, સમાજ, રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ કક્ષાના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલતા વિકસાવે છે. સમાજ અને વિશ્વ સાથે અનુકૂલન સાધવામાં સહાયરૂપ બને છે. સામાજિક વિજ્ઞાન એક જાગૃત, સંસ્કારી, સહિષ્ણુતા અને સંતોષી માનવીનું ઘડતર કરે છે. વ્યક્તિના ઘડતર તથા સમાજના નિર્માણમાં આટલું બધું મહત્ત્વ હોય તો તેનું શાળાઓમાં ફરજિયાત વિષય તરીકે આગવું સ્થાન હોય તે સ્વાભાવિક છે.

★★★

2

સામાજિક વિજ્ઞાનના શિક્ષણના ધ્યેયો અને હેતુઓ

2.0 પ્રાસ્તાવિક
2.1 સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો
    2.1.1 ધ્યેય-સંકલ્પના
2.2 સામાજિક વિજ્ઞાનના શિક્ષણના વિવિધ ધ્યેયો
    2.2.1 સાંસ્કૃતિક વારસાની સમજ
    2.2.2 ચારિત્ર્ય નિર્માણ
    2.2.3 નાગરિકત્વનો વિકાસ
    2.2.4 રાષ્ટ્રીય એકતાની સમજ
    2.2.5 આંતરરાષ્ટ્રીય સમજ
    2.2.6 માનસિક ઘડતર
    2.2.7 વ્યાવહારિક ઉપયોગિતા
    2.2.8 રાષ્ટ્રના આર્થિક વિકાસની સમજ
    2.2.9 માનવસમજની ખિલવણી
2.3 શૈક્ષણિક હેતુઓ - સંકલ્પના
2.4 શૈક્ષણિક હેતુઓ - મહત્વ
2.5 શિક્ષણના ધ્યેયો અને શિક્ષણના હેતુઓ
2.6 શૈક્ષણિક હેતુઓ - પ્રકાર
    2.6.1 જ્ઞાનાત્મક હેતુઓ
    2.6.2 ભાવાત્મક હેતુઓ
    2.6.3 ક્રિયાત્મક હેતુઓ
2.7 સમાજવિદ્યા શિક્ષણના હેતુઓ
    2.7.1 સામાન્ય હેતુઓ
    2.7.2 વિશિષ્ટ હેતુઓ
    2.7.2.1 વિશિષ્ટ હેતુઓના લક્ષણો
    2.7.3 સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત
    2.7.4 સામાન્ય હેતુના અનુસંધાને વિશિષ્ટ હેતુઓ
    2.7.5 અપેક્ષિત વર્તન-પરિવર્તનો
    2.7.6 સંરચિત હેતુઓની રચના માટે ધ્યાનમાં રાખવાની બાબતો
    2.7.7 અપેક્ષિત વર્તન પરિવર્તનોની હેતુના ક્રમે યાદી

2.0 પ્રાસ્તાવિક :

માનવ કોઈ પણ કાર્ય કરે તો તે કાર્ય શા માટે કરવાનું છે ? તેની વિચારણા કર્યા પછી જ તે કાર્ય કરતો હોય છે. આ ઉપરથી કહી શકાય કે માણસનું કોઈ પણ કાર્ય હેતુપૂર્વકનું - ઉદ્દેશપૂર્વકનું હોય છે. દા. ત. કોઈ વ્યક્તિ મુસાફરી કરે છે ત્યારે તેની પાછળ ચોક્કસ હેતુ કે ઉદ્દેશ હોય છે. મુસાફરી કે ઈન્ટરવ્યૂ આપવા, સામાજિક સંબંધો સાચવવા, લગ્નપ્રસંગમાં જવા, કોઈ ખરીદી કરવા, પોતાના ધંધાકીય કાર્ય માટે, સામાજિક કાર્ય માટે, અંગતકામ માટે કરતો હોય છે.

શિક્ષક વિદ્યાર્થીને સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ આપે છે. આ શિક્ષણ શા માટે આપે છે ? આ શિક્ષણ આપવાનો ઉદ્દેશ શું છે ? આ શિક્ષણ દ્વારા કઈ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ ? આ શિક્ષણ દ્વારા કયા પરિણામો મેળવવા માંગીએ છીએ ? આ સઘળાં પ્રશ્નોના જવાબો એટલે સામાજિક વિજ્ઞાનના શિક્ષણના હેતુઓ. સામાજિક વિજ્ઞાનના શિક્ષણને ફળદાયી, પરિણામલક્ષી, ગુણવત્તાલક્ષી બનાવવું હોય તો સૌ પ્રથમ ઉપરોક્ત પ્રશ્નોની વિચારણા કરીને હેતુઓ નક્કી કરવા અનિવાર્ય છે. કારણ હેતુવિહીન શિક્ષણના યોગ્ય પરિણામો મેળવવા મુશ્કેલ છે. કારણ હેતુ વિનાનું શિક્ષણકાર્ય - લક્ષ્ય નક્કી ન હોવાને કારણે ક્યાં લઈ જશે તે અંગે કહી શકાય નહિ.

હેતુઓની સાથોસાથ દરેક વિષયના શિક્ષણના ધ્યેયો સામાન્ય શિક્ષણના ધ્યેયો પર નિર્ધારિત કરવામાં આવે છે. શિક્ષણના ધ્યેયોની પ્રાપ્તિ કોઈ એક વિષયના શિક્ષણ દ્વારા થઈ શકતી નથી. દરેક કોઈને કોઈ રીતે શિક્ષણનાં ધ્યેયો સિદ્ધ કરવામાં ફાળો આપે છે. આથી જ અભ્યાસક્રમમાં સ્થાન પ્રાપ્ત થતું હોય છે. સામાજિક વિજ્ઞાન એક સામાજિક વિજ્ઞાન છે. સામાજિક વિજ્ઞાન માનવીની સામાજિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે. સામાજિક વિજ્ઞાન માણસના સામાજિક, સાંસ્કૃતિક અને નાગરિક ટેવોની પ્રાપ્તિમાં સહાયતા કરે છે.

2.1 સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો :

શિક્ષક વર્ગખંડનો નાખુદા છે. નાખુદા હોવાને નાતે તેણે મંઝિલ શું છે ? તેનો ખ્યાલ મેળવી લેવો જોઈએ. મંઝિલનો ખ્યાલ હોય તો જ સફર સફળ થઈ શકે. સામાજિક વિજ્ઞાનના શિક્ષકે પણ સામાજિક વિજ્ઞાન શિક્ષણની મંઝિલ શું છે ? તેનો ખ્યાલ મેળવી લેવો જોઈએ. સામાજિક વિજ્ઞાનના શિક્ષણની મંઝિલનું જ્ઞાન તેના ધ્યેયો દશવિ છે.

2.1.1 ધ્યેય - સંકલ્પના :

ધ્યેય એટલે શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં કઈ કઈ બાબતો આરોપિત કરવી છે તેનો નિર્દેશ. અહીં સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં કઈ કઈ બાબતો, કયા કયા ગુણો, કયા કયા લક્ષણો, આરોપિત કરી તેનો સર્વાંગીણ વિકાસ સાધવો તે સામાજિક વિજ્ઞાનના ધ્યેયો. ધ્યેયો સૈદ્ધાંતિક, વ્યાપક અને અંતિમ સ્વરૂપના હોય છે. તેને સિદ્ધ કરવા માટે ઘણો લાંબો સમય કાર્ય કરવું પડે છે. સઘન, સતત અને વ્યવસ્થિત કાર્ય કર્યા સિવાય તે સિદ્ધ થઈ શકતા નથી. કેટલીકવાર એવું પણ બને કે વિષયનો સમગ્ર શિક્ષણ વ્યવહાર કર્યા પછી પણ તે સિદ્ધ થાય પણ ખરા ને ન પણ થાય. એટલે કે તેની સિદ્ધિની માત્રામાં સાપેક્ષતા છે. ધ્યેય મૂલ્યાંકનક્ષમ હોતા નથી. તેનું મૂલ્યાંકન કરવું અઘરું છે. દા. ત. સાંસ્કૃતિક ધ્યેયનું મૂલ્યાંકન કરવું હોય તો કઈ પદ્ધતિથી કરી શકાય તે જ સમજાય તેમ નથી. કેટલીકવાર સાંસ્કૃતિકતા ધરાવતો માણસ ક્યારે અસાંસ્કૃતિક બને તે કહી શકાય તેમ નથી. છતાં પણ ધ્યેયો નાગરિક ઘડતર - માનવ ઘડતર માટે ઉપયોગી છે. નાગરિક કે માનવનું ઘડતર કઈ રીતે કરી શકાય તેનો માર્ગ તે દર્શાવે છે. ધ્યેયો વ્યક્તિના સામાજિક વિકાસ, મૂલ્ય વિકાસ, વલણ-વર્તન વિકાસ તરફ લઈ જનારા છે. ધ્યેયો સમાજ અને ફિલસૂફીને આધારે નક્કી થતા હોય છે. જેવો સમાજ અને સમાજનું તત્ત્વજ્ઞાન તેવા ધ્યેયો નક્કી થતા હોય છે. ખાસ કરીને સામાજિક સુધારણા - માનવ સુધારણાને પણ ધ્યાનમાં લઈને જ ધ્યેયો નક્કી થાય છે.

2.2 સામાજિક વિજ્ઞાનના શિક્ષણના વિવિધ ધ્યેયો :

સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા પણ માનવ ઘડતર કરવાનું છે. માનવ ઘડતર માટેના કયા કયા ગુણો-લક્ષણો કેળવવા છે તે સામાજિક વિજ્ઞાનના શિક્ષણના ધ્યેયો છે. જે નીચે જણાવેલ છે. :

2.2.1 સાંસ્કૃતિક વારસાની સમજ :

કોઈ પણ સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસ માટે તેના ક્રમિક વિકાસથી અને સંસ્કૃતિના સનાતન મૂલ્યો તથા આસ્થાઓથી પરિચિત બનવું જરૂરી છે. સંસ્કૃતિમાંથી સભ્યતા જન્મે છે. ઉત્તમ જીવન જીવવાની રીતો પ્રાપ્ત થાય છે, સુખ સગવડતા મળે છે. કોઈ પણ દેશની સભ્યતા અને સંસ્કૃતિને સામાજિક વિજ્ઞાન સાચા સ્વરૂપમાં દર્શાવે છે. સામાજિક વિજ્ઞાનના અભ્યાસથી સંસ્કૃતિનો વિકાસક્રમ જાણી શકાય છે. સામાજિક વિજ્ઞાન માનવ સંસ્કારિતાના વિકાસનાં બળો સ્પષ્ટ કરે છે અને માનવ અનુભવોના પરંપરાગત વારસાના સર્જનમાં મદદરૂપ થાય છે. એટલું જ નહીં પણ તેની સમજ આપે છે. માનવસમાજનો ઇતિહાસ એ જગતની અનેક સંસ્કૃતિઓના ઉદય અને અસ્તનો ઇતિહાસ છે. વિશ્વની મહાન માનવ સંસ્કૃતિઓના વિકાસ અને વિલય, ઉદય અને અંતની વૈજ્ઞાનિક સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા જ સાચી રીતે વિકસાવી શકાય છે.

દેશના સાંસ્કૃતિક વારસાના વિકાસમાં પ્રજાની શિલ્પ, સ્થાપત્ય, સંગીત, નૃત્ય અને કલા પ્રત્યેની રુચિ અને તેના જતન અને સંવર્ધન માટે રાજ્યતંત્ર દ્વારા લેવાતી કાળજી અને અપાતું પ્રોત્સાહન મહત્ત્વનો ફાળો આપે છે. એ જ રીતે સંસ્કૃતિના ઉદય, વિકાસ અને અંત માટે ભૌગોલિક પરિબળો - સંજોગો પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિવિધ પ્રદેશોમાં વસતા માનવીના આચાર-વિચાર, સંસ્કાર, રહેણીકરણી, સામાજિક રીત-રિવાજો અને જીવનશૈલી પર ભૌગોલિક પર્યાવરણની મોટી અસર જોવા મળે છે. શાસનતંત્ર દ્વારા ઘડાયેલા કાયદા કાનૂનનો પણ સાંસ્કૃતિક વિકાસમાં ફાળો હોય છે.

સાંસ્કૃતિક વારસાના પરિચયથી સાંસ્કૃતિક આસ્થા, સાંસ્કૃતિક અને સામાજિક મૂલ્યોનો પરિચય થાય છે. સાંસ્કૃતિક વારસા પ્રત્યે

મમત્વ કેળવાય છે. વારસા પ્રત્યે ગૌરવ અને સન્માનની ભાવના પ્રગટે છે. માટે શાળામાં સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા સાંસ્કૃતિક વારસાનો પરિચય મળે તેવા પ્રયાસો કરવા જોઈએ. પ્રદર્શન, ફિલ્મ શો, પ્રવાસ-પર્યટન, વાર્તાલાપ, તહેવારોની ઉજવણી, વિશિષ્ટ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસોની ઉજવણી, સામાજિક વિજ્ઞાન મેળો, પત્રમૈત્રી વગેરે પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્રના અને વિશ્વના સાંસ્કૃતિક વારસાનો પરિચય કેળવી શકાય છે.

સાંસ્કૃતિક વારસાનું જતન કરવું એ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે. કારણ ગાંધીજીએ કહ્યું છે કે, "જે પ્રજા પોતાના સાંસ્કૃતિક વારસાનું જતન કરી શકતી નથી તે તેનો વિનાશ નોંતરે છે." આમ પ્રજા પોતે જ વિનાશ પામે તેમ ન થાય તે માટે સાંસ્કૃતિક વારસાનો પરિચય કરાવી તેનું જતન થાય તેવી પરિસ્થિતિ સર્જવી તે સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું પ્રથમ કર્તવ્ય છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની વર્તમાન પેઢી અને આગળની પેઢીએ આપેલા વારસાને મેળવે છે અને તેના સંવર્ધન અને જતન માટે પ્રતિબદ્ધ બને છે. અગાઉની પેઢીની ભૂલોને સમજી તેવી ભૂલો પુનઃ ન થાય તે માટે પણ ક્રિયાશીલતા કેળવે છે. માનવી સુસંસ્કૃત જીવન જીવે, ઉત્કૃષ્ટ જીવન જીવે, સુંદર જીવન જીવે અને રાષ્ટ્રના સાંસ્કૃતિક ગૌરવમાં વધારો કરે એ સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું અતિ મહત્ત્વનું ધ્યેય છે. આ ધ્યેયને સિદ્ધ કરવામાં જ સામાજિક વિજ્ઞાનના શિક્ષણની સાર્થકતા છે.

2.2.2 ચારિત્ર્ય નિર્માણ :

ચારિત્ર્ય એ માનવની મહત્ત્વની જરૂરિયાત છે. ચારિત્ર્ય વિનાનો માણસ સમાજને અધઃપતનની ખાઈમાં લઈ જાય છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા જ્વલંત દૃષ્ટાંતો અને ઉદાહરણો તથા પ્રસંગો વિદ્યાર્થી સમક્ષ રજૂ કરીને ચારિત્ર્ય નિર્માણ થઈ શકે તેમ છે. ઐતિહાસિક સનાતન મૂલ્યો અને તથ્યો બાળકના ચારિત્ર્યનો વિકાસ કરે છે. ઐતિહાસિક પાત્રો જેવાં કે દેશભક્તો, સુધારકો, નેતાઓ, સંતો, મહાત્માઓ અને મહાપુરુષોના જીવન સંપર્ક તેમનાં જીવન ચરિત્રોથી થાય છે. તેમનાં બહુમૂલ્ય વિચારોથી પરિચિત બનતાં વિદ્યાર્થીઓમાં સ્વયં નૈતિક ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે. તેમનું ચારિત્ર્ય વિકસે છે. મહાપુરૂષોના જીવનચરિત્રોથી ઉદાત ભાવનાઓ, સત્ય નિષ્ઠા, દેશભક્તિ, સમાજ ઉત્કર્ષ માટેના કાર્યોથી પરિચિત થઈ તેઓના વિચારોથી વિદ્યાર્થીઓ પોતાના વિચારો અને કાર્યોમાં સુદૃઢતા કેળવીને ચારિત્ર્ય વિકસાવે છે.

માનવ એક સામાજિક પ્રાણી છે. માનવ અને સમાજ પરસ્પર સંકળાયેલા છે. માનવ છે તો સમાજ છે અને સમાજ છે તો માનવ છે. બન્નેનો વિકાસ પારસ્પરિકતા પર રહેલો છે. માનવી સમાજમાં જન્મે છે અને ઉછરે છે. તેની ઉન્નતિ પણ સમાજમાં જ થાય છે. ઉન્નતિ માટે જરૂરી છે સામાજિક ચારિત્ર્યનો વિકાસ. આથી સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા સામાજિક વિકાસનું ધ્યેય નિર્ધારિત કરવામાં આવ્યું છે. learning to live together એ સાંપ્રત શિક્ષણની, સમાજની આધારશિલા છે. સામાજિક વિજ્ઞાન વિદ્યાર્થીને માનવ સમુદાયોના સામૂહિક જીવનનું મહત્ત્વ સ્પષ્ટ કરીને અનુકૂલન સાધી સૌ સાથે તાલ મિલાવીને રહેતાં શીખવે છે. આ વ્યક્તિનું સામાજિક ચારિત્ર્ય છે. સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વિદ્યાર્થીઓમાં સામાજિક ક્ષમતાઓ વિકસાવે છે. ઉત્તરદાયિત્વની ભાવના અને માનવીય સંબંધોની સમજદારી વિકસાવે છે.

સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા સામાજિક વારસાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. સામાજિક સમસ્યાઓ, સામાજિક મૂલ્યો, સામાજિક કાર્યો, સામાજિક રીતિઓ વગેરેમાંથી જ્ઞાત થઈને વ્યક્તિને સમાજમાં પોતાની ભૂમિકા કઈ ? તેનું જ્ઞાન થાય છે. આ ભૂમિકા અદા કરવામાં સામાજિક ચારિત્ર્યનો ખ્યાલ સ્પષ્ટ થાય છે. મહાપુરૂષોના સામાજિક ચારિત્ર્યને કારણે જ તેઓ સફળ થયા તે પણ વિચારી શકાય છે અને તે દ્વારા પ્રામાણિકતા, શ્રમનિષ્ઠા, સમાજસેવા, ફરજનિષ્ઠા, સામાજિક ઋણ અદા કરવાની નિષ્ઠા, સમાજવિકાસ પ્રત્યે રસ જેવા ગુણોનો વિકાસ થાય છે જે સમાજ વિકાસ તરફ વ્યક્તિને લઈ જાય છે.

2.2.3 નાગરિકત્વનો વિકાસ :

વિદ્યાર્થી દેશનો સારો નાગરિક બને તે સાંપ્રત સમયની અને લોકશાહી રાષ્ટ્રની અગ્રીમ માંગ છે. દેશભક્ત નાગરિકો થકી જ ભારતનું મસ્તક ઉન્નત અને ગગનસ્પર્શી રહી શકે છે. મહારાણા પ્રતાપથી માંડી ગાંધીજી, સરદાર, આંબેડકર, જવાહરલાલ, લાલબહાદુર શાસ્ત્રી, અબ્દુલ કલામ જેવા ઉત્તમ નાગરિકોએ ભારતને વિશ્વમાં ગાજતું રાખ્યું છે. જાતિ, પ્રદેશ, ધર્મ કે ભાષાના ભેદભાવ સિવાય ભારતીયતાની ભાવના જેનામાં વિકસે તેવા નાગરિક તૈયાર કરવાનું ધ્યેય સામાજિક વિજ્ઞાન શિક્ષણનું છે.

ઉત્તમ નાગરિક, અદનો નાગરિક, સાચો નાગરિક કોણ ? તે પ્રશ્ન થાય. કેવા ગુણો નાગરિકમાં હોવા જોઈએ ? તેમ પણ વિચારાય. ઉત્તમ, અદનો, સાચો, આદર્શ નાગરિક એટલે...

- સમકાલીન સમસ્યાઓના ઉકેલ માટેનું જ્ઞાન અને કૌશલ્ય ધરાવતો હોય.
- માનવસંસ્કૃતિના વિકાસમાં વિજ્ઞાનના પ્રદાન અને તેની અસરોથી સભાન હોય.
- વિજ્ઞાનનો માનવજાત માટે બહેતર, ઉન્નત, કલ્યાણકારી જીવન માટે રચનાત્મક અને વિધાયક ઉપયોગ કરવાની ક્ષમતા અને ભાવનાવાળો હોય.
- પ્રભાવશાળી આર્થિક તેમજ સામાજિક જીવન માટેની તત્પરતા હોય.
- પરિવર્તન પામતા વૈશ્વિક સમાજમાં પ્રભાવશાળી જીવન માટે મહત્ત્વના નિર્ણયો કરવાની ક્ષમંતા, યોગ્યતા હોય.
- અન્ય માનવોની જરૂરિયાતો, આકાંક્ષા અને લાગણીઓ, ભાવના પ્રત્યે સંવેદનશીલતા હોય.
- લોકશાહી જીવનશૈલી અને લોકશાહી સિદ્ધાંતો-આદર્શોનો સ્વીકાર અને તેમનો દૈનિક જીવનમાં ઉપયોગ કરે તેવો

હોય.

- વ્યક્તિ પ્રત્યે આદરભાવ, વ્યક્તિની સ્વતંત્રતા તથા સૌના માટે સમાનતાના સિદ્ધાંતમાં નિષ્ઠા હોય.
- રાષ્ટ્રના વારસા અને સંસ્કૃતિ માટે ગૌરવ હોય.
- રાષ્ટ્રની સંપત્તિની સુરક્ષા માટેની પ્રતિબદ્ધતા હોય.
- રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય એકતા પ્રત્યે વફાદારી હોય.
- અન્ય વ્યક્તિ પ્રત્યે સદ્ભાવના, પરિવાર, સમાજ અને દેશ પ્રત્યેની ફરજોની સભાનતા અને નાગરિક તરીકેનું પ્રદાન આપેલું હોય.

સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં ઉપરોક્ત ગુણોનું સિંચન કરીને ઉત્તમ નાગરિક તરફ દોરી જવાનું કર્તવ્ય શિક્ષકોએ બજાવવાનું છે. ખરેખર સામાજિક વિજ્ઞાન દ્વારા આ ગુણોનો વિકાસ થઈ શકે તેમ છે જ. જરૂર છે સારા શિક્ષકો અને વિદ્યાર્થીઓની કે જેનામાં તત્પરતા હોય.

2.2.4 રાષ્ટ્રીય એકતાની સમજ :

વિદ્યાર્થીમાં રાષ્ટ્રીય એકતા કેળવાય તે અનિવાર્ય છે. આ માટે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટે, મારો દેશ છે એવી ભાવના પ્રગટે, વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ દેશ છે તેવી શ્રદ્ધા બેસે, દેશની પ્રીતિમાં અપારપ્રેમ અને દેશ પ્રતિ અતુલિત ભક્તિ ઉત્પન્ન થાય, દેશ પ્રત્યે જાન ન્યોછાવરની અને વફાદારીની ભાવના પેદા થાય તો જ રાષ્ટ્રીય એકતા આવે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રપ્રેમના પાઠો શીખવી શકાય છે.

રાષ્ટ્રની સ્વતંત્રતા અને અસ્મિતા ટકાવવા, રાષ્ટ્રના સાર્વભૌમત્વના રક્ષણ કાજે, વિવિધતામાં એકતાનું ભારતીય સંસ્કૃતિનું લક્ષણને બળ આપવા માટે રાષ્ટ્રીય એકતા જરૂરી છે. આ માટે વિદ્યાર્થીઓને પોતાના રાષ્ટ્રની રાજકીય અને ભૌગોલિક સરહદોનું જ્ઞાન મેળવવામાં, સરહદની સલામતીની અનિવાર્યતાની સમજ કેળવવામાં, સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ આપવું જરૂરી છે જેથી વિદ્યાર્થીઓ રાષ્ટ્ર પ્રત્યે વફાદાર રહે છે. ભારતમાં ભાષા, ધર્મ, રીત-રિવાજો, રહેણીકરણી, ભૌગોલિક, સાંસ્કૃતિક, ખોરાક, પહેરવશે વગેરે બાબતોમાં ભિન્નતા છે. આ ભિન્નતામાં એકતા સ્થાપવી જરૂરી છે. તેવી સમજ વિદ્યાર્થીઓમાં વિકાસ પામે તે માટે સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા રાષ્ટ્રની એકતાને જોખમમાં મૂકનાર પરિબળોની સમજ વિકસાવી શકાય. રાષ્ટ્રીય એકતાને પોષનારાં પરિબળોની પણ સમજ વિકસાવી શકાય. કુસંપ, ઝઘડા, ભાષાવાદ, કોમવાદ, પ્રદેશવાદ રાષ્ટ્રની એકતાને કેવી રીતે જોખમમાં મૂકે છે અને કેટલું નુકસાન કરે છે તેની સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિકસાવી શકાય છે કુસંપ અને ઝઘડા તથા વિવિધ પ્રકારના વાદોથી આવતાં માઠાં પરિણામોના નિવારણ માટે એકતા, સંપ અને ભાઈચારાની જરૂરિયાતનો ખ્યાલ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા મેળવે છે. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગૃત થાય, સંકુચિતતા દૂર થાય અને રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ થાય તે માટે સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં વિવિધ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ આપવું જરૂરી છે.

ભારતમાં રાષ્ટ્રીય એકતા ખીલવવા માટે સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ મહત્ત્વનું છે. જુદા જુદા દેશોની પ્રજાની તેમની દેશભક્તિની તથા ભારતીય મહાપુરૂષો, દેશભક્તોના જીવન ચરિત્રો વડે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીયતાનો રંગ પૂરે છે. રાષ્ટ્ર પ્રેમ એ અમોઘ સાધન છે. જેના વડે દેશ-દેશના લોકો પોતાની રાષ્ટ્રીય સક્રિયતા ટકાવી જગતમાં ઉન્નત મસ્તકે જીવી શકે છે. રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલી પ્રજા જ પોતાના દેશનો સર્વદેશીય વિકાસ સાધવામાં સફળતા પ્રાપ્ત કરે છે. સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીયતાના રંગે રંગવાનું મહત્ત્વનું કાર્ય કરે છે.

2.2.5 આંતરરાષ્ટ્રીય સમજ :

વિશ્વ નાનું બનતું જાય છે. કારણ કે વિજ્ઞાનની શોધો, રોકેટ, વિમાન, ઇન્ટરનેટ વગેરેને કારણે વિશ્વ એક ગામ બની ગયું છે. વિશ્વના દેશો વચ્ચેના અંતર સમયના પ્રમાણમાં ઘટી ગયા છે. બીજી તરફ વિજ્ઞાને શસ્ત્રીકરણ-વિવિધ શસ્ત્રોની શોધોને કારણે વિશ્વ ભયના ઓછાયામાં જીવી રહ્યું છે. આતંકવાદ, આંતરરાષ્ટ્રીય ઝગડાઓ, ખોટી સ્પર્ધાઓ, પરસ્પર ધૃણા, તિરસ્કાર - ધિક્કારની લાગણી, અસમાનતા અને શોષણ, રંગભેદ, ઊંચ-નીચ અને ગરીબ-તવંગરના ભેદને કારણે વિશ્વમાં માનવ-માનવ વચ્ચે પ્રેમભાવના વિકસતી નથી. વિશ્વના સમગ્ર જીવોના માથે સર્વનાશનો ભય તોળાયેલો રહે છે. વિશ્વની પ્રજા અજંપાભરી અને અશાંતિભરી સ્થિતિથી ત્રસ્ત છે. આ પરિસ્થિતિના નિરાકરણ માટે વિશ્વબંધુત્વના માર્ગે ભાઈચારાના અને વિશ્વશાંતિના માર્ગે પ્રયાણ કરવું પડશે. વ્યક્તિ મટીને વિશ્વમાનવી બનવું પડે. વિશ્વ નાગરિકત્વની ભાવના, વિશ્વ કલ્યાણની ભાવના, આંતરરાષ્ટ્રીયતાની ભાવના જગાડવી પડે. યુદ્ધ, ગરીબી અને ભૂખમરો ઘટાડવાં પડે, વિશ્વના દેશોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવી આર્થિક વિકાસ કરવો પડે, સૌએ સાથે રહેતા-સહજીવનની ભાવના કેળવવી પડે, આમ થાય તો જ વિશ્વમાં શાંતિ સ્થપાય.

એડમ વેસ્લેના મતે “સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જે શક્તિઓનો વિકાસ કરવામાં આવે તે વિશ્વશાંતિ સ્થાપવા માટે મદદરૂપ થાય છે.” આમ વિશ્વશાંતિની સ્થાપના માટે વિદ્યાર્થીઓમાં આંતરરાષ્ટ્રીય સદ્ભાવના, આંતરરાષ્ટ્રીય સહયોગ અને આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ થાય એનું ખૂબ મહત્ત્વ છે. આજનો વિદ્યાર્થી આવતીકાલનો વિશ્વ નાગરિક બનીને જીવશે. જો વિદ્યાર્થી અવસ્થામાં આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ કરવામાં આવે તો મોટો થતાં તે વિશ્વશાંતિ સ્થાપવામાં બે અગત્યની ભૂમિકા ભજવશે.

દેશ-દેશવચ્ચેના સહાનુભૂતિભર્યા સહકારથી એકબીજા સાથેના સંબંધો ગાઢ બને છે અને મિત્રતા વિકસે છે. આવા સંબંધો સમજવા અને વિકસાવવાની સમજને આંતરરાષ્ટ્રીય સમજ કહેવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓમાં આંતરરાષ્ટ્રીય સમજના બીજ વાવીને ઘેઘૂર ઝાડ સ્વરૂપે વિકસાવી શકે છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા દેશ-દેશ વચ્ચેની પરસ્પર

નિર્ભરતાનું જ્ઞાન થાય છે. એક દેશના વિકાસમાં અન્ય દેશોનો ફાળો સમજાય છે. પરસ્પર સહયોગની જરૂરિયાત, પરસ્પર સહકારની આવશ્યકતાની સમજ અને જાણકારી પ્રાપ્ત થાય છે. આ માટે પ્રેમ, સહાનુભૂતિ, સમૂહભાવના, સહકાર અને સહયોગ, હમદર્દી, સહિષ્ણુતા અને સદ્‌ભાવનાનું મૂલ્ય વિકસાવવું જરૂરી છે. સાંપ્રત સમયમાં વિશ્વની તનાવભરી, અજંપાભરી, અશાંતિમય, ચિંતામય પરિસ્થિતિ નિવારવા માટે વિદ્યાર્થીઓમાં ઉપરોક્ત ગુણો વિકસે અને આંતરરાષ્ટ્રીય સમજ કેળવાય તેની અગત્યા છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા આ મૂલ્યો - ગુણોનું સિંચન અને આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ શક્ય છે. આથી જ સામાજિક વિજ્ઞાન શિક્ષણનું એક મહત્ત્વનું ધ્યેય આંતરરાષ્ટ્રીય સમાજના વિકાસનું ધ્યેય નિર્ધારિત કરાયું છે.

સામાજિક વિજ્ઞાનનો શિક્ષક આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવવા માટે વિવિધ ઉદાહરણો આપીને આંતરરાષ્ટ્રીય સહયોગનો ખ્યાલ આપી શકાય. દા ત.

- યુનેસ્કો દ્વારા દૂધનો પાવડર પછાત પ્રદેશના ગરીબ બાળકોને પહોંચાડવામાં આવે છે.
- વિશ્વબેંક વિવિધ દેશોને આર્થિક વિકાસ માટે સહાય કરે છે.
- બ્રિટન, યુ.એસ.એ., જાપાન, જર્મની, રશિયા જેવા દેશો ભારતના ઔદ્યોગિક વિકાસમાં સહાય કરે છે.
- ફ્રાન્સમાં બેલ્જિયમ ખનીજ પહોંચાડે છે. જાપાનમાં બ્રાઝિલ કોફી અને ભારત ચા પહોંચાડે છે.
- જાપાનમાં ભારત કાચું લોખંડ પહોંચાડે છે.

આમ આર્થિક સહયોગ પર વિશ્વ સમાજનો વિકાસ અવલંબે છે. આવી સમજ આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવે છે. કુદરતી આપત્તિ વેળાએ વિવિધ દેશો સહાય માટે દોડી જાય છે. એવા ઉદાહરણો પણ આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવવામાં સહાય કરે છે.

આંતરરાષ્ટ્રીય સમજના વિકાસ માટે પ્રવાસ, પ્રદર્શન, વાર્તાલાપો, પત્રમૈત્રી, આંતરરાષ્ટ્રીય મેળાઓની મુલાકાત, આંતરરાષ્ટ્રીય દિવસોની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ દેશોના સાહિત્યનું વાચન, જૂથચર્ચા, દૂરદર્શનના કાર્યક્રમો, આંતરરાષ્ટ્રીય ઘટનાઓ - પ્રશ્નો - સમસ્યાઓ પ્રત્યે સભાનતા કેળવવી અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓની ચર્ચા ગોઠવવી જેવા કાર્યક્રમો - પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય.

2.2.6 માનસિક ઘડતર :

સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વિદ્યાર્થીઓમાં વિવિધ માનસિક શક્તિઓનો વિકાસ કરી તેઓનું માનસિક ઘડતર કરે છે. નીચે જેવી શક્તિઓના વિકાસમાં સામાજિક વિજ્ઞાન અગ્રીમ ભૂમિકા ભજવે છે. જે વિદ્યાર્થીઓના ભવિષ્યના જીવનવ્યવહાર માટે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે.

- **યાદ શક્તિ :** સામાજિક વિજ્ઞાનમાં ઐતિહાસિક, સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક, ભૌગોલિક ઘટનાઓનું જ્ઞાન મેળવવાનું હોય.છે. તેને યાદ પણ રાખવાનું હોય છે. આ ઘટનાઓ ભવિષ્યના ઘડતર માટે તેમજ વ્યાવસાયિક નોકરીઓ મેળવવા ઉપયોગી બનતી હોઈ યાદ રાખવી જરૂરી છે. તેથી યાદશક્તિનો વિકાસ થાય છે.
- **તુલના શક્તિ :** બે ઘટનાઓ, બે દેશો, બે રાજ્યો, બે પ્રજાઓ વગેરેની તુલના કરવાથી વિશેષ જ્ઞાન મળે છે. સમાન અને અસમાન ઘટનાઓની પણ તુલના કરાવવામાં આવે છે. આથી તુલના શક્તિ વધે છે.
- **કાર્યકારણ સંબંધ સ્થાપિત કરવાની શક્તિ :** કોઈ પણ ઘટના પાછળ કારણો રહેલાં છે તેની શોધ કરવાની હોય છે અને તેની ચકાસણી કરીને કાર્યકારણ સંબંધ સ્થાપિત કરવાનો હોય છે. તેથી તે શક્તિ વિકસે છે તે ઉપરાંત ચકાસણી-અવલોકન-નિરીક્ષણ કરીને તેના આધારે તારણો - સામાન્યીકરણો મેળવવાની શક્તિ પણ વિકસે છે.
- **નિર્ણય શક્તિ :** વિદ્યાર્થીઓ વિવિધ પ્રસંગોની માહિતી પરથી સ્વતંત્ર નિર્ણયો બાંધતા થાય છે જેથી નિર્ણય કરવાની શક્તિનો વિકાસ થાય છે.
- **અનુમાન શક્તિ :** વિદેશી શાસકોની નીતિઓ પરથી, વર્તમાન શાસકોની નીતિઓ પરથી વિદ્યાર્થી અનુમાનો તારવતા બને છે, જેથી અનુમાન શક્તિ વિકસે છે.
- **તર્કશક્તિ :** વિવિધ બનાવો, પ્રસંગો, વ્યક્તિઓ - મહાપુરૂષોના કાર્યો અંગે તર્ક કરતો થાય છે, જેથી તર્કશક્તિ વિકસે છે.
- **અભિપ્રાયો આપવાની અને આગાહી કરવાની શક્તિ :** વિવિધ ઘટનાઓ, કાર્યો, વ્યક્તિઓ, રાજકીય પુરુષો, વગેરે વિશે અભિપ્રાયો બાંધી શકે છે. તે ઉપરાંત વિવિધ ઘટનાઓ અને કાર્યોને આધારે વર્તમાન સમય માટે આગાહી પણ કરી શકે છે. આમ અભિપ્રાયો આપવાની અને આગાહી કરવાની શક્તિનો વિકાસ થાય છે.
- **સમસ્યા-ઉકેલ શક્તિ :** વિવિધ સમસ્યાઓના શિક્ષણથી તે સમસ્યાઓ કઈ રીતે ઉકેલી શકાય તે અંગે પણ વિદ્યાર્થીઓને વિચારતા કરી શકાય અને તેઓના વિચારોના આધારે સમસ્યાના ઉકેલ પણ મળતા થાય છે. આમ સમસ્યા ઉકેલવાની શક્તિનો વિકાસ કરી શકે છે.
- **સંશોધનવૃત્તિને પોષણ :** સામાજિક વિજ્ઞાનના શિક્ષણના આધારે જ્યારે કોઈ સમસ્યા આવે છે ત્યારે તે સમસ્યાના સંદર્ભે તેઓ સંશોધન કરીને ઉકેલ મેળવી શકે છે. આમ સંશોધન વૃત્તિને પોષણ મળે છે.

આમ, સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓ પૂરતા પ્રમાણમાં વિકસિત થાય છે. તેની બુદ્ધિ તેજ બને છે. તેની તર્કશક્તિ ઘડાય છે. તેની યાદશક્તિ જ્વલંત બને છે. તેની કલ્પનાનું ઉડ્ડયન ગગનવિહારી બની રહે છે. તેની અનુમાન શક્તિ ઓજસ્વી બની જાય છે અને તેની ધારણ શક્તિ અદ્‌ભુત બની રહે છે. આમ, સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ ચિરંજીવ, વૈજ્ઞાનિક અને

રસપ્રદ બને છે અને માનસિક ઘડતરનું ધ્યેય સિદ્ધ કરવામાં અનેરો ફાળો આપે છે.

2.2.7 વ્યાવહારિક ઉપયોગિતા :

વિદ્યાર્થીઓ જ્યારે જીવન વ્યવહારના તબક્કો આવે ત્યારે વિવિધ જવાબદારીઓ નિભાવવામાં, વ્યાવહારિક સંબંધો કેળવવામાં, વ્યવહારિકતા કેળવવી પડે છે. સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ તે કેળવવા અગત્યનો ફાળો આપે છે. કારણ સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન વર્તમા બનાવો અને રોજબરોજના જીવન સાથે સંકળાયેલું છે. તેથી તે વ્યક્તિ ડગલેને પગલે ઉપયોગી બને છે.

સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન :



આકૃતિ-૧

ઉપરોક્ત બન્ને આકૃતિઓ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની ઉપયોગિતા અને સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન કોને કોને ઉપયોગી બને છે તેનું નિદર્શન કરે છે. તેને આધારે સ્પષ્ટતા થાય છે કે સામાજિક વિજ્ઞાનનો વિષય જ વ્યવહારિક છે, ગતિશીલ અને પરિવર્તનશીલ છે. એક રીતે તો જીવન જીવવાની પ્રક્રિયા એ જ સામાજિક વિજ્ઞાનના અધ્યયનની પ્રક્રિયા છે. આથી સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ રોજ-બ-રોજના વ્યક્તિગત વ્યવહારો માટે ઘણું જ ઉપયોગી છે. સામાજિક વિજ્ઞાન વ્યક્તિમાં સામાજિક અનુકૂલન વિકસાવવામાં સહાયરૂપ થાય છે. આમ, સામાજિક વ્યવહારો કેળવવા માટે સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન આવશ્યક છે.

2.2.8 રાષ્ટ્રના આર્થિક વિકાસની સમજ :

રાષ્ટ્રની પ્રજાનું જીવનધોરણ અને જીવનની ગુણવત્તાનો આધાર રાષ્ટ્રના આર્થિક વિકાસ પર નિર્ભર છે. રાષ્ટ્રના વિકાસમાં વ્યક્તિના વિકાસનો ફાળો રહેલો છે. જે વ્યક્તિ - નાગરિક પોતાનો વિકાસ કરી શકે, વિશેષ રાષ્ટ્ર પર નિર્ભર ન રહેતા સ્વયં રાષ્ટ્રને મદદકર્તા બને તો જ રાષ્ટ્રનો આર્થિક વિકાસ શક્ય બને છે.



ઉપરોક્ત આર્થિક વિકાસના ક્ષેત્રોનો પરિચય સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા ચર્ચા કરીને રાષ્ટ્રની આર્થિક પ્રગતિની યાત્રાની ઝાંખી વિદ્યાર્થીઓને કરાવી શકાય. ભારતના આર્થિક વિકાસના સંદર્ભ વિદ્યાર્થીઓ સાથે-

- પંચવર્ષીય યોજનાઓની સિદ્ધિઓ - સફળતા - નિષ્ફળતાનો પરિચય
- આયોજનનો અર્થ, મહત્ત્વ અને ઘટકોની સમજ
- રાષ્ટ્રીય વિકાસમાં માનવવસતિનો સહયોગ અને મર્યાદાઓ
- કૃષિ, ઉદ્યોગોનો વિકાસ અને વાહન વ્યવહારની સુવિધાઓ

સંદર્ભે ચર્ચા કરીને, તેનું જ્ઞાન કરાવીને રાષ્ટ્રના આર્થિક વિકાસની ઝાંખી કરાવીને સમજ આપી શકાય. આ સમજને આધારે ભાવિ નાગરિક તરીકે વિદ્યાર્થીઓની ભૂમિકાનો ખ્યાલ પણ વિકસાવી શકાય છે.

માનવ આ પૃથ્વી પર અવતરણ પામ્યો ત્યારથી સતત સંઘર્ષ કરીને જંગલમાંથી મંગલ તરફની ગતિ કરી છે. વિવિધ પ્રતિકૂળતાઓ સામે ઝઝૂમીને, પડકારોને પડકાર આપીને, સતત શ્રમ કરીને, બુદ્ધિશક્તિનો ઉપયોગ કરીને વિકાસ માટે માણસ સતત મંડ્યો રહ્યો છે. તેની વાત પણ સામાજિક વિજ્ઞાન દ્વારા જ વિદ્યાર્થી સમક્ષ આવે છે ત્યારે તેને રાષ્ટ્રના વિકાસની સમજ પ્રાપ્ત થાય છે જ.

સામાજિક વિજ્ઞાનમાં આર્થિક વિકાસ સાથે સંબંધિત એકમોનું શિક્ષણ આપવા માટે શિક્ષકે નકશા, આલેખ, કોઠા, ચાર્ટ્સનો ઉપયોગ કરતાં રહે તો ખૂબ સરળતાથી વિદ્યાર્થીઓને વિગતોનું સ્પષ્ટીકરણ કરાવી શકાય છે. આર્થિક વિકાસ સતત થતી પ્રક્રિયા હોવાથી શિક્ષકે વર્તમાનપત્રો, સામયિકો અને નવા પ્રકાશિત થતા પુસ્તકોનો સંદર્ભ તરીકે ઉપયોગ કરી આર્થિક વિકાસ અંગે પૂરક માહિતી દ્વારા વિગતે ચર્ચા કરવી જોઈએ. આર્થિક વિકાસના મુદ્દાઓ સંદર્ભે કાર્યકારણ સંબંધને સ્પષ્ટ કરવામાં આવે તો સાચું શિક્ષણ શક્ય બને છે. જેનાથી વિદ્યાર્થીઓની તર્કશક્તિનો વિકાસ થાય અને શિક્ષણ પ્રક્રિયામાં તેઓ સહભાગી બની શકે. શિક્ષક આર્થિક પ્રવૃત્તિઓનાં સ્થળો, ઔદ્યોગિક એકમો, બહુહેતુક યોજનાઓ વગેરેની મુલાકાતો લઈ જઈને રાષ્ટ્રની આર્થિક પ્રગતિનો ખ્યાલ આપી શકે. વિવિધ દસ્તાવેજી ચિત્રો બતાવીને, આર્થિક વિકાસનું ચિત્ર સ્પષ્ટ કરી શકે. બુલેટિન બોર્ડ પર આર્થિક વિકાસ સંબંધી સમાચારો, લેખો, ચિત્રો, નકશા, આલેખ રજૂ કરી શકે. વાર્તાલાપ ગોઠવી શકે. શિક્ષણકાર્ય દરમિયાન શક્ય હોય ત્યાં આર્થિક વિકાસના વિવિધ પાસાંઓના અન્ય એકમો, શૈક્ષણિક મુદ્દાઓ સાથે અનુબંધ સાધી શકે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં આ બધી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તો રાષ્ટ્રના આર્થિક વિકાસની સમજ વિદ્યાર્થીઓ સ્વાભાવિક રીતે, સરળતાથી, સ્પષ્ટતાથી મેળવી શકે.

2.2.9 માનવ સમજની ખિલવણી :

માનવ સમાજની શાંતિ અને પ્રગતિ સાથે સામાજિક વિજ્ઞાનને સંબંધ છે. તેનો આદર્શ માનવસમાજનું ઉન્નત અને બહેતર જીવનની સાથે માનવસમાજના કલ્યાણનો છે. માનવ સમાજનું કલ્યાણ નીચેની આકૃતિમાં દર્શાવેલા ઘટકોને આધારે જ થાય તેમ છે.

ઉપરોક્ત ઘટકોના વિકાસમાં સામાજિક વિજ્ઞાનનો ફાળો સવિશેષ રહે છે. આ માટે વિશ્વના દરેક માણસમાં સમજ વિકસવી જોઈએ. ઉમાશંકર જોષીના શબ્દોમાં,

"વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, વનોની છે વનસ્પતિ."

વિશાળ એવા વિશ્વમાં માનવી ઉપરાંત પશુ, પંખી, વનસ્પતિ, કીટકો છે જ. જો માણસ માણસ સાથે જ રહી શકે નહિ, સહભાગિતા કેળવી ન શકે તો અન્ય માટે આશા રાખવી અધૂરી છે. આમ માણસ-માણસ સાથે સંવાદિતા સાધે. સુંદરમ્‌ના શબ્દોમાં 'હું માનવી માનવ થાઉં તો ય ઘણું.' માનવી માનવ થાય તેવા પ્રયાસો સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા થાય તે જરૂરી છે.

સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા નીચે જણાવ્યા પ્રમાણેની સમજ વિકસે તેવા પ્રયાસો કરવા રહ્યા. :

- વિશ્વમાં વસતા દરેક માનવીની પ્રાથમિક જરૂરિયાતો - અન્ન, વસ્ત્ર અને રહેઠાણની સૌને જરૂર છે.
- વિશ્વની પ્રજાઓની જીવનશૈલી, સ્વભાવ, આર્થિક પ્રવૃત્તિઓમાં જોવા મળતી ભિન્નતાઓ કે વિવિધતાઓ માટે જે-તે સ્થળનાં વિવિધ પરિબળો અને પર્યાવરણ જવાબદાર હોય છે. વિશેષ કરીને ભૌગોલિક પરિબળોને કારણે જ વિવિધતાઓ જોવા મળે છે.
- દરેક દેશે પોતાની કેટલીક જરૂરિયાતોની પૂર્તિ માટે અન્ય દેશ પર આધાર રાખવો પડે છે. આજે કોઈ પણ દેશ સંપૂર્ણપણે આત્મનિર્ભર નથી.
- દરેક દેશમાં કુદરતી સંપત્તિ, માનવવસતિનું પ્રમાણ અને તેની જરૂરિયાતો ઓછી-વત્તી રહેવાની. તેની પાછળ પણ ભૌગોલિક પરિબળો જ જવાબદાર છે.
- જે દેશમાં કે વિસ્તારમાં માનવવસતિ વધુ હોય ત્યાં જરૂરિયાતોનું પ્રમાણ વધારે હોય છે અને કુદરતી સંપત્તિનો વપરાશ પણ વધારે હોય છે.
- દેશ-દેશ વચ્ચેનું પરસ્પરાવલંબન વધવા માટે માનવમાં જાગેલી આર્થિક વિકાસની ભૂખ છે. આર્થિક અને સાંસ્કૃતિક અંગે વિવિધ રાષ્ટ્રો વચ્ચે થતા કરારો તેની ગવાહી છે.
- વર્તમાન સમયે વૈશ્વિકીકરણ અને ઉદારીકરણની ઘટનાઓ વિશ્વના દેશોની પ્રગતિ માટેનું ચાલકબળ છે.
- વિશ્વનો આધુનિક વિકાસ માનવજાતના સહિયારા પ્રયાસોનું પરિણામ છે.

ઉપરોક્ત બાબતોની સમજ વિશ્વમાં શાંતિ પ્રસરાવવા માટે ખૂબ જ જરૂરી છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષકે પણ સામાજિક વિજ્ઞાનના વિવિધ એકમોના શિક્ષણ અને ઉપરોક્ત બાબતોના સંદર્ભે જે-તે એકમ-મુદ્દાની ચર્ચા કરવી જોઈએ. સોદાહરણ, ચર્ચા કરીને માનવ-માનવ વચ્ચે સંવાદિતા કેળવાય તેવા પ્રયાસો દ્વારા વિશ્વ શાંતિ તરફની ગતિને બળવત્તર બનાવવી પડશે. માનવસમજની ખિલવણી દ્વારા જ વિશ્વમાં સંવાદિતા અને શાંતિ સ્થાપી શકાશે.

ઉપરોક્ત દર્શાવેલા ધ્યેયોનો અભ્યાસ કર્યા બાદ તમે સમજ્યા જ હશો કે આ ધ્યેયોની સિદ્ધિ કેટલા સમયગાળામાં થઈ શકે. ખરેખર ધ્યેયો લાંબાગાળાના હોય છે. એ સમગ્ર શિક્ષણની પરિપૂર્ણતાને આધારે જ સિદ્ધ થઈ શકતા હોય છે. શિક્ષણની શરૂઆતથી શરૂ કરીને શિક્ષણના અંતિમ ચરણોમાં જે વિદ્યાર્થી શિક્ષણ મેળવે ત્યાં સુધીમાં પણ આ ધ્યેયો સંપૂર્ણપણે સિદ્ધ કરવા તે કપરાં ચઢાણ ચઢવા સમાન છે. કારણ કે શિક્ષણ એ આજીવન પ્રક્રિયા છે. જ્યારે વિદ્યાર્થી વ્યવસાયમાં જોડાય છે ત્યારે શાળાકીય શિક્ષણનો ત્યાગ કરે છે અને વિશ્વ પર્યાવરણ શિક્ષણનો અધ્યેતા બને છે. તે દરમિયાન પણ ધ્યેયોની પુષ્ટિ થયા કરે છે. આમ આજીવન બાહ્ય શિક્ષણ દ્વારા પણ ધ્યેયો પુષ્ટ થતા રહે છે. કેટલીકવાર વિચારસરણી બદલાતાં કેટલાંક ધ્યેયોમાં રુકાવટ પણ આવે છે અને તેની વિરુદ્ધના ધ્યેયો પ્રતિ પણ ગતિ થતી હોય છે. આથી એમ કહી શકાય કે ધ્યેયો એ માનવે પ્રાપ્ત કરવાની ખેવના પર આધારિત છે. ત્યાગ, સેવા, સમર્પણ અને પરમાર્થ જેવા ગુણોના વિકાસ પર ધ્યેયો સિદ્ધ થતા હોય છે. શિક્ષણ દરમિયાન તો શિક્ષકે આ બધાંનો પરિચય કરાવ્યો જ હોય છતાં માણસ પરમાર્થનો સ્વીકાર કરે કે સ્વાર્થનો તેની ઉપર જ સઘળો આધાર રહે છે. એમ પણ કહી શકાય કે શિક્ષણ પણ માનવ છે, તેથી તેના આચરણને આધારે પણ વિદ્યાર્થી શીખતા હોય છે. વળી શિક્ષણ દરમિયાન અનેક શિક્ષકોના સંપર્કમાં આવવાથી પોતાને યોગ્ય લાગે તેવી જ બાબતો તે સ્વીકારતો હોય છે. આથી પણ ધ્યેય સિદ્ધિમાં તફાવત રહેતો હોય છે.

2.3 શૈક્ષણિક હેતુઓ - સંકલ્પના :

સામાજિક વિજ્ઞાનના શિક્ષણને અંતે કઈ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ તે સિદ્ધિઓ - પરિણામો - લાભો - ફાયદાઓ - અપેક્ષાઓને સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓ કહેવાય.

N.C.E.R.T.ના વિધાન મુજબ, "હેતુ એવું બિંદુ છે કે જેની દિશામાં કાર્ય કરવામાં આવે છે અથવા હેતુ એવું વ્યવસ્થિત પરિવર્તન છે જે ક્રિયા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે."

પ્રસ્તુત બાબતમાં ત્રણ પરિમાણો સૂચવવામાં આવ્યા છે. (1) હેતુ (લક્ષ્ય) માટેની ક્રિયાની દિશા, (2) ક્રિયા (3) ક્રિયાથી આવનાર પરિવર્તન. એટલે કે હેતુ નક્કી કરવા, તે હેતુને સિદ્ધ કરવા ક્રિયાની દિશા-પદ્ધતિ-પ્રયુક્તિ નક્કી કરવી, ક્રિયા નક્કી થયા બાદ તે પ્રમાણે ક્રિયા કરવી અને તે ક્રિયાથી આપણે જે પરિવર્તન ઈચ્છયું હોય તે મળ્યું કે નહિ તેનું મૂલ્યાંકન કરવું.

વર્તમાન હેતુલક્ષી અને મૂલ્યાંકનલક્ષી શિક્ષણની સંકલ્પના ડૉ. બેન્જામીન બ્લૂમની વિચારસરણીમાંથી અસ્તિત્વમાં આવેલી છે. ડૉ. બ્લૂમના વિચારો પ્રમાણે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન-પરિવર્તનો લાવવાનું કાર્ય શિક્ષણનું છે. વિષય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં પરિવર્તન લાવવાનું હોય છે. વિષય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જે પરિવર્તનો લાવવા ઈચ્છીએ છીએ તે વિષય શિક્ષણના હેતુઓ બને છે.

હેતુ એટલે...

- વિદ્યાર્થી સફળતાપૂર્વક અધ્યયન અનુભવો પ્રાપ્ત કરે ત્યારે શું શું કરી શકશે તે દર્શાવતું વિધાન.
- શિક્ષણકાર્યના અંતે વિદ્યાર્થીઓમાં કયા કયા ઈચ્છનીય પરિવર્તનો આવશે તે દર્શાવતું વિધાન.
- શિક્ષણકાર્યને અંતે પ્રાપ્ત કરવા ધારેલા પરિણામો દર્શાવતા વિધાનો.
- શિક્ષણકાર્યનું અપેક્ષિત પરિણામ દર્શાવતા વિધાનો.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણના અંતે અધ્યેતામાં આવતાં વર્તન ફેરફારોને દર્શાવતા વિધાનો.

હેતુનિર્ધારણમાં N.C.E.R.T.ની વ્યાખ્યામાંથી ફલિત થતાં ત્રણ પરિમાણો ઉપરાંત વિષયનું સ્વરૂપ, બાળકના શારીરિક-માનસિક વિકાસની કક્ષા, સમાજ અને રાષ્ટ્રની જરૂરિયાતો અને હેતુ સિદ્ધિની વ્યાવહારિક સાધ્યતાનો વિચાર કરવો પડે છે. આ દષ્ટિએ હેતુઓ જડ નહિ પણ પરિવર્તનશીલ અને વિકાસશીલ હોય છે. હેતુઓ વ્યવહારુ અને ફળીભૂત થાય તેવા ઉર્ધ્વગામી હોય છે.

2.4 શૈક્ષણિક હેતુઓ - મહત્ત્વ :

શૈક્ષણિક હેતુ સંરચના કરવાથી...

→ **શિક્ષણ પદ્ધતિની પસંદગીનો અવકાશ રહે છે :**

શિક્ષણની અનેક પદ્ધતિઓ છે. તે પદ્ધતિમાંથી કઈ પદ્ધતિથી એકમ શીખવવો જોઈએ તે હેતુ સંરચનાથી ખ્યાલ આપે છે. એકમને અંતે કઈ સિદ્ધિ પ્રાપ્ત કરવી છે તે હેતુ નક્કી થાય તો જ ખ્યાલ આવે અને તેના આધારે પદ્ધતિની પસંદગી થઈ શકે.

→ **શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે વિચારી શકાય છે :**

શિક્ષક વર્ગમાં જ્યારે શિક્ષણ કાર્ય કરે છે ત્યારે તેણે વર્ગ બહાર કેવી રીતે તૈયારી કરવી ? અને વર્ગમાં જઈને શું કરવું ? તે અંગેની વિચારણા હેતુ સંરચના કરવાથી આવે છે. તે ઉપરાંત વિદ્યાર્થીઓને વર્ગમાં કઈ-કઈ પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ અને વર્ગ બહાર કઈ પ્રવૃત્તિઓમાં જોડવા જોઈએ તે પણ નક્કી કરી શકાય છે.

→ **શૈક્ષણિક પ્રયુક્તિઓ અંગે ખ્યાલ આવે છે :**

વર્ગમાં પદ્ધતિઓ ઉપરાંત કેટલીક પ્રયુક્તિઓનો પણ ઉપયોગ કરવાનો હોય છે. દા. ત. કથન પ્રયુક્તિ, શ્રમ પ્રયુક્તિ, વાચન પ્રયુક્તિ વગેરે હેતુઓ નક્કી થયેલા હોય તો કઈ કઈ પ્રયુક્તિઓ એકમમાં થઈ શકશે ? કરાવી શકાશે ? વગેરે બાબતોનો ખ્યાલ આવે છે.

→ **શૈક્ષણિક સંદર્ભ સામગ્રીની પસંદગી કરી શકાય છે :**

વર્ગશિક્ષણમાં જે-તે એકમને અનુરૂપ, તેના ભાવ અને વિચારને અનુરૂપ સંદર્ભ સામગ્રીનો ઉપયોગ કરવાનો હોય છે. આ સામગ્રીની પસંદગી અને શોધખોળનો અવકાશ રહે છે.

→ **શૈક્ષણિક સાધનોની પસંદગી અને ઉપયોગ થઈ શકે છે :**

વર્ગશિક્ષણમાં અસરકારક શિક્ષણકાર્ય માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ આવશ્યક છે. એકમને અનુરૂપ શૈક્ષણિક

સાધનોનીપસંદગી કરી તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય, તેમાંથી કયા અને કેવા પ્રશ્નો પૂછી શકાય વગેરે બાબતો અંગે વિચારવાની તક મળે છે.

→ સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું નિયમન કરી શકાય છે :

વર્ગમાં જઈને શું કરવાનું છે ? અને શું નથી કરવાનું ? આ બન્ને વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ હોવી જોઈએ. જો હેતુ અંગે સ્પષ્ટતા હોય તો તે અંગે પણ વિચારણા કરીને જે નથી કરવાનું તેની ઉપર નિયમન કરી શકાય છે. જે કરવાનું છે ? તે કેવી રીતે કરવું ? ક્યારે કરવું ? તે માટે કયું સાધન, પદ્ધતિ કે પ્રયુક્તિ વાપરવી તે અંગે પણ નક્કી કરી શકાય છે. આમ, શિક્ષણકાર્યને ચોક્કસ દિશા આપવામાં તે ઉપયોગી બને છે. સાથોસાથ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીનામાં કયાં વર્તન પરિવર્તનો લાવવાનાં છે, તે તરફ ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.

→ વર્તન-પરિવર્તનલક્ષી કે સુધારાલક્ષી શિક્ષણ અંગે વિચારણા અને અમલ માટે ઉપયોગી છે :

શિક્ષણ ફક્ત વિષયવસ્તુ કેન્દ્રી કે પાઠ્યપુસ્તક કેન્દ્રી ન બની રહે પણ અધ્યેતાકેન્દ્રી બને, અધ્યેતાના વર્તનમાં પરિવર્તન લાવનારું બને, અધ્યેતાની ખામીઓ સુધારનારું બને તે માટેના શિક્ષણ માટે હેતુ ઉપયોગી છે.

શિક્ષણના અંતે કઈ નીપજ પ્રાપ્ત થઈ ? કયા પરિણામો પ્રાપ્ત થયા ? સંરચિત હેતુઓમાંથી કયા હેતુઓ સિદ્ધ થયા ? વગેરે માટે વિદ્યાર્થીઓનું પરીક્ષણ કે મૂલ્યાંકન કરવું જરૂરી છે. જો શૈક્ષણિક હેતુઓ રચાયેલા હોય તો તેના સંદર્ભમાં શિક્ષણકાર્યની સફળતા, અધ્યયન-અધ્યાપન ક્રિયાની ગુણવત્તા અને વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ અંગે મૂલ્યાંકન થઈ શકે છે. આ ઉપરાંત મૂલ્યાંકન માટેના પ્રશ્નો, પ્રવિધિ - પ્રયુક્તિ અને મૂલ્યાંકન સાધનોનો પણ ખ્યાલ મેળવી શકાય છે.

આમ, શૈક્ષણિક હેતુઓ શિક્ષણના આયોજન, અમલ, મૂલ્યાંકન અને સુધારણા માટે મહત્ત્વનાં છે. તેથી શિક્ષણનો આરંભ કરતાં પહેલાં શિક્ષણને અંતે કઈ સિદ્ધિઓની અપેક્ષા છે એટલે શિક્ષણકાર્યના હેતુઓ સુનિશ્ચિત કરવા જોઈએ.

2.5 શિક્ષણના ધ્યેયો અને શિક્ષણના હેતુઓ :

શિક્ષણના ધ્યેયો વિશે અગાઉ આપણે જોઈ ગયા છીએ. શિક્ષણના હેતુઓની સંકલ્પના અને મહત્ત્વની ચર્ચા પણ કરી છે. જેના આધારે બન્ને વચ્ચેનો ભેદ/તફાવત તારવી શકાય. જે નીચેના મુદ્દામાં જોવા મળશે.

શૈક્ષણિક ધ્યેયો	શૈક્ષણિક હેતુઓ
(1) સમગ્ર શિક્ષણ સાથે સંબંધિત છે. વિષયના સંદર્ભે પણ ધ્યેયો નક્કી થાય છે. દા. ત. રાષ્ટ્રીય એકતા, નૈતિકતા, નાગરિકતા, સાંસ્કૃતિક વારસો વગેરે.	(1) વિષયના શિક્ષણ સાથે સંબંધિત છે. દા. ત. જ્ઞાનાત્મક હેતુઓ, ભાવાત્મક હેતુઓ, ક્રિયાત્મક હેતુઓ.
(2) સૈદ્ધાંતિક, વ્યાપક અને અંતિમ સ્વરૂપના હોય છે.	(2) વિષયલક્ષી એક વિકાસલક્ષી સ્વરૂપના હોય છે.
(3) વિષયના સમગ્ર શિક્ષણ વ્યવહારને અંતે સિદ્ધ થાય પણ ખરા અને ન પણ થાય. સિદ્ધિની માત્રામાં સાપેક્ષતા હોઈશકે.	(3) ખૂબ જ લાંબા ગાળે સિદ્ધ થાય છે. વિશિષ્ટ હેતુઓની સિદ્ધિનો અને સામાન્ય હેતુ સિદ્ધ થાય. જે શિક્ષણના કોઈ એક તબક્કે સિદ્ધ થાય છે.
(4) સઘન, સતત અને વ્યવસ્થિત પરિશ્રમ સિવાય સિદ્ધિ મળતી નથી.	(4) સઘન, સતત અને વ્યવસ્થિત પરિશ્રમયુક્ત શૈક્ષણિક કાર્યથી જ સિદ્ધિ મેળવી શકાય છે.
(5) ધ્યેયો મૂલ્યાંકનક્ષમ હોતા નથી. તેથી મૂલ્યાંકન પ્રયુક્તિ અંગે મૂંઝવણ રહે છે અને સિદ્ધિનું માપન થતું નથી.	(5) હેતુઓને મૂલ્યાંકનક્ષમ બનાવી શકાય છે. તેથી મૂલ્યાંકન પ્રવિધિનો પણ ખ્યાલ આવે છે અને સિદ્ધિનું મૂલ્યાંકન-માપન વ્યવસ્થિત કરી શકાય છે.
(6) ધ્યેયો કાર્ય માટે દિશા સૂચવે છે.	(6) હેતુઓ પણ કાર્ય માટે દિશાસૂચક છે.
(7) નાગરિક ઘડતર માટે ઉપયોગી છે.	(7) વ્યક્તિનું વિષયના સંદર્ભમાં ઘડતર કરી શકાય છે. તેના દ્વારા તેનામાં સદ્‌ગુણો અને સદ્‌મૂલ્યો પણ વિકસાવી શકાય છે.
(8) ધ્યેયો સામાજિક વિકાસ, મૂલ્ય વિકાસ, વલણ, વર્તન વિકાસ તરફ પ્રયાણ કરે છે.	(8) શિક્ષણના હેતુઓ અંતે તો શિક્ષણના ધ્યેયો પ્રતિ જ પ્રયાણ કરતા હોવાથી તે પણ તેના સંદર્ભમાં જ વિચારી શકાય.
(9) ધ્યેયોનો આધાર સમાજ અને ફિલસૂફી છે.	(9) શિક્ષણના હેતુઓનો આધાર વિષય, ધોરણ અને વિષયાંગ છે.

2.6 શૈક્ષણિક હેતુઓ - પ્રકાર :

શૈક્ષણિક હેતુઓ એટલે વિષયના સંદર્ભમાં પ્રાપ્ત કરવા ધારેલ સિદ્ધિઓ, પરિણામો, લાભો, ફાયદાઓ કે અપેક્ષાઓ. શૈક્ષણિક હેતુઓના પ્રકાર સંદર્ભે - વર્ગીકરણ સંદર્ભે અનેક શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક વિદ્વાનોએ કાર્ય કરેલ છે. પણ ખૂબ જ પ્રચલિત એવું વર્ગીકરણ બેન્જામીન બ્લૂમ અને તેના સાથીદારોએ આપેલ છે. તેમણે વિવિધ પ્રકારના વર્તનોને આધારે વર્ગીકરણ કરેલ છે.

2.6.1 જ્ઞાનાત્મક હેતુઓ :

જ્ઞાનાત્મક હેતુઓમાં જ્ઞાન કે માહિતી મેળવવી, જ્ઞાનની સમજ કેળવવી, જ્ઞાનનો ઉપયોગ કરવો, જ્ઞાન કે માહિતીનું વિશ્લેષણ કે સંશ્લેષણ કરવું અને મૂલ્યાંકન કરવું જેવા હેતુઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

જ્ઞાનાત્મક હેતુઓને છ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

(1) જ્ઞાન પ્રાપ્તિ :

જ્ઞાન પ્રાપ્તિ એટલે હકીકતો, વિગતો જાણવી, યાદ કરવી કે યાદ રાખવી અને ઓળખવી. વિષય સામગ્રીને યાદ કરવી - યાદ રાખવી એટલે જ્ઞાન ધરાવવું. જ્ઞાનનો સીધો સંબંધ સ્મૃતિ સાથે છે. આમાં ચોક્કસ પ્રકારના તથ્યો, આંકડાઓ, સિદ્ધાંતો, નિયમો, વ્યાખ્યાઓને યાદ રાખવાનું સમાવિષ્ટ થાય છે. મહત્ત્વનું એટલે કે જે સામગ્રી યાદ કરવાનું કહેવામાં આવે કે જરૂર પડે તે જ સામગ્રી યાદ આવવી જોઈએ. જ્ઞાનપ્રાપ્તિના હેતુ સૌથી નિમ્ન સ્તરે આવે છે. જ્ઞાનપ્રાપ્તિના હેતુ પર સમજના હેતુનો આધાર રહેલો છે. જ્ઞાનને લગતા હેતુઓ રચવા માટે વ્યાખ્યાયિત કરે, વર્ણન કરે, ઓળખાવે, નામ આપે, યાદી બનાવે, જોડકાં જોડે, રૂપરેખા આપે, યથાવત રજૂ કરે, જણાવે, યાદ કરે, આપેલા વિકલ્પમાંથી પસંદગી કરે, જેવા ક્રિયાપદો વાપરવાં જોઈએ.

(2) જ્ઞાનની સમજ :

આપેલા વિષયવસ્તુના અર્થને પામવાની શક્તિ એટલે અર્થગ્રહણ કે સમજ. આ ક્ષમતાની અભિવ્યક્તિ સામગ્રીનું-વિષયવસ્તુનું અર્થઘટન કે સ્પષ્ટીકરણ રજૂ કરવાથી કે સામગ્રીને વિષયવસ્તુના આધારે કાર્યકારણની આગાહી કરવાથી થાય છે. આ પ્રકારની અધ્યયન નીપજ માત્ર યાદ રાખવું કે સ્મૃતિમાં લાવવુંથી એક પગલું આગળ છે. જ્ઞાનની સમજનો આધાર જ્ઞાન પર રહેલો છે. જેની પાસે જ્ઞાન વધારે હોય તે સમજ પ્રાપ્ત કરી શકે. સમજના હેતુ પર ઉપયોજનના હેતુનો આધાર રહેલો છે. આ હેતુ દ્વિતીય સ્તરનો છે.

સમજને લગતા હેતુઓ રચવા માટે તફાવત આપે, અનુમાન કરે, ઉદાહરણ આપે, સારાંશ રજૂ કરે, રૂપાંતર કરે, ભાષાંતર કરે, કારણો આપે, સ્પષ્ટીકરણ આપે, સ્પષ્ટ કરે, સમજાવે, અટકળ કરે, સામાન્યીકરણ કરે જેવા ક્રિયાપદો વાપરવાં જોઈએ.

(3) ઉપયોજન :

ઉપયોજન એટલે મેળવેલા જ્ઞાનનો તદ્દન નૂતન અને નિશ્ચિત કે અનિશ્ચિત પરિસ્થિતિમાં ઉપયોગ કરવાની શક્તિ-સામર્થ્ય કે ક્ષમતા. આ ક્ષમતાની અભિવ્યક્તિ નિયમો, સિદ્ધાંતો, રહસ્યો વિશે જ્ઞાન મેળવ્યા પછી, સમજ મેળવ્યા પછી તે નવી પરિસ્થિતિમાં અમલીકરણ કરવાથી થાય છે. દા. ત. 'પ્લાસીનું યુદ્ધ' અંગે શિક્ષણ મેળવ્યા પછી તેમાંથી શું બોધ મળે ? તે કહી શકે. આ પ્રકારની અધ્યયન નીપજ માત્ર યાદ રાખવું કે સમજવું એક પગલું આગળ છે. ઉપયોજનનો આધાર જ્ઞાન અને તેની સમજ પર રહેલો છે. જ્ઞાન હોય પણ તે જ્ઞાનની સમજ ન હોય તો તેનું ઉપયોજન થઈ શકતું નથી. વિદ્યાર્થી પાસે જ્ઞાન હોય અને તેની સમજ હોય તો જ જ્ઞાનનું ઉપયોજન-ઉપયોગ કરી શકે. આ હેતુ તૃતીય સ્તરનો છે.

ઉપયોજન-ઉપયોગને લગતા હેતુઓ રચવા માટે ઉકેલ આપે, ગણતરી કરે પરિવર્તન કરે, નિર્દેશન કરે, શોધી કાઢે, ઉપયોગક્ષમ બનાવે, સુધારો કરે, નિપજ, આવન કે સૂત્રનો ઉપયોગ કરે, તૈયાર કરે, સંબંધ સ્થાપિત કરે, નવસર્જન કરે, જેવા ક્રિયાપદો વાપરવા જોઈએ.

(4) વિશ્લેષણ :

વિશ્લેષણ કરવું એટલે છૂટું પાડવું - જુદું પાડવું - વિભાજીત કરવું. મેળવેલા જ્ઞાનને - સમજીને તેના ઘટકતત્ત્વોમાં વિભાજિત કરવાનું આ માપ એટલે વિશ્લેષણ. જ્ઞાન કે માહિતીને નાના-નાના અંશોમાં, યોગ્ય મુદ્દાઓમાં વિભાજન કરવું એટલે વિશ્લેષણ. જ્યારે બે પાત્રો વચ્ચે રહેલી સમાનતાઓ અને અસમાનતાઓ તારવે. કોઈક નિયમ કે સિદ્ધાંતને આધારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે વિશ્લેષણ કર્યું કહેવાય.

વિભાજન - જુદુ પાડવું, છૂટું પાડવું વગેરે ક્રિયા કરવાથી જે-તે વિષય સામગ્રીનું સુગ્રથિત માળખું સુપેરે સમજી શકાય છે. અહીં સામગ્રીના વિભાગોની ઓળખ, વિભિન્ન વિભાગો વચ્ચેના સંબંધનું વિશ્લેષણ અને સામગ્રીના બંધારણને સુનિશ્ચિત કરતા સિદ્ધાંતોની જાણકારીનો સમાવેશ થાય છે. વિશ્લેષણની શ્રેણીમાં આવતી અધ્યયન નીપજ સમજ અને ઉપયોજન કરતાં બૌદ્ધિક સ્તરની હોય છે. કારણ અહીં સામગ્રીના વિષયવસ્તુ અને બંધારણને નિશ્ચિત કરતાં સ્વરૂપગત નિયમોની સમજ જરૂરી બને છે. આ હેતુ ચતુર્થ સ્તરનો છે.

વિશ્લેષણના લગતા હેતુ રચવા માટે વિભાગીકરણ કરે, ભેદ પારખે, તારણો તારવે, રૂપરેખા તૈયાર કરે, સંબંધો દર્શાવે, ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરે, આકૃતિ-આલેખ દ્વારા સમજાવે, મુદ્દા દર્શાવે, જુદું પાડે, વિભાજન કરે, પેટા મુદ્દા પાડે, છૂટું પાડે જેવા ક્રિયાપદો વાપરવા જોઈએ.

(5) સંશ્લેષણ :

જુદી જુદી અને છૂટી છૂટી માહિતીનું સંયોજન કરીને નવા વિચારો કે નવી માહિતીનું સર્જન કરવું એટલે સંશ્લેષણ

કરવું. વિવિધ અંગો કે વિભાગોને જોડીને નવા સ્વરૂપનું સંગઠન રચવાની શક્તિ એટલે સંશ્લેષણ. આમાં અનન્ય એવું વક્તવ્ય ફેંકવાના સર્જનનો પણ સમાવેશ થાય છે. તદ્ઉપરાંત વિવિધ ક્રિયાઓનું સંયોજન કરીને યોજના ઘડવી. માહિતીના વર્ગીકરણ માટે અમૂર્ત સંબંધોના વિભાગો રચવાનો પણ સમાવેશ થાય છે. આ શ્રેણીમાંની અધ્યયન નીપજ સર્જનાત્મક વર્તનને સ્પર્શે છે. આમાં મુખ્ય ઝોક નવી તરાહો અને માળખાની રચના પર છે.

સંશ્લેષણનો આધાર જ્ઞાન, સમજ, ઉપયોગ, વિશ્લેષણ જેવી સામાન્ય ક્ષેત્રની પ્રક્રિયાઓ ઉપરની નિપુણતા પર છે. ઉપલબ્ધ વિચારો કે માહિતીના આધારે નવા વિચારો કે નવી માહિતીનું સર્જન કરવું એ પ્રમાણમાં કઠિન જ્ઞાનાત્મક પ્રક્રિયા છે. આ હેતુ પંચમ સ્તરનો છે.

સંશ્લેષણ હેતુ રચના માટે વર્ગીકરણ કરે, શ્રેણીકરણ કરે, રચના કરે, સંગઠન-સુગ્રથન કરે, યોજના બનાવે, પુનર્રચના કરે, સુધારા-વધારા દ્વારા સંવર્ધન કરે, સર્જે, નિષ્પન્ન કરે, વ્યાખ્યા કરે, નિયમને સાચવવા કરે, વક્તવ્ય આપે, વક્તવ્ય લખે, સંયોજન કરે, એકત્રીકરણ કરે જેવાં ક્રિયાપદો વાપરી શકાય.

(6) મૂલ્યાંકન :

મૂલ્યાંકન એટલે સામગ્રી અંગે નિર્ણય લેવાની મૂલ્યાંકન કરવાની શક્તિ. આવો નિર્ણય કોઈ પૂર્વ નિશ્ચિત હેતુના સંદર્ભે કરવાનો હોય છે. નિર્ણયો ચોક્કસ માપદંડો પર આધારિત હોવા જોઈએ. માપદંડ આંતરિક (સ્વરૂપગત) સંગઠન અંગેનો કે બાહ્ય (હેતુગત) પ્રસ્તુતતા અંગેનો હોઈ શકે. આથી કહી શકાય કે હકીકતો અને માપદંડોના આધારે નિર્ણયો લેવા એટલે મૂલ્યાંકન કરવું. મૂલ્યાંકન કરવું, જ્ઞાનાત્મક ક્ષેત્રનો સર્વોચ્ચ હેતુ છે એટલે કે મૂલ્યાંકનની અધ્યયન નીપજ સૌથી ઊંચો બૌદ્ધિક સ્તર સૂચવે છે. કારણ અહીં આગળની બધી જ શક્તિઓનો વિનિયોગ કરવાનો હોય છે. આ હેતુ સર્વોચ્ચ સ્તરનો છે.

મૂલ્યાંકનના હેતુરચના માટે અર્થઘટન આપે, મૂલ્યાંકન કરે, તુલના કરે, ફલિતાર્થો તારવે, ભેદ પારખે, ઉચિત ઠેરવે, ટેકો આપે, સંબંધાત્મક સમીક્ષા કરે, અનુભાવન કરે, તરફેણ કે વિરોધ કરે જેવા ક્રિયાપદોનો ઉપયોગ કરવો જોઈએ.

2.6.2 ભાવાત્મક હેતુઓ :

ભાવાત્મક હેતુઓમાં આનંદ અનુભવવો, અભિરુચિ, રસ કેળવવો, કદર કરવી, પ્રતિભાવ આપવો, ગમો-અણગમો થવો, મૂલ્યો કેળવવા જેવા હેતુઓનો સમાવેશ કરવામાં આવે છે.

ભાવાત્મક ક્ષેત્રના હેતુઓ મૂલ્યાંકનક્ષમ કે અવલોકનક્ષમ હોતા નથી. તેમાં લાગણી, ભાવ કે ઊર્મિઓને વિશેષ સ્થાન છે. તરત જ મૂલ્યાંકન કરવામાં આવે તો તેને તે લાગણી, ભાવ કે ઊર્મિ થઈ હોય તે જણાય ખરી પણ તેની અસર લાંબા સમય સુધી રહેશે કે નહિ તે કરી શકાય નહીં. ભાવાત્મક હેતુઓને પાંચ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે.

- **ગ્રહણ :**

આપેલી સામગ્રીને આત્મસાત્ કરવી એટલે ગ્રહણ. આ ક્ષમતાની અભિવ્યક્તિ વિદ્યાર્થીને વિષયવસ્તુમાં રસ કે અભિરુચિ કેળવાયાં છે કે નહિ તેના આધારે થઈ શકે. ગ્રહણને લગતા હેતુઓ રચવા માટે શ્રવણ કરે, ધ્યાન આપે, સભાન થાય, સંવેદનશીલતા દર્શાવે, સૂચનાને અનુસરે, ટટ્ટાર બેસે, પ્રત્યુતર આપવાની તત્પરતા દર્શાવે જેવા ક્રિયાપદોનો ઉપયોગ કરવો જોઈએ.

- **પ્રતિચાર :**

શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થી સહકાર આપે તો પ્રતિચાર આપ્યો તેમ કહી શકાય. આ બાબતની પ્રતીતિ વિદ્યાર્થી વર્ગમાં ઉત્તર આપે, મદદ કરે, ચર્ચામાં ભાગીદાર બને જેવી ક્રિયા દ્વારા થાય છે.

પ્રતિચારને લગતા હેતુઓ રચવા માટે ઉત્તર આપે, વાંચે, મંજૂરી દર્શાવે, મદદ કરે, લખે, કહે, અહેવાલ રજૂ કરે, મહાવરો કરે, ચર્ચા કરે જેવા ક્રિયાપદો ઉપયોગી છે.

- **મૂલ્ય અધિગ્રહણ :**

વિષયવસ્તુ શીખ્યા બાદ વિદ્યાર્થી તેમાં રહેલા મૂલ્યને સ્વીકારે અને જીવનમાં તેને સ્થાન આપી મૂલ્યશીલતા કેળવે તે મૂલ્ય અધિગ્રહણ.

મૂલ્ય અધિગ્રહણને લગતા હેતુઓ રચવા માટે સાર્થકતા સિદ્ધ કરે, પહેલ કરે, કાર્યમાં જોડાય, દરખાસ્ત મૂકે, નિસ્બત દર્શાવે જેવા ક્રિયાપદો ઉપયોગી બને.

- **સંગઠન કરે :**

વિષયવસ્તુને આધારે વિદ્યાર્થી સ્વમૂલ્યાંકન કરી પોતાનામાં રહેલી ખામીઓ અંગે વિચારે અને તેને દૂર કરવા વિચારે તે સંગઠન.

સંગઠનને લગતા હેતુઓ રચવા માટે તુલના કરે, પરિવર્તન કરે, વળગી રહે, દષ્ટિકોણ સ્પષ્ટ કરે, મૂલ્ય વ્યવહારનું સંશ્લેષણ કરે, અગ્રતાક્રમ ગોઠવે, સ્વમૂલ્યાંકન તથા ઓળખ દર્શાવે જેવા ક્રિયાપદો વાપરી શકાય.

- **વ્યક્તિત્વ નિર્માણ :**

વિષયવસ્તુને આધારે વિદ્યાર્થી પોતાના વ્યક્તિત્વમાં જરૂરી પરિવર્તનો લાવે. ઉત્તમ પ્રકારના વ્યક્તિત્વનું નિર્માણ કરે તે વ્યક્તિત્વ નિર્માણ.

વ્યક્તિત્વ નિર્માણને લગતા હેતુઓ રચવા માટે અમલ કરે, વિશેષતા દર્શાવે, પ્રભાવ પાડે, સેવા કરે, લાયક બને, વ્યવહાર પરિવર્તન કરે, સ્વતંત્ર વ્યક્તિત્વ દર્શાવે, મૂલ્ય સંવર્ધન કરે જેવા ક્રિયાપદો વાપરી શકાય.

2.6.3 ક્રિયાત્મક હેતુઓ :

ક્રિયાત્મક હેતુઓ એટલે વિદ્યાર્થીઓ ક્રિયા કરે, પ્રવૃત્તિ કરે. વિદ્યાર્થીઓ પોતાના શરીરના અંગોનો ઉપયોગ કરીને ક્રિયાશીલતા કેળવે તે ક્રિયાત્મક હેતુ કહેવાય. આ હેતુને મનોશારીરિક હેતુ પણ કહેવામાં આવે છે. કારણ કે વિદ્યાર્થી જ્યારે ક્રિયા કરે છે ત્યારે શરીરના અંગોનો ઉપયોગ તો કરે જ છે. પણ તેની સાથે તેને વિચારવું પડે, નિર્ણય કરવો પડે જેથી માનસિક ક્રિયાઓ પણ કરવી પડે છે. આ માટે તે મગજનો ઉપયોગ કરે છે.

ક્રિયાત્મક હેતુઓની સંરચના માટે આકૃતિ દોરે, આલેખ બનાવે, ચાર્ટ્સ રચે, સ્કેચ કરે, પ્રયોગ દોરે, સાધન ઓપરેટ કરે, ચિત્ર દોરે, ઉત્તર લખે જેવા ક્રિયાપદો ઉપયોગમાં લઈ શકાય.

2.7 સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓ :

રોજ-બ-રોજના શિક્ષણ દ્વારા શિક્ષક-વિદ્યાર્થીઓના વર્તનમાં જે પરિવર્તનો લાવવા ઇચ્છે છે તે શૈક્ષણિક હેતુઓ - શિક્ષણના હેતુઓ, ધ્યેયો-લક્ષ્યાંકોને ટૂંકા સમયમાં પહોંચી ન શકાય તે સ્વાભાવિક છે. લક્ષ્યાંકોને પહોંચવા માટે કોઈ માધ્યમની આવશ્યકતા રહે છે. વર્ગશિક્ષણ આ માટેનું ઉત્તમ માધ્યમ છે. તે દ્વારા જ ધ્યેયો પરિપૂર્ણ થઈ શકે. અલબત્ત વર્ગશિક્ષણને આ માટે હેતુલક્ષી અને પ્રવૃત્તિલક્ષી બનાવવું પડે. આમ ત્યારે જ થઈ શકે જ્યારે સામાજિક વિજ્ઞાનનો શિક્ષક તેના દરેક એકમને - વિષયવસ્તુના મુદ્દાને સામાન્ય હેતુઓને ધ્યાનમાં લઈ વિશિષ્ટ હેતુઓને આધારે વર્તન-પરિવર્તનોના સંદર્ભમાં જ શીખવે. આવું શિક્ષણ જ વિદ્યાર્થીઓમાં ધાર્યો વર્તન-ફેરફાર લાવી શકે. આ રીતે વિચારતાં સામાજિક વિજ્ઞાન શિક્ષકે તેના શિક્ષણમાં નીચેના સંદર્ભે હેતુઓ નક્કી કરવા પડે : (1) સામાન્ય હેતુઓ (2) વિશિષ્ટ હેતુઓ (3) અપેક્ષિત વર્તન-પરિવર્તનો (સંરચિત હેતુઓ).

2.7.1 સામાન્ય હેતુઓ :

વિષયના સંદર્ભમાં વર્ગશિક્ષણ માટે નિશ્ચિત કરાયેલા અધ્યયન હેતુઓને (શૈક્ષણિક હેતુઓ) સામાન્ય હેતુઓ કહે છે. આ હેતુ વિષયને આધારે નક્કી થાય છે. આ હેતુઓની સિદ્ધિ અનેક તાસના શિક્ષણના અંતે એટલે કે લાંબા ગાળે સિદ્ધ થાય છે. અનેક વિશિષ્ટ હેતુઓની સિદ્ધિ વડે એક સામાન્ય હેતુ સિદ્ધ કરી શકાય છે. જે શિક્ષણના કોઈ એક તબક્કે સિદ્ધ થાય. તેની સિદ્ધિ અનિશ્ચિત હોય છે. તેની અસર કે પરિણામ તત્કાળ જોઈ શકાતાં નથી.

સામાજિક વિજ્ઞાન શિક્ષણના સામાન્ય હેતુઓ નીચે પ્રમાણે છે.

(1) જ્ઞાન પ્રાપ્તિ : વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરે.

(2) જ્ઞાનની સમજ : વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરેલા સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ કેળવે.

(3) જ્ઞાનનો ઉપયોગ : વિદ્યાર્થીઓ મેળવેલા સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનું ઉપયોજન કરે.

(4) કૌશલ્ય : વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન સંબંધિત વિવિધ કૌશલ્યો વિકસાવે.

(5) માનસિક શક્તિ : વિદ્યાર્થીઓ વિવિધ માનસિક શક્તિઓ વિકસાવે.

(6) માનસિક વલણ : વિદ્યાર્થીઓ ઇચ્છનીય માનસિક વલણો વિકસાવે.

(7) રસ-અભિરૂચિ : વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન સાથે સંબંધિત રસ-અભિરૂચિ-શોખ વિકસાવે.

(8) કદર : વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની ઘટનાઓ અને વ્યક્તિઓની કદર કરે.

અગાઉ આપણે બ્લૂમ રચિત વર્ગીકરણ યોજનાની વિગતે ચર્ચા કરી છે. સામાજિક વિજ્ઞાન શિક્ષણના સામાન્ય હેતુઓનું બ્લૂમ રચિત યોજના મુજબનું વર્ગીકરણ નીચે મુજબ દર્શાવી શકીએ.

બ્લૂમ યોજના અનુસાર સામાન્ય હેતુઓનુ વર્ગીકરણ

ક્રમ	સામાજિક વિજ્ઞાન શિક્ષણના સામાન્ય હેતુઓ	હેતુસ્તર	હેતુક્ષેત્ર
1	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરે	જ્ઞાન પ્રાપ્તિ	
2	વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરેલા સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ કેળવે	જ્ઞાનની સમજ	જ્ઞાનાત્મક
3	વિદ્યાર્થીઓ મેળવેલા સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનું ઉપયોજન કરે	જ્ઞાનનો ઉપયોગ	ક્ષેત્ર
4	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન સંબંધિત વિવિધ કૌશલ્યો વિકસાવ	કૌશલ્ય	ક્રિયાત્મક ક્ષેત્ર
5	વિદ્યાર્થીઓ વિવિધ માનસિક શક્તિઓ વિકસાવે	માનસિક	-
6	વિદ્યાર્થીઓ ઇચ્છનીય માનસિક વલણો વિકસાવે	ઘડતર	ભાવાત્મક
7	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન સાથે સંબંધિત રસ-અભિરૂચિ-શોખ વિકસાવે	રસ ગ્રહણ	ક્ષેત્ર
8	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની ઘટનાઓ-વ્યક્તિઓની કદર કરે	કદર	

ઉપર્યુક્ત સારણી ઉપરથી ખ્યાલ આવે છે કે સામાજિક વિજ્ઞાન શિક્ષણના પ્રથમ ત્રણ હેતુઓ જ્ઞાનાત્મક ક્ષેત્રના છે. જેમાં જ્ઞાન પ્રાપ્તિ, જ્ઞાનની સમજ અને જ્ઞાનનો ઉપયોગનો સમાવેશ થાય છે. ચોથો હેતુ ક્રિયાત્મક ક્ષેત્રનો છે. જેમાં કૌશલ વિકાસનો સમાવેશ થાય છે. પાંચમો, છઠ્ઠો, સાતમો અને આઠમો હેતુ ભાવાત્મક ક્ષેત્રનો છે. જેમાં વ્યક્તિત્વ નિર્માણ, એટલે કે માનસિક શક્તિ અને માનસિક વલણ વિકાસ અને રસ, કદર (ગ્રહણ)નો સમાવેશ થાય છે. આમ, સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં જ્ઞાનાત્મક, ક્રિયાત્મક અને ભાવાત્મક એમ ત્રણેય સ્તરના હેતુઓનો સમાવેશ થાય છે.

2.7.2 વિશિષ્ટ હેતુઓ :

સામાન્ય હેતુઓની પરિપૂર્તિ એક તાસમાં થઈ શકે નહિ. સામાન્ય હેતુઓ સિદ્ધ કરવા માટે વધુ સમય-લાંબાગાળાનો સમય જોઈએ. સામાન્ય હેતુઓની સિદ્ધિ માટે સામાજિક વિજ્ઞાનના વિષયવસ્તુના સંદર્ભમાં તાસ શિક્ષણને ધ્યાનમાં લઈ એક તાસમાં સિદ્ધ થઈ શકે તેવા ટૂંકાગાળાના એટલે કે રોજ-બ-રોજના શિક્ષણમાં ઉપયોગી થાય તેવા હેતુઓની રચના કરી શકાય. આ રીતે રચેલા હેતુઓને વિશિષ્ટ હેતુઓ કહેવાય.

વિશિષ્ટ હેતુઓની રચના સંદર્ભે વિષયવસ્તુને પણ નાના-નાના મુદ્દામાં વિભાજિત કરવું પડે અને તે મુદ્દાઓને આધારે જ હેતુઓ નક્કી કરવા પડે.

ઉપરોક્ત વિચારણાને આધારે વિશિષ્ટ હેતુઓને નીચે મુજબ વ્યાખ્યાયિત કરી શકાય :

→ એક જ તાસમાં સિદ્ધ થઈ શકે તેવા હેતુઓ એટલે વિશિષ્ટ હેતુઓ.

→ સામાન્ય હેતુઓની સિદ્ધિ અર્થે ટૂંકાગાળામાં સિદ્ધ થઈ શકે તેવા હેતુઓ એટલે વિશિષ્ટ હેતુઓ.

→ સામાન્ય હેતુની સિદ્ધિ અર્થે વિષયવસ્તુને નાના એકમોમાં મુદ્દામાં વિભાજીત કરી તેના સંદર્ભમાં રચાયેલાં હેતુઓ કે જે એક તાસમાં ટૂંકાગાળામાં સિદ્ધ થઈ શકે તેને વિશિષ્ટ હેતુઓ કહેવાય.

2.7.2.1 વિશિષ્ટ હેતુઓના લક્ષણો :

વિશિષ્ટ હેતુઓ એટલે...

- ટૂંકા સમયમાં-એક તાસમાં સિદ્ધ થઈ શકે તેવા હેતુઓ.
- ઓછા સાધનોથી અને શક્તિથી સિદ્ધ થઈ શકે તેવા હેતુઓ.
- એકમના નાના મુદ્દાને આધારે રચાયેલા હેતુઓ.
- ભાષાકીય રીતે સરળ અને ટૂંકા અને સ્પષ્ટ હેતુઓ.
- મૂલ્યાંકન થઈ શકે તેવા હેતુઓ.
- વિષયવસ્તુની સ્પષ્ટતા કરતા હેતુઓ
- શું વિશિષ્ટ - શીખવવાનું છે તેની સ્પષ્ટતા કરતા હેતુઓ
- વિષય-વિષયાંગ અને વિદ્યાર્થીની વયકક્ષા અનુસારના હેતુઓ
- શૈક્ષણિક પદ્ધતિઓ - શૈક્ષણિક સાધનો - અભિગમો - અધ્યાપન અનુભવો - વર્તન તરાહો અને મૂલ્યાંકન માટે દિશા સૂચવતા હેતુઓ.

2.7.3 : સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુઓ - તફાવત :

2.7.4 સામાન્ય હેતુના અનુસંધાને વિશિષ્ટ હેતુઓ :

સામાન્ય હેતુઓ	વિશિષ્ટ હેતુઓ
• શિક્ષણના ધ્યેયો કે લક્ષ્યો તરફ પ્રયાણ કરે છે. • કેટલાંક સામાન્ય હેતુઓ નવા વિષયો માટે એકસરખાં હોય છે. જેમ કે જ્ઞાન પ્રાપ્તિ, સમજ, ઉપયોગ. • તેની નિષ્પત્તિ વ્યાપક અંતે વિશાળ હોય છે. • સ્પષ્ટ વિધાનના રૂપમાં તેની રચના હોય છે. • એક સામાન્ય હેતુના અનેક વિશિષ્ટ હેતુઓ હોઈ શકે. • સમયની અપેક્ષાએ ખૂબ લાંબા ગાળાના છે અને કવચિત સંપૂર્ણ સિદ્ધ થાય છે. • તેની સંકલ્પના અસ્પષ્ટ અને અમૂર્ત છે. • વાર્ષિક પ્રશ્નપત્રની રચના સમયે ધ્યાનમાં રાખવામાં આવે છે.	• સામાન્ય હેતુઓ તરફ પ્રયાણ કરે છે. • જે-તે વિષયના વિષયવસ્તુના સંદર્ભમાં તેની રચના કરવામાં આવે છે. • સમય અને પરિસ્થિતિની દૃષ્ટિએ એક તાસને અંતે સિદ્ધ થઈ શકે તેવા વાસ્તવિક હોય છે. • અપેક્ષિત વર્તન-પરિવર્તનની ભાષામાં સ્પષ્ટ આલેખન કરવામાં આવે છે. • વિષયવસ્તુના સ્વરૂપને આધારે એક તાસમાં સિદ્ધ થઈ શકે તે રીતે તેની સંખ્યા નિશ્ચિત થાય છે. • ટૂંકા ગાળાના છે અને તાસને અંતે મહત્તમ સિદ્ધ કરી શકાય છે. • તેની સંકલ્પના સ્પષ્ટ અને માપન કરી શકાય તેવા છે. • તાસને અંતે થતાં મૂલ્યાંકન માટે ધ્યાનમાં રાખવામાં આવે છે.

સામાન્ય હેતુઓના અનુસંધાને વિશિષ્ટ હેતુઓની રચના કેવી રીતે થઈ શકે તેની સમજ આ જ પ્રકરણમાં આપેલ છે. તેને ધ્યાનમાં લઈ વિશિષ્ટ હેતુઓની રચના કરવી જોઇએ.

અહીં કેટલાક વિશિષ્ટ હેતુઓના ઉદાહરણ આપવાનો પ્રયાસ કરેલ છે. અહીં આપેલા વિશિષ્ટ હેતુઓ ટૂંકમાં રચેલા છે. તે કોઈ એકમને ધ્યાનમાં લઈને રચેલાં નથી. પણ ઉદાહરણ રૂપે જ આપેલા છે, એટલે જયારે તાસ આયોજન માટે હેતુસંરચના કરવાની હોય ત્યારે આ હેતુઓ જોઈ શકાય ખરા પણ આ જ હેતુઓને સીધા લખી શકાય નહીં. કારણ કે તેમાં એકમને ધ્યાનમાં રખાયેલો નથી.

જ્ઞાન પ્રાપ્તિનો હેતુ :

→ સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનને લગતી બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરે.

→ વિશિષ્ટ હેતુઓ :

વિદ્યાર્થીઓ....

- સામાજિક વિજ્ઞાન વિષયના પારિભાષિક શબ્દો અને સંકલ્પનાઓ જાણે.
- સામાજિક વિજ્ઞાન વિષયની વ્યાખ્યાઓ જાણે.
- સામાજિક વિજ્ઞાનની હકીકતો, સિદ્ધાંતો, નિયમો, સત્યો કે સામાન્યીકરણો જાણે.
- રાષ્ટ્ર અને વિશ્વની ભૂતકાલીન રાજકીય, ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક આર્થિક ઘટનાઓ, તેના કારણો અને તેની અસરો જાણે.
- રાષ્ટ્ર અને વિશ્વની સમકાલીન અને વર્તમાન રાજકીય, ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક, આર્થિક ઘટનાઓ બનાવે, તેના કારણો અને તેની અસરો જાણે.
- રાજ્ય, દેશ અને વિશ્વના વાર્ષિક અને સામાજિક સુધારકો, સંતો, નેતાઓ, શોધકો, સાહસિક મુસાફરો, શહીદો અને વિવિધ ક્ષેત્રની વિશિષ્ટ વ્યક્તિઓના જીવન અને યોગદાનથી પરિચિત થાય.
- રાષ્ટ્ર અને વિશ્વના સાંસ્કૃતિક, સામાજિક વારસાને જાણે.
- રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વની રાજકીય, સાંસ્કૃતિક, આર્થિક, સામાજિક, પર્યાવરણીય સમસ્યાઓ, તેનાં કારણો અને અસરો જાણે.
- પોતાના રાજ્ય, દેશ અને વિશ્વના દેશો, કુદરતી પ્રદેશોની ભૌગોલિક રચના, તેનું પર્યાવરણ, તેની કુદરતી સંપત્તિ, વનસ્પતિ અને પ્રાણીજીવન, માનવજીવન, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ વગેરેથી પરિચિત થાય - વગેરેની માહિતી પ્રાપ્ત કરે.
- વિવિધ અવરોધક પરિબળોનો સામનો - પ્રતિકાર કરીને, અનુકૂલન સાધીને માનવજાતે કરેલી પ્રગતિ અને સિદ્ધિઓ જાણે.
- નાગરિકના ધર્મ, તેની ફરજો અને તેના અધિકારોનું જ્ઞાન પ્રાપ્ત કરે.
- સામાજિક વિજ્ઞાનના વિવિધ અંગો (ઇતિહાસ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૂગોળ)નું વિષયવસ્તુનું જ્ઞાન મેળવે.

સમજ વિકાસનો હેતુ :

→ સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરેલા સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ કેળવે-વિકસાવે.

→ વિશિષ્ટ હેતુઓ :

વિદ્યાર્થીઓ...

- સામાજિક વિજ્ઞાન વિષયના પારિભાષિક શબ્દો - સંકલ્પનાઓ સમજે.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતી વ્યાખ્યાઓ, નિયમો, હકીકતો સમજે.
- સામાજિક વિજ્ઞાન વિષયના સિદ્ધાંતો, સામાન્યીકરણો સમજે.
- રાષ્ટ્રની અને વિશ્વની વિવિધ ઘટનાઓના કારણો સ્પષ્ટ કરે.
- ઘટનાઓ અને પ્રક્રિયાના કારણો વચ્ચે રહેલા કાર્યકારણના સંબંધને સમજે.
- વિશિષ્ટ વ્યક્તિઓ - વિભૂતિઓ - મહાપુરૂષોના પ્રદાનને સમજે.
- વિશિષ્ટ વ્યક્તિઓ - વિભૂતિઓના આચાર-વિચાર, વર્તન-વ્યવહાર, સ્વભાવ, તાકાતની નિર્ણય શક્તિની પ્રજામાનસ પર થતી અસરો સમજે.
- રાષ્ટ્રના-વિશ્વના સામાજિક-સાંસ્કૃતિક વારસાનું મહત્વ સમજે.
- રાષ્ટ્રના-વિશ્વના લોકોની રહેણીકરણી પર થતી અસરો સમજે.
- રાષ્ટ્રીય-વૈશ્વિક અને સ્થાનિક સમસ્યાઓના કારણો સમજે.
- રાજ્ય-રાષ્ટ્ર અને વિશ્વના દેશોની પ્રાકૃતિક રચના અને કુદરતી સંપત્તિ વિશે સમજ કેળવે.

- રાજ્ય-રાષ્ટ્ર અને વિશ્વના દેશોની પ્રાકૃતિક રચના અને કુદરતી સંપત્તિ વિશે સમજ કેળવે.

- રાજ્ય-રાષ્ટ્ર અને વિશ્વના દેશોની વનસ્પતિ-પ્રાણી અને માનવજીવનની વિશેષતાઓ-ખાસિયતો અંગે સમજ મેળવે.
- માનવે કરેલી પ્રગતિ અને મેળવેલી સિદ્ધિઓના પડકારો અને પ્રતિકારો સમજે.
- નાગરિક તરીકેની ફરજ અને અધિકારો સમજે.
- સમકાલીન ઘટનાઓની સમજ કેળવે.
- દૈનિક ઘટનાઓનું પૃથક્કરણ કરી પરિબળો તારવે.

જ્ઞાનના ઉપયોજનનો હેતુ :

→ સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરેલા સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો ઉપયોગ કરે.

→ વિશિષ્ટ હેતુઓ :

વિદ્યાર્થીઓ...

- ભૂતકાલીન ઘટનાઓ-બનાવોને આધારે વર્તમાન સમસ્યાઓના ઉકેલ શોધે.
- સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો પોતાના જીવન વ્યવહારમાં ઉપયોગ કરે.
- વિવિધ ઘટનાઓ-બનાવોના કારણોને આજની ઘટનાઓ સાથે સરખામણી કરે.
- બે ઘટનાઓ કે બે બનાવો વચ્ચે સંબંધ સ્થાપે.
- સામાજિક વિજ્ઞાનને લગતા સિદ્ધાંત, હકીકત, નિયમ, સામાન્યીકરણો, પારિભાષિક શબ્દો અને સંકલ્પનાઓને લગતાં નવાં ઉદાહરણો આપે.
- સંદર્ભ સાહિત્ય સામગ્રીમાંથી એકમને લગતી પૂરક અને ઉપયોગી માહિતી શોધે.
- પ્રાપ્ય માહિતી અને નકશા, આલેખ, આકૃતિના નિરીક્ષણને આધારે હકીકતો તારવે.
- બે ઘટના-બનાવો, બે દેશોની માહિતી વિશે સામ્ય અને તફાવતની વિગતો શોધે.
- વર્તમાનપત્રોમાંથી સામાજિક વિજ્ઞાનના સંદર્ભ આવતાં સમાચારો, લેખો, અલગ તારવે, એનાં કારણો અને અસરો તપાસે.
- સમસ્યાઓ-બનાવોનું વિશ્લેષણ કરે.
- સામાજિક, સાંસ્કૃતિક વારસાનું રક્ષણ કરે.
- નાગરિક તરીકેની ફરજો અદા કરે.
- માનવ પ્રગતિ માટે પ્રયાસો કરે.
- વિશ્વમાં સંપ, શાંતિ, સ્થાપવાના પ્રયાસોમાં જોડાય.
- બનાવો પરથી આગાહી કરતાં અને નિર્ણયો તારવે.
- ઘટનાઓની સત્ય-સત્યતા તારવે અને વિચારો વ્યક્ત કરે.

કૌશલ્ય વિકાસનો હેતુ :

→ સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના અભ્યાસ સાથે સંબંધિત ઉપયોગી કૌશલ્યો વિકસાવે.

→ વિશિષ્ટ હેતુઓ :

વિદ્યાર્થીઓ...

- નકશાવાચન, નકશાપૂરણી, નકશા દોરવાનું અને નકશાના અર્થઘટનનું કૌશલ્ય કેળવે.
- સાલ અને બનાવોને ગોઠવીને સમયરેખા દોરવાનું કૌશલ્ય કેળવે.
- આલેખો દોરવા, વાંચન અને અર્થઘટન કરવાના કૌશલ્યો વિકસાવે.
- ચાર્ટ્સ, ચિત્રો, પ્રતિકૃતિ તૈયાર કરે.
- ચાર્ટ્સ, ચિત્રોને આધારે વિગતો-માહિતી તારવે.
- સામાજિક-આર્થિક સર્વેક્ષણનું કૌશલ્ય વિકસાવે.
- મુલાકાત-ક્ષેત્રકાર્ય સંબંધી કૌશલ્ય વિકસાવે.
- પર્યટનના આયોજન અને સંચાલનનું કૌશલ્ય કેળવે.
- પ્રાયોગિક કાર્યો કરવાનું કૌશલ્ય વિકસાવે.
- માહિતી એકત્રીકરણ-પૃથક્કરણનું કૌશલ કેળવે.
- અહેવાલ તૈયાર કરવાનું અને તેની રજૂઆત કરવાનું કૌશલ્ય વિકસાવે.
- શૈક્ષણિક સાધનો તૈયાર કરે.
- અવલોકન-નિરીક્ષણ કરી નોંધ તૈયાર કરે.
- પ્રદર્શન યોજવાનું કૌશલ્ય કેળવે.
- હસ્તલિખિત અંકો તૈયાર કરે.
- સંવાદ, પાત્રાભિનય, નાટ્યકરણમાં ભાગ લે.
- વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાનું કૌશલ્ય કેળવે.
- અનુસૂચિઓ તૈયાર કરવાનું કૌશલ્ય કેળવે.

માનસિક ઘડતરનો હેતુ :

→ સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ વિવિધ માનસિક શક્તિઓ વિકસાવે.

→ વિશિષ્ટ હેતુઓ :

વિદ્યાર્થીઓની....

- તર્કશક્તિનો વિકાસ થાય.
- વિચાર શક્તિનો વિકાસ થાય.
- કલ્પનાશક્તિનો વિકાસ થાય.

- વિવેચનાત્મક શક્તિનો વિકાસ થાય.
- સમસ્યા-ઉકેલ શક્તિ વિકસે.
- તુલના કરવાની શક્તિ વિકસે.
- નિર્ણય લેવાની શક્તિ વિકસે.
- સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય.
- અવલોકન-નિરીક્ષણ શક્તિ વિકસે.
- આગાહી-અનુમાન કરવાની શક્તિ વિકસે.
- કાર્યકારણ સંબંધ જોડવાની શક્તિ વિકસે.
- પૃથક્કરણ કરવાની શક્તિ વિકસે.
- વર્ગીકરણ અને સંકલન કરવાની શક્તિ વિકસે.
- નિદર્શન પ્રયોગ - રજૂઆત - અભિવ્યક્તિ જેવી શક્તિઓ વિકસે.
- ચિંતન શક્તિનો વિકાસ થાય.
- સ્મરણ શક્તિ વિકસે.
- સંગ્રહ શક્તિ વિકસે.

→ સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ ઇચ્છનીય માનસિક વલણો વિકસાવે.

→ વિશિષ્ટ હેતુઓ :

વિદ્યાર્થીઓ....

- પોતાના સાંસ્કૃતિક વારસા માટે આદરભાવ કેળવે.
- રાષ્ટ્રીયતાની ભાવના કેળવે.
- આંતરરાષ્ટ્રીય સમજ કેળવે.
- વિશ્વની પ્રજા માટે આદર, સદ્ભાવ અને સહિષ્ણુતાની ભાવના દર્શાવે.
- ભાવાત્મક એકતા કેળવે.
- કુદરતી આપત્તિના સમયે મદદની ભાવના દર્શાવે.
- સારા નાગરિક તરીકેના વલણો વિકસાવે.
- વૈજ્ઞાનિક વલણ કેળવે.
- હકીકતોની ચકાસણી કરે.
- અવલોકન-નિરીક્ષણ કરે, વિગતોની નોંધ કરે.
- સંદર્ભ સામગ્રીનો ઉપયોગ કરે.
- વાચન અભિમુખતા વિકસાવે.
- સમૂહમાં જીવતાં શીખે.
- સમસ્યાઓ પરત્વે સભાનતા અને સંવેદનશીલતા વિકસાવે.
- સમસ્યાના ઉકેલ માટે પ્રયાસ કરે.
- વિશ્વબંધુત્વની ભાવના કેળવે.
- સાંસ્કૃતિક વારસાનું ગૌરવ-જતન અને સંવર્ધન કરે.
- સદ્ભાવ અને સહિષ્ણુતાની ભાવના વિકસાવે.

રસ-રૂચિ-શોખનો હેતુ :

→ સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન સાથે સંબંધિત રસ-રૂચિ-શોખ વિકસાવે.

→ વિશિષ્ટ હેતુઓ :

વિદ્યાર્થીઓ...

- પ્રવાસ, પર્યટન માટે રૂચિ દાખવે.
- સમાચારપત્રો, સામયિકો વાંચવાનો શોખ વિકસાવે.
- જીવનચરિત્રો, આત્મકથાઓ અને ઐતિહાસિક સંદર્ભગ્રંથો વાંચે.
- આકાશવાણી-દૂરદર્શન પર રજૂ થતા સમાચારો સાંભળે.
- દસ્તાવેજી ચલચિત્રો જુએ.
- વિવિધ પ્રકારની સામગ્રી (ટપાલ ટિકિટો, સિક્કાઓ, ચિત્રો, નમૂના, લેખો, કેલેન્ડર વગેરે)નો સંગ્રહ કરે.
- હસ્તલિખિત અંક તૈયાર કરે.
- સાધનોનું નિર્માણ કરે.
- મોડેલની રચના કરે.
- વિવિધ ઐતિહાસિક સ્થળો અને વિશિષ્ટ વ્યક્તિઓની મુલાકાત લે.
- પ્રકૃતિ મંડળ - પ્રકૃતિ શિબિરમાં જોડાય.
- સામાજિક વિજ્ઞાન મંડળના સભ્ય બને.
- સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓમાં રસ લે.
- રેલી, અભિયાન જેવા કાર્યક્રમોમાં ભાગ લે.
- બુલેટિન બોર્ડની સજાવટ કરે.
- પત્રમૈત્રી વિકસાવે.
- ફોટોગ્રાફી, પર્વતારોહણ, ટ્રેકિંગનો શોખ કેળવે.
- પશુ, પંખી અને વનસ્પતિ પ્રત્યે પ્રેમ-કરુણાભાવ વિકસાવે.
- લોકશાહી જીવનશૈલી અપનાવે.

કદરનો હેતુ :

→ સામાન્ય હેતુ :

- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની ઘટનાઓ અને વ્યક્તિઓની કદર કરે.

→ વિશિષ્ટ હેતુઓ :

વિદ્યાર્થીઓ....

- રાષ્ટ્રની મહાન વ્યક્તિઓના કાર્યોની કદર કરે.
- સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધેલી વ્યક્તિઓને માન આપે.
- સ્થાનિક કાર્યકર્તાઓ પ્રત્યે માનની લાગણી કેળવે.
- મહાપુરૂષોના જીવનચરિત્રો - આત્મકથાઓ વાંચે.

મહાપુરૂષોની જીવનશૈલી અપનાવે.

- વિશ્વના મહાપુરૂષોના કાર્યોની કદર કરે.
- ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોની કદર કરે.
- કામદારોની કદર કરે.
- સામાન્ય માણસોના કાર્યોની કદર કરે.
- ફરજવાન નાગરિકની કદર કરે.
- સારા વહીવટકર્તાઓની કદર કરે.
- દેશના વૈજ્ઞાનિકોની કદર કરે.
- દેશના વિકાસ માટે ઝઝૂમતા નાગરિકોની કદર કરે.
- રાષ્ટ્રના રક્ષક એવા સૈનિકોની કદર કરે.

2.7.5 અપેક્ષિત વર્તન-પરિવર્તનો :

વર્તન-પરિવર્તન એટલે શિક્ષણ કાર્યની નીપજ કે પરિણામ. કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિના અંતે કોઈને કોઈ ફાયદો-લાભ-નીપજ થતી હોય છે. જો તેઓ ફાયદો કે લાભ કે નીપજ ન થાય તો તે કાર્ય કે પ્રવૃત્તિ કરવાનો કોઈ અર્થ રહેતો નથી. આનંદ થાય તે પણ એક પ્રકારના ફાયદો કે લાભ છે. શિક્ષક જ્યારે શિક્ષણકાર્ય કરે છે તે ત્યારે તે કાર્યને કારણે વિદ્યાર્થીઓમાં શું ફેરફારો થશે ? શું પરિવર્તન આવશે ? તેમના વર્તનમાં શું પરિવર્તન આવશે ? તેમના વલણમાં શું પરિવર્તન આવશે ? તેમના જ્ઞાન, સમજ, કૌશલ્યમાં શું પરિવર્તન આવશે ? આ પરિવર્તન આવે તેને શિક્ષણકાર્યની નીપજ કહેવાય.

વર્તન-પરિવર્તન વિશિષ્ટ હેતુઓનો પૂરક છે. વિશિષ્ટ હેતુ વિદ્યાર્થીને અમુક એકમ શીખવવો છે તો તે શા માટે શીખવવો છે તેનો જવાબ આપે છે. જ્યારે વર્તન-પરિવર્તન એ જ હેતુ માટે એકમ શીખવાય છે. તેની નીપજ (Learning product of outcome) દર્શાવે છે. વિશિષ્ટ હેતુ વર્ગશિક્ષણનો નિશ્ચિત હેતુ દર્શાવે છે. જ્યારે વર્તન-પરિવર્તન વર્ગ શિક્ષણ કાર્યની નિશ્ચિત નીપજ-ફાયદો કે લાભ દર્શાવે છે.

સામાજિક વિજ્ઞાનનો શિક્ષક વર્ગશિક્ષણ દરમિયાન વિવિધ અધ્યાપન અનુભવો પૂરા પાડે છે. જેમ કે,...

- વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછે છે.
- વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરે છે, વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે ચર્ચા કરાવે છે. આમ, વિદ્યાર્થીઓને ચર્ચામાં ભાગીદાર બનાવે છે.
- નકશા વાચન કરાવે છે.
- ચિત્રોનું અર્થઘટન કરાવે છે.
- સમયરેખાનું વાચન કરાવી માહિતી મેળવે છે.
- શબ્દ વ્યંજનાઓ-સંકલ્પનાઓની સ્પષ્ટતા કરાવે છે.
- વિવિધ મુદ્દાઓનો પરિચય કરાવે છે.

આમ, શિક્ષક જે અનુભવો વર્ગમાં આપે છે તે થઈ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા. આ પ્રક્રિયાનું પરિણામ શું ? તેની નીપજ શું ? વિદ્યાર્થીઓના પૂર્વવર્તનમાં કે પૂર્વ અનુભવમાં કે પૂર્વવલણમાં કોઈ ફેરફાર, કોઈ પરિવર્તન થયું ખરું ? શિક્ષકે આનો ઉત્તર શોધવા વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાન, અનુભવ, સિદ્ધિની ચકાસણી કરવી પડે. આવી ચકાસણી તે શિક્ષણ કાર્ય દરમિયાન પણ કરતો રહે અને શિક્ષણકાર્યને અંતે પણ કરે. ચકાસણી કે મૂલ્યાંકનને આધારે અધ્યયન-અધ્યાપનની નીપજ જોઈ શકાય-જાણી શકાય. આમ, વર્તન ફેરફાર એ જ શિક્ષણકાર્યનું પરિણામ કે નીપજ છે. વર્તન-પરિવર્તનના સંદર્ભમાં હેતુ રચના કરતી વખતે આ બાબતનો ખ્યાલ રાખવો પડે. વર્તન-પરિવર્તન વિદ્યાર્થીઓ શું કરશે ? (વિદ્યાર્થીઓ નકશા વાચન કરશે) એમ કહેવાને બદલે વિદ્યાર્થીઓ શું કરી શકે ? અથવા શું કરી શકે છે ? (વિદ્યાર્થીઓ નકશા વાચન કરે - કરે છે) તે સૂચવે છે.

2.7.6 સંરચિત હેતુઓ (વર્તન-પરિવર્તનના સંદર્ભમાં હેતુ)ની રચના માટે ધ્યાનમાં રાખવાની બાબતો :

વર્ગશિક્ષણ દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓમાં કયા વર્તનમાં પરિવર્તન લાવવા ઇચ્છે છે તે દર્શાવતા વિધાનને અપેક્ષિત વર્તન-પરિવર્તનના સંદર્ભમાં હેતુ કહેવાય. આ પ્રકારની હેતુરચના કરવી પ્રશિક્ષણાર્થી અને શિક્ષક માટે જરૂરી છે. અગાઉની ચર્ચાના સંદર્ભમાં પણ હેતુઓના મહત્ત્વને ધ્યાનમાં લઈ શિક્ષકે શિક્ષણકાર્ય કરતાં પહેલાં હેતુની સંરચના કરવી જોઈએ. હેતુઓની સંરચના કરતાં પહેલાં કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી પડે. એ બાબતોને ધ્યાનમાં રાખવામાં ન આવે તો હેતુની રચના થાય ખરી પણ હેતુ સિદ્ધ થયો કે નહિ તેનો ખ્યાલ રહે નહિ. સ્પષ્ટ અને વૈજ્ઞાનિક રીતે રચાયેલો હેતુ જ શિક્ષણની પ્રક્રિયાની દિશા નક્કી કરી શકે અને આ દિશાને આધારે હેતુ પણ સિદ્ધ થઈ શકે. આ બાબતને સમજીને ચલાવી લેવાની વૃત્તિનો ત્યાગ કરી હેતુઓની સંરચના કરવી જોઈએ.

હેતુ સંરચનામાં વાસ્તવિકતા ધ્યાનમાં રાખવી. હેતુની રચના હકાર અને વાસ્તવિક, સરળ અને સાદી ભાષામાં કરવી. અલંકારિક ભાષા પ્રયોજવી જ નહિ. એક તાસમાં સિદ્ધ થાય તેટલા જ હેતુઓ નક્કી કરવા. હેતુઓનો હારડો બનાવવાની જરૂર નથી. આગવી સૂઝ સમજથી વૈજ્ઞાનિક રીતે હેતુની રચના કરવી. આ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

- **હેતુ વિધાન વાક્યમાં લખાયેલો હોવો જોઈએ.**

દા.ત.

(1) વિદ્યાર્થીઓ દાંડીકૂચના સ્થળોના નામ આપે.
(2) વિદ્યાર્થીઓ ભારતમાં થતા ખેતીના પાકનો નામ આપે.
(3) વિદ્યાર્થીઓ જિલ્લા પ્રમુખના કાર્યો જણાવે.

- **હેતુ અવલોકનક્ષમ હોવા જોઈએ.**

અવલોકનક્ષમ એટલે અવલોકી શકાય, મૂલ્યાંકન કરી શકાય, જોઈ શકાય તેવા વર્તનનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. શિક્ષણને અંતે વિદ્યાર્થી શું કરી શકશે, એટલે.કે તેના વર્તનમાં શું પરિવર્તન આવશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ હેતુ વિધાનમાં થયેલો હોવો જોઈએ. વિદ્યાર્થી જાણે તેમ કહીએ ત્યારે તેણે શું જાણ્યું ? તેણે જાણ્યું કે નહિ ? તે કેવી રીતે જોઈ શકાય. દા. ત. વિદ્યાર્થીઓ પ્લાસીના યુદ્ધની ઘટનાઓ જાણે. તેમ કહીએ ત્યારે તેણે ઘટનાઓ અંગે શું જાણ્યું ? ઘટનાઓ જાણી કે નહિ ? તેની શિક્ષકને

કેવી રીતે ખબર પડે ? માટે આ હેતુની રચના આ રીતે કરી શકાય.

વિદ્યાર્થીઓ પ્લાસીના યુદ્ધની ઘટનાઓ જણાવે.

ટૂંકમાં હેતુની રચના સમયે શિક્ષણના અંતે વિદ્યાર્થીમાં અવલોકન ક્ષમતા જોઈ શકાય તેવા વર્તનનો ઉલ્લેખ થયેલો હોવો જોઈએ. આ માટે નીચે જેવા ક્રિયાપદો વાપરવા જોઈએ. લખે, કરે, આપે, શોધે, તારવે, ઓળખે, જણાવે, લીટી દોરે, બોલે વગેરે હેતુના વિધાનમાં અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ ન હોય તો હેતુની સંરચના અર્થહીન છે અને અવૈજ્ઞાનિક છે.

હેતુવિધાનમાં અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ કરવાનું કાર્ય શિક્ષક કે પ્રશિક્ષણાર્થીને પક્ષે ખૂબ ઊંડો વિચાર અને સતત પરિશ્રમ માંગી લે તેવું છે. પણ પૂરતો મહાવરો કરવાથી આ કાર્ય થઈ શકે તેવું છે. શિક્ષણના અંતે વિદ્યાર્થી શું કરી શકશે. તે વિચારીએ એટલે પ્રત્યેક હેતુના અવલોકનથીય વર્તનનો ઉલ્લેખ કરી શકીએ.

હેતુસંરચનામાં અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ અનિવાર્યપણે હોવો જોઈએ. ગોળ-ગોળ હેતુઓને બદલે અવલોકનક્ષમ વર્તનના સ્પષ્ટ ઉકેલવાળા હેતુઓ જ શિક્ષણ પ્રક્રિયાને સફળ બનાવે છે. અવલોકનક્ષમ વર્તનના ઉલ્લેખને પરિણામે સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું દરેક કાર્ય વિચારપૂર્વકનું બની રહે છે. તેથી હેતુ સંરચનામાં વિદ્યાર્થીના અવલોકનક્ષમ વર્તનોના સ્પષ્ટ ઉલ્લેખો હોવાની બાબત પર ભાર મૂકવો જરૂરી છે.

અવલોકનક્ષમ વર્તન કઈ પરિસ્થિતિ, કેવા સંજોગોમાં કેવી રીતે પ્રગટશે તે પણ હેતુ વિધાનમાં સ્પષ્ટ કરવું જોઈએ.

દા. ત. પ્લાસીના યુદ્ધની ઘટનાઓને લગતા આડા અવળાક્રમે લખેલા વિધાનોને પ્લાસીના યુદ્ધની ઘટનાઓના સ્પષ્ટીકરણ પછી ઘટનાક્રમ મુજબ ગોઠવીને જણાવે-લખશે.

ઉપરના હેતુમાં 'સ્પષ્ટીકરણ પછી' પરિસ્થિતિ-સંજોગોનો નિર્દેશ કરે છે. જયારે 'ઘટનાક્રમ મુજબ' કેવી રીતેનો નિર્દેશ કરે છે.

→ **અવલોકનક્ષમ વર્તનનું લઘુતમ સ્તર હેતુવિધાનમાં જણાવવું જોઈએ.**

વિદ્યાર્થી શિક્ષણને અંતે અવલોકનક્ષમ વર્તનના ઓછામાં ઓછા કયા સ્તરને પ્રાપ્ત કરે તો હેતુ સિદ્ધ થયો તેમ ગણવો તે સ્પષ્ટ રીતે જણાવવું જોઈએ. જો લઘુતમ સ્તરનો ઉલ્લેખ થયો ન હોય તો મૂલ્યાંકન શી રીતે કરવું ? કયા માપદંડોને આધારે કરવું. તે અંગે અસ્પષ્ટતા રહે. આથી અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ જરૂરી છે. દા. ત. વિદ્યાર્થીઓ પ્લાસીના યુદ્ધની ઘટનાઓના સ્પષ્ટીકરણ પછી ઓછામાં ઓછી પાંચ ઘટનાઓ ઘટનાક્રમ મુજબ ગોઠવીને જણાવે.

→ **હેતુ વિધાનમાં વિષયવસ્તુનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે થયેલો હોવો જોઈએ.**

શિક્ષણના અંતે વિદ્યાર્થીનું વર્તન પ્રગટ થશે તે વિષયવસ્તુ સાથે સંબંધિત હશે. આપણે જે વિષયવસ્તુ શીખવીએ છીએ તે વિષયવસ્તુના સંદર્ભમાં વર્તન-પરિવર્તન લાવવા ઇચ્છીએ છીએ. આથી હેતુ વિધાનમાં વિષયવસ્તુનો ઉલ્લેખ થયેલો હોવો જોઈએ. દા. ત. ઉપરના ઉદાહરણમાં "પ્લાસીનું યુદ્ધ" શબ્દો વિષયવસ્તુનો ઉલ્લેખ કરે છે.

→ **હેતુઓ નિશ્ચિત સમયમર્યાદામાં સિદ્ધ થઈ શકે તેવા હોવા જોઈએ.**

હેતુની સંરચનામાં વાસ્તવિકતા અંગે ધ્યાન રાખવું જોઈએ. ખોટા રંગરોગાન કરીને કે મોટી મોટી અપેક્ષાઓ રાખતાં હેતુ સિદ્ધ થતાં નથી. આથી વિદ્યાર્થીઓની કક્ષા, વિદ્યાર્થીઓની શક્તિ અને મર્યાદાને ધ્યાનમાં લઈ હેતુની રચના કરવી જોઈએ.

→ **બે-ત્રણ હેતુ સાથે ન લખતાં સ્વતંત્ર સ્વરૂપમાં લખવા જોઈએ :**

દા. ત. વિદ્યાર્થીઓ પ્લાસીના યુદ્ધનાં કારણો અને ઘટનાઓ જણાવે. આ હેતુમાં બે બાબતો (1) કારણો (2) ઘટનાઓ જણાવવાની કહેલ છે, જે યોગ્ય નથી. ફક્ત એક જ બાબત જણાવવી જોઈએ.

શિક્ષણકાર્યના હેતુઓની સંરચના સમયે બધા જ પ્રકારના હેતુઓને પ્રાધાન્ય આપવું જોઈએ :

શિક્ષણકાર્યના હેતુઓ ત્રણ પ્રકારના છે. (1) જ્ઞાનાત્મક (2) ભાવાત્મક (3) ક્રિયાત્મક. આ ત્રણેય પ્રકારના હેતુઓને કોઈ પણ એકમ શીખવતી વખતે ધ્યાનમાં રાખી હેતુ સંરચના કરવી જોઈએ.

હેતુઓની ચકાસણી માટે-

- વિદ્યાર્થી શું કરી શકશે ? કયું અવલોકનક્ષમ વર્તન કરશે ?
- વિદ્યાર્થી કઈ પરિસ્થિતિમાં વર્તન કરશે ?
- વિદ્યાર્થીના વર્તનનું મૂલ્યાંકન શી રીતે થશે ?
- અવલોકનક્ષમ વર્તનનું લઘુતમ સ્તર કયું છે ?

આ ચાર પ્રશ્નોના જવાબ હેતુ વિધાનમાંથી મળે તો હેતુઓ સ્પષ્ટ અને વૈજ્ઞાનિક રીતે રચાયેલા છે તેમ કહી શકાય.

શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં હેતુઓ કેન્દ્રસ્થાને છે. શૈક્ષણિક હેતુઓના આધારે શૈક્ષણિક પદ્ધતિ, શૈક્ષણિક પ્રક્રિયાઓ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સાધનો અને શૈક્ષણિક સંદર્ભોની પસંદગી વર્ગશિક્ષણ માટે કરી શકે છે. અપેક્ષિત સિદ્ધિના મૂલ્યાંકનનો આધાર પણ હેતુ છે. ત્યારે શૈક્ષણિક હેતુઓની સંરચના યોગ્ય રીતે કરવાનો પ્રયાસ કરીએ. આ પ્રયાસની સફળતા પછી શિક્ષણની પ્રક્રિયાની ફલશ્રુતિ મેળવવાના પ્રયાસો કરવા જોઈએ. આ બાબતે જેટલો શિક્ષક સજાગ તેટલી સિદ્ધિ વધુ મળે.

2.7.7 અપેક્ષિત વર્તન પરિવર્તનોની હેતુના ક્રમ યાદી :

એક જ વિશિષ્ટ હેતુના સામાજિક વિજ્ઞાનના એકમ-પેટા એકમ કે શૈક્ષણિક મુદ્દાઓના સંદર્ભમાં એક કે તેથી વધુ અપેક્ષિત વર્તન-પરિવર્તનો વિચારી શકાય. પરંતુ શિક્ષકોએ એની વિચારણા કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી અત્યંત જરૂરી છે. જેની અગાઉ આપણે ચર્ચા કરેલ છે.

વર્તન-પરિવર્તનો નીચેની ભાષામાં લખાવાં જોઈએ.

- વ્યાખ્યા આપે
- ઉદાહરણો આપે
- અહેવાલ તૈયાર કરે
- તફાવતના મુદ્દા જણાવે
- સંબંધ સ્થાપે
- અહેવાલ રજૂ કરે
- કારણો જણાવે
- આકૃતિ દોરે
- સંગ્રહ કરે
- સમાચારો કહે
- આલેખ દોરે
- યાદી બનાવે/આપે
- યાદી આપે
- સમસ્યા ઉકેલે
- સમયરેખા દોરે
- પ્રક્રિયાની સમજ આપે
- અસરો તપાસે/કહે
- સમયરેખા વાંચે
- વિગત બતાવે
- ઉપાયો સૂચવે
- સમયરેખા પરથી પ્રશ્નોના જવાબ આપે
- પૂરક માહિતી શોધે
- નિયમ તારવે
- સહભાગી બને
- ઓળખે
- પ્રયોગ કરે
- મુલાકાત લે
- વર્ગીકરણ કરે
- સાધનો ઓળખે/ગોઠવે
- સર્વેક્ષણ કરે
- વિગત પૂરે
- સાધન તૈયાર કરે
- નોંધ તૈયાર કરે
- વિગતો તારવે
- સિદ્ધાંત તારવે
- અંક તૈયાર કરે

સામાજિક વિજ્ઞાનના શિક્ષણના હેતુના સંદર્ભમાં વર્તન-પરિવર્તનોની યાદી નીચે મુજબ છે :

હેતુ	વર્તન-પરિવર્તનો
• જ્ઞાન પ્રાપ્તિ	સંકલ્પનાની યાદી આપે, વ્યાખ્યા આપે, સિદ્ધાંતો, સત્યો, હકીકતો, નિયમો જણાવે, વિવિધ પરિબળો જણાવે, વ્યક્તિ, બનાવના નામ આપે, વ્યક્તિ, બનાવનો સમય જણાવે, સમસ્યા રજૂ કરે. સમકાલીન ઘટના રજૂ કરે, પ્રકારો દર્શાવે, સ્થળોના નામ કહે, કુદરતી સંપત્તિના પ્રકારો કહે, કુદરતી સંપત્તિની યાદી આપે. જોડકાં જોડે, રૂપરેખા આપે, વર્ણન કરે, ઓળખાવે, વગેરે.
• જ્ઞાનની સમજ	તફાવત આપે, અનુમાન કરે, ઉદાહરણ આપે, સારાંશ રજૂ કરે, કારણો આપે, સ્પષ્ટીકરણ આપે, સ્પષ્ટ કરે, સમજાવે, અટકળ કરે, સામાન્યીકરણ કરે, તુલના કરે, કારણો શોધે, તપાસે, ચકાસે, વર્ગીકરણ કરે, ઉદાહરણો ઓળખે, આકૃતિ ઓળખે.
• જ્ઞાનનો ઉપયોગ	ઉકેલ સૂચવે, ગણતરી કરે, પરિવર્તન કરે, નિદર્શન કરે, શોધી કાઢે, ઉપયોગક્ષમ બનાવે, સુધારો કરે, નિપજ, સાધન કે સૂત્રનો ઉપયોગ કરે, તૈયાર કરે, સંબંધ સ્થાપિત કરે, નવસર્જન કરે, વિશ્લેષણ કરે, સામાન્યીકરણો તારવે, નિર્ણય લે, લક્ષણો તારવે, વર્ણન કરે.
• કૌશલ્ય વિકાસ	નકશામાં વિગતો દર્શાવે, નકશામાં વિગતો પૂરે, વિગતો તારવે-સમજાવે, આકૃતિ દોરે, ઓળખે, સમજાવે. સમયરેખા વાંચે, સમય અને બનાવને ઉચિત રીતે સાલવારી પ્રમાણે ગોઠવે, સમયરેખા દોરે, આલેખ દોરે, વાંચે, વિગતની સ્પષ્ટતા કરે, પ્રયોગ કરે, ચિત્રો ઓળખે, વિગતો તારવે, કોઠા તૈયાર કરે, અહેવાલ તૈયાર કરે, અહેવાલ રજૂ કરે, મુલાકાત લે, નોંધ કરે, સંચાલન કરે, માહિતી શોધે, નોંધ કરે, સ્વનિર્મિત સાધનો બનાવે, સમાચારો વાંચે, સંવાદ કરે, પાત્રાભિનય કરે, નાટ્યક્રમ કરે.
• રસ, રૂચિ, વલણ-મૂલ્ય ઘડતર	આદરપૂર્વક-સન્માનપૂર્વક વર્તન કરે, જતન કરે, આદરભાવ દર્શાવે, સેવાકાર્ય કરે, સહાય કરે, ફરજ પાલન કરે, હળીમળી કાર્ય કરે, પર્યટન-પ્રવાસે જાય, પ્રયોગ કરે, સમાચાર પત્રો, સામયિકો, સંદર્ભ સાહિત્ય વાંચે, ઓળખે, સંગ્રહ કરે, ફાળો આપે, પ્રદર્શન યોજે, મુલાકાત લે, પ્રકૃતિ શિબિરમાં જોડાય, પ્રકૃતિ મંડળ-નેચરલર કલબમાં સભ્ય બને, ઉચિત ઉપયોગ કરે, ઉર્જાનો બચાવ કરે, પત્રમૈત્રી વિકસાવે. ઉજવણીમાં ભાગ લે, પ્રતિકૃતિ તૈયાર કરે, વિશિષ્ટ દિવસોની ઉજવણી કરે, નમૂના એકત્ર કરે, નકશા, ચાર્ટ્સ, આલેખ, સમયરેખા તૈયાર કરે, સ્પર્ધામાં ભાગ લે, પ્રવૃત્તિઓમાં ભાગ લે, અંક તૈયાર કરે.
• માનસિક શક્તિ-વિકાસ	ધ્યાનપૂર્વક અવલોકન કરે, નિર્ણયો લે, અનુમાનો કરે, આગાહી કરે, કારણો-પરિબળો વિચારે, તર્ક કરે, ઉકેલો સૂચવે, કારણો આપે, કાર્યકારણ સંબંધ સ્થાપિત કરે, સમસ્યાનું વિશ્લેષણ કરે.

નીચે એક એકમને આધારે સામાન્ય હેતુ, વિશિષ્ટ હેતુ અને વર્તન-પરિવર્તન તારણરૂપે જોઈએ.

એકમ - રાજારામ મોહનરાય : જીવન

સામાન્ય હેતુ	વિશિષ્ટ હેતુ	વર્તન-પરિવર્તન
જ્ઞાન પ્રાપ્તિ	વિદ્યાર્થીઓ રાજારામ મોહનરાયના જીવન વિશે માહિતી મેળવે.	વિદ્યાર્થીઓ રાજારામ મોહનરાયના જીવન વિશે માહિતી આપે.
જ્ઞાન-સમજ	વિદ્યાર્થીઓ રાજારામ મોહન રાયે કરેલા સામાજિક સુધારાઓ વિશે માહિતી મેળવે.	વિદ્યાર્થીઓ રાજારામ મોહન રાયે કરેલા કરેલાં સુધારાના પ્રયાસોને સમજે સુધારાના પ્રયાસોને સમજાવે - સમજ આપે - સ્પષ્ટ કરે. (ત્રણમાંથી એક)
કૌશલ્ય	વિદ્યાર્થીઓ સમયરેખા પર બનાવો નોંધવાનું કૌશલ્ય કેળવે.	વિદ્યાર્થીઓ સમયરેખા પર બનાવોની નોંધ કરે.
ઉપયોગ	વિદ્યાર્થીઓ રાજારામ મોહનરાયે કરેલા સુધારા અંગે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરે.	વિદ્યાર્થીઓ રાજારામ મોહનરાયે કરેલા સુધારા અંગે સામાન્યીકરણો તારવે.

વિશિષ્ટ હેતુઓને વિદ્યાર્થીના વર્તનની ભાષામાં વ્યક્ત કરવાથી વિદ્યાર્થીઓમાં કઈ શક્તિ, ક્ષમતા કે કુશળતા, વલણ વગેરે વિષયશિક્ષણ દ્વારા ખીલવવાનાં છે. તેનો શિક્ષકને ખ્યાલ આવે છે. આ ઉપરાંત જે શક્તિ, ક્ષમતા, કુશળતા ખીલવવાની છે તે માટે કઈ પદ્ધતિનો ઉપયોગ અસરકારક બની રહેશે તેની પણ શિક્ષક ચોક્કસ વિચારણા કરી શકે છે.

સામાજિક વિજ્ઞાનના ધ્યેયો, સામાન્ય હેતુઓ, વિશિષ્ટ હેતુઓ, વર્તન-પરિવર્તનોનો અભ્યાસ કર્યો. આ સમગ્ર હેતુઓ એકબીજા સાથે સંકળાયેલા છે. વિશાળ ધ્યેયો સિદ્ધ થતાં વર્ષોના વર્ષો લાગે. આથી સામાજિક વિજ્ઞાનના સામાન્ય હેતુઓની વિચારણા કરવામાં આવે છે. પરંતુ એ હેતુઓ પણ પૂર્ણ થતા ઘણો લાંબો સમય લાગે છે. એકાદ વર્ષમાં પૂરા કરવા તો અશક્ય જ છે. આથી આપણે વિશિષ્ટ હેતુઓની રચના કરીએ છીએ પણ તેનું મૂલ્યાંકન કરવામાં, તે હેતુ સિદ્ધ થયો કે નહિ તેની તપાસ કરવામાં અવરોધ ન થાય તે માટે તે વિશિષ્ટ હેતુઓને વર્તન-પરિવર્તનની ભાષામાં રચના કરીએ છીએ. આ વર્તન-પરિવર્તનોની સિદ્ધિ મેળવતા ઓછો સમય લાગે છે. 40 કે 45 મિનિટના તાસમાં સામાજિક વિજ્ઞાનના એકમના મુદ્દાને આધારે કયાં વર્તનમાં-પરિવર્તનો શક્ય બને તેમ છે. તેની વિચારણા કરીને જ હેતુ રચના કરવામાં આવે તે ઇચ્છનીય છે. વર્તનમાં પરિવર્તન લાવી શકાય તો જ વિશિષ્ટ હેતુ સિદ્ધ થાય, વિશિષ્ટ હેતુ સિદ્ધ થાય તો જ સામાન્ય હેતુમાં સિદ્ધિ પ્રાપ્ત થાય અને સામાન્ય હેતુઓ સિદ્ધ થતા સામાજિક વિજ્ઞાનના વિશાળ એવા ધ્યેયો સિદ્ધ થઈ શકે. આમ લાંબી એવી મજલ કાપવા માટે નાની નાની મજલ એટલે કે પગલીઓથી જ શરૂઆત કરવી પડે અને આમ પગલીઓ ભરતા જ રહીએ તો નિશ્ચિત કરેલી મજલને આધારે મંઝિલે પહોંચી શકાય છે.

આ બાબત નીચેની આકૃતિથી સ્પષ્ટ કરી શકાય.

સંરચિત હેતુઓ - (વર્તન-પરિવર્તનના સંદર્ભમાં રચેલા હેતુઓ) દરરોજના તાસના વિષયવસ્તુને ધ્યાનમાં લઈ વિશિષ્ટ હેતુઓને આધારે વિદ્યાર્થીઓના વર્તનમાં લાવવા ધારેલા પરિવર્તનોના સંદર્ભમાં રચવામાં આવે છે. આથી તે વર્તન પરિવર્તનની ચોક્કસ પરિભાષાના સંદર્ભે અવલોકનક્ષમ મૂલ્યાંકનક્ષમ હેતુ છે. આ હેતુઓ વર્ગશિક્ષણની પ્રક્રિયાથી ઉપયોગમાં લીધેલ પદ્ધતિ -પ્રયુક્તિઓ, શૈક્ષણિક સાધનો - સંદર્ભોનાં સક્ષમ ઉપયોગથી સિદ્ધ કરી શકાય છે. સંરચિત હેતુઓ સિદ્ધ થતા વિશિષ્ટ હેતુઓને આંબી શકાય છે અને તે રીતે આગળ વધતા સામાન્ય હેતુઓ અને શિક્ષણના ધ્યેયો-લક્ષ્યાંકો જે વિશાળ છે તેને પણ સિદ્ધ કરવાની દિશામાં જઈ શકાય છે.

સંરચિત હેતુઓનું ફલક નાનું છે. તેનાથી વિશિષ્ટ હેતુનું ફલક મોટું છે. તેનાથી સામાન્ય હેતુઓનું ફલક વધારે મોટું છે અને શિક્ષણના ધ્યેયોનું ફલક વિશાળ છે. આમ સૂક્ષ્મથી વિશાળ તરફ ગતિ કરી શકાય. પા-પા પગલીથી શરૂ કરી દોડવા સુધીની ગતિ મેળવી શકાય છે. વાસ્તવમાં શિક્ષક માટે તો સંરચિત હેતુઓ જ મહત્ત્વના છે. જે શિક્ષક દરરોજના શિક્ષણથી શી નીપજ મેળવવાની છે તેનો વિશેષ ખ્યાલ રાખે તો શિક્ષણના ધ્યેયોની સિદ્ધિ ચોક્કસ થઈ શકે. ટીપે-ટીપે સરોવર ભરાય તેવી આ પ્રક્રિયા છે. જે સમજી જાય અને અમલીકરણ કરે તે સફળતા પામે.

★ ★ ★

3

સામાજિક વિજ્ઞાનના શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા અને સમૃદ્ધિ

3.0 પ્રાસ્તાવિક
3.1 સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દૃષ્ટિબિંદુ
3.2 સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ગુણો
3.3 સામાજિક વિજ્ઞાનના શિક્ષકની અભિરુચિ-રસ
3.4 સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું અપેક્ષિત જ્ઞાન
3.5 સામાજિક વિજ્ઞાનના શિક્ષકના કૌશલ્યો અને ક્ષમતાઓ
3.6 સામાજિક વિજ્ઞાનના શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા
3.7 ઉપસંહાર

.0 પ્રાસ્તાવિક :

શિક્ષણ પ્રક્રિયામાં પણ ત્રણ ધ્રુવો છે. (1) શિક્ષક (2) વિદ્યાર્થી 3) વિષયવસ્તુ. આ ત્રણેય ધ્રુવની પારસ્પરિકતા પર જ શિક્ષક સફળતા પામે છે. જ્યારે ત્રણેય ધ્રુવ સંયોજિત થઈને શાળામાં પ્રવૃત્તિઓ પ્રારંભે અને તેમાં સમર્પિત થાય ત્યારે જ શિક્ષણની નાવ કિનારે પહોંચી શકે છે.

ત્રણ ધ્રુવોમાં ચાલકનું કાર્ય શિક્ષક કરે છે. તે શિક્ષણ પ્રક્રિયાનો ચેતનશીલ અને ક્રિયાશીલ સૂત્રધાર છે. તે શિક્ષણ પ્રક્રિયાનો આયોજક, વ્યવસ્થાપક અને સંચાલક છે. શિક્ષક વર્ગખંડનો નાખુદા છે. વિદ્યાર્થીઓને ઘડનારો છે. વિદ્યાર્થી ઘડતર દ્વારા તે રાષ્ટ્રની ઘડતર પ્રક્રિયાનો પાયારૂપ કાર્યકર્તા છે. શિક્ષક સિવાય શિક્ષણની પ્રક્રિયા આરંભી શકાતી નથી.

શિક્ષણમાં વિવિધ પરિવર્તનો આવ્યાં છે. નવા નવા શૈક્ષણિક સાધનો, પ્રવિધિઓ, પ્રવૃત્તિઓ, પદ્ધતિઓની શોધ-સંશોધન થતા રહ્યા છે. અભ્યાસક્રમમાં અદ્યતનતા આવતી જાય છે. શૈક્ષણિક સવલતો વધતી રહે છે. શિક્ષણની ગુણવત્તા અને પારમિતા અંગે પણ નવા નવા વિચારો આવતા જાય છે. અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, સાધન-સામગ્રીમાં સુધારણા થતી રહે છે. આ બધાંનું કેન્દ્રબિંદુ વિદ્યાર્થી છે. ચાલક શિક્ષક છે. ઉત્તમકક્ષાના અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, શૈક્ષણિક સાધનસામગ્રી અને ભૌતિક સુવિધા હોવા છતાં તેનો અસરકારક ઉપયોગ કરનારો શિક્ષક ન હોય તો બધું જ ધૂળમાં મળી જાય છે. શિક્ષક જ ઉપરોક્ત સુવિધાનો સુયોગ્ય ઉપયોગ કરી, અસરકારક રીતે વિદ્યાર્થીઓની શિક્ષણ નાવને જીવનસાગરમાં સફળ સહેલ કરાવી શકે છે.

કેવો શિક્ષક અસરકારક બની શકે ? જવાબ મળે સારો શિક્ષક. અહીં પણ પ્રશ્ન થાય કે સારો શિક્ષક એટલે કેવો શિક્ષક ? તેનો ઉત્તર પણ છે જ. ગુણવાન, યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળો, વ્યાવસાયિક સજ્જતા અને સમૃદ્ધિવાળો, કાર્યશીલ અને વિદ્યાર્થી-શિક્ષણ સમર્પિત શિક્ષણ એટલે સારો-અસરકારક શિક્ષક.

સારો - અસરકારક - ગતિશીલ - પ્રાણવાન - પ્રતિબદ્ધ - ગુણવાન શિક્ષકની વિસ્તૃત ચર્ચાને આધારે આપ શિક્ષકના વ્યવસાયમાં જોડાઈ રહ્યા છો ત્યારે તમે તે ગૌરવપદ પામો તેવી અભ્યર્થના.

3.1 સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દૃષ્ટિબિંદુ :

સમાજવિદ્યાના વિષયને હવે સામાજિક વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે. પાઠ્યપુસ્તકનું શીર્ષક પણ 'સામાજિક વિજ્ઞાન' આપેલ છે. સામાજિક વિજ્ઞાન શબ્દગુચ્છમાં જ વિજ્ઞાન શબ્દ છે. એટલે એમ કહી શકાય કે સામાજિક વિજ્ઞાન (સામાજિક વિજ્ઞાન) એક વૈજ્ઞાનિક અભ્યાસ છે ત્યારે સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દૃષ્ટિબિંદુ વૈજ્ઞાનિક હકારાત્મક, રાષ્ટ્રીય, વ્યાપક, તટસ્થ અને તંદુરસ્ત હોવું જોઈએ. કારણ કે સામાજિક વિજ્ઞાનના શિક્ષકે અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓમાં ઉદ્દાત ચારિત્ર્ય, વિધાયક વલણો અને જીવનમૂલ્યોનો વિકાસ કરવાનો છે. તેમનામાં માનવીય અને વૈજ્ઞાનિક જીવનદર્શનનું સંચારંણ કરવાનું છે. વર્ગમાં સક્રિય રહી વિદ્યાર્થીઓમાં સક્રિયતા વિકસાવવાની છે. વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતમ સુધી લઈ જવાના છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષકનો વિષય, અધ્યેતા, અધ્યાપન અને અધ્યયન પરત્વે યોગ્ય અને વિધાયક દૃષ્ટિકોણ હશે તો જ ઉપરોક્ત બાબતો સિદ્ધ થઈ શકે. તે સાથે શિક્ષણકાર્ય સરળ અને સફળ બની શકે.

→ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ :

સામાજિક વિજ્ઞાનનો શિક્ષક વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુવાળો હોવો જોઈએ. સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં બનાવો, આધારોને ચકાસવાના હોય છે. તેની ચકાસણી કરી સમજ પ્રાપ્ત કરવાની હોય છે. આ માટે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ જરૂરી

છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષકે એક વૈજ્ઞાનિકની માફક બનાવો, આધારોની સત્યતા, તથ્યોની સત્યતા માટે તટસ્થ વલણ અપનાવવું જરૂરી છે. સત્યની શોધ માટે તેનામાં ઉત્સાહ હોવો જરૂરી છે. તે ઉપરાંત આદર પણ જરૂરી છે. દા. ત. વિશ્વની પ્રજા વિશે શિક્ષણકાર્ય ચાલતું હોય ત્યારે વિવિધ લોકોના રંગ, કદ, દેખાવ, ખોરાક, પોશાક, રહેણીકરણી અને સ્વભાવ વગેરેની ભિન્નતાના કારણોમાં જે-તે પ્રદેશની ભૌગોલિક રચના અને પરિસ્થિતિને ધ્યાનમાં લઈ વિદ્યાર્થી સાથે ચર્ચા કરે તે જરૂરી છે.

→ હકારાત્મક દૃષ્ટિબિંદુ :

શિક્ષકનું હકારાત્મક દૃષ્ટિબિંદુ વિદ્યાર્થીઓમાં હકારાત્મકતા વિકસાવશે. આ માટે સત્ય વિગતો રજૂ કરવી જરૂરી છે. સામાજિક વિજ્ઞાનમાં કોમવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ કે રાષ્ટ્રવાદ જેવી સમસ્યાઓની રજૂઆત વખતે સત્ય વિગતો આપવી જોઈએ. તે ઉપરાંત હકારાત્મક વિચારો રજૂ કરવા જોઈએ. કોઈ એક કોમ, પ્રદેશ, ભાષા કે રાષ્ટ્રનો પક્ષ લઈને નકારાત્મક વિચારો રજૂ ન થાય તેની સતત કાળજી રાખવી જોઈએ. વ્યક્તિ તરીકે આપણી ફરજ શું ? તે વિશે સમજ આપવી જોઈએ. હકારાત્મક દૃષ્ટિકોણ જ સમસ્યાઓના નિરાકરણમાં મદદરૂપ બને છે. શિક્ષક કોઈ એક પક્ષે નહીં પણ તટસ્થ રહી ધર્મ, જાતિ, સામાજિક રીત-રિવાજો, રહેણીકરણી, રાજકીય પરિસ્થિતિ, વગેરે બાબતોમાં હકારાત્મકતા રાખી વિદ્યાર્થીઓને સમજ આપવી જોઈએ.

→ વ્યાપક દૃષ્ટિબિંદુ :

સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દૃષ્ટિબિંદુ વ્યાપક પણ હોવું જોઈએ. સામાજિક વિજ્ઞાનમાં વિશ્વના માનવો વિશે અભ્યાસ કરવામાં આવે છે. વિશ્વસ્તરે ઘટતી ઘટનાઓનો અભ્યાસ કરવાનો હોય ત્યારે તટસ્થતા જરૂરી છે. વ્યાપક દૃષ્ટિબિંદુ વિશાળતાના દર્શન કરાવશે. તેમાં સંકુચિતતા નહીં હોય. વિશાળ વિશ્વની સાથે રહીને જ વ્યક્તિ પોતાના નાનકડા સ્થળે-શહેર કે ગામે વસવાનું છે. હવે નવી નવી શોધોને કારણે વિશાળ વિશ્વ નાનું બનતું જાય છે. વિશ્વના ગમે તે ખૂણે સર્જાતી ઘટનાની જાણ ક્ષણભરમાં સર્વત્ર ફેલાઈ જાય છે ત્યારે વ્યાપક દૃષ્ટિબિંદુથી જ તેને સ્પષ્ટ રીતે સમજવી જરૂરી છે.

સામાજિક વિજ્ઞાનના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય તખ્તા પર લઈ જવાના છે. આ માટે આંતરરાષ્ટ્રીય સમજ વિદ્યાર્થીઓમાં વિકસે તે અનિવાર્ય છે. આંતરરાષ્ટ્રીય સમજ હોય તો જ વિદ્યાર્થી વિશ્વના માનવજીવનને, માનવસમાજને, માનવીય વર્તન-વલણને, માનવીય રીત-રિવાજોને, રહેણીકરણીને અને તેમાં આવતા નવા-નવા સુધારાઓને તેમજ વિકાસને સાચા સ્વરૂપમાં સમજી શકશે. વિશ્વના માનવ-માનવ વચ્ચે પરસ્પર અવલંબન છે. તે વાત વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવી જરૂરી છે. પોતાના વિકાસમાં અન્ય રાષ્ટ્રોના લોકોનો પણ ફાળો રહેલો છે. તે બાબત સામાજિક વિજ્ઞાનના શિક્ષકે સમજાવવી પડશે. આ માટે વ્યાપક દૃષ્ટિબિંદુ જરૂરી જ નહીં અનિવાર્ય છે.

→ રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુ :

સામાજિક-વિજ્ઞાન શિક્ષકે રાષ્ટ્ર પ્રત્યે હકારાત્મક રીતે વર્તવાનું છે. રાષ્ટ્રના સામાજિક, સાંસ્કૃતિક વારસાનું ગૌરવ જાળવવાનું છે. પોતાના રાષ્ટ્રની સાંસ્કૃતિક-સામાજિક વિશેષતાઓ માટે ગૌરવ રાખી તેના જતન અને સંવર્ધન માટે નાગરિક ફરજ બજાવવાની છે. રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ હોવો જ જોઈએ. પોતાના દેશના રક્ષણ માટે મરી ફીટવાની ભાવના કેળવવી જરૂરી છે. રાષ્ટ્રમાં એકતા, સંપ, વિકાસ માટે પરિશ્રમ, યોગ્ય બાબતોને પક્ષા-પક્ષીથી પર રહીને સમર્થન, રાષ્ટ્ર રક્ષણમાં બધાં સાથે રહે - યુધિષ્ઠિરના અન્યની ચઢાઈ સામે આપણે એકસો પાંચ છીએ તેવી નીતિ વિકસાવવાની ફરજ શિક્ષકના શિરે છે. વિશ્વના રાષ્ટ્રો સાથે પ્રેમ, સહાનુભૂતિ રાખીને વિશ્વના દેશોની સંસ્કૃતિ અને પ્રજા પ્રત્યે આદર રાખીને રાષ્ટ્રપ્રેમ વિકસાવવો જોઈએ. 'ઝનૂન' કે 'વાદ'થી પર રહી તટસ્થતાની નીતિને વળગી રહી સર્વ માટે સારું ઇચ્છીને રાષ્ટ્રનું ગૌરવ વધારવાની ખેવના વિદ્યાર્થીઓમાં જગાવવાની છે.

→ તટસ્થ - તંદુરસ્ત દૃષ્ટિબિંદુ :

સામાજિક-વિજ્ઞાન શિક્ષકે તટસ્થ તંદુરસ્ત દૃષ્ટિબિંદુ વિકસાવવાનું છે. વર્તમાનકાળે વિશ્વમાં અનેક વાદ-વિવાદો વિકસતા રહે છે ત્યારે તેમાં તટસ્થતા જરૂરી છે. સારું શું ? નરસું શું ? તે વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવા માટે તટસ્થ અને તંદુરસ્ત દૃષ્ટિબિંદુ જરૂરી છે. તટસ્થ અને તંદુરસ્ત દૃષ્ટિકોણવાળો શિક્ષક જ સમસ્યાને સ્પષ્ટ રીતે, સુસંવાદી રીતે રજૂ કરી શકશે. મૈત્રીપૂર્ણ વ્યવહાર, પૂર્વગ્રહોથી મુક્તિ, સહઅસ્તિત્વની ભાવનામાં શ્રદ્ધા, પરસ્પર સહયોગ અને શાંતિ માટે તટસ્થ અને તંદુરસ્ત દૃષ્ટિબિંદુની આવશ્યકતા રહે જ.

ટૂંકમાં સામાજિક વિજ્ઞાન - શિક્ષકનો સ્પષ્ટ, તંદુરસ્ત અને બિનહાનિકારક દૃષ્ટિકોણ હોવો જરૂરી છે. શિક્ષકમાં વૈજ્ઞાનિક અભિગમ, તટસ્થ વલણ, તંદુરસ્ત દૃષ્ટિબિંદુ, વિશાળતા, સત્યનું અનુકરણ, સ્નેહ, કરુણા, સદ્ભાવના, શીલ-સદાચાર, ઉચ્ચ જીવનમૂલ્યો અને આદર્શ વિશ્વ નાગરિકતા વગેરેની અપેક્ષા રહે છે.

આવતીકાલના વિશ્વનો સર્જક શિક્ષક છે. વિશ્વમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, આનંદ, પ્રસન્નતા, મિત્રતા, સહઅસ્તિત્વની ભાવના,

સહકાર, પ્રેમ, કરુણા, ચારિત્ર્યશીલતા, સદાચારનાં પ્રસરણમાં શિક્ષકનું દૃષ્ટિબિંદુ અસરકર્તા બને છે. કારણ વિદ્યાર્થીઓ શિક્ષકના વિચાર, આચાર અને મૂલ્યોને અનુસરતા હોય છે. આમ શિક્ષક આવતીકાલના ભાવિ નાગરિકો, સમાજસુધારકો, જ્યોતિર્ધરો, ઉદ્યોગપતિઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓનો રાહબર અને ઘડવૈયો છે ત્યારે તેનું દૃષ્ટિબિંદુ વૈજ્ઞાનિક, હકારાત્મક, વ્યાપક - આંતરરાષ્ટ્રીય સમજ ધરાવતું, રાષ્ટ્રીયતાવાળું, તટસ્થ અને તંદુરસ્ત હોવું અનિવાર્ય છે જ.

3.2 સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ગુણો :

સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય, પ્રભાવશાળી વ્યક્તિત્વ, ચારિત્ર્ય અને નૈતિકતા, અધ્યયનશીલતા, વિકાસ માટેની મહેચ્છા, વ્યવસાયિક નિષ્ઠા, શોધક સૂઝ, નેતૃત્વતા, આત્મવિશ્વાસ, અડગતા, મૈત્રીપૂર્ણતા, સહાનુભૂતિ, સંવેદનશીલતા, અનુકૂલનક્ષમતા, જેવા ગુણો હોવા જોઈએ.

ઉપરોક્ત ગુણોને વિશેષ રીતે સ્પષ્ટતા નીચે મુજબ કરી છે :

→ શારીરિક સ્વાસ્થ્ય :

સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું શારીરિક સ્વાસ્થ્ય સારું હોવું જોઈએ સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મન વસે છે. શારીરિક સ્વાસ્થ્ય સારું હોય તે શિક્ષક પ્રભાવશાળી બની રહે છે. તેના કાર્યમાં સ્ફૂર્તિ, ચેતનતા, તીવ્રતા જોવા મળે છે. તે પરિશ્રમથી, કાર્યશીલતામાં આગળ રહે છે.

શિક્ષકનું સ્વાસ્થ્ય ત્યારે જ જળવાય જ્યારે તે નિર્વ્યસની હોય, ખોટી આદતો ધરાવતો ન હોય, આળસુ ન હોય, નિયમપાલક કામગરો હોય, સારો ખોરાક લેતો હોય, સજાગતા કેળવવી હોય. શિક્ષકે પોતાના સ્વાસ્થ્ય માટે સજાગતા કેળવવી રહી.

→ માનસિક સ્વાસ્થ્ય :

શિક્ષકના વ્યવસાયમાં માનસિક કાર્ય વિશેષ રહેલું છે. તેને પોતાના સંવેગો પર નિયંત્રણ રાખી, આવેગો પર નિયંત્રણ રાખી શિક્ષણકાર્ય કરવાનું છે. શિક્ષકની સામે માધ્યમિક કક્ષાએ તરુણાવસ્થા ધરાવતા બાળકો આવતા હોય છે. ત્યારે તેઓ સાથે ખૂબ જ નિષ્પક્ષ, તટસ્થ, પૂર્વગ્રહ કે પક્ષપાત રહિત, ધૃણા કે તિરસ્કારથી પર રહીને વ્યવહાર કરવાનો હોય છે. વિષયવસ્તુની રજૂઆતમાં પણ માનસિક સ્વસ્થતા જાળવી, યોગ્ય અને સત્યતાવાળું વિષયવસ્તુ તટસ્થ અને નિષ્પક્ષ રહીને પીરસવાનું હોય છે. આનંદ અને પ્રસન્નતા જાળવીને વર્ગકાર્ય, પ્રવૃત્તિ કાર્ય, પ્રાયોગિક કાર્યનું સંચાલન કરવાનું હોય છે. આ રીતે જે શિક્ષક કાર્ય કરે તેની અસર લાંબાગાળા સુધી રહેતી હોય છે. તે શિક્ષકના શિક્ષણકાર્યથી વિદ્યાર્થીઓ પર પ્રભાવ પડતો હોય છે. તેમનું શીખવેલું તરત જ સમજાય છે. સમજાવે તેથી યાદ રહે છે અને વિષય પ્રત્યે રુચિ-રસ વધે છે. ઉમદા માણસના ગુણો-વલણો-મૂલ્યો વિકસે છે. તે શિક્ષક વિદ્યાર્થી પ્રિય બને છે અને વિદ્યાર્થીઓ તેને અનુસરે છે. આમ માનસિક સ્વસ્થતા વાળો શિક્ષક શિક્ષણ માટે યોગ્ય બની રહે છે.

→ વ્યક્તિત્વ :

શિક્ષકનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હોવું જોઈએ. જે શિક્ષકનું શારીરિક-માનસિક સ્વાસ્થ્ય સારું હોય, બુદ્ધિશાળી, જાગૃત અને પ્રેમાળ હોય, ઉત્સાહી અને ઉમંગી હોય, પ્રવૃત્તિશીલ, કાર્યશીલ, ભાવનાશીલ, લાગણીશીલ હોય, સાદો અને સ્વચ્છ પોષાક ધરાવતો હોય, પ્રભાવશાળી, સ્પષ્ટ અને સુમધુર અવાજ ધરાવતો હોય તે શિક્ષક પ્રભાવશાળી જ હોય.

બધાં શિક્ષકોમાં ઉપરોક્ત બધાં ગુણો શક્ય નથી પણ તેણે તે મેળવવા માટે પ્રયાસ કરવો જોઈએ.

→ ચારિત્ર્યશીલતા અને નૈતિકતા :

શિક્ષક ચારિત્ર્યશીલ - શીલવાન હોવો જોઈએ. માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આવતા વિદ્યાર્થીઓ તારૂણ્યવસ્થા અને યુવાવસ્થાના પ્રારંભિક કાળ ધરાવતા હોય છે. તેઓ સાથે શિક્ષકોએ તેમને દીકરા-દીકરી માનીને જ કાર્ય કરવાનું છે. પોતાનું ચારિત્ર્ય શુદ્ધ હોય તે જરૂરી છે. આચાર-વિચારમાં સમાનતા હોવી જોઈએ. કહે કંઈ અને કરે કંઈ તે શિક્ષક ચાલે નહીં. પ્રેમ, કર્તવ્યશીલતા, પ્રામાણિકતા, તટસ્થતા, દૃઢ નિશ્ચય, પરિશ્રમ, વ્યવસાયનિષ્ઠા, સામાજિક જવાબદારીની ભાવના, ધૈર્ય, કરુણા અને તેના જેવા નૈતિક ગુણો સામાજિક વિજ્ઞાન શિક્ષકમાં હોવા જોઈએ. સહાનુભૂતિ, સહિષ્ણુતા અને સહનશીલતાના ગુણો પણ અપેક્ષિત છે. હૃદયની વિશાળતા પણ હોવી જોઈએ. નીતિવાન અને ચારિત્ર્યશીલ શિક્ષક જ વિદ્યાર્થીને નીતિવાન અને ચારિત્ર્યશીલ બનાવશે.

→ અધ્યયનશીલતા :

સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે પોતાના વિષયનું પર્યાપ્ત અને ઊંડું જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાનને સમૃદ્ધ બનાવવાની અને જ્ઞાનને અદ્યતન રાખવાની અદમ્ય જિજ્ઞાસા અને ઝંખના હોય તો જ જ્ઞાન મળી શકે. ટૂંકમાં કહીએ તો શિક્ષક અધ્યયનશીલ હોય તો જ જ્ઞાન સમૃદ્ધ બની શકે. જ્ઞાનામૃતને પામવા માટે જ્ઞાનસાગરમાં સતત ડૂબકી મારતાં રહેવું પડે. જે શિક્ષક પાસે જ્ઞાન ન હોય તે આપે શું ? 'કૂવામાં હોય તો હવાડામાં આવે' તે ન્યાયે

શિક્ષક પાસે જ્ઞાન હોય તો જ વિદ્યાર્થી સુધી પહોંચે. આ માટે શિક્ષક સારો વાચક હોવો જોઈએ. નવા નવા પુસ્તકોનું વાચન કરતો રહેવો જોઈએ. આજે જ્ઞાનના સીમાડા એટલા વિસ્તૃત બન્યા છે ત્યારે તે સીમડાને સર કરવા માટે અધ્યયનશીલતા જરૂરી જ નહિ અનિવાર્ય છે. 21મી સદીમાં અધ્યયનશીલ સમાજ ઊભો થાય છે. કેટલીકવાર આ સદીના વિદ્યાર્થી પાસે જેટલું જ્ઞાન હશે તેટલું જ્ઞાન શિક્ષક પાસે નહીં હોય તો શિક્ષકના શિક્ષકત્વને લાંછન લાગશે. આજે જ્ઞાન મેળવવાના અનેક સાધનો ટી.વી. રેડિયો, કમ્પ્યૂટર વેબસાઈડ, ઈન્ટરનેટ આવતા ગયા છે ત્યારે તે સાધનો પાસેથી શિક્ષકે પણ માહિતી-જ્ઞાન મેળવવું પડશે અને પોતાની જ્ઞાનની સીમાઓને નિરંતર વિસ્તરતી રાખવી પડશે. આ માટે શિક્ષક આજીવન વિદ્યાર્થી બની રહેવો જોઈએ.

→ વિકાસ માટેની મહેચ્છા :

શિક્ષકે પ્રાથમિક, માધ્યમિક, કોલેજ અને યુનિવર્સિટી શિક્ષક તરફ વિકાસ કરવાની મહેચ્છા રાખવી જોઈએ. આ ઉપરાંત શિક્ષકે સારા લેખક - સારા વક્તા તરીકે પણ વિકાસ કરવો જોઈએ. આ માટે તેણે સતત વાંચવું પડશે. વાચક બની રહેવું પડશે. જ્ઞાનને કોઈ સીમા નથી. તેના સીમાડા અનંત સુધી વિસ્તરેલા છે અને તે અનંતતાને પામવાની ઝંખના જ શિક્ષકના વિકાસની મહેચ્છા પૂર્ણ કરી શકે તેમ છે. આ માટે શિક્ષકે સતત ભણતા રહેવું પડે. છેલ્લી ડિગ્રી મેળવવા સુધી તેણે વિદ્યાર્થી બની રહી જીવનના અંત સુધી વિદ્યાર્થી બની રહેનાર જ પોતાનો વિકાસ કરી શકે.

→ વ્યાવસાયિક નિષ્ઠા :

"ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે." કોઠારી કમિશનના આ વિધાનમાં શિક્ષકની મહત્ત્વની ભૂમિકા - શિક્ષકના મહત્ત્વના યોગદાનની વાત છે. શિક્ષક ભારતના ભાવિનો ઘડવૈયા છે. કેવો શિક્ષક ભાવિનો ઘડવૈયો બની શકે ? જેનામાં વ્યવસાય પ્રત્યે નિષ્ઠા હોય, વ્યવસાય નિષ્ઠા એટલે પોતાનો વ્યવસાય શ્રેષ્ઠ છે તેમ માની વ્યવસાયની શ્રેષ્ઠતાને સાબિત કરે તેવાં કાર્યો કરે તે શિક્ષક વ્યવસાય નિષ્ઠ શિક્ષક કહેવાય. શિક્ષક તરીકે વિદ્યાર્થીઓના વિકાસમાં સતત રસ લેનાર, વિદ્યાર્થીઓને ઉત્તમમાં ઉત્તમ વિષયવસ્તુ પીરસનાર, વ્યવસ્થિત પદ્ધતિઓ, પ્રયુક્તિઓનો ઉપયોગ કરી વિવિધ સાધનોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને રસદાયક બને તેવી રીતે શિક્ષણકાર્ય કરનાર શિક્ષક વ્યવસાય નિષ્ઠ કહેવાય. વ્યવસાયનિષ્ઠા ધરાવતો શિક્ષક વિદ્યાર્થીઓના ભાવિની સાથોસાથ ભારતના ભાવિને પણ વિકાસ પ્રતિ દોરી જાય છે.

→ શોધક સૂઝ :

શિક્ષક શોધક પણ છે. તેનામાં શોધવાની - નવું નવું ફંફોસવાની સૂઝ હોવી જોઈએ. સામાજિક વિજ્ઞાનને ભૂતકાળની ઘટનાઓની સાથોસાથ વર્તમાન ઘટનાઓ સાથે પણ સંબંધ છે. ભૂતકાળમાં જે ઘટનાઓ બની તે ઘટનાઓના કાર્યકારણને શોધી તેવી ઘટનાઓ પુનઃ ન બને તેવા પ્રયાસો કરવા જોઈએ. દા. ત. પ્લાસીના યુદ્ધમાં સિરાજ-ઉદ્-દોલાની હાર થઈ તે શાથી થઈ? તેના કારણો શોધી તે કારણોને વિદ્યાર્થીઓને વ્યવસ્થિત સમજ આપે તો વિદ્યાર્થીઓ પણ તેવા કારણોનો ભોગ બનશે નહિ.

આ ઉપરાંત શિક્ષક વિદ્યાર્થીઓની સમસ્યાઓથી પણ પરિચિત હોય છે. તેના નિરાકરણ માટે પણ શોધકવૃત્તિ જરૂરી છે. જે શિક્ષક સમસ્યાના કારણોની શોધ કરી શકે તે જ તેનું નિરાકરણ કરી શકે.

→ નેતૃત્વતા :

શિક્ષક વિદ્યાર્થીઓનો સાચો નેતા છે. વિદ્યાર્થીઓ શિક્ષકના વર્તન-વલણને સ્વીકારીને શીખતા હોય છે. વિદ્યાર્થીઓને યોગ્ય, ઉત્તમ અને વ્યવસ્થિત નેતૃત્વ પૂરું પાડનાર શિક્ષક જ સફળ બનાવે છે. કારણ નેતૃત્વના બળે જ તે વિદ્યાર્થીઓનું ભાવિ ઘડી શકે છે. પારદર્શક, લોકશાહીયુક્ત નેતૃત્વ જ વિદ્યાર્થીઓને ભાવિ રાષ્ટ્ર વિધાયક તરીકે ઘડતર કરી શકે છે. વર્ગમાં શિક્ષકે નેતા તરીકે કાર્ય કરવાનું છે. તેણે વિવિધ પદ્ધતિઓ - વિવિધ સાધનો - વિવિધ પ્રયુક્તિઓ - વિવિધ વિષયવસ્તુ વચ્ચે કાર્ય કરવાનું છે ત્યારે તેનામાં નેતૃત્વના ગુણો હશે તો જ સફળતાથી શિક્ષક તેનો ઉપયોગ કરી શકશે.

→ આત્મવિશ્વાસ :

શિક્ષકે ત્રણમાં વિશ્વાસ રાખવો જોઈએ. (1) પોતાનામાં (2) અન્યમાં (3) ભગવાનમાં. એક કવિએ ગાયું છે કે,

"ખુદનો ભરોસો જેને ન હોય તેને ખુદાનો ભરોસો નકામ." પોતાની જાતમાં જેને વિશ્વાસ નથી તેને ભગવાનમાં ભરોસો-વિશ્વાસ હોય તો પણ તે નકામો બની જાય છે. શિક્ષકે પણ આત્મવિશ્વાસથી જ શિક્ષણ કાર્ય કરવાનું છે. શિક્ષણ સાથે સંકળાયેલા સઘળાં કાર્યો કરી શકવાનો વિશ્વાસ શિક્ષકે કેળવવો પડશે. જો શિક્ષકનામાં આત્મવિશ્વાસ નહીં હોય તો તે વિદ્યાર્થીઓને પ્રેરકબળ પૂરું પાડી શકશે ખરા? શિક્ષણમાં વિવિધ સમસ્યાઓ પણ ઉદ્‌ભવતી હોય છે. તેના નિરાકરણ માટે પણ આત્મવિશ્વાસ હોવો જોઈએ. આમ, સફળ શિક્ષણ માટે સમસ્યાઓ દૂર

કરવા માટે અને વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી શકાય તે માટે શિક્ષકમાં આત્મવિશ્વાસ હોવો જોઈએ.

→ અડગતા :

શિક્ષકે કેટલાંક કાર્યો અડગતાપૂર્વક કરવાના હોય છે. આ માટે તેનામાં અડગતા હોવી જરૂરી છે. સંશોધન, નવવિચાર, પ્રયોગો, ક્ષેત્રકાર્ય, સર્વેક્ષણ વગેરે માટે અડગતા જરૂરી છે. જો તે વ્યવસ્થિત રીતે કાર્ય કરવા માગતો હોય તો અડગતા ખાસ જોઈએ. અડગ મનનો માનવી કોઈથી ડરતો નથી અને પોતાના ધ્યેય સુધી પહોંચી શકે છે. માટે શિક્ષકમાં પણ અડગતા જરૂરી છે.

→ મૈત્રીપૂર્ણતા :

શિક્ષકે વિદ્યાર્થી, વાલી, આચાર્ય, શિક્ષકો અને સમાજના વ્યક્તિઓ સાથે કાર્ય કરવાનું હોય છે. આ બધાં સાથે તે મિત્રતાપૂર્વક વર્તન રાખે તો તે ખૂબ સારી રીતે શિક્ષણને સજાવી શકે. આ સર્વે પ્રત્યે ખેલદિલી અને ભાઈચારાથી વર્તે તો શિક્ષણની નાવ સડસડાટ કૂચ કરી શકે.

→ સહાનુભૂતિ અને સંવેદનશીલતા :

શિક્ષક પ્રેમ, કરુણા, મૈત્રી અને પ્રસન્નતાની મૂર્તિ હોવો જોઈએ. તેનો વ્યવહાર સહાનુભતિપૂર્ણ હોવો જોઈએ. વિદ્યાર્થીઓ, સહકાર્યકરો, વાલીઓ, સમાજ, રાજ્ય, રાષ્ટ્રઅને વિશ્વ સાથે તેણે કાર્ય કરવાનું છે. સર્વેના વિકાસમાં તેણે પ્રદાન કરવાનું છે ત્યારે સર્વે પ્રત્યે સંવેદનશીલતા હોવી જરૂરી છે. કુદરતી આપત્તિઓના સમયે, સમાજની સમસ્યાઓ અને સમાજનાં અનિષ્ટો પરત્વે સંવેદનશીલતા - સહાનુભૂતિ હોવી જરૂરી છે. આ સર્વેમાં સંવેદનશીલતા હશે તો તેના નિરાકરણમાં તે કાર્ય કરી શકશે.

→ અનુકૂલનક્ષમતા :

શિક્ષકમાં અનુકૂલતા હોવી જોઈએ. અનુકૂલ થઈને કાર્ય કરનાર જ કાર્ય કરી શકે છે. જે પરિસ્થિતિ છે તેનો સ્વીકાર કરી તેને અનુકૂળ થઈને કાર્ય કરે તે જ કાર્ય કરી શકે. ઘણી શાળામાં બધાં જ પ્રકારના શૈક્ષણિક સાધનો ન હોય, સુવિધાઓમાં અભાવ હોય ત્યારે તેમાંથી માર્ગ કાઢીને કાર્ય કરી શકે તે શિક્ષક સફળતાને વરે.

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષકની તુલના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે કરાયેલી છે. 'ગુરુ'ને ગોવિંદથી પણ મોટા ગણ્યા છે. ચાણક્યે કહ્યું છે કે, "શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદ મેં ખેલતે હૈ". આ સઘળામાં શિક્ષકનો મહિમા ગવાયો છે. આ કેવા શિક્ષકો માટેનો મહિમા છે. જે ગુણવાન, શીલવાન અને અભ્યાસુ, ચિંતનશીલ, સ્વાધ્યાયી શિક્ષક માટે, કર્મ અને ધર્મની સભાનતા વાળા શિક્ષક માટે, કર્મ પ્રેમી અધ્યેતા પ્રેમી, અધ્યયનશીલ, સમર્પિત શિક્ષક માટે... શિક્ષકનો મહિમા શિક્ષકના હાથમાં છે. ગુણવાન શિક્ષકોની કદર થાય છે જ.

3.3 સામાજિક વિજ્ઞાનના શિક્ષકની અભિરુચિઓ - રસ :

રસવિહિનતા માણસને અધોગતિની ગર્તામાં ધકેલી દે છે. રસ હોવો - અભિરુચિ હોવી અનિવાર્ય છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષક માટે વિષયને સંબંધિત રસ - અભિરુચિ હોવી જોઈએ. જેમાં પ્રવાસ, ફોટોગ્રાફી, સંગ્રહ, વાચન, સમકાલીન પ્રવાહો અને ઘટનાઓને જાણવાની, સંશોધન - શોધક અને પ્રવૃત્તિઓ પ્રત્યે અભિરુચિ હોવી જોઈએ.

→ પ્રવાસ-પર્યટનમાં અભિરુચિ :

સામાજિક વિજ્ઞાન સ્થાનિકથી શરૂ કરી વૈશ્વિક સ્તર સુધી વિસ્તરેલું છે. ત્યારે સાચું, પ્રત્યક્ષ, વાસ્તવિક અને જીવંત જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રવાસ-પર્યટન કરવાની અભિરુચિ હોવી આવશ્યક છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષકમાં કુદરત પ્રત્યે પ્રેમ, જ્ઞાનપીપાસા, અવલોકન શક્તિ, નિરીક્ષણ શક્તિ, પ્રજા-સંપર્કની ટેવ હોય તો પ્રવાસ-પર્યટન એક વરદાનરૂપ બની રહે છે. પ્રવાસ-પર્યટન ખરેખર જ્ઞાન પ્રાપ્તિની - જ્ઞાન ખોજની યાત્રા છે. જે વિષયવસ્તુ વર્ગમાં ભણાવાય અને પ્રવાસ કરીને ભણાવાય તેમાં આભ-જમીનનો તફાવત છે. દા. ત. મોઢેરાનું સૂર્ય મંદિરની વર્ગમાં શબ્દો દ્વારા માહિતી આપવી અને મોઢેરાનો પ્રવાસ કરી તેની માહિતી આપવામાં આવે તો ખૂબ જ સારી રીતે કઈ પ્રવૃત્તિ સફળ રહેશે ? જવાબ મળશે પ્રવાસ-પર્યટન.

→ ફોટોગ્રાફી-અભિરુચિ :

પ્રવાસ-પર્યટન કરીએ છીએ ત્યારે તેની સ્મૃતિ રહે તે માટે ફોટોગ્રાફીમાં રસ હોય તે જરૂરી છે. ફોટોગ્રાફ્સ અણદીઠી ભોમકાને, ઈમારતને, સ્થળને, વિદ્યાર્થીઓ સમક્ષ તાદૃશ્ય-દૃશ્યમાન બનાવે છે. ફોટોગ્રાફ હોય તો દર વર્ષે નવા આવતાં બાળકોને જ્ઞાન આપી શકાય. ફોટોગ્રાફ જોઈને કેટલાંકની ઈચ્છા તેને પ્રત્યક્ષ જોવાની થાય છે અને તે પ્રવાસ કરીને તેને જુએ છે. વળી ફોટોગ્રાફીથી ભવિષ્યની વાતો મમળાવતા રહી શકાય છે. ફોટોગ્રાફી કેટલીક યાદોને તાજી બનાવે છે અને તે તાજગી શિક્ષણકાર્યમાં પણ ઉપયોગી છે.

→ **સંગ્રહની અભિરુચિ :**

સામાજિકવિજ્ઞાનમાં અનેક સંગ્રહો અભ્યાસ માટે, શિક્ષણ માટે ઉપયોગી બને તેવા છે. જેમાં ચિત્રો, ટિકિટો, સિક્કાઓ, નમૂનાઓ, ઢીંગલીઓ, કઠપૂતળીઓ, ઓજારો, ઘરવખરીના સાધનો, મહાપુરુષોના જીવન-ફોટોગ્રાફ, મહાપુરુષોના સાધનો, વર્તમાનપત્રોમાં આવતી માહિતી - લેખો વગેરે સંગ્રહનો સમાવેશ થઈ શકે. આ પ્રકારના સંગ્રહની અઢળક તકો છે. સંગ્રહનો શોખ આનંદદાયક અને જ્ઞાનસમૃદ્ધિની પ્રવૃત્તિ છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણને રોચક, સમૃદ્ધ, જીવંત અને રસદાયક બનાવવા શિક્ષકમાં સંગ્રહની અભિરુચિ-રસ શોખ હોવો જોઈએ.

→ **વાચન-અભિરુચિ :**

વાંચે-વિચારે તે જ વિકસે. તે સૂત્ર અનુસાર શિક્ષકમાં વાચન અભિરુચિની સાથે વિચાર અભિરુચિ પણ હોવી જોઈએ. અદ્યતન માહિતી પ્રાપ્તિ માટે વાચન અભિરુચિ જ ઉપયોગી બને છે. સામયિકો, સંદર્ભગ્રંથો, વર્તમાનપત્રો, સરકારી અહેવાલો, દસ્તાવેજો વગેરેના વાચન અને પરિશીલન દ્વારા જ જ્ઞાનની ક્ષિતિજોને સર કરી વિસ્તારી શકાય છે. વાચન અભિરુચિ હશે તો જ અદ્યતન માહિતી મેળવી શકાશે અને અદ્યતન માહિતી જ શિક્ષકને વર્ગશિક્ષણમાં સફળતા અપાવશે અને વિદ્યાર્થીઓને શિક્ષક અદ્યતન માહિતી દ્વારા જ પ્રવર્તમાન ઘટનાઓથી વાકેફ રાખી શકાશે.

→ **ચિત્રકામ અભિરુચિ :**

સામાજિક વિજ્ઞાનમાં સમયરેખા, નકશાકાર્ય, આલેખ, ચિત્રોનો ઉપયોગ દ્વારા શિક્ષણમાં રસ કેળવી શકાય છે. વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં આનંદદાયી અને રસદાયી શિક્ષણ આપી શકાય છે. પર્યટન-પ્રવાસ દરમ્યાન સ્થળ અને દશ્યનું રેખાંકન કરવાની કુશળતા ચિત્રકામ-અભિરુચિથી સિદ્ધ થઈ શકે છે. જે વિદ્યાર્થીઓ પ્રવાસ કરી શકે તેમ ન હોય તેમના માટે આ રેખાંકનો ઉપયોગી બને છે.

→ **સમકાલીન પ્રવાહો - ઘટનાઓમાં અભિરુચિ :**

સામાજિક વિજ્ઞાનને સમકાલીન પ્રવાહો અને ઘટનાઓ સાથે વિશેષ સંબંધ છે. સમકાલીન ઘટના કે સમસ્યાને ભૂતકાલીન ઘટના કે સમસ્યા સાથે સાંકળીને શિક્ષણકાર્ય કરવામાં આવે તો તે વિદ્યાર્થીઓને વધારે યાદ રહે છે. આજે વિશ્વમાં અનેક ઘટનાઓ બનતી હોય છે. પળે પળે પરિવર્તન પમાતું જાય છે ત્યારે શિક્ષક આ સર્વેથી જાણકાર હોવો જોઈએ અને તે માટે તેનામાં વર્તમાનપત્રો - સામયિકો વાંચવાની આદત હોવી જોઈએ.

→ **વિવિધ પ્રવૃત્તિઓમાં અભિરુચિ :**

શિક્ષણ પ્રવૃત્તિલક્ષી હોવું જોઈએ. વ્યાખ્યાન - પ્રવચન આપવાથી વિદ્યાર્થીઓ કંટાળો અનુભવે છે જ્યારે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓમાં રસ કેળવાય છે. ત્યારે વર્ગશિક્ષણ દરમિયાન વિવિધ પ્રવૃત્તિ કરવા માટે શિક્ષકમાં પ્રવૃત્તિ પ્રત્યે અભિરુચિ હોવી જોઈએ. વિદ્યાર્થીઓને વિષય પ્રત્યે રસ જગાવવા, અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિમાં સક્રિય રાખવા પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. આ માટે પ્રદર્શન, બુલેટિન બોર્ડ, સાધનસામગ્રીનું સર્જન, પત્રમૈત્રી, પ્રશ્ન પૂછો, ઉત્તર આપો, આવો સાથે મળી સમજીએ, પ્રાયોગિક કાર્યો, સમાજ સંપર્ક, સંસ્થા મુલાકાત, વ્યક્તિ વિશેષ મુલાકાત, ચિત્ર દોરો, પોસ્ટર બનાવો વગેરે પ્રવૃત્તિઓમાં શિક્ષકને રસ હોવો જોઈએ અને રસ હશે તો તે વિદ્યાર્થીઓ માટે પણ આ પ્રકારની પ્રવૃત્તિનું આયોજન કરી સામાજિક વિજ્ઞાનને સરળ બનાવી શકશે.

3.4 સામાજિક વિજ્ઞાન શિક્ષકનું અપેક્ષિત જ્ઞાન :

શિક્ષકની સફરને સફળ રીતે પૂર્ણ કરવા માટે જ્ઞાન જ પ્રેરણા માર્ગ છે. 'જ્ઞાન વિહિન નર પશુ' તેમ કહેવાયું છે તે જ દર્શાવે છે કે જ્ઞાન મેળવવું દરેક વ્યક્તિ માટે આવશ્યક છે. સામાન્ય વ્યક્તિ માટે જ્ઞાન જરૂરી છે ત્યારે શિક્ષક તો જ્ઞાનનો પ્રસારક અને પ્રચારક છે તેની પાસે તો જ્ઞાનનો ભંડાર હોવો જોઈએ. શિક્ષક પાસે પોતાના વિષય ઉપરાંત પણ અન્ય વિષયો અને શિક્ષણનું જ્ઞાન હોવું જોઈએ.

વિષયવસ્તુનું જ્ઞાન :

સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે સામાજિક વિજ્ઞાન વિષયના વિષયવસ્તુનું સમૃદ્ધ અને અદ્યતન જ્ઞાન હશે તો જ તે સામાજિક વિજ્ઞાનના વિષયને ન્યાય આપી શકશે. જ્ઞાન હશે તો જ વર્ગકાર્ય સમૃદ્ધ, ઊંડાણપૂર્વકનું અને સફળ કરી શકશે. વર્ગને જીવંત રાખવા, શિસ્તમય રાખવા, રસિક બનાવવા, આનંદદાયી બનાવવા જ્ઞાન આવશ્યક છે.

સામાજિક વિજ્ઞાન એ સામાજિક અને ગતિશીલ વિજ્ઞાન છે. દરરોજ વિવિધ ક્ષેત્રે ઘટનાઓ બનતી રહે છે. જે સામાજિક વિજ્ઞાન સાથે સંબંધિત હોય છે. હરરોજ આવતાં પરિવર્તનોથી જ્ઞાત રહેવું આવશ્યક છે. પરિવર્તનો સંદર્ભે શિક્ષકે જાગૃતતા, સંવેદનશીલતા અને સભાનતા કેળવવી જોઈએ.

સામાજિક વિજ્ઞાન સ્થાનિક કક્ષાએથી શરૂ થઈ વિશ્વસ્તરે પ્રસરણ પામે છે. આથી શિક્ષકે સ્થાનિકથી શરૂ કરી વિશ્વસ્તર સુધી પોતાની જ્ઞાન-પિપાસા સંતોષવી પડે. વિવિધ ક્ષેત્રોમાં બનતી ઘટનાઓ અને આવતા પરિવર્તનોથી પણ સામાજિક વિજ્ઞાનના શિક્ષકે જ્ઞાન મેળવવું જોઈશે.

જ્ઞાન મેળવવા માટે શિક્ષકે અભ્યાસુ અને અધ્યયનશીલ બનવું પડે. આ માટે સંદર્ભપુસ્તકો, વર્તમાનપત્રો, સામયિકોના સતત સંપર્કમાં રહેવું પડે. અર્વાચીન કાળમાં આવતાં પરિવર્તનો વર્તમાનપત્રમાં જ જાણવા મળે. આ માટે વર્તમાનપત્રો અને 'સંદર્ભ પુસ્તકો' વાંચવા

જોઈએ અને પોતાના જ્ઞાનને સમૃદ્ધ બનાવવું જોઈએ.

ટૂંકમાં, સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે પાઠ્યપુસ્તકમાં આપેલ માહિતી-જ્ઞાન કરતાં વિશેષ જ્ઞાન હોવું જોઈએ. વિશ્વસ્તરે વિસ્તરતા જતાં, પરિવર્તન પામતાં આધુનિક અને અદ્યતન જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન સમૃદ્ધ શિક્ષક જ અધ્યાપનકાર્યને સરળ, રસપ્રદ અને આનંદમય બનાવી શકે. વિદ્યાર્થીઓને તેવો શિક્ષક જ ગમે તે વિષયને સ્પષ્ટ રીતે સમજાવી શકે અને વિષયમાં આપેલી વિગતો વિદ્યાર્થીના મગજ સુધી પહોંચાડી શકે.

મનોવિજ્ઞાનનું જ્ઞાન :

વિદ્યાર્થીઓ વિવિધ સામાજિક સ્તરમાંથી આવતા હોઈ તેમનામાં વ્યક્તિગત ભિન્નતાઓ હોય છે. વિદ્યાર્થીઓમાં જોવા મળતી ભિન્નતામાં રસ, અભિરુચિ, વલણ, માનસિક સ્થિતિ, બુદ્ધિ આંક, અભ્યાસ ટેવ, ધ્યાન કેન્દ્રીકરણ વગેરેનો સમાવેશ કરી શકાય. આ ઉપરાંત સામાજિક, શારીરિક, માનસિક, સાંવેગિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો અને ખાસિયતોમાં પણ ભિન્નતા જોવા મળે છે. ત્યારે મનોવિજ્ઞાનનું જ્ઞાન આવશ્યક છે. મનવિજ્ઞાનનું જ્ઞાન ધરાવનાર શિક્ષક નબળા તેમજ પ્રતિભા સંપન્ન બાળકોને સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ પડે તે રીતે શિક્ષણ કાર્ય કરી તેઓ ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે તેવી સલાહ અને માર્ગદર્શન આપી શકશે. મનોવિજ્ઞાનના અભ્યાસથી શિક્ષક અધ્યયન સિદ્ધાંતો, શિક્ષક સંક્રમણ, વ્યક્તિગત ભિન્નતા, માનસિક સ્વાસ્થ્ય, અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ જ્ઞાન દ્વારા તે પોતાના શિક્ષણકાર્યને અસરકારક અને રસદાયક બનાવી શકે છે. તે ઉપરાંત વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી, ખૂબ જ સહજતા અને સરળતાથી અકળામણ અનુભવ્યા સિવાય, ગુસ્સે થયા વિના શિક્ષણપથની યાત્રા કરાવી શકે છે. વિદ્યાર્થીઓમાં રહેલી ભિન્નતા, તેમની શક્તિ, ખાસિયતો, જરૂરિયાતો રુચિને સમજીને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે અને તે પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને સામેલ કરી તેમનામાં આત્મવિશ્વાસ જગાવી શકે છે. આમ, મનોવિજ્ઞાનનું જ્ઞાન શિક્ષકના શિક્ષણકાર્ય માટે અગત્યનો ફાળો આપે છે.

સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું જ્ઞાન :

સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ આપનાર શિક્ષક પાસે સામાજિક વિજ્ઞાનના શિક્ષણના હેતુઓ, અધ્યાપન પ્રવૃત્તિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ, અભિગમો, શૈક્ષણિક સાધનો અને તેનો ઉપયોગ, સંદર્ભ પુસ્તકો વગેરેનું જ્ઞાન હોવું જોઈએ. આ જ્ઞાન વિના શિક્ષક શિક્ષણની નાવને કિનારે પહોંચાડી શકે નહિ. આ માટે શિક્ષક બનવાની ઝંખના રાખનારે શિક્ષણની ડિગ્રી પરીક્ષા પાસ કરવી પડે છે.

શિક્ષણ દ્વારા શું સિદ્ધ કરવાનું છે ? શું શીખવવાનું છે ? કેવી રીતે શીખવવાનું છે ? આ ત્રણ પ્રશ્ન હોય છે તેમાં પ્રથમ પ્રશ્ન શિક્ષણના હેતુનો નિર્દેશ કરે છે. શિક્ષણ કાર્ય કરતાં પહેલાં વિદ્યાર્થીઓને આ હેતુસર શિક્ષણ આપવાનું છે તે નક્કી કરવું જોઈએ. આ માટેનું જ્ઞાન શિક્ષક પાસે હોવું જોઈએ. હેતુ વગરની નાવ કિનારે પહોંચતાં પહેલાં ડૂબાડી દે તેમ શિક્ષણની નાવનું પણ બને છે. આથી સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે વિષયના હેતુઓ, વિશિષ્ટ હેતુઓ, વર્તન-પરિવર્તનોની સ્પષ્ટતા હોવી અનિવાર્ય છે.

સામાજિક વિજ્ઞાનમાં અનેક એકમોનું જ્ઞાન આપવાનું હોય છે. ત્યારે એકમ અનુસાર સામાન્ય હેતુઓ, વિશિષ્ટ હેતુઓ અને વર્તન-પરિવર્તનોની રચના કરવી જોઈએ. પાઠ્યવસ્તુ, અધ્યયન અનુભવો, પદ્ધતિઓ, પ્રયુક્તિઓના આયોજનમાં, દૃશ્ય-શ્રાવ્ય સાધનોની પસંદગીમાં, સંદર્ભના ઉપયોગ અંગે, મૂલ્યાંકન પ્રવિધિ નક્કી કરવા માટે હેતુઓનું જ્ઞાન સહાયરૂપ બને છે. હેતુઓ નિશ્ચિત કરેલા હોય તો જ વિદ્યાર્થીઓની ક્ષમતાઓનું મૂલ્યાંકન કરી શકાય છે. આમ વર્ગ પ્રવેશથી શરૂ કરી વર્ગકાર્યની પૂર્ણતા સુધી પહોંચવામાં હેતુઓ ઉપયોગી છે. શિક્ષણની નાવને કયાં લઈ જવી છે, કેવી રીતે લઈ જવી છે, કયારે તેમાં થોભવાનું છે, ઝડપ કરવાની છે, વગેરે માટે હેતુઓનું જ્ઞાન આવશ્યક છે.

હેતુઓ ઉપરાંત શિક્ષક જે કાંઈ શીખવે છે તેને વિદ્યાર્થીઓ સરળતાથી, રસપૂર્વક અને સારી રીતે ગ્રહણ કરી શકે તે માટે આયોજન કરવાનું જ્ઞાન હોવું જોઈએ. શિક્ષક પૂર્વઆયોજન સાથે વર્ગમાં પ્રવેશે તો તે વર્ગમાં પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરી શકે. હા, વર્ગ પરિસ્થિતિ બદલાય તો આયોજનમાં પરિવર્તન કરવાનું જ્ઞાન પણ શિક્ષક પાસે હોવું જોઈએ.

સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ અવૈજ્ઞાનિક, અરુચિકર અને દોષયુક્ત બને તે માટે પારંપારિક પદ્ધતિઓ - પ્રયુક્તિઓને બદલે નવી, યોગ્ય અને સામગ્રીને અનુરૂપ પદ્ધતિ-પ્રવિધિનો ઉપયોગ થાય તે જરૂરી છે. આ માટે અધ્યાપન પદ્ધતિ - પ્રવિધિઓનું જ્ઞાન શિક્ષક પાસે હોવું જોઈએ. સામાજિક વિજ્ઞાનનો વિષય જીવંત, ગતિશીલ અને પરિવર્તનશીલ છે. તેને જીવન સાથે, જીવન વ્યવહારો સાથે, સમાજ સાથે સંબંધ છે. ત્યારે અનુભવ કરવાનો અને જીવન જીવવાનો વિષય છે. ત્યારે શિક્ષણની વિવિધ પદ્ધતિઓમાંથી સામાજિક વિજ્ઞાનના પાઠ્યવસ્તુને અનુરૂપ પદ્ધતિની પસંદગી કરવા માટે પદ્ધતિ વિષયક જ્ઞાન અપેક્ષિત છે. વિદ્યાર્થીઓની વિકાસ અવસ્થા, વ્યક્તિગત ભિન્નતા, બૌદ્ધિક વિકાસ, સાંવેગિક વિકાસ વગેરેને ધ્યાનમાં રાખીને શિક્ષણ પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, અભિગમોનો ઉપયોગ થવો જોઈએ. 21મી સદી ઈન્ફોર્મેશન ટેક્નોલોજીની સદી છે ત્યારે તેને ધ્યાનમાં લઈ વર્ગકાર્ય પદ્ધતિ નક્કી કરવી જોઈએ. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ માટે આધાર પદ્ધતિ, જીવન વૃત્તાંત પદ્ધતિ, તુલનાત્મક પદ્ધતિ, કુદરતી પ્રદેશ પદ્ધતિ તેમજ પ્રવાસ, પ્રદર્શન, સંગ્રહાલય, પાત્રાભિનય, નાટ્યકરણ, પ્રશ્નોત્તર જેવી પ્રયુક્તિઓ અને શોધ, મૂલ્ય સ્પષ્ટીકરણ, સમસ્યા ઉકેલ જેવા અભિગમોનો ઉપયોગ થાય તે જરૂરી છે.

સામાજિક વિજ્ઞાનના હેતુઓની સિદ્ધિ માટે સામાજિક વિજ્ઞાનનો શિક્ષક પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, અભિગમોથી જ્ઞાત હોવો જોઈએ. સામાજિક વિજ્ઞાનના વિષયને જીવંત, રસદાયક, ફળદાયક, આનંદદાયક, અસરકારક બનાવવા માટે સામાજિક વિજ્ઞાનના શિક્ષણકાર્ય દરમિયાન વિવિધ અધ્યાપન પદ્ધતિઓ પ્રયુક્તિઓ અને અભિગમોનો ઉપયોગ કરવો જરૂરી છે. આ તે જ શિક્ષક કરી શકે જેની પાસે પદ્ધતિઓ, પ્રયુક્તિઓ અને અભિગમોનું જ્ઞાન હોય, તેનું આયોજન અને ઉપયોગ કરવાની કુશળતા હોય.

અન્ય વિષયોનું જ્ઞાન :

જ્ઞાન અખંડ છે તેના ભાગ પાડવા મુશ્કેલ છે છતાં માનવે પોતાની સરળતા માટે જ્ઞાનને વિવિધ વિષયો-વિભાગોમાં વહેંચ્યુ છે. પરંતુ જ્ઞાનની સમગ્રતા અને અખંડિતતાનો અનુભવ વિદ્યાર્થીઓને કરાવવા માટે સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દરમિયાન અન્ય વિષયો સાથે સામાજિક વિજ્ઞાનનો અનુબંધ કરવો જોઈએ. સંબંધ સ્થાપિત કરવો જોઈએ. સામાજિક વિજ્ઞાનને વિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સાહિત્ય તેમજ જીવન સાથે વિશેષ સંબંધ છે. સામાજિક વિજ્ઞાનની વિવિધ શાખાઓ જેવી કે ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સાથે પણ ગાઢ સંબંધ છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણને સમૃદ્ધ, જીવંત, અસરકારક, રોચક, આનંદદાયક, બનાવવા અને તેમાં સમાવિષ્ટ ખ્યાલો, સંકલ્પનાઓ કે રૂઢ શબ્દોના સ્પષ્ટીકરણ માટે વિવિધ વિષયો સાથે સામાજિક વિજ્ઞાનને જોડવું જરૂરી છે. આ માટે સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે વિવિધ વિષયોના વિષયવસ્તુનું જ્ઞાન અપેક્ષિત છે. શિક્ષક જો સામાજિક વિજ્ઞાન ઉપરાંત વિવિધ વિષયોમાં રુચિ ધરાવતો હોય, તે વિષયોના પુસ્તકો વાંચતો હોય, નવા આવતાં પ્રવાહોથી પરિચિત રહેતો હોય તો જ્ઞાનની પ્રક્રિયા વેગીલી બને છે અને સામાજિક વિજ્ઞાન સાથે અન્ય વિષયોને જોડીને શિક્ષણની સફરને સફળ બનાવી શકે છે.

ટૂંકમાં, સામાજિક વિજ્ઞાનના શિક્ષકે અન્ય વિષયોના જ્ઞાન માટે ઉપાસક અને સાધક બનવું જોઈએ. અન્ય વિષયોનો જ્ઞાનયોગી શિક્ષક વિદ્યાર્થીઓને અન્ય વિષયોનું જ્ઞાન સામાજિક વિજ્ઞાનના શિક્ષણ સમયે અનુબંધ જોડીને પીરસી શકે છે. આ શિક્ષક જ વિદ્યાર્થીઓને જ્ઞાન મેળવવાની પ્રેરણા આપી પ્રેરક બની શકે છે. જ્ઞાનયોગી શિક્ષક વિદ્યાર્થીના જ્ઞાન પ્રાપ્તિના માર્ગને કંટક રહિત બનાવીને જ્ઞાન પ્રાપ્તિના માર્ગે સડસડાટ દોડાવી શકે છે.

સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે સ્થાનિક સામાજિક વિજ્ઞાનની જ્ઞાનની સાથે રાજ્ય-રાષ્ટ્રઅને વિશ્વ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની અનિવાર્યતા રહે છે. પ્રો. વી. ટી. ઘાટેના કથનમાં પ્રથમ શબ્દોમાં પરિવર્તન કરીને કહી શકાય કે, “સામાજિક વિજ્ઞાનના સફળ શિક્ષક માટે એ જરૂરી છે કે તે વૈશ્વિક સામાજિક વિજ્ઞાન જાણતો હોય, માનવ વિજ્ઞાનના આધારભૂત તથ્યોથી એ પરિચિત હોય, મનુષ્યની પ્રાચીનતાથી એ પરિચિત હોય અને સંસ્કૃતિના વિકાસની જુદી જુદી અવસ્થાઓની પૂર્ણ જાણકારી રાખતો હોય.” આ ઉપરાંત સામાજિક વિજ્ઞાનના વિષય સાથે સંબંધિત હોય તેવી પ્રવર્તમાન ઘટનાઓનું સમય અને સ્થળના સંદર્ભે મૂલ્ય હોય છે. તે મૂલ્યને સમજી શિક્ષકે વિદ્યાર્થી સુધી પહોંચાડવા પ્રયત્નશીલ રહેવાનું છે.

જે શિક્ષક સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સાથે તેના સામાજિક વિજ્ઞાન ભણાવવાના હેતુઓ અને સામાજિક વિજ્ઞાનના અધ્યાપન અંગે તે ઉપરાંત અન્ય વિષયોનું જ્ઞાન હશે તે શિક્ષક જ વિદ્યાર્થીઓના મતે સામાજિક વિજ્ઞાનના અઘરાપણાંને સરળપણામાં પરિવર્તન કરી શકે.

3.5 સામાજિક વિજ્ઞાનના શિક્ષકના કૌશલ્યો અને ક્ષમતાઓ :

વર્ગમાં શિક્ષણકાર્ય કરતાં અનેક શિક્ષકોને તમે નિહાળ્યા હશે. તેમાંના કેટલાંક તમને વિશેષ ગમ્યા હશે. તેમનું શિક્ષણકાર્ય તમને વધારે પસંદ પડ્યું હશે. પણ તમે કારણો વિચાર્યા નહીં હોય. તો તેનું કારણ છે તે શિક્ષક પાસે શિક્ષણકાર્ય કરવાના કૌશલ્યો અને ક્ષમતાઓ છે. કેટલાંક શિક્ષકો પાસે જ્ઞાનનો ખજાનો ભરેલો હોય પણ તે તેના ખજાનામાંથી જે કાંઈ આપે તે એવી રીતે આપે કે જેનો સ્વીકાર - ગ્રહણ વિદ્યાર્થી કરી શકતો નથી. કારણ કે તેને જ્ઞાન આપવાની કુશળતા નથી. સામાજિક વિજ્ઞાનના શિક્ષક માટે પણ આ વાત તેટલી જ સાચી છે જે બીજા શિક્ષકો માટે છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે વિષયવસ્તુ, અધ્યાપન પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, અભિગમો, મનોવિજ્ઞાન, દશ્ય-શ્રાવ્ય સાધનો અને સામગ્રી, અન્ય વિષયોનું જ્ઞાન હોય છતાં તેનો યોગ્ય રીતે - વિદ્યાર્થીને અનુકૂળ આવે તે રીતે ઉપયોગ કરવાની કુશળતા - કૌશલ્ય કે આવડત નહિ હોય તો એ જ્ઞાન માત્ર બોજારૂપ બનશે. જ્ઞાનના ઉપયોગની કુશળતા વિનાનું જ્ઞાન દરિયાના પાણી જેવું છે.

સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે કયા-કયા કૌશલ્યો - ક્ષમતાઓ - આવડતો - કુશળતાઓ હોવી જોઈએ. તેમાં આયોજન, દશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગ, અર્થઘટન કરવા, પ્રત્યાયન કરવા, વર્ગવ્યવસ્થા, આંતરક્રિયા, કથન, પ્રશ્નોત્તરી, આધાર સંગ્રહની કુશળતાઓ હોવી જોઈએ.

આયોજન કૌશલ્ય :

કોઈ પણ કાર્યની સફળતાના તેના આયોજનમાં રહેલી છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે પણ શિક્ષણકાર્ય કરવા માટે વાર્ષિક આયોજન, માસિક આયોજન, પખવાડિક આયોજન, અઠવાડિક આયોજન અને દૈનિક આયોજન કરવાનું કૌશલ્ય હોવું જોઈએ. આયોજન વિનાનું શિક્ષણ ખલાસી વિનાના નાવ જેવું બની રહે છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણને જીવંત, પ્રાણવાન, રસપ્રદ, પ્રવૃત્તિશીલ, હેતુ સિદ્ધિવાળું, વિદ્યાર્થીની સહભાગિતાવાળું, વિદ્યાર્થીઓને સક્રિય રાખવા વાળું, વૈવિધ્યપૂર્ણ, નાવીન્યપૂર્ણ અને અસરકારક બનાવવા આયોજન જરૂરી છે. સમાજવિદ્યાના શિક્ષક પાસે વિવિધ પદ્ધતિઓ-પ્રયુક્તિઓ, અભિગમો, અધ્યયન અનુભવો, દશ્ય-શ્રાવ્ય સાધનો,

વર્ગ પ્રવૃત્તિઓ, વર્ગ બહારની પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન, નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય વગેરેના આયોજનની કુશળતા અને તેના અસરકારક ઉપયોગની કુશળતા હોવી જોઈએ. જે શિક્ષક પાસે ઉપરોક્ત કુશળતા હોય તે શિક્ષકની શિક્ષણનાવ ખૂબ જ સરળતાથી, સાહજિકતાથી અને સડસડાટ ચાલી શકે છે.

દશ્ય-શ્રાવ્ય સાધનોના નિર્માણનું કૌશલ્ય :

સામાજિક વિજ્ઞાનના શૈક્ષણિક સાધનો બજારમાં મળે છે. પણ બધાં સાધનો મળતાં નથી. વળી જે સાધનો મળે છે તે વર્ગકાર્યમાં ઉપયોગી બને તેવાં હોતાં નથી. કદાચ ઉપયોગી સાધનો પણ મોંઘા હોવાથી શાળાઓને આર્થિક રીતે પોષાતું નથી. આ પરિસ્થિતિમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે સ્વનિર્મિત સાધનો બનાવવાનું કૌશલ્ય હોવું આવશ્યક છે. સ્વનિર્મિત સાધનો ઓછા ખર્ચાળ અને શિક્ષકના આયોજન મુજબના ઉપયોગી સાધનો હોય છે જેથી શિક્ષક વર્ગકાર્યમાં તેનો ઉપયોગ સરળતાથી, સહજતાથી અને પોતાના દષ્ટિકોણથી કરી શકે છે.

દશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગનું કૌશલ્ય :

સામાજિક વિજ્ઞાનના સાધનોનું જ્ઞાન હોય, દશ્ય-શ્રાવ્ય સાધનોના નિર્માણનું કૌશલ્ય પણ હોય પરંતુ જો તેના ઉપયોગનું કૌશલ્ય ન હોય તો સાધનો શોભાના ગાંઠિયા બની રહે છે. ઘણી શાળાઓમાં આ પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે. કદાચ ઉપયોગનું કૌશલ્ય હોય પણ શિક્ષકનું કામ પ્રત્યેનું ઉદાસીન વલણ અને સાધન શોધવાની, શિક્ષણકાર્ય પહેલાં જોવાની અને વર્ગમાં લઈ જવાની આળસને કારણે પણ તેમ બનતું હોય છે.

સાધનોના ઉપયોગ માટે ધોરણ, વિષયસામગ્રી, વિદ્યાર્થીઓની કક્ષા, સાધનના ઉપયોગનો સમય અને સ્થાનનો ખ્યાલ રાખવો પડે છે. આ રીતે સાધનનો ઉપયોગ કરતાં તેની અસરકારકતા અનેકગણી વધી જાય છે. વિષયવસ્તુ સ્પષ્ટ થાય, વિદ્યાર્થીઓને સમજાય, વિદ્યાર્થીઓને યાદ રહી જાય અને વિદ્યાર્થીઓની વર્ગકાર્યની અધ્યાપન-અધ્યયન પ્રક્રિયામાં સહભાગિતા વધે તે રીતે સાધનોનો ઉપયોગ થવો જોઈએ. કેટલાંક સાધન લઈ જાય પણ તે ઉપયોગી ન હોય તો તેનો કોઈ અર્થ રહેતો નથી. ઉપયોગી સાધન હોય પણ તેમાંથી કંઈ પૂછવામાં ન આવે તો પણ સાધનની ઉપયોગિતા ઘટી જાય છે. આથી જ શિક્ષક પાસે શૈક્ષણિક સાધનોના ઉપયોગનું કૌશલ્ય હોવું જરૂરી છે.

સામાજિક વિજ્ઞાનના સાધનોમાં નકશો ઉપયોગી સાધન છે. વિદ્યાર્થીઓ નકશા વાચન કરે, નકશા દોરે, નકશામાં વિગતો પૂરે, નકશાનું અર્થઘટન કરે, તેવા હેતુઓ - વર્તન પરિવર્તન અને ક્ષમતાઓ આયોજનમાં વિચારાય છે, લખાય છે. આ હેતુઓની સિદ્ધિ મળે તે માટે શિક્ષક પાસે પણ ઉપરોક્ત કૌશલ્યો હોવા જોઈએ.

ચિત્રકામ કૌશલ્ય :

સામાજિક વિજ્ઞાનનાં અધ્યાપન સમયે આકૃતિઓ, નકશા, સમયરેખા, ચિત્રો, આલેખ, કોઠા વગેરે સાધનોનો ઉપયોગ કરવાનો હોય છે. આ સર્વે સાધનો દ્વારા કેટલીક સંકલ્પનાઓ, વ્યાખ્યાઓ, સિદ્ધાંતો, પ્રક્રિયાઓ, ઘટનાઓ, વિગતો, માહિતી, હકીકતોને સ્પષ્ટ કરી શકાય છે. આ સર્વે સાધનોના નિર્માણમાં ચિત્રકામ કૌશલ્ય ઉપકારક બની રહે છે. જે શિક્ષક પાસે ચિત્રકામ કૌશલ્ય હોય તે કૌશલ્ય તેના માટે આભૂષણરૂપ બની રહે છે.

અર્થઘટન કૌશલ્ય :

સામાજિક વિજ્ઞાનનાં અધ્યાપનમાં અર્થઘટન કૌશલ્ય શાથી જરૂરી ? તેવો પ્રશ્ન થાય. ગમે તે વિષય હોય તેમાં અર્થઘટન કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે ન હોય તો તે શિક્ષક સ્પષ્ટીકરણ કરી શકે નહિ. સામાજિક વિજ્ઞાનમાં પણ કેટલીક ઘટનાઓના સ્પષ્ટીકરણ માટે સંકલ્પનાઓના સ્પષ્ટીકરણ માટે, નકશા, આલેખ, આકૃતિ, નમૂના, ચિત્રોના સ્પષ્ટીકરણ માટે અર્થઘટન કૌશલ્ય હોવું અનિવાર્ય છે.

પ્રત્યાયન કૌશલ્ય :

પોતાના વિચારોને યોગ્ય રીતે રજૂ કરવાના કૌશલ્યને પ્રત્યાયન કૌશલ્ય કહે છે. શિક્ષક જ્યારે સ્પષ્ટીકરણ કરે છે ત્યારે તે જે તે મુદ્દાને સ્પષ્ટ કરતો હોય તે મુદ્દા વિદ્યાર્થીઓ સમજી શકે તો જ શિક્ષકનું પ્રત્યાપન કૌશલ્ય સારું છે તેમ કહી શકાય. પ્રત્યાપન કૌશલ્ય માટે શિક્ષક પાસે કથન કૌશલ્ય, વાચન કૌશલ્ય, નાટ્યીકરણ કૌશલ્ય, સ્પષ્ટીકરણ કૌશલ્ય અને રજૂઆત કૌશલ્ય જેવા કૌશલ્ય હોવા જોઈએ.

વર્ગવ્યવસ્થા કૌશલ્ય :

શિક્ષકે શિક્ષણ દરમિયાન વર્ગની શિસ્ત જાળવવાની હોય છે. વર્ગની શિસ્ત જાળવવી એ પણ એક કૌશલ્ય છે. વર્ગવ્યવસ્થા કૌશલ્ય કેળવવા માટે તેનામાં પોતાના મૌખિક હાવભાવને નિયંત્રણમાં રાખવાની અને તેમાં પરિવર્તન લાવવાની ક્ષમતા હોવી જોઈએ. વર્ગવ્યવસ્થા કૌશલ્યમાં શિક્ષકના હાવભાવ, વાણી વિચાર તથા વર્ગમાં હલનચલનનો સમાવેશ થાય છે. શિક્ષકે વર્ગમાં હલનચલન પણ નિયંત્રિત તેમજ જરૂર પૂરતું જ કરવું જોઈએ. વર્ગવ્યવસ્થા જાળવવા માટે સૌપ્રથમ શિક્ષક પાસે શિક્ષણની કળા-કૌશલ્ય હોવું જરૂરી છે. જે શિક્ષકનું શિક્ષણકાર્ય સારું હોય તે શિક્ષકના વર્ગમાં શિસ્ત જળવાઈ રહે છે. વર્ગવ્યવસ્થા જળવાય છે.

આંતરક્રિયા કૌશલ્ય :

સામાજિક વિજ્ઞાનના અધ્યાપન માટે શિક્ષકે વિવિધ પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, સાધન અને સંદર્ભોનો ઉપયોગ કરવો પડે છે. આ સઘળાંનો ઉપયોગ કરતી વખતે તેઓ વચ્ચે આંતરસંબંધ જળવાઈ રહે. તે માટે આંતરક્રિયા કરતી વખતે તેઓ વચ્ચે આંતરસંબંધ જળવાઈ રહે. તે માટે આંતરક્રિયા કૌશલ્ય અપેક્ષિત છે. કોઈ પણ પદ્ધતિ અન્ય પદ્ધતિ સાથે, કોઈ પણ પ્રયુક્તિ અન્ય પ્રયુક્તિ સાથે, કોઈ પણ સાધન-સંદર્ભ અન્ય સાધન-સંદર્ભ સાથે આંતરિક સમન્વયથી જોડાય તો જ શિક્ષણની ફલશ્રુતિ મળે. આ માટે આંતરસંબંધ જોડવા તેઓ વચ્ચે આંતરક્રિયા કરવી પડે. આ માટે પ્રશ્ન કૌશલ્ય, કથન કૌશલ્ય, વાદ-વિવાદ કૌશલ્ય, સ્પષ્ટીકરણ કૌશલ્ય, ચર્ચા કૌશલ્યની પ્રાપ્તિ આવશ્યક છે.

સ્પષ્ટીકરણ કૌશલ્ય :

શિક્ષક પાસે સ્પષ્ટીકરણ કૌશલ્ય આવશ્યક છે. સામાજિક વિજ્ઞાનમાં સંકલ્પનાઓ, ઘટનાઓના કારણો, પરિણામો, સમસ્યાઓ વગેરેનું સ્પષ્ટીકરણ કરવું પડે છે. જો સ્પષ્ટીકરણ ન કરવામાં આવે તો વિદ્યાર્થીઓ વિષયવસ્તુને સમજી શકતા નથી. અર્થઘટન થતું નથી, જેથી વિદ્યાર્થીઓ વિષયવસ્તુનું અર્થગ્રહણ કરી શકતા નથી. જે શિક્ષકની નિષ્ફળતા નોતરે છે. શિક્ષકની સફળતા માટે સ્પષ્ટીકરણ જરૂરી છે. સ્પષ્ટીકરણ કૌશલ્ય કેળવવા વાચન જરૂરી છે. વિવિધ ઉદાહરણો દ્વારા, શબ્દની વિવિધ રીતે સમંજ દ્વારા, ભાષાની વિવિધ કૌશલ્ય દ્વારા સ્પષ્ટીકરણ કરી શકાય છે. આ માટે શિક્ષકે પ્રયાસશીલ અને સ્પષ્ટીકરણ કૌશલ્ય કેળવવું જ રહ્યું.

પ્રશ્નોતરી કૌશલ્ય :

શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવા પડે છે. વર્ગકાર્યમાં સામેલ કરવા, વિષયવસ્તુના સ્પષ્ટીકરણ માટે, વિષયવસ્તુ તેમને કેટલું સમજાયું તેના મૂલ્યાંકન માટે, પ્રશ્ન પૂછવા જરૂરી છે. પ્રશ્ન ટૂંકા, સ્પષ્ટ અને સરળ હોય તો વિદ્યાર્થીઓ સમજી શકે છે. ટૂંકમાં વિદ્યાર્થીઓ પ્રશ્નને સમજી શકે તેવા પ્રશ્નો પુછાય તો તેના જવાબ આપવામાં વિદ્યાર્થીઓ ઉત્સુક બને છે. પ્રશ્ન કૌશલ્યના બે પ્રકાર છે : (1) પ્રશ્નપ્રવાહિતા અને (2) પ્રશ્ન ઊંડાણ કૌશલ્ય. કેટલીક વખતે પ્રશ્ન પૂછીએ પણ તેનો જવાબ કોઈ વિદ્યાર્થી આપી શકે નહિ ત્યારે તેવા પ્રશ્નમાંથી પરિપ્રશ્ન પૂછવા પડે છે. પ્રશ્નમાંથી પ્રશ્ન પૂછીને પુનઃ તે પ્રશ્ન પૂછવામાં આવે તો પ્રશ્નનો ઉત્તર મળી શકે છે. આ માટે પ્રશ્ન ઊંડાણ કે પરિપ્રશ્ન કૌશલ્ય હોવું આવશ્યક છે. ટૂંકમાં કહીએ તો શિક્ષણકાર્યમાં પ્રશ્નકૌશલ્ય શિક્ષક પાસે હોય તે વિષયવસ્તુને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં અગ્રેસર રહે છે.

સંગ્રહ કૌશલ્ય :

સામાજિક વિજ્ઞાન શિક્ષકને સંગ્રહનો શોખ હોવો જોઈએ. પણ તેમાંય કુશળતા હોવી જરૂરી છે. જે તેનો સંગ્રહ કરતી વખતે તે વ્યવસ્થિત રીતે જળવાઈ રહે તે રીતે સંગ્રહ કરવો જોઈએ. તે ઉપરાંત સંગ્રહની ઉપયોગિતાને ધ્યાનમાં લઈને સંગ્રહ કરવો જોઈએ. દા. ત. કોઈ ચિત્રનો વર્ગમાં ઉપયોગ કરવો હોય અને પ્રદર્શન માટે ઉપયોગ કરવો હોય તો તેની સાઈઝમાં તફાવત રહે છે. ખૂબ મોટા ચિત્રો સાચવવા અઘરા પણ પડે છે. ત્યારે તેને કઈ રીતે આપણી પાસે વ્યવસ્થા છે તે રીતે સંગ્રહ કરી શકાય. સંગ્રહ કરતી વખતે બિનજરૂરી બાબતો તેમાં ન આવી જાય તેની પણ કાળજી રાખવી જોઈએ. ટૂંકમાં સંગ્રહ શિક્ષણ માટે ઉપયોગી બની રહે તે રીતે સંગ્રહ કરવો જોઈએ.

ઉપરોક્ત કૌશલો ઉપરાંત સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે નીચે જેવાં અન્ય કૌશલો પણ હોવા જરૂરી છે.

- વાર્તાકથન કૌશલ્ય - વાર્તાલિખન કૌશલ્ય - વાર્તા રચના કૌશલ્ય.
- નાટક-સંવાદ રચના કૌશલ્ય, દિગ્દર્શન કૌશલ્ય, અભિનય કૌશલ્ય
- પાઠ્યક્રમ ગોઠવણી કૌશલ્ય, પાઠ્યક્રમ વિશ્લેષણ કૌશલ્ય
- સ્રોત-ખોજ કૌશલ્ય, સ્રોત સંગ્રહ કૌશલ્ય, સ્રોત ઉપયોગ કૌશલ્ય
- અવલોકન - નિરીક્ષણ કૌશલ્ય
- અધ્યાપનશૈલી - ઉપયોગ કૌશલ્ય
- સમસ્યા ઉકેલ કૌશલ્ય, સમસ્યા-સમજ કૌશલ્ય
- જ્ઞાન-ખોજ કૌશલ્ય, કાર્યકારણ સંબંધ સ્થાપિત કરવાનું-સમજવાનું કૌશલ્ય
- તુલનાત્મક અભ્યાસ કૌશલ્ય
- સંશોધન કૌશલ્ય
- અહેવાલ લેખન કૌશલ્ય
- સ્ક્રીપ્ટ લેખન કૌશલ્ય

ઉપરોક્ત સઘળાં કૌશલ્યો દરેક શિક્ષકમાં કદાચ પ્રાપ્ત કરવા અઘરાં છે પણ જરૂરી કૌશલો વાળો શિક્ષક સફળ શિક્ષક બની શકે છે.

3.6 સામાજિક વિજ્ઞાનના શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા

શિક્ષક જન્મે છે તૈયાર થતાં નથી તે ઉક્તિ જન્મની સાથે જ શિક્ષકત્વ પ્રાપ્ત વ્યક્તિઓ હોય તે જ શિક્ષક બની શકે તેવી માન્યતા સાથે સંબંધિત છે. પણ આ માન્યતા જૂની છે. આધુનિક નવી માન્યતા મુજબ શિક્ષકના વ્યવસાય માટે કોઈ પણ વ્યક્તિ સજ્જતા કેળવી શકે છે. એટલે હવે શિક્ષક બનવા માટે કોઈ પણ વ્યક્તિ તાલીમ મેળવીને શિક્ષક બની શકે છે.

વ્યાવસાયિક સજ્જતા માટે પ્રશિક્ષણની આવશ્યકતા :

વ્યાવસાયિક સજ્જતા માટે શિક્ષક બનવા માંગતી વ્યક્તિએ પ્રશિક્ષિત થવું પડે છે. પ્રશિક્ષિત થવું એટલે આધુનિક શૈક્ષણિક પ્રવાહો, પદ્ધતિઓ, પ્રવિધિઓ, શૈક્ષણિક સાધનો, શૈક્ષણિક આયોજન - પાઠ આયોજન - એકમ આયોજન, વગેરે બાબતોની જાણકારી પ્રાપ્ત કરવી.

શિક્ષક માટે પ્રશિક્ષણ ફરજિયાત છે. પ્રશિક્ષણ પામેલો વ્યક્તિ સફળ શિક્ષક જ હોય તેવું નથી. પરંતુ જેને શિક્ષક બનવું જ છે. શિક્ષક બનવા માટે જેનામાં ધ્યેયનિષ્ઠા, એકાગ્રતા, કર્તવ્ય પરાયણતા, તત્પરતા, મનોમંથન અને સમર્પણ છે તેવી વ્યક્તિ સફળ શિક્ષક બની શકે.

પ્રશિક્ષણ શિક્ષણમાં અપેક્ષિત કાર્ય કૌશલો, પ્રતિબદ્ધતાઓ વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપે છે. શિક્ષકમાં જરૂરી અભિયોગ્યતાઓ, વલણો, વર્તનો, મૂલ્યો વિકસાવવા માટે પ્રશિક્ષણ ઉપયોગી છે. વિદ્યાર્થીઓમાં જ્ઞાન, કૌશલ્યો, વલણો, મૂલ્યો વગેરેમાં ઈષ્ટ પરિવર્તનો લાવવાનાં હોય છે. આ બાબતોનું જ્ઞાન અને સમજ

વિકસાવવા - પરિવર્તનો લાવવાના કૌશલો, કળા, નિપુણતા હસ્તગત કરવા પ્રશિક્ષણ જરૂરી છે. આ ઉપરાંત વિષયવસ્તુના સ્પષ્ટીકરણ માટે, તે અંગે સાચી, પર્યાપ્ત સમજ વિકસાવવા વિવિધ શિક્ષણ પદ્ધતિઓ, પ્રયુક્તિઓ અને અભિગમો અંગે જ્ઞાન મેળવવા અને તેના ઉપયોગનું કૌશલ્ય કેળવવા પ્રશિક્ષણ જરૂરી છે. દશ્ય-શ્રાવ્ય સાધનોની રચના અને ઉપયોગ માટે મૂલ્યાંકન પ્રવિધિઓનું જ્ઞાન - પ્રશ્ન રચના, ઉપયોગ, સારા પ્રશ્નપત્રની રચના, સતત સર્વગ્રાહી મૂલ્યાંકન માટેની ક્ષમતાઓ વિકસાવવા માટે પ્રશિક્ષણ લેવું જરૂરી છે. પ્રશિક્ષણ દરમિયાન સૂક્ષ્મ અધ્યાપન કૌશલ્ય (માઈક્રોટીચિંગ કૌશલો) કાર્ય આયોજન, સંચાલન, અમલીકરણ વગેરેનું જ્ઞાન પણ આપવામાં આવે છે. આમ સારા શિક્ષક બનવા માટે પ્રશિક્ષણ લેવું આવશ્યક છે. જે શિક્ષક પ્રશિક્ષિત હોય તે વિવિધ કૌશલ્યો હસ્તગત કરીને, અધ્યાપન-અધ્યયનની ક્ષમતાઓ પ્રાપ્ત કરીને, શિક્ષણ અંગેની સૂઝ અને દૃષ્ટિબિંદુઓનો ખ્યાલ મેળવીને, અધ્યાપનકાર્યને નવી દિશા આપે છે અને સમર્થ શિક્ષક બની શકે છે. એક અંગ્રેજી કહેવત મુજબ 'No baby is perfect but by practice one can be perfect" વિશ્વમાં કોઈ પૂર્ણ નથી. પરંતુ મહાવરા-તાલીમથી પૂર્ણતાની નજીક પહોંચી શકાય છે. આમ પ્રશિક્ષણ પામેલો શિક્ષક નોકરી દરમિયાન પણ વિશેષ મહાવરાથી પૂર્ણતા પામી શકે છે.

દરેક વ્યવસાય માટે પ્રશિક્ષણ વ્યવસ્થા છે. શિક્ષકના વ્યવસાય માટે પણ પ્રશિક્ષણ વ્યવસ્થા છે. શિક્ષકના ક્ષેત્રમાં વ્યાવસાયિક નિપુણતા પ્રાપ્ત કરવા, સફળતા અને સિદ્ધિ માટે, પ્રશિક્ષણ સવિશેષ આવશ્યક છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષક બનવા ઈચ્છનારે પ્રશિક્ષણ અભ્યાસ દરમિયાન સામાજિક વિજ્ઞાન પદ્ધતિ રાખી તેમાં પ્રશિક્ષિત થવું જોઈએ. શિક્ષણના વ્યવસાયમાં જીવંત બાળકો સાથે કાર્ય કરવાનું છે. તેઓની લાગણીઓ ઘવાય નહિ, ઈચ્છાઓ પૂર્ણ થાય, પ્રેમ અને કરુણાથી તેઓને શિક્ષણ મળે, કુસુમવત બાળકોમાં સુવાસ પ્રસરી રહે તે રીતે શિક્ષણ કાર્ય કરવા પ્રશિક્ષણ આવશ્યક છે.

વ્યાવસાયિક સજ્જતા માટે સેવાકાલીન પ્રશિક્ષણની આવશ્યકતા :

પ્રશિક્ષણ મેળવ્યા બાદ શાળામાં સેવા કરવાની તક પ્રાપ્ત થાય છે. આ તક મળી ગયા પછી શિક્ષક માની લે કે હું શિક્ષક તરીકે સંપૂર્ણ સજ્જ છું. તો તે તેની ભૂલ છે. કારણ જ્ઞાનની કોઈ સીમા નથી. તે સદા પરિવર્તનશીલ છે. તેમાં નિત નવા નવા આયામો ઉમેરાતા થાય છે. તે સદા નિરંતર વિકસતું રહે છે. સામાજિક વિજ્ઞાન તો સતત ગતિશીલ અને પરિવર્તન પામતો વિષય છે. ત્યારે પ્રશિક્ષણ પામેલો શિક્ષક પણ સદા વિકસતા રહેવા માટે વાચન કરતાં રહેવું આવશ્યક છે. સેવાકાલીન તાલીમ વર્ગ, ઓપ વર્ગ, નવસંસ્કરણ વર્ગ, શિક્ષક સંમેલનો, સેમિનાર, વર્કશોપ વગેરેમાં ભાગ લઈ જ્ઞાનની સીમાઓ સુધી પહોંચવા માટે સતત પ્રયાસશીલ રહેવું જ જોઈએ. જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ગુજરાત રાજ્ય શિક્ષણ, સંશોધન અને તાલીમ ભવન, રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ ભવન, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તેમજ વ્યાવસાયિક માર્ગદર્શન સંસ્થા, શિક્ષક સંઘ દ્વારા યોજના પ્રશિક્ષણ કાર્યક્રમોમાં ભાગ લઈ સતત તાજાં રહી, વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરવા તરફ ગતિ કરતા રહી સફળ શિક્ષક બનવાના સ્વપ્નો સિદ્ધ કરવા રહ્યા.

ટૂંકમાં, નિરંતર તાલીમ વિના વ્યાવસાયિક સજ્જતા કેળવી શકાતી નથી. જે શિક્ષક તાલીમ લેતા નથી તે અધ્યયન-અધ્યાપનની નૂતન રીતિઓથી, જાણકારી પ્રાપ્ત કરી શકતાં નથી. તેનો ઉપયોગ કરી શકતાં નથી અને પોતાના વ્યવસાયને યોગ્ય ન્યાય આપી શકતો નથી. આથી શિક્ષણની ગુણવત્તા સુધરતી નથી. શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તા જેટલી વધારે તેટલી શિક્ષણની ગુણવત્તા પણ વધારે. વ્યાવસાયિક સફળતા અને સજ્જતા માટે પ્રશિક્ષણ નિઃશંકપણે અનિવાર્ય છે. શિક્ષણના ભવિષ્યને સુધારવા માટે તેના ભવિષ્યથી માહિતગાર રહેવા પ્રશિક્ષણ આવશ્યક છે.

વ્યાવસાયિક સજ્જતા કેળવવા માટેનાં અન્ય માર્ગો :

વ્યાવસાયિક સજ્જતા માટે પ્રશિક્ષણ આવશ્યક છે પણ અન્ય માર્ગો પણ ઉપલબ્ધ છે.

→ વાચન :

શિક્ષકે હંમેશાં વાંચતા રહેવું પડે. જે વાંચે તે જ વિકસી શકે. જે વિચારે તે જ વિકસે. શિક્ષણમાં આવતા નવા પરિવર્તનોથી માહિતગાર રહેવા શિક્ષકે વાંચતા રહેવું પડે તે ઉપરાંત અભ્યાસ દરમિયાન સમગ્ર વિષયના વિષયવસ્તુથી પરિચિત હોતા નથી. આથી વિષયવસ્તુથી પરિચિત થવા, વિષયવસ્તુના જ્ઞાનમાં ઊંડાણ માણવા, વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરવા વાચન જરૂરી છે.

→ લેખન :

જે શિક્ષક વાંચે તે વિચારતો રહે, શિક્ષણકાર્ય દરમિયાન પણ અનેક વિચારો આવતાં રહે તે વિચારોને લેખિત સ્વરૂપે આપવાથી તેમાં નવાં નવાં પરિમાણો, નવી દૃષ્ટિ, નવા વિચારો, નવા ઉન્મેષો ઉમેરાતાં જતાં શિક્ષકની જ્ઞાન સમૃદ્ધિમાં વધારો થતો રહે છે. આ ઉપરાંત નવા વિચારો અન્ય સુધી પહોંચે છે. આથી શિક્ષક તરીકે વાંચતા રહી, લખતા રહી શિક્ષણમાં સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

→ પ્રાપ્ત જ્ઞાનનું અમલીકરણ :

જ્ઞાન હોય પણ તેનું અમલીકરણ ન હોય તો શિક્ષક તરીકે તેની સત્યતા - મર્યાદા - વિશેષતાનો ખ્યાલ આવતો નથી. નવી નવી અધ્યાપન પદ્ધતિઓ વિશે, નવા શૈક્ષણિક સાધનો અંગે, નવી પ્રયુક્તિઓ વિશે, નવા અભિગમો વિશે પ્રશિક્ષણ દરમિયાન, વાચન દ્વારા જ્ઞાન મેળવેલું હોય પણ તેનું અમલીકરણ ન કરીએ તો ત કેટલે અંશે સાર્થક છે તેનો ખ્યાલ આવે નહિ. માટે શિક્ષક તરીકે જે જ્ઞાન

મેળવીએ તે આપણા શિક્ષણ કાર્યમાં અમલમાં મુકાવું જોઈએ. આ અમલીકરણથી પણ વિદ્યાર્થીઓને નવા અનુભવો આપી શકાશે. તેની સાથે શિક્ષકને પણ નવા અનુભવો પ્રાપ્ત થશે.

→ **ઉપચાર-નિદાન કાર્ય :**

શિક્ષણકાર્ય દરમિયાન અનેક સમસ્યાઓ શિક્ષક સામે આવે છે. આ સમસ્યાઓનું નિદાન કરી તેના ઉકેલ માટેના ઉપચાર કરી તે સમસ્યાઓનું નિરાકરણ કરી શકાય છે. આ કરવાથી આપણી સમક્ષ આવતી સમસ્યાઓ દૂર કરી શકાય છે અને પુનઃ તેવી સમસ્યા સર્જાય ત્યારે સીધા જ ઉપચારો યોજી શકાય છે. આ કાર્યથી વિદ્યાર્થીઓની સિદ્ધિમાં પણ સારી પ્રાપ્તિ કરી શકાય છે. વિદ્યાર્થીઓની મૂંઝવણો પણ દૂર કરી તેના રાહને સરળ બનાવી શકાય છે.

→ **સંશોધન કાર્ય :**

શિક્ષણકાર્ય દરમિયાન સમસ્યાઓ સર્જાતી જ હોય છે. નવા અભિગમો - વિચારો પણ આવતા હોય છે. આ સઘળામાંથી સંશોધનનો માર્ગ ખુલે છે. શિક્ષણમાં સિદ્ધિ મેળવવા માટે સંશોધન કરવા જોઈએ. સંશોધન દ્વારા શિક્ષણકાર્યની સમસ્યાઓ દૂર કરી શકાય છે. નવા વિચારોનું અમલીકરણ કરી તેમાં કેટલી સફળતા મળે છે તે જાણી શકાય છે. તે ઉપરાંત નવા વિચારોનો ફેલાવો પણ કરી શકાય છે.

→ **સ્પર્ધામાં ભાગ લેવો :**

શિક્ષકો માટે પણ વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, દાર્શનિક પાઠ સ્પર્ધા, ચર્ચા સ્પર્ધા વગેરે યોજાતાં હોય છે. તેમાં ભાગ લેવો જોઈએ. આ પ્રકારની સ્પર્ધામાં જોડાવાથી જ્ઞાનમાં વધારો થાય છે. નવા વિચારો આવે છે. નવી રીતે કાર્ય કરવાનો ખ્યાલ આવે છે. આમ સ્પર્ધાઓમાં ભાગ લેતા રહેવાથી નવી દિશાઓ ખુલે છે.

3.7 ઉપસંહાર :

શિક્ષક, વિદ્યાર્થી અને વિષયવસ્તુ હેતુલક્ષી શિક્ષણ પ્રક્રિયાના મુખ્ય ધ્રુવો છે. શિક્ષણની સફળતાનો આધાર ત્રણેય ધ્રુવોની પારસ્પરિકતા પર રહેલો છે. ત્રણેય સાથે રહીને કાર્ય કરે તો સફળતા ચોક્કસ મળે. તેમાંય વિષયવસ્તુ તો નક્કી કરેલું છે તેને જીવંત બનાવવાનું કાર્ય શિક્ષકનું છે. તે રીતે વિદ્યાર્થી જીવંત છે પણ શિક્ષણમાં તેની ચેતનતા, સક્રિયતાનો આધાર શિક્ષક છે. આમ શિક્ષક જ શિક્ષણ પ્રક્રિયાનો મુખ્ય સૂત્રધાર છે. શિક્ષણની નાવનો નાવિક છે. ઉત્તમ કક્ષાના પાઠ્યપુસ્તકો, શૈક્ષણિક સાધનો, સંદર્ભગ્રંથો, ભૌતિક સુવિધાઓ હોય પણ શિક્ષક ચેતનવંતો ન હોય, કાર્યશીલ ન હોય, વ્યાવસાયિક રીતે સજ્જ ન હોય, શિક્ષણમાં રસ ધરાવનારો ન હોય, ઉદાત્ત-હકારાત્મક દૃષ્ટિકોણવાળો ન હોય, શિક્ષણ માટેના કૌશલો અને ક્ષમતાઓ ધરાવતો ન હોય તો સઘળું શોભારૂપ બની રહે. અર્થહીન બની રહે. કારણ ચેતનવંતા શિક્ષક સિવાય આ સઘળાંને ચેતનવંતુ કોણ બનાવે ?

સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે વ્યાવસાયિક સજ્જતાની સાથોસાથ વ્યાવસાયિક નિષ્ઠા, પ્રતિબદ્ધતા, વિષયનું પર્યાપ્ત જ્ઞાન, શોધ કરી શકે, સૂઝ, નેતૃત્વના ગુણો, આત્મવિશ્વાસ હોવા જરૂરી છે. આ ઉપરાંત વૈજ્ઞાનિક, હકારાત્મક, વ્યાપક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, તટસ્થ અને તંદુરસ્ત દૃષ્ટિબિંદુ હોવું જોઈએ. તેનું શારીરિક-માનસિક સ્વાસ્થ્ય સારું રહે તેવો પ્રયાસ તેણે કરવા જ જોઈએ. તે પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતો, ચારિત્રશીલ, નૈતિક ગુણો રાવતો, અધ્યયનશીલ, વિકાસની મહેચ્છાવાળો, અડગ, સંવેદનશીલ અને અનુકૂલન ક્ષમતાવાળો હોવો જોઈએ. તેને પ્રવાસ-પર્યટન, ફોટોગ્રાફી, સંગ્રહ, વાચન, ચિત્રકામ, સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં રસ હોવો જોઈએ, તેનામાં આયોજન, શૈક્ષણિક સાધન-નિર્માણ અને ઉપયોગ, અર્થઘટન, પ્રત્યાપન, વર્ગવ્યવસ્થા, આંતરક્રિયા, સ્પષ્ટીકરણ, પ્રશ્નોત્તરી, કૌશલ્ય હોવાં જોઈએ. તેનામાં આંતરરાષ્ટ્રીય સમજ, વિશ્વશાંતિની ભાવના, માનવજાત પ્રત્યે સદ્‌ભાવની ભાવના હોવી જોઈએ. તેનું મન અને હૃદય વિશાળ હોવું જોઈએ.

ઉપરોક્ત ગુણ - લક્ષણો - કૌશલો ધરાવતો શિક્ષક જ સામાજિક વિજ્ઞાનના શિક્ષણની નાવને કિનારે પહોંચાડી શકે. તે વિદ્યાર્થીઓનો નાખુદા બની શકે, તારણહાર બની શકે. તે વિદ્યાર્થીઓનો પ્રિય બની શકે. સાથોસાથ પોતાના જીવનનાં સુફળ ચાખી શકે.

સ્વાધ્યાય

1 સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે કયા કયા વૈયક્તિક (વ્યક્તિગત) ગુણોની અપેક્ષા રાખશો ?

2 સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે તમે તમારામાં કયાં કૌશલ્યો વિકસાવશો ?

3 સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે કયા રસ-રૂચિ, શોખ અને વલણોની અપેક્ષા રાખવામાં આવે છે ?

4 સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે કયા પ્રકારના દૃષ્ટિકોણની અપેક્ષા રાખવામાં આવે છે ?

5 સામાજિક વિજ્ઞાનના શિક્ષક માટે પૂર્વકાલીન તાલીમની અગત્યતા જણાવો.

6 સામાજિક વિજ્ઞાનના શિક્ષક માટે સેવાકાલીન તાલીમની જરૂરિયાત શા માટે છે ?

★★★

સામાજીક વિજ્ઞાન : ધોરણ-6 થી 8 (પાઠ્યપુસ્તક આધારિત MCQs)

ધોરણ - 6

કયો વિષય માનવસમાજના ભૂતકાળની માહિતી આપે છે ?
(A) વિજ્ઞાન (B) ચિત્રકલા
(C) સમાજવિજ્ઞાનો **(D) ઈતિહાસ**

ગુજરાતના કચ્છમાં કેટલા વર્ષ જૂનું શહેર મળી આવ્યું ?
(A) 5000 **(B) 4000**
(C) 2000 (D) 3000

3. પ્રાચીન સમયમાં માનવી શેના પર લખાણ કરતો હતો ?
(A) કાપડ (B) કાગળ
(C) ભૂર્જ વૃક્ષની આંતરછાલ (D) ચામડું

4. હિમાલયમાં થતાં કયાં વૃક્ષોની પાતળી આંતરછાલ ઉપર હસ્તપ્રતો લખવામાં આવતી હતી ?
(A) ભૂર્જના (B) ખાખરાના
(C) ટીમરુના (D) આસોપાલવના

(5. પ્રાચીન સમયમાં લખાયેલી હસ્તપ્રતો કયાં સચવાયેલી છે ?
(A) ધર્મશાળામાં (B) સંગ્રહાલયોમાં
(C) કલેક્ટર કચેરીમાં **(D) મંદિરો અને મઠોમાં**

6. શિલાઓ અને પથ્થરો પર કોતરેલા કે લખેલા લેખને શું કહે છે ?
(A) તામ્રપત્ર **(B) અભિલેખો**
(C) તાડપત્ર (D) ભોજપત્ર

7. પ્રાચીન સમયમાં કોણ પોતાના આદેશો શિલાઓ પર કોતરાવીને પ્રજા સાથે સંવાદ કરતા હતા ?
(A) મંત્રીઓ (B) સંતો **(C) રાજાઓ**
(D) દુશ્મનો

8. કયા રાજાના શિલાલેખો ખૂબ જ જાણીતા છે ?
(A) વિક્રમાદિત્યના (B) હેમચંદ્રાચાર્યના
(C) રાજરાજ પ્રથમના **(D) અશોકના**

9. તાંબાના પતરા ઉપર કોતરીને લખવામાં આવતા લખાણને શું કહે છે ?
(A) તામ્રપત્ર (B) અભિલેખો
(C) શિલાલેખો (D) ભોજપત્ર

10. ભારતમાં કઈ સદીના પંચમાર્ક સિક્કા મળી આવ્યા છે ?
(A) ઈ. પૂ. 3મી સદીના **(B) ઈ. પૂ. 5મી સદીના**
(C) ઈ. પૂ. 2જી સદીના (D) ઈ. પૂ. 7મી સદીના

11. નીચેના પૈકી કયો સ્રોત પ્રાચીન ઈતિહાસ જાણવા માટેનો નથી ?
(A) અભિલેખો (B) તામ્રપત્રો
(C) ભોજપત્રો **(D) વાહનો**

12. નીચેનામાંથી કયા લખાણો લાંબા સમય સુધી ટકી રહે છે ?
(A) અભિલેખો (B) કાગળ પરનાં લખાણ
(C) કાપડ પરનાં લખાણ (D) પાન પર લખેલું લખાણ

13. ભારતમાં આજથી કેટલા વર્ષ પહેલાં અનેક શહેરો અસ્તિત્વમાં હતાં ?
(A) 2500 **(B) 4500**
(C) 7500 (D) 1500

14. ગંગા નદીની આસપાસના ક્ષેત્રોમાં આજથી કેટલા વર્ષ પહેલાં અનેક શહેરો અસ્તિત્વમાં હતાં ?
(A) 2500 (B) 4500
(C) 2200 (D) 3000

15. 'ઈન્ડિયા' શબ્દ શાની પરથી ઊતરી આવેલો છે ?
(A) ઈન્ડોસ **(B) ઈન્ડસ**
(C) ઈન્ડેક્ષ (D) ઈરોટીન

16. પ્રાચીન ઈરાન અને ગ્રીસનાં લોકો કઈ નદીથી પરિચિત હતા ?
(A) ગંગા (B) કાવેરી
(C) સિંધુ (D) સતલુજ

17. ઈરાની લોકો કઈ નદીને હિન્ડોસ કહેતા હતા ?
(A) ગંગા (B) કાવેરી
(C) સતલુજ **(D) સિંધુ**

18. ગ્રીસના લોકો કઈ નદીને ઈન્ડસ કહેતા હતા ?
(A) સિંધુ (B) યમુના
(C) કોસી (D) ગંગા

19. 'ભારત' શબ્દ આપણને કયા વેદમાંથી જાણવા મળે છે ?
(A) સામવેદમાંથી **(B) ઋગ્વેદમાંથી**
(C) યજુર્વેદમાંથી (D) અથર્વવેદમાંથી

20. ઈરાની લોકો સિંધુ નદીને શું કહેતા હતા ?
(A) ભવાની (B) મેઘના
(C) ઈન્ડસ **(D) હિન્ડોસ**

21. ગ્રીસના લોકો સિંધુ નદીને શું કહેતા હતા ?
(A) ઈન્ડોસ (B) ઈન્ડેક્ષ
(C) ઈન્ડસ (D) પદ્મા

22. ઇસવી સનની શરૂઆત કયા ધર્મના સ્થાપકના જન્મવર્ષથી કરવામાં આવે છે ?
(A) ખ્રિસ્તી ધર્મના (B) પારસી ધર્મના
(C) ઈસ્લામ ધર્મના (D) વૈષ્ણવ ધર્મના

23. ઈ. સ. 2020 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં કેટલા વર્ષ ?
(A) 2020 વર્ષ (B) 320 વર્ષ
(C) 2540 વર્ષ (D) 20000 વર્ષ

24. ઘણીવાર સાલવારીને ADને બદલે કઈ રીતે લખવામાં આવે છે ?
(A) ME (B) CE
(C) BC (D) BCE

25. ઘણીવાર સાલવારીને BCને બદલે કઈ રીતે લખવામાં આવે છે ?
(A) CM (B) CE
(C) BC **(D) BCE**

26. સામાન્ય કે સાધારણ યુગને અંગ્રેજીમાં ટૂંકમાં કેવી રીતે લખી શકાય ?
(A) BC (B) CE
(C) BCE (D) CN

27. સામાન્ય કે સાધારણ યુગ પૂર્વેને અંગ્રેજીમાં ટૂંકમાં કેવી રીતે લખી શકાય ?
(A) BN (B) CE
(C) BC **(D) BCE**

28. આદિમાનવ એટલે....
(A) કંદમૂળ ખાઈને જીવતાં માનવો
(B) ખૂબ જ જૂના સમયના માનવો
(C) ભટકતું જીવન જીવતાં માનવો
(D) અન્ય ગ્રહના માનવીઓ

29. આદિમાનવો કયાં પ્રાણીઓને મારવા એક સ્થળેથી બીજા સ્થળે ભટકતાં રહેતાં હતાં ?
(A) હરણ (B) ઘેટાં
(C) બકરાં (D) આપેલ તમામ

30. ભારતના આદિમાનવના વસવાટનાં સ્થળો કોણે શોધી કાઢ્યાં છે ?
(A) પુરાતત્ત્વશાસ્ત્રીઓએ (B) નૃવંશશાસ્ત્રીઓએ
(C) ઇતિહાસકારોએ (D) આપેલ તમામ

31. શિકારી અને ભટકતું જીવન જીવતાં માનવોના સમયને કયા યુગ તરીકે ઓળખવામાં આવે છે ?
(A) પાષાણ યુગ (B) તામ્ર યુગ
(C) અણુ યુગ (D) પ્રાચીન યુગ

32. આદિમાનવ કઈ ટેકનોલૉજી સાથે સંકળાયેલો હતો ?
(A) તાંબાની (B) પથ્થરની
(C) ચકની (D) દૂરબીનની

33. વરસાદ અને જંગલી પ્રાણીઓથી આદિમાનવો પોતાનું રક્ષણ કરવા કેવી ગુફામાં રહેતાં હતાં ?
(A) ઘાસની ગુફામાં (B) માટીની ગુફામાં
(C) પ્રાકૃતિક ગુફામાં (D) પથ્થરોની ગુફામાં

34. કઈ નદીની આસપાસના પ્રદેશોમાંથી પ્રાકૃતિક ગુફાઓ મળી આવે છે ?
(A) ગંગા (B) કાવેરી
(C) યમુના (D) નર્મદા

35. આદિમાનવોના વસવાટ માટેનું ઉત્તમ સ્થળ ક્યાંથી મળી આવ્યું છે ?
(A) ભીમબેટકા (B) મેહરગઢ
(C) હેડિંગ (D) બ્રહ્મગિરિ

36. દક્ષિણ ભારતની કઈ ગુફામાંથી રાખના અવશેષો મળ્યા છે ?
(A) કોલ્હિહવાની (B) કુરનૂલની
(C) ચિરાંદની (D) મહાગઢાની

37. આદિમાનવો અગ્નિથી પરિચિત હશે એવું કયા અવશેષોના આધારે કહી શકાય ?
(A) લાકડાના અવશેષોના આધારે
(B) રાખના અવશેષોના આધારે
(C) ખોરાકના આધારે
(D) હથિયારોના આધારે

38. કેટલાં વર્ષ પહેલાં આદિમાનવ અગ્નિનો ઉપયોગ કરવા લાગ્યો હતો ?
(A) 9000 વર્ષ (B) 18000 વર્ષ
(C) 11000 વર્ષ (D) 5000 વર્ષ

39. આદિમાનવના જીવનમાં મહત્ત્વનું પરિવર્તન લાવનાર માધ્યમ કયું હતું ?
(A) અનાજ (B) ચક્ર
(C) રહેઠાણ **(D) અગ્નિ**

40. આદિમાનવોનું જીવન કેવું હતું ?
(A) ભટકતું જીવન (B) સ્થાયી જીવન
(C) નગર વસાહતનું જીવન (D) ગ્રામીણ વસાહતનું જીવન

41. આદિમાનવો શિકાર કરવા માટે કયા સાધનોનો ઉપયોગ કરતાં નહોતાં ?
(A) બંદૂક (B) પથ્થરનાં હથિયારો
(C) હાડકાંનાં હથિયારો (D) લાકડાંનાં હથિયારો

42. ભીમબેટકા કયા રાજ્યમાં આવેલું છે ?
(A) મધ્ય પ્રદેશમાં (B) ગુજરાતમાં
(C) બિહારમાં (D) ઉત્તર પ્રદેશમાં

43. સ્થાયી જીવનથી આદિમાનવે કેવી પ્રવૃત્તિઓ શરૂ કરી નહોતી ?
(A) કૃષિ (B) પશુપાલન
(C) અનાજસંગ્રહ (D) ઉદ્યોગ

44. આજથી લગભગ કેટલાં વર્ષો પહેલાં વિશ્વભરના વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવ્યું હતું ?
(A) 5000 વર્ષો પહેલાં (B) 9000 વર્ષો પહેલાં
487. 'જો આપણે એક રાષ્ટ્રના રૂપમાં જીવિત રહેવું હશે તો આપણે સૌએ રાષ્ટ્રીય એકતાની આવશ્યકતા સ્વીકારવી જ પડશે.' આ વિધાન કોણે કહ્યું હતું ?
(A) વલ્લભભાઈ પટેલે (B) જવાહરલાલ નહેરુએ
(C) મોતીલાલ નહેરુએ (D) ડૉ. રાધાકૃષ્ણને

488. ભારતના બંધારણમાં કયા હક દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે ?
(A) સમાનતાના (B) ધાર્મિક સ્વતંત્રતાના
(C) શોષણ વિરોધી હકના (D) સ્વતંત્રતાના

489. દુનિયામાં સૌથી મોટી લાકશાહી ધરાવતો દેશ કયો છે ?
(A) ચીન (B) અમેરિકા
(C) જાપાન (D) ભારત

490. વિશ્વમાં સૌથી વધુ મતદારો કયા દેશના છે ?
(A) ભારત (B) ચીન
(C) અમેરિકા (D) જાપાન

491. દેશના સુચારું વહીવટ માટે સરકાર કેટલા સ્તરે કામ કરે છે?
(A) બે (B) ત્રણ
(C) પાંચ (D) સાત

492. ગામ કે શહેરનો કાર્યભાર કોણ સંભાળે છે ?
(A) રાજ્ય સરકાર (B) રાષ્ટ્રીય સરકાર
(C) સ્થાનિક સરકાર (D) આપેલ તમામ

493. સમગ્ર રાજ્યમાં કાર્યભાર કોણ સંભાળે છે ?
(A) રાજ્ય સરકાર (B) રાષ્ટ્રીય સરકાર
(C) સ્થાનિક સરકાર (D) એક પણ નહિ

494. સમગ્ર દેશમાં કાર્યભાર કોણ સંભાળે છે ?
(A) રાજ્ય સરકાર (B) રાષ્ટ્રીય સરકાર
(C) સ્થાનિક સરકાર (D) એક પણ નહિ

495. આપણો દેશ કઈ શાસન વ્યવસ્થા ધરાવે છે ?
(A) પ્રમુખશાહી (B) સરમુખત્યારશાહી
(C) રાજાશાહી (D) લોકશાહી

496. આપણા દેશમાં ચૂંટાયેલી સરકારની મુદત કેટલા વર્ષની હોય છે ?
(A) પાંચ (B) ત્રણ
(C) બે (D) સાત

497. નીચેનામાંથી સરકારનો પ્રકાર કયો છે ?
(A) લોકશાહી (B) સામ્યવાદી
(C) રાજાશાહી (D) આપેલ તમામ

498. લોકશાહીમાં સરકારની રચના કોના દ્વારા થાય છે ?
(A) લોકોના પ્રતિનિધિઓ દ્વારા
(B) જિલ્લા પંચાયતના સભ્યો દ્વારા
(C) સ્પીકર દ્વારા
(D) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ દ્વારા

499. વિશ્વમાં સામ્યવાદી વિચારધારાને કઈ વિચારધારા તરીકે ઓળખવામાં આવે છે ?
(A) વ્યક્તિકેન્દ્રી (B) ડાબેરી
(C) મૂલ્યવાદી (D) વિકાસવાદી

500. રાજાશાહી શાસનમાં શાસક તરીકે કેટલી વ્યક્તિઓ શાસન કરે છે ?
(A) બે (B) એક
(C) ત્રણ (D) ચાર

501. પંચાયતી રાજ્યમાં સૌથી મહત્ત્વનું એકમ કયું છે ?
(A) તાલુકા પંચાયત (B) જિલ્લા પંચાયત
(C) મહાનગરપાલિકા (D) ગ્રામ પંચાયત

502. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં સૌથી પાયાનું એકમ કયું છે?
(A) ગ્રામ પંચાયત (B) તાલુકા પંચાયત
(C) જિલ્લા પંચાયત (D) મહાનગરપાલિકા

503. કેટલી વસ્તી ધરાવતાં ગામમાં ગ્રામ પંચાયતની રચના કરવામાં આવી છે ?
(A) 700 થી 10,000 (B) 500 થી 25,000
(C) 300 થી 3500 (D) 1000 થી 15,000

504. ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછાં કેટલા ચૂંટાયેલા સભ્યો હોય છે ?
(A) 12 (B) 16
(C) 8 (D) 11

505. ગ્રામ પંચાયતમાં વધુમાં વધુ કેટલા ચૂંટાયેલા સભ્યો હોય છે?
(A) 12 (B) 18
(C) 8 (D) 16

506. ગ્રામ પંચાયતના વડાને શું કહે છે ?
(A) સરપંચ (B) ગ્રામસેવક
(C) તલાટી (D) અધ્યક્ષ

507. ગ્રામ પંચાયતની ચૂંટણી કેટલા વર્ષે થાય છે ?
(A) ત્રણ વર્ષે (B) પાંચ વર્ષે
(C) છ વર્ષે (D) બે વર્ષે

508. ગ્રામ પંચાયતનો વહીવટ કોણ કરે છે ?
(A) ગ્રામ સેવક (B) સરપંચ
(C) તલાટી-કમ-મંત્રી (D) પંચાયતના સભ્યો

509. ગ્રામ પંચાયતે ઓછામાં ઓછું કેટલી વખત ગ્રામસભાનું આયોજન કરવું ફરજિયાત છે ?
(A) પાંચ વખત (B) ત્રણ વખત
(C) ચાર વખત (D) બે વખત

510. ગ્રામસભાના અધ્યક્ષ કોણ હોય છે ?
(A) સરપંચ (B) ગ્રામસેવક
(C) તલાટી-કમ-મંત્રી (D) નાયબ સરપંચ

511. તાલુકા પંચાયતમાં ઓછામાં ઓછાં કેટલા સભ્યો હોય છે ?
(A) 32 (B) 16
(C) 8 (D) 23

512. તાલુકા પંચાયતમાં વધુમાં વધુ કેટલા સભ્યો હોય છે ?
(A) 16 (B) 23
(C) 32 (D) 8

513. તાલુકા પંચાયતમાં કેટલા ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે ?
(A) 30% (B) 23%
(C) 70% (D) 50%

514. તાલુકા પંચાયતના વહીવટી વડાને શું કહેવાય છે ?
(A) તાલુકા વિકાસ અધિકારી (B) જિલ્લા વિકાસ અધિકારી
(C) ચીફ ઑફિસર (D) મ્યુનિસિપલ કમિશનર

515. ગુજરાતમાં તીર્થગ્રામ યોજનાની શરૂઆત ક્યારે થઈ હતી ?
(A) 12 એપ્રિલ, 2014માં (B) 20 મે, 2014માં
(C) 21 જુલાઈ, 2014માં (D) 5 જૂન, 2014માં

516. જિલ્લા પંચાયતમાં ઓછામાં ઓછી કેટલી સંખ્યા હોય છે ?
(A) 23 (B) 38
(C) 52 (D) 32

517. જિલ્લા પંચાયતમાં વધુમાં વધુ કેટલી સંખ્યા હોય છે ?
(A) 32 (B) 52
(C) 45 (D) 57

518. જિલ્લા પંચાયતમાં મહિલાઓ માટે કેટલા ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે ?
(A) 50% (B) 20%(C) 18%
(D) 60%

519. જિલ્લા પંચાયતના સભ્યોની મુદત કેટલા વર્ષની હોય છે ?
(A) ત્રણ વર્ષની (B) પાંચ વર્ષની
(C) બે વર્ષની (D) સાત વર્ષની

520. જિલ્લા પંચાયતના વહીવટી વડાને શું કહે છે ?
(A) તાલુકા વિકાસ અધિકારી (B) જિલ્લા વિકાસ અધિકારી
(C) ચીફ ઑફિસર (D) મ્યુનિસિપલ કમિશનર

521. સામાજિક ન્યાય સમિતિ કેટલા સભ્યોની બનેલી છે ?
(A) ત્રણ (B) સાત
(C) પાંચ (D) ચાર

522. સામાન્ય રીતે કેટલી વસ્તીવાળાં શહેરોમાં નગરપાલિકા હોય છે ?
(A) દસ હજારથી વધુ (B) પંદર હજારથી વધુ
(C) વીસ હજારથી વધુ (D) પચ્ચીસ હજારથી વધુ

523. નગરપાલિકામાં ઓછામાં ઓછાં કેટલા સભ્યો હોય છે ?
(A) 28 (B) 12
(C) 8 (D) 32

524. નગરપાલિકાના એક વૉર્ડમાં કેટલાં સભ્યો હોય છે ?
(A) બે (B) ચાર
(C) પાંચ (D) સાત

525. નગરપાલિકામાં કેટલા ટકા મહિલા અનામત સભ્યો હોય છે ?
(A) 30% (B) 60%
(C) 50% (D) 45%

526. નગરપાલિકાના પ્રમુખનો કાર્યકાળ કેટલા વર્ષનો હોય છે ?
(A) ત્રણ વર્ષનો (B) પાંચ વર્ષનો
(C) બે વર્ષનો (D) અઢી વર્ષનો

527. નગરપાલિકાના વહીવટી વડાને શું કહે છે ?
(A) ચીફ ઑફિસર (B) તાલુકા વિકાસ અધિકારી
(C) જિલ્લા વિકાસ અધિકારી (D) મ્યુનિસિપલ કમિશનર

528. મહાનગરપાલિકાના વડાને શું કહે છે ?
(A) કાઉન્સિલર (B) મેયર
(C) ચીફ ઑફિસર (D) ટી.ડી.ઓ.

529. ગુજરાતમાં કેટલી મહાનગરપાલિકાઓ છે ?
(A) પાંચ (B) દસ
(C) આઠ (D) બાર

530. મહાનગરપાલિકામાં કેટલી વસ્તીએ એક વૉર્ડ બનાવવામાં આવે છે ?
(A) 23000 (B) 55000
(C) 90000 (D) 75000

531. મહાનગરપાલિકાના દરેક વૉર્ડમાં કેટલા સભ્યો હોય છે ?
(A) ચાર (B) ત્રણ
(C) પાંચ (D) સાત

532. મહાનગરપાલિકાના મેયરના હોદ્દાની મુદત કેટલા વર્ષની હોય છે ?
(A) ત્રણ વર્ષની (B) અઢી વર્ષની
(C) પાંચ વર્ષની (D) બે વર્ષની

533. મહાનગરપાલિકામાં કઈ સમિતિ સૌથી વધારે મહત્ત્વની છે ?
(A) નાણાં સમિતિ (B) આરોગ્ય સમિતિ
(C) કારોબારી સમિતિ (D) બાંધકામ સમિતિ

534. મહાનગરપાલિકાના વહીવટી વડાને શું કહે છે ?
(A) ચીફ ઑફિસર
(B) જિલ્લા વિકાસ અધિકારી
(C) મેયર
(D) મ્યુનિસિપલ કમિશનર

535. જિલ્લાના વહીવટી વડાં કોણ છે ?
(A) કલેક્ટર
(B) ગ્રામસેવક
(C) તલાટી-કમ-મંત્રી
(D) મામલતદાર

536. તાલુકા કક્ષાના વહીવટી વડા કોણ છે ?
(A) કલેક્ટર
(B) મામલતદાર
(C) ગ્રામસેવક
(D) તલાટી-કમ-મંત્રી

537. મામલતદાર કેટલા ગામોના સમૂહના બનેલાં તાલુકાના મહેસૂલી વડા છે ?
(A) 20 કે તેથી વધુ
(B) 15 કે તેથી વધુ
(C) 50 કે તેથી વધુ
(D) 70 કે તેથી વધુ

538. આપણા દેશમાં કેટલા શહેરો છે ?
(A) 7000 કરતાં વધારે
(B) 5000 કરતાં વધારે
(C) 3000 કરતાં વધારે
(D) 9000 કરતાં વધારે

539. આપણા દેશમાં નાના મોટાં કેટલા નગર છે ?
(A) 27000 જેટલાં
(B) 23000 જેટલાં
(C) 15000 જેટલાં
(D) 32000 જેટલાં

540. શહેરમાં રોજગારી મેળવવા લોકો ક્યાંથી આવે છે ?
(A) પાસેના ગામમાંથી
(B) અન્ય રાજયમાંથી
(C) અન્ય શહેરમાંથી
(D) આપેલ તમામ

541. ડીસા કયાં જિલ્લામાં આવેલું છે ?
(A) બનાસકાંઠા
(B) પાલનપુર
(C) સાબરકાંઠા
(D) મહેસાણા

542. રાણપુર ગામના લોકો શાની ખેતી કરે છે ?
(A) જુવાર અને ઘઉંની
(B) મકાઈ અને જીરાની
(C) બાજરી અને બટાટાની
(D) ડુંગરી અને ચણાની

543. રાણપુર ગામના લોકો કયા ફળની ખેતી કરે છે ?
(A) સફરજનની
(B) પપૈયાની
(C) જામફળની
(D) દાડમની

544. મધુબા કયા ખેડૂતને ત્યાં મજૂરી કરે છે ?
(A) મોંઘજીભાઈને ત્યાં
(B) નાગજીભાઈને ત્યાં
(C) છીતુભાઈને ત્યાં
(D) જીણાભાઈને ત્યાં

545. મધુબાએ કોની પાસેથી ઉછીના પૈસા લીધા હતાં ?
(A) નટવરભાઈ પાસેથી
(B) લવજીભાઈ પાસેથી
(C) મોતીભાઈ પાસેથી
(D) બચુભાઈ પાસેથી

546. સલમાન કયાં ગામમાં રહેતો હતો ?
(A) રાણપુર
(B) માલપુર
(C) પાંડરવાડા
(D) રાજપારડી

547. સલમાન પાસે કેટલી જમીન છે ?
(A) ત્રણ એકર
(B) બે એકર
(C) સાત એકર
(D) દસ એકર

548. સલમાન ખેતી ઉપરાંત બીજો કયો વ્યવસાય કરે છે ?
(A) પશુપાલનનો
(B) સિવવાનો
(C) માછલી પકડવાનો
(D) શાકભાજી વેચવાનો

549. રામપુરમાં લોકો શાની ખેતી કરે છે ?
(A) જુવારની
(B) ચોખાની
(C) ઘઉંની
(D) મકાઈની

550. જગાભાઈ શાના બદલે લોકોને જોઈતી વસ્તુ આપે છે ?
(A) જુવારના
(B) ઘઉંના
(C) ચોખાના
(D) મકાઈના

551. રૂડીબહેન અને લખીમા કયાં ગામમાં રહે છે ?
(A) પાંડરવાડામાં
(B) રામનગરમાં
(C) રાણપુરમાં
(D) સંચારડામાં

552. રૂડીબહેન અને લખીમાં શું કામ કરે છે ?
(A) માછલી પકડવાનું
(B) શાકભાજી વેચવાનો
(C) પશુપાલનનો
(D) છૂટક મજૂરી

553. રૂડીબહેન અને લખીમાં વર્ષમાં કેટલા મહિના સુધી તે માછલાં પકડીને જીવનનિર્વાહ કરે છે ?
(A) ત્રણ મહિના
(B) આઠ મહિના
(C) બે મહિના
(D) ચાર મહિના

554. રોડ ઉપરની દુકાન કે રોડની આસપાસ કામ કરનારાઓના કારણે શાની સમસ્યા વધી જાય છે ?
(A) મોંઘવારીની
(B) ચાલવાની
(C) વસ્તુ લેવાની
(D) ટ્રાફિકની

555. વાવ તાલુકો કયાં જિલ્લામાં આવેલો છે ?
(A) મહેસાણા
(B) અમદાવાદ
(C) બનાસકાંઠા
(D) સાબરકાંઠા

556. કરશનભાઈ ગામમાં કયો વ્યવસાય કરતાં હતાં ?
(A) સુથારીકામનો
(B) દરજીકામનો
(C) શાકભાજીનો
(D) પશુપાલનનો

557. ગામમાં સુથારીકામ કરતા કરશનભાઈ શહેરમાં કયું કામ કરે છે ?
(A) પંકચર બનાવવાનું
(B) રિક્ષા ચલાવવાનું
(C) બૂટપોલિશનું
(D) હેરકટિંગનું

558. નીલમના મામા ફેક્ટરીમાં કયું કામ કરતા હતા ?
(A) બટન લગાડવાનું
(B) પેકિંગનું
(C) સિલાઈકામ
(D) મૅનેજરનું

559. જયસિંહ રાજસ્થાનથી ક્યાં આવ્યા છે ?
(A) નવસારી
(B) ભરૂચ
(C) વડોદરા
(D) અમદાવાદ

560. જયસિંહ રાજસ્થાનથી નવસારી આવી કયું કામ કરે છે ?
(A) દવા બનાવવાનું
(B) સાબુ બનાવવાનું
(C) ચૉકલેટ બનાવવાનું
(D) મીઠાઈ બનાવવાનું

561. જયસિંહની ચૉકલેટને કારણે આજે કેટલાં લોકો સીધી કે આડકતરી રીતે રોજગારી મેળવે છે ?
(A) 50 કરતાં વધુ લોકો (B) 100 કરતાં વધુ લોકો
(C) 200 કરતાં વધુ લોકો (D) 700 કરતાં વધુ લોકો

562. ગામડાંમાં લોકો નીચે પૈકી કયું કામ વધારે કરતાં જોવા મળે છે ?
(A) સરકારી નોકરી (B) ખેતી
(C) ઉદ્યોગ (D) આપેલ તમામ

ધોરણ - 7

1. કોના અવસાન બાદ દક્ષિણ ભારતનાં રાજ્યો સ્વતંત્ર બન્યાં ?
(A) હર્ષવર્ધનના (B) ગોવિંદચંદ્રના
(C) યશોવર્મનના (D) પુલકેશી બીજાના

2. રાજપૂતોએ ભારતને કેટલા વર્ષ સુધી વિદેશી આક્રમણોથી બચાવ્યું હતું ?
(A) પાંચસો વર્ષ સુધી (B) ત્રણસો વર્ષ સુધી
(C) બસો વર્ષ સુધી (D) સો વર્ષ સુધી

3. સાતમી સદીના અંતમાં ભારતમાં કઈ શક્તિઓનો ઉદય થયો હતો ?
(A) લોકશાહી (B) સામંતશાહી
(C) સમાજવાદી (D) સામ્રાજ્યવાદી

4. ગઢવાલ રાજ્યનો સ્થાપક કોણ હતો ?
(A) ગોવિંદચંદ્ર (B) મદનચંદ્ર
(C) ચંદ્રદેવ (D) યશોવર્મન

5. ગઢવાલ કુળનો સૌથી પ્રતાપી અને પરાક્રમી રાજા કોણ હતો?
(A) યશોવર્મન (B) કીર્તિવર્મન
(C) ચંદ્રદેવ (D) ગોવિંદચંદ્ર

6. કયા રાજાએ ગઝનીના આક્રમણને અટકાવ્યું હતું ?
(A) ગોવિંદચંદ્રે (B) મદનચંદ્રે
(C) ચંદ્રદેવે (D) યશોવર્મન

7. કયા રાજાએ અનેક બૌદ્ધ વિહારોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો ?
(A) મદનચંદ્રે (B) ગોવિંદચંદ્રે
(C) ચંદ્રદેવે (D) યશોવર્મને

8. ઈ. સ. 820માં પરમાર વંશની સ્થાપના કોણે કરી હતી ?
(A) રાજ્યરાજે (B) કીર્તિવર્મને
(C) કૃષ્ણરાજે (D) ગોવિંદચંદ્રે

9. પરમાર વંશનો સૌથી શ્રેષ્ઠ શાસક કોણ હતો ?
(A) અજયરાજ (B) જયસિંહ
(C) અર્ણોરાજ (D) ભોજ

10. શાકંભરીના ચાહમાન (ચૌહાણ) વંશનો સ્થાપક કોણ હતો ?
(A) વાસુદેવ (B) અજયરાજ
(C) સિદ્ધરાજ જયસિંહ (D) ભોજ

11. અજયમેરુ નામના નગરની સ્થાપના કોણે કરી હતી ?
(A) સિદ્ધરાજ જયસિંહે (B) અજયરાજે
(C) અર્ણોરાજે (D) રાજા ભોજે

12. સિદ્ધરાજ જયસિંહની રાજકુંવરીના લગ્ન ચૌહાણ વંશના કયા રાજા સાથે થયાં હતાં ?
(A) અજયરાજ સાથે (B) રાજા ભોજ સાથે
(C) અર્ણોરાજ સાથે (D) કૃષ્ણરાજ સાથે

13. કયો રાજા ભારતના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે ?
(A) ગોવિંદચંદ્ર (B) યશોવર્મન
(C) કીર્તિવર્મન (D) પૃથ્વીરાજ ત્રીજો

14. ઈ. સ. 756માં સરસ્વતી નદીના કિનારે કોણે અણહિલવાડ પાટણની સ્થાપના કરી હતી ?
(A) વનરાજ ચાવડાએ (B) કુમારપાળે
(C) ભીમદેવે (D) મૂળરાજ બીજાએ

15. પાટણમાં વિશ્વપ્રસિદ્ધ રાણીની વાવ કોણે બંધાવી હતી ?
(A) રાણી મીનળદેવીએ (B) રાણી ઉદયમતિએ
(C) રાણી લીલામતિએ (D) રાણી રૂપમતીએ

16. સિદ્ધરાજ જયસિંહે 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામના ગ્રંથની રચના કોની પાસે કરાવી હતી ?
(A) કાલિદાસ પાસે (B) ભાસ પાસે
(C) હેમચંદ્રાચાર્યજી પાસે (D) સોમેશ્વર પાસે

17. 'કુમારપાળચરિત્ર' ગ્રંથની રચના કોણે કરી હતી ?
(A) મહાકવિ કાલિદાસે (B) મહાકવિ ભાસે
(C) કવિ જયદેવે (D) હેમચંદ્રાચાર્યજીએ

18. વાઘેલા વંશના છેલ્લા શાસક કોણ હતા ?
(A) કર્ણદેવ વાઘેલા (B) વીસળ દેવ
(C) અર્જુન દેવ (D) સારંગ દેવ

19. ગુજરાતમાં દિલ્લી સલ્તનતની સ્થાપના ક્યારે થઈ ?
(A) ઈ. સ. 1312માં (B) ઈ. સ. 1304મા
(C) ઈ. સ. 1365માં (D) ઈ. સ. 1375માં

20. પાલ વંશની સ્થાપના કોણે કરી હતી ?
(A) વીસળદેવે (B) અર્જુન દેવે
(C) ગોપાલે (D) વસ્તુપાળે

21. સેન વંશની સ્થાપના ક્યારે થઈ હતી ?
(A) ઈ. સ. 1052માં (B) ઈ. સ. 1063માં
(C) ઈ. સ. 1090માં (D) ઈ. સ. 1095માં

22. સેન વંશમાં નોંધપાત્ર રાજા કોણ હતો ?
(A) વિજયસેન (B) બલ્લાલસેન
(C) ગોપાલ (D) વીસળદેવ

23. ધારાનગરીમાં મહાશાળાની સ્થાપના કયા રાજાએ કરી હતી ?
(A) રાજા ભોજે (B) તેજપાળે
(C) ચંદ્રદેવે (D) વાસુદેવે

24. કયા વંશના શાસનકાળને ગુજરાતના રાજપૂત શાસનનો સુવર્ણયુગ કહેવામાં આવે છે ?
(A) પાલ વંશના
(B) સોલંકી વંશના
(C) સેન વંશના
(D) રાષ્ટ્રકૂટ વંશના

25. કયા રાજાના સમયમાં 'કલિકાલસર્વજ્ઞ' હેમચંદ્રાચાર્ય થઈ ગયા ?
(A) અજયપાળના
(B) પૃથ્વીરાજ ચૌહાણના
(C) સિદ્ધરાજ જયસિંહના
(D) મદનચંદ્રના

26. સોલંકી યુગના કયા રાજાએ રાજ્યમાં જુગારની રમત અને પશુવધ પર પ્રતિબંધ મૂક્યો હતો ?
(A) ચંદ્રદેવે
(B) વાસુદેવે
(C) મદનચંદ્ર
(D) કુમારપાળે

27. સોલંકીઓએ કયું ગામ અર્ણોરાજને ભેટમાં આપ્યું હતું ?
(A) વ્યાઘ્રપલ્લી
(B) પાટણ
(C) સિદ્ધપુર
(D) વિરમગામ

28. ચાલુક્ય વંશનો પ્રથમ રાજા કોણ હતો ?
(A) કીર્તિવર્મન
(B) જયસિંહ
(C) વિષ્ણુવર્ધન
(D) પુલકેશી પ્રથમ

29. રાષ્ટ્રકૂટ વંશનો પ્રથમ રાજા કોણ હતો ?
(A) કીર્તિવર્મન
(B) જયસિંહ
(C) ઈન્દ્રપ્રથમ
(D) વિષ્ણુવર્ધન

30. રાષ્ટ્રકૂટ વંશના શાસકોમાં સૌથી વધુ શક્તિશાળી શાસક કોણ હતો ?
(A) કીર્તિવર્મન
(B) જયસિંહ
(C) ઈન્દ્ર પ્રથમ
(D) ગોવિંદ ત્રીજો

31. પલ્લવ વંશની સ્થાપના કોણે કરી હતી ?
(A) બપ્પદેવે
(B) કીર્તિવર્મને
(C) જયસિંહે
(D) ઈન્દ્રપ્રથમે

32. ચેર વંશનો પ્રથમ શાસક કોણ હતો ?
(A) સેતુંગવન
(B) અયન
(C) ઈન્દ્રપ્રથમ
(D) ગોવિંદ ત્રીજો

33. ચેર શાસકોમાં સર્વશ્રેષ્ઠ શાસક કોણ હતો ?
(A) અયન
(B) ઈન્દ્રપ્રથમ
(C) સેતુંગવન
(D) ગોવિંદ ત્રીજો

34. ઉત્તર ભારતના કયા રાજાના અવસાન બાદ નાનાં નાનાં રાજ્યો સ્વતંત્ર થયાં ?
(A) પુલકેશી બીજાના
(B) હર્ષવર્ધનના
(C) મિહિર ભોજના
(D) અશોકના

35. બુંદેલખંડનું રાજ્ય પાછળથી કયા નામે ઓળખાતું હતું ?
(A) જેજાકભુક્તિ
(B) ઉજ્જયિની
(C) પ્રતિહારો
(D) ચૌલુક્ય

36. માળવાના પરમાર વંશના શાસકોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) કુમારપાળ
(B) ભોજ
(C) સીયક
(D) મુંજ

37. આઠમી સદીમાં બંગાળમાં કયા વંશનું શાસન હતું ?
(A) ચંદેલ વંશનું
(B) પરમાર વંશનું
(C) પાલ વંશનું
(D) પ્રતિહારોનું

38. રાણીની વાવ કયા વંશના શાસનકાળમાં બનાવવામાં આવેલ હતી ?
(A) ચાવડા વંશના
(B) સોલંકી વંશના
(C) વાઘેલા વંશના
(D) મૈત્રક વંશના

39. પ્રાચીનકાળથી જ કયું શહેર ભારતીય રાજનીતિના કેન્દ્રમાં રહ્યું છે ?
(A) જોનપુર
(B) ગાંધીનગર
(C) હિસ્સાર
(D) દિલ્લી

40. 12મી સદીમાં તોમર અને ચૌહાણ રાજપૂતોના સમયમાં કયું શહેર વેપાર-વાણિજ્યનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું ?
(A) દિલ્લી
(B) અમદાવાદ
(C) સુરત
(D) ખંભાત

41. કઈ સદીની શરૂઆતમાં દિલ્લી સલ્તનતની સ્થાપના થઈ ?
(A) 17 મી
(B) 19 મી
(C) 13 મી
(D) 9 મી

42. સવા ત્રણ સો વર્ષ દરમિયાન દિલ્લી સલ્તનતમાં કુલ કેટલા વંશોએ સત્તા ભોગવી ?
(A) ત્રણ
(B) બે
(C) નવ
(D) પાંચ

43. ભારતમાં દિલ્લીમાં સલ્તનતની સત્તાનો પાયો નાખ્યો ?
(A) શિહાબુદ્દીન ઘોરીએ
(B) જલાલુદીન ખલજી
(C) અલાઉદ્દીન ખલજી
(D) મુહમ્મદ-બિન-તુગલક

44. કુતુબુદીન ઐબકના અવસાન બાદ કોણ ગાદીએ આવ્યું ?
(A) નાસિરુદ્દીન
(B) ઈલ્તુત્મિશ
(C) જલાલુદ્દીન ખલજી
(D) અલાઉદ્દીન ખલજી

45. ગુલામ વંશનો સાચો સ્થાપક કોને માનવામાં આવે છે ?
(A) નાસિરુદ્દીનને
(B) જલાલુદ્દીનને
(C) ઈલ્તુત્મિશને
(D) અલાઉદ્દીન ખલજીને

46. ઈલ્તુત્મિશના અવસાન બાદ દિલ્લીની ગાદી પર કોણ આવ્યું ?
(A) રાણી સિપ્રી
(B) રાણી રૂપમતી
(C) આરઝૂ બેગમ
(D) રઝિયા સુલતાના

47. 'ચેહલગાન' (ચારગાન) એટલે શું ?
(A) ચાર વજીરોનું દળ
(B) ચાર ભારતીયોનું દળ
(C) 40 તુર્ક અમીરોનું દળ
(D) 40 ગુરખાઓનું દળ

48. કયા સુલતાનથી ખલજી વંશના શાસનની શરૂઆત થઈ ?
(A) અલાઉદ્દીન ખલજીથી
(B) શિહાબુદ્દીન ઘોરીથી
(C) કુતુબુદ્દીન ઐબકથી
(D) જલાલુદ્દીન ખલજીથી

49. જલાલુદ્દીનના 6 વર્ષના શાસનબાદ દિલ્લીની ગાદીએ કોણ આવ્યું ?
(A) ગિયાસુદ્દીન **(B)** અલાઉદ્દીન
(C) મુહમ્મદ તુગલક (D) ફિરોજશાહ

50. દિલ્લીમાં સ્થાયી સેનાની શરૂઆત કોણે કરી ?
(A) અલાઉદ્દીને (B) ગિયાસુદ્દીને
(C) મુહમ્મદ તુગલકે (D) ફિરોજશાહે

51. કયા સુલતાને સૈન્યના ઘોડાઓ અને સૈનિકોની વિશિષ્ટ ઓળખ માટે 'દાગ' અને 'ચહેરા' પદ્ધતિની શરૂઆત કરી ?
(A) શિહાબુદ્દીને (B) કુતુબુદ્દીને
(C) અલાઉદ્દીને (D) ફિરોજશાહે

52. દિલ્લીમાં તુગલક શાસનની શરૂઆત કયા સુલતાને કરી હતી ?
(A) શિહાબુદ્દીને (B) કુતુબુદ્દીને
(C) અલાઉદ્દીને **(D)** ગ્યાસુદ્દીને

53. કયા સુલતાનની યોજનાઓ તરંગી યોજનાઓ તરીકે ઓળખાય છે ?
(A) મુહમ્મદ-બિન-તુગલકની (B) શિહાબુદ્દીનની
(C) કુતુબુદ્દીનની (D) અલાઉદ્દીનની

54. મુહમ્મદ તુગલકના સમયમાં કયો આફ્રિકન મુસાફર ભારતની મુલાકાતે આવ્યો હતો ?
(A) ફિરોજશાહ **(B)** ઈબ્નબતુતા
(C) તૈમુર લંગ (D) ઇબ્રાહીમ લોદી

55. મુહમ્મદ તુગલક બાદ દિલ્લીની ગાદીએ કોણ આવ્યું ?
(A) ઈબ્નબતુતા (B) તૈમુર લંગ
(C) ફિરોજશાહ તુગલક (D) અલાઉદ્દીન ખલજી

56. દિલ્લીની ગાદી પર સૈયદ વંશની સ્થાપના કોણે કરી ?
(A) બહલોલ લોદીએ (B) ગિયાસુદ્દીન તુગલકે
(C) અલાઉદ્દીન ખલજીએ **(D)** ખિજ્રખાએ

57. દિલ્લીની ગાદી પર લોદી વંશની સ્થાપના કોણે કરી ?
(A) બહલોલ લોદીએ (B) ગિયાસુદ્દીન તુગલકે
(C) અલાઉદ્દીન ખલજીએ (D) ખિજ્રખાએ

58. લોદીવંશનો અંતિમ બાદશાહ કોણ હતો ?
(A) બહલોલ લોદી **(B)** ઇબ્રાહીમ લોદી
(C) અલાઉદ્દીન ખલજી (D) ગિયાસુદ્દીન

59. પાણીપતનું પ્રથમ યુદ્ધ કઈ સાલમાં થયું હતું ?
(A) ઈ. સ. 1532માં (B) ઈ. સ. 1540માં
(C) ઈ. સ. 1565માં **(D)** ઈ. સ. 1526માં

60. પાણીપતના પ્રથમ યુદ્ધમાં ઇબ્રાહીમ લોદીનો કોની સામે પરાજય થયો હતો ?
(A) બાબર સામે (B) અકબર સામે
(C) જહાંગીર સામે (D) ઔરંગઝેબ સામે

61. દિલ્લી સલ્તનત શાસનના કેન્દ્રમાં કોણ હતું ?
(A) વજીર **(B)** સુલતાન
(C) ઇક્તેદાર (D) સેનાપતિ

62. કુવત-ઉલ-ઇસ્લામ નામની મસ્જિદનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?
(A) ઝફરખાને (B) અહમદશાહે
(C) કુતુબુદ્દીન ઐબકે (D) મુહમ્મદ શાહે

63. કુતુબમિનારનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?
(A) ઝફરખાને (B) અહમદ શાહે
(C) અહમદ શાહે **(D)** કુતુબુદ્દીન ઐબકે

64. કુતુબુદ્દીન ઐબકના અવસાન બાદ કુતુબમિનારનું અધૂરું કામ કોણે પૂર્ણ કરાવ્યું હતું ?
(A) ઇલ્તુત્મિશે (B) ઝફરખાને
(C) અહમદ શાહે (D) મુહમ્મદ શાહે

65. 'ઢાઈ દિનકા ઝોંપડા' નામની મસ્જિદનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?
(A) ઇલ્તુત્મિશે **(B)** કુતુબુદ્દીન ઐબકે
(C) ઝફરખાને (D) અહમદ શાહે

66. 'ઢાઈ દિનકા ઝોંપડા' નામની મસ્જિદ ક્યાં આવેલી છે ?
(A) દિલ્લીમાં (B) આગ્રામાં
(C) અજમેરમાં (D) જૂનાગઢમાં

67. વિજયનગરની સ્થાપના કઈ નદીના કિનારે થઈ હતી ?
(A) ગંગા (B) યમુના
(C) કાવેરી **(D)** તુંગભદ્રા

68. હરિહરરાય અને બુક્કારાય કયા વંશના રાજા હતા ?
(A) સંગમ વંશના (B) ચાલુ વંશના
(C) તુલુવ વંશના (D) અરવિંદુ વંશના

69. વિજયનગર સામ્રાજ્યમાં ચાલુ વંશના શાસન પછી કયા વંશની સ્થાપના થઈ ?
(A) સંગમ વંશની **(B)** તુલુવ વંશની
(C) અરવિંદુ વંશની (D) પાલ વંશની

70. કૃષ્ણદેવરાયે વિજયનગરની પાસે કયું નગર વસાવ્યું હતું ?
(A) ધરમપુર (B) રામપુર
(C) નાગલપુર **(D)** નાગલપુર

71. સાહિત્ય કલાના ઉત્તેજનના કારણે કૃષ્ણદેવરાય શાની ઓળખ પામ્યા હતા ?
(A) વિજયનગરના ભોજ (B) વિદ્યાનગરના ભોજ
(C) દક્ષિણના ભોજ **(D)** આંધ્રના ભોજ

72. ઈ. સ. 1347માં બહમની રાજ્યની સ્થાપના કોણે કરી ?
(A) ઝફરખાને (B) અહમદશાહે
(C) મુહમ્મદ શાહે (D) કાસિમ બરીદે

73. કોના સમયમાં બહમની સત્તા મજબૂત બની હતી ?
(A) ઝફરખાનના **(B)** મુહમ્મદશાહ ત્રીજાના
(C) કાસિમબરીદના (D) અહમદશાહના

74. દિલ્લી સલ્તનતના 'ચેહલગાન' (ચારગાન)ની સ્થાપના કોણે કરી હતી ?
(A) રઝિયા સુલતાનાએ (B) કુતુબુદ્દીન ઐબકે
(C) બલ્બને (D) ઈલ્તુત્મિશે

75. દિલ્લી સલ્તનતનાં પ્રથમ મહિલા શાસક કોણ હતા ?
(A) રઝિયા સુલતાના (B) નૂરજહાં
(C) અર્જમંદબાનું (D) મહેરુન્નીશા

76. દિલ્લીના કયા શાસકની યોજના 'તરંગી યોજના' તરીકે ઓળખાય છે ?
(A) ઈલ્તુત્મિશની (B) કુતુબુદ્દીન ઐબકની
(C) મુહમ્મદ બિન તુગલકની (D) ફિરોજશાહ તુગલકની

77. વિજયનગર સામ્રાજ્યની સ્થાપના કોણે કરી હતી ?
(A) અહમદશાહે (B) હરિહરરાયે અને બુક્કારાયે
(C) કૃષ્ણદેવરાયે (D) ઝફરખાને

78. ભારતમાં મુઘલ સામ્રાજ્યની સ્થાપના ક્યારે થઈ હતી ?
(A) ઈ. સ. 1540માં (B) ઈ. સ. 1547માં
(C) ઈ. સ. 1556માં (D) ઈ. સ. 1526માં

79. ભારતમાં મુઘલ સામ્રાજ્યની સ્થાપના કોણે કરી હતી ?
(A) બાબરે (B) હુમાયુએ
(C) અકબરે (D) જહાંગીરે

80. પાણીપતનું પ્રથમ યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું ?
(A) બાબર અને શેરશાહ (B) બાબર અને ઈબ્રાહીમ લોદી
(C) અકબર અને હેમુ (D) જહાંગીર અને ઔરંગઝેબ

81. પાણીપતનું પ્રથમ યુદ્ધ ક્યારે થયું હતું ?
(A) 18 જાન્યુઆરી 1526માં (B) 23 ફેબ્રુઆરી 1526માં
(C) 20 એપ્રિલ 1526માં (D) 5 મે 1526માં

82. હુમાયુ દિલ્લીની ગાદી પર ક્યારે બેઠો ?
(A) ઈ. સ. 1523માં (B) ઈ. સ. 1554માં
(C) ઈ. સ. 1563માં (D) ઈ. સ. 1530માં

83. કયા મુઘલ બાદશાહનો અર્થ 'નસીબદાર' થાય છે ?
(A) હુમાયુ (B) બાબર
(C) અકબર (D) જહાંગીર

84. હુમાયુએ દિલ્હી પાસે કયું નગર વસાવ્યું હતું ?
(A) ખાનપુર (B) દીનપનાહ
(C) આરજુનગર (D) મોતીમહલ

85. ગ્રાન્ડ ટ્રંક રોડનું પુનઃ નિર્માણ કોણે કરાવ્યું હતું ?
(A) બાબરે (B) હુમાયુએ
(C) શેરશાહે (D) અકબરે

86. કોનો જન્મ અમરકોટના હિંદુ રાજપૂત રાજાના ઘરે થયો હતો ?
(A) બાબરનો (B) હુમાયુનો
(C) જહાંગીરનો (D) અકબરનો

87. પાણીપતનું બીજું યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું ?
(A) અકબર અને હેમુ
(B) અકબર અને શેરશાહ
(C) બાબર અને ઈબ્રાહીમ લોદી
(D) જહાંગીર અને ઔરંગઝેબ

88. પાણિપતનું બીજું યુદ્ધ ક્યારે થયું હતું ?
(A) ઈ. સ. 1545માં (B) ઈ. સ. 1556માં
(C) ઈ. સ. 1568માં (D) ઈ. સ. 1576માં

89. હલ્દીઘાટીનું યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું ?
(A) મહારાણા પ્રતાપ અને બાબર
(B) મહારાણા પ્રતાપ અને ઔરંગઝેબ
(C) મહારાણા પ્રતાપ અને અકબર
(D) મહારાણા પ્રતાપ અને હેમુ

90. કયા મુઘલ બાદશાહના સમયમાં ચિત્રકલાનો ખૂબ જ વિકાસ થયો હતો ?
(A) બાબરના (B) હુમાયુના
(C) અકબરના (D) જહાંગીરના

91. કયા મુઘલ બાદશાહનું હુલામણું નામ ખુર્રમ હતું ?
(A) શાહજહાંનું (B) ઔરંગઝેબનું
(C) અકબરનું (D) બાબરનું

92. સાંજના પ્રાર્થનાનો સમય થતાં વાંચનાલયમાંથી ઝડપથી પગથિયાં ઊતરવા જતાં તેનું અવસાન થયું. આ વિધાન કયા મુઘલ શાસકને લાગું પડે છે ?
(A) ઔરંગઝેબને (B) હુમાયુને
(C) અકબરને (D) બાબરને

93. તોપના નિરીક્ષણ દરમિયાન અકસ્માત થવાથી કોનું મૃત્યુ થયું હતું ?
(A) અકબરનું (B) બાબરનું
(C) શેરશાહનું (D) જહાંગીરનું

94. નીચેના પૈકી કોણ માત્ર 14 વર્ષની વચ્ચે દિલ્લીનો બાદશાહ બન્યો હતો ?
(A) બાબર (B) હુમાયુ
(C) શેરશાહ (D) અકબર

95. કયા મુઘલ બાદશાહે હિંદુઓ પ્રત્યે ઉદાર નીતિ અપનાવી રાજપૂતો સાથે સામાજિક સંબંધોની શરૂઆત કરી હતી ?
(A) અકબરે (B) બાબરે
(C) જહાંગીરે (D) હુમાયુએ

96. કયા મુઘલ બાદશાહે 'દીન-એ-ઈલાહી' નામના સંપ્રદાયની સ્થાપના કરી હતી ?
(A) બાબરે (B) અકબરે
(C) જહાંગીરે (D) હુમાયુએ

97. કયા મુઘલ બાદશાહે રામાયણ, મહાભારત, અથર્વવેદ, પંચતંત્ર, બાઈબલ, કુરાન વગેરે ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કર્યો હતો ?
(A) બાબરે (B) ઔરંગઝેબે
(C) અકબરે (D) જહાંગીરે

98. અકબરનું અવસાન કઈ સાલમાં થયું હતું ?
(A) ઈ. સ. 1607માં (B) ઈ. સ. 1615માં
(C) ઈ. સ. 1623માં **(D) ઈ. સ. 1605માં**

99. કયો મુઘલ બાદશાહ સંગીતકલા, મૂર્તિપૂજા અને ધાર્મિક ઉત્સવોનો વિરોધી હતો ?
(A) ઔરંગઝેબ (B) અકબર
(C) જહાંગીર (D) હુમાયુ

100. ઔરંગઝેબનું અવસાન કઈ સાલમાં થયું ?
(A) ઈ. સ. 1714માં (B) ઈ. સ. 1702માં
(C) ઈ. સ. 1709માં **(D) ઈ. સ. 1707માં**

101. મેવાડના રાણા સંગ્રામસિંહ કયા નામે પ્રખ્યાત હતાં ?
(A) રાણા નટવર **(B) રાણા સાંગા**
(C) રાણા પ્રતાપ (D) રાણા ઉદય

102. મેવાડનો કયો રાજા અકબરની સામે મેદાને પડ્યો હતો ?
(A) રાણા પ્રતાપ (B) રાણા કલ્યાણ
(C) રાણા દોલત (D) રાણા ભૂપત

103. કોની તુલના રાણા પ્રતાપ સાથે કરવામાં આવે છે ?
(A) રાણા જેસંગની (B) છત્રસિંહની
(C) દુર્ગાદાસ રાઠોડની (D) રાણા નાગજીની

104. મરાઠા રાજ્યનો વિસ્તાર કરવા શિવાજીએ કેટલા કિલ્લા જીત્યા હતા ?
(A) 20 થી વધારે (B) 10 થી વધારે
(C) 70 થી વધારે **(D) 40 થી વધારે**

105. શિવાજીનો ઈ. સ. 1674માં કયાં રાજ્યાભિષેક થયો હતો ?
(A) રાજગઢમાં (B) માનગઢમાં
(C) મીરગઢમાં (D) દિબ્રુગઢમાં

106. છત્રપતિ શિવાજીનું અવસાન ક્યારે થયું ?
(A) ઈ. સ. 1620માં **(B) ઈ. સ. 1680માં**
(C) ઈ. સ. 1674માં (D) ઈ. સ. 1665માં

107. મુઘલ વહીવટીતંત્રની વ્યવસ્થિત સ્થાપના કોના દ્વારા થઈ હતી ?
(A) બાબર (B) હુમાયુ
(C) અકબર (D) જહાંગીર

108. મુઘલ વહીવટીતંત્રમાં સેનાના વડાને શું કહેવામાં આવતો હતો ?
(A) દીવાન-એ-વજીરે (B) વાકિયાનવીસ
(C) મીર-એ સામાન **(D) મીરબક્ષ**

109. મુઘલ વહીવટીતંત્રના ગુપ્તાચરો કયા નામે ઓળખાતા હતા ?
(A) વાકિયાનવીસ (B) દીવાન-એ-વજીરે
(C) મીર-એ-સામાન (D) મીરબક્ષ

110. અકબરની મહેસૂલી વ્યવસ્થાનો સ્થાપક કોણ હતો ?
(A) રાજમલ **(B) ટોડરમલ**
(C) હસ્તીમલ (D) રૂપમલ

111. અકબરે શરૂ કરેલી નવી મહેસૂલી વ્યવસ્થા કઈ વ્યવસ્થા તરીકે ઓળખાતી હતી ?
(A) મનસુબેદારી (B) મનજાગીદારી
(C) મનવજીરાદારી **(D) મનસબદારી**

112. સસારામમાં મકબરો કોણે બંધાવ્યો હતો ?
(A) શેહશાહે (B) બાબરે
(C) જહાંગીરે (D) અકબરે

113. કયા મુઘલ બાદશાહનો શાસનકાળ મુઘલ સામ્રાજ્યનાં સ્થાપત્યનો સુવર્ણયુગ કહેવાય છે ?
(A) ઔરંગઝેબનો (B) અકબરનો
(C) શાહજહાંનો (D) બાબરનો

114. કયા મુઘલ બાદશાહે પોતાની પત્નીની યાદમાં ઔરંગાબાદમાં રાબિયા-ઉદ્-દૌરાનનો મકબરો બનાવ્યો હતો ?
(A) બાબરે (B) હુમાયુએ
(C) શાહજહાંએ **(D) ઔરંગઝેબ**

115. જહાંગીરના દરબારમાં કયો ચિત્રકાર વિશ્વવિખ્યાત હતો ?
(A) મનસૂર (B) જશવંત
(C) બસાવન (D) અમીરખુશરો

116. 'અકબરનામા' ગ્રંથની રચના કોણે કરી હતી ?
(A) બાબરે **(B) અબુલફઝલે**
(C) અકબરે (D) ઔરંગઝેબે

117. ઔરંગઝેબનું મૃત્યુ ક્યારે થયું હતું ?
(A) ઈ. સ. 1702માં (B) ઈ. સ. 1709માં
(C) ઈ. સ. 1707માં (D) ઈ. સ. 1712માં

118. કયા મુઘલ બાદશાહે દિલ્હીમાં પ્રસિદ્ધ લાલ કિલ્લાનું નિર્માણ કરાવ્યું હતું ?
(A) બાબરે (B) ઔરંગઝેબે
(C) હુમાયુએ **(D) શાહજહાંએ**

119. કયા મુઘલ બાદશાહે ચિત્રશાળાની સ્થાપના કરી હતી ?
(A) જહાંગીરે (B) બાબરે
(C) ઔરંગઝેબે (D) હુમાયુએ

120. બુલંદ દરવાજો કોણે બનાવડાવ્યો હતો ?
(A) અકબરે (B) જહાંગીરે
(C) શાહજહાંએ (D) ઔરંગઝેબે

121. અકબરનો જન્મ .... નામના સ્થળે થયો હતો.
(A) અમરકોટ (B) ઈરાન
(C) દિલ્હી (D) જયપુર

122. મૌર્યયુગ દરમિયાન કયા સ્થાપત્યોનું નિર્માણ થયું હતું ?

(A) ગાંધાર તથા મથુરાશૈલીનાં સ્તૂપો
(B) રાજમહેલ
(C) ભવનો તથા મંદિરો
(D) સ્તૂપો તથા સ્તંભલેખો

123. અનુમૌર્યયુગ દરમિયાન કયાં સ્થાપત્યોનું નિર્માણ થયું હતું ?

(A) સ્તૂપો તથા સ્તંભલેખો
(B) ગાંધાર તથા મથુરા શૈલીમાં સ્તૂપો
(C) રાજમહેલ તથા સ્તૂપો
(D) ભવનો તથા મંદિરો

124. ગુપ્ત સમય દરમિયાન કયા સ્થાપત્યોનું નિર્માણ થયું હતું ?

(A) રાજમહેલ (B) વિહારો
(C) ભવનો અને મંદિરો **(D) આપેલ તમામ**

125. દિલ્હી સલ્તનત સમય દરમિયાન કયાં સ્થાપત્યોનું નિર્માણ થયું હતું ?

(A) વાવ (B) તળાવ
(C) મંદિરો **(D) આપેલ તમામ**

126. છીણી અને હથોડી વડે પાષાણ, લાકડાં, ધાતુ પર કંડારિત કરવાની કલા એટલે ....

(A) શિલ્પકલા (B) સ્થાપત્યકલા
(C) સ્તંભકલા (D) સ્તૂપકલા

127. સ્થાપત્યનો સરળ અર્થ શું થાય છે ?

(A) વિહાર **(B) બાંધકામ**
(C) પાષાણ (D) ભવનો

128. રાજપૂતયુગીન સ્થાપત્યમાં મંદિરની કઈ શૈલી ઉત્તર ભારતમાં પ્રચલિત થઈ હતી ?

(A) પાંડ્યશૈલી (B) આરબશૈલી
(C) નાગરશૈલી (D) મથુરાશૈલી

129. કોણાર્કનું સૂર્યમંદિર કયા રાજાના સમયમાં થયું હતું ?

(A) ભીમદેવ પ્રથમના (B) સિદ્ધરાજ જયસિંહના
(C) રાજરાજ પ્રથમના **(D) નરસિંહવર્મન પ્રથમના**

130. કયા મંદિરને 'કાળા પેંગોડા' તરીકે પણ ઓળખવામાં આવે છે ?

(A) કોણાર્કના સૂર્યમંદિરને (B) બૃહદેશ્વરના મંદિરને
(C) મોઢેરાના સૂર્યમંદિરને (D) ચોસઠ યોગિનીના મંદિરને

131. સસારાજાનો મકબરો કોણે બંધાવ્યો હતો ?

(A) શાહજહાંએ **(B) શેરશાહે**
(C) અકબરે (D) જહાંગીરે

132. તાજમહાલ કઈ નદીના કિનારે આવેલો છે ?

(A) યમુના (B) સરસ્વતી
(C) ગંગા (D) સતલુજ

133. તાજમહાલનું નિર્માણ કયા મુઘલ બાદશાહે કરાવ્યું હતું ?

(A) અકબરે (B) જહાંગીરે
(C) શાહજહાંએ (D) બાબરે

134. શાહજહાંએ તાજમહાલનું નિર્માણ કોની યાદમાં કરાવ્યું હતું ?

(A) આરઝૂ બેગમની (B) હલીમા બેગમની
(C) રજીના બેગમની **(D) મુમતાજમહલની**

135. દિલ્હી સ્થિત લાલ કિલ્લાનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?

(A) શાહજહાંએ (B) અકબરે
(C) જહાંગીરે (D) બાબરે

136. કોણાર્કનું સૂર્યમંદિર કયા રાજ્યમાં આવેલું છે ?

(A) ઉત્તર પ્રદેશમાં **(B) ઓડિશામાં**
(C) ઝારખંડમાં (D) કેરલ

137. સોમનાથ મંદિર કયા જિલ્લામાં આવેલું છે ?

(A) ભાવનગર (B) જામનગર
(C) ગીર સોમનાથ (D) રાજકોટ

138. સોમનાથ મંદિર કયા પંથનું એક અત્યંત પુરાતન, સમૃદ્ધ અને મહત્ત્વનું કેન્દ્ર છે ?

(A) નારાયણ પંથનું (B) ગિરિ પંથનું
(C) વૈષ્ણવ પંથનું **(D) શિવ પંથનું**

139. કયું મંદિર ભારતનાં અત્યંત પવિત્ર એવાં 12 જ્યોતિર્લિંગોમાંનું એક છે ?

(A) સોમનાથ મંદિર (B) વિષ્ણુ મંદિર
(C) લક્ષ્મણ મંદિર (D) ચોસઠ યોગિનીનું મંદિર

140. ઉપરકોટનો કિલ્લો ક્યાં આવેલો છે ?

(A) પાટણમાં **(B) જૂનાગઢમાં**
(C) વડનગરમાં (D) ધોળકામાં

141. ઉપરકોટના કિલ્લાનું મૂળ નામ શું હતું ?

(A) વસઈ દુર્ગ (B) રામદુર્ગ
(C) ગિરિદુર્ગ (D) નવદુર્ગ

142. નવઘણ કૂવો ક્યાં આવેલો છે ?

(A) જૂનાગઢમાં (B) પાટણમાં
(C) સિદ્ધપુરમાં (D) ધોળકામાં

143. અડી-કડીની વાવ ક્યાં આવેલી છે ?

(A) ડભોઈમાં **(B) જૂનાગઢમાં**
(C) અમદાવાદમાં (D) પાટણમાં

144. મોઢેરાનું સૂર્યમંદિર કયા રાજાએ બંધાવ્યું હતું ?

(A) નરસિંહવર્મન પ્રથમે (B) રાજરાજ પ્રથમે
(C) ભીમદેવ પ્રથમે (D) સિદ્ધરાજ જયસિંહે

145. મોઢેરાના સૂર્યમંદિરમાં સૂર્યની કેટલી મૂર્તિઓ અંકિત થયેલી જોવા મળે છે ?

(A) સાત (B) નવ
(C) ચોવીસ **(D) બાર**

146. મોઢેરાના સૂર્યમંદિરની બહારના જળકુંડની ચારેબાજુ કુલ નાનાં-મોટાં કેટલા મંદિરો આવેલાં છે ?
(A) 108 (B) 112
(C) 124 (D) 101

147. રાણીની વાવ કોણે બંધાવી હતી ?
(A) રાણી રૂપમતિએ (B) રાણી ઉદયમતિએ
(C) રાણી કોમલબાએ (D) રાણી હેમુમતિએ

148. રાણીની વાવ ક્યાં આવેલી છે ?
(A) જૂનાગઢમાં (B) અમદાવાદમાં
(C) પાટણમાં (D) ડભોઈમાં

149. રુદ્રમહાલય ક્યાં આવેલો છે ?
(A) વડનગરમાં (B) પાટણમાં
(C) જૂનાગઢમાં (D) સિદ્ધપુરમાં

150. સિદ્ધપુરનો રુદ્રમહાલય કોણે બંધાવ્યો હતો ?
(A) સિદ્ધરાજ જયસિંહે (B) નરસિંહવર્મન પ્રથમે
(C) ભીમદેવ પ્રથમે (D) રાજરાજ પ્રથમે

151. મલાવ તળાવ ક્યાં આવેલું છે ?
(A) પાટણમાં (B) ધોળકામાં
(C) વિરમગામમાં (D) જૂનાગઢમાં

152. મુનસર તળાવ ક્યાં આવેલું છે ?
(A) પાટણમાં (B) ધોળકામાં
(C) વિરમગામમાં (D) જૂનાગઢમાં

153. સહસ્ત્રલિંગ તળાવ ક્યાં આવેલું છે ?
(A) જૂનાગઢમાં (B) વિરમગામમાં
(C) ધોળકામાં (D) પાટણમાં

154. કીર્તિતોરણ અને શર્મિષ્ઠા તળાવ ક્યાં આવેલા છે ?
(A) વડનગરમાં (B) જૂનાગઢમાં
(C) વિરમગામમાં (D) ધોળકામાં

155. અહમદશાહ દ્વારા અમદાવાદ શહેરની સ્થાપના ક્યારે કરવામાં આવી ?
(A) ઈ. સ. 1423માં (B) ઈ. સ. 1411માં
(C) ઈ. સ. 1470માં (D) ઈ. સ. 1485માં

156. જામા મસ્જિદ ક્યાં આવેલી છે ?
(A) અમદાવાદમાં (B) જૂનાગઢમાં
(C) ચાંપાનેરમાં (D) ધોળકામાં

157. રાણી રૂડાદેવીની વાવ ક્યાં આવેલી છે ?
(A) ડભોઈ (B) પાટણ
(C) ધોળકા (D) અડાલજ

158. અમદાવાદ નજીક આવેલી રૂડાદેવીની વાવ કોણે બંધાવી હતી ?
(A) રાણી રૂડાદેવીએ (B) રાણી ઉદયમતિએ
(C) રાણી શીલુમતિએ (D) રાણી લીલાવતીએ

159. પાદલિપ્તસૂરી નામના જૈન મુનિએ કયા ડુંગર પર જૈન મંદિરો બંધાવ્યા હતા ?
(A) સારસાના (B) શેત્રુંજય
(C) ગિરનાર (D) કડિયા ડુંગરના

160. ગુજરાતના જામનગર પાસે કોનો પાળિયો પાળિયાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે ?
(A) હમીરજ ગોહીલનો
(B) રતનકુંવરબા ગોહિલનો
(C) ભૂચર મોરીનો સૂરજ કુંવરબાનો
(D) નાગજીભાઈ ગોહિલનો

161. સોમનાથ મંદિર પાસે કોનો પાળિયો પાળિયાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે ?
(A) છત્રસિંહ ગોહિલનો
(B) લીલાવતી ગોહિલનો
(C) ભૂચર મોરીનો સૂરજ કુંવરબાનો
(D) હમીરજી ગોહિલનો

162. કયા ચિત્રકારના નેતૃત્વમાં આગ્રામાં એક ચિત્રશાળાની સ્થાપના કરવામાં આવી છે ?
(A) આકારિઝાના (B) જશવંતના
(C) બસાવનના (D) મનસૂરના

163. 'સંગીત રત્નાકર' ગ્રંથની રચના કોણે કરી હતી ?
(A) પંડિત હરિપાલ દવેએ (B) પંડિત સારંગદેવે
(C) પંડિત નારદે (D) પંડિત અહોબલે

164. 'સંગીત સુધાકર' ગ્રંથની રચના કોણે કરી હતી ?
(A) સારંગદેવે (B) નારદે
(C) અહોબલે (D) હરિપાલદેવેએ

165. 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ગ્રંથની રચના કોણે કરી હતી ?
(A) હેમચંદ્રાચાર્યએ (B) જયદેવે
(C) નારાયણે (D) ભાસ્કરાચાર્યએ

166. 'ગીતગોવિંદમ્' ગ્રંથ કોણે લખ્યો છે ?
(A) હેમચંદ્રાચાર્યએ (B) જયદેવે
(C) નારાયણે (D) ભાસ્કરાચાર્યએ.

167. 'હિતોપદેશ' ગ્રંથના કર્તા કોણ છે ?
(A) હેમચંદ્રાચાર્ય (B) જયદેવ
(C) નારાયણ (D) ભાસ્કરાચાર્ય

168. 'સિદ્ધાંત શિરોમણિ' અને 'લીલાવતી' ગ્રંથની રચના કોણે કરી હતી ?
(A) હેમચંદ્રાચાર્યએ (B) જયદેવે
(C) નારાયણે (D) ભાસ્કરાચાર્યએ

169. 'પૃથ્વીરાજ રાસો' નામનો ગ્રંથ કોણે લખ્યો હતો ?
(A) ચંદરદાઈએ (B) અમીર ખુશરોએ
(C) ઇબ્નબતુતાએ (D) પદ્મનાભે

170. 'તુઘલખનામા' અને 'તારીખે દિલ્લી' નામના ગ્રંથના કર્તા કોણ છે ?
(A) ચંદબરદાઈ (B) અમીર ખુશરો
(C) ઈબ્નબતુતા (D) પદ્મનાભ

171. 'કિતાબ-એ હિન્દ રહેલા' ગ્રંથની રચના કોણે કરી છે ?
(A) ચંદબરદાઈ (B) અમીર ખુશરો
(C) ઈબ્નબતુતા (D) પદ્મનાભ

172. 'કાન્હડદે પ્રબંધ' ગ્રંથ કોણે લખ્યો છે ?
(A) ચંદબરદાઈ (B) અમીર ખુશરો
(C) ઈબ્નબતુતા **(D) પદ્મનાભ**

173. 'પદ્માવત' ગ્રંથના કર્તા કોણ છે ?
(A) મહંમદ જાયસી (B) જયદેવ
(C) નારાયણ (D) ભાસ્કરાચાર્ય

174. ગુજરાતમાં ભવાઈ લેખન અને ભજવવાનું શ્રેય કોના ફાળે જાય છે ?
(A) જયશંકર સુંદરીના (B) અસાઈત ઠાકરના
(C) પ્રાણશંકરના (D) દિના પાઠકના

175. ઝાલાવાડ વિસ્તારમાં પશુપાલકો એક વિશિષ્ટ પ્રકારનો રાસ રમે છે તેને શું કહેવામાં આવે છે ?
(A) મેરાયો **(B) હુડો**
(C) ગોફ ગુંથન (D) ધમાલ

176. કયા મેળામાં હુડો રાસને જોવા માટે દેશ વિદેશના લોકો આવે છે ?
(A) ભાદરવી પૂનમના મેળામાં
(B) માધોપુરના મેળામાં
(C) તરણેતરના મેળામાં
(D) ભવનાથના મેળામાં

177. કોના સમયથી ગરબીનો ખૂબ વિકાસ થયો હતો ?
(A) નરસિંહ મહેતાના (B) મીરાંબાઈના
(C) પ્રેમાનંદના (D) દયારામના

178. કચ્છના બન્ની અને ખદિર વિસ્તારમાં કચ્છી સ્ત્રીઓ દ્વારા તૈયાર થયેલ કઈ કલાકારીગરી માટે વિશ્વવિખ્યાત છે ?
(A) ભરત-ગૂંથણ (B) જરીકામ
(C) વણાટકામ (D) જડતરકામ

179. શહેરીકરણનું ચરમબિંદુ આપણને ક્યાં જોવા મળે છે ?
(A) મુંબઈમાં **(B) દિલ્લીમાં**
(C) લાહોરમાં (D) જોનપુરમાં

180. જહાંગીર અને શાહજહાંના સમય દરમિયાન વેપાર-વાણિજ્યનું સૌથી મોટું મથક કયું હતું ?
(A) મુંબઈ (B) અમૃતસર
(C) પૂણે **(D) દિલ્લી**

181. શીખ ધર્મને કારણે કયું શહેર અગત્યનું શહેરી કેન્દ્ર બન્યું ?
(A) અમૃતસર (B) પૂણે
(C) સતારા (D) ગ્વાલિયર

182. વિજયનગરની રાજધાની કઈ હતી ?
(A) કોચી **(B) હમ્પી**
(C) ચંદ્રનગર (D) દોલતાબાદ

183. નીચેના પૈકી હુન્નરકલાનું અને વેપાર-વાણિજ્યનું સૌથી મોટું કેન્દ્ર કયું હતું ?
(A) કોચી (B) અમૃતસર
(C) હમ્પી (D) ચંદ્રનગર

184. સોળમી સદીમાં ભારતનું મહત્ત્વનું વ્યાપારિક કેન્દ્ર કયું હતું ?
(A) ભરૂચ (B) ખંભાત
(C) વેરાવળ **(D) સુરત**

185. વીરજી વોરા અને ગોપી મલિક જેવાં વિશ્વવિખ્યાત સોદાગરો ક્યાં રહેતાં હતાં ?
(A) સુરત (B) ભરૂચ
(C) ખંભાત (D) દમણમાં

186. સત્તરમી સદીમાં મલમલ સુતરાઉ કાપડ અને જહાજ બનાવવાના ઉદ્યોગો કયાં શહેરમાં વિકસ્યાં હતાં ?
(A) ભરૂચ **(B) સુરત**
(C) અમદાવાદ (D) પૂણે

187. જરીભરત કામ માટે કયું શહેર વિશ્વવિખ્યાત હતું ?
(A) ભરૂચ (B) અમદાવાદ
(C) સુરત (D) જરીભરત

188. કયા કાપડનો વિશ્વભરમાં સૌથી મોટો વેપાર સુરતથી થતો હતો ?
(A) રેશમી (B) કોટન
(C) સુરત **(D) જરીભરત**

189. નીચેના પૈકી કયું બંદર આંતરરાષ્ટ્રીય બંદર હતું ?
(A) સુરત (B) ખંભાત
(C) ભરૂચ (D) વેરાવળ

190. દિલ્લી સલ્તનતના આ સમયગાળામાં મસ્જિદ, મકબરા અને રોજા એમ ત્રણ ત્રણ સ્થાપત્યોની ...... શૈલી પ્રમુખ હતી.
(A) ઈસ્લામ (B) નાગર
(C) સલ્તનત (D) આરબ

191. આગરા : .... બાગ, કશ્મીર : .... બાગ.
(A) લાલ **(B) નિશાંત**
(C) આરામ (D) શાલીમાર

192. મુંબઈ : .... મંદિર, તાંજોર : .... મંદિર
(A) રાજરાજેશ્વર **(B) એલિફન્ટાની ગુફા**
(C) રથ (D) સુવ ર્ણ

193. વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો પ્રાપ્ત કરનાર સ્થાપત્ય...
(A) અડી-કડીની વાવ **(B) રાણીની વાવ**
(C) કાંકરિયા તળાવ (D) રૂડાદેવીની વાવ

194. બારીઓમાં વિશિષ્ટ પ્રકારની જાળીઓની કોતરણી ધરાવનાર...
(A) સીદી સૈયદની જાળી
(B) જામા મસ્જિદ
(C) ડભોઈનો કિલ્લો
(D) ધોળકાની મસ્જિદ

195. પ્રત્યેક જનજાતિના સભ્યો કઈ પ્રથાથી એકબીજા સાથે જોડાયેલા હતા ?
(A) સામાજિકપ્રથાથી
(B) કબીલાઈપ્રથાથી
(C) આર્થિકપ્રથાથી
(D) ધાર્મિકપ્રથાથી

196. જનજાતિના સભ્યોના જીવન પર સૌથી વધુ અસર કરતાં પરિબળો કયા હતાં ?
(A) જંગલ અને પશુઓ
(B) જંગલ અને પર્વતો
(C) જંગલ અને પ્રકૃતિ
(D) પ્રકૃતિ અને નદીઓ

197. જનજાતિના સભ્યોનાં ઘરો કયાં સંસાધનોથી બનેલાં હતાં ?
(A) પ્રાકૃતિક
(B) સાંસ્કૃતિક
(C) ખાનગી
(D) શહેરી

198. જનજાતિના લોકો શાની પર સંયુક્ત રીતે નિયંત્રણ રાખતાં હતાં ?
(A) બળદો અને ગાયો પર
(B) જમીન અને જમીન પેદાશો પર
(C) ઘરો અને તંબુઓ પર
(D) કપડાં અને વાસણો પર

199. જનજાતિના લોકોની અર્થવ્યવસ્થામાં કયો સિદ્ધાંત જોવા મળે છે ?
(A) વૈશ્વિકીકરણનો
(B) મૌખિકતાનો
(C) સામૂહિકતાનો
(D) ઉદારીકરણનો

200. જનજાતિના લોકો કઈ જગ્યાએ નિવાસ કરતાં હતાં ?
(A) જંગલો
(B) પહાડો
(C) દુર્ગમ જગ્યાઓ પર
(D) આપેલ તમામ

201. વર્તમાન ઈતિહાસકારો જનજાતિઓનો ઈતિહાસ લખવા માટે કઈ પરંપરાઓનો ઉપયોગ કરે છે ?
(A) મૌખિક
(B) લેખિત
(C) સામાન્ય
(D) સામૂહિક

202. તેરમી-ચૌદમી સદી દરમિયાન પંજાબમાં કઈ જનજાતિઓ મુખ્ય હતી ?
(A) લંઘા અને અરઘુન
(B) ખોખર અને ગખ્ખર
(C) નાગા અને કૂકી
(D) મીઝો અને અહમ

203. મુઘલ બાદશાહ અકબરે કોને મનસબદાર બનાવ્યા હતાં ?
(A) કમાલખાં ગખ્ખરનો
(B) મુસ્તુફા મનસૂરીને
(C) તલહા સૈયદનો
(D) અબ્દુલ્લા ગખ્ખરને

204. મુઘલો પહેલાં મુલ્તાન અને સિંધમાં કઈ જનજાતિઓનું આધિપત્ય હતું ?
(A) ખોખર અને ગખ્ખર
(B) નાગા અને કૂકી
(C) લંઘા અને અરઘુન
(D) મીઝો અને અહમ

205. ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાં કઈ જનજાતિ સૌથી શક્તિશાળી હતી ?
(A) નાગા
(B) કૂકી
(C) મિઝો
(D) બલોચ

206. પશ્ચિમ હિમાલયમાં વસતી કઈ જનજાતિ મુખ્ય હતી ?
(A) ગદ્દી ગડરિયો
(B) ખોખર
(C) ગખ્ખર
(D) લંઘા

207. હાલના બિહાર અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં બારમી સદી સુધી કોનું આધિપત્ય હતું ?
(A) ભીલ સરદારોનું
(B) ચેર સરદારોનું
(C) મીઝો સરદારોનું
(D) બલોચ સરદારોનું

208. કયા મુઘલ બાદશાહના સમયમાં મુઘલ સેનાએ ચેરજાતિના ઘણા કિલ્લાઓ કબજે કરી તેમના પર પ્રભુત્વ સ્થાપિત કર્યું ?
(A) અકબરના
(B) શાહજહાંના
(C) ઔરંગઝેબના
(D) બાબરના

209. કર્ણાટક અને મહારાષ્ટ્રના પહાડી વિસ્તારોમાં કઈ જનજાતિઓ રહેતી હતી ?
(A) મુંડા અને સંથાલ
(B) નાગા અને કૂકી
(C) મીઝો અને અહમ
(D) કોળી અને બેરાદ

210. પશ્ચિમ અને મધ્ય ભારતની જનજાતિઓમાં સૌથી મહત્ત્વની જનજાતિ કઈ હતી ?
(A) ભીલ
(B) મુંડા
(C) મંથાલ
(D) કોળી

211. ભારતની જૂની જનજાતિઓ પૈકીની કઈ જનજાતિ સૌથી જૂની છે ?
(A) ભીલ
(B) ગોંડ
(C) મુંડા
(D) સંથાલ

212. ગોંડ જનજાતિના લોકો કઈ ખેતી કરતા હતા ?
(A) બાગાયતી ખેતી
(B) ભીની ખેતી
(C) સ્થળાંતરિત ખેતી
(D) આત્મનિર્વાહ ખેતી

213. અકબરનામાની નોંધ પ્રમાણે ગઢકટંગાના ગોંડ રાજ્યમાં કુલ કેટલાં ગામડાં હતાં ?
(A) 40,000
(B) 55,000
(C) 75,000
(D) 70,000

214. ગોંડ રાજ્યની રાજ્ય વ્યવસ્થા કેવી હતી ?
(A) કેન્દ્રીકૃત
(B) પ્રમુખશાહી
(C) રાજાશાહી
(D) પ્રાંતીય

215. ગોંડ રાજ્યના દરેક ગઢ કેટલાં ગામોના એક એકમમાં વહેંચાયેલો હતો ?
(A) 23
(B) 84
(C) 67
(D) 90

216. ગોંડ રાજ્યમાં દરેક ચોર્યાસી કેટલાં ગામોના એક પેટા એકમમાં વહેંચાયેલી હતી ?
(A) પંદર (B) દસ
(C) બાર (D) અઢાર

217. મૂળભૂત રાજપૂત તરીકેની માન્યતા મેળવવા ગઢકટંગાના ગોંડ રાજા અમનદાસે કઈ પદવી ધારણ કરી હતી ?
(A) ભારતસિંહની (B) સુરેશશાહની
(C) ગૌતમસિંહની **(D) સંગ્રામશાહની**

218. ગોંડરાજા સંગ્રામશાહના પુત્ર દલપતે મહોબાના ચંદેલ રાજપૂત રાજાની કઈ રાજકુમારી સાથે લગ્ન કર્યાં હતાં ?
(A) લીલાવતી **(B) દુર્ગાવતી**
(C) શીલુમતિ (D) હેમુવતી

219. ગોંડ રાજા દલપતના અવસાન પછી દુર્ગાવતીએ પોતાના કયા પુત્રના નામથી શાસન સંભાળ્યું ?
(A) વીર નારાયણ (B) વીર વિક્રમ
(C) વીર બળવંત (D) વીર ઉદય

220. ઈ. સ. 1565માં કોના નેતૃત્વ હેઠળની મુઘલ સેનાએ દુર્ગાવતીને પરાજિત કરી ?
(A) આદિલખાન (B) ચંગેઝખાન
(C) આસીફખાન (D) ઐયુબખાન

221. ગઢકટંગા રાજ્યે શાના વેપાર દ્વારા પુષ્કળ ધન મેળવ્યું હતું ?
(A) ઘોડાઓના (B) બળદોના
(C) અનાજના **(D) હાથીઓના**

222. કયા લોકો તેરમી સદીમાં હાલના મ્યાનમારથી આવી અસમની બ્રહ્મપુત્ર નદીના ખીણ વિસ્તારમાં વસ્યા હતાં ?
(A) અહોમ (B) સંથાલ
(C) કોળી (D) બેરાદ

223. અહોમ લોકોએ કોની જૂની રાજકીય વ્યવસ્થાને બદલે એક નવા રાજ્યની સ્થાપના કરી ?
(A) આસિકાની (B) આલ્કાની
(C) ભૂઈયાની (D) નૂરની

224. સત્તરમી સદીમાં કયા લોકો દારૂગોળો અને તોપોનું નિર્માણ કરતા હતા ?
(A) અહોમ (B) મુંડા
(C) કોળી (D) બલોચ

225. ઈ. સ. 1662માં કોના નેતૃત્વ હેઠળની મુઘલ સેના સામે બહાદુરીથી લડવા છતાં અહોમ લોકો હારી ગયા હતા ?
(A) મીર હસનના **(B) મીર જુમલાના**
(C) મીર ઐયુબના (D) મીર આમીરના

226. કયું રાજ્ય બળજબરીપૂર્વક શ્રમ પર આધારિત હતું ?
(A) પંજાબ (B) બિહાર
(C) ઝારખંડ **(D) અહોમ**

227. અહોમ રાજ્યમાં બળજબરીથી કામ કરતા લોકો શું કહેવાતા ?
(A) શ્રમિક **(B) પાઇક**
(C) દાસ (D) બંધક

228. અહોમ લોકોએ કયા પાકની નવી પદ્ધતિઓ શોધી હતી ?
(A) ચોખાની (B) જુવારની
(C) મગની (D) ઘઉંની

229. અહોમ રાજ્યના સમાજના કુળને શું કહેવામાં આવતું હતું ?
(A) મંડળી (B) સમૂહ
(C) ખેલ (D) કુળદેવતા

230. કયા અહોમ રાજાના સમયમાં હિંદુધર્મ મુખ્ય ધર્મ બન્યો હતો ?
(A) દિલિપસિંહના (B) અર્જુનસિંહના
(C) છત્રસિંહના **(D) સિબસિંહના**

231. અહોમ રાજ્યમાં કઈ ભાષાની સાહિત્યિક રચનાઓનો સ્થાનિક ભાષામાં અનુવાદ કરવામાં આવતો હતો ?
(A) સંસ્કૃત (B) હિન્દી
(C) પાલી (D) ગુજરાતી

232. કઈ ઐતિહાસિક કૃતિને પહેલાં અહોમ ભાષામાં અને પછી અસમી ભાષામાં લખવામાં આવી હતી ?
(A) ગીત ગોવિંદમ્ **(B) બુરંજી**
(C) સિપિહર (D) આશિકા

233. વિચરતી કે વિમુક્ત જાતિના લોકોનું જીવન મુખ્યત્વે કઈ પ્રવૃત્તિ પર આધારિત હતું ?
(A) વેપાર (B) લોકોનું મનોરંજન
(C) ખેતી **(D) પશુપાલન**

234. બધી વિચરતી કે વિમુક્ત જાતિઓમાં કઈ જાતિ સૌથી અગત્યની હતી ?
(A) વણજારા (B) અઘોરી
(C) બરંડા (D) ભામટા

235. વણજારાઓનો સમૂહ કયા નામે ઓળખાતો હતો ?
(A) બજાણિયા (B) ગારુડી
(C) ટાંડું (D) ભવૈયા

236. દિલ્લી સલ્તનતનો કયો સુલતાન દિલ્લીના બજારો સુધી અનાજ અને ચીજવસ્તુઓ લાવવા-લઈ જવા માટે વણજારાઓનો ઉપયોગ કરતો હતો ?
(A) અલાઉદ્દીન (B) અકબર
(C) જહાંગીર (D) બાબર

237. કયા મુઘલ બાદશાહે વણજારા દ્વારા બળદો પર અનાજ લાદીને શહેરોમાં વેચવાનો ઉલ્લેખ કર્યો છે ?
(A) બાબરે **(B) જહાંગીરે**
(C) અકબરે (D) શાહજહાંએ

238. યુદ્ધ દરમિયાન વણજારાઓ કોની પોઠ દ્વારા મુઘલ સેના માટે અનાજ અને ચીજવસ્તુઓ લાવતા હતા ?
(A) ઊંટોની (B) ઘોડાની
(C) બળદોની (D) ગધેડાની

239. વણજારાઓ કયા પ્રદેશથી અનેક ચીજવસ્તુઓ ભારતમાં લાવતા અને ભારતમાંથી બહાર લઈ જતાં ?

(A) દક્ષિણ એશિયાથી (B) મધ્ય યુરોપથી
(C) બગદાદથી (D) મધ્ય એશિયાથી

240. વિવિધ જાતિના નાના-મોટા ફેરિયાઓ એક ગામથી બીજા ગામે જઈ જાતે બનાવેલી કઈ કઈ ચીજવસ્તુઓ વેચતા હતાં ?

(A) દોરડાં, ઘાસની ચટાઈ અને મોટા થેલા
(B) કપડાં અને વાસણ
(C) ઊન અને ઘી
(D) અનાજ અને તેલ

241. કઈ કઈ વિમુક્ત જાતિઓ બંગડી અને સૌંદર્ય પ્રસાધનોના વેપાર સાથે જોડાયેલી હતી ?

(A) બજાણિયા અને ગારુડી (B) ભવૈયા અને રાવળિયા
(C) ચામઠા અને સલાટ (D) કાંગસિયા અને મોડવા

242. કઈ કઈ વિમુક્ત જાતિઓ જુદી જુદી અંગ-કસરતો દ્વારા લોકોનું મનોરંજન કરતી હતી ?

(A) ગારુડી અને વાંસફોડા (B) નટ અને બજાણિયા
(C) ભવૈયા અને રાવળિયા (D) વાઘેર અને દેવીપૂજક

243. ભક્તિ અને સૂફી આંદોલને શાનાં દ્વાર બધાં માટે ખોલી નાખ્યાં ?

(A) મોક્ષમાર્ગના (B) ભક્તિમાર્ગના
(C) વ્યસનમુક્તિના (D) રંગચળવળના

244. દક્ષિણ ભારતમાં આઠમી સદીમાં સુધારણાની પ્રવૃત્તિ કોણે શરૂ કરી હતી ?

(A) શંકરાચાર્યે (B) રામાનુજાચાર્યે
(C) જયદેવે (D) ચૈતન્ય મહાપ્રભુએ

245. શંકરાચાર્ય પછી 250 વર્ષ બાદ કોણે ભક્તિ અંગે પ્રેરણા આપી ?

(A) શંકરાચાર્યે (B) રામાનુજાચાર્યે
(C) જયદેવે (D) ચૈતન્ય મહાપ્રભુએ

246. ભક્તિ આંદોલનની શરૂઆત કોનાથી શરૂ થાય છે ?

(A) શંકરાચાર્યથી (B) જયદેવથી
(C) રામાનુજાચાર્યથી (D) ચૈતન્ય મહાપ્રભુથી

247. બંગાળમાં 'હરિબોલ'નો મંત્ર કોણે ગુંજતો કર્યો હતો ?

(A) રામાનંદે (B) તુલસીદાસે
(C) સૂરદાસે (D) ચૈતન્ય મહાપ્રભુએ

248. ઉત્તર ભારતમાં કોણે ભક્તિ આંદોલનના શ્રીગણેશ કર્યા હતા ?

(A) રામાનંદે (B) તુલસીદાસે
(C) સુરદાસે (D) ચૈતન્ય મહાપ્રભુએ

249. એકેશ્વર પરંપરામાં સૌથી મહત્ત્વપૂર્ણ સંત કયા હતાં ?

(A) રામાનંદ (B) કબીર
(C) તુલસીદાસ (D) સુરદાસ

250. 'બીજક' નામના કવિતાસંગ્રહની રચના કોણે કરી હતી ?

(A) રામાનંદે (B) તુલસીદાસે
(C) કબીરે (D) સુરદાસે

251. શીખ ધર્મના સ્થાપક કોણ હતા ?

(A) જયદેવ (B) રામાનંદ
(C) કબીર (D) ગુરુનાનક

252. 'ગુરુ ગ્રંથસાહિબ' કયા ધર્મનો પવિત્ર ગ્રંથ છે ?

(A) શીખ (B) હિન્દુ
(C) જૈન (D) હિન્દુ

253. 'રામચરિતમાનસ' ગ્રંથની રચના કોણે કરી હતી ?

(A) જયદેવે (B) તુલસીદાસે
(C) સૂરદાસે (D) ચૈતન્ય મહાપ્રભુએ

254. 'વિનયપત્રિકા' ગ્રંથની રચના કોણે કરી હતી ?

(A) જયદેવ (B) સૂરદાસે
(C) તુલસીદાસે (D) કબીરે

255. ગુજરાતી ભાષાના આદિકવિ કોણ છે ?

(A) પ્રેમાનંદ (B) દયારામ
(C) શામળ (D) નરસિંહ મહેતા

256. વ્રજમાં રહીને શ્રીકૃષ્ણનાં પદો કોણે રચ્યા હતા ?

(A) સૂરદાસે (B) નરસિંહ મહેતા
(C) તુલસીદાસે (D) કબીરે

257. મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનનાં શ્રીગણેશ કોણે કર્યા હતા ?

(A) સૂરદાસે (B) જ્ઞાનેશ્વરે (C) નામદેવે
(D) એકનાથે

258. ફક્ત 15 વર્ષની વયે ભગવદ્ ગીતા ઉપરની ટીકા કોણે લખી હતી ?

(A) નામદેવે (B) એકનાથે
(C) જ્ઞાનેશ્વરે (D) એકનાથે

259. 'દાસબોધ' ગ્રંથની રચના કોણે કરી હતી ?

(A) ગુરુનાનકે (B) તુલસીદાસે
(C) સૂરદાસે (D) રામદાસે

260. એકેશ્વર પરંપરામાં કયા સંત મુખ્ય હતા ?

(A) કબીર (B) સુરદાસ
(C) નામદેવ (D) એકનાથ

261. કબીરના કવિતાસંગ્રહનું નામ શું છે ?

(A) સિપિહર (B) બીજક
(C) નૂર (D) આશિકા

262. સંત રૈદાસ કઈ શાખાના સંત હતા ?

(A) સગુણ (B) અલવાર
(C) સગુણ (D) નયનાર

263. 'વૈષ્ણવજન તો તેને કહીએ...' ભજન કોણે રચ્યું છે ?

(A) રામદાસે (B) કબીરે
(C) તુલસીદાસે (D) નરસિંહ મહેતાએ

264. કયા સંતનાં પદો 'પ્રભાતિયાં' તરીકે જાણીતાં છે ?

(A) નરસિંહ મહેતાના (B) રામદાસના
(C) કબીરના (D) તુલસીદાસના

265. પંઢરપુરનું કયું મંદિર ભક્તિ આંદોલનનું મુખ્ય કેન્દ્ર હતું ?

(A) વિષ્ણુનું (B) વિઠોબા
(C) રામમંદિર (D) શબરી મંદિર

266. કયો શબ્દ ઈસ્લામના ધાર્મિક વિચારોને વ્યક્ત કરે છે ?

(A) ચિશ્તી (B) સુહરા
(C) સૂફી (D) નકશ

267. સુહરાવર્દી પરંપરાની સ્થાપના કોણે કરી હતી ?

(A) મોઈનુદ્દીન ચિશ્તીએ (B) કુતુબુદ્દીન બખ્તિયારે
(C) બકી બિલ્લાહે (D) શિયાબુદ્દીન સુહરાવર્દીએ

268. અજમેરમાં ચિશ્તી પરંપરાની સ્થાપના કોણે કરી હતી ?

(A) મોઈનુદ્દીન ચિશ્તીએ (B) કુતુબુદ્દીન બખ્તિયારે
(C) બકી બિલ્લાહે **(D) શિયાબુદ્દીન સુહરાવર્દીએ**

269. નીચેના પૈકી કોણ વિંધ્યાચળનાં એકાંત સ્થળોમાં હિંદુ સંતો સાથે વર્ષો સુધી રહ્યાં હતાં ?

(A) મોઈનુદ્દીન ચિશ્તીએ **(B) સૈયદ મુહમ્મદ છૌસ**
(C) કુતુબુદ્દીન બખ્તિયાર (D) બકી બિલ્લાહ

270. ગુરુનાનક કઈ શાખાના સંત હતા ?

(A) સલવારના (B) નયનારના
(C) નિર્ગુણના (D) એકેશ્વરના

271. જ્ઞાનેશ્વરે ભગવદ્ ગીતા ઉપર લખેલ ટીકા કયા નામે ઓળખાય છે ?

(A) બીજક **(B) જ્ઞાનેશ્વરી**
(C) રામચરિતમાનસ (D) વિનયપત્રિકા

272. મહારાષ્ટ્રના કયા સંતના અભંગો ખૂબ જ જાણીતા છે ?

(A) જ્ઞાનેશ્વરમાં (B) વિઠોબાનાં
(C) નામદેવનાં **(D) તુકારામનાં**

273. ભારતમાં સૂફી મત ફેલાવનાર કેટલી પરંપરાઓ હતી ?

(A) એક (B) બે
(C) ત્રણ (D) ચાર

274. વિભિન્ન સમુદાયની જાણકારી આપણને શાના પરથી મળે છે ?

(A) તેમના રહેઠાણ પરથી **(B) તેમની ભાષા પરથી**
(C) તેમના પોશાક પરથી (D) તેમના રીતરિવાજો પરથી

275. નવમી સદીમાં સ્થાપવામાં આવેલ મહોદયપુરમ્નું ચેર રાજ્ય હાલના કયા રાજ્યનો એક ભાગ હતું ?

(A) કેરલ (B) પૉડિચેરી
(C) ચેન્નઈ (D) કર્ણાટક

276. કેરલમાં બોલાતી મુખ્ય ભાષા કઈ છે ?

(A) તેલુગુ **(B) મલયાલમ**
(C) કન્નડ (D) પાલી

277. ચૌદમી સદીમાં વ્યાકરણ અને કાવ્યશાસ્ત્ર પર લખાયેલો કયો ગ્રંથ મણિપ્રવાલમ્ શૈલીમાં લખાયો હતો ?

(A) પૃથ્વીરાજ રાસો (B) સિપિહર
(C) લીલાતિલકમ્ (D) આશિકા

278. બંગાળી ભાષાનો ઉદ્ભવ કઈ ભાષામાંથી થયો હોવાનું માનવામાં આવે છે ?

(A) હિન્દી (B) પાલી
(C) મલયાલમ **(D) સંસ્કૃત**

279. ગુજરાતી ભાષાની જનની કોણ છે ?

(A) અપભ્રંશ (B) પાલી
(C) અવધી (D) મરાઠી

280. અપભ્રંશ ભાષાની શરૂઆત કોનાથી થઈ ?

(A) નરસિંહ મહેતાથી **(B) હેમચંદ્રથી**
(C) ભાલણથી (D) મીરાંબાઈથી

281. મીરાંબાઈએ કોને કેન્દ્રમાં રાખીને ઘણાં પદો રચ્યાં છે ?

(A) શ્રીરામને (B) શિવને
(C) શ્રીકૃષ્ણને (D) વિષ્ણુને

282. કયા સાહિત્યકારે પોતાની રચનાઓમાં ગુજરાતી ભાષા માટે 'ગુર્જર ભાખા'ની સંજ્ઞા આપી હતી ?

(A) નરસિંહ મહેતાએ (B) પ્રેમાનંદે
(C) મીરાબાઈએ **(D) ભાલણે**

283. 'આખ્યાનના પિતા' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) ભાલણને (B) નરસિંહ મહેતાને
(C) અખાને (D) શામળને

284. ભાલણની જાણીતી કૃતિઓમાં નીચેના પૈકી કઈ કૃતિનો સમાવેશ થાય છે ?

(A) ધ્રુવાખ્યાન (B) મુર્ગી આખ્યાન
(C) શિવ-ભીલડી સંવાદ **(D) આપેલ તમામ**

285. નીચેના પૈકી ભાલણની કઈ એક કૃતિનો સમાવેશ થતો નથી ?

(A) ધ્રુવાખ્યાન **(B) દાણલીલા**
(C) મુર્ગી આખ્યાન (D) શિવ-ભિલડી સંવાદ

286. જગન્નાથ સંપ્રદાય કયા રાજ્યમાં આવેલો છે ?

(A) આંધ્ર પ્રદેશ (B) પશ્ચિમ બંગાળમાં
(C) ઓડિશા (D) તમિલનાડુ

287. બારમી સદીમાં જગન્નાથ મંદિરનું નિર્માણ કરવાનો નિર્ણય કોણે લીધો હતો ?

(A) અનંગ ભીમે (B) સિદ્ધરાજ જયસિંહે
(C) રાજરાજ પ્રથમે **(D) અનંત વર્મને**

288. ઈ. સ. 1230માં કોણે પોતાનું રાજ્ય જગન્નાથને અર્પણ કરી પોતાને તેમના પ્રતિનિધિ તરીકે ઘોષિત કર્યાં હતાં ?

(A) અનંગભીમ ત્રીજાએ (B) અનંત વર્મને
(C) સિદ્ધરાજ જયસિંહે (D) રાજરાજ પ્રથમે

289. કયા રાજ્યમાં હોળીના તહેવારનું સવિશેષ મહત્ત્વ છે ?

(A) બિહારમાં **(B) ઉત્તર પ્રદેશમાં**
(C) રાજસ્થાનમાં (D) પંજાબમાં

290. બરસાના કોનું જન્મસ્થાન છે ?
(A) મીરાંબાઈનું (B) સતી પાનબાઈનું
(C) રાધાજીનું (D) શ્રીકૃષ્ણનું

291. નીચેના પૈકી કયો તહેવાર પંજાબમાં ઊજવવામાં આવે છે ?
(A) દશેરા (B) રામનવમી
(C) પોંગલ (D) લોહડી

292. પોંગલ એ કયા રાજ્યનો મુખ્ય તહેવાર છે ?
(A) તમિલનાડુ (B) કેરલ
(C) મદુરાઈ (D) કર્ણાટક

293. ઓણમ એ કયા રાજ્યમાં ઊજવાતો મહત્ત્વનો તહેવાર છે ?
(A) તમિલનાડુમાં (B) કેરલમાં
(C) આંધ્ર પ્રદેશમાં (D) કર્ણાટકમાં

294. ઓણમ તહેવાર કેરલમાં કેટલા દિવસ સુધી ઊજવવામાં આવે છે ?
(A) 7 દિવસ સુધી (B) 12 દિવસ સુધી
(C) 10 દિવસ સુધી (D) 18 દિવસ સુધી

295. કેરલમાં ઊજવાતી નૌકાસ્પર્ધા કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) ઉલ્લમકાલી (B) ઈલ્લમકાલી
(C) મલ્લમકાલી (D) વલ્લમકાલી

296. કયા રાજ્યમાં દુર્ગાપૂજાનું વિશેષ મહત્ત્વ છે ?
(A) પશ્ચિમ બંગાળમાં (B) કેરલમાં
(C) આંધ્ર પ્રદેશમાં (D) કર્ણાટકમાં

297. પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાનો ઉત્સવ કેટલા દિવસ સુધી ઊજવવામાં આવે છે ?
(A) 15 દિવસ (B) 10 દિવસ
(C) 7 દિવસ (D) 12 દિવસ

298. નાતાલનો તહેવાર ક્યારે ઊજવવામાં આવે છે ?
(A) 15 જાન્યુઆરીએ (B) 28 ફેબ્રુઆરીએ
(C) 25મી ડિસેમ્બરે (D) 15મી ડિસેમ્બરે

299. ખ્રિસ્તી લોકો કયા દિવસને નવા વર્ષ તરીકે ઊજવે છે ?
(A) 5 માર્ચના રોજ (B) 25મી ઑગસ્ટના રોજ
(C) 12 સપ્ટેમ્બરના રોજ (D) 1 જાન્યુઆરીના રોજ

300. પારસી લોકોનો મહત્ત્વનો તહેવાર કયો છે ?
(A) પતેતી (B) પોંગલ
(C) ઓણમ (D) લોહડી

301. 'અવેસ્તા' એ કયા લોકોનો ધર્મગ્રંથ છે ?
(A) શીખ લોકોનો (B) પારસી લોકોનો
(C) જૈન લોકોનો (D) બંગાળી લોકોનો

302. ચેટીચંડ એ કયા લોકોનો તહેવાર છે ?
(A) શીખ લોકોનો (B) પારસી લોકોનો
(C) સિંધી લોકોનો (D) જૈન લોકોનો

303. કયા તહેવારમાં રાત્રે અગ્નિ પ્રગટાવી તેનું પૂજન અને પ્રદક્ષિણા કરી તેમાં મીઠાઈઓ પધરાવવામાં આવે છે ?
(A) પતેતીમાં (B) પોંગલમાં
(C) ઓણમમાં (D) લોહડીમાં

304. ગુજરાતની આગવી ઓળખ કઈ છે ?
(A) નૃત્ય (B) નાટક
(C) ભવાઈ (D) ગરબા

305. ઉત્તરાયણને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) મકરસંક્રાંતિ (B) પતેતી
(C) દશેરા (D) નવરાત્રી

306. કઈ વિધિ કર્યા પછી રથયાત્રાનો આરંભ કરવામાં આવે છે ?
(A) રૂપાલવિધિ (B) પહિંદવિધિ
(C) સંક્રાંતવિધિ (D) નાગરવિધિ

307. તરણેતરનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) અમદાવાદ (B) જૂનાગઢ
(C) સુરેન્દ્રનગર (D) ગાંધીનગર

308. વૌઠાનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) જૂનાગઢ (B) સુરેન્દ્રનગર
(C) ગાંધીનગર (D) અમદાવાદ

309. ભવનાથનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) જૂનાગઢ (B) સુરેન્દ્રનગર
(C) ગાંધીનગર (D) અમદાવાદ

310. શામળાજી-ગદાધરનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) રૂપાલ-ગાંધીનગર (B) શામળાજી-અલવલ્લી
(C) અંબાજી-બનાસકાંઠા (D) ગરબાડા-દાહોદ

311. પલ્લીનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) રૂપાલ-ગાંધીનગર (B) શામળાજી-અલવલ્લી
(C) અંબાજી-બનાસકાંઠા (D) ગરબાડા-દાહોદ

312. ભાદરવી પૂનમનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) રૂપાલ-ગાંધીનગર (B) શામળાજી-અલવલ્લી
(C) અંબાજી-બનાસકાંઠા (D) ગરબાડા-દાહોદ

313. સરખેજનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) સુરેન્દ્રનગર (B) જૂનાગઢ
(C) દાહોદ (D) અમદાવાદ

314. ગોળ-ગધેડાનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) ગરબાડા-દાહોદ (B) રૂપાલ-ગાંધીનગર
(C) અંબાજી-બનાસકાંઠા (D) શામળાજી-અરવલ્લી

315. ચિત્ર-વિચિત્રનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) સુરેન્દ્રનગર (B) સાબરકાંઠા
(C) જૂનાગઢ (D) અમદાવાદ

316. માધવપુરનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?
(A) રૂપાલ-ગાંધીનગર (B) અંબાજી-બનાસકાંઠા
(C) માધવપુર-પોરબંદર (D) ઉનાવા-મહેસાણા

317. મીરદાતારનો ઉર્સ મુબારક કયા જિલ્લામાં યોજાય છે ?
(A) રૂપાલ-ગાંધીનગર (B) અંબાજી-બનાસકાંઠા
(C) માધવપુર-પોરબંદર (D) ઉનાવા-મહેસાણા

318. 'કથન કરે સો કથક કહાવે' એ ઉક્તિ કયા નૃત્ય માટે જાણીતી છે ?
(A) કથક (B) કથકલી
(C) મણિપુરી (D) ભરતનાટ્યમ્

319. પંદરમી અને સોળમી સદીમાં ભક્તિ આંદોલનના કારણે ઉત્તર ભારતમાં કયા નૃત્યનો ખૂબ વિકાસ થયો હતો ?
(A) કથક (B) કથકલી
(C) મણિપુરી (D) ભરતનાટ્યમ્

320. 19મી સદીમાં અવધના નવાબ વાજિદઅલી શાહે કયા નૃત્યને પુનર્જીવન આપ્યું હતું ?
(A) કથકલી (B) કથક
(C) મણિપુરી (D) ભરતનાટ્યમ્

321. કથકલી એ કયા રાજ્યનું પ્રચલિત નૃત્ય છે ?
(A) આંધ્ર પ્રદેશ (B) તમિલનાડુ
(C) કેરલ (D) મણિપુર

322. કયા નૃત્યમાં અભિનય એ આત્મા ગણાય છે ?
(A) મણિપુરી (B) ભરતનાટ્યમ્
(C) કથક (D) કથકલી

323. કયા નૃત્યમાં પાત્રો બોલતા નથી પરંતુ પોતાના હાવભાવથી જ અભિવ્યક્તિ કરે છે ?
(A) કથકલી (B) મણિપુરી
(C) ભરતનાટ્યમ્ (D) કથક

324. લાસ્ય અને તાંડવ એ કયા નૃત્યના પ્રકાર છે ?
(A) કથક (B) મણિપુરી
(C) કથકલી (D) ભરતનાટ્યમ્

325. 'અભિનવદર્પણ' નામના ગ્રંથની રચના કોણે કરી હતી ?
(A) નારદે (B) સારંગદેવે
(C) નન્દીકેશ્વરે (D) અહોબલે

326. તમિલનાડુનો તાંજોર જિલ્લો કઈ નૃત્યશૈલીનું ઉદ્ભવસ્થાન ગણાય છે ?
(A) કથક (B) મણિપુરી
(C) કથકલી (D) ભરતનાટ્યમ્

327. કુચીપુડી એ કયા રાજ્યનું જાણીતું નૃત્ય છે ?
(A) આંધ્ર પ્રદેશ (B) કેરલ
(C) તમિલનાડુ (D) અસમ

328. કુચીપુડી નૃત્યના સ્થાપક કોણ હતા ?
(A) હેમા માલિની (B) સિદ્ધેન્દ્ર યોગી
(C) વૈજયંતિમાલા (D) બિરજૂ મહારાજ

329. બિહુ કયા રાજ્યનું પ્રસિદ્ધ નૃત્ય છે ?
(A) આંધ્ર પ્રદેશ (B) કેરલ
(C) અસમ (D) તમિલનાડુ

330. કયા નૃત્યમાં ઢોલ, પેપા અને વાંસળી જેવાં વાદ્યનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) કથક (B) કથકલી
(C) ભરતનાટ્યમ્ (D) બિહુ

331. ઉલ્લાસ વ્યક્ત કરવા માટે સ્ત્રી પુરુષોના સમૂહ દ્વારા કયું નૃત્ય કરવામાં આવે છે ?
(A) બિહુ (B) કથક
(C) કથકલી (D) ભરતનાટ્યમ્

332. કયા નૃત્યમાં હાથ-પગનું હલનચલન તથા ગતિ અને સમૂહ નિર્માણ મહત્ત્વનો ભાગ ભજવે છે ?
(A) કથક (B) બિહુ
(C) કથકલી (D) ભરતનાટ્યમ્

333. કયા રાજ્યના જૈન ગ્રંથોમાં અનેક લઘુચિત્રો જોવા મળે છે ?
(A) ઉત્તર પ્રદેશ અને બિહારના
(B) ભાવનગર અને જામનગરના
(C) રાજસ્થાન અને મધ્ય પ્રદેશના
(D) મહારાષ્ટ્ર અને ગુજરાતના

334. શાંતિનાથ ભંડારો કયા શહેરમાં આવેલો છે ?
(A) ખંભાતમાં (B) શંખેશ્વરમાં
(C) પાટણમાં (D) પાલિતાણામાં

335. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનભંડાર ક્યાં આવેલો છે ?
(A) ખંભાતમાં (B) શંખેશ્વરમાં
(C) પાટણમાં (D) પાલિતાણામાં

336. હિમાચલ પ્રદેશમાં વિકસેલી લઘુચિત્રકલાને કઈ શૈલી તરીકે ઓળખવામાં આવે છે ?
(A) કાંગડા (B) નાગર
(C) રસમંદિર (D) બસોહલી

337. ભાનુદત્તના કયા પુસ્તકમાં વિશિષ્ટ લઘુચિત્રો જોવા મળે છે ?
(A) રસમંજરી (B) સિપિહર
(C) ગીતગોવિંદ (D) પૃથ્વીરાજરાસો

338. કઈ ચિત્રશૈલીને પહાડી ચિત્રશૈલી પણ કહેવામાં આવે છે ?
(A) નાગર શૈલીને (B) કાંગડા શૈલીને
(C) ઈરાની શૈલીને (D) ગાંધર્વ શૈલીને

339. પીરના શિષ્યોને શાના તરીકે ઓળખવામાં આવતા હતા ?
(A) ખ્વાજા (B) શેખ
(C) મુરીદ (D) ચિશ્તી

340. અગ્રગણ્ય સૂફી સંતોમાં કયા સૂફી સંતની ગણના થાય છે ?
(A) શિયાબુદ્દીન સુહરાવર્દી (B) કુતુબુદ્દીન બખ્તિયાર
(C) નિઝામુદ્દીન ઓલિયા (D) મોઈનુદ્દીન ચિશ્તી

341. ગુજરાતમાં કોણ મહાનપીર તરીકે જાણીતા થયા હતા ?
(A) અહેમદ ખટ્ટુ ગંજબક્ષ (B) શિયાબુદ્દીન સુહરાવર્દી
(C) કુતુબુદ્દીન બખ્તિયાર (D) નિઝામુદ્દીન ઓલિયા

342. ભારતમાં મંદિર સ્થાપત્યની શરૂઆત કયા કાળથી થઈ ?
(A) મૌર્ય કાળથી (B) ગુપ્ત કાળથી
(C) મુઘલ કાળથી (D) ચૌહાણ કાળથી

343. કઈ શૈલી કર્ણાટક શૈલી તરીકે પણ ઓળખાય છે ?
(A) નાગર શૈલી (B) ગાંધર્વ શૈલી
(C) ઈરાની શૈલી (D) વેસર શૈલી

344. ભારતમાં કઈ સદી અનેક રાજકીય ઉથલપાથલવાળી હતી ?
(A) 12મી (B) 7મી
(C) 9મી (D) 18મી

345. કોના મૃત્યુ બાદ ભારત નાનાં-નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું ?
(A) ઔરંગઝેબના (B) બહાદુરશાહના
(C) શાહજહાંના (D) બાબરના

346. ઔરંગઝેબના અવસાન પછી મુઘલ ગાદી પર કોણ આવ્યું ?
(A) અકબર (B) બહાદુરશાહ
(C) સિરાજ-ઉદ્-દૌલા (D) મીરકાસીમ

347. કોના મૃત્યુ બાદ શીખ સરદાર બંદા બહાદુરે મુઘલ સામ્રાજ્ય સામે વિદ્રોહ કર્યો હતો ?
(A) ગુરુ અર્જુનસિંહના (B) ગુરુ સતપાલસિંહના
(C) ગુરુ ગોવિંદસિંહના (D) ગુરુ ભગવંતસિંહના

348. બહાદુરશાહનું અવસાન થતાં ગાદી પર કોણ આવ્યું ?
(A) મુર્શિદકુલીખાં (B) અલીવર્દીખાં
(C) મીરકાસીમ (D) જહાંદરશાહ

349. જહાંદરશાહને ઉથલાવીને ગાદી પર કોણ બેઠું ?
(A) ફર્રુખસિયર (B) મહંમદશાહ
(C) નાદિરશાહ (D) મીરકાસીમ

350. બે સૈયદ ભાઈઓએ ફરૂખશિયરને ગાદી પરથી ઉઠાડી કોને બાદશાહ બનાવ્યો ?
(A) નાદિરશાહને (B) મહંમદશાહને
(C) શાહઆલમ બીજાને (D) સિરાજ-ઉદ્-દૌલાને

351. અંગ્રેજોએ બકસરના યુદ્ધમાં કોને હરાવીને કંપનીનો પેન્શનર બનાવી દીધો ?
(A) નાદિરશાહને (B) મહંમદશાહને
(C) શાહઆલમ બીજાને (D) સિરાજ-ઉદ્-દૌલાને

352. મુર્શિદકુલીખા અને અલીવર્દીખાંએ કયા સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી ?
(A) કલકતા (B) ચેન્નાઈ
(C) આંધ્ર પ્રદેશ (D) બંગાળ

353. ઈ. સ. 1757માં બંગાળનો નવાબ કોણ બન્યું ?
(A) સિરાજ-ઉદ્-દૌલા (B) મીરજાફર
(C) મીરકાસીમ (D) શાહઆલમ

354. પ્લાસીનું યુદ્ધ કઈ સાલમાં થયું ?
(A) ઈ. સ. 1748માં (B) ઈ. સ. 1757માં
(C) ઈ. સ. 1770માં (D) ઈ. સ. 1765માં

355. મુઘલ સામ્રાજ્યનાં પતન બાદ રાજસ્થાનનું શક્તિશાળી રાજ્ય કયું હતું ?
(A) જોધપુર (B) બિકાનેર
(C) જયપુર (D) કોટા

356. જયપુર શહેરની સ્થાપના કોણે કરી હતી ?
(A) બાલાજી વિશ્વનાથે (B) બાલાજી બાજીરાવે
(C) રણજિતસિંહે (D) સવાઈ જયસિંહે

357. નીચેના પૈકી કોણ કુશાગ્ર રાજનેતા, સુધારક, કાયદાવિદ્ અને વિજ્ઞાનપ્રેમી હતા ?
(A) સવાઈ જયસિંહ (B) બાલાજી વિશ્વનાથ
(C) બાલાજી બાજીરાવ (D) રણજિતસિંહ

358. 15મી સદીમાં શીખ ધર્મની સ્થાપના કોણે કરી હતી ?
(A) અર્જુનસિંહે (B) ગુરુ ગોવિંદસિંહે
(C) ગુરુનાનકે (D) બંદા બહાદુરે

359. શીખ ગુરુ પરંપરામાં કેટલા ગુરુઓ થયા ?
(A) 17 (B) 10
(C) 18 (D) 7

360. શીખોના સુકરચકિયાના શક્તિશાળી નેતા કોણ હતું ?
(A) ગુરુ ગોવિંદસિંહ (B) બંદા બહાદુર
(C) રણજિતસિંહ (D) તેગ બહાદુર

361. કોણે લાહોરમાં તોપ બનાવવાનું કારખાનું સ્થાપ્યું હતું ?
(A) ગોવિંદસિંહે (B) બંદા બહાદુરે
(C) તેગ બહાદુરે (D) રણજિતસિંહે

362. કોના મૃત્યુબાદ અંગ્રેજોએ ઈ. સ. 1849માં શીખ સામ્રાજ્યને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધું ?
(A) રણજિતસિંહના (B) ગોવિંદસિંહના
(C) બંદા બહાદુરના (D) તેગ બહાદુરના

363. મહારાષ્ટ્રમાં એક સ્વતંત્ર રાજ્યનું નિર્માણ કોણે કર્યું હતું ?
(A) શાહુએ (B) છત્રપતિ શિવાજીએ
(C) બાલાજી વિશ્વનાથે (D) ટીપુ સુલતાને

364. કોના નેતૃત્વ હેઠળ મરાઠાઓએ દખ્ખણમાં છાપામાર યુદ્ધ પદ્ધતિ અપનાવી હતી ?
(A) શાહુના (B) બાલાજી વિશ્વનાથના
(C) છત્રપતિ શિવાજીના (D) ટીપુ સુલતાનના

365. કોણે મરાઠા રાજ્યનો વિકાસ કરી તમામ સત્તા પોતાના હાથમાં લઈ લીધી હતી ?
(A) ટીપુ સુલતાને (B) શાહુએ
(C) નિઝામે (D) બાલાજી વિશ્વનાથે

366. બાલાજી વિશ્વનાથ પ્રથમનું અવસાન થતાં કોણ પેશ્વા બન્યું ?
(A) બાજીરાવ પહેલો (B) શાહુ
(C) બાજીરાવ બીજો (D) ટીપુ સુલતાન

367. કોણે ઘણાં બધાં મુઘલ વિસ્તારને મરાઠા સામ્રાજ્યમાં ભેળવી દઈ મરાઠા રાજ્યનો વિકાસ કર્યો હતો ?

(A) શાહુએ
(B) બાજીરાવ પહેલાએ
(C) બાજીરાવ બીજાએ
(D) ટીપુ સુલતાને

368. કોણે મહારાષ્ટ્રને એક મહાન મરાઠા સામ્રાજ્યમાં પરિવર્તિત કરી દીધું ?

(A) શાહુએ
(B) બાજીરાવ બીજાએ
(C) બાજીરાવ પહેલાંએ
(D) ટીપુ સુલતાને

369. બાજીરાવ પહેલાંનું અવસાન ક્યારે થયું ?

(A) ઈ. સ. 1745માં
(B) ઈ. સ. 1723માં
(C) ઈ. સ. 1768માં
(D) ઈ. સ. 1740માં

370. બાજીરાવ પહેલાંના અવસાન બાદ કોણ પેશ્વા બન્યું ?

(A) બાલાજી બાજીરાવ
(B) શાહુ
(C) ટીપુ સુલતાન
(D) બાજીરાવ બીજો

371. ઈ. સ. 1761માં કોણે ભારત પર આક્રમણ કર્યું હતું ?

(A) ઔરંગઝેબે
(B) એહમદશાહ અબ્દાલીએ
(C) મહંમદ ગઝનીએ
(D) મહંમદ બેગડાએ

372. પાણીપતનું ત્રીજું યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું ?

(A) અકબર અને બદાહુરશાહ વચ્ચે
(B) જશવંતસિંહ અને બાબર વચ્ચે
(C) માધવરાવ પહેલો અને ઔરંગઝેબ વચ્ચે
(D) મરાઠાઓ અને અબ્દાલી વચ્ચે

373. પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠા સૈન્યના હારના સમાચાર મળતાં થયેલા આઘાતથી કયા પેશ્વાનું અવસાન થયું હતું ?

(A) બાલાજી વિશ્વનાથનું
(B) બાજીરાવ પહેલાંનું
(C) માધવરાવ પહેલાનું
(D) બાલાજી બાજીરાવનું

374. ઈ. સ. 1707માં નીચેનામાંથી કયા મુઘલ બાદશાહનું અવસાન થયું હતું ?

(A) અકબરનું
(B) બહાદુરશાહનું
(C) જહાંગીરનું
(D) ઔરંગઝેબનું

375. નીચેનામાંથી કયા શીખ સરદારે મુઘલો વિરુદ્ધ બળવો કર્યો હતો ?

(A) અમરદાસે
(B) રામદાસે
(C) બંદા બહાદુરે
(D) અર્જુનદેવે

376. ભારતમાં કોણે વેધશાળાની સ્થાપના કરી હતી ?

(A) અકબરે
(B) સવાઈ જયસિંહે
(C) જશવંતસિંહે
(D) રાણા પ્રતાપે

377. નીચેનામાંથી પ્રથમ પેશ્વા કોણ હતા ?

(A) બાલાજી વિશ્વનાથ
(B) બાજીરાવ પહેલો
(C) માધવરાવ પહેલો
(D) બાલાજી બાજીરાવ

378. નીચેના પૈકી કયા ગ્રહ પર વિકસિત જીવન જોવા મળે છે ?

(A) મંગળ
(B) શનિ
(C) બુધ
(D) પૃથ્વી

379. પૃથ્વી સપાટીના સૌથી ઉપલા સ્તરને શું કહે છે ?

(A) ભૂકવચ
(B) સિલિકા
(C) એલ્યુમિના
(D) સિયાલ

380. ભૂકવચ ભૂમિખંડ પર આશરે કેટલા કિલોમીટર સુધી હોય છે ?

(A) 55
(B) 35
(C) 17
(D) 42

381. ભૂમિખંડની સપાટીને શું કહેવામાં આવે છે ?

(A) સિલિકા
(B) સિયાલ
(C) એલ્યુમિના (D) નિફે

382. મહાસાગરના કવચને શું કહેવામાં આવે છે ?

(A) નિફે
(B) સિયાલ
(C) સિમા
(D) એલ્યુમિના

383. સિમાની બરાબર નીચે શું હોય છે ?

(A) નિફે
(B) સિયાલ
(C) સિમા
(D) મેન્ટલ

384. ભૂગર્ભની ત્રિજ્યા કેટલા કિલોમીટર જેટલી છે ?

(A) 3500
(B) 4000
(C) 1200
(D) 6371

385. ભૂગર્ભને શું કહે છે ?

(A) સિલિકા
(B) નિફે
(C) સિમા
(D) મેન્ટલ

386. પૃથ્વીની ત્રિજ્યા કેટલા કિલોમીટર છે ?

(A) 8540
(B) 3437
(C) 6371
(D) 7923

387. નિર્માણ પ્રક્રિયાને આધારે ખડકના કેટલા ભાગ પડે છે ?

(A) ચાર
(B) બે
(C) પાંચ
(D) ત્રણ

388. બેસાલ્ટ એ કયા પ્રકારનો ખડક છે ?

(A) અગ્નિકૃત ખડક
(B) જળકૃત ખડક
(C) રૂપાંતરિત ખડક
(D) બાહ્ય ખડક

389. ગ્રેનાઈટ એ કયા પ્રકારનો ખડક છે ?

(A) બાહ્ય ખડક
(B) આંતરિક અગ્નિકૃત ખડક
(C) જળકૃત ખડક
(D) રૂપાંતરિત ખડક

390. રેતાળ પથ્થર એ કયા પ્રકારનો ખડક છે ?

(A) બાહ્ય ખડક
(B) અગ્નિકૃત ખડક
(C) જળકૃત ખડક
(D) રૂપાંતરિત ખડક

391. જીવાશ્મિ કયા ખડકમાંથી બને છે ?

(A) રૂપાંતરિત ખડકમાંથી
(B) આંતરિક અગ્નિકૃત ખડકમાંથી
(C) જળકૃત કે પ્રસ્તર ખડકમાંથી
(D) બાહ્ય ખડકમાંથી

392. સ્લેટ એ કયા પ્રકારના ખડકમાંથી મળે છે ?
(A) જળકૃત કે પ્રસ્તર ખડકમાંથી
(B) આંતરિક અગ્નિકૃત ખડકમાંથી
(C) બાહ્ય ખડકમાંથી
(D) રૂપાંતરિત ખડકમાંથી

393. ચૂના પથ્થર એ કયા પ્રકારના ખડકામાંથી મળે છે ?
(A) રૂપાંતરિત ખડકમાંથી
(B) જળકૃત કે પ્રસ્તર ખડકમાંથી
(C) આંતરિક અગ્નિકૃત ખડકમાંથી
(D) બાહ્ય ખડકમાંથી

394. સમુદ્ર મોજાંની ઘસારણની દીવાલ જેવા રચાતા ભૂસ્વરૂપને શું કહે છે ?
(A) ટાર્ન
(B) સ્ટૈક
(C) મહેરાબ
(D) ડ્રમલિન

395. સમુદ્ર જળની ઉપર લગભગ ઊર્ધ્વ થયેલાં ઊંચા ખડકાળ કિનારાઓનું શું કહે છે ?
(A) ઢૂવા
(B) લોએસ
(C) સમુદ્રકમાન
(D) સ્ટૈક

396. રણમાં ઘસારણ અને નિક્ષેપણનું મુખ્ય પરિબળ કયું છે ?
(A) હિમનદી
(B) ખીણ
(C) ડ્રમલિન
(D) પવન

397. રણપ્રદેશમાં પવનની ગતિ મંદ પડતા માટીના કણ જમીન પર પથરાય તો તેને શું કહે છે ?
(A) મહેરાબ
(B) સ્ટૈક
(C) ઢૂવા
(D) ડ્રમલિન

398. રણપ્રદેશમાં બારીક માટીકણો વિશાળ વિસ્તારમાં પથરાતાં બનતા સમથળ મેદાનને શું કહે છે ?
(A) મહેરાબ
(B) સ્ટૈક
(C) ઢૂવા
(D) લોએસ

399. પવનના કાર્યથી કયા ભૂમિ સ્વરૂપનું નિર્માણ થાય છે ?
(A) લોએસનું
(B) મહેરાબનું
(C) સ્ટૈકનું
(D) ઢૂવાનું

400. સૂર્યમંડળના કયા ગ્રહને કુદરતી પર્યાવરણની ભેટ મળી છે ?
(A) શનિને
(B) પૃથ્વીને
(C) મંગળને
(D) ગુરુને

401. માનવજીવનના અસ્તિત્વ, વિકાસ તેમજ પ્રગતિનું પ્રેરકબળ કયું છે ?
(A) પર્યાવરણ
(B) મૃદાવરણ
(C) જલાવરણ
(D) વાતાવરણ

402. પૃથ્વીના ઉપરના ઘન પોપડાને શું કહે છે ?
(A) જલાવરણ
(B) મૃદાવરણ
(C) વાતાવરણ
(D) જીવાવરણ

403. પર્યાવરણનો કયો ઘટક સજીવસૃષ્ટિ માટે રહેઠાણ, ખેતી માટે જમીન તથા ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડે છે ?
(A) જલાવરણ
(B) વાતાવરણ
(C) મૃદાવરણ
(D) જીવાવરણ

404. પૃથ્વીની ચારેય બાજુએ વીંટળાઈને આવેલા હવાના આવરણને શું કહે છે ?
(A) જલાવરણ
(B) મૃદાવરણ
(C) જીવાવરણ
(D) વાતાવરણ

405. પર્યાવરણનો કયો ઘટક સૂર્યનાં પારજાંબલી કિરણોનું શોષણ કરીને સજીવસૃષ્ટિનું રક્ષણ કરે છે ?
(A) વાતાવરણ
(B) જલાવરણ
(C) મૃદાવરણ
(D) જીવાવરણ

406. કોના માધ્યમથી આપણે અવાજ સાંભળી શકીએ છીએ ?
(A) જલાવરણ
(B) વાતાવરણ
(C) મૃદાવરણ
(D) જીવાવરણ

407. રેડિયો, ટેલિવિઝન અને મોબાઈલ ફોનના સંદેશાવ્યવહાર, પ્રસારણ કોને આભારી છે ?
(A) જલાવરણ
(B) મૃદાવરણ
(C) વાતાવરણ
(D) જીવાવરણ

408. પૃથ્વી પરના મૃદાવરણ, જીવાવરણ અને વાતાવરણના જે ભાગમાં સજીવસૃષ્ટિ વ્યાપી છે તેને શું કહે છે ?
(A) જલાવરણ
(B) મૃદાવરણ
(C) વાતાવરણ
(D) જીવાવરણ

409. સમગ્ર સજીવસૃષ્ટિ ખોરાક અને બીજી જરૂરિયાતો ક્યાંથી પ્રાપ્ત કરે છે ?
(A) મૃદાવરણમાંથી
(B) જીવાવરણમાંથી
(C) જલાવરણમાંથી
(D) વાતાવરણમાંથી

410. માનવનિર્મિત પર્યાવરણને કયાં પર્યાવરણ તરીકે પણ ઓળખવામાં આવે છે ?
(A) જૈવિક પર્યાવરણ
(B) અજૈવિક પર્યાવરણ
(C) સાંસ્કૃતિક પર્યાવરણ
(D) ઔદ્યોગિક પર્યાવરણ

411. જલાવરણ પૃથ્વી સપાટીનો આશરે કેટલા ટકા વિસ્તાર રોકે છે ?
(A) 68%
(B) 55%
(C) 23%
(D) 71%

412. પૅસિફિક મહાસાગરમાં કેટલા કિલોમીટર જેટલી ઊંડી ખીણ આવેલી છે ?
(A) 10 થી 11 કિલોમીટર જેટલી
(B) 8 થી 9 કિલોમીટર જેટલી
(C) 18 થી 19 કિલોમીટર જેટલી
(D) 23 થી 24 કિલોમીટર જેટલી

413. સમુદ્રમાં દિવસ દરમિયાન કેટલી વખત ભરતી-ઓટ આવે છે ?
(A) પાંચ વખત
(B) બે વખત
(C) ચાર વખત
(D) ત્રણ વખત

414. બે ભરતી-ઓટ વચ્ચેનો સમયગાળો કેટલો હોય છે ?
(A) 7 કલાક અને 15 મિનિટ (B) 3 કલાક અને 7 મિનિટ
(C) 12 કલાક અને 25 મિનિટ (D) 9 કલાક અને 20 મિનિટ

415. પર્યાવરણના તમામ ઘટકોમાં કોણ કેન્દ્રસ્થાને છે ?
(A) સૂર્ય (B) ચંદ્ર
(C) પૃથ્વી **(D) માનવી**

416. વાહન માટે કયું બળતણ પ્રદૂષણ મુક્ત છે ?
(A) CNG (B) કેરોસીન
(C) પેટ્રોલ (D) ડીઝલ

417. માનવનિર્મિત સમસ્યાઓમાં કયું પ્રદૂષણ અગ્રસ્થાને છે ?
(A) જળ પ્રદૂષણ (B) ઘોંઘાટનું
(C) ભૂમિનું (D) હવાનું

418. પૃથ્વી સપાટીથી 32 કિમી.ની ઊંચાઈ સુધીના વાતાવરણના પડમાં કેટલા ટકા હવા સમાયેલી છે ?
(A) 23% (B) 55%
(C) 65% **(D) 99%**

419. વાતાવરણમાં નાઈટ્રોજનનું પ્રમાણ કેટલા ટકા છે ?
(A) 78.03% (B) 20.99%
(C) 00.94% (D) 0.03%

420. વાતાવરણમાં ઑક્સિજનનું પ્રમાણ કેટલાં ટકા છે ?
(A) 78.03% **(B) 20.99%**
(C) 00.94% (D) 0.03%

421. વાતાવરણમાં ઓર્ગોનનું પ્રમાણ કેટલાં ટકા છે ?
(A) 78.03% (B) 20.99%
(C) 00.94% (D) 0.03%

422. વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ કેટલાં ટકા છે ?
(A) 78.03% (B) 20.99%
(C) 00.94% **(D) 0.03%**

423. નાઈટ્રોજન વાયુ પૃથ્વી સપાટીથી કેટલા કિલોમીટરની ઊંચાઈ સુધી જોવા મળે છે ?
(A) 130 (B) 165
(C) 110 (D) 190

424. ઑક્સિજન વાયુ પૃથ્વી સપાટીથી કેટલા કિલોમીટરની ઊંચાઈ સુધી જોવા મળે છે ?
(A) 130 **(B) 110**
(C) 170 (D) 186

425. કાર્બન ડાયૉક્સાઈડ વાયુ પૃથ્વી સપાટીથી કેટલા કિલોમીટરની ઊંચાઈ સુધી જોવા મળે છે ?
(A) 10 (B) 23
(C) 20 (D) 40

426. પૃથ્વીને વીંટળાઈને આવેલા વાતાવરણના પ્રથમ આવરણને શું કહે છે ?
(A) સમતાપ આવરણ (B) મધ્યાવરણ
(C) ઉષ્મા આવરણ **(D) ક્ષોભ આવરણ**

427. ક્ષોભ આવરણ વિષુવવૃત્ત પર તે આશરે કેટલા કિલોમીટરના ઊંચાઈ સુધી ફેલાયેલું છે ?
(A) 16 (B) 8
(C) 18 (D) 23

428. ક્ષોભ આવરણ સમશીતોષ્ણ કટિબંધ પ્રદેશોમાં કેટલાં કિલોમીટરની ઊંચાઈ સુધી ફેલાયેલું છે ?
(A) 16 **(B) 12**
(C) 15 (D) 24

429. વાતાવરણનું કયું આવરણ જીવસૃષ્ટિ માટે ખૂબ જ મહત્ત્વનું છે ?
(A) સમતાપ આવરણ (B) મધ્યાવરણ
(C) ક્ષોભ આવરણ (D) ઉષ્માવરણ

430. ક્ષોભ આવરણમાં 1 કિમી.ની ઊંચાઈએ આશરે કેટલા સે. ના દરે તાપમાન ઘટે છે ?
(A) 2.4° સે.ના (B) 9.3° સે.ના
(C) 12.2° સે.ના **(D) 6.5° સે.ના**

431. ક્ષોભ-સીમાથી ઉપરના આવરણને કયું આવરણ કહે છે ?
(A) સમતાપ આવરણ (B) ક્ષોભ આવરણ
(C) મધ્યાવરણ (D) ઉષ્માવરણ

432. સમતાપ આવરણ ક્ષોભ-સીમાથી આશરે કેટલા કિમી. સુધી વિસ્તરેલું છે ?
(A) 70 કિમી. **(B) 50 કિમી.**
(C) 86 કિમી. (D) 55 કિમી.

433. કયા આવરણમાં આશરે 15 થી 35 કિમી.ની ઊંચાઈએ ઓઝોન વાયુનું પ્રમાણ વધુ જોવા મળે છે ?
(A) ક્ષોભ આવરણમાં (B) મધ્યાવરણમાં
(C) સમતાપ આવરણમા (D) ઉષ્માવરણમાં

434. કયો વાયુ સૂર્યના અત્યંત ગરમ પારજાંબલી કિરણોનું શોષણ કરે છે ?
(A) નાઈટ્રોજન (B) ઑક્સિજન
(C) કાર્બન ડાયૉક્સાઈડ **(D) ઓઝોન**

435. સમતાપ આવરણની ઉપર આશરે 80 કિમી.ની ઊંચાઈ સુધીના વાતાવરણના ભાગને શું કહે છે ?
(A) મધ્યાવરણ **(B) ઉષ્માવરણ**
(C) ક્ષોભ આવરણ (D) સમતાપ આવરણ

436. સામાન્ય રીતે કોઈ પ્રદેશની કેટલા વર્ષોની સરેરાશ હવામાનની સ્થિતિ એટલે આબોહવા ?
(A) 55 કે તેથી વધુ (B) 35 કે તેથી વધુ
(C) 25 કે તેથી વધુ (D) 15 કે તેથી વધુ

437. તાપમાનના વિતરણને અસર કરતું મહત્ત્વનું પરિબળ કયું છે ?
(A) આબોહવા **(B) વાતાવરણ**
(C) સૂર્યઘાત (D) શીતલહેર

438. પૃથ્વીની આસપાસ હવાના સ્તરને શું હોય છે ?
(A) દબાણ **(B) વજન**
(C) ભેજ (D) વરાળ

439. વાતાવરણનું સૌથી વધુ દબાણ ક્યાં હોય છે ?
(A) સમુદ્રસપાટી પર (B) મકરવૃત્ત પર
(C) ધ્રુવ પ્રદેશો પર (D) દિનાંતર રેખા પર

440. કયા પવનો ઋતુ પ્રમાણે વાય છે અને તેની દિશા ઋતુ પ્રમાણે બદલાય છે ?
(A) કાયમી પવનો (B) વ્યાપારી પવનો
(C) મોસમી પવનો (D) ધ્રુવીય પવનો

441. નીચેના પૈકી કયા દેશોમાં મોસમી પવનો વાય છે ?
(A) ભારત (B) મ્યાનમાર
(C) બાંગ્લાદેશ (D) આપેલ તમામ

442. મેદાની પ્રદેશના લોકો ખોરાકમાં શું લે છે ?
(A) ઘઉં (B) મકાઈ
(C) જુવાર (D) બાજરી

443. પર્વતીય ક્ષેત્રના લોકો ખોરાકમાં શું લે છે ?
(A) ઘઉં (B) મકાઈ
(C) જુવાર (D) બાજરી

444. ગરમ અને ભેજવાળી આબોહવાવાળા ક્ષેત્રના લોકો સ્વભાવે કેવો હોય છે ?
(A) દયાળુ (B) હિંસક
(C) આળસુ (D) ગુસ્સાભર્યા

445. રોઝવુડ, અબનૂસ અને મહોગની એ કયા પ્રકારનાં જંગલના વૃક્ષો છે ?
(A) ખરાઉ જંગલોના
(B) સમશીતોષ્ણ બારેમાસ લીલાં જંગલોના
(C) શુંકુદ્રુમનાં જંગલોના
(D) ઉષ્ણ કટિબંધીય બારેમાસ લીલાં જંગલોના

446. અંદમાન અને નિકોબાર દ્વીપસમુહોમાં કયા પ્રકારનાં જંગલો જોવા મળે છે ?
(A) ઉષ્ણ કટિબંધીય બારેમાસ લીલાં જંગલો
(B) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો
(C) સમશીતોષ્ણ બારેમાસ લીલાં જંગલો
(D) શંકુદ્રુમના જંગલો

447. કયા જંગલોને 'પાનખર જંગલો' કહે છે ?
(A) ઉષ્ણ કટિબંધીય બારેમાસ લીલાં જંગલો
(B) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોને
(C) સમશીતોષ્ણ ખરાઉ જંગલોને
(D) ભૂમધ્ય સાગરનાં જંગલોને

448. કયા જંગલોમાં ઉનાળાની ઋતુમાં 6 થી 8 અઠવાડિયા દરમિયાન વનસ્પતિનાં પાંદડાં ખરી પડે છે ?
(A) શંકુદ્રુમનાં જંગલોમાં
(B) ભૂમધ્ય સાગરનાં જંગલોમાં
(C) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોમાં
(D) સમશીતોષ્ણ બારેમાસ લીલાં જંગલોમાં

449. સાગ, સાલ, લીમડો અને સીસમ એ કયા પ્રકારનાં જંગલોનાં વૃક્ષો છે ?
(A) ઉષ્ણ કટિબંધીય બારેમાસ લીલાં જંગલોનાં
(B) સમશીતોષ્ણ ખરાઉ જંગલોનાં
(C) શંકુદ્રુમ જંગલોનાં
(D) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોનાં

450. વાંસ, ચીડ અને નીલગિરિ વગેરે કયા પ્રકારનાં જંગલોનાં વૃક્ષો છે ?
(A) સમશીતોષ્ણ બારેમાસ લીલાં જંગલોના
(B) સમશીતોષ્ણ ખરાઉ જંગલોનાં
(C) ભૂમધ્ય સાગરનાં જંગલોના
(D) શંકુદ્રુમ જંગલોનાં

451. ઑક, મેપલ એ કયા પ્રકારનાં જંગલોના વૃક્ષો છે ?
(A) શંકુદ્રુમ જંગલોનાં
(B) સમશીતોષ્ણ ખરાઉ જંગલોનાં
(C) ભૂમધ્ય સાગરનાં જંગલોનાં
(D) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોનાં

452. ઉષ્ણ કટિબંધીય ઘાસનાં મેદાનોમાં કેટલા મીટર જેટલું ઊંચું ઘાસ થાય છે ?
(A) 6 થી 7 મીટર (B) 9 થી 10 મીટર
(C) 3 થી 4 મીટર (D) 15 થી 16 મીટર

453. કયા દેશમાં આવેલ સવાનાનું ઘાસનું મેદાન વિશ્વભરમાં પ્રખ્યાત છે ?
(A) અમેરિકામાં (B) ચીનમાં
(C) ન્યૂઝીલેન્ડમાં (D) આફ્રિકામાં

454. કચ્છના નાનાં રણમાં જોવા મળતું કયું પ્રાણી વિશ્વમાં અજોડ છે ?
(A) ઘુડખર (B) એકશિંગી ગેંડો
(C) ઊંટ (D) ઝરખ

455. કચ્છના મોટા રણમાં કાદવ કીચડવાળા વિસ્તારમાં કયું પક્ષી જોવા મળે છે ?
(A) મોર (B) સુરખાબ
(C) બાજ (D) પોપટ

456. પશ્મિનો બકરી કયાં જોવા મળે છે ?
(A) ઉત્તર પૂર્વ પર્વતીય પ્રદેશમાં
(B) કશ્મીરમાં
(C) ભાવનગરના વેળાવદરમાં
(D) કચ્છના બન્ની વિસ્તારમાં

457. સમશીતોષ્ણ ઘાસનાં મેદાનોમાં થતું ટૂંકું અને પૌષ્ટિક ઘાસ ગુજરાતના કયા વિસ્તારમાં થાય છે ?
(A) રાજપારડી વિસ્તારમાં
(B) સારસાના ડુંગરાળ પ્રદેશમાં
(C) મઢીના મેદાની પ્રદેશમાં
(D) ભાવનગરના વેળાવદર વિસ્તારમાં

458. નીચેના પૈકી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે ?
(A) આગ
(B) ભૂકંપ
(C) ઔદ્યોગિક અકસ્માત
(D) બૉમ્બ વિસ્ફોટ

459. નીચેના પૈકી કઈ આપત્તિ માનવસર્જિત આપત્તિ છે ?
(A) આગ
(B) ભૂકંપ
(C) જ્વાળામુખી
(D) દુષ્કાળ

460. નીચેના પૈકી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે ?
(A) આગ
(B) ઔદ્યોગિક અકસ્માત
(C) જ્વાળામુખી
(D) બૉમ્બ વિસ્ફોટ

461. નીચેનામાંથી કઈ આપત્તિ માનવસર્જિત આપત્તિ છે ?
(A) ભૂકંપ
(B) જ્વાળામુખી
(C) દુષ્કાળ
(D) ઔદ્યોગિક અકસ્માત

462. નીચેના પૈકી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે ?
(A) દુષ્કાળ
(B) હુલ્લડ
(C) આગ
(D) બૉમ્બ વિસ્ફોટ

463. નીચેના પૈકી કઈ આપત્તિ માનવસર્જિત આપત્તિ છે ?
(A) પૂર
(B) બૉમ્બ વિસ્ફોટ
(C) ત્સુનામી
(D) વાવાઝોડું

464. નીચેના પૈકી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે ?
(A) આગ
(B) ઔદ્યોગિક અકસ્માત
(C) દાવાનળ
(D) હુલ્લડ

465. નીચેના પૈકી કઈ આપત્તિ માનવસર્જિત આપત્તિ છે ?
(A) ભૂકંપ
(B) જ્વાળામુખી
(C) દુષ્કાળ
(D) હુલ્લડ

466. નીચેના પૈકી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે ?
(A) પૂર
(B) આગ
(C) બૉમ્બ વિસ્ફોટ
(D) હુલ્લડ

467. નીચેના પૈકી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે ?
(A) આગ
(B) ત્સુનામી
(C) બૉમ્બ વિસ્ફોટ
(D) હુલ્લડ

468. નીચેના પૈકી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે ?
(A) આગ
(B) ઔદ્યોગિક અકસ્માત
(C) વાવાઝોડું
(D) હુલ્લડ

469. આગાહી શક્ય છે એવી કુદરતી આપત્તિ કઈ છે ?
(A) પૂર
(B) ભૂકંપ
(C) જ્વાળામુખી
(D) દાવાનળ

470. આગાહી શક્ય છે એવી કુદરતી આપત્તિ કઈ છે ?
(A) ભૂકંપ
(B) ત્સુનામી
(C) જ્વાળામુખી
(D) દાવાનળ

471. આગાહી શક્ય છે, એવી કુદરતી આપત્તિ કઈ છે ?
(A) ભૂકંપ
(B) જ્વાળામુખી
(C) વાવાઝોડું
(D) દાવાનળ

472. આગાહી શક્ય છે, એવી કુદરતી આપત્તિ કઈ છે ?
(A) ભૂકંપ
(B) જ્વાળામુખી
(C) દાવાનળ
(D) દુષ્કાળ

473. જેની આગાહી શક્ય નથી એવી આપત્તિ કઈ છે ?
(A) ભૂકંપ
(B) પૂર
(C) ત્સુનામી
(D) વાવાઝોડું

474. જેની આગાહી શક્ય નથી એવી આપત્તિ કઈ છે ?
(A) દુષ્કાળ
(B) જ્વાળામુખી
(C) પૂર
(D) ત્સુનામી

475. જેની આગાહી શક્ય નથી એવી આપત્તિ કઈ છે ?
(A) પૂર
(B) ત્સુનામી
(C) દાવાનળ
(D) ત્સુનામી

476. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી આપત્તિ નથી ?
(A) ભૂકંપ
(B) જ્વાળામુખી
(C) દુષ્કાળ
(D) આગ

477. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી આપત્તિ નથી ?
(A) ઔદ્યોગિક અકસ્માત
(B) ભૂકંપ
(C) જ્વાળામુખી
(D) દુષ્કાળ

478. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી આપત્તિ નથી ?
(A) પૂર
(B) બૉમ્બ વિસ્ફોટ
(C) ત્સુનામી
(D) વાવાઝોડું

479. નીચેના પૈકી કઈ આપત્તિ કુદરતી આપત્તિ નથી ?
(A) ત્સુનામી
(B) વાવાઝોડું
(C) હુલ્લડ
(D) દાવાનળ

480. કઈ ઘટના માટે પૃથ્વીના પેટાળમાં થતી ભૂગર્ભિક ક્રિયાઓ જવાબદાર છે ?
(A) જ્વાળામુખી
(B) પૂર
(C) ત્સુનામી
(D) ભૂકંપ

481. 16 જૂન, 1819ના રોજ કયા સ્થળે ભૂકંપ આવ્યો હતો ?
(A) કચ્છમાં
(B) ભરૂચમાં
(C) જૂનાગઢમાં
(D) અમદાવાદમાં

482. 12 જુલાઈ 1915ના રોજ કયા સ્થળે ભૂકંપ આવ્યો હતો ?
(A) રાજકોટમાં
(B) કચ્છ (અંજાર)માં
(C) અમદાવાદમાં
(D) ડાંગમાં

483. ત્સુનામીની ઉત્પત્તિ મોટે ભાગે.....
(A) એકધારા વરસાદના કારણે થાય છે.
(B) જળનિકાલના માર્ગમાં અવરોધને કારણે
(C) વાતાવરણના હવાના દબાણના કારણે
(D) સાગરતળે થતાં ભૂકંપોના કારણે

484. નીચેના પૈકી કયા વિસ્તારમાં વાવાઝોડાની વિનાશક અસરો અનુભવાય છે ?
(A) કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકિનારે
(B) રાજપારડી અને સારસામાં
(C) મઢી અને નિકોરામાં
(D) દહેજના દરિયાકિનારે

485. 26 ડિસેમ્બર, 2004ના રોજ કયા મહાસાગરમાં આવેલા મહાવિનાશક ત્સુનામીએ 2 લાખ લોકોનો જીવ લીધો હતો ?
(A) પેસિફિક મહાસાગરમાં
(B) હિંદ મહાસાગરમાં
(C) એટલાન્ટિક મહાસાગરમાં
(D) આર્કટિક મહાસાગરમાં

486. સામાન્ય રીતે પૂરની ઘટનાને શાની સાથે જોડવામાં આવે છે ?
(A) ચક્રવાત સાથે (B) દુષ્કાળ સાથે
(C) નદી સાથે (D) વાવાઝોડાં સાથે

487. કઈ આપત્તિ સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે અત્યંત આવશ્યક એવા પાણી અને ખોરાક સાથે જોડાયેલી છે ?
(A) પૂર (B) ત્સુનામી
(C) ભૂકંપ (D) દુષ્કાળ

488. કઈ આપત્તિ એ વિનાશકારી અને લાંબા સમય સુધી પોતાની માઠી અસરો છોડે એવી આપત્તિ છે ?
(A) દુષ્કાળ (B) પૂર
(C) ત્સુનામી (D) ભૂકંપ

489. પૃથ્વી પરથી મળતાં અને માનવીને ઉપયોગમાં આવતાં કુદરતી પદાર્થોને શું કહે છે ?
(A) સંસાધન (B) શક્તિ
(C) ગુણવત્તા (D) જૈવિક

490. ભૂમિ, જળ, ખનીજો અને જંગલોનો સમાવેશ કયા સંસાધનોમાં થાય છે ?
(A) માનવનિર્મિત સંસાધનોમાં
(B) કુદરતી સંસાધનોમાં
(C) ઔદ્યોગિક સંસાધનોમાં
(D) સાંસ્કૃતિક સંસાધનોમાં

491. નીચેના પૈકી અજૈવિક સંસાધનો કયાં છે ?
(A) ભૂમિ (B) હવા
(C) જળ (D) આપેલ તમામ

492. નીચેનામાંથી જૈવિક સંસાધનો કયાં છે?
(A) જંગલો (B) ભૂમિ
(C) હવા (D) જળ

493. નીચેના પૈકી જૈવિક સંસાધન કયું છે ?
(A) ભૂમિ (B) હવા
(C) પ્રાણીઓ (D) જળ

494. નીચેનામાંથી માનવનિર્મિત સંસાધન કયું છે ?
(A) ભૂમિ (B) જળ
(C) ખનીજો (D) ઔદ્યોગિક એકમો

495. નીચેનામાંથી માનવનિર્મિત સંસાધન કયું છે ?
(A) સ્મારકો (B) ભૂમિ
(C) જળ (D) ખનીજો

496. નીચેનામાંથી માનવનિર્મિત સંસાધન કયું છે ?
(A) ભૂમિ (B) ચિત્રકળા
(C) જળ (D) ખનીજો

497. નીચેનામાંથી માનવનિર્મિત સંસાધન કયું છે ?
(A) ભૂમિ (B) જળ
(C) સામાજિક સંસ્થાઓ (D) ખનીજો

498. નીચેનામાંથી નવીનીકરણીય સંસાધન કયું છે ?
(A) પેટ્રોલિયમ (B) ખનિજ કોલસો
(C) કુદરતી વાયુ (D) જંગલો

499. નીચેના પૈકી નવીનીકરણીય સંસાધન કયું છે ?
(A) સૂર્યપ્રકાશ (B) પેટ્રોલિયમ
(C) ખનિજ કોલસો (D) કુદરતી વાયુ

500. નીચેનામાંથી અનવીનીકરણીય સંસાધન કયું છે ?
(A) પેટ્રોલિયમ (B) ખનિજ કોલસો
(C) કુદરતી વાયુ (D) આપેલ તમામ

501. ભારતીય કૃષિ સંસાધન પરિષદે (ICAR) ભારતની જમીનને કેટલાં પ્રકારમાં વહેંચી છે ?
(A) ત્રણ (B) આઠ
(C) છ (D) ચાર

502. ઢોળાવવાળી જમીનમાં કઈ પદ્ધતિથી ખેતી કરવી જોઈએ ?
(A) બાગાયતી પદ્ધતિથી (B) ટપક પદ્ધતિથી
(C) પગથિયાં પદ્ધતિથી (D) સિંચાઈ પદ્ધતિથી

503. પૃથ્વી પર પીવાલાયક પાણી આશરે કેટલાં ટકા છે ?
(A) 7% (B) 12%(C) 18%
(D) 3%

504. પૃથ્વીનો કેટલામો ભાગ જળવિસ્તાર ધરાવે છે ?
(A) ત્રીજો ભાગ (B) બીજો ભાગ
(C) પાંચમો ભાગ (D) છઠ્ઠો ભાગ

505. પૃથ્વી પર જળ સંસાધનોનો મુખ્ય સ્રોત કયો છે ?
(A) ખેત-તલાવડી (B) વરસાદ
(C) ઝરણાં (D) તળાવો

506. વર્ષો પહેલાં માનવી શિકાર માટે શામાંથી બનાવેલા પથ્થરોનો ઉપયોગ કરતો હતો ?
(A) હાડકામાંથી (B) લાકડાંમાંથી
(C) પથ્થરમાંથી (D) એલ્યુમિનિયમમાંથી

507. માનવ વિકાસનો પ્રથમ તબક્કો કયો છે ?
(A) તામ્ર યુગ (B) કાંસ્ય યુગ
(C) લોહ યુગ (D) પાષાણ યુગ

508. વર્તમાન યુગને કયા યુગ તરીકે ઓળખવામાં આવે છે ?
(A) અણુ યુગ (B) તામ્ર યુગ
(C) કાંસ્ય યુગ (D) લોહ યુગ

509. કયાં વૃક્ષનું લાકડું ઈમારતી લાકડાં તરીકે વપરાય છે ?
(A) નીલગિરિ અને સુંદરીનું (B) સાગ અને સાલનું
(C) લીમડો અને દેવદારનું (D) પીપળો અને આંબાનું

510. કયાં વૃક્ષના લાકડામાંથી રમતગમતનાં સાધનો બને છે ?
(A) નીલગિરિ અને સુંદરીના (B) બાવળ અને લીમડાંના
(C) દેવદાર અને ચીડના (D) વાંસ અને પીપળાનાં

511. કયાં વૃક્ષમાંથી ટોપલાં, ટોપલી, કાગળ અને રેયોન વગેરે બને છે ?
(A) સાગના (B) દેવદારના
(C) ચીડના (D) વાંસના

512. ઉત્તર-પૂર્વના પર્વતીય ક્ષેત્રોમાં જંગલોનું પ્રમાણ કેટલા ટકા છે ?
(A) 60 ટકાથી વધુ (B) 30 ટકાથી વધુ
(C) 55 ટકાથી વધુ (D) 75 ટકાથી વધુ

513. સ્ટેટ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ 2017-18ના રિપોર્ટ અનુસાર ગુજરાતમાં કેટલા ટકા વિસ્તારમાં જંગલો આવેલા છે ?
(A) 15.3% (B) 11.18%
(C) 21.7% (D) 28.2%

514. રાષ્ટ્રીય વનનીતિ અનુસાર કુલ ભૂમિ ભાગના કેટલા ટકા વિસ્તારમાં જંગલો હોવા જોઈએ ?
(A) 45% (B) 68%
(C) 33% (D) 23%

515. ભારતમાં જંગલોનું પ્રમાણ કેટલા ટકા છે ?
(A) 37% (B) 48%
(C) 29% (D) 23%

516. 21મી માર્ચના દિવસને કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે ?
(A) વિશ્વ વન દિન (B) વિશ્વ પર્યાવરણ દિન
(C) જૈવ વિવિધતા દિવસ (D) વન્ય પ્રાણી દિવસ

517. 4 ઑક્ટોબરના દિવસને કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે ?
(A) વિશ્વ વન દિન (B) વન્ય પ્રાણી દિવસ
(C) જૈવ વિવિધતા દિવસ (D) વિશ્વ પર્યાવરણ દિન

518. 5મી જૂનના દિવસને કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે ?
(A) વિશ્વ વન દિન (B) વન્ય પ્રાણી દિવસ
(C) વિશ્વ પર્યાવરણ દિન (D) જૈવ વિવિધતા દિવસ

519. 29 ડિસેમ્બરના દિવસને કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે ?
(A) વિશ્વ વન દિન (B) વન્ય પ્રાણી દિવસ
(C) વિશ્વ પર્યાવરણ દિન (D) જૈવ વિવિધતા દિવસ

520. અસમ અને પશ્ચિમ બંગાળના દલદલીય ક્ષેત્રમાં કયું પ્રાણી જોવા મળે છે ?
(A) એકશિંગી ગેંડો (B) જંગલી બકરી
(C) સિંહ (D) દીપડો

521. કચ્છના નાના રણમાં કયું પ્રાણી જોવા મળે છે ?
(A) કશ્મીરી મૃગ (B) ઘુડખર
(C) ઊંટ (D) હાથી

522. ગુજરાતના ગીરનાં જંગલોમાં કયું પ્રાણી જોવા મળે છે ?
(A) દીપડો (B) વાઘ
(C) સિંહ (D) હાથી

523. બંગાળનો રોયલ બેંગોલ ટાઇગર વિશ્વની કેટલી જાતિમાનો એક છે ?
(A) ત્રણ (B) બે
(C) પાંચ (D) આઠ

524. ગુજરાતના ડેડિયાપાડા અને રતનમહાલ વિસ્તારમાં કયું પ્રાણી જોવા મળે છે ?
(A) રીંછ (B) દીપડો
(C) ઝરખ (D) શિયાળ

525. ગુજરાતનું કયું સરોવર શિયાળામાં આવતાં યાયાવર પક્ષીઓ માટે જાણીતું છે ?
(A) સાંભર સરોવર (B) નળ સરોવર
(C) દાલ સરોવર (D) રામ સરોવર

526. ગુજરાતનું રાજ્ય પક્ષી કયું છે ?
(A) પોપટ (B) કાબર
(C) સુરખાબ (D) મેના

527. હિમાલયનાં શીત વનોમાં કયું પ્રાણી જોવા મળે છે ?
(A) રીંછ (B) હરણ (C) દીપડો
(D) લાલ પાંડા

528. ગુજરાતના જંગલોમાંથી કયું પ્રાણી લુપ્ત થઈ ગયું છે ?
(A) વાઘ (B) દીપડો
(C) રીંછ (D) હાથી

529. ભારતનાં જંગલોમાંથી કયું પ્રાણી લુપ્ત થઈ ગયું છે ?
(A) વાઘ (B) ચિત્તો
(C) દીપડો (D) એકશિંગી ગેંડો

530. ગુજરાતની નર્મદા, તાપી, સાબરમતી વગેરે નદીઓમાં જોવા મળતું કયું પ્રાણી સંકટમાં છે ?
(A) ઘડિયાળ મગર (B) વહેલ
(C) ડોલ્ફિન (D) જળબિલાડી

531. કયા રાજાએ વન્યજીવોના રક્ષણ માટે કાયદા બનાવ્યા છે ?
(A) અશોકે (B) જયસિંહે
(C) નરસિંહવર્મને (D) ભીમદેવ પ્રથમે

532. વિશ્વનું સૌથી મોટું રણ કયું છે ?
(A) કચ્છનું મોટું રણ (B) ગોબીનું રણ
(C) સહરાનું (D) થરપારકરનું

533. ભારતનું સૌથી ઠંડું રણ કયું છે ?
(A) ગોબીનું રણ (B) કચ્છનું રણ
(C) થરપારકરનું રણ (D) લદ્દાખનું રણ

534. લદાખ ક્ષેત્રની મુખ્ય નદી કઈ છે ?
(A) સિંધુ (B) કાવેરી
(C) સતલુજ (D) બ્રહ્મપુત્ર

535. લદાખના લોકો યાકના દૂધમાંથી શું બનાવે છે ?
(A) દહીં (B) પનીર
(C) છાશ (D) ઘી

536. લદાખમાં લોકો મોટેભાગે કયો ધર્મ પાળે છે ?
(A) જૈન (B) ઈસ્લામ
(C) બૌદ્ધ (D) ખ્રિસ્તી

537. લદાખનું મુખ્ય શહેર કયું છે ?
(A) જમ્મુ (B) હેમિસ
(C) થીકસે (D) લેહ

538. બન્ની વિસ્તાર ક્યાં આવેલો છે ?
(A) સહરાના રણમાં (B) કચ્છના રણમાં
(C) તિબેટમાં (D) લદાખમાં

539. કચ્છના રણને આગળ વધતું અટકાવવા માટે શાનાં વૃક્ષો વાવવામાં આવ્યાં છે ?
(A) ગાંડા બાવળના (B) નીલગિરિના
(C) સુંદરીના (D) દેવદારના

540. કચ્છના રણનું કયું પક્ષી લુપ્ત થવાને આરે છે ?
(A) લાવરી (B) કુંજ (C) ઘોરાડ
(D) સારસ

541. કચ્છનો મુખ્ય ખેતીપાક કયો છે ?
(A) જુવાર (B) ઘઉં
(C) મકાઈ (D) બાજરી

542. સંસાધનોને મુખ્ય કેટલાં જૂથોમાં વહેંચવામાં આવે છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

543. નીચેનામાંથી સિંચાઈનાં માધ્યમો કયાં છે ?
(A) કૂવા (B) નહેર (C) તળાવ
(D) તમામ

544. ભારતમાં સૌથી વધુ જંગલો ક્યાં જોવા મળે છે ?
(A) ગુજરાત (B) અસમ
(C) અંદમાન-નિકોબાર (D) હરિયાણા

545. નીચેનામાંથી કયું પક્ષી કચ્છના રણમાં જોવા મળે છે ?
(A) શાહમૃગ (B) સુરખાબ
(C) સ્નો પાર્ટરીચ (D) પેંગ્વિન

546. લદાખમાં કયું વિશિષ્ટ પ્રાણી જોવા મળે છે ?
(A) યાક (B) ઘુડખર
(C) શિયાળ (D) ગાય

547. વિશ્વનો સૌથી મોટો લોકશાહી ધરાવતો દેશ કયો છે ?
(A) જાપાન (B) ચીન
(C) પાકિસ્તાન (D) ભારત

548. દેશનું સંચાલન કરવા માટેની માર્ગદર્શિકા કઈ છે ?
(A) બંધારણ (B) અદાલત
(C) ન્યાયાધીશ (D) ચૂંટણી પંચ

549. વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ કયા દેશનું છે ?
(A) ચીન (B) ભારત
(C) બાંગ્લાદેશ (D) જાપાન

550. આપણા દેશમાં કેટલા વર્ષે દરેક નાગરિકને મતાધિકાર આપવામાં આવ્યો છે ?
(A) 15 વર્ષે (B) 21 વષે
(C) 18 વર્ષે (D) 24 વર્ષે

551. કેટલાં વર્ષથી ઓછી ઉંમર સુધીના દરેક બાળકને કામ પર રાખવામાં આવે તો તે ગુનો ગણાય છે ?
(A) 12 વર્ષ કરતાં નાની ઉંમરના
(B) 10 વર્ષ કરતાં નાની ઉંમરના
(C) 18 વર્ષ કરતાં નાની ઉંમરના
(D) 14 વર્ષ કરતાં નાની ઉંમરના

552. કેટલા વર્ષની ઉંમર સુધી દરેક બાળકને મફત અને ફરજિયાત ભણવાનો અધિકાર છે ?
(A) 6 થી 14 વર્ષ (B) 7 થી 10 વર્ષ
(C) 15 થી 18 વર્ષ (D) 11 થી 16 વર્ષ

553. આપણા દેશમાં મતદાનની વ્યવસ્થા કોણ કરે છે ?
(A) ગૃહ વિભાગ (B) રાજ્યપાલ
(C) ચૂંટણી પંચ (D) વડા પ્રધાન

554. દરેક નાગરિકને સમાનતાનો અધિકાર કોણે આપ્યો છે ?
(A) ભારતના રાજ્યપાલે
(B) ભારતના બંધારણે
(C) ભારતના કાયદા પ્રધાને
(D) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશે

555. બાળમજૂરી શાનો ભંગ ગણાય છે ?
(A) રોજગાર મેળવવાના ભંગનો
(B) આર્થિક બાબતના ભંગનો
(C) શિક્ષણ મેળવવાના અધિકારનો
(D) મતાધિકારનો

556. લોકશાહી દેશમાં કઈ બાબતને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે ?
(A) મતાધિકારને (B) ન્યાયને
(C) શિક્ષણને (D) સમાનતાને

557. ઓછી મજૂરી આપવી પડે તે માટે કોઈક જગ્યાએ કોને કામે રાખવામાં આવે છે ?
(A) બાળકને (B) યુવાનને
(C) વૃદ્ધને (D) દિવ્યાંગને

558. સરકારનું કયું અંગ કાયદા ઘડવાનું કાર્ય કરે છે ?
(A) કારોબારી (B) ન્યાયતંત્ર
(C) ગ્રામસભા (D) ધારાસભા

559. સરકારનું કયું અંગ કાયદાઓનો અમલ કરાવવાનું કાર્ય કરે છે ?
(A) ન્યાયતંત્ર (B) કારોબારી
(C) ગ્રામસભા (D) ધારાસભા

560. સરકારનું કયું અંગ કાયદાનો ભંગ કરનારને સજા કરવાનું કાર્ય કરે છે ?
(A) ન્યાયતંત્ર (B) કારોબારી
(C) ગ્રામસભા (D) ધારાસભા

561. ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સરકાર કઈ છે ?
(A) ગ્રામ પંચાયત (B) તાલુકા પંચાયત
(C) જિલ્લા પંચાયત (D) આપેલ તમામ

562. શહેરી સ્થાનિક સ્વરાજની સરકાર કઈ છે ?
(A) મહાનગરપાલિકા (B) ગ્રામ પંચાયત
(C) તાલુકા પંચાયત (D) જિલ્લા પંચાયત

563. શહેરી સ્થાનિક સ્વરાજની સરકાર કઈ છે ?
(A) ગ્રામ પંચાયત (B) નગરપાલિકા
(C) તાલુકા પંચાયત (D) જિલ્લા પંચાયત

564. રાષ્ટ્ર કક્ષાએ વ્યવહાર કરતી સરકાર કયા નામે ઓળખાય છે ?
(A) રાજ્ય સરકાર (B) સ્થાનિક સરકાર
(C) કેન્દ્ર સરકાર (D) ગ્રામ્ય સરકાર

565. રાજ્ય કક્ષાએ વ્યવહાર કરતી સરકાર કયા નામે ઓળખાય છે ?
(A) સ્થાનિક સરકાર (B) કેન્દ્ર સરકાર
(C) ગ્રામ્ય સરકાર (D) રાજ્ય સરકાર

566. રાજ્યની ધારાસભાનું ઉપલું ગૃહ કયાં નામે ઓળખાય છે ?
(A) વિધાન પરિષદ (B) જનપરિષદ
(C) વિધાનસભા (D) રાજ્યસભા

567. વિધાન પરિષદના સભ્ય બનવા માટે ઉમેદવાર કેટલા વર્ષ કે તેથી વધુ વયનો હોવો જોઈએ ?
(A) 20 વર્ષ કે તેથી વધુ (B) 30 વર્ષ કે તેથી વધુ
(C) 23 વર્ષ કે તેથી વધુ (D) 45 વર્ષ કે તેથી વધુ

568. વિધાન પરિષદનો દરેક સભ્ય કેટલા વર્ષની મુદત માટે ચૂંટાય છે ?
(A) પાંચ વર્ષની (B) ત્રણ વર્ષની
(C) છ વર્ષની (D) બે વર્ષની

569. વિધાન પરિષદના કેટલા સભ્યો દર બીજા વર્ષે નિવૃત્ત થાય છે ?
(A) ત્રણ તૃતીયાંશ (B) બે તૃતીયાંશ
(C) ચાર તૃતીયાંશ (D) એક તૃતીયાંશ

570. ધારાસભાના નીચલા ગૃહને શું કહે છે ?
(A) વિધાનસભા (B) વિધાન પરિષદ
(C) જનસભા (D) રાજ્યસભા

571. વિધાનસભામાં સભ્યોની સંખ્યા કેટલી હોવી જોઈએ ?
(A) 60 (B) 30
(C) 70 (D) 20

572. વિધાનસભાના સભ્ય બનવા માટે કેટલા વર્ષની વય હોવી જોઈએ ?
(A) 35 વર્ષ (B) 25 વર્ષ
(C) 42 વર્ષ (D) 30 વર્ષ

573. ગુજરાત રાજ્યમાં વિધાનસભાની કુલ કેટલી બેઠકો છે ?
(A) 190 (B) 110
(C) 182 (D) 168

574. ગુજરાત વિધાનસભાનું ભવન ક્યાં આવેલું છે ?
(A) અમદાવાદમાં (B) સુરતમાં
(C) ખેડામાં (D) ગાંધીનગરમાં

575. વિધાનસભાના સભ્યોની ચૂંટણી કેટલા વર્ષે થાય છે ?
(A) દર પાંચ વર્ષે (B) દર ત્રણ વર્ષે
(C) દર સાત વર્ષે (D) દર છ વર્ષે

576. વિધાનસભાના સભ્યોની મુદત કેટલા વર્ષની હોય છે ?
(A) ત્રણ વર્ષની (B) પાંચ વર્ષની
(C) બે વર્ષની (D) છ વર્ષની

577. કોની ભલામણથી રાષ્ટ્રપતિ રાજ્યમાં ‘રાષ્ટ્રપતિ શાસન’ લાદે છે ?
(A) વડા પ્રધાનની (B) મુખ્યમંત્રીની
(C) રાજ્યપાલની (D) ગૃહખાતાની

578. ‘રાષ્ટ્રપતિ શાસન’ દરમિયાન રાજ્યનો વહીવટ કોણ સંભાળે છે ?
(A) વડા પ્રધાન (B) મુખ્યમંત્રી
(C) કાયદા પ્રધાન (D) રાજ્યપાલ

579. કોની મંજૂરી મળતાં ખરડો કાયદો બને છે ?
(A) રાજ્યપાલશ્રી (B) વડા પ્રધાનની
(C) મુખ્યમંત્રીની (D) કાયદા પ્રધાનની

580. રાજ્યના બંધારણીય વડા કોણ છે ?
(A) મુખ્યમંત્રી (B) રાજ્યપાલ
(C) વડા પ્રધાન (D) રાષ્ટ્રપતિ

581. રાજ્યપાલની નિમણૂક કોણ કરે છે ?
(A) મુખ્યમંત્રી (B) સર્વોચ્ચ અદાલત
(C) રાષ્ટ્રપતિ (D) ઉપરાષ્ટ્રપતિ

582. રાજ્યપાલની મુદત કેટલાં વર્ષની હોય છે ?
(A) છ વર્ષની (B) ત્રણ વર્ષની
(C) બે વર્ષની (D) પાંચ વર્ષની

583. રાજ્યનો બધો જ વહીવટ કોના નામથી થાય છે ?
(A) રાજ્યપાલના (B) મુખ્યમંત્રીના
(C) વડા પ્રધાનના (D) રાષ્ટ્રપતિના

584. કેટલા વર્ષ કે તેથી વધુ વયનો ભારતનો નાગરિક રાજ્યપાલના હોદા માટે લાયક ગણાય છે ?
(A) 25 વર્ષ (B) 35 વર્ષ
(C) 47 વર્ષ (D) 55 વર્ષ

585. રાજ્યના એડ્વોકેટ જનરલ અને રાજ્યના જાહેર સેવા આયોગના અધ્યક્ષની નિમણૂક કોણ કરે છે ?
(A) મુખ્યમંત્રી (B) વડા પ્રધાન
(C) રાજ્યપાલ (D) રાષ્ટ્રપતિ

586. મુખ્યમંત્રીની નિમણૂક કોણ કરે છે ?
(A) વડા પ્રધાન (B) રાષ્ટ્રપતિ
(C) ઉપરાષ્ટ્રપતિ (D) રાજ્યપાલ

587. સંઘ યાદીમાં કેટલા વિષયો કેન્દ્ર સરકારને સોંપવામાં આવ્યાં છે ?
(A) 97 (B) 66
(C) 47 (D) 23

588. રાજ્ય યાદીમાં કેટલા વિષયો રાજ્ય સરકારને સોંપવામાં આવ્યા છે ?
(A) 97 (B) 66
(C) 47 (D) 55

589. ગુજરાતમાં વડી અદાલતની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
(A) 12 ફેબ્રુઆરીના રોજ
(B) 23 મી માર્ચના રોજ
(C) 1 લી મે, 1960 ના રોજ
(D) 12 મી એપ્રિલ 1960 ના રોજ

590. ગુજરાતની વડી અદાલત ક્યાં આવેલી છે ?
(A) ગાંધીનગરમાં (B) ખેડામાં
(C) વડોદરામાં (D) અમદાવાદમાં

591. વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક કોણ કરે છે ?
(A) રાષ્ટ્રપતિ (B) રાજ્યપાલ
(C) મુખ્યમંત્રી (D) રાજ્યપાલ

592. સમાજમાં પ્રવર્તતા ભેદભાવની અસર લાંબાગાળે કોની ઉપર થાય છે ?
(A) ઉચ્ચ શિક્ષણ ઉપર
(B) સમાજ વ્યવસ્થા પર
(C) પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થા પર
(D) વર્ણવ્યવસ્થા પર

593. શાનાં પરિણામે મોટાભાગે મહિલાઓ આગળ શિક્ષણ મેળવી શકતી નથી ?
(A) બાળલગ્નોના (B) ગરીબીના
(C) બેકારીના (D) મોંઘવારીના

594. શું દૂર થાય તો ઘણી સમસ્યાઓનું સમાધાન થઈ શકે તેમ છે ?
(A) સાંસ્કૃતિક ભેદભાવ (B) જાતિગત ભેદભાવ
(C) શિક્ષણનો ભેદભાવ (D) આર્થિક ભેદભાવ

595. જાતિગત ભિન્નતાની અસર ક્યાં જોવા મળે છે ?
(A) શહેરોમાં (B) કુટુંબમાં
(C) સમાજમાં (D) ગામડાંમાં

596. કોના દ્વારા જ મકાનને ઘર બનાવવાનું શક્ય બને છે ?
(A) મહિલા દ્વારા (B) યુવાન દ્વારા
(C) બાળકો દ્વારા (D) વૃદ્ધો દ્વારા

597. ભારતમાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ કોણ બન્યું હતું ?
(A) ઈન્દિરા ગાંધી (B) પ્રતિભાસિંહ પાટીલ
(C) સુષ્મા સ્વરાજ (D) સરિતા ગાયકવાડ

598. ભારતમાં પ્રથમ મહિલા વડા પ્રધાન કોણ બન્યું હતું ?
(A) પ્રતિભાસિંહ પાટીલ (B) સુષ્મા સ્વરાજ
(C) ઈન્દિરા ગાંધી (D) સરિતા ગાયકવાડ

599. ભારત અને પાકિસ્તાનનું યુદ્ધ કઈ સાલમાં થયું હતું ?
(A) ઈ.સ. 1955માં (B) ઈ.સ. 1968માં
(C) ઈ.સ. 1948માં (D) ઈ.સ. 1971માં

600. દેશનાં પ્રથમ મહિલા વિદેશ મંત્રી કોણ હતું ?
(A) સુષ્મા સ્વરાજ (B) ઈન્દિરા ગાંધી
(C) પ્રતિભાસિંહ પાટીલ (D) સરિતા ગાયકવાડ

601. કઈ મહિલાએ સૌથી નાની ઉંમરે હરિયાણા રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું ?
(A) ઈન્દિરા ગાંધીએ (B) સુષ્મા સ્વરાજે
(C) પ્રતિભાસિંહ પાટીલે (D) સરિતા ગાયકવાડે

602. સ્વરસામ્રાજ્ઞી તરીકે વિશ્વમાં પોતાની આગવી ઓળખ કોણે ઊભી કરી હતી ?
(A) પૂનમ ગોંડલિયાએ (B) દિવાળીબેને
(C) રોમા માણેકે (D) લતા મંગેશકરે

603. લતા મંગેશકરે વિવિધ ભાષામાં કેટલાં ગીત ગાયાં છે ?
(A) 40 હજાર કરતાં વધારે (B) 15 હજાર કરતાં વધારે
(C) 23 હજાર કરતાં વધારે (D) 70 હજાર કરતાં વધારે

604. ભારત સરકારે નીચેના પૈકી કોને 'ભારતરત્ન'થી સન્માનિત કરેલ છે ?
(A) પ્રતિભાસિંહ પાટીલને (B) લતા મંગેશકરને
(C) આશા ભોંસલેને (D) પૂનમ ગોંડલિયાને

605. નીચેના પૈકી કોણ મૂળ ભારતીય અવકાશયાત્રી હતા ?
(A) નિકિતા ચાવડા (B) હીના ચાવડા
(C) કલ્પના ચાવલા (D) નીલમ ચાવડા

606. ગુજરાત સરકારે કોની પસંદગી 'કુપોષણ મુક્ત ગુજરાત' અભિયાન માટે એમ્બેસેડર તરીકે કરી છે ?
(A) હિરલ ગાયકવાડની (B) મિતાલી ગાયકવાડની
(C) તમન્ના ગાયકવાડની (D) સરિતા ગાયકવાડની

607. છેલ્લી વસતિ-ગણતરી ક્યારે થઈ હતી ?
(A) ઈ.સ. 2011માં (B) ઈ.સ. 2012માં
(C) ઈ.સ. 2009માં (D) ઈ.સ. 2017માં

608. સૌ પ્રથમ વસતિ - ગણતરી ક્યારે થઈ હતી ?
(A) ઈ.સ. 2011માં (B) ઈ.સ. 1871માં
(C) ઈ.સ. 1923માં (D) ઈ.સ. 1955માં

609. કેન્દ્ર સરકાર દ્વારા દર કેટલા વર્ષે વસતિ - ગણતરી કરવામાં આવે છે ?
(A) દર પાંચ વર્ષે (B) દર ત્રણ વર્ષે
(C) દર દસ વર્ષે (D) દર સાત વર્ષે

610. ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારમાં દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા કેટલી હતી ?
(A) 880 (B) 886
(C) 906 (D) 949

611. ગુજરાતમાં શહેરી વિસ્તારમાં દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા કેટલી હતી ?
(A) 880 (B) 886
(C) 906 (D) 949

612. ગુજરાતમાં દર હજાર પુરુષોએ કુલ જાતિ પ્રમાણ કેટલું છે ?
(A) 880 (B) 919
(C) 886 (D) 949

613. અંગ્રેજ સરકાર સામે ગાંધી બાપુના નેતૃત્વ હેઠળ થયેલાં વિવિધ આંદોલનોમાં ગુજરાત સહિત દેશભરમાં કોની સાથે અનેક મહિલાઓ જોડાઈ હતી ?
(A) સૂરજબા (B) રતનબા
(C) કસ્તૂરબા (D) વિનોબા ભાવે

614. ભારતના કયા રાજ્યમાં મહિલાએ દારૂબંધી કરાવવા સરકાર સામે સફળ આંદોલન કર્યું હતું ?
(A) રાજસ્થાનમાં (B) મધ્ય પ્રદેશમાં
(C) મહારાષ્ટ્રમાં (D) બિહારમાં

615. માનવી કેવું વિચારશીલ પ્રાણી છે ?
(A) સાંસ્કૃતિક (B) સુખી
(C) જ્ઞાની (D) સામાજિક

616. મનુષ્યને સૌથી મળેલી મહત્ત્વની ભેટ કઈ છે ?
(A) બુદ્ધિ (B) આધ્યાત્મિકતા
(C) નૈતિકતા (D) અહિંસા

617. સંચારના માધ્યમોને કારણે સમયની દૃષ્ટિએ દુનિયા કેવી થઈ ગઈ છે ?
(A) વિશાળ (B) નાની
(C) અનંત (D) પહોળી

618. આધુનિક સંચારતંત્રે પૂરાં વિશ્વને શામાં ફેરવી નાખ્યું છે ?
(A) વૈશ્વિક સમાજમાં (B) વૈશ્વિક પરિવારમાં
(C) વૈશ્વિક ગ્રામમાં (D) વૈશ્વિક નગરમાં

619. ભારતમાં આધુનિક ટપાલસેવાઓની શરૂઆત ક્યારે થઈ હતી ?
(A) ઈ.સ. 1862માં (B) ઈ.સ. 1823માં
(C) ઈ.સ. 1875માં (D) ઈ.સ. 1854માં

620. ટેલિગ્રામની શોધ ક્યારે થઈ હતી ?
(A) ઈ.સ. 1850માં (B) ઈ.સ. 1854માં
(C) ઈ.સ. 1868માં (D) ઈ.સ. 1891માં

621. ભારતમાં ટેલિગ્રામ સેવા સૌ પ્રથમ કયા બે સ્થળો વચ્ચે શરૂ થઈ હતી ?
(A) મુંબઈ અને પૂણે વચ્ચે
(B) કોલકાતા અને ડાયમંડ હાર્બર વચ્ચે
(C) મુંબઈ અને કોલકાતા વચ્ચે
(D) અમદાવાદથી વડોદરા વચ્ચે

622. ભારતમાં ટેલિગ્રામ (તાર) ની સુવિધા ક્યારથી બંધ કરવામાં આવી છે ?
(A) 12 એપ્રિલ, 2003 માં (B) 20 મે, 2003 માં
(C) 13 જુલાઈ, 2003 માં (D) 18 જૂન, 2003 માં

623. કયું સંચાર માધ્યમ જ્ઞાન અને માહિતીનો પ્રચાર પ્રસાર કરે છે ?
(A) પંચાંગ (B) વર્તમાનપત્ર
(C) સામયિકો (D) પુસ્તકો

624. કયુ સંચાર માધ્યમ દુનિયાના કોઈ પણ ખૂણે બનતી ઘટનાઓ, જાહેરાતો, દુઃખદ નોંધ, આજનું ભવિષ્ય, પંચાંગ, વિશેષ દિન, તિથિ, ચોઘડિયાં વગેરે આપણાં સુધી પહોંચાડે છે ?
(A) વર્તમાનપત્રો (B) પુસ્તકો
(C) સિનેમા (D) ટેલિવિઝન

625. નીચેનામાંથી શ્રાવ્ય પ્રકારનું સંચાર-માધ્યમ કયું છે ?
(A) સિનેમા (B) રેડિયો
(C) ટેલિવિઝન (D) મોબાઈલ ફોન

626. નીચેના પૈકી કયું સંચાર માધ્યમ શિક્ષણ અને મનોરંજનનું લોકપ્રિય સાધન છે ?
(A) વર્તમાનપત્રો (B) રેડિયો
(C) સિનેમા (D) ટેલિવિઝન

627. સૌથી વધુ ચલચિત્રો કયા દેશમાં બને છે ?
(A) અમેરિકામાં (B) રશિયામાં
(C) નેપાળમાં (D) ભારતમાં

628. આજનું સૌથી લોકપ્રિય દૃશ્ય-શ્રાવ્ય સંચાર માધ્યમ કયું છે ?
(A) ટેલિવિઝન (B) સિનેમા
(C) રેડિયો (D) મોબાઈલ ફોન

629. સંચાર-માધ્યમનું હાલનું અગત્યનું સાધન કયું છે ?
(A) ટેલિવિઝન (B) સિનેમા
(C) રેડિયો (D) મોબાઈલ ફોન

630. કૃત્રિમ ઉપગ્રહ દેશના કયા ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી છે ?
(A) સંરક્ષણક્ષેત્રે (B) વેપારક્ષેત્રે
(C) કૃષિક્ષેત્રે (D) ટેકનોલૉજી ક્ષેત્રે

631. વોકીટોકીનો ઉપયોગ સૌથી વધુ કોણ કરે છે ?
(A) વેપારીઓ (B) પોલીસ
(C) ડૉક્ટરો (D) વકીલો

632. કયા સંચાર-માધ્યમ દ્વારા પૃથ્વીના પેટાળમાં છૂપાયેલાં પાણી અને ખનીજોની માહિતી મેળવી શકાય છે ?
(A) રેડિયો દ્વારા (B) ટેલિવિઝન દ્વારા
(C) કૃત્રિમ ઉપગ્રહ દ્વારા (D) મોબાઈલ દ્વારા

633. કયા સંચાર માધ્યમ દ્વારા આપણે આપણા ઘરથી બીજા સ્થળ વચ્ચેનું અંતર અને રસ્તો જાણી શકીએ છીએ ?
(A) રેડિયો દ્વારા (B) ટેલિવિઝન દ્વારા
(C) મોબાઈલ દ્વારા (D) કૃત્રિમ ઉપગ્રહ દ્વારા

634. મોબાઈલ ફોનના પ્રકાશને કારણે કોને નુકસાન થાય છે ?
(A) હૃદયને (B) મગજને
(C) નસોને (D) આંખોને

635. જ્યાં ખરીદનાર અને વેચનાર ભેગાં થતાં હોય તેવા સ્થળને શું કહેવાય ?
(A) બજાર (B) ચકલા
(C) ચોરો (D) પાદર

636. આપણે તેલ, મસાલા અને ગૃહવપરાશની વસ્તુઓ ક્યાંથી ખરીદીએ છીએ ?
(A) ડેરીમાંથી (B) કરિયાણાની દુકાનેથી
(C) સ્ટેશનરીની દુકાનેથી (D) રેંકડીમાંથી

637. આપણે ફળ, શાકભાજી કે વાર-તહેવારે રમકડાં, પતંગ કે અન્ય વસ્તુઓ ક્યાંથી ખરીદીએ છીએ ?
(A) રેંકડીઓમાંથી (B) ડેરીમાંથી
(C) કરિયાણાની દુકાનેથી (D) સ્ટેશનરીની દુકાનેથી

638. કયા બજારની દુકાનો આપણા ઘરની આજુબાજુ હોય છે ?
(A) સાપ્તાહિક બજારની (B) મહોલ્લા બજારની
(C) ગુજરી બજારની (D) ઑનલાઇન બજારની

639. કયા બજારનો દુકાનદાર તેમના નિયમિત ગ્રાહકને ઉધારથી પણ વેચાણ કરે છે ?
(A) સાપ્તાહિક બજારનો (B) ગુજરી બજારનો
(C) મહોલ્લા બજારનો (D) નિયંત્રિત બજારનો

640. કયું બજાર કોઈ એક નિશ્ચિત દિવસે જ ભરાતું હોય છે ?
(A) નિયંત્રિત બજાર (B) શોપિંગ કૉમ્પ્લેક્ષ
(C) મહોલ્લા બજાર (D) ગુજરી કે સાપ્તાહિક બજાર

641. કયા બજારમાં નાનાં વેપારીઓ તેમજ કારીગરોને રોજગાર મળી રહે છે ?
(A) ગુજરી કે સાપ્તાહિક બજારમાં (B) મહોલ્લા બજારમાં
(C) શોપિંગ કૉમ્પ્લેક્ષમાં (D) નિયંત્રિત બજારમાં

642. એક જ બિલ્ડિંગમાં એક સાથે કેટલીય અલગ અલગ પ્રકારની દુકાનો હોય છે જેને શું કહે છે ?
(A) શોપિંગ કૉમ્પ્લેક્ષ (B) મહોલ્લા બજાર
(C) સાપ્તાહિક કે ગુજરી બજાર (D) નિયંત્રિત બજાર

643. આપણને નાની-મોટી કંપનીની બ્રાન્ડેડ અને બ્રાન્ડ વિનાની વસ્તુઓ ક્યાં મળે છે ?
(A) ગુજરી કે સાપ્તાહિક બજારમાં (B) શોપિંગ કૉમ્પ્લેક્ષમાં
(C) મહોલ્લા બજારમાં (D) નિયંત્રિત બજારમાં

644. કયા બજારમાં ગ્રાહકને વસ્તુની છાપેલ કિંમત પર વિશેષ વળતર આપવામાં આવે છે ?
(A) ગુજરી કે સાપ્તાહિક બજારમાં (B) મહોલ્લા બજારમાં
(C) નિયંત્રિત બજારમાં (D) શોપિંગ કૉમ્પ્લેક્ષમાં

645. કઈ બજારમાં ગ્રાહકને કેન્દ્રમાં રાખીને દુકાનો સજાવવામાં આવે છે ?
(A) ગુજરી કે સાપ્તાહિક બજારમાં (B) મહોલ્લા બજારમાં
(C) નિયંત્રિત બજારમાં (D) શોપિંગ કૉમ્પ્લેક્ષમાં

646. કૃષિની સફળતામાં સારું ઉત્પાદન મેળવવા માટે શું હોવું જરૂરી છે ?
(A) સારી બજાર વ્યવસ્થા (B) સારી ખેતપેદાશો
(C) સારી બૅંક વ્યવસ્થા (D) સારા ભાવો

647. કયા બજારમાં ખેતપેદાશોનું જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવે છે ?
(A) મહોલ્લા બજારમાં (B) નિયંત્રિત બજારમાં
(C) ગુજરી કે સાપ્તાહિક બજારમાં (D) શોપિંગ કૉમ્પ્લેક્ષમાં

648. કયા બજારમાં વેપારીઓને ચોખ્ખો અને સારો માલ એક જ જગ્યાએથી પૂરતા પ્રમાણમાં મળી રહે છે ?
(A) નિયંત્રિત બજારમાં (B) મહોલ્લા બજારમાં
(C) ગુજરી કે સાપ્તાહિક બજારમાં (D) શોપિંગ કૉમ્પ્લેક્ષમાં

649. કઈ બજારમાં ખેડૂતને રાત્રિ રોકાણ માટે નિવાસની સુવિધા તથા પાકને સંગ્રહ કરવા માટે ગોડાઉનની સગવડ મળે છે ?
(A) મહોલ્લા બજારમાં (B) નિયંત્રિત બજારમાં
(C) ગુજરી કે સાપ્તાહિક બજારમાં (D) શોપિંગ કોમ્પલેક્ષમાં

650. કયા બજારમાં ગ્રાહકના ઘર સુધી ચીજવસ્તુઓ સીધી જ પહોંચી જાય છે ?
(A) મહોલ્લા બજારમાં (B) નિયંત્રિત બજારમાં
(C) ઑનલાઇન બજારમાં (D) ગુજરી કે સાપ્તાહિક બજારમાં

651. જે વેપારી મોટાં પ્રમાણમાં ખેતર અને કારખાનાં કે ઘરોમાં ઉત્પાદિત થતો માલસામાન ખરીદે છે તેમને કયા વેપારી કહે છે ?
(A) છૂટક વેપારી (B) નાનો દુકાનદાર
(C) મોટો દુકાનદાર (D) જથ્થાબંધ વેપારી

652. આપણે જે દુકાનદાર કે વેપારી પાસેથી વસ્તુઓ ખરીદીએ છીએ તેને કયો વેપારી કહે છે ?

(A) છૂટક વેપારી
(B) નાનો વેપારી
(C) મોટો વેપારી
(D) જથ્થાબંધ વેપારી

653. નાણાં આપીને બદલામાં ચીજવસ્તુ કે સેવા મેળવનાર વ્યક્તિને શું કહેવાય ?

(A) એજન્ટ
(B) ગ્રાહક
(C) દલાલ
(D) વેપારી

654. વિશ્વમાં સૌથી વધુ ગ્રાહકો કયા દેશમાં છે ?

(A) બાંગ્લાદેશમાં
(B) અમેરિકામાં
(C) ભારતમાં
(D) ચીનમાં

655. કયો દેશ દુનિયાનું સૌથી મોટું બજાર ગણાય છે ?

(A) ચીન
(B) અમેરિકા
(C) જાપાન
(D) ભારત

656. ઘર વપરાશની અને વીજળીથી ચાલતી વસ્તુઓ કયા માર્કાવાળી ખરીદવી જોઈએ ?

(A) ISI
(B) હોલમાર્ક
(C) વૂલમાર્ક
(D) એગમાર્ક

657. સોના-ચાંદીના દાગીના કયા માર્કાવાળા ખરીદવા જોઈએ ?

(A) ISI
(B) હોલમાર્ક
(C) વૂલમાર્ક
(D) એગમાર્ક

658. ઊનની બનાવટો પર કયો માર્કો લગાડવામાં આવે છે ?

(A) ISI
(B) હોલમાર્ક
(C) વૂલમાર્ક
(D) એગમાર્ક

659. ખાદ્યપદાર્થ માટે કયો માર્કો લગાડવામાં આવે છે ?

(A) ISI
(B) હોલમાર્ક
(C) વૂલમાર્ક
(D) એગમાર્ક

660. શાકાહારી ખાદ્યપદાર્થ પર કયા રંગની નિશાની લગાડવામાં આવે છે ?

(A) લીલા
(B) લાલ
(C) પીળા
(D) સફેદ

661. માંસાહારી ખાદ્યપદાર્થ પર કયા રંગની નિશાની કરવામાં આવે છે ?

(A) લીલા
(B) લાલ
(C) પીળા
(D) સફેદ

ધોરણ - 8

1. કઈ સદીમાં યુરોપમાં નોંધપાત્ર સામાજિક અને ધાર્મિક પરિવર્તનો થયાં જેને આપણે 'નવજાગૃતિ' તરીકે ઓળખીએ છીએ ?

(A) 12મી સદીમાં
(B) 15મી સદીમાં
(C) 9મી સદીમાં
(D) 13મી સદીમાં

2. તુર્કોએ કૉન્સ્ટેન્ટિનોપલ ક્યારે જીતી લીધું ?

(A) ઈ.સ. 1453માં
(B) ઈ.સ. 1457માં
(C) ઈ.સ. 1553માં
(D) ઈ.સ. 1600માં

3. પોર્ટુગલ નાવિક વાસ્કો-દ-ગામા ક્યારે કાલિકટ ખાતે આવી પહોંચ્યો ?

(A) ઈ.સ. 1453માં
(B) ઈ.સ. 1415માં
(C) ઈ.સ. 1470માં
(D) ઈ.સ. 1498મા

4. ભારત આવવાનો નવો જળમાર્ગ કોણે શોધ્યો ?

(A) વાસ્કો-દ-ગામાએ
(B) કોલંબસે
(C) ઝામોરિને
(D) અલ્બુકર્ક

5. વાસ્કો-દ-ગામા કાલિકટ આવ્યો ત્યારે કાલિકટમાં કયા રાજાનું શાસન હતું ?

(A) ઝામોરિન
(B) વિલિયમ હંટર
(C) માર્ટિન
(D) અલફાન્ઝો

6. કાલિકટમાં કયા રાજાએ પોર્ટુગીઝોને મરીમસાલાનો વેપાર કરવાની સંમતિ આપી હતી ?

(A) વિલિયમ જોસેફે
(B) ઝામોરિને
(C) અલફાન્ઝોએ
(D) માર્ટિને

7. ભારતમાં પોર્ટુગીઝોની રાજધાની કઈ હતી ?

(A) દમણ
(B) દીવ
(C) ગોવા
(D) દાદરા અને નગર હવેલી

8. પોર્ટુગીઝોએ કઈ સાલમાં વસઈ જીતી લીધું ?

(A) ઈ.સ. 1534માં
(B) ઈ.સ. 1530માં
(C) ઈ.સ. 1535
(D) ઈ.સ. 1559માં

9. પોર્ટુગીઝોએ કઈ સાલમાં દીવ જીતી લીધું ?

(A) ઈ.સ. 1530માં
(B) ઈ.સ. 1535માં
(C) ઈ.સ. 1030માં
(D) ઈ.સ. 1505માં

10. પોર્ટુગીઝોએ કઈ સાલમાં દમણ જીતી લીધું ?

(A) ઈ.સ. 1530માં
(B) ઈ.સ. 153૫માં
(C) ઈ.સ. 1559માં
(D) ઈ.સ. 1505માં

11. ડચ લોકો ક્યાંના વતની હતા ?

(A) ઇટલીના
(B) પોર્ટુગલના
(C) હોલૅન્ડના
(D) ઇંગ્લેન્ડના

12. ડચ લોકોએ કયા દેશ પર આક્રમણ કરી ત્યાંના મરીમસાલાનો વેપાર પોતાના હાથમાં લીધો ?

(A) શ્રીલંકા
(B) નેપાળ
(C) મલેશિયા
(D) બાંગ્લાદેશ

13. ડચ લોકોએ કઈ સાલમાં બંગાળમાં પોતાનો વેપાર જમાવ્યો ?

(A) ઈ.સ. 1658માં
(B) ઈ.સ. 1632માં
(C) ઈ.સ. 1650માં
(C) ઈ.સ. 1633માં

14. ડચ લોકોએ કઈ સાલમાં મલબારના વિસ્તારમાં પોતાનો વેપાર જમાવ્યો ?

(A) ઈ.સ. 1658માં
(B) ઈ.સ. 1632માં
(C) ઈ.સ. 1650માં
(D) ઈ.સ. 1633માં

15. ગોલકોંડાના શાસક પાસેથી ફરમાન મેળવી મછલીપટ્ટનમાં પોતાનું સ્થાન જમાવનાર યુરોપિયન પ્રજા કઈ હતી ?
(A) અંગ્રજે (B) ડચ
(C) ફ્રેન્ચ (D) ડેનિશ

16. ડેનિશ લોકો કયા દેશના વતની હતા ?
(A) ઇટલીના (B) સ્વિડનના
(C) ડેન્માર્કના (D) પોર્ટુગલના

17. ડેનિશ લોકોએ બંગાળના કયા સ્થળે કોઠીની સ્થાપના કરી હતી ?
(A) કાલીઘાટમાં (B) ગોવિંદપુરમાં
(C) મલબારમાં **(D) સીરામપુરમાં**

18. ઈંગ્લેન્ડમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના ક્યારે કરવામાં આવી ?
(A) ઈ.સ. 1600માં (B) ઈ.સ. 1650માં
(C) ઈ.સ. 1613માં (D) ઈ.સ. 1615માં

19. અંગ્રેજોએ કયા મુઘલ બાદશાહ પાસેથી ફરમાન લઈ સુરત ખાતે પોતાની પ્રથમ કોઠી સ્થાપી હતી ?
(A) અકબર (B) ઔરંગઝેબ
(C) જહાંગીર (D) શાહજહાં

20. કઈ સાલમાં અંગ્રેજોએ સુરત ખાતે પોતાની પ્રથમ કોઠી સ્થાપી ?
(A) ઈ.સ. 1613માં (B) ઈ.સ. 1615માં
(C) ઈ.સ. 1633માં (D) ઈ.સ. 1651માં

21. ટૉમસ-રોએ કયા મુઘલ બાદશાહ પાસેથી ભારતમાં વેપાર કરવાની પરવાનગી મેળવી ?
(A) જહાંગીર પાસેથી (B) અકબર પાસેથી
(C) શાહજહાં પાસેથી (D) ઔરંગઝેબ પાસેથી

22. અંગ્રેજોએ બાલાસોરમાં કઈ સાલમાં વેપારી કંપની શરૂ કરી ?
(A) ઈ.સ. 1639માં **(B) ઈ.સ. 1633માં**
(C) ઈ.સ. 1668માં (D) ઈ.સ. 1630માં

23. અંગ્રેજોએ કઈ નદીના કિનારે વેપારી કોઠીની સ્થાપના કરી ?
(A) ગંગા નદીના કિનારે (B) તાપી નદીના કિનારે
(C) હુગલી નદીના કિનારે (D) નર્મદા નદીના કિનારે

24. અંગ્રેજોએ હુગલી નદીના કિનારે વેપારી કોઠીની સ્થાપના કઈ સાલમાં કરી ?
(A) ઈ.સ. 1651માં (B) ઈ.સ. 1633માં
(C) ઈ.સ. 1633માં (D) ઈ.સ. 1615માં

25. અંગ્રેજોએ કાસિમ બજારની વેપારી કોઠીઓને કયા સ્થળે સ્થાપી ?
(A) લખનૌમાં (B) ગ્વાલિયરમાં
(C) દિલ્લીમાં **(D) પટણામાં**

26. અંગ્રેજોને કઈ સાલમાં સુતનતી, કાલીઘાટ અને ગોવિંદપુર નામનાં ત્રણ ગામોની જમીનદારી મળી ?
(A) ઈ.સ. 1698માં (B) ઈ.સ. 1633માં
(C) ઈ.સ. 1615માં (D) ઈ.સ. 1600માં

27. ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કઈ સાલમાં થઈ ?
(A) ઈ.સ. 1668માં **(B) ઈ.સ. 1664માં**
(C) ઈ.સ. 1633માં (D) ઈ.સ. 1615માં

28. ફ્રેન્ચોએ પ્રથમ કોઠી ક્યાં સ્થાપી ?
(A) ભરૂચમાં (B) ગોવામાં
(C) સુરતમાં (D) દમણમાં

29. ફ્રેન્ચોએ કઈ સાલમાં સુરતમાં પ્રથમ કોઠી સ્થાપી ?
(A) ઈ.સ. 1939માં (B) ઈ.સ. 1664માં
(C) ઈ.સ. 1698માં **(D) ઈ.સ. 1668માં**

30. ફ્રેન્ચોનું મુખ્ય વેપારીમથક ક્યાં રહ્યું હતું ?
(A) મછલીપટ્ટનમાં (B) પૉંડિચેરીમાં
(C) કાલીઘાટમાં (D) દમણમાં

31. ફ્રેન્ચોએ કઈ સાલમાં પૉંડિચેરીની સ્થાપના કરી ?
(A) ઈ.સ. 1639માં (B) ઈ.સ. 1573માં
(C) ઈ.સ. 1664માં (C) ઈ.સ. 1673માં

32. અંગ્રેજોએ બંગાળમાં પોતાની પ્રથમ કોઠી ક્યારે સ્થાપી ?
(A) ઈ.સ. 1651માં (B) ઈ.સ. 1600માં
(C) ઈ.સ. 1670માં (D) ઈ.સ. 1699માં

33. ઈ.સ. 1717માં કયા સમ્રાટે અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓડિશામાં મુક્ત વેપાર કરવાની મંજૂરી આપી હતી ?
(A) સિરાજ-ઉદ્-દૌલાએ (B) મીર જાફરે
(C) ફર્રુખશિયરે (D) મીર કાસિમે

34. સિરાજ-ઉદ્-દૌલાએ ક્યારે ફૉર્ટ વિલિયમ પર આક્રમણ કરી અંગ્રેજોને હરાવ્યા ?
(A) 25 જૂન, 1756ના રોજ
(B) 15 જુલાઈ, 1756ના રોજ
(C) 12 સપ્ટેમ્બર, 1756ના રોજ
(D) 15 જૂન, 1756ના રોજ

35. ફ્રેન્ચ વસાહત પર અંગ્રેજોએ ક્યારે આક્રમણ કર્યું હતું ?
(A) માર્ચ, 1757માં (B) જાન્યુઆરી, 1757માં
(C) એપ્રિલ, 1757માં (D) મે, 1757માં

36. પ્લાસીનું યુદ્ધ ક્યારે લડાયું ?
(A) 29 જૂન, 1757ના રોજ **(B) 23 જૂન, 1757ના રોજ**
(C) 25 જૂન, 17પ7ના રોજ (D) 9 જૂન, 1757ના રોજ

37. અંગ્રેજોએ પ્લાસીના યુદ્ધ પછી કોને બંગાળનો નવાબ બનાવ્યો ?
(A) મીરકાસીમને (B) મીરહસનને
(C) શાહઆલમને **(D) મીરજાફરને**

38. બકસરનું યુદ્ધ ક્યારે લડ્યું ?
(A) 22 ઑક્ટોબર, 1764ના રોજ
(B) 22 સપ્ટેમ્બર, 1764ના રોજ
(C) 22 નવેમ્બર, 1764ના રોજ
(D) 22 ડિસેમ્બર, 1764ના રોજ

39. કયા યુદ્ધથી અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની સત્તા મળી ?

(A) પ્લાસીના યુદ્ધથી (B) હલ્દીઘાટના યુદ્ધથી
(C) મૈસૂરના યુદ્ધથી (D) બકસરના યુદ્ધથી

40. કયા યુદ્ધના પરિણામ સ્વરૂપ બંગાળમાં દ્વિમુખી શાસન પદ્ધતિ અમલમાં આવી ?

(A) પ્લાસીના યુદ્ધના (B) બકસરના યુદ્ધના
(C) હલ્દીઘાટીના યુદ્ધના (D) મૈસૂરના યુદ્ધના

41. વિજયનગર સામ્રાજ્યનો અંત ક્યારે આવ્યો ?

(A) ઈ.સ. 1761માં (B) ઈ.સ. 1780માં
(C) ઈ.સ. 1769માં (D) ઈ.સ. 1790માં

42. કોના નેતૃત્વમાં મૈસૂર સૌથી શક્તિશાળી રાજ્ય બન્યું ?

(A) ટીપુ સુલતાનના (B) હૈદરઅલીના
(B) મહારાણા પ્રતાપના (D) શિવાજીના

43. હૈદરઅલીનું મૃત્યુ ક્યારે થયું ?

(A) ઈ.સ. 1780માં (B) ઈ.સ. 1775માં
(C) ઈ.સ. 1773માં **(D) ઈ.સ. 1782માં**

44. કયા ગવર્નર જનરલે ભારતમાં સનદી સેવાઓ શરૂ કરી ?

(A) ગવર્નર જનરલ કૉર્નવૉલિસે
(B) ગવર્નર જનરલ ડેલહાઉસીએ
(C) ગવર્નર જનરલ કર્ઝને
(D) ગવર્નર જનરલ મિન્ટોએ

45. કયા ગવર્નર જનરલે કંપનીના કર્મચારીઓને વેપાર કરવા પર પ્રતિબંધ મૂકી ભ્રષ્ટાચાર વિરુદ્ધ નિયંત્રણો મૂક્યાં ?

(A) ગવર્નર જનરલ ડેલહાઉસીએ
(B) ગવર્નર જનરલ કૉર્નવૉલિસે
(C) ગવર્નર જનરલ કર્ઝને
(D) ગવર્નર જનરલ મિન્ટોએ

46. કયા ગવર્નર જનરલે મહેસૂલતંત્ર અને ન્યાયતંત્રને જુદાં કરી કલેક્ટરને સવેતન સેવઓ સોંપી ?

(A) ગવર્નર જનરલ કલાઈવે
(B) ગવર્નર જનરલ વેલેસ્લીએ
(C) ગવર્નર જનરલ નીલે
(D) ગવર્નર જનરલ કૉર્નવૉલિસે

47. કયા ગવર્નર જનરલના સમયમાં બ્રિટિશ સંસદે સનદી સેવામાં પ્રવેશ મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ શરૂ કરવા હિમાયત કરી હતી ?

(A) ગવર્નર જનરલ ડેલહાઉસીના
(B) ગવર્નર જનરલ વેલેસ્લીના
(C) ગવર્નર જનરલ નીલના
(D) ગવર્નર જનરલ કૉર્નવૉલિસના

48. કયા ગવર્નર જનરલે આધુનિક પોલીસ ખાતાની સ્થાપના કરી હતી ?

(A) ગવર્નર જનરલ કર્ઝને
(B) ગવર્નર જનરલ મિન્ટોએ
(C) ગવર્નર જનરલ કૉર્નવૉલિસે
(D) ગવર્નર જનરલ ડેલહાઉસીએ

49. ભારતમાં ન્યાયતંત્રની શરૂઆત કરનાર અંગ્રેજ અધિકારી કોણ હતો ?

(A) લૉર્ડ ડેલહાઉસી (B) લૉર્ડ વેલેસ્લી
(C) રોબર્ટ કલાઈવ (D) વૉરન હેસ્ટિંગ્સ

50. કયા ગવર્નર જનરલે ભારતીયોની ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદ્દાઓ પર નિમણૂક કરી હતી ?

(A) ગવર્નર જનરલ ડેલહાઉસીએ
(B) ગવર્નર જનરલ વેલેસ્લીએ
(C) ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સ
(D) ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિકે

51. કયા ગવર્નર જનરલના સમયમાં કોલકાતા, મદ્રાસ અને મુંબઈમાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી ?

(A) ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિંકના
(B) ગવર્નર જનરલ ડેલહાઉસીના
(C) ગવર્નર જનરલ વેલેસ્લીના
(D) ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સના

52. પ્લાસીના યુદ્ધ પછી મીરજાફરને હરાવીને અંગ્રેજોએ કોને બંગાળનો નવાબ બનાવ્યો ?

(A) શાહઆલમને (B) મીરકાસીમને
(C) મીરહસીમને (D) મીરહસનને

53. કયા ગવર્નર જનરલે ભારતમાં કાયમી જમાબંધી દાખલ કરી હતી ?

(A) ગવર્નર જનરલ વેલેસ્લીએ (B) ગવર્નર જનરલ ડેલહાઉસીએ
(C) ગવર્નર જનરલ મિન્ટોએ (D) ગવર્નર જનરલ કૉર્નવૉલિસે

54. કઈ સાલમાં ભારતમાં કાયમી જમાબંધી દાખલ કરવામાં આવી ?

(A) ઈ.સ. 1793માં (B) ઈ.સ. 1709માં
(C) ઈ.સ. 1715માં (D) ઈ.સ. 1799માં

55. ઈ.સ. 1820માં કયાં બે પ્રાંતોમાં રૈયતવારી પદ્ધતિ લાગુ કરવામાં આવતી હતી ?

(A) કલકત્તા (કોલકાતા) અને મુંબઈ
(B) મુંબઈ અને મદ્રાસ (ચેન્નાઈ)
(C) દિલ્હી અને કલકત્તા
(D) કલકત્તા અને મદ્રાસ

56. હોલ્ટ મેકન્ઝી નામના અંગ્રેજ અધિકારીએ કઈ સાલમાં મહાલવારી પદ્ધતિ દાખલ કરી હતી ?

(A) ઈ.સ. 1832માં (B) ઈ.સ. 1840માં
(C) ઈ.સ. 1822મા (D) ઈ.સ. 1872માં

57. કઈ સદીના સમયગાળા દરમિયાન ઈંગ્લૅન્ડમાં કાચું રેશમ સ્પેન અને ઈટાલીમાંથી આવતું હતું ?

(A) બારમી (B) પંદરમી
(C) નવમી (D) અઢારમી

58. ભારતમાં ગળી-ઉત્પાદનની કેટલી પ્રથા હતી ?

(A) એક (B) બે
(C) ત્રણ (D) સંખ્યાબંધ

59. ઝારખંડ રાજ્યમાં હજારીબાગ આસપાસ કયા આદિવાસીઓનો સમૂહ રહેતો હતો ?

(A) મુંડા (B) કોલ
(C) સંથાલ (D) કોયા

60. છોટા નાગપુર આસપાસ કઈ જાતિના આદિવાસી સમૂહ રહેતા હતા ?

(A) મુંડા (B) કોલ
(C) સંથાલ (D) કોયા

61. મધ્ય ભારતમાં કઈ જાતિના આદિવાસી સમૂહ રહેતા હતા?

(A) મુંડા (B) ખોંડ
(C) સંથાલ (D) કોયા

62. પંજાબના પહાડી પ્રદેશમાં કઈ જનજાતિના લોકો રહેતા હતા?

(A) લબાડિયા (B) કુલ્લુમાં ગદ્દી
(C) વનગુજ્જર (D) બકરવાલ

63. આંધ્ર પ્રદેશના કયા સમુદાયના લોકો ગાય-ભેંસ પાળતા હતા ?

(A) વનગુજ્જર (B) સંથાલ
(C) બકરવાલ (D) લબાડિયા

64. આદિવાસીઓ કોના નેતૃત્વમાં મુંડારાજ સ્થાપિત કરવા ઈચ્છતા હતા ?

(A) બિરસા મુંડા (B) ઠક્કરબાપા
(C) જુગતરામ દવે (D) એક પણ નહિ

65. પ્લાસીનું યુદ્ધ ક્યારે લડાયું ?

(A) ઈ.સ. 1750માં (B) ઈ.સ. 1717માં
(C) ઈ.સ. 1727માં (D) ઈ.સ. 1757માં

66. કયા ગવર્નર જનરલે સહાયકારી યોજના દાખલ કરી હતી?

(A) ગવર્નર જનરલ ડેલહાઉસીએ
(B) ગવર્નર જનરલ વેલેસ્લીએ
(C) ગવર્નર જનરલ મિન્ટોએ
(D) ગવર્નર જનરલ કર્ઝને

67. ખાલસા નીતિથી અનેક રાજ્યોને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દેનાર...

(A) વેલેસ્લી (B) ડેલહાઉસી
(C) હ્યુરોઝ (D) મેજર હ્યુસન

68. ખાલસા નીતિનો જનક કોણ હતો ?

(A) ડેલહાઉસી (B) વેલેસ્લી
(C) મિન્ટો (D) કર્ઝન

69. એન્ફિલ્ડ રાઈફલ કારતૂસ પર કયાં બે પ્રાણીઓની ચરબી લગાડી હોવાની સૈનિકોને શંકા હતી ?

(A) ગાય-ડુક્કર (B) ગાય-કૂતરાં
(C) ઘેટાં-બકરાં (D) ઊંટ-ભેંસ

70. 1857 ના સંગ્રામના પ્રથમ શહીદ કોણ હતા ?

(A) ભગતસિંહ (B) સુખદેવ
(C) ચંદ્રશેખર આઝાદ (D) મંગલ પાંડે

71. ઈ.સ. 1857ના સંગ્રામનાં મુખ્ય સ્થળોમાં નીચેનામાંથી કયાં સ્થળનો સમાવેશ થતો નથી ?

(A) દિલ્લી (B) ઝાંસી
(C) ચંદીગઢ (D) સતારા

72. ભારતની આર્થિક સમૃદ્ધિ છેક કઈ સદી સુધી યથાવત રહી હતી ?

(A) પંદરમી (B) નવમી
(C) તેરમી (D) અઢારમી

73. અંગ્રેજ કંપનીએ ભારતને કેટલા વર્ષના શાસનમાં કંગાળ બનાવી દીધું ?

(A) 100 વર્ષના (B) 50 વર્ષના
(C) 200 વર્ષના (D) 10 વર્ષના

74. બ્રિટિશ રાજવીને મુંબઈ ટાપુ દહેજમાં કોણે આપ્યો હતો ?

(A) ફ્રેન્ચોએ (B) પોર્ટુગીઝોએ
(C) મુઘલોએ (D) મરાઠાઓએ

75. મુઘલ બાદશાહ અકબરે સુરત ક્યારે જીત્યું હતું ?

(A) ઈ.સ. 1570માં (B) ઈ.સ. 1573માં
(C) ઈ.સ. 1590માં (D) ઈ.સ. 1577માં

76. ઈ.સ. 1573માં કયા મુઘલ બાદશાહે સુરત જીત્યું હતું ?

(A) શાહજહાંએ (B) ઔરંગઝેબે
(C) અકબરે (D) જહાંગીરે

77. મુઘલ યુગમાં પશ્ચિમ ભારતનું કયું શહેર મહત્ત્વનું વાણિજ્યિક કેન્દ્ર હતું ?

(A) ભરૂચ (B) દીવ
(C) દમણ (D) સુરત

78. અંગ્રેજોએ સૌપ્રથમ વેપારી કોઠી ક્યાં સ્થાપી હતી ?

(A) સુરતમાં (B) ભરૂચમાં
(C) કંડલામાં (D) દમણમાં

79. વર્તમાન સમયમાં પણ કયું શહેર એક મહત્ત્વનું ઔદ્યોગિક અને વાણિજ્ય કેન્દ્ર છે ?

(A) ભરૂચ (B) સુરત
(C) અમદાવાદ (D) મુંબઈ

80. અંગ્રેજોએ ફોર્ટ સેન્ટ જ્યોર્જની સ્થાપના ક્યારે કરી હતી ?

(A) ઈ.સ. 1645માં (B) ઈ.સ. 1670માં
(C) ઈ.સ. 1650માં (D) ઈ.સ. 1640માં

81. કઈ સાલમાં અંગ્રેજોને સુતનતી, કાલીઘાટ અને ગોવિંદપુર નામનાં ત્રણ ગામોની જમીનદારી મળી ?
(A) ઈ.સ. 1665માં
(B) **ઈ.સ. 1698માં**
(C) ઈ.સ. 1655માં
(D) ઈ.સ. 1622માં

82. 'ફોર્ટ વિલિયમ' કિલ્લો પાછળથી કયા શહેર તરીકે વિકાસ પામ્યો હતો ?
(A) દિલ્લી
(B) ચેન્નાઈ
(C) મુંબઈ
(D) કોલકાતા

83. ઈ.સ. 1803માં અંગ્રેજોએ મરાઠાઓ પાસેથી કયું શહેર જીતી લીધું હતું ?
(A) દિલ્લી
(B) ચેન્નાઈ
(C) મુંબઈ
(D) કોલકાતા

84. અંગ્રેજોએ મરાઠાઓ પાસેથી દિલ્લી ક્યારે જીતી લીધું હતું?
(A) ઈ.સ. 1802માં
(B) ઈ.સ. 1803માં
(C) ઈ.સ. 1809માં
(D) ઈ.સ. 1811માં

85. અંગ્રેજોએ નવી દિલ્લીનું નિર્માણ ક્યારે શરૂ કરાવ્યું ?
(A) ઈ.સ. 1905માં
(B) ઈ.સ. 1909માં
(C) ઈ.સ. 1911માં
(D) ઈ.સ. 1920માં

86. નવી દિલ્લીના નિર્માણમાં લગભગ કેટલા વર્ષ લાગ્યાં હતાં?
(A) 10 વર્ષ
(B) 15 વર્ષ
(C) 30 વર્ષ
(D) 20 વર્ષ

87. ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત સૌપ્રથમ કયા ઉદ્યોગમાં થઈ હતી ?
(A) કાપડ ઉદ્યોગમાં
(B) શણ ઉદ્યોગમાં
(C) પોલાદ ઉદ્યોગમાં
(D) કાગળ ઉદ્યોગમાં

88. ભારતમાં સૌપ્રથમ કાપડ મિલ ક્યાં શરૂ થઈ હતી ?
(A) અમદાવાદમાં
(B) મુંબઈમાં
(C) નાગપુરમાં
(D) સોલાપુરમાં

89. ભારતમાં સૌપ્રથમ કાપડ મિલ કઈ સાલમાં મુંબઈમાં શરૂ થઈ હતી ?
(A) ઈ.સ. 1852માં
(B) ઈ.સ. 1870માં
(C) ઈ.સ. 1854માં
(D) ઈ.સ. 1865માં

90. એકલા અમદાવાદમાં કાપડની કેટલી મિલો શરૂ થઈ હતી?
(A) 102
(B) 110
(C) 125
(D) 106

91. કયા શહેરને ભારતનું 'માન્ચેસ્ટર' કહેવામાં આવતું
(A) અમદાવાદ
(B) નાગપુર
(C) સોલાપુર
(D) સાંગલી

92. અમદાવાદમાં સૌપ્રથમ કોણે કાપડની મિલ શરૂ કરી હતી ?
(A) કાંતિલાલ છોટાલાલે
(B) રણછોડલાલ છોટાલાલે
(C) મોતીલાલ છોટાલાલે
(D) ત્રિકમદાસ છોટાલાલે

93. અમદાવાદમાં સૌપ્રથમ કાપડની મિલ કઈ સાલમાં શરૂ થઈ હતી
(A) ઈ.સ. 1865માં
(B) ઈ.સ. 1875માં
(C) ઈ.સ. 1861માં
(D) ઈ.સ. 1885માં

94. ગુજરાતના સૌપ્રથમ કાપડની મિલ કયા શહેરમાં ચાલુ થઈ હતી
(A) ભરૂચમાં
(B) સુરતમાં
(C) વડોદરામાં
(D) અમદાવાદમાં

